પ્રકાશન નં. ૫૦૦

આખિરતનો તોહફો

સવાબનો સમંદર

(આખિરત બનાવવા માટેનો
ટૂંકોઢચ અને અણમોલ ખઝાનો)

નવા વધારા સાથે

દુઆ
માંગતા જા, લેતા જા

પુનરવલોકન
(મવલાના) હસન ભડકોદ્રવી (સા.)

પ્રકાશન વિભાગ :
દારુલ ઉલૂમ ભરૂચ, મહમૂદનગર,
મુ. પો. કંથારીઆ–૩૯૨૦૧૫,
તા. જિ. ભરૂચ (ગુજ.–ઈન્ડિયા).

નમ્ર અપીલ

ઈલ્મી, ઈસ્લાહી અને તબ્લીગી વિવિધ કામગીરી અને સેવાઓ ધરાવતી આપણી આ નામાંકિત, બહુલક્ષી સંસ્થા દારુલ ઉલૂમ અરબિય્યહ ઈસ્લામિય્યહ ભરૂચ, મુ. પો. કંથારીઆ પોતાના દરેક વિભાગમાં કામિયાબ અને બેમિસાલ પ્રગતિ કરી રહી છે. જતે દિવસે તેનું કાર્યવર્તુળ વિશાળ થતું જાય છે, તેમ તેના ખર્ચ, જરૂરતો અને બજેટમાં પણ વધારો થાય એ સ્વાભાવિક અને દેખીતી બાબત છે. દારુલ ઉલૂમની કાયમી કોઈ આવક નથી. બસ, લોકોના સહકાર પર એનું ચક્ર ગતિમાન છે. આથી સામાન્યતઃ દરેક મુસ્લિમે અને ખાસ કરી દારુલ ઉલૂમના દર્દમંદ, ધગશી, સક્રિય સહાયકો અને એહસાનમંદોએ એની જરૂરતોને સંતોષવા, એના બજેટને પૂર્ણ કરવા કટિબદ્ધ થવું જોઈએ. એના માટે યોગ્ય સહકાર પૂરો પાડવા તત્પર રહેવું જોઈએ. તન, મન અને ધનથી સહાય કરી સંબંધિત વર્તુળમાં પોતાના વગ–વસીલાને કામે લગાડી તેને મદદ કરવાની તલ્કીન અને તશ્કીલ કરવી જોઈએ. એ જ વિનંતી, એ જ અપેક્ષા.

સહકારનો અભિલાષી :

(અલ્હાજ) મુ. ખાલિદ (ભાઈ) મવ. ઇસ્માઈલ અહમદ મનુબરી (સા.)

(મુહતમિમ) : દારુલ ઉલૂમ ભરૂચ, મહમૂદનગર,

મુ. પો. **કંથારીઆ**–૩૯૨ ૦૧૫,

તા. જિ. ભરૂચ, (ગુજરાત–ઈન્ડિયા)

★ બિસ્મિહી તઆલા ★

પ્રકાશન નં. ૫૦૦

"આ કુર્આન તો સર્વજગત માટે બોધગ્રંથ છે."
(કુર્આન શરીફ)

"નિઃશંક, નેક લોકો જન્નતમાં હશે."
(કુર્આન શરીફ)

"મારી વાતો પહોંચાડો, ભલેને એક જ વાત હોય !"
(હદીસ શરીફ)

આખિરતનો તોહફો

સવાબનો સમંદર

(આખિરત બનાવવા માટેનો
ઢૂંકોટય અને અણમોલ ખઝાનો)

દુઆ
માંગતા જા, લેતા જા

નવા વધારા સાથે

પુનરવલોકન

(મવલાના) હસન ભડકોદ્રવી (સા.)

• • •

પ્રકાશન વિભાગ :
દારુલ ઉલૂમ અરબિય્યહ ઈસ્લામિય્યહ ભરૂચ,
મહમૂદનગર, મુ. પો. કંથારીઆ–૩૯૨ ૦૧૫,
તા. જિ. ભરૂચ (ગુજરાત–ઈન્ડિયા)
Ph. (02642) 257086 Fax (02642) 257480

આખિરત નો તોહફો

પ્રકાશન નં : ૫૦૦

પ્રત : ૧૧૦૦

આવૃત્તિ : પંદરમી

હિજરી સન : ૧૪૩૭

ઈસ્વી સન : ૨૦૧૬

કિંમત :

પ્રકાશન વિભાગ :

દારુલ ઉલૂમ ભરૂચ, મહમૂદ નગર,

મુ. પો. કંથારીઆ - ૩૯૨૦૧૫

તા. જિ. ભરૂચ (ગુજ. ઈન્ડિયા)

PUBLICATION DEPARTMENT:

DARUL ULOOM BHARUCH, MAHMOOD NAGAR

AT. & PO. KANTHARIA - 392015

TA. & DIST. BHARUCH (GUJ - INDIA)

★ બિસ્મિહી તઆલા ★

(૧) **"આ કુર્આન તો સર્વજગત માટે બોધગ્રંથ છે."**
(કુર્આન શરીફ)

(૨) **"ઈન્નલ અબ્રાર લફી નઈમ"** (અલ-કુર્આન)
(નિઃશંક, નેક લોકો જન્નતમાં હશે).

(૩) **"મારી વાતો પહોંચાડો, ભલે ને એક જ વાત હોય."**
(હદીસ શરીફ)

(૪) **"મન અહબ્બ સુન્નતી ફકદ્ અહબ્બની વ મન્ અહબ્બની કા-ન મઈ-ય ફિલ્ જન્નતિ"**
[અર્થ : જેણે મારી સુન્નતથી મુહબ્બત કરી (તેના ઉપર અમલ કર્યો) તેણે મારાથી મુહબ્બત કરી અને જે મારાથી મુહબ્બત કરશે તે જન્નતમાં મારી સાથે હશે. (મિશ્કાત શરીફ, પેજ ૩૦)]

(૫) **નબીએ રહમત (સ.અ.વ.)ની વસિય્યત :**
અલ્લાહનાં રસૂલ (સ.અ.વ.)એ ફરમાવ્યું : "હું તમારામાં એવી બે ચીજ છોડી જાઉં છું કે જો તમે તેને પકડી રાખશો તો ક્યારેય ન ભટકશો."
(૧) અલ્લાહ તઆલાની કિતાબ કુર્આન શરીફ.
(૨) નબી (સલ.)ની સુન્નત અર્થાત્ હદીસ.
(બેહિશ્તી ઝેવર) (મૌ. અશરફઅલી થાનવી રહ.ની કિતાબ)

(૬) **"લકદ્ કા-ન લકુમ્ ફી રસૂલિલ્લાહિ ઉસ્વતુન્ હસ-નહ."**
રસૂલુલ્લાહ (સ.અ.વ.)ની જિંદગી તમારા માટે બેહતરીન નમૂનો છે.
(સૂરએ અહઝાબ, આયત ૨૧)

(૭) **"લા ઈલા-હ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ"**
[અલ્લાહ સિવાય કોઈ ઈબાદતને લાયક નથી અને હઝરત મુહમ્મદ (સ.અ.વ.) અલ્લાહના રસૂલ છે.]

બલગલ ઉલા બિ-કમાલિહી કશફદુજા બિ જમાલિહી
હસુનત્ જમીઉ ખિસાલિહી સલ્લૂ અલયહિ વ આલિહી
સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અલ્ફ અલ્ફ મર્રહ
બિ-અદદિ કુલ્લિ ઝર્રહ

અનુક્રમણિકા

ક્રમ	વિષય	પેજ નં.
	*** પ્રકરણ-૧ ***	
	કુર્આન શરીફની ખાસ-ખાસ સૂરતો અને આયતોની મહાન ફઝીલતો.....	**21**
(૧)	બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમની મહાન ફઝીલતો.....	21
(૨)	સૂરએ ફાતિહા (અલ્હમ્દુ શરીફ)ની મહાન ફઝીલતો..	30
(૩)	સૂરએ બકરહની ફઝીલતો.....	37
(૪)	આયતુલ કુર્સીની ફઝીલતો.....	37
(૫)	સૂરએ બકરહની છેલ્લી બે આયતોની મહાન ફઝીલતો	40
(૬)	સૂરએ આલિ ઈમરાનની ફઝીલત.....	43
(૭)	સૂરએ આલિ ઈમરાનની એક આયતની મહાન ફઝીલત	43
(૮)	સૂરએ આલિ ઈમરાનની છેલ્લી દસ આયતોની મહાન ફઝીલત.....	44
(૯)	સૂરએ અન્આમની શરૂઆતની ત્રણ આયતોની મહાન ફઝીલત.....	46
(૧૦)	સૂરએ કહફ પઢવાની ફઝીલત.....	48
(૧૧)	સૂરએ રૂમની ત્રણ આયતોની ફઝીલત.....	59
(૧૨)	સૂરએ અલિફ-લામ-મિમ-સિજદહની મહાન ફઝીલત	60
(૧૩)	સૂરએ યાસીનની મહાન ફઝીલતો.....	64
(૧૪)	સૂરએ હા-મીમ દુખાનની મહાન ફઝીલતો.....	71
(૧૫)	પચ્ચીસ (૨૫)મા પારહની બે આયતો.....	74
(૧૬)	સૂરએ હદીદની એક આયતની ફઝીલત.....	75
(૧૭)	સૂરએ રહમાન, વાકિઅહ અને હદીદની ફઝીલત.....	76
(૧૮)	સૂરએ હશ્રની ત્રણ આયતોની ફઝીલત.....	86
(૧૯)	સૂરએ તબારકલ્લઝીની ફઝીલત.....	87
(૨૦)	સૂરએ કદ્રની ફઝીલત.....	90
(૨૧)	સૂરએ ઈઝા ઝુલ ઝિલતની ફઝીલતો.....	91
(૨૨)	સૂરએ આદિયાતની ફઝીલત.....	92

ક્રમ	વિષય	પેજ નં.
(૨૩)	સૂરએ તકાષુરની ફઝીલત.....	92
(૨૪)	સૂરએ કાફિરૂનની ફઝીલત.....	93
(૨૫)	સૂરએ નસ્રની ફઝીલત.....	94
(૨૬)	સૂરએ ઈખ્લાસ (કુલ હુવલ્લાહુ અહદ)ની મહાન ફઝીલતો.....	94
(૨૭)	સૂરએ ફલક અને નાસની ફઝીલતો.....	106
(૨૮)	દસ (૧૦) સૂરતો દસ (૧૦) વસ્તુઓથી બચાવે છે....	107
(૨૯)	દસ (૧૦) આયતો પઢવાની ફઝીલત.....	108
(૩૦)	સો (૧૦૦) આયતો પઢવાની ફઝીલત.....	108
(૩૧)	દુઆએ ખત્મુલ કુર્આન.....	110
	*** પ્રકરણ-૨ ***	
	બેહિસાબ સવાબ અને ફઝીલતવાળા કલિમાત અને ખાસ ખાસ ઝિક્રોની મહાન ફઝીલતો	113
(૧)	લા ઈલા–હ ઈલ્લલ્લાહની મહાન ફઝીલતો.....	114
(૨)	કલિમ–એ–શહાદતની મહાન ફઝીલતો.....	116
(૩)	કલિમ–એ–તમજીદની મહાન ફઝીલતો.....	119
(૪)	લા હવ્લ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહની મહાન ફઝીલતો	123
(૫)	કલિમ–એ–તવહીદની મહાન ફઝીલતો.....	128
(૬)	કલિમ–એ–રદ્દુલ કુફ્રની ફઝીલત.....	134
(૭)	સુબ્હાનલ્લાહિ વ બિહમ્દિહી સુબ્હાનલ્લાહિલ અઝીમની મહાન ફઝીલતો.....	136
(૮)	શબે કદ્રના બરાબર સવાબ.....	142
(૯)	બેહિસાબ સવાબ.....	142
(૧૦)	સિત્તેર હજાર (૭૦,૦૦૦) ફરિશ્તાઓ કિયામત સુધી..	143
(૧૧)	વીસ લાખ (૨૦,૦૦,૦૦૦) નેકીઓ.....	144
(૧૨)	ચાર કરોડ (૪,૦૦,૦૦,૦૦૦) નેકીઓ.....	145

ક્રમ	વિષય	પેજ નં.
(૧૩)	અગણિત ગુનાહોની માફી.....	146
(૧૪)	સિત્તેર હજાર (૭૦,૦૦૦) ફરિશ્તાઓ બખ્શિશની દુઆ	146
(૧૫)	જહન્નમથી છૂટકારો.....	147
(૧૬)	દરિયાના ફીણ બરાબર ગુનાહો માફ.....	147
(૧૭)	જહન્નમના અઝાબથી નજાત.....	148
(૧૮)	(i) સમગ્ર મુસલમાનોની સંખ્યા બરાબર સવાબ.....	148
	(ii) સમગ્ર દુનિયાવાળાઓના બરાબર નેકીઓ.....	149
(૧૯)	સાત હજાર (૭,૦૦૦) વખત તસ્બીહ પઢવાથી બેહતર	150
(૨૦)	રાત-દિવસ ઝિક્ર કરવાથી બેહતર.....	151
(૨૧)	માં-બાપનાં હક્ક અદા કરવાની દુઆઓ.....	152
(૨૨)	મૂલ્યવાન પાંચ (૫) કલિમાત.....	154
(૨૩)	અધધધ સવાબ.....	154
(૨૪)	છ (૬) નેઅમતો.....	155
(૨૫)	સિત્તેર (૭૦) વખત રહમતભરી નજરની નવાઝિશ....	157
(૨૬)	પઢવા પછી ગુજરી જશે તો જન્નતી.....	160
(૨૭)	આગલા-પાછલા ગુનાહો માફ થઈ જશે.....	161
(૨૮)	દરેક નજર બદલ એક મકબૂલ હજનો સવાબ.....	161
(૨૯)	શુક્રિયહ અદા કરવાની જામિઅ્ (સર્વગ્રાહી) દુઆ.....	162
(૩૦)	અલ્લાહની નેઅમતોનો શુક્રિયહ અદા કરી દીધો.....	163
(૩૧)	રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સિફારિશ વાજિબ.....	164
(૩૨)	અઝાન થતી વખતે પઢવાની મહાન ફઝીલત.....	164
(૩૩)	કબરમાં ગભરાહટ થશે નહિ.....	165
(૩૪)	મજલિસની ખામીઓ માફ કરી દેવામાં આવશે.....	166
(૩૫)	જહન્નમથી બચેલો રહેશે.....	167
(૩૬)	પઢનાર જન્નતી છે.....	167
(૩૭)	અપાર સવાબ.....	168
(૩૮)	દુરૂદે ઈબ્રાહીમ	169
(૩૯)	સવાબ બે હિસાબ.....	169

ક્રમ	વિષય	પેજ નં.
(૪૦)	કવમહમાં પઢવાની દુઆની ફઝીલત.....	169
(૪૧)	જન્નત તે માણસની મુલાકાત માટે ઉત્સુક હશે.....	170
(૪૨)	તહજજુદ માટે ઊઠે ત્યારે પઢવાની દુઆ.....	171
(૪૩)	પુષ્કળ લાભદાયક કલિમાત.....	174
(૪૪)	આખિરત વિશે લાભદાયક કલિમાત.....	175
(૪૫)	હદીસે પાકની એક અજીબ–અનોખી દુઆ.....	176
(૪૬)	ઈમાનવાળાઓની આ જ દુઆ હોવી જોઈએ.....	177
(૪૭)	ઈમાન મજબૂત–સાબિત રહેશે.....	177
(૪૮)	અલ્લાહથી અહદ (વાયદો).....	179
(૪૯)	શહીદનો મરતબો મળશે.....	180
(૫૦)	દોઝખથી સુરક્ષિત રહેવા માટે.....	180
(૫૧)	અબ્દાલ બનવાની યુક્તિ.....	181
(૫૨)	જન્નતના જે દરવાઝેથી ઈચ્છે પ્રવેશી જા.....	182
(૫૩)	ફરિશ્તાઓને સવાબનો અંદાજ નથી.....	182
(૫૪)	ફરિશ્તાઓ આખું વરસ સવાબ લખતા થાકી જશે.....	183
(૫૫)	દિલમાં અને ચહેરા ઉપર નૂર પેદા કરવા માટે.....	184
(૫૬)	મહામૂલો ઝિક્ર.....	184
(૫૭)	હુસ્ને ખાતિમહ માટે પઢવાની દુઆઓ.....	185
(૫૮)	દુઆની કબૂલિય્યત માટે સહાયરૂપ.....	189
(૫૯)	અલ્લાહ તઆલાની પસંદનીય હમ્દ.....	189
(૬૦)	બેહતરીન રોઝી મેળવવાનો અને બુરાઈઓથી બચવાનો નબવી નુસખો.....	190
(૬૧)	બધાં જ મતલબો પૂરા કરવાનો નબવી નુસખો.....	191
(૬૨)	આસમાન (આકાશ)નાં દરવાજા ખોલાવવાનો નબવી નુસખો.....	192
(૬૩)	અલ્લાહની રઝામંદી નસીબ થશે.....	193

ક્રમ	વિષય	પેજ નં.
(૬૪)	બદનસીબી–દુર્ભાગ્ય અને સખત આફતો સામે રક્ષણ..	193
(૬૫)	અલ્લાહની હિદાયત મેળવવા અને નફ્સની બુરાઈથી પનાહ માંગવાની દુઆ.....	194
(૬૬)	ગુપ્ત યા ગૌણ શિર્કથી નજાત અપાવનારી દુઆ.....	195
	*** પ્રકરણ-૩ ***	
	બેહિસાબ સવાબ અને મહાન ફઝીલતવાળા દુરૂદ શરીફ.....	199
(૧)	નૂરે અઝીમની પ્રાપ્તિ.....	199
(૨)	અલ્લાહપાક સો (૧૦૦) હાજતો પૂરી કરશે.....	199
(૩)	નિફાક અને દોઝખથી મુક્તિ અને શહીદો સાથે ઊઠશે.....	200
(૪)	નબવી શફાઅત નસીબ થશે.....	200
(૫)	રાજીખુશીથી અલ્લાહની મુલાકાત નસીબ થશે.....	200
(૬)	એક દુરૂદ અલ્લાહની સિત્તેર (૭૦) રહમતોનું નિમિત્ત	201
(૭)	બધાં જ દુરૂદ શરીફો કરતાં સર્વશ્રેષ્ઠ દુરૂદ શરીફ.....	202
(૮)	એક હજાર (૧,૦૦૦) દિવસ સુધી સવાબ રળી (મેળવી) આપનારા દુરૂદ શરીફો.....	203
(૯)	અઝાન પછી પઢવાથી શફાઅત વાજિબ કરનારા દુરૂદ શરીફો.....	205
(૧૦)	નબવી શફાઅત અને ગવાહી પ્રાપ્ત કરાવનારા દુરૂદ શરીફો.....	207
(૧૧)	બધાં જ દુરૂદ શરીફો કરતાં સર્વશ્રેષ્ઠ દુરૂદ શરીફ **દુરૂદે ઈબ્રાહીમ**	212
(૧૨)	સમગ્ર મખ્લૂકના બરાબર સવાબ અપાવનારું દુરૂદ શરીફ.....	213
(૧૩)	ઈમાનની સલામતી માટેનું દુરૂદ શરીફ.....	215
(૧૪)	જન્નતી પક્ષીની દુઆએ મગફિરતનો અજીબ નુસખો...	216

ક્રમ	વિષય	પેજ નં.
(૧૫)	દુરૂદ શરીફની મહાન ફઝીલત.....	216
(૧૬)	અર્શે અઝીમ બરાબર સવાબ મળશે.....	217
(૧૭)	મોટા માપણા વડે સવાબ મળશે.....	218
(૧૮)	મોટા ત્રાજવામાં તોલાતું દુરૂદ શરીફ.....	218
(૧૯)	જન્નતની ફળફળાદિ.....	219
(૨૦)	હૌઝે કવસરનો લબરેઝ જામ પીવા મળશે.....	219
(૨૧)	મોટો જામે કવસર મળશે.....	220
(૨૨)	જન્નતમાં પોતાનું સ્થાન.....	220
(૨૩)	એંસી (૮૦) વરસના ગુનાહ માફ.....	221
(૨૪)	દરેક શબ્દ (અક્ષર)ના બદલે જન્નતમાં એક (૧) મહેલ	221
(૨૫)	ચાંદ સમાન મુખડું થશે.....	224
(૨૬)	બેહતરીન હમ્દ અને અતિ અફઝલ દુરૂદ.....	224
(૨૭)	બેહતરીન દુરૂદ.....	225
(૨૮i)	ઉત્તમ દુરૂદ.....	226
(૨૮ii)	અફઝલ દુરૂદ શરીફ.....	227
(૨૯)	દુનિયા અને આખિરતની બરકતો પામવાનું દુરૂદ.....	227
(૩૦)	દુરૂદે ઈમામ શાફિઈ (રહ.).....	228
(૩૧)	દુરૂદની બરકતથી મળ્યું નબવી સન્માન.....	228
(૩૨)	દુરૂદ પઢવા બદલ નબવી ઈકરામ.....	229
(૩૩)	સાત હજાર (૭,૦૦૦) દુરૂદ પઢવાનો સવાબ.....	230
(૩૪)	દસ હજાર (૧૦,૦૦૦) દુરૂદ પઢવાનો સવાબ.....	231
(૩૫)	બાર હજાર (૧૨,૦૦૦) દુરૂદ પઢવાનો સવાબ.....	231
(૩૬)	સાઠ હજાર (૬૦,૦૦૦) દુરૂદ પઢવાનો સવાબ.....	231
(૩૭)	સિત્તેર હજાર (૭૦,૦૦૦) દુરૂદ પઢવાનો સવાબ.....	232
(૩૮)	દુરૂદે સલાતુલ બીર.....	233
(૩૯)	આખી દલાઈલુલ ખયરાત પઢવાનો સવાબ.....	234
(૪૦)	સૂતી વખતે પઢવાનું દુરૂદ.....	234

ક્રમ	વિષય	પેજ નં.
(૪૧)	સઘળાં દુરૂદોની બરાબર.....	235
(૪૨)	સમગ્ર સમયમાં દુરૂદ.....	235
(૪૩)	દરેક દર્દની દવા.....	236
(૪૪)	કિયામતના દિવસે હિસાબ થશે નહિ.....	236
(૪૫)	વાહન પર સવાર થતી વખતે પઢવાનું દુરૂદ.....	237
(૪૬)	દુરૂદે તુન્જીના.....	238
(૪૭)	ઘણાં જ મહત્ત્વનાં વીસ (૨૦) દુરૂદ શરીફ પઢવાની ફઝીલત.....	238
(૪૮)	ચાળીસ (૪૦) દુરૂદ.....	247
(૪૯)	સલામના શબ્દો.....	261
	*** પ્રકરણ-૪ ***	
	રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સુન્નતો.....	265
(૧)	સો (૧૦૦) શહીદોનો સવાબ મળશે.....	265
(૨)	મિસ્વાક (દાતણ)ની સુન્નતો.....	266
(૩)	વુઝૂની સુન્નતો.....	267
(૪)	ગુસલ કરવાનો મસ્નૂન તરીકો.....	268
(૫)	મસ્જિદમાં દાખલ થવાની સુન્નતો.....	269
(૬)	નમાઝની એકાવન (૫૧) સુન્નતો.....	270
(૭)	ઔરતોની નમાઝમાં ખાસ તફાવત.....	275
(૮)	નમાઝના આદાબ.....	276
(૯)	માથાનાં વાળ તેમજ દાઢીમાં કાંસકી કરવી.....	276
(૧૦)	ખાવાની કેટલીક સુન્નતો.....	277
(૧૧)	પીવાની સુન્નતો.....	282
	*** પ્રકરણ-૫ ***	
	સલાતુત્તસ્બીહની નમાઝની મહાન ફઝીલત....	287

ક્રમ	વિષય	પેજ નં.
	*** પ્રકરણ-૬ ***	
	ઇમાન અને ઈસ્લામ વિશે ઘણી જ જરૂરી માહિતી	295
	*** પ્રકરણ-૭ ***	
	રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની મુબારક હદીસો	305
(૧)	જહન્નમથી બચી જન્નતમાં દાખલ થશે	305
(૨)	જન્નતમાં દાખલ થશે	306
(૩)	સિત્તેર (૭૦) સિદ્દીકોનો સવાબ મળશે	306
(૪)	સાઠ (૬૦) વરસોની ઈબાદતથી અફઝલ	306
(૫)	દસ હજાર (૧૦,૦૦૦) વર્ષોની ઈબાદતથી અફઝલ	307
(૬)	જન્નતમાં જશે	307
(૭)	જન્નત વાજિબ થશે	307
(૮)	જન્નતમાં એક (૧) મહેલ મળશે	307
(૯)	સિત્તેર હજાર (૭૦,૦૦૦) માણસોને જન્નતમાં લઈ જશે	308
(૧૦)	જન્નતમાં મોટો મરતબો મળશે	308
(૧૧)	દોઝખથી પાંત્રીસ સો (૩,૫૦૦) વર્ષ દૂર રાખનાર આ'માલ	309
(૧૨)	જહન્નમથી ચાર હજાર નવસો (૪,૯૦૦) વર્ષ દૂર રાખનાર આ'માલ	309
(૧૩)	પંચોતેર હજાર (૭૫,૦૦૦) ફરિશ્તાઓની દુઆએ રહમત	310
(૧૪)	જહન્નમથી સિત્તેર હજાર (૭૦,૦૦૦) વર્ષ દૂર	310
(૧૫)	સિત્તેર હજાર (૭૦,૦૦૦) ફરિશ્તાઓ ઈસ્તિગફાર કરે છે	311

ક્રમ	વિષય	પેજ નં.
(૧૬)	બે (૨) ફરિશ્તાઓ કિયામત સુધી કબરમાં.....	311
(૧૭)	જન્નતમાં એક (૧) ઘર મળશે.....	312
(૧૮)	જન્નતમાં અતલસ અને રેશમનો પોશાક મળશે.....	312
(૧૯)	ચાળીસ (૪૦) મોટા મોટા ગુનાહો માફ થશે.....	312
(૨૦)	દુરૂદે ઈબ્રાહીમ.....	313
(૨૧)	લાલ યાકૂત અથવા લીલા ઝબર્જદનો એક મહેલ મળશે.....	313
(૨૨)	જહન્નમથી સિત્તેર (૭૦) વર્ષ દૂર થઈ જશે.....	313
(૨૩)	રોઝાદાર અને જહન્નમ વચ્ચે એક ખાઈ કાયમ.....	314
(૨૪)	નફલ રોઝો રાખવાનો મોટો અજર–સવાબ.....	314
(૨૫)	જહન્નમથી સો (૧૦૦) વર્ષની મુસાફરી જેટલો દૂર...	314
(૨૬)	જહન્નમથી એક લાખ (૧,૦૦,૦૦૦) વરસ જેટલો દૂર...	315
(૨૭)	જહન્નમથી આઝાદી અને જન્નતમાં મોતી અને માણેકનો મહેલ.....	316
(૨૮)	**બેહિસાબ સવાબ અને ફઝીલતવાળા કલિમાત**	316
(૨૯)	રમઝાનનો રોઝો રાખવાથી "હૂરે ઈન" સાથે શાદી....	317
(૩૦)	જહન્નમથી ત્રણ (૩) ખાઈઓ જેટલો દૂર.....	319
(૩૧)	જહન્નમથી દસ હજાર નવસો પચાસ (૧૦,૯૫૦) ખાઈઓથી પણ વધારે ખાઈઓ જેટલો દૂર.....	319
(૩૨)	નૂરે અઝીમ મળશે.....	321
(૩૩)	"હૂરે ઈન" સાથે શાદી કરવામાં આવશે.....	321
(૩૪)	પાછલા બધા જ ગુનાહો માફ થઈ જશે.....	322
(૩૫)	અલ્લાહપાક પોતાની દેખરેખ અને નિગેહબાનીમાં રાખશે.....	322

ક્રમ	વિષય	પેજ નં.
(૩૬)	અલ્લાહ પાછલા બધા જ ગુનાહો માફ કરી દેશે.....	323
(૩૭)	એક શહીદ જેટલો સવાબ અથવા ગુનાહોથી પાક–સાફ.....	324
(૩૮)	અલ્લાહપાક શહીદનો મરતબો આપશે.....	324
(૩૯)	મગફિરત વાજિબ કરવાવાળી વસ્તુ.....	324
(૪૦)	અલ્લાહપાક બોત્તેર (૭૨) જરૂરતો પૂરી કરશે.....	325
(૪૧)	એક વરસના રોઝા અને એક વરસની નમાઝનો સવાબ.....	325
(૪૨)	બસો (૨૦૦) વરસની ઈબાદતનો સવાબ.....	326
(૪૩)	મહાન મરતબો મળશે.....	327
(૪૪)	દુન્યાની ત્રીસ (૩૦) તથા આખિરતની સિત્તેર (૭૦) જરૂરતો પૂરી કરશે.....	328
(૪૫)	માં–બાપના એક લાખ (૧,૦૦,૦૦૦) ગુનાહો માફ થશે.....	328
(૪૬)	દુનિયામાં રોઝી આપશે અને મૃત્યુ પછી જન્નત મળશે....	329
(૪૭)	અલ્લાહને પસંદિત (ખુશ કરનાર) અમલ.....	329
(૪૮)	**બેહિસાબ સવાબ અને ફઝીલતવાળા કલિમાત**	330
(૪૯)	મામૂલી ઈકરામે મુસ્લિમ કરવા બદલ તમામ ગુનાહ માફ.....	330
(૫૦)	ઈમાનની બહુ જ મીઠાશ ચાખશે.....	331
(૫૧)	એક હજાર (૧,૦૦૦) ઊંટ સદકહ કરવાથી બેહતર....	331
(૫૨)	અલ્લાહની બશારત (ખુશખબરી).....	332
(૫૩)	દરેક નજર બદલ એક મકબૂલ હજનો સવાબ.....	332
(૫૪)	સગાઈનાં હકો અદા કરનારને પાંચ નેઅમતો.....	333
(૫૫)	યતીમની ઝિમ્મેદારી ઉઠાવવાનો મહાન સવાબ અને ફઝીલત.....	334
(૫૬)	દુરૂદે ઈબ્રાહીમ.....	336

ક્રમ	વિષય	પેજ નં.

*** પ્રકરણ-૮ ***

અસ્માઉલ્ હુસ્ના (અલ્લાહના સર્વશ્રેષ્ઠ નામોની ફઝીલતો)..... 339

*** પ્રકરણ-૯ ***

ઈસ્મે આ'ઝમ..... 349

(૧) જે કોઈ જ્યારે પણ તેની સાથે દુઆ કરશે, તે કબૂલ થશે... 349
(૨) આ આયત દુઆની કબૂલિય્યતમાં ઘણી તાસીર ધરાવે છે.. 353
(૩) જ્યારે તેના વડે માંગવામાં આવે છે તો અલ્લાહ તઆલા આપી દે છે..... 355
(૪) આ દુઆ માટે આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ કસમપૂર્વક ફરમાવ્યું..... 356
(૫) આકાશનાં તારાઓમાં લખેલું જોયું..... 357
(૬) બેચેનીનાં સમયે આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ આ ઈસ્મે આ'ઝમ સાથે દુઆ કરી..... 358
(૭) આ નામની બરકતથી મુરાદો પૂરી થાય છે..... 359
(૮) ઈસ્મે આ'ઝમ અને હઝરત આઈશા સિદ્દીકા (રદિ.)... 359
(૯) આ દુઆ માંગવાથી અલ્લાહ કોઈને નામુરાદ નથી રાખતો..... 362
(૧૦) કોઈ એવી પણ દુઆ છે જે પાછી ન ફરે ? જી હા, છે !. 364
(૧૧) આ દુઆએ આંધળાને દેખતા કરી દીધા..... 365
(૧૨) આ દુઆના લીધે ફરિશ્તાઓ બેચેન થઈ ગયા..... 367
(૧૩) આ દુઆની બરકતથી ઈચ્છિત વસ્તુ મળી ગઈ..... 370
(૧૪) હઝરત ખિઝર (અલૈ.)ને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ તરફથી અણમોલ તોહફો (ભેટ)..... 371
(૧૫) આ પાક નામોની અજબ તાસીર..... 376
(૧૬) દરેક બીમારીમાં શિફા અને દુશ્મનો સામે સફળતા માટે.... 376

ક્રમ	વિષય	પેજ નં.
	*** પ્રકરણ-૧૦ ***	
	ખાસ ખાસ દુઆઓ અને દુરૂદ શરીફોની ફઝીલતો	381
	(i) ખાસ ખાસ દુઆઓ	383
(૧)	સખત પરેશાની વખતે પઢવાની દુઆ	383
(૨)	રંજ–ગમને દૂર કરવા અને કર્ઝની અદાયગી માટે પઢવાની દુઆ	383
(૩)	કોઈને મુસીબતમાં જુએ તો પઢવાની દુઆ	384
(૪)	ચિંતા અને પરેશાની વખતે પઢવાની દુઆ	385
(૫)	જામિઅ્ (સર્વગ્રાહી) દુઆ	386
(૬)	દુનિયા અને આખિરતના તમામ ગમોથી છૂટકારો	387
(૭)	દિવસ દરમિયાન દરેક બુરાઈથી મહફૂઝ રહેવાની દુઆ	388
(૮)	ખુશીના વખતે પઢવાની દુઆ	389
(૯)	ગમીના વખતે પઢવાની દુઆ	389
(૧૦)	કોઈ હાજત પડે તો આ દુઆ વડે મદદ હાસિલ કરો	389
(૧૧)	કોઈ કામ કરવા–ન કરવા વિશે શંકા થતી હોય તો	390
(૧૨)	હિફાઝતનો અમલ	391
(૧૩)	નફસની બુરાઈથી પનાહ માંગવાની દુઆ	391
(૧૪)	બીમારીઓથી પનાહ માંગવાની દુઆ	392
(૧૫)	એક અતિ જામિઅ્–સર્વગ્રાહી દુઆ	393
(૧૬)	ગુનાહોની બુરી અસરોથી પનાહ માંગવાની દુઆ	393
(૧૭)	હિફાઝતની દુઆ	394
(૧૮)	માલદારી અને ફકીરીની બુરાઈથી પનાહ માંગવાની દુઆ	395
(૧૯)	કોઈ વસ્તુ નુકસાન પહોંચાડી શકશે નહિ	395
(૨૦)	પત્નીથી હમબિસ્તરી–સંભોગ કરતી વખતે પઢવાની દુઆ	396

ક્રમ	વિષય	પેજ નં.
(૨૧)	જ્યારે વીર્ય નીકળે તો દિલમાં આ દુઆ પઢે.....	397
(૨૨)	કામિયાબી માટેની દુઆ.....	398
(૨૩)	રાત્રે પઢવાથી મૌત ફિતરતે સલીમહ ઉપર થશે અને જન્નતમાં જશે.....	399
(૨૪)	ગુનાહ માફ કરી દેવાશે.....	401
(૨૫)	હિફાઝતનો ખાસ અમલ.....	402
(૨૬)	જાનમાલ અને પરિવારની હિફાઝત માટેનો અમલ.....	403
(૨૭)	મુશ્કેલ કામની આસાની માટે અને સંકટ સમયે પઢવાની દુઆ.....	403
(૨૮)	ઝુલ્મ, આફત, મુસીબત, જાદૂ અને શયતાનની શરારતથી હિફાઝત.....	404
(૨૯)	રોઝીની વિશાળતા માટે મુજર્રબ અમલ.....	405
(૩૦)	દરેક પ્રકારની પરેશાનીથી છૂટકારો.....	406
(૩૧)	જાની અને માલી દુર્ઘટનાઓથી બચવાનો વઝીફો.....	407
(૩૨)	એક મુફીદ દુઆ.....	408
(૩૩)	નઝરે બદથી હિફાઝત.....	408
(૩૪)	પગમાં દર્દ હોય તો પઢવાની દુઆ.....	409
(૩૫)	દરેક ભલાઈથી માલામાલ–સંપન્ન.....	409
(૩૬)	માં–બાપ માટે ખૈર–ભલાઈની દુઆ.....	409
(૩૭)	કુટુંબના પરહેઝગાર થવા માટેની દુઆ.....	410
(૩૮)	રોઝીની વૃદ્ધિનો અમલ.....	410
(૩૯)	દીન ઉપર અડગ રહેવાની દુઆ.....	411
(૪૦)	ઈસ્લામ ઉપર મૃત્યુ થવાની દુઆ.....	411
(૪૧)	દરેક પ્રકારની ભલાઈની દુઆ.....	412
(૪૨)	મગફિરતની દુઆ.....	412
(૪૩)	દાઝેલા ઉપર આ પઢીને દમ કરે.....	413
(૪૪)	શયતાનની શરારત–દુષ્ટતા તથા લકવાથી સુરક્ષિત.....	413

ક્રમ	વિષય	પેજ નં.
(૪૫)	વિવિધ બીમારીઓના નિવારણ માટે.....	414
(૪૬)	ઉમ્ર, રોઝીમાં બરકત તથા દુશ્મન ઉપર વર્ચસ્વ પામવા વગેરેની દુઆ.....	414
(૪૭)	જાદૂ વગેરે અસર ખતમ કરવા માટેની આયત.....	415
(૪૮)	દુઆએ નબવી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ.....	416
(૪૯)	દુઆ.....	416
(૫૦)	યા અલ્લાહ ! મને એવો બંદો બનાવી લે.....	417
(૫૧)	અલ્લાહુમ્મ ઈન્ન કુલૂબના.....	417
(૫૨)	પાંચ અહમ ચીજો માટે દુઆ.....	418
(૫૩)	તવક્કુલ, હિદાયત અને નુસરતની દુઆ.....	418
(૫૪)	વસવસાઓને ખૌફે ઈલાહીમાં ફેરવવાની દુઆ.....	419
(૫૫)	રાત્રે યા દિવસે આ કલિમાત જરૂર પઢે.....	419
(૫૬)	તીવ્ર બીમારીથી છૂટકારો.....	420
(૫૭)	બીમારી, તકલીફ અને નાદારીથી નજાત.....	421
(૫૮)	સંતાન પ્રાપ્તિ માટે.....	422
(૫૯)	અવયવોની હિફાઝત માટે.....	423
(૬૦)	પ્રસૂતિની આસાની માટેનો અમલ.....	424
(૬૧)	આયતે શિફા અને દુઆએ ઈબ્રાહીમ અલયહિસ્સલામ.....	425
(૬૨)	અધધધ..... સવાબ.....	429
	(ii) દુરૂદ શરીફો.....	430
(૧)	અવલાદની કામિયાબી અને ઈઝ્ઝત પ્રાપ્ત કરવાનું દુરૂદ શરીફ.....	430
(૨)	છોકરા કે છોકરીની શાદીમાં ઉદ્ભવતી રુકાવટને દૂર કરવાનું દુરૂદ શરીફ.....	430

ક્રમ	વિષય	પેજ નં.
(૩)	ઘર અને સફરમાં ચોર–ડાકૂઓથી હિફાઝત પામવાનું મુજર્રબ દુરૂદ શરીફ.....	431
(૪)	ડાયાબિટીસ–કેન્સરનાં નિવારણ માટેનું દુરૂદ શરીફ...	432
(૫)	મુસ્તકિલ મિઝાજી અને સમયનાં વેડફાટથી બચવા માટેનું દુરૂદ શરીફ.....	433
(૬)	આંખોની સઘળી તકલીફો દૂર કરવા માટેનું દુરૂદ શરીફ	433
(૭)	પ્લેગ અને કૉલેરા વગેરે બીમારીઓથી હિફાઝત.....	434
(૮)	અનુભવસિદ્ધ તિર્યાક–વઝીફો.....	435
(૯)	કારોબારમાં તરક્કી અને માલદારી માટેનું દુરૂદ શરીફ	436
(૧૦)	મનપસંદ વિવાહની પ્રાપ્તિ માટેનું દુરૂદ શરીફ.....	436
(૧૧)	ઝાલિમ શવહરનાં ઝુલ્મથી નજાત પામવાનું દુરૂદ શરીફ	437
(૧૨)	લોકપ્રિયતા અને દિલો ઉપર અંકુશ પામવાનું દુરૂદ શરીફ.....	437
(૧૩)	દિલની ગભરામણ અને બ્લડપ્રેશર માટે બા–બરકત દુરૂદ શરીફ.....	438
(૧૪)	ફળફૂલ, મોસમી પાક અને અનાજને જીવજંતુઓથી બચાવવાનું ઉમદા દુરૂદ શરીફ.....	439
(૧૫)	પતિ–પત્નીમાં મિસાલી મુહબ્બત પેદા કરવા માટેનું અજીબ–પવિત્ર દુરૂદ શરીફ.....	440
(૧૬)	પોતાનું મકાન બનાવવા માટે મુજર્રબ દુરૂદ શરીફ.....	440
(૧૭)	દરેક પરીક્ષામાં કામિયાબી માટે મુજર્રબ દુરૂદ શરીફ..	441
(૧૮)	બેરોજગારીથી છૂટકારો મેળવવા અને હલાલ રોજગાર પ્રાપ્ત કરવા માટેનું અત્યંત અસરકારક દુરૂદ શરીફ....	441
(૧૯)	દુઆ માંગતા જા, લેતા જા	444

લા ઈલા-હ ઈલ્લલ્લાહુ
મુહમ્મદુર્રસૂલુલ્લાહ
(સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)

પ્રકરણ-૧

કુર્આન શરીફની ખાસ-ખાસ સૂરતો અને આયતોની મહાન ફઝીલતો

ચુનંદા અશ્આર

અમલસે ઝિંદગી બનતી હૈ, જન્નત ભી, જહન્નમ ભી,
યહ ખાકી અપની ફિતરતમેં ન નૂરી હૈ, ન નારી હૈ.

❑ ❑ ❑

તૂ કર બેખબર, સારી ખબરોંસે મુઝકો,
ઈલાહી રહૂં ઈક ખબરદાર તેરા !

❑ ❑ ❑

મેરી ઝિંદગીકા મકસદ તેરે દીનકી સરફરાઝી,
મૈં ઈસી લિએ મુસલમાં, મૈં ઈસી લિએ નમાઝી.

❑ ❑ ❑

યતીમે કે ના કર્દહ કુર્આન દુરુસ્ત,
કુતુબખાનએ ચન્દ મિલ્લત બશુસ્ત.
(જો યતીમ કે ઉસને પઢના ભી ન સીખા હો, ઉસને કિતને હી મઝહબોંકે કુતુબખાને ધો દીએ, યા'ની મન્સૂખ કર દીએ.)

❑ ❑ ❑

નિગાહે મન કે બ-મકતબ ન રફ્ત વ ખત ન નવિશ્ત,
બ-ગમ્ઝહ મસ્અલા-આમોઝે સદ મુદર્રિસ શુદ.
(મેરા મહબૂબ જો કભી મકતબમેં નહીં ગયા, લિખના ભી નહીં સીખા, વહ અપને ઇશારોંસે સેંકડોં મુદર્રિસોંકા મુઅલ્લિમ બન ગયા.)

يَارَبِّ صَلِّ وَسَلِّمْ دَائِمًا اَبَدًا
عَلٰى حَبِيْبِكَ خَيْرِ الْخَلْقِ كُلِّهِمِ

યા રબ્બિ સલ્લિ વ સલ્લિમ્ દાઇમન્ અબદા,
અલા હબીબિક ખય્રિલ્ ખલ્કિ કુલ્લિહિમી.



★ બિસ્મિહી તઆલા ★

પ્રકરણ-૧

(૧) કુર્આન શરીફની ખાસ-ખાસ સૂરતો અને આયતોની મહાન ફઝીલતો

(૧)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

(શરૂ અલ્લાહના નામથી જે બેહદ મહેરબાન, મોટો રહમકર્તા છે.)

મહાન ફઝીલતો : (૧) હદીસ : હઝરત અતા (રદિ.) હઝરત જાબિર (રદિ.)થી રિવાયત કરે છે કે "બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ" નું આકાશમાંથી ઊતરાણ થયું, વાદળો પૂર્વ તરફ ભાગવા માંડયા, વિખેરાવા માંડયા, હવા થંભી ગઈ, દરિયા છલકાવા માંડયા, એટલે કે તેમાં એક પ્રકારનું તોફાન વ્યાપી ગયું. પૃથ્વી પરનાં પ્રાણીઓના કાન સરવા બની ગયા. શયતાન પર આસમાનથી આગના અંગારા વરસ્યા. અલ્લાહ તઆલા પોતાની ઈઝ્ઝતની કસમ ખાઈને કહે છે કે જે વસ્તુ

પર મારું આ નામ પઢવામાં આવશે તેમાં બરકત થશે. "બિસ્મિલ્લાહ..." પઢનાર જન્નતમાં જશે.

(દૂર્રે મન્સૂર ભાગ–૧, તફસીરે ઇબ્ને કસીર ભાગ–૧, પેજ–૨૨)

(૨) ઇબ્ને મસ્ઊદ (રદિ.)થી રિવાયત છે કે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે દોઝખ (જહન્નમ)ના ૧૯ જેટલા ફરિશ્તા છે. તેમનાથી નજાત–છૂટકારો મેળવવા માટે "બિસ્મિલ્લાહ...." પઢતા રહો, કારણ કે "બિસ્મિલ્લાહ...."નાં પણ ૧૯ શબ્દો છે. દરેક શબ્દ આ ફરિશ્તાઓના અઝાબથી બચવા માટેની ઢાલ છે.

(દૂર્રે મન્સૂર ભાગ–૧, પેજ–૯)

(૩) અલ્લાહ તઆલા ફરમાવે છે કે, "બિસ્મિલ્લાહ...." પઢનારને હું દોઝખની આગથી બચાવીશ.

હઝરત ઇબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે ઉસ્તાદે બચ્ચાને કહ્યું કે "બિસ્મિલ્લાહ...." પઢો. ઉસ્તાદ તથા બચ્ચા અને માં–બાપ તેઓ દરેક જહન્નમ (દોઝખ)ના અઝાબથી આઝાદ લખવામાં આવે છે. (દૂર્રે મન્સૂર ભાગ–૧, પેજ–૯)

(૪) કેટલીક રિવાયતોમાં આવે છે કે તેનો પઢનાર મૌતની સખતી અને મુન્કર–નકીરનાં ડરથી બચેલો રહેશે. કબરમાંના અઝાબથી બચશે. કબરમાં તેનો વિર્દ નૂર બનીને હાજર થશે. પુલસિરાત ઉપર પસાર થતી વેળા "બિસ્મિલ્લાહ...." રોશની બની પાર કરવામાં સહાયભૂત થશે.

(ગુન્યતુત્તાલિબીન, "દારુલ ઉલૂમ" માસિક, ડિસેમ્બર ૧૯૯૦, પેજ–૧૪)

(૫) જ્યારે મો'મિન (ઈમાનવાળો) "બિસ્મિલ્લાહ...." પઢે છે ત્યારે જન્નત તેને પોતાના તરફ બોલાવે છે. તેને પોતાના તરફ મોકલવા અલ્લાહ તઆલાથી દુઆ માંગે છે.

(ગુન્યતુત્તાલિબીન, શમ્સુલ્મઆરિફ, "દારુલ ઉલૂમ" ડિસેમ્બર, ૧૯૯૦, પેજ–૧૪)

(૬) હઝરત ઈકરમહ (રદિ.)થી રિવાયત છે કે અલ્લાહ પાકે શાહી તથા કલમ પેદા કર્યા પછી કલમને લખવાનો હુકમ થયો. કિયામત સુધી જે બનનાર છે તે બધું જ લવ્હે મહફૂઝ પર લખાયું, કલમે સૌ પ્રથમ ''બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ'' લખ્યું. લોકોને સલામતીનો પયગામ આપ્યો. એ શરતે કે તેઓ ''બિસ્મિલ્લાહ....'' પઢતા રહે. સાતમા આકાશ પર જે માનવંતા લોકો છે તથા સફ બાંધી અલ્લાહની યાદમાં પરોવાયેલા મુકર્રબ ફરિશ્તા છે તે બધાનો જ મુખ્ય વિર્દ ''બિસ્મિલ્લાહ....'' છે.

(ગુન્યતુત્તાલિબીન, શમ્સુલ્મઆરિફ, ''દારુલ ઉલૂમ'' માસિક ડિસેમ્બર, ૧૯૯૦, પેજ–૧૪)

(૭) આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ફરમાવે છે કે મારી ઉમ્મતના માણસો કિયામત સુધી ''બિસ્મિલ્લાહ....'' પઢતા રહેશે. નામ–એ–આ'માલ તોલવામાં આવશે ત્યારે તેની બરકતથી નેકીઓનું વજન અનેકગણું વધી જશે.

(ગુન્યતુત્તાલિબીન, શમ્સુલ્મઆરિફ, ''દારુલ ઉલૂમ'' માસિક ડિસેમ્બર, ૧૯૯૦, પેજ–૧૪)

(૮) અલ્લાહ તઆલા ફરમાવે છે કે, ''બિસ્મિલ્લાહ'' પઢતા રહો. તેના વડે મારી ઈતાઅત અને મારી બંદગીમાં પરોવાય જાવ.

(ગુન્યતુત્તાલિબીન, શમ્સુલ્મઆરિફ, ''દારુલ ઉલૂમ'' માસિક ડિસેમ્બર, ૧૯૯૦, પેજ–૧૪)

(૯) એક હદીસે કુદ્સી :

હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે હઝરત જિબ્રઈલ (અલૈ.) કસમ ખાઈને આ હદીસ બયાન કરે છે અને એવી જ રીતે તે કસમ ખાઈને હઝરત મિકાઈલ (અલૈ.)થી બયાન કરે છે અને એવી જ રીતે તે કસમ ખાઈને હઝરત ઈસરાફીલ (અલૈ.) ફરમાવે છે કે હે ઈસરાફીલ !

હું મારી ઈઝ્ઝત અને બખ્શિશ, જલાલ અને કરમની કસમ

ખાઈને કહું છે કે જે માણસ ''બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ''ને સૂરએ ફાતિહા (અલ્હમ્દુ શરીફ) સાથે મેળવીને એક વખત પણ પઢશે, તમે ગવાહ (સાક્ષી) રહો કે હું તેની જીભ (ઝબાન)ને બાળીશ નહિ અને તેને દોઝખ (જહન્નમ)ના અને કબરના અઝાબથી પનાહ (બચાવી) આપીશ અને તેને કિયામતના અઝાબથી પનાહમાં રાખીશ. (તફસીરે રૂહલ બયાન)

એ જ અનુસાર અલ્લામહ શૈખ અકબર (રહ.) પોતાની કિતાબ ''ફુતૂહાત''માં ફરમાવે છે કે જયારે તમે સૂરએ ફાતિહા (અલ્હમ્દુ શરીફ....) પઢો ત્યારે એક જ શ્વાસમાં ''બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ'' મેળવીને પઢો.

(''ફઝાઈલે બિસ્મિલ્લાહ...'' પેજ–૧૫)

(૧૦) વુઝૂ કરવા પહેલાં "બિસ્મિલ્લાહ..." પઢવાનો ફાયદો :

રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું છે કે જેણે વુઝૂ કરતાં પહેલાં ''બિસ્મિલ્લાહ....'' નથી પઢયું તો તેનું વુઝૂ પરિપૂર્ણ (કામિલ) નથી થયું.

(તિરમિઝી શરીફ : ભાગ–૧, પેજ–૬)

ફાયદો : હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે જે માણસ વુઝૂ કરવા પહેલાં ''બિસ્મિલ્લાહ....'' નથી પઢતો તો તેનાથી ફક્ત તેના વુઝૂ કરવામાં જે ભાગ ધોવાયો છે તેટલા જ ભાગનાં ગુનાહ માફ થાય છે.

પરંતુ જે માણસ ''બિસ્મિલ્લાહ....'' પઢીને વુઝૂ કરે છે તો તે માણસના આખા બદન (શરીર)નાં ગુનાહો માફ થઈ જાય છે.

(મિશ્કાત શરીફ)

(૧૧) ખાવા પહેલાં ""બિસ્મિલ્લાહ...."" પઢવાનો હુકમ :

હઝરત ઉમર ઈબ્ને અબી સલમા (રદિ.)થી રિવાયત છે કે

મને રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે "બિસ્મિલ્લાહ...." પઢીને જમણા હાથથી પોતાની આગળથી ખાવ. (બુખારી શરીફ, મુસ્લિમ શરીફ, તિરમિઝી શરીફ : ભાગ–૨, પેજ–૭)

(૧૨) હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું :

"બિસ્મિલ્લાહ...." અલ્લાહ તઆલાનાં મુબારક નામોમાંથી એક ખાસ નામ છે. અલ્લાહ તઆલા અને "બિસ્મિલ્લાહ...."ના દરમિયાન એવી જ નઝદીકીનો તઅલ્લુક (સંબંધ) છે જેવી રીતે આંખની કીકી અને સફેદીનાં દરમિયાન છે.

(હદીસ, "દારુલ ઉલૂમ" માસિક ડિસેમ્બર, ૧૯૯૦, પેજ–૧૩)

(૧૩) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે :

જે નેઅમતનાં શરૂઆતમાં "બિસ્મિલ્લાહ...." અને છેવટમાં "અલ્હમ્દુ લિલ્લાહ" પઢશે તો એ નેઅમત વિશે કિયામતમાં સવાલ થશે નહિ. (ઈબ્ને હિબ્બાન)

(૧૪) જે માણસે "બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ" પઢી તો તેણે અલ્લાહ તઆલાને ત્રણ હજાર (૩,૦૦૦) નામોથી યાદ કર્યા.

અલ્લામહ આલૂસી (રહ.) ફરમાવે છે કે અલ્લાહ તઆલાનાં ત્રણ હજાર (૩,૦૦૦) નામો છે :

એક હજાર (૧,૦૦૦) નામો ફરિશ્તાઓને જણાવ્યા.

એક હજાર (૧,૦૦૦) નામો અમ્બિયા (અલૈ.)ને જણાવ્યા.

ત્રણ સો (૩૦૦) નામો તૌરેતમાં નાઝિલ થયા.

ત્રણ સો (૩૦૦) નામો ઝબૂરમાં નાઝિલ થયા.

ત્રણ સો (૩૦૦) નામો ઈન્જીલમાં નાઝિલ થયા અને નવ્વાણું (૯૯) નામો કુર્આન શરીફમાં નાઝિલ થયા.

અને એક નામ પોતાની પાસે રાખ્યું છે, તે કોઈને જણાવ્યું નથી. ફરી આ નામોનો અર્થ ''બિસ્મિલ્લાહ....''નાં ત્રણ શબ્દો ''અલ્લાહ'', ''રહમાન'' અને ''રહીમ''માં સમાવી દીધા. તો જેણે ''બિસ્મિલ્લાહ....'' પઢી તો તેણે અલ્લાહ તઆલાને ત્રણ હજાર (૩,૦૦૦) નામોથી યાદ કર્યા. (તફસીરે રૂહુલ બયાન)

(૧૫) હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે લોકો કલામે પાકની એક આયતથી ગાફિલ અને બેખબર છે. તે મારા અને સુલયમાન ઈબ્ને દાવૂદ (અલૈ.) સિવાય કોઈના પર નાઝિલ નથી થઈ. તે આયત ''બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ'' છે.

(તફસીરે ઈબ્ને કસીર, ભાગ–૧, પેજ–૧૯, દૂરે મન્સૂર : ભાગ–૧, પેજ–૨૦)

(૧૬) ઘરમાંથી નીકળતી વખતે :

بِسْمِ اللّٰهِ تَوَكَّلْتُ عَلَى اللّٰهِ لَاحَوْلَ وَلَاقُوَّةَ اِلَّا بِاللّٰهِ۔

જે માણસ ઘરમાંથી બહાર નીકળતી વેળા ''બિસ્મિલ્લાહિ તવક્કલતુ અલલ્લાહિ લા હવ્લ વલા કુવ્વ–ત ઈલ્લા બિલ્લાહ'' પઢે તો અલ્લાહ તરફથી કહેવામાં આવે છે કે મેં તારી હિફાઝત કરી લીધી અને તને તારા દુશ્મન શયતાનથી બચાવી લીધો. આ પઢવાથી જ શયતાન અલગ થઈ જાય છે.

(તિરમિઝી શરીફ : ભાગ–૨, પેજ–૧૮૦)

(અલ્લાહ તઆલા આપણા બધાને જ અમલ કરવાની તૌફીક અતા ફરમાવે, આમીન !)

(૧૭) જ્યારે કપડાં ઉતારે તો "બિસ્મિલ્લાહ...." કહીને ઉતારે, જેથી "બિસ્મિલ્લાહ...." પઢવાના કારણે શયતાન એની શર્મગાહ તરફ જોઈ શકશે નહિ. (હિસ્ને હસીન)

• ૧૦ વખત બિસ્મિલ્લાહ.... પઢવાની મહાન ફઝીલત :

હદીસ : (૧) હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, અગર કોઈ કાગળ પર બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ લખ્યું હોય અને તે કાગળ જમીન પર પડી જાય અને એને તા'ઝીમની ખાતર મારા નામવાળા કાગળને કોઈ ઉઠાવી લે તો એનું નામ સિદ્દીકીનમાં લખવામાં આવે છે અને અગર એનાં મા–બાપને અઝાબ થતો હોય તો અઝાબમાં તખફીફ (હળવાશ) કરવામાં આવે છે. [બયાને મુસ્તફા (સલ.) માસિક, ઓગષ્ટ–૨૦૦૪]

(૨) હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, જે માણસ પોતાની તમામ ઉંમરમાં એક લાખ (૧,૦૦,૦૦૦) વખત બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ પઢશે, તો અલ્લાહ તઆલા તેના ઉપર દોઝખની આગ હરામ કરી નાખશે. [બયાને મુસ્તફા (સલ.) માસિક, ઓગષ્ટ–૨૦૦૪]

એક રિવાયતમાં છે કે હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) એક દિવસ કબ્રસ્તાનમાં તશરીફ લઈ ગયા. આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને ખબર પડી કે કબરમાં એક મય્યિતને અઝાબ થઈ રહ્યો છે. હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને એની હાલત પર રહમ આવ્યો. એટલામાં હઝરત જિબ્રઈલ (અલૈ.) તશરીફ લાવ્યા અને કહ્યું કે, યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! દસ (૧૦) વખત બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ પઢીને આ મય્યિતને બખ્શી આપો.

હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ દસ (૧૦) વખત પઢીને બખ્શી આપ્યું તો તરત જ મય્યિત પરથી અઝાબ હટાવી

લેવામાં આવ્યો અને જન્નતની હૂરો એની ખિદમતમાં હાજર થઈ.

હૂરોને આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે તમે ક્યાં સુધી રહેશો ? હૂરોએ કહ્યું કે, સૂર ફૂંકવા અને જન્નતમાં દાખલ થવા સુધી.

● જન્નતના મહેલની ચાવી :

અલ્લાહના પ્યારા નબી હુઝૂર મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મેઅરાજમાં છે. હઝરત જિબ્રઈલ (અલૈ.) સાથે છે. જન્નતમાં ચાર સુંદર નહેરો વહેતી દેખાય છે.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પૂછે છે : 'ભાઈ જિબ્રઈલ (અલૈ.) ! આ નહેરો ક્યાંથી નીકળે છે ? ક્યાં જાય છે ?' હઝરત જિબ્રઈલ (અલૈ.) અરજ કરે છે; 'હે મારા આકા (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! આ નહેરો હૌઝે કવસર તરફ જાય છે, પણ એ ક્યાંથી નીકળે છે એની મને જાણ નથી. અલ્લાહના દરબારમાં આપ યાચના કરો. આશા છે કે અલ્લાહ તઆલા જરૂર આપને એનાથી માહિતગાર ફરમાવશે.' હુઝૂર રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ દુઆ યાચી તો તરત એક ફરિશ્તા હાજર થયા ને સરદારે અમ્બિયા (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની સેવામાં સલામ પેશ કરીને અરજ કરી, 'યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! આપ આંખો મીંચી દો.'

ફરી ફરિશ્તાએ આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની ખિદમતમાં આંખો ખોલવા અરજ કરી. અલ્લાહના નબી (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ આંખો ખોલી. જોયું તો સામે એક મોટું ઝાડ છે, ને નજીકમાં સફેદ મોતીઓનો બનેલો એક અતિ વિશાળ એવો બહુ ખૂબસૂરત મહેલ. મહેલનાં દ્વાર સોનાનાં છે ને દ્વારે તાળું છે.

અલ્લાહના હબીબ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવતા; 'એ મહેલ એટલો તો વિશાળ હતો કે દુનિયાના સઘળા ઈન્સાનો તથા જિન્નાત એ મહેલમાં જાય તોય એવું લાગે જાણે પહાડની ખોએ કોઈ પક્ષી બેઠું છે !' આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ફરમાવે છે; 'મેં જોયું કે પેલી ચારે સુંદર નહેરો એ મહેલની નીચેથી વહી રહી છે.' અલ્લાહના નબી (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ એ વિશાળ મહેલમાં જવાનો ઈરાદો કર્યો. આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ફરમાવવા લાગ્યા; 'દરવાજે તાળું છે. મહેલમાં કેમ જવાય ?' ફરિશ્તાએ અરજ કરી, 'હે મારા આકા (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! એની ચાવી બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ છે.'

આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) દરવાજા પાસે ગયા ને બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ પઢયા. તાળું તરત ખુલી ગયું. આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ફરમાવે છે, હું એ સુંદર મહેલમાં પ્રવેશ્યો. અંદર જઈને જોયું તો મહેલના ચાર થાંભલામાંથી એ મધુરી નહેરો વહી રહી છે ને એ થાંભલાઓ પર બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ લખેલ છે. બિસ્મિ....ની મીમના વર્તુળમાંથી પાણીની, અલ્લાહના 'હા'ના વર્તુળમાંથી દૂધની, રહમાનની મીમના વર્તુળમાંથી સ્વર્ગીય શરાબની ને રહીમની મીમમાંથી મધની નહેર વહી રહી છે. હું પામી ગયો કે આ નહેરોનું મૂળ બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ છે. એ વખતે અલ્લાહપાક તરફથી અવાજ આવ્યો; 'હે મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! આપની ઉમ્મતમાંથી મને જે કોઈ ડોળ દંભ વિના, નિર્મળ હૃદયે યાદ કરશે–બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ પઢશે, તેને આ નહેરો વડે હું તૃપ્ત કરીશ.' (બિસ્મિલ્લાહનો મહિમા)

• બિસ્મિલ્લાહ વિશે વિશેષ :

(૧) નમાઝની દરેક રકાતની શરૂઆતમાં સૂરએ ફાતિહા

પઢતાં પહેલાં બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ પઢવી ઈમામ અબૂ હનીફા (રહ.)ના મતે સુન્નત છે. જ્યારે ઈમામ અબૂ યૂસુફ (રહ.) અને ઈમામ મુહમ્મદ (રહ.) સહિત ઘણા ઈમામોના મંતવ્ય મુજબ વાજિબ છે. આથી દરેક રકાતમાં સૂરએ ફાતિહા પઢતાં પહેલાં બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ જરૂર પઢવી જોઈએ. ઘણા લોકો આ બાબતથી ગાફેલ કે અજાણ છે.

(૨) ઈમામ અબૂ હનીફા (રહ.)ના મત મુજબ નમાઝમાં સૂરએ ફાતિહા પછી કોઈ સૂરત પઢતાં પહેલાં બિસ્મિલ્લા-હિર્રહમાનિર્રહીમ ધીમેથી પઢવી બેહતર છે. (બિસ્મિલ્લાહનો મહિમા)

(૩) જો કોઈ વ્યક્તિ વુઝૂ કરતાં પહેલાં નીચે દર્શાવેલી આયત પઢશે તો તે જ્યાં સુધી વુઝૂ સાથે રહેશે ત્યાં સુધી ફરિશ્તા નેકીઓ લખતા રહેશે. (મકબૂલ અને મખ્સૂસ વઝાઈફ દા.ઉ. કંથારીઆ, પ્રકાશન નં. ૪૪૯)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط

بِسْمِ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ ط (અબૂદાવૂદ શરીફ)

(૨) સૂરએ ફાતિહા (અલ્હમ્દુ શરીફ)ની મહાન ફઝીલતો

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ۙ الرَّحْمٰنِ
الرَّحِيْمِ ۙ مٰلِكِ يَوْمِ الدِّيْنِ ؕ
اِيَّاكَ نَعْبُدُ وَاِيَّاكَ نَسْتَعِيْنُ ؕ

اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ ۙ صِرَاطَ
الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ ۙ غَيْرِ الْمَغْضُوْبِ
عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ ۧ (سورة الفاتحہ)

(آمين)

(૧) એક વખત સૂરએ ફાતિહા (અલ્હમ્દુ શરીફ) પઢવાનો સવાબ બે તૃતીયાંશ કુર્આન શરીફ પઢવા બરાબર (સવાબ મળે) છે. (હદીસ)

(૨) ત્રણ વખત સૂરએ ફાતિહા (અલ્હમ્દુ શરીફ...) પઢવાનો સવાબ બે વખત કુર્આન શરીફ પઢવા બરાબર (સવાબ મળે) છે.
(તફસીરે મઝહરી : ભાગ–૨, પેજ–૧૫)

(૩) હઝરત અબૂ સઈદ બિન મુઅલ્લા (રદિ.) બયાન કરે છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ એક સહાબીને ફરમાવ્યું, ''હું તમને એક સૂરત શિખવાડું છું, જે સવાબમાં કુર્આનની બધી સૂરતોથી મોટી છે. ત્યાર પછી તેમણે સૂરએ ફાતિહાની તાલીમ આપી.'' (બુખારી શરીફ)

(૪) હઝરત ઉબય બિન કઅબ (રદિ.)ને જનાબ સરકારે દો આલમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : ''અલ્લાહની કસમ ! સૂરએ ફાતિહા જેવી સૂરત ન તો તવરૈતમાં નાઝિલ થઈ, ન તો ઝબૂરમાં નાઝિલ થઈ, ન તો ઈન્જીલમાં નાઝિલ થઈ અને ન તો કુર્આનમાં બીજી કોઈ સૂરત એના જેવી નાઝિલ થઈ.'' (તિરમિઝી શરીફ)

(૫) હઝરત અનસ (રદિ.) બયાન કરે છે કે જનાબ રસૂલે

અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું,

''સૂરએ ફાતિહા આખા કુર્આનમાં સવાબ અને અજરની રૂએ અફઝલ છે.'' (ઇબ્ને હિબ્બાન)

(૬) નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે શયતાન ત્રણ મોકાઓ પર જેટલું રડયો એટલું ક્યારેય રડયો નથી :

૧. જ્યારે મલ્ઊન ઠરાવી આકાશમાંથી કાઢી મૂકવામાં આવ્યો ત્યારે.

૨. જ્યારે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની પેદાઈશ થઈ ત્યારે અને

૩. સૂરએ ફાતિહા (અલ્હમ્દુ શરીફ.....)નું ઊતરાણ થયું ત્યારે.

(ગુન્યતુત્તાલિબીન, શમ્સુલ્મઆરિફ, ''દારુલ ઉલૂમ'' ડિસેમ્બર, ૧૯૯૦, પેજ–૧૩)

(૭) હઝરત હસન બસરી (રહ.) હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી નકલ કરે છે કે જેણે સૂરએ ફાતિહા પઢી તેણે જાણે તવરાત, ઈન્જીલ, ઝબૂર અને કુર્આન શરીફને પઢયું.

(ફઝાઈલે કુર્આન–ફઝાઈલે આ'માલ)

(૮) એક વેળા હઝરત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું કે અલ્લાહપાકે મને ૮૦ જેટલી ફઝીલતો તથા મરતબા આપ્યા છે. આટલી બધી ઈઝ્ઝત મારા સિવાય બીજા કોઈ પયગમ્બરને આપવામાં આવી નથી. હું બેઠો હતો એવામાં હઝરત જિબ્રઈલ (અલૈ.) પધાર્યા. ફરમાવવા લાગ્યા કે હે અલ્લાહના નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ! અલ્લાહપાક ફરમાવે છે કે મેં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઉપર અમારી મુકદ્દસ કિતાબ 'કુર્આને પાક' ઉતાર્યું. એમાં એક સૂરહ

એવી છે કે જો તે તૌરેતમાં હોત તો હઝરત મૂસા (અલૈ.)ની ઉમ્મતમાં કોઈ પણ કાફિર ન રહેત. બધા જ મુઅમિન બની જાત. જો આ સૂરહ ઈન્જીલમાં હોત તો કોઈ પણ તેનો મુખાલિફ તથા મુનાફિક ન હોત. જો આ સૂરહ ઝબૂરમાં હોત તો હઝરત દાઉદ (અલૈ.)ની ઉમ્મતમાં કોઈ પણ માણસ આતિશ પરસ્ત– અગ્નિપૂજક ન હોત ! તે સૂરહ સૂરએ ફાતિહા છે. સૂરએ ફાતિહા કલામે મજીદમાં એટલા માટે નાઝિલ કરવામાં આવી કે તેની બરકતથી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ઉમ્મત કિયામત સુધી દોઝખની આગ તથા ભયંકરતા– હોલનાકીઓથી બચેલી રહે અને આ સૂરત પઢી અલ્લાહના બંદા સફળતા મેળવતા રહે !

હે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ! અલ્લાહપાકે સચ્ચાઈ તથા દોસ્તી સાથે આપને મબ્ઉસ ફરમાવ્યા. જો બધા જ દરિયાને શાહી બનાવી દેવામાં આવે, બધા જ ઝાડને કલમ બનાવી દેવામાં આવે અને સાતે ય આકાશ તથા જમીનને કાગળ બનાવી દેવામાં આવે. એ પછી દુનિયા નાશ પામે ત્યાં સુધી સૂરએ ફાતિહાની ફઝીલત લખવામાં આવે તો પણ તે પૂરી કરવી અશક્ય છે.

આ મુબારક સૂરતમાં ૭ હર્ફ નથી. ''સે'' નથી, કારણ કે તે સુબૂરો–હલાકતનો હર્ફ છે. સૂરએ ફાતિહા પઢનારાઓને સુબૂરો–હલાકતથી પાલો પડશે નહીં. 'જીમ' નથી, કારણ કે તે 'જહન્નમ'નો પહેલો હર્ફ છે. સૂરએ ફાતિહા પઢતો રહેનાર જહન્નમમાં જશે નહીં. 'ઝે' પણ નથી. સૂરએ ફાતિહા પઢનાર ઝક્કુમથી બચેલો રહેશે, ઝક્કુમ થોર જેવો ઝેરીલો તથા કડવો ખોરાક જહન્નમી–દોઝખીઓને ખવડાવવામાં આવશે. 'શીન' નથી, કારણ કે સૂરએ ફાતિહા પઢનાર શકાવત–બદબખ્તી– હલાકતમાં સપડાશે નહીં. 'ઝોય' નથી, કારણ કે સૂરએ ફાતિહાનો

વિર્દ કરનારને કબ્રની તારીકી–અંધકાર ઘેરશે નહીં. 'ફે' પણ નથી, કારણ કે સૂરએ ફાતિહા પઢતો રહેનાર અલ્લાહના ફિરાક–વિયોગથી પીડાશે નહીં. સાતમો હર્ફ 'ખે' પણ સૂરએ ફાતિહામાં નથી, કારણ કે તેને પઢનાર દુનિયામાં બેઆબરૂ–જલીલ થશે નહીં.

પીરો–મુર્શિદ હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી અજમેરી (રહ.)એ ફરમાવ્યું કે સૂરએ ફાતિહામાં સાત આયતો છે. હઝરત ઈમામ નાસિર બસ્તી (રહ.)એ લખ્યું છે કે આ સૂરતમાં સાત આયતો છે. માણસના શરીરના ય સાત જેટલા ભાગ છે. જે કોઈ બંદો આ આયત પઢતો રહેશે તેના શરીરના સાતે ય ભાગને અલ્લાહ તઆલા સાત દોઝખની આગ તથા અઝાબથી મહફુઝ–સુરક્ષિત રાખશે.

મશાઈખે તબકાત અને અહલે સુલૂકવાળાઓ લખે છે કે અલ્લાહ તઆલાએ આ સૂરતમાં ૧૨૪ જેટલા હુરૂફ મૂક્યા છે. પયગમ્બરોની સંખ્યા ૧,૨૪,૦૦૦ (એક લાખ ચોવીસ હજાર) જેટલી છે. આ સૂરતમાં ૧,૨૪,૦૦૦ જેટલા અંબિયાઓના સવાબ જેટલો સવાબ સમાયલો છે. તેના દરેક હર્ફનો સવાબ ૧,૦૦૦ જેટલો, એ હિસાબે ૧૨૪ હર્ફનો સવાબ ૧,૨૪,૦૦૦ જેટલો છે !

اَلْحَمْدُ માં પાંચ હર્ફ છે. નમાઝ પણ પાંચ વખતની ફર્ઝ કરવામાં આવી છે. જે બંદો આ પાંચ હર્ફ પઢતો રહેશે તે પાંચ વખતની નમાઝમાં રહી ગયેલી કમી–ખોટ તથા નુકસાનથી બચેલો રહેશે. તેની બરકતથી અલ્લાહ તઆલા આવી નમાઝ પણ કબૂલ કરી લેશે.

لِلّٰهِ માં ૩ હુરૂફ છે. અલ્હમ્દુના પાંચ હુરૂફોમાં આ ૩ હુરૂફ ઉમેરતાં તેની સંખ્યા ૮ની થાય છે. અલ્હમ્દુલિલ્લાહ

પઢવાથી જન્નતના આઠ દરવાજા ઉઘડી જાય છે.

رَبِّ الْعٰلَمِيْنَ ۙ﴿۱﴾ માં ૧૦ હુરૂફ છે. અલ્હમ્દુ લિલ્લાહિ રબ્બિલ આલમીનના કુલ ૧૮ જેટલા હુરૂફ થાય છે. અલ્લાહ પાકે ૧,૮૦,૦૦ જેટલા આલમ પેદા કર્યા છે. તેને પઢનાર એ આલમ જેટલો સવાબ મેળવશે.

الرَّحْمٰنِ માં ૬ હુરૂફ છે. આગલા ૧૮ હુરૂફ સાથે તે મેળવતાં ૨૪ જેટલા હુરૂફ થાય છે. અલ્લાહ તઆલાએ રાત–દિવસના ૨૪ કલાક બનાવ્યા છે. અલ્હમ્દુ થી અર્રહમાન સુધી પઢતાં ૨૪ કલાકોના ગુનાહ માફ થાય છે.

الرَّحِيْمِ ۙ﴿۲﴾ માં ૬ હુરૂફ છે. ત્યાં સુધી બધા મળીને ૩૦ હુરૂફ થાય છે. આ પઢનાર પુલસિરાતની ૩૦ હજાર જેટલા વરસોની મુસાફરી સરળતાથી પાર કરી જશે.

مٰلِكِ يَوْمِ الدِّيْنِ ؕ﴿۳﴾ ના ૧૨ હુરૂફ મેળવતાં ૪૨ હુરૂફ થાય છે. તેનો અર્થ એ છે કે ૧૨ મહિનાઓ સુધી ખુદાની યાદમાં મશગૂલ રહ્યા. ૧૨ મહિનાના ગુનાહ અલ્લાહ માફ કરશે.

اِيَّاكَ نَعْبُدُ ના આઠ જેટલા હુરૂફ છે. અહીં સુધી કુલ ૫૦ હુરૂફ થાય છે. કયામતનો દિવસ ૫૦,૦૦૦ જેટલા વરસોની બરાબર હશે. આ સૂરએ પાક પઢનાર માટે ૫૦ હજાર વરસની મુશ્કેલીઓ આસાન બની જશે.

وَاِيَّاكَ نَسْتَعِيْنُ ؕ﴿۴﴾ માં ૧૧ હુરૂફ છે. પાછલા ૫૦ હુરૂફ મેળવતાં ૬૧ હુરૂફ થયા. અલ્લાહ પાકે આકાશ તથા જમીનમાં કુલ ૬૧ દરિયા પેદા કર્યા છે. આ સૂરહ પઢનારના નામ–એ આ'માલમાં ૬૧ દરિયાના પાણીના ટીપાં જેટલી નેકીઓ લખાશે અને એટલા જ ગુનાહ માફ કરાશે.

اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ ۙ﴿۵﴾ ના ૧૬ હુરૂફ મેળવતાં ૮૦ હુરૂફ થયા. આ સૂરત પઢનારના નામ–એ આ'માલમાંથી ૮૦ જેટલા કોરડાની શિક્ષા રદ કરાશે. (શરાબ પીનાર માટે ૮૦ કોરડાની શિક્ષા વાજીબ છે.)

صِرَاطَ الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ ۙ غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ ﴿۷﴾

આમીન. આ ૪૪ જેટલા હુરૂફ છે. પાછલા ૮૦ હુરૂફ સાથે તે મેળવતાં કુલ ૧૨૪ હુરૂફ થયા. દરેક હર્ફ માટે ૧,૦૦૦ જેટલો સવાબ છે. તે હિસાબે ૧,૨૪,૦૦૦ના જોડના કુલ સવાબ ગણતાં તમામ પયગમ્બરોની કુલ સંખ્યા જેટલો થાય છે. આ સૂરતનો વિર્દ કરનાર આ બધા પયગમ્બરોની સંખ્યા જેટલો સવાબ મેળવશે !

પીરો મુર્શિદ હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી અજમેરી (રહ.)એ ફરમાવ્યું છે,

એક વેળા હું અને હઝરત શેખ ઉસ્માન હારૂની (રહ.) સાથે મુસાફરી કરી રહ્યા હતા. દજલા નદીના કિનારે પહોંચ્યા ત્યારે અમને ત્યાં કોઈ હોડી–નાવ મળી નહીં. નદી પાર કરવી જરૂરી હતું. હઝરત ઉસ્માન હારૂની (રહ.)એ મને ફરમાવ્યું કે આંખો બંધ કરી લો, આંખો બંધ કરી પાણીમાં પગ મૂકતાં જ અમો સામેના કિનારે પહોંચી ગયા. મેં આંખો ઉઘાડી હઝરતને આટલી સરળતાથી નદી પાર કરી જવાનું કારણ પૂછયું. હઝરતે મને ફરમાવ્યું કે મેં પાંચ વખત સૂરએ ફાતિહા પઢી, જેના કારણે આ મુશ્કેલ કામ આસાન બની ગયું, જે કોઈ બંદો આ સૂરત પઢતો રહેશે તો તેના મુશ્કેલ કામ અલ્લાહ પાક આસાન ફરમાવશે, આમીન.

(દલીલુલ આરિફીન)

(સૌજન્ય : ''દારૂલ ઉલૂમ'' માસિક, એપ્રિલ ૧૯૯૧)

(૩) સૂરએ બકરહની ફઝીલતો

(૧) સૂરએ બકરહ પઢનારને જન્નતમાં તાજ પહેરાવવામાં આવશે. (બયહકી)

(૨) હઝરત અબૂ હુરયરહ (રદિ.) જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત કરે છે કે દરેક વસ્તુની એક ટોચ હોય છે. કુર્આન શરીફની ટોચ સૂરએ બકરહ છે. જાણે કે એ કુર્આન શરીફની "ખૂંધ" છે. (તિર્મિઝી શરીફ, ઈબ્ને હિબ્બાન)

(૩) હઝરત અબૂ ઉમામહ (રદિ.) જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત કરે છે કે, "સૂરએ બકરહ અને સૂરએ આલિ ઈમરાન" પઢયા કરો. એ બંને સૂરતો કિયામતના દિવસે પઢનારા તરફથી ઝઘડો કરશે. એ સૂરતોને પઢવું અને યાદ કરવું બરકત છે. એને છોડી દેવું પસ્તાવો છે. જાદૂગરોની અસર એ બંને સૂરતો પઢનાર પર થઈ શકતી નથી. ખરેખર, એ બંને સૂરતો બે ચળકતી વસ્તુઓ છે. એમનાં પઢનારાઓ પર કિયામતનાં દિવસે છાયા કરશે. જાણે કે વાદળોનાં બે ટોળાં અથવા પક્ષીઓનાં બે ટોળાં. (મુસ્લિમ શરીફ, અહમદ)

(૪) આયતુલ કુર્સીની ફઝીલતો

(૧) હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈર્શાદ ફરમાવ્યો :

"દરેક ચીઝની કોઈ બુલંદી (ટોચ) હોય છે. કુર્આનની ટોચ (શિખર) સૂરએ "બકરહ" છે અને એમાં એક આયત કુર્આની આયતોની જાણે સરદાર છે. તે આયત "આયતુલ કુર્સી" છે."
(તિરમિઝી શરીફ)

(૨) હઝરત અબૂ ઉમામહ (રદિ.)થી રિવાયત છે કે

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, "જે માણસ દરેક ફર્ઝ નમાઝ પછી "આયતુલ કુર્સી" પઢશે તો એને જન્નતમાં દાખલ થવાથી મૌત સિવાય કોઈ ચીઝ રોકી શકતી નથી. અર્થાત્ તેના અને જન્નતનાં દરમિયાન માત્ર મૌત જ આડરૂપ હશે. (મરતાર્વેત તે જન્નતમાં દાખલ થઈ જશે.)

(નસાઈ, ઈબ્ને હિબ્બાન, અલ અહાદીસુસ્સહીહા–૯૬૮)

(૩) જે માણસ રાતે સૂતી વખતે આયતુલ કુર્સી પઢશે તો રાતભર શયતાન તેની પાસે આવશે નહિ. (મુસ્લિમ શરીફ)

(૪) રાતે સૂતી વખતે આયતુલ કુર્સી પઢનાર માટે અલ્લાહ તઆલા તરફથી એક મુહાફિઝ યા સુરક્ષક ફરિશતો નિયુક્ત રહેશે અને તેની પાસે શયતાન આવશે નહિ. (બુખારી શરીફ)

(૫) હઝરત ઉબય ઈબ્ને કઅબ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું,

"ખુદાની કસમ ! આયતુલ કુર્સીની એક જીભ છે અને બે હોઠ છે."

એ અર્શની પાસે અલ્લાહ તઆલાની પાકી બયાન કરી રહી છે. એ સર્વે આયતોની સરદાર છે. (અહમદ, ઈબ્ને અબી શયબહ)

(૬) હઝરત અબ્દુલ્લાહ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલે ખુદા (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, "આયતુલ કુર્સી જે ઘરમાં પઢવામાં આવે છે તે ઘરમાંથી શયતાન નાસી જાય છે." (હાકિમ)

(૭) હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ સૂતી વખતે આયતુલ કુર્સી પઢે છે તો અલ્લાહ તઆલા તરફથી એક ફરિશતાને નિયુક્ત ફરમાવવામાં આવે છે અને સવાર સુધી એની પાસે શયતાન આવતો નથી અને જે માણસ બિછાણા પર સૂઈને આયતુલ કુર્સી

પઢે છે તો અલ્લાહ તઆલા એના ઘરને અને એના પડોશીના ઘરને તથા એના આસપાસના ઘરોને મહફૂઝ રાખે છે.

(બુખારી–નસાઈ–ઈબ્ને અબી શયબહ)

(૮) ચાર વખત આયતુલ કુર્સી પઢવાનો સવાબ એક કુર્આન શરીફ પઢવા બરાબર (સવાબ મળે) છે.

(તફસીરે મવાહિબુર્રહમાન, ભાગ–૧, પેજ–૧૧)

આયતુલ કુર્સી

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۚ اَلْحَيُّ الْقَيُّوْمُ ۚ لَا تَاْخُذُهٗ
سِنَةٌ وَّلَا نَوْمٌ ؕ لَهٗ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي
الْاَرْضِ ؕ مَنْ ذَا الَّذِيْ يَشْفَعُ عِنْدَهٗٓ اِلَّا
بِاِذْنِهٖ ؕ يَعْلَمُ مَا بَيْنَ اَيْدِيْهِمْ وَمَا
خَلْفَهُمْ ۚ وَلَا يُحِيْطُوْنَ بِشَيْءٍ مِّنْ عِلْمِهٖٓ
اِلَّا بِمَا شَآءَ ۚ وَسِعَ كُرْسِيُّهُ السَّمٰوٰتِ
وَالْاَرْضَ ۚ وَلَا يَئُوْدُهٗ حِفْظُهُمَا ۚ وَهُوَ الْعَلِيُّ
الْعَظِيْمُ ﴿٢٥٥﴾

(البقرہ ۲:۲۵۵)

(૫) સૂરએ બકરહની છેલ્લી બે આયતોની મહાન ફઝીલતો

(૧) હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે એક દિવસ હઝરત જિબ્રઈલ (અલૈ.) હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની પાસે તશરીફ રાખતા હતા. એ જ સમય દરમિયાનમાં ઉપરથી એક ભારે અવાજ સાંભળ્યો. આપે (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) આકાશ તરફ માથું ઉઠાવ્યું અને ફરમાવ્યું કે આ આસમાનનો દરવાજો ખુલ્યો છે, જે આજથી પહેલાં કદી ખોલવામાં નથી આવ્યો. એમાંથી એક ફરિશ્તો ઊતર્યો. પછી ફરમાવ્યું કે આ ફરિશ્તો જમીન પર ઊતર્યો છે, જે આજથી પહેલાં કદી નથી ઊતર્યો. તે ફરિશ્તાએ આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને સલામ કરી અને કહ્યું કે આપ ખૂશ થઈ જાઓ, એવાં બે (૨) નૂરને કારણે જે આપને અર્પણ કરવામાં આવ્યાં છે અને આપથી પહેલાં કદી કોઈ નબીને આપવામાં આવ્યાં નથી. એક, સૂરએ ફાતિહા અને બીજું, સૂરએ બકરહની અંતિમ બે (૨) આયતો (અર્થાત્ આમનર્રસૂલુ....થી સૂરહના અંત સુધી, જે ઉપર લખવામાં આવી છે). ફરિશ્તાએ કહ્યું કે આ બંને નૂરમાંથી જે પણ ભાગ આપ પઢશો (જે દુઆ પર શામેલ છે) તો આપે માંગેલી અને આપે ઈચ્છેલી ચીઝ આપને જરૂર આપવામાં આવશે. (મુસ્લિમ શરીફ)

(૨) એક હદીસમાં ઇરશાદ છે કે જે કોઈ માણસ રાતે સૂરએ બકરહની અંતિમ બે આયતો (આમનર્રસૂલુ...થી સૂરહના અંત સુધી) પઢી લે તો આ આયતો એના માટે કાફી થઈ જશે.

(બુખારી શરીફ–મુસ્લિમ શરીફ)

મતલબ કે દરેક પ્રકારની બુરાઈ, નુકસાન અને કષ્ટદાયક ચીઝથી એને પઢવાને કારણે હિફાઝત થઈ જશે.

(૩) એક હદીસમાં ઇરશાદ છે કે હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : સૂરએ બકરહનો અંતિમ ભાગ અલ્લાહ તઆલાની રહમતના ખઝાનામાંથી છે અને તેના અર્શની નીચે જે ખઝાનાઓ છે, તેમાંથી છે. આ તે ઉમ્મતને અર્પણ કરાયો છે, જેણે દુનિયા અને આખિરતની કોઈ ખૈર એવી છોડી નથી, જેના પર એ શામેલ ન હોય. (એમાં દરેક ખૈર– ખૂબી, ભલાઈ, મદદ, રહમત અને મગફિરતનો સવાલ કરી લેવામાં આવ્યો છે.)

(મિશ્કાતુલ મસાબીહ, દારમી)

(૪) એક અન્ય હદીસમાં ઇરશાદ છે કે બેશક, અલ્લાહ તઆલાએ સૂરએ બકરહને એવી બે આયતો પર ખતમ ફરમાવી છે, જે મને તે મખ્સૂસ ખઝાનામાંથી આપવામાં આવી છે, જે અર્શની નીચે છે, જેથી તમે પોતે પણ એમને શીખો અને પોતાની અવરતોને પણ શિખવાડો, કારણ કે આ સાંગોપાંગ રહમત છે અને અલ્લાહ તઆલાની નઝદીકીનો સબબ છે અને દુઆ છે.

(દારમી, મિશ્કાત શરીફ : ૧૮૯)

(૫) હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને મસ્ઊદ (રદિ.) બયાન કરે છે કે જનાબ રસૂલે ખુદા (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''જેણે સૂરએ બકરહની છેલ્લી બે આયતો રાતે પઢી લીધી તે સર્વે બાબતોથી ફારિગ થઈ ગયો.'' (બુખારી, મુસ્લિમ શરીફ)

(એટલે કે રાતની ઇબાદતો, આફતો અને શયતાન વગેરેથી.)

(૬) હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''સૂરએ ફાતિહા અને સૂરએ બકરહની છેલ્લી બે આયતો (''આમનર્રસૂલુ....''થી લઈ છેવટ સુધી) બે નૂર છે, જે મારા અગાઉ કોઈ પયગમ્બરને આપવામાં આવ્યાં નથી. જો કોઈ એક અક્ષર પણ એ બંનેમાંથી પઢશે તો તેને એ નૂર મળશે. (સહીહ મુસ્લિમ શરીફ)

(૭) એક રિવાયતમાં આવ્યું છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે અર્શના ખાસ ખઝાનાઓમાંથી મને ચાર વસ્તુઓ મળી છે અને તે વસ્તુઓ તે ખઝાનાઓમાંથી બીજા કોઈને પણ મળી નથી :

(૧) સૂરએ ફાતિહા (અલ્હમ્દુ શરીફ)
(૨) આયતુલ કુર્સી
(૩) સૂરએ બકરહની છેલ્લી બે આયતો અને
(૪) સૂરએ કવ્ષર (ફઝાઈલે કુર્આન–ફઝાઈલે આ'માલ)

સૂરએ બકરહની છેલ્લી બે આયતો

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اٰمَنَ الرَّسُوْلُ بِمَآ اُنْزِلَ اِلَيْهِ مِنْ رَّبِّهٖ
وَالْمُؤْمِنُوْنَ ؕ كُلٌّ اٰمَنَ بِاللّٰهِ وَمَلٰٓئِكَتِهٖ
وَكُتُبِهٖ وَرُسُلِهٖ ۫ لَا نُفَرِّقُ بَيْنَ اَحَدٍ مِّنْ
رُّسُلِهٖ ۫ وَقَالُوْا سَمِعْنَا وَاَطَعْنَا ۫
غُفْرَانَكَ رَبَّنَا وَاِلَيْكَ الْمَصِيْرُ ۝٢٨٥ لَا
يُكَلِّفُ اللّٰهُ نَفْسًا اِلَّا وُسْعَهَا ؕ لَهَا مَا كَسَبَتْ
وَعَلَيْهَا مَا اكْتَسَبَتْ ؕ رَبَّنَا لَا تُؤَاخِذْنَآ

اِنۡ نَّسِيۡنَاۤ اَوۡ اَخۡطَاۡنَا ۚ رَبَّنَا وَلَا تَحۡمِلۡ عَلَيۡنَاۤ
اِصۡرًا كَمَا حَمَلۡتَهٗ عَلَى الَّذِيۡنَ مِنۡ قَبۡلِنَا ۚ رَبَّنَا
وَلَا تُحَمِّلۡنَا مَا لَا طَاقَةَ لَنَا بِهٖ ۚ وَاعۡفُ عَنَّا ۟ وقفة
وَاغۡفِرۡ لَنَا ۟ وقفة وَارۡحَمۡنَا ۟ وقفة اَنۡتَ مَوۡلٰنَا
فَانۡصُرۡنَا عَلَى الۡقَوۡمِ الۡكٰفِرِيۡنَ ﴿۲۸۶﴾ (البقرہ۲:۲۸۶)

(૬) સૂરએ આલિ ઈમરાનની ફઝીલત

જે માણસ જુમ્આના દિવસે ''સૂરએ આલિ ઈમરાન'' પઢે છે તેના ઉપર અલ્લાહ તઆલા અને તેના ફરિશ્તાઓ સૂરજ આથમતાં સુધી દુરૂદ મોકલે છે.'' (તબરાની)

(૭) સૂરએ આલિ ઈમરાનની એક આયતની મહાન ફઝીલત

હદીષ : અબૂ વાઈલ (રહ.)એ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને **મસ્ઊદ** (રદિ.)થી રિવાયત કરીને બયાન કર્યું કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ સૂરએ આલિ ઈમરાનની ઉપરોક્ત આયત ''**शहिदल्लाहु अन्नहू ला ईला-ह....**'' પઢયા કરતો હોય તો એને કિયામતના દિવસે બારગાહે ઈલાહીમાં લાવવામાં આવશે. પછી અલ્લાહ તઆલા ફરમાવશે : મારા બંદાએ મારાથી અહદ કર્યો હતો–તે વચનબદ્ધ

થયો હતો અને હું વચનપાલનનો સૌથી વધુ હકદાર છું. મારા બંદાને જન્નતમાં દાખલ કરી દો.'' (અલ્લામહ ઇબ્ને અબ્દુલ બર્ર (રહ.) કૃત ''જામિઉ બયાનિલ ઇલ્મિ વ ફદ્લિહ્'', ૧/૯૯, સંદર્ભ : મવલાના મુફ્તી મુહમ્મદ તકી ઉસ્માની સા. કૃત ''તરાશે'', પૃષ્ઠ : ૫૪/૫૫)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

شَهِدَ اللّٰهُ اَنَّهٗ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۙ وَالْمَلٰٓئِكَةُ وَاُولُوا الْعِلْمِ قَآئِمًۢا بِالْقِسْطِ ؕ لَآ اِلٰهَ اِلَّا هُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿۱۸﴾ ★ (آل عمران ۳:۱۸)

★ وَاَنَا اَشْهَدُ اَيْضًا

(૮) સૂરએ આલિ ઈમરાનની અંતિમ ૧૦ આયતોની મહાન ફઝીલત

હઝરત ઉસ્માન (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જે માણસ સૂરએ આલિ ઈમરાનની અંતિમ (છેલ્લી) દસ (૧૦) આયતો (**ઇન્ન ફી ખલ્કિસ્સમાવાતિ.....** થી સૂરતના અંત સુધી) રાતે પઢી લેશે તો તેને રાતભર નમાઝ પઢવાનો સવાબ મળશે. (મિશ્કાત શરીફ)

ખુલાસો :– દસ આયતની તિલાવત (પઢવામાં) ફક્ત થોડીક જ મિનિટો લાગે છે. આખી રાત નમાઝ પઢવાનો સવાબ મળશે. આનાથી વધીને બીજી કઈ ફઝીલત હશે ! આ દસ આયતો સૂરએ આલિ ઈમરાનનો છેલ્લો રુકૂઅ છે.

અલ્લાહપાક આપણને બધાંને જ દરરોજ એની તિલાવત કરીને રાતભર નમાઝ પઢવાનો સવાબ મેળવવાની તૌફીક અને ખૂશનસીબી નસીબ ફરમાવે, (આમીન).

સૂરએ આલિ ઈમરાનની અંતિમ દસ આયતો

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اِنَّ فِيْ خَلْقِ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَاخْتِلَافِ الَّيْلِ وَالنَّهَارِ
لَاٰيٰتٍ لِّاُولِي الْاَلْبَابِ ﴿۱۹۰﴾ الَّذِيْنَ يَذْكُرُوْنَ اللّٰهَ قِيٰمًا وَّقُعُوْدًا وَّ
عَلٰى جُنُوْبِهِمْ وَيَتَفَكَّرُوْنَ فِيْ خَلْقِ السَّمٰوٰتِ وَالْاَرْضِ ۚ رَبَّنَا
مَا خَلَقْتَ هٰذَا بَاطِلًا ۚ سُبْحٰنَكَ فَقِنَا عَذَابَ النَّارِ ﴿۱۹۱﴾ رَبَّنَآ
اِنَّكَ مَنْ تُدْخِلِ النَّارَ فَقَدْ اَخْزَيْتَهٗ ۭ وَمَا لِلظّٰلِمِيْنَ مِنْ
اَنْصَارٍ ﴿۱۹۲﴾ رَبَّنَآ اِنَّنَا سَمِعْنَا مُنَادِيًا يُّنَادِيْ لِلْاِيْمَانِ اَنْ اٰمِنُوْا
بِرَبِّكُمْ فَاٰمَنَّا ۣ رَبَّنَا فَاغْفِرْ لَنَا ذُنُوْبَنَا وَكَفِّرْ عَنَّا سَيِّاٰتِنَا وَتَوَفَّنَا
مَعَ الْاَبْرَارِ ﴿۱۹۳﴾ ۚ رَبَّنَا وَاٰتِنَا مَا وَعَدْتَّنَا عَلٰي رُسُلِكَ وَلَا تُخْزِنَا
يَوْمَ الْقِيٰمَةِ ۭ اِنَّكَ لَا تُخْلِفُ الْمِيْعَادَ ﴿۱۹۴﴾ فَاسْتَجَابَ لَهُمْ رَبُّهُمْ اَنِّيْ
لَآ اُضِيْعُ عَمَلَ عَامِلٍ مِّنْكُمْ مِّنْ ذَكَرٍ اَوْ اُنْثٰى ۚ بَعْضُكُمْ مِّنْ
بَعْضٍ ۚ فَالَّذِيْنَ هَاجَرُوْا وَاُخْرِجُوْا مِنْ دِيَارِهِمْ وَاُوْذُوْا فِيْ
سَبِيْلِيْ وَقٰتَلُوْا وَقُتِلُوْا لَاُكَفِّرَنَّ عَنْهُمْ سَيِّاٰتِهِمْ وَلَاُدْخِلَنَّهُمْ

جَنّٰتٍ تَجْرِیْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِیْنَ فِیْهَا وَاَزْوَاجٌ مُّطَهَّرَةٌ وَّرِضْوَانٌ مِّنَ اللّٰهِ ؕ وَاللّٰهُ
بَصِیْرٌۢ بِالْعِبَادِ ﴿۱۵﴾ الَّذِیْنَ یَقُوْلُوْنَ رَبَّنَاۤ اِنَّنَاۤ اٰمَنَّا فَاغْفِرْ لَنَا ذُنُوْبَنَا وَقِنَا عَذَابَ
النَّارِ ﴿۱۶﴾ الصّٰبِرِیْنَ وَالصّٰدِقِیْنَ وَالْقٰنِتِیْنَ وَالْمُنْفِقِیْنَ وَالْمُسْتَغْفِرِیْنَ بِالْاَسْحَارِ ﴿۱۷﴾
شَهِدَ اللّٰهُ اَنَّهٗ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ ۙ وَالْمَلٰٓئِكَةُ وَاُولُوا الْعِلْمِ قَآئِمًۢا بِالْقِسْطِ ؕ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ
الْعَزِیْزُ الْحَكِیْمُ ﴿۱۸﴾ اِنَّ الدِّیْنَ عِنْدَ اللّٰهِ الْاِسْلَامُ ۟ وَمَا اخْتَلَفَ الَّذِیْنَ اُوْتُوا الْكِتٰبَ اِلَّا مِنْۢ
بَعْدِ مَا جَآءَهُمُ الْعِلْمُ بَغْیًۢا بَیْنَهُمْ ؕ وَمَنْ یَّكْفُرْ بِاٰیٰتِ اللّٰهِ فَاِنَّ اللّٰهَ سَرِیْعُ الْحِسَابِ ﴿۱۹﴾
فَاِنْ حَآجُّوْكَ فَقُلْ اَسْلَمْتُ وَجْهِیَ لِلّٰهِ وَمَنِ اتَّبَعَنِ ؕ وَقُلْ لِّلَّذِیْنَ اُوْتُوا الْكِتٰبَ وَالْاُمِّیّٖنَ
ءَاَسْلَمْتُمْ ؕ فَاِنْ اَسْلَمُوْا فَقَدِ اهْتَدَوْا ۚ وَاِنْ تَوَلَّوْا فَاِنَّمَا عَلَیْكَ الْبَلٰغُ ؕ وَاللّٰهُ بَصِیْرٌۢ بِالْعِبَادِ ﴿۲۰﴾

(આલ ઇમરાન ૩:૧૯૦-૨૦૦, પારો ૪)

(૯) સૂરએ અન્આમની પ્રથમ ત્રણ આયતો પઢવાની મહાન ફઝીલતો

● ચાળીસ હજાર (૪૦,૦૦૦) ફરિશ્તાઓ કયામત સુધી....

(૧) **હદીષ** : હઝરત જાબિર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, જે માણસ સૂરએ અન્આમની શરૂઆતની ત્રણ આયતો પઢશે તો એના માટે ચાળીસ હજાર ફરિશ્તાઓ કિયામત સુધી ઇબાદત કરશે. એમની એ ઇબાદતનો બધો સવાબ આ આયતો પઢનારના

નામ–એ–આ'માલ (કર્મપત્ર)માં લખવામાં આવશે. ઉપરાંત, એક ફરિશ્તો સાતમા આકાશમાંથી લોખંડની ગદા લઈને ઊતરે છે. જ્યારે શયતાન પઢનાર વ્યક્તિના દિલમાં વસવસા નાખે છે તો એ ફરિશ્તો એ ગદાથી શયતાનને બરાબર ફટકારે છે, જેથી એ પઢનાર અને શયતાનની વચ્ચે સિત્તેર (૭૦) પડદા આડવાડ બની જાય છે. અલ્લાહ તઆલા કિયામતના દિવસે એને ફરમાવશે : "તું મારા છાંયડા તળે ચાલ, મારા છાંયડા સિવાય બીજો કોઈ છાંયડો નથી. જન્નતનાં ફળ ખા, મારી હૌઝે કવષરનું પાણી પી, સલસબીલની નહેરમાં ગુસલ કર. તું મારો બંદો છે અને હું તારો રબ." (હાશિયતુસ્સાવી અલા તફસીરિલ જલાલૈન : ૨/૧૬૪)

(૨) આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું કે જે કોઈ ઉપરની ત્રણ આયતો સવારના સમયે પઢશે તો અલ્લાહ તઆલા સિત્તેર હજાર ફરિશ્તા તેની હિફાઝત માટે મુકર્રર કરી આપશે અને સાતમા આસમાનથી એક ફરિશ્તો પોતાની સાથે લોખંડનો હથોડો લઈને ઊતરશે. જ્યારે પણ શયતાન તેના દિલમાં કોઈ બુરાઈ પેદા કરવા ઈચ્છશે તો તે હથોડાથી તેને મારશે, તેમજ પઢનાર અને શયતાન વચ્ચે સિત્તેર હજાર (૭૦,૦૦૦) પડદા થઈ જશે. ઉપરાંત, કિયામતના દિવસે આ પઢનારને કોઈ હિસાબ કે અઝાબ થશે નહીં. (રૂહુલ બયાન, ભાગ–૩)

સૂરએ અન્આમની શરૂઆતની ત્રણ આયતો આ પ્રમાણે છે :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ خَلَقَ السَّمٰوٰتِ وَ الْاَرْضَ وَجَعَلَ الظُّلُمٰتِ وَالنُّوْرَ ؕ ثُمَّ الَّذِیْنَ كَفَرُوْا بِرَبِّهِمْ یَعْدِلُوْنَ ۝ هُوَ الَّذِیْ خَلَقَكُمْ مِّنْ طِیْنٍ ثُمَّ قَضٰۤى اَجَلًا ؕ وَ اَجَلٌ مُّسَمًّى عِنْدَهٗ ثُمَّ اَنْتُمْ تَمْتَرُوْنَ ۝ وَهُوَ اللّٰهُ فِی السَّمٰوٰتِ وَفِی الْاَرْضِ ؕ یَعْلَمُ سِرَّكُمْ وَجَهْرَكُمْ وَیَعْلَمُ مَا تَكْسِبُوْنَ ۝ (الانعام ٦:٣، پاره ٧)

(૧૦) જુમ્આના દિવસે સૂરએ કહફ પઢવાની મહાન ફઝીલત

كِتٰبٍ مِّنْ قَبْلِ اَنْ نَّبْرَاَهَا ؕ اِنَّ ذٰلِكَ عَلَى اللّٰهِ يَسِيْرٌ ۝٢٢ ۚ لِّكَيْلَا
تَاْسَوْا عَلٰى مَا فَاتَكُمْ وَلَا تَفْرَحُوْا بِمَآ اٰتٰىكُمْ ؕ وَاللّٰهُ لَا يُحِبُّ كُلَّ
مُخْتَالٍ فَخُوْرِ ۙ۝٢٣ الَّذِيْنَ يَبْخَلُوْنَ وَيَاْمُرُوْنَ النَّاسَ بِالْبُخْلِ ؕ وَ
مَنْ يَّتَوَلَّ فَاِنَّ اللّٰهَ هُوَ الْغَنِيُّ الْحَمِيْدُ ۝٢٤ لَقَدْ اَرْسَلْنَا رُسُلَنَا
بِالْبَيِّنٰتِ وَاَنْزَلْنَا مَعَهُمُ الْكِتٰبَ وَالْمِيْزَانَ لِيَقُوْمَ النَّاسُ
بِالْقِسْطِ ۚ وَاَنْزَلْنَا الْحَدِيْدَ فِيْهِ بَاْسٌ شَدِيْدٌ وَّمَنَافِعُ لِلنَّاسِ
وَلِيَعْلَمَ اللّٰهُ مَنْ يَّنْصُرُهٗ وَرُسُلَهٗ بِالْغَيْبِ ؕ اِنَّ اللّٰهَ قَوِيٌّ عَزِيْزٌ ۝٢٥ ۧ
وَلَقَدْ اَرْسَلْنَا نُوْحًا وَّاِبْرٰهِيْمَ وَجَعَلْنَا فِيْ ذُرِّيَّتِهِمَا النُّبُوَّةَ
وَالْكِتٰبَ فَمِنْهُمْ مُّهْتَدٍ ۚ وَكَثِيْرٌ مِّنْهُمْ فٰسِقُوْنَ ۝٢٦ ثُمَّ قَفَّيْنَا عَلٰٓى
اٰثَارِهِمْ بِرُسُلِنَا وَقَفَّيْنَا بِعِيْسَى ابْنِ مَرْيَمَ وَاٰتَيْنٰهُ الْاِنْجِيْلَ ۙ وَ
جَعَلْنَا فِيْ قُلُوْبِ الَّذِيْنَ اتَّبَعُوْهُ رَاْفَةً وَّرَحْمَةً ؕ وَرَهْبَانِيَّةَ ۟
ابْتَدَعُوْهَا مَا كَتَبْنٰهَا عَلَيْهِمْ اِلَّا ابْتِغَآءَ رِضْوَانِ اللّٰهِ فَمَا رَعَوْهَا

حَقَّ رِعَايَتِهَا ۚ فَاٰتَيْنَا الَّذِيْنَ اٰمَنُوْا مِنْهُمْ اَجْرَهُمْ ۚ وَكَثِيْرٌ مِّنْهُمْ
فٰسِقُوْنَ ﴿٢٦﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَاٰمِنُوْا بِرَسُوْلِهٖ يُؤْتِكُمْ
كِفْلَيْنِ مِنْ رَّحْمَتِهٖ وَيَجْعَلْ لَّكُمْ نُوْرًا تَمْشُوْنَ بِهٖ وَيَغْفِرْ لَكُمْ ؕ
وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٢٨﴾ ۚ لِّئَلَّا يَعْلَمَ اَهْلُ الْكِتٰبِ اَلَّا يَقْدِرُوْنَ
عَلٰى شَيْءٍ مِّنْ فَضْلِ اللّٰهِ وَاَنَّ الْفَضْلَ بِيَدِ اللّٰهِ يُؤْتِيْهِ مَنْ
يَّشَآءُ ؕ وَاللّٰهُ ذُو الْفَضْلِ الْعَظِيْمِ ﴿٢٩﴾ ع (الحديد ٥٧:٢٩)

(૧૮) સિત્તેર હજાર (૭૦,૦૦૦) ફરિશ્તાઓ દુઆએ મગફિરત કરશે

- **સૂરએ હશ્રની અંતિમ ત્રણ આયતોની ફઝીલત :**

સૂરએ હશ્રની અંતિમ ત્રણ આયતો નીચે ટાંકવામાં આવી છે. પ્રથમ ત્રણ વાર આ તઅવ્વુઝ પઢે :

اَعُوْذُ بِاللّٰهِ السَّمِيْعِ الْعَلِيْمِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ ؕ

પછી નીચેની આયતો એકવાર પઢે :

هُوَ اللّٰهُ الَّذِيْ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۚ عٰلِمُ الْغَيْبِ
وَالشَّهَادَةِ ۚ هُوَ الرَّحْمٰنُ الرَّحِيْمُ ﴿٢٢﴾ هُوَ اللّٰهُ الَّذِيْ
لَآ اِلٰهَ اِلَّا هُوَ ۚ اَلْمَلِكُ الْقُدُّوْسُ السَّلٰمُ

الْمُؤْمِنُ الْمُهَيْمِنُ الْعَزِيْزُ الْجَبَّارُ الْمُتَكَبِّرُ ؕ
سُبْحٰنَ اللّٰهِ عَمَّا يُشْرِكُوْنَ ﴿۲۳﴾ هُوَ اللّٰهُ الْخَالِقُ
الْبَارِئُ الْمُصَوِّرُ لَهُ الْاَسْمَآءُ الْحُسْنٰى ؕ يُسَبِّحُ
لَهٗ مَا فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ ۚ وَهُوَ الْعَزِيْزُ
الْحَكِيْمُ ﴿۲۴﴾ (الحشر ۵۹:۲۲-۲۴)

ફઝીલત : હઝરત મઅકલ ઇબ્ને યસાર (રદિ.)થી રિવાયત છે કે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ સવારે ત્રણ વાર ''અઊઝુ બિલ્લાહિસ્સમીઇલ અલીમિ મિનશશયતાનિર્રજીમ'' પઢશે, પછી સૂરએ હશ્રની છેલ્લી ત્રણ આયતો એક વાર પઢશે તો અલ્લાહ તઆલા તેના પર સિત્તેર હજાર ફરિશ્તા નિયુક્ત ફરમાવી દે છે, જે સાંજ સુધી એના માટે ઇસ્તિગફાર કરતા રહે છે અને જો તે આ દિવસે મૃત્યુ પામશે તો શહીદ મરશે અને જો કોઇ આ પ્રમાણે સાંજે પઢી લેશે તો તેને પણ આ જ દરજ્જો પ્રાપ્ત થશે. અર્થાત્ સિત્તેર હજાર ફરિશ્તા સવાર સુધી તેના માટે ઇસ્તિગફાર કરતા રહેશે અને જો તે આ રાતે મરણ પામશે તો શહીદ તરીકે મરણ પામશે. (મિશ્કાત શરીફ : ૧૮૮)

(૧૯) સૂરએ ''તબારકલ્લઝી...''ની ફઝીલત

(૧) હઝરત અબૂ હુરયરહ (રદિ.)એ હુઝૂર (સલ્લલ્લાહુ

અલયહિ વ સલ્લમ)નો આ ઇરશાદ નકલ કર્યો છે કે કુર્આન શરીફમાં એક સૂરત ત્રીસ (૩૦) આયતોની છે, જે પોતાના પઢવાવાળાઓની શફાઅત કરતી રહે છે. એટલે સુધી કે તેની મગફિરત કરાવે. તે સૂરત સૂરએ તબારકલ્લઝી.....(૨૯મો પારહ) છે. (ફઝાઇલે આ'માલ, અબૂ દાવૂદ, તિરમિઝી શરીફ)

(૨) સૂરએ તબારકલ્લઝી વિશે પણ એક રિવાયતમાં હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નો ઇરશાદ છે કે મારું દિલ ચાહે છે કે આ સૂરત દરેક મુઅમિન (ઇમાનવાળા)ના દિલમાં હોય.

(ફઝાઇલે કુર્આન–ફઝાઇલે આ'માલ)

સૂરએ "તબારકલ્લઝી..."

اٰياتها ٣٠ ٦٧ سُوْرَةُ الْمُلْكِ مَكِّيَّةٌ ٧٧ رُكوعاتها ٢

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

تَبٰرَكَ الَّذِىْ بِيَدِهِ الْمُلْكُ ۖ وَهُوَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرُ ۙ﴿١﴾ الَّذِىْ
خَلَقَ الْمَوْتَ وَالْحَيٰوةَ لِيَبْلُوَكُمْ اَيُّكُمْ اَحْسَنُ عَمَلًا ۚ وَهُوَ الْعَزِيْزُ
الْغَفُوْرُ ۙ﴿٢﴾ الَّذِىْ خَلَقَ سَبْعَ سَمٰوٰتٍ طِبَاقًا ۚ مَا تَرٰى فِىْ خَلْقِ
الرَّحْمٰنِ مِنْ تَفٰوُتٍ ۚ فَارْجِعِ الْبَصَرَ ۙ هَلْ تَرٰى مِنْ فُطُوْرٍ ﴿٣﴾ ثُمَّ
ارْجِعِ الْبَصَرَ كَرَّتَيْنِ يَنْقَلِبْ اِلَيْكَ الْبَصَرُ خَاسِئًا وَّهُوَ حَسِيْرٌ ﴿٤﴾ وَلَقَدْ
زَيَّنَّا السَّمَآءَ الدُّنْيَا بِمَصَابِيْحَ وَجَعَلْنٰهَا رُجُوْمًا لِّلشَّيٰطِيْنِ وَ
اَعْتَدْنَا لَهُمْ عَذَابَ السَّعِيْرِ ﴿٥﴾ وَلِلَّذِيْنَ كَفَرُوْا بِرَبِّهِمْ عَذَابُ

جَهَنَّمَ ؕ وَبِئْسَ الْمَصِيْرُ ۝ اِذَآ اُلْقُوْا فِيْهَا سَمِعُوْا لَهَا شَهِيْقًا وَّهِيَ
تَفُوْرُ ۝ تَكَادُ تَمَيَّزُ مِنَ الْغَيْظِ ؕ كُلَّمَآ اُلْقِيَ فِيْهَا فَوْجٌ سَاَلَهُمْ
خَزَنَتُهَآ اَلَمْ يَاْتِكُمْ نَذِيْرٌ ۝ قَالُوْا بَلٰى قَدْ جَآءَنَا نَذِيْرٌ ۙ فَكَذَّبْنَا وَ
قُلْنَا مَا نَزَّلَ اللّٰهُ مِنْ شَيْءٍ ۖ اِنْ اَنْتُمْ اِلَّا فِيْ ضَلٰلٍ كَبِيْرٍ ۝ وَقَالُوْا لَوْ
كُنَّا نَسْمَعُ اَوْ نَعْقِلُ مَا كُنَّا فِيْٓ اَصْحٰبِ السَّعِيْرِ ۝ فَاعْتَرَفُوْا
بِذَنْۢبِهِمْ ۚ فَسُحْقًا لِّاَصْحٰبِ السَّعِيْرِ ۝ اِنَّ الَّذِيْنَ يَخْشَوْنَ رَبَّهُمْ
بِالْغَيْبِ لَهُمْ مَّغْفِرَةٌ وَّاَجْرٌ كَبِيْرٌ ۝ وَاَسِرُّوْا قَوْلَكُمْ اَوِ اجْهَرُوْا بِهٖ ؕ
اِنَّهٗ عَلِيْمٌۢ بِذَاتِ الصُّدُوْرِ ۝ اَلَا يَعْلَمُ مَنْ خَلَقَ ؕ وَهُوَ اللَّطِيْفُ
الْخَبِيْرُ ۝ هُوَ الَّذِيْ جَعَلَ لَكُمُ الْاَرْضَ ذَلُوْلًا فَامْشُوْا فِيْ مَنَاكِبِهَا
وَكُلُوْا مِنْ رِّزْقِهٖ ؕ وَاِلَيْهِ النُّشُوْرُ ۝ ءَاَمِنْتُمْ مَّنْ فِي السَّمَآءِ اَنْ
يَّخْسِفَ بِكُمُ الْاَرْضَ فَاِذَا هِيَ تَمُوْرُ ۝ اَمْ اَمِنْتُمْ مَّنْ فِي السَّمَآءِ اَنْ
يُّرْسِلَ عَلَيْكُمْ حَاصِبًا ؕ فَسَتَعْلَمُوْنَ كَيْفَ نَذِيْرِ ۝ وَلَقَدْ كَذَّبَ
الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ فَكَيْفَ كَانَ نَكِيْرِ ۝ اَوَلَمْ يَرَوْا اِلَى الطَّيْرِ
فَوْقَهُمْ صٰٓفّٰتٍ وَّيَقْبِضْنَ ۛ مَا يُمْسِكُهُنَّ اِلَّا الرَّحْمٰنُ ؕ اِنَّهٗ بِكُلِّ شَيْءٍ
بَصِيْرٌ ۝ اَمَّنْ هٰذَا الَّذِيْ هُوَ جُنْدٌ لَّكُمْ يَنْصُرُكُمْ مِّنْ دُوْنِ الرَّحْمٰنِ ؕ
اِنِ الْكٰفِرُوْنَ اِلَّا فِيْ غُرُوْرٍ ۝ اَمَّنْ هٰذَا الَّذِيْ يَرْزُقُكُمْ اِنْ اَمْسَكَ

رِزْقَهٗ ؕ بَلْ لَّجُّوْا فِيْ عُتُوٍّ وَّنُفُوْرٍ ﴿٢١﴾ اَفَمَنْ يَّمْشِيْ مُكِبًّا عَلٰى وَجْهِهٖۤ
اَهْدٰۤى اَمَّنْ يَّمْشِيْ سَوِيًّا عَلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿٢٢﴾ قُلْ هُوَ الَّذِيْۤ
اَنْشَاَكُمْ وَجَعَلَ لَكُمُ السَّمْعَ وَالْاَبْصَارَ وَالْاَفْـِٕدَةَ ؕ قَلِيْلًا مَّا
تَشْكُرُوْنَ ﴿٢٣﴾ قُلْ هُوَ الَّذِيْ ذَرَاَكُمْ فِي الْاَرْضِ وَاِلَيْهِ تُحْشَرُوْنَ ﴿٢٤﴾
وَيَقُوْلُوْنَ مَتٰى هٰذَا الْوَعْدُ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿٢٥﴾ قُلْ اِنَّمَا الْعِلْمُ
عِنْدَ اللّٰهِ ۖ وَاِنَّمَاۤ اَنَا نَذِيْرٌ مُّبِيْنٌ ﴿٢٦﴾ فَلَمَّا رَاَوْهُ زُلْفَةً سِيْٓـَٔتْ
وُجُوْهُ الَّذِيْنَ كَفَرُوْا وَقِيْلَ هٰذَا الَّذِيْ كُنْتُمْ بِهٖ تَدَّعُوْنَ ﴿٢٧﴾ قُلْ
اَرَءَيْتُمْ اِنْ اَهْلَكَنِيَ اللّٰهُ وَمَنْ مَّعِيَ اَوْ رَحِمَنَا ۙ فَمَنْ يُّجِيْرُ
الْكٰفِرِيْنَ مِنْ عَذَابٍ اَلِيْمٍ ﴿٢٨﴾ قُلْ هُوَ الرَّحْمٰنُ اٰمَنَّا بِهٖ وَعَلَيْهِ تَوَكَّلْنَا ۚ
فَسَتَعْلَمُوْنَ مَنْ هُوَ فِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ﴿٢٩﴾ قُلْ اَرَءَيْتُمْ اِنْ اَصْبَحَ
مَآؤُكُمْ غَوْرًا فَمَنْ يَّاْتِيْكُمْ بِمَآءٍ مَّعِيْنٍ ﴿٣٠﴾ (الملک ٦٧:٢٠-٣٠)

(૨૦) સૂરએ "કદ્ર"ની ફઝીલત

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اِنَّاۤ اَنْزَلْنٰهُ فِيْ لَيْلَةِ الْقَدْرِ ﴿١﴾ وَمَاۤ اَدْرٰىكَ مَا لَيْلَةُ الْقَدْرِ ﴿٢﴾ لَيْلَةُ
الْقَدْرِ ۙ خَيْرٌ مِّنْ اَلْفِ شَهْرٍ ﴿٣﴾ تَنَزَّلُ الْمَلٰٓئِكَةُ وَالرُّوْحُ فِيْهَا بِاِذْنِ
رَبِّهِمْ ۚ مِنْ كُلِّ اَمْرٍ ﴿٤﴾ سَلٰمٌ ۛ هِيَ حَتّٰى مَطْلَعِ الْفَجْرِ ﴿٥﴾ (القدر ٩٧:١-٥)

ફઝીલત : ચાર વખત ''સૂરએ કદ્ર'' પઢવાનો સવાબ એક કુર્આન શરીફ પઢવા બરાબરનો સવાબ મળશે.

(દયલમી, મુસ્નદે અહમદનો હાશિયો, ભાગ–૧, પેજ–૨૮૨)

(૨૧) સૂરએ ''ઈઝા ઝુલઝિલત''ની ફઝીલતો

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اِذَا زُلْزِلَتِ الْاَرْضُ زِلْزَالَهَا ۝١
وَاَخْرَجَتِ الْاَرْضُ اَثْقَالَهَا ۝٢
وَقَالَ الْاِنْسَانُ مَالَهَا ۝٣
يَوْمَئِذٍ تُحَدِّثُ اَخْبَارَهَا ۝٤
بِاَنَّ رَبَّكَ اَوْحٰى لَهَا ۝٥
يَوْمَئِذٍ يَّصْدُرُ النَّاسُ اَشْتَاتًا ۙ لِّيُرَوْا اَعْمَالَهُمْ ۝٦
فَمَنْ يَّعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ خَيْرًا يَّرَهٗ ۝٧
وَمَنْ يَّعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ شَرًّا يَّرَهٗ ۝٨

(الزلزال ૯૯:૧–૮)

(૧) બે વખત સૂરએ ઝિલઝાલ પઢવાનો સવાબ એક કુર્આન શરીફ પઢવા બરાબર છે. (તિરમિઝી શરીફ, ભાગ–૨, પેજ–૧૭)

(૨) હદીસ શરીફમાં છે કે જે કોઈ જુમ્આની રાતે મગરિબની નમાઝ પછી બે રકા'ત (નફિલ) પઢે અને દરેક રકા'તમાં સૂરએ

ફાતિહા એકવાર, સાથે સૂરહ ઈઝા ઝુલ્ઝિલતિલ્ અર્દુ.... ૧૫ વાર પઢતો રહે તો અલ્લાહપાક એને માટે પ્રાણ નીકળવાની ક્રિયા સહેલી કરી દેશે. વળી, કબરના અઝાબથી એને પનાહ દેશે. પુલસિરાત પસાર કરવાનું ય એને માટે આસાન બનશે. (શર્હુસ્સુદૂર)

(૨૨) સૂરએ ''આદિયાત''ની ફઝીલત

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَالْعٰدِيٰتِ ضَبْحًا ۙ﴿۱﴾ فَالْمُوْرِيٰتِ قَدْحًا ۙ﴿۲﴾ فَالْمُغِيْرٰتِ صُبْحًا ۙ﴿۳﴾
فَاَثَرْنَ بِهٖ نَقْعًا ۙ﴿۴﴾ فَوَسَطْنَ بِهٖ جَمْعًا ۙ﴿۵﴾ اِنَّ الْاِنْسَانَ لِرَبِّهٖ
لَكَنُوْدٌ ۚ﴿۶﴾ وَ اِنَّهٗ عَلٰى ذٰلِكَ لَشَهِيْدٌ ۚ﴿۷﴾ وَ اِنَّهٗ لِحُبِّ الْخَيْرِ
لَشَدِيْدٌ ؕ﴿۸﴾ اَفَلَا يَعْلَمُ اِذَا بُعْثِرَ مَا فِي الْقُبُوْرِ ۙ﴿۹﴾ وَحُصِّلَ مَا فِي
الصُّدُوْرِ ۙ﴿۱۰﴾ اِنَّ رَبَّهُمْ بِهِمْ يَوْمَئِذٍ لَّخَبِيْرٌ ﴿۱۱﴾ (العٰدیٰت ۱۰۰:۱-۱۱)

ફઝીલત : (૧) આ સૂરતનં એક વખત પઢવાનો સવાબ છેલ્લા (પાછલા) પંદર પારહ પઢવા બરાબર છે. (તફસીરે ઇતકાન)

(૨) બે વખત સૂરએ ''આદિયાત'' પઢવાથી એક કુર્આન શરીફ પઢવા બરાબરનો સવાબ મળે છે.

(તફસીરે મવાહિબુર્રહમાન, ભાગ–૧, પેજ–૧૩)

(૨૩) સૂરએ ''તકાસુર''ની ફઝીલત

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْهٰىكُمُ التَّكَاثُرُ ۙ﴿۱﴾ حَتّٰى زُرْتُمُ الْمَقَابِرَ ؕ﴿۲﴾ كَلَّا سَوْفَ تَعْلَمُوْنَ ۙ﴿۳﴾

ثُمَّ كَلَّا سَوْفَ تَعْلَمُوْنَ ۝٣ كَلَّا لَوْ تَعْلَمُوْنَ عِلْمَ الْيَقِيْنِ ۝٥ لَتَرَوُنَّ
الْجَحِيْمَ ۝٦ ثُمَّ لَتَرَوُنَّهَا عَيْنَ الْيَقِيْنِ ۝٧ ثُمَّ لَتُسْئَلُنَّ يَوْمَئِذٍ عَنِ
النَّعِيْمِ ۝٨ (التكاثر ١٠٢:١-٨)

ફઝીલત : સૂરઅ ''તકાસુર'' એક વખત પઢવાનો સવાબ એક હજાર (૧,૦૦૦) આયતો પઢવા બરાબર છે. આ સૂરતને કબ્રસ્તાનમાં પઢવી સુન્નત છે. (બયહકી, મિશ્કાત શરીફ, પેજ–૧૯૦)

(૨૪) સૂરએ ''કાફિરૂન''ની ફઝીલતો

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

قُلْ يٰٓاَيُّهَا الْكٰفِرُوْنَ ۝١ لَآ اَعْبُدُ مَا تَعْبُدُوْنَ ۝٢ وَلَآ اَنْتُمْ
عٰبِدُوْنَ مَآ اَعْبُدُ ۝٣ وَلَآ اَنَا عَابِدٌ مَّا عَبَدْتُّمْ ۝٤ وَلَآ اَنْتُمْ
عٰبِدُوْنَ مَآ اَعْبُدُ ۝٥ لَكُمْ دِيْنُكُمْ وَلِيَ دِيْنِ ۝٦ (الكفرون ١٠٨:١-٦)

ફઝીલતો : (૧) સૂરએ ''કાફિરૂન'' એક વખત પઢવાથી ચોથા ભાગનું કુર્આન શરીફ પઢવા બરાબર સવાબ મળે છે.
(તિરમિઝી શરીફ)

(૨) સૂરએ ''કાફિરૂન'' ચાર વખત પઢવાનો સવાબ એક કુર્આન શરીફ પઢવા બરાબર(નો સવાબ મળે) છે.
(તિરમિઝી શરીફ, ભાગ–૨, પેજ–૧૧૭)

(૩) હઝરત નવફલ અરજઈ (રદિ.)એ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને અરજ કરી કે યા રસૂલલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ! મને કોઈ એવી ચીઝ શિખવાડી

દો, જેને હું પથારી ઉપર સૂતી વખતે પઢયા કરું. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું કે ''કુલ યા અય્યુહલ કાફિરૂન'' પઢયા કરો. એમાં શિર્કથી બેઝારી છે. (અબૂ દાવૂદ, તિરમિઝી, નસાઈ)

(૨૫) સૂરએ ''નસ્ર''ની ફઝીલત

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اِذَا جَآءَ نَصْرُ اللّٰهِ وَالْفَتْحُ ۝ وَرَاَيْتَ النَّاسَ يَدْخُلُوْنَ فِيْ دِيْنِ اللّٰهِ اَفْوَاجًا ۝ فَسَبِّحْ بِحَمْدِ رَبِّكَ وَاسْتَغْفِرْهُ ؕ اِنَّهٗ كَانَ تَوَّابًا ۝

(૧) ચાર વખત પઢવાનો સવાબ એક કુર્આન પઢવા બરાબર છે. (તિરમિઝી શરીફ, ભાગ–૨, પેજ–૧૧૭)

(૨૬) સૂરએ ''ઇખ્લાસ''ની ફઝીલતો

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ ۝ اَللّٰهُ الصَّمَدُ ۝ لَمْ يَلِدْ ۙ وَلَمْ يُوْلَدْ ۝ وَلَمْ يَكُنْ لَّهٗ كُفُوًا اَحَدٌ ۝

(الاخلاص ۱۱۲:۱-۴)

● સૂરએ ઇખ્લાસ (કુલ હુવલ્લાહુ અહદ)ની મહાન ફઝીલતો :

(૧) ફજરની નમાઝ પછી પઢવાની ફઝીલત :

હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઇરશાદ ફરમાવ્યો : જે વ્યક્તિએ ફજરની નમાઝ પછી બાર વખત (સૂરએ) ''કુલ્

હુવલ્લાહુ અહદ.....'' પઢી તો જાણે તેણે આખું કુર્આન ચાર વખત પઢયું અને જો તેણે ગુનાહોથી પરહેઝ કર્યો તો તે દિવસે પૃથ્વીના (પટ પર વસતા) સર્વશ્રેષ્ઠ લોકોમાં તેનો શુમાર થશે. (તબરાની કૃત ''મુઅ્જમે સગીર'' : ૧/૬૨, બયહકી કૃત ''શુઅ્બુલ ઈમાન'' : ૨૨૯૮)

(૨) જન્નતમાં બે મહેલ મળશે :

હઝરત ખાલિદ ઈબ્ને ઝૈદ અન્સારી (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ મગરિબ અને ઈશા દરમિયાન વીસ રકાત નમાઝ એવી રીતે પઢે કે દરેક રકા'તમાં અલ્હમ્દુ લિલ્લાહ..... અને (સૂરએ) કુલ હુવલ્લાહુ અહદ..... પઢે તો અલ્લાહ તઆલા તેના માટે જન્નતમાં બેજોડ (અંતર રહિત–પરસ્પર અડોઅડ) અને બેઐબ (ખામીરહિત) બે મહેલ બનાવશે. (જમ્ઉલ જવામિઅ્ : ૧/૭૯૬)

(૩) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ ઈશાની નમાઝ પછી બે રકા'ત પઢે અને દરેક રકા'તમાં (સૂરએ) ''કુલ હુવલ્લાહુ અહદ....'' પંદર વખત પઢે તો અલ્લાહ તઆલા તેના માટે જન્નતમાં બે મહેલ બનાવશે.

(તફસીરે દૂરે મન્થૂર : ૬/૪૧૫)

(૪) કિયામતના દિવસે ફરિશ્તાઓ હસ્તધૂનન (મુસાફહા) કરશે :

હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ મગરિબ પછી બાર રકા'તો એવી રીતે પઢશે કે દરેક રકા'તમાં ચાળીસ વાર (સૂરએ) ''કુલ હુવલ્લાહુ અહદ....'' પઢે તો કિયામતના દિવસે ફરિશ્તાઓ તેની સાથે 'મુસાફહા' (હસ્તમેળાપ) કરશે. (જમ્ઉલ જવામિઅ્ : ૧/૭૯૬)

(૫) ગુનાહોની માફી :

હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે વ્યક્તિ (સૂરએ) ''કુલ હુવલ્લાહુ અહદ....'' (પૂરી સૂરત) પચાસ (૫૦) વખત પઢશે તો અલ્લાહ તઆલા તેના ગુનાહોને માફ ફરમાવી દેશે.'' (સુનને દારમી : ૨/૪૬૧)

(૬) જન્નતમાં પ્રવેશ :

હઝરત જાબિર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ દરરોજ (સૂરએ) ''કુલ હુવલ્લાહુ અહદ.....'' પચાસ (૫૦) વખત પઢશે તો કિયામતના દિવસે તેને અવાજ આપવામાં આવશે : ''હે અલ્લાહની હમ્દ બયાન કરનાર ! પોતાની કબરમાંથી ઊઠ–ઊભો થા અને જન્નતમાં દાખલ થઈ જા.''

(મુઅજમે તબરાની સગીર : ૨/૧૩૦, મજ્મઉઝ્ ઝવાઈદ : ૭/૧૪૬)

(૭) પચાસ વરસના ગુનાહો માફ :

હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ સો વાર (સૂરએ) ''કુલ હુવલ્લાહુ અહદ....'' પઢશે તો અલ્લાહ તઆલા એના પચાસ વર્ષના ગુનાહ માફ ફરમાવી દેશે, આ શરતે કે તે ચાર ગુનાહોથી બચતો રહે : (૧) કતલથી, (૨) ચોરીથી, (૩) ઝિનાથી, (૪) શરાબ પીવાથી.

(બયહકી કૃત ''શુઅબુલ ઈમાન'' : ૨૩૧૮)

(૮) દોઝખ (જહન્નમ)થી છૂટકારો :

હઝરત ફીરૂઝ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસે નમાઝમાં અથવા નમાઝની બહાર સો (૧૦૦) વાર (સૂરએ) ''કુલ

હુવલ્લાહુ અહદ....'' પઢી તો અલ્લાહ તઆલા તેના માટે દોઝખથી બરી (મુક્ત) હોવાનું લખી આપશે.

(તબરાની કૃત મુઅ્જમે કબીર : ૧૮/૩૩૧, મજમઉઝ્ ઝવાઈદ : ૭/૧૪૫)

(૯) જુમ્અહની રાતે પઢવાની ફઝીલત :

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહુ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ જુમ્અહની રાતે (એટલે કે જુમે'રાને સૂરજ ડૂબવા પછી) સો (૧૦૦) વાર (સૂરએ) ''કુલ હુવલ્લાહુ અહદ....'' પઢશે તો તેણે એ જુમ્અહનો એવો હક્ક અદા કરી દીધો, જેમ કે અર્શને ઉઠાવનાર ફરિશ્તાઓએ અર્શે ઈલાહીને ઉઠાવવાનો હક અદા કર્યો.

(અબૂ નુઐમ ફી ફઝાઈલિહા)

(૧૦) સો મહેલ તા'મીર થશે, ઉપરાંત.... :

હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસે વુઝૂ સાથે સો (૧૦૦) વાર (સૂરએ) ''કુલ હુવલ્લાહુ અહદ....'' પઢી, એવી રીતે કે સૂરએ ફાતિહાથી શરૂઆત કરી તો અલ્લાહ તઆલા તેના માટે દરેક હર્ફ (અક્ષર)ના બદલામાં દસ નેકીઓ લખશે અને તેના દસ દરજાત બુલંદ ફરમાવશે અને તેના માટે જન્નતમાં સો (૧૦૦) મહેલ તા'મીર ફરમાવશે.

(બયહકી કૃત ''શુઅ્બુલ ઈમાન'', હદીષ નંબર : ૨૩૧૮)

(૧૧) જન્નત નસીબ થશે :

હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસે પોતાના બિસ્તર પર સૂવા માટે ઈરાદો કર્યો. પછી સો (૧૦૦) વાર (સૂરએ) ''કુલ હુવલ્લાહુ અહદ....'' પઢી તો અલ્લાહ તઆલા કિયામતના દિવસે તેને ફરમાવશે : હે મારા બંદા ! પોતાની

જમણી તરફ આવેલી જન્નતમાં દાખલ થઈ જા.

(તિરમિઝી, હદીષ નંબર : ૨૮૯૮, બયહકી, હદીષ નંબર : ૨૩૧૭)

(૧૨) અરફહના દિવસે પઢવાની ફઝીલત :

હઝરત જાબિર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે મુસલમાન અરફાતના મેદાનમાં ઝવાલ પછી વુકૂફ (રોકાણ) કરે અને પછી કિબ્લારુખ થઈને "લા ઈલા–હ ઈલ્લલ્લાહુ વહ્દહૂ, લા શરી–ક લહૂ, લહુલ્ મુલ્કુ વ લહુલ્ હમ્દુ, વ હુ–વ અલા કુલ્લિ શયઈન કદીર" સો (૧૦૦) વાર પઢે. પછી સો (૧૦૦) વાર (સૂરએ) "કુલ હુવલ્લાહુ અહદ....." પઢે. પછી સો (૧૦૦) વાર "અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિંવ્ વ અલા આલિ મુહમ્મદિન્ કમા સલ્લયૂત અલા ઈબ્રાહી–મ વ અલા આલિ ઈબ્રાહી–મ, ઈન્ન–ક હમીદુમ્ મજીદ. વ અલયૂના મ–અહુમ" પઢે તો અલ્લાહ તઆલા પોતાના ફરિશ્તાઓને ફરમાવે છે : હે મારા ફરિશ્તાઓ ! મારા આ બંદાનો શું બદલો છે, જેણે મારી પાકી (પવિત્રતા) બયાન કરી અને લા ઈલા–હ ઈલ્લલ્લાહ કહ્યું અને મારી મોટપ બયાન કરી અને મારી મહાનતા બયાન કરી અને મને ઓળખ્યો અને મારી તારીફ બયાન કરી અને મારા નબી પર દુરૂદ મોકલ્યું ? હે મારા ફરિશ્તાઓ ! તમે ગવાહ રહો કે મેં એની બખશિશ કરી દીધી અને તેની સ્વજાત માટેની સિફારિશ કબૂલ કરી અને જો મારો આ બંદો તમામ અરફાતવાળાઓ માટે દુઆ કરત (અને) સિફારિશ કરત તો એ (સિફારિશ) પણ હું અવશ્ય કબૂલ કરી લેત. (બયહકી કૃત શુઅ્બુલ ઈમાન : હદીષ નંબર : ૩૭૮૦)

(૧૩) પચાસ સિદ્દીકીનના અમલ બરાબર સવાબ મળશે :

હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસે

ફજરની નમાઝ પછી કોઈની સાથે વાત કર્યા વગર સો (૧૦૦) વાર (સૂરએ) "કુલ્ હુવલ્લાહુ અહદ...." પઢી તો એ દિવસે તેના માટે પચાસ સિદ્દીકીનના અમલ બરાબર સવાબ લખવામાં આવશે. (ફિરદૌસે દયલમી, દૂર્રે મન્થૂર : ૬/૪૪)

(૧૪) જુમ્અહના દિવસે પઢવાની ફઝીલત :

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)થી મરફૂઅન્ રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ જુમ્અહના દિવસે મસ્જિદમાં આવીને ચાર રકા'ત નમાઝ એવી રીતે પઢે કે દરેક રકા'તમાં સૂરએ ફાતિહા પછી પચાસ વખત (સૂરએ) "કુલ હુવલ્લાહુ અહદ...." પઢે, તો આ પ્રમાણે કુલ બસો વાર થઈ જશે, તો એ માણસને ત્યાં સુધી મૌત આવશે નહિ, જ્યાં સુધી કે તે જન્નતમાં પોતાની મંઝિલ (ઠેકાણું) નિહાળી ન લે અથવા જ્યાં સુધી કે તેને એની મંઝિલ દેખાડવામાં ન આવે. (તફસીરે કુર્તુબી : ૮/૮૩૩૯)

(૧૫) એક હજાર વખત પઢવાની ફઝીલત :

હઝરત હુઝયફહ ઈબ્ને યમાન (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસે એક હજાર વાર (સૂરએ) "કુલ હુવલ્લાહુ અહદ...." પઢી તો જાણે તેણે પોતાના નફ્સને અલ્લાહ તઆલાથી ખરીદી લીધો. (સુયૂતી કૃત "જમ્ઉલ્ જવામિઅ્")

(૧૬) અરફહના દિવસે પઢવાની ફઝીલત :

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસે યૌમે અરફહની સાંજે એક હજાર વાર (સૂરએ) "કુલ હુવલ્લાહુ અહદ...." પઢી તો અલ્લાહ તઆલા તેની દરેક દુઆ કબૂલ ફરમાવશે. (અલ્લામહ સુયૂતી રહ. કૃત "જમ્ઉલ્ જવામિઅ્" : ૧/૮૨૨)

(૧૭) વિવિધ ફઝીલતો :

હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ (સૂરએ) "કુલ હુવલ્લાહુ અહદ...." એક વાર પઢશે તો તેના પર બરકત નાઝિલ થશે અને જે વ્યક્તિએ એને બે વાર પઢી તો તેના પર તથા તેના પરિવારજનો પર બરકત નાઝિલ થશે અને જો કોઈ વ્યક્તિ એને ત્રણ વાર પઢશે તો તેના પર, તેના પરિવારજનો પર અને તેના પાડોશીઓ પર પણ બરકત નાઝિલ થશે, અને જો કોઈ માણસ એને બાર (૧૨) વખત પઢશે તો અલ્લાહ તઆલા તેના માટે જન્નતમાં મહેલ બનાવે છે અને ફરિશ્તાઓ પરસ્પર એક બીજાને કહે છે : ચાલો, પોતાના ભાઈનો મહેલ જોવા જઈએ, અને જો કોઈ માણસ સો વાર આ સૂરહ પઢશે તો કતલ અને ચોરી સિવાયના એના પચ્ચીસ (૨૫) વર્ષના ગુનાહ માફ કરી દેવામાં આવશે અને જો કોઈ વ્યક્તિ એને ત્રણ સો (૩૦૦) વાર પઢશે તો અલ્લાહ તઆલા તેના માટે એવા ચાર સો (૪૦૦) શહીદોનો સવાબ લખશે, જેમના ઘોડાઓની ટાંગો કાપી નાખવામાં આવી હોય અને તેમને હલાક કરી નાખવામાં આવ્યા હોય અને જો કોઈ વ્યક્તિ એને હજાર (૧,૦૦૦) વખત પઢશે, તો એને ત્યાં સુધી મૌત આવશે નહિ, જ્યાં સુધી કે તે જન્નતમાં પોતાનું મકાન નિહાળી ન લે અથવા તેને એ (મકાન) બતાવી દેવામાં ન આવે.

(જમ્ઉલ જવામિઅ્ : ૧/૮૨૧, કુર્તુબી : ૮/૮૩૪૦)

(૧૮) અલ્લાહ સાથે વિશેષ નિસ્બત ધરાવતી સૂરહ :

હઝરત આમિર ઇબ્ને અબ્દે કૈસ (રદિ.) ફરમાવે છે કે, જે માણસ (સૂરએ) "કુલ હુવલ્લાહુ અહદ...." પઢે તો પછી આ સૂરહને મુસ્તકિલ રાખવાના હેતુસર એની સાથે કુર્આનમાંથી બીજું કાંઈ ન પઢે (એટલે કે સૂરએ ઇખ્લાસની તિલાવતને કાફી સમજે), કારણ કે આ સૂરહ આરંભથી અંત સુધી અલ્લાહ તઆલા

તરફ જ મન્સૂબ છે. (ઇબ્ને માજહ : ફી ફઝાઇલિલ્ કુર્આન : ૨૬૦)

(૧૯) રાત્રે સૂતી વખતે ત્રીસ (૩૦) વખત પઢવાથી જન્નતમાં એક હજાર (૧,૦૦૦) મહેલ તૈયાર થશે :

હઝરત ઉસ્માન (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : જે માણસ સૂતી વખતે ત્રીસ (૩૦) વખત (સૂરએ) ''કુલ હુવલ્લાહુ અહદ....'' (સંપૂર્ણ સૂરત) પઢશે, તો અલ્લાહ તઆલા તેના માટે જન્નતમાં એક હજાર (૧,૦૦૦) મહેલ બનાવશે અને જે વ્યક્તિ આ સૂરત બસો (૨૦૦) વખત પઢશે તો અલ્લાહ તઆલા તેને એવો દરજ્જો અતા ફરમાવશે, જેના પર તે રાજી થઈ જશે અને જે ઘરમાં (સૂરએ) ''કુલ હુવલ્લાહુ અહદ....'' પઢવામાં આવશે તો એ ઘરવાળાઓની સાથોસાથ તેના પાડોશીઓને પણ ફાયદો થશે.

(રવાહુ અબ્દુલ મજીદ ફી અમાલીહ્)

(૨૦) જન્નતમાં બે (૨) મહેલ મળશે :

હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : જે માણસ ઇશાની નમાઝ પછી બે (૨) રકા'ત પઢે અને દરેક રકા'તમાં (સૂરએ) ''કુલ હુવલ્લાહુ અહદ....'' પંદર (૧૫) વખત પઢે તો અલ્લાહ તઆલા તેના માટે જન્નતમાં બે (૨) મહેલ બનાવશે. (તફસીરે દૂર્રે મન્થૂર : ૬/૪૧૫)

(૨૧) ઘરમાં દાખલ થતી વખતે પઢવાની ફઝીલત :

હઝરત જરીર ઇબ્ને અબ્દુલ્લાહ બજલી (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : જે વ્યક્તિ ઘરમાં દાખલ થતી વખતે (સૂરએ) ''કુલ હુવલ્લાહુ અહદ....'' પઢશે તો એ ઘર અને એના પાડોશીઓથી ફક્ (નાદારી) દૂર કરી દેવામાં આવશે. (મુઅ્જમે કબીર તબરાની : ૨/૩૪૦)

(૨૨) હઝરત અબૂ હુરયરહ (રદિ.) બયાન કરે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ એક માણસને "કુલ હુવલ્લાહુ અહદ...." પઢતાં સાંભળી તો ફરમાવ્યું :

"એના પર વાજિબ થઈ ગઈ." કોઈએ પૂછયું, "શું વાજિબ થઈ ગઈ ?" તો જવાબમાં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, "જન્નત વાજિબ થઈ ગઈ."

(મુઅત્તા ઇમામ માલિક)

(૨૩) હઝરત અબૂ હુરયરહ (રદિ.) બયાન કરે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ એકવાર ફરમાવ્યું, "લોકો ! એકઠા થઈ જાવ, હું તમારી પાસે કુર્આનનો ત્રીજો ભાગ તિલાવત કરીશ." જ્યારે લોકો ભેગા થઈ ગયા તો તેમણે સૂરએ "કુલ હુવલ્લાહુ અહદ...." પઢીને સંભળાવી અને ફરમાવ્યું કે એ કુર્આનનો ત્રીજો ભાગ છે. (મુસ્લિમ શરીફ)

(૨૪) હઝરત અબુ દરદાઅ્ (રદિ.) બયાન કરે છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું; "અલ્લાહ તઆલાએ કુર્આનના ત્રણ ભાગ કર્યા. એક ભાગ તેમાંથી "કુલ હુવલ્લાહુ અહદ...." છે. (મુસ્લિમ શરીફ)

(૨૫) હઝરત અબૂ ઐયૂબ (રદિ.) જનાબ રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત કરે છે કે જેણે "કુલ હુવલ્લાહુ અહદ...." પઢી તેણે કુર્આનનો ત્રીજો ભાગ પઢયો. (મુસ્લિમ શરીફ)

(૨૬) હઝરત આઈશા (રદિ.) ફરમાવે છે કે એક સહાબી (રદિ.) નમાઝની દરેક રકાતમાં "કુલ હુવલ્લાહુ અહદ...." પઢયા કરતા હતા. તેમને પૂછયું તો તેમણે કહ્યું, "હું એ સૂરતને ચાહું છું." ફરમાવ્યું, "અલ્લાહ તઆલા પણ તમને ચાહે છે."

(બુખારી, મુસ્લિમ શરીફ)

(૨૭) હઝરત આઈશા (રદિ.) જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત કરે છે કે તેમણે ફરમાવ્યું, ''કુલ હુવલ્લાહુ અહદ....''ની મુહબ્બત તમને જન્નતમાં દાખલ કરશે. (તિરમિઝી શરીફ)

(૨૮) હઝરત અનસ (રદિ.) ફરમાવે છે કે જનાબ રહમતે આલમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, '' જેણે બસો (૨૦૦) વાર ''કુલ હુવલ્લાહુ અહદ....'' પઢવાનો વઝીફો કરી લીધો તો તેના પચાસ (૫૦) વર્ષના ગુનાહો માફ થઈ ગયા, પણ કર્ઝ નહિ. (તિરમિઝી શરીફ)

એક રિવાયતમાં સો (૧૦૦) વાર અને એક રિવાયતમાં પચાસ (૫૦) વારનો પણ સવાબ લખાયો છે.

(૨૯) એ મુબારક સૂરહ એવી છે કે એને એક વખત પઢવાથી આખા કુર્આનના પોણા (૧/૩) ભાગ પઢવા બરાબર સવાબ છે અને ત્રણ (૩) વખત પઢવાથી આખું કુર્આન પઢવા બરાબર સવાબ મળે છે અને દસ (૧૦) વખત પઢવાથી એક મહેલ જન્નતમાં તૈયાર થાય છે. એને હંમેશા પઢનાર ઈમાન ઉપર મરે છે. ટૂંકમાં એનો સવાબ બેહદ છે. (ફત્હુલ બારી : ૫૦૧૩, બુખારી શરીફ : ૨/૭૫૦, હદીસ : ૪૮૨૨, કન્ઝુલ ઉમ્માલ : ૧/૨૯૮, હદીસ નં. ૨૭૨૭–૨૭૨૮)

(૩૦) હઝરત અબૂ ઉમામહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) તબૂકમાં હતા કે જિબ્રઈલ (અલૈ.) આવ્યા. એમની સાથે સિત્તેર હજાર (૭૦,૦૦૦) ફરિશ્તાઓ પણ હતા. હઝરત જિબ્રઈલ (અલૈ.) બોલ્યા, ''મુઆવિયહ બિન મુઆવિયહ''ના જનાઝા પર હાજર થાઓ. જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ બહાર નીકળ્યા. જિબ્રઈલ (અલૈ.)એ પોતાની પાંખ પહાડ પર રાખીને તેઓ ઝૂકી ગયા. જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ મદીના જોયું ને ફરિશ્તાઓની સાથે મુઆવિયહ

(રદિ.)ના જનાઝાની નમાઝ પઢી. ફરી પૂછયું હે જિબ્રઈલ (અલૈ.) ! મુઆવિયહ એ મરતબો કઈ રીતે પહોંચ્યા ?

જિબ્રઈલ (અલૈ.)એ ફરમાવ્યું ''કુલ હુવલ્લાહુ અહદ....''ને ઊભા કે બેસીને, સવારી પર કે પગપાળા દરેક હાલતમાં પઢવાથી. (મુસ્નદે અબી યઅ્લા : ૪૨૬૭, બયહકી કૃત શુઅ્બુલ ઈમાન : ૨૩૨૦/૨૩૨૧, ઈસ્તિઆબ અલા હામિશિલ ઈસાબહ : ૩/૪૩૬)

(૩૧) જો કોઈ ઘરમાં જતી વેળા એ સૂરત પઢશે તો તંગી દૂર થઈ રોઝી બહોળી થશે, ઈન્શા અલ્લાહ. (મુઅ્જમે કબીર તબરાની : ૨/૩૪૦)

(૩૨) જે માણસ મૌતની બીમારીમાં સૂરએ ઈખ્લાસ (કુલ હુવલ્લાહુ અહદ...) પઢશે તો કબ્રના હિસાબથી બચી જશે. ફરિશ્તાઓ એને પોતાની પાંખો ઉપર ઉઠાવી પુલસિરાત પાર કરાવી દેશે ને તે જન્નતમાં જઈ પહોંચશે.

(ઈમામ જલાલુદ્દીન સુયૂતી રહ.ની કિતાબ નુરુસ્સુદૂર ફી શર્હિલ કુબૂર)

(૩૩) સૂરએ ઈખ્લાસ (કુલ હુવલ્લાહુ અહદ....) સવાર-સાંજ પઢવાથી શક-વહેમ અને યકીન બગડવાથી સલામત રહેશે.

(વઝાઈફે અશરફિયહ)

(૩૪) હઝરત અલી (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, ''જે માણસ કબ્રસ્તાને જઈ ૧૧ વખત સૂરએ ઈખ્લાસ (કુલ હુવલ્લાહુ અહદ....) પઢીને તેનો સવાબ મુડદાઓને બખ્શી આપે તો તેને તે મુડદાઓની સંખ્યા બરાબર સવાબ મળશે. (સુનને દારે કુતની)

(૩૫) ત્રણ વખત સૂરએ ઈખ્લાસ (કુલ હુવલ્લાહુ શરીફ) પઢવાનો સવાબ એક કુર્આન શરીફ પઢવા બરાબર મળે છે.

(બુખારી શરીફ ભાગ-૨, પેજ-૭૫૦, મુસ્લિમ શરીફ ભાગ-૧, પેજ-૨૭૧)

(૩૬) જન્નતમાં સોનાના એક હજાર (૧૦૦૦) મહેલ મળશે, ઉપરાંત....

હદીષ : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિયલ્લાહુ

અન્હુમા)થી મવકૂફ રિવાયત છે કે, જે માણસ બે રકા'ત નમાઝ પઢે અને એ બન્ને રકા'તમાં **'કુલ હુવલ્લાહુ અહદ'**ને ત્રીસ વાર પઢે, તો અલ્લાહ તઆલા તેના માટે જન્નતમાં સોનાના એક હજાર મહેલ બનાવશે અને જે વ્યક્તિ આ સૂરતને નમાઝ બહાર–નમાઝ સિવાય ત્રીસ વાર પઢશે, તો અલ્લાહ તઆલા એના માટે જન્નતમાં સો (૧૦૦) મહેલ બનાવશે અને જે માણસ પોતાના ઘરવાળાઓ પાસે દાખલ થાય ત્યારે જો આ સૂરતને પઢી લે, તો એના પરિવારજનો અને પાડોશીઓને આ સૂરત દ્વારા ખૈર તથા લાભ પહોંચશે.

(બયહકી : ૨/૫૧૦, સંદર્ભ : આપકી મુશ્કિલાતકા હલ કુર્આની સૂરતોંસે : ૧૨૨)

(૩૭) પાંચ સો (૫૦૦) વર્ષની ઈબાદત જેટલો સવાબ :

أَخْرَجَ اِبْنُ الضَّرِيْسِ عَنِ الْحَسَنِ قَالَ ''مَنْ قَرَأَ ''قُلْ هُوَاللّٰهُ أَحَدٌ'' مِائَتَىْ مَرَّةٍ كَانَ لَهٗ مِنَ الْاَجْرِ عِبَادَةُ خَمْسِ مِائَةِ سَنَةٍ''

અર્થ : હઝરત હસન બસરી (રહ.) થી રિવાયત છે કે, જો કોઈ માણસ બસો (૨૦૦) વાર **'કુલ હુવલ્લાહુ અહદ....'** પઢશે તો એને પાંચ સો (૫૦૦) વર્ષની ઈબાદતના બરાબર સવાબ મળશે. (ઇબ્નુદ્ દરીસ યા ઇબ્ને ઝરીસ, ફઝાઇલુસ્સુવર : ૧૨૦)

(૩૮) મોત સિવાય બીજી કોઈપણ વસ્તુ જન્નતમાં દાખલ.....

હુઝૂરે અકરમ (સલ.)એ ફરમાવ્યું : ''જે કોઈ વ્યક્તિ ફર્ઝ નમાઝ પછી કુલ હુ–વલ્લાહુ અ–હદ પઢશે તો તેને મોત સિવાય બીજી કોઈ પણ વસ્તુ જન્નતમાં દાખલ થવામાંથી અટકાવી નહિ શકે.'' (જમ્ઉલ ફવાઇદ)

(૨૭) ૧-સૂરઅે ''ફલક''

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

قُلْ اَعُوْذُ بِرَبِّ الْفَلَقِ ۙ﴿۱﴾ مِنْ شَرِّ مَا خَلَقَ ۙ﴿۲﴾ وَمِنْ شَرِّ غَاسِقٍ
اِذَا وَقَبَ ۙ﴿۳﴾ وَمِنْ شَرِّ النَّفّٰثٰتِ فِي الْعُقَدِ ۙ﴿۴﴾ وَمِنْ شَرِّ حَاسِدٍ اِذَا
حَسَدَ ۧ﴿۵﴾ (الفلق ۱۱۳:۵)

૨-સૂરઅે ''નાસ''

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

قُلْ اَعُوْذُ بِرَبِّ النَّاسِ ۙ﴿۱﴾ مَلِكِ النَّاسِ ۙ﴿۲﴾ اِلٰهِ النَّاسِ ۙ﴿۳﴾ مِنْ شَرِّ
الْوَسْوَاسِ ۙ الْخَنَّاسِ ۙ﴿۴﴾ الَّذِيْ يُوَسْوِسُ فِيْ صُدُوْرِ النَّاسِ ۙ﴿۵﴾
مِنَ الْجِنَّةِ وَالنَّاسِ ۧ﴿۶﴾ (الناس ۱۱۴:۶)

''કુલ અઊઝુ બિરબ્બિલ ફલક'' અને ''કુલ અઊઝુ બિરબ્બિન્નાસ''ની ફઝીલતો :

(૧) હઝરત ઉકબહ ઈબ્ને આમિર (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે,

''શું હું તમને એવી બે સૂરતો શીખવું કે જે ઉત્તમ છે ?'' ફરી તેમણે ''કુલ અઊઝુ બિરબ્બિન્નાસ'' તેમને શિખવાડી ફરમાવ્યું કે,

''આજ સુધી કોઈએ એના જેવા શબ્દો સાથે પનાહ લીધી નથી.'' (અબૂ દાવૂદ શરીફ)

(૨) હઝરત ઉકબહ ઈબ્ને આમિર (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે,

''જો તમારાથી બને તો એ સૂરતોને કોઈ નમાઝમાં છોડી ન દેશો.'' (ઈબ્ને હિબ્બાન)

(૩) આ બંને મુબારક સૂરતોને અસરની નમાઝ પઢવા પછી તેર (૧૩) વખત પઢવાથી કિયામતનો ખૌફ દિલમાં પેદા કરે છે. (વઝાઈફે અશરફિય્યહ)

ઉમ્મીદ છે કે દરેક મુસલમાન ભાઈ–બહેન દરરોજ તિલાવતે કુર્આને પાકને પઢવાનો મા'મૂલ (આદત) બનાવ્યા પછી સૂરતોના આ સંગ્રહને પણ પઢશે અને પોતાની આખિરત બનાવશે (ઈન્શાઅલ્લાહ).

–ફક્ત અલ્લાહ પાક વધુ જાણનાર છે.

(૨૮) દસ સૂરતો દસ વસ્તુઓથી બચાવે છે

★ સૂરએ ફાતિહા (અલ્હમ્દુ શરીફ) અલ્લાહના ગઝબથી બચાવે છે.

★ સૂરએ યાસીન શરીફ કિયામતના દિવસે તરસ્યા રહેવાથી બચાવશે.

★ સૂરએ દુખાન કિયામતની ભયંકરતાથી બચાવે છે.

★ સૂરએ વાકિઅહ ફક્ર અને ફાકાથી બચાવે છે.

★ સૂરએ મુલ્ક કબરના અઝાબથી બચાવે છે.
★ સૂરએ કૌષર દુશ્મનોની દુશ્મનીથી બચાવે છે.
★ સૂરએ કાફિરૂન મૌત વખતે કુફ્રથી બચાવે છે.
★ સૂરએ ઈખ્લાસ (કુલ હુવલ્લાહ) મુનાફકતથી બચાવે છે.
★ સૂરએ ફલક ઈર્ષાળુઓની ઈર્ષાથી બચાવે છે.
★ સૂરએ નાસ વસવસાઓથી બચાવે છે.

(રૂહુલ મઆની)

(૨૯) દસ આયતો રાતે પઢવાની ફઝીલત

ફઝીલત : હઝરત અબૂ હુરયરહ (રદિ.) બયાન કરે છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જે માણસ કુર્આન શરીફની દસ (૧૦) આયતોની તિલાવત રાતના કરશે તો તેનું નામ ગાફિલીનમાં લખાશે નહિ.

(હાકિમ, ફઝાઈલે કુર્આન, ફઝાઈલે આ'માલ)

ખુલાસો :– મારા ભાઈઓ ! દસ (૧૦) આયતોની તિલાવતમાં ફક્ત થોડીક જ મિનિટો લાગે છે. તમામ રાતની ગફલતથી નીકળી જાય છે. આનાથી વધીને બીજી શું ફઝીલત હોઈ શકે !

(૩૦) સો આયતો રાતે પઢવાની ફઝીલત

ફઝીલત : હઝરત અબૂ હુરયરહ (રદિ.) જનાબ

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત કરે છે કે, ''જે માણસ ફર્ઝ નમાઝોની સંભાળ રાખે છે ને તેમને વખત ઉપર પઢે છે તો તે માણસ ગાફિલોમાં લેખાશે નહિ. જેણે એક રાતમાં એક સો (૧૦૦) આયતોની તિલાવત કરી તે 'કાનિતીન'માં લખાશે. એટલે કે ઇબાદત કરનારાઓમાં તેનું નામ દાખલ કરવામાં આવશે.''

(અબૂ ખુઝયમહ–હાકિમ–ફઝાઈલે આ'માલ)

ખુલાસો :– કેટલો ખૂશનસીબ છે તે માણસ, જેનું નામ ઇબાદત કરનારાઓની લિસ્ટમાં લખવામાં આવે. અલ્લાહ તઆલા આપણને બધાંને જ તેના પર સંપૂર્ણ અમલ કરવાની તૌફીક નસીબ ફરમાવે, આમીન.

● ફજરની નમાઝ પછી પઢવાની ફઝીલત :

ફઝીલત :– (૧) અમ્ર ઇબ્ને મયમૂન (રહ.)એ ''શર્હે ઇહ્યા''માં નકલ કર્યું છે કે જે માણસ સવારની નમાઝ (ફજરની નમાઝ) પઢીને કુર્આન શરીફ ખોલે અને તેમાંથી એક સો (૧૦૦) આયતો જેટલું પઢે તો તે માણસ માટે તમામ અહલે દુન્યા (તમામ દુનિયાવાળાઓ) જેટલો સવાબ લખવામાં આવશે.

(ફઝાઈલે કુર્આન, ફઝાઈલે આ'માલ)

(૨) નેકીઓ જ નેકીઓ : ફજરની નમાઝ પછી કુર્આન શરીફમાં જોઈને સો (૧૦૦) આયતો પઢનારને અલ્લાહ તઆલા આકાશના તારલાઓથી માંડીને રેતીની રજકણો સુધી કુલ મખ્લૂકની સંખ્યા જેટલી નેકીઓ અર્પણ કરશે.

(આખિરતનું ભાથું, દારુલ ઉલૂમ પ્રકાશન નં. ૫૪)

(૩૧) દુઆએ ખત્મુલ કુર્આન

اَللّٰهُمَّ اٰنِسْ وَحْشَتِیْ فِیْ قَبْرِیْ ط اَللّٰهُمَّ ارْحَمْنِیْ بِالْقُرْاٰنِ الْعَظِیْمِ ط وَاجْعَلْهُ لِیْٓ اِمَامًا وَّنُوْرًا وَّهُدًی وَّرَحْمَةً ط اَللّٰهُمَّ ذَكِّرْنِیْ مِنْهُ مَا نَسِیْتُ ط وَعَلِّمْنِیْ مِنْهُ مَا جَهِلْتُ ط وَارْزُقْنِیْ تِلَاوَتَهٗٓ اٰنَآءَ اللَّیْلِ وَاٰنَآءَ النَّهَارِ ط وَاجْعَلْهُ لِیْ حُجَّةً یَّارَبَّ الْعٰلَمِیْنَ ○

[**અર્થ** : હે અલ્લાહ ! મારી કબરમાં મારી વ્યાકુળતાને દૂર કર. હે અલ્લાહ ! આ ગૌરવશાળી કુર્આનના વસીલાથી મારા પર રહમ કર અને કુર્આનને મારા માટે માર્ગદર્શક, નૂર, હિદાયત અને રહમત બનાવ. હે અલ્લાહ ! કુર્આન માંહે જે કંઈ હું વિસરી ગયો હોઉં તે મને યાદ અપાવ અને જેનાથી હું અજાણ છું તેનાથી સુજાણ કર તેમ જ રાત્રી–દિવસના સઘળા વખતોમાં મને એની તિલાવત નસીબ કર. વળી, કિયામતના દિવસે એને મારા માટે દલીલ બનાવ. હે જગતના પાલનહાર ! મારી આ દુઆ કબૂલ ફરમાવ.]

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ
اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِیْنَ ○

લા ઈલા-હ ઈલલ્લાહુ
મુહમ્મદુર્રસૂલુલ્લાહ
(સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)

પ્રકરણ-૨

બેહિસાબ સવાબ અને ફઝીલતવાળા કલિમાત અને ખાસ-ખાસ ઝિક્રોની મહાન ફઝીલત

اَلَمْ يَاْنِ لِلَّذِيْنَ اٰمَنُوْٓا اَنْ تَخْشَعَ قُلُوْبُهُمْ لِذِكْرِ اللّٰهِ (الحدید ۵۷:۱۶)

અર્થ : શું ઈમાનવાળાઓ માટે એનો સમય નથી આવ્યો કે તેમનાં દિલો અલ્લાહના ઝિક્ર માટે ઝુકી (નમી) જાય.

اَلَا بِذِكْرِ اللّٰهِ تَطْمَئِنُّ الْقُلُوْبُ ﴿۲۸﴾ (الرعد ۱۳:۲۸)

અર્થ : ખૂબ જાણી લો કે અલ્લાહ તઆલાના ઝિક્ર (માં એવી ખુસૂસિય્યત છે કે તેનાથી) દિલોને સુકૂન મળી જાય છે. (અલ કુર્આન)

●●●

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ

اَسْتَغْفِرُ اللّٰهَ الْعَظِيْمَ وَاَتُوْبُ اِلَيْهِ



★ બિસ્મિહી તઆલા ★

પ્રકરણ-૨

બેહિસાબ સવાબ અને ફઝીલતવાળા કલિમાત (બુનિયાદ)

(૧) કલિમ-એ-તય્યિબહ
[પહેલો કલિમહ પાકીનો]

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ ط

લા ઈલા-હ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ.

[**અર્થ** : અલ્લાહ તઆલાના સિવાય કોઈ પણ ઈબાદત કરવાને લાયક નથી અને હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અલ્લાહના રસૂલ છે.]

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ

લા ઈલા-હ ઈલ્લલ્લાહ

ફઝીલતો :

(૧) હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે કે જે માણસ દરરોજ એક સો (૧૦૦) વખત ''લા ઈલા–હ ઈલ્લલ્લાહ'' પઢશે તો અલ્લાહ તઆલા કિયામતના દિવસે તેને એવી હાલતમાં ઉઠાવશે કે તેનો ચહેરો રોશન, ચમકદાર અને ખૂબસૂરત હશે, જાણે ચૌદમી રાતનો ચાંદ. જે માણસ આ મુબારક કલિમહને દિવસે સો (૧૦૦) વખત પઢશે તો તે દિવસે તેનાથી અફઝલ (અને સારા) અમલવાળો તે જ માણસ હશે, જે એના કરતાં વધારે વખત આ મુબારક કલિમહને પઢયો હશે.

(ફઝાઈલે આ'માલ)

(૨) જે માણસ આ મુબારક કલિમહને દિવસે યા રાતે એક વખત પણ પઢશે તો અલ્લાહ તઆલા તેના તે દિવસના ગુનાહોને માફ ફરમાવી દેશે તથા તે ગુનાહોને અલ્લાહ તઆલા નેકીઓમાં બદલી નાખશે. (ફઝાઈલે આ'માલ)

(૩) નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નો ઈર્શાદ છે કે કલિમએ તય્યિબહ અફઝલ ઝિક્ર છે. (તિરમિઝી)

(૪) જ્યારે કોઈ બંદો ''લા ઈલા–હ ઈલ્લલ્લાહ'' કહે છે તો તેના માટે જન્નતનાં દરવાજા ઊઘડી જાય છે અને એ કલિમો સીધો અર્શે ઈલાહી સુધી પહોંચી જાય છે; પરંતુ શર્ત એ છે કે એ કલિમહનો પઢનાર કબીરા (મોટા) ગુનાહોથી બચતો રહે.

(તિરમિઝી શરીફ)

(૫) ''લા ઈલા–હ ઈલ્લલ્લાહ'' સઘળી ઝબાની નેકીઓમાં અફઝલ છે. (અહમદ)

(૬) ''લા ઈલા–હ ઈલ્લલ્લાહ'' વડે પોતાના ઈમાનને તાજું કરતા રહો. સાતેય આસમાન અને જમીન પણ આ કલિમહના વજનનાં મુકાબલામાં હલકાં છે. (નસાઈ)

(૭) ''લા ઇલા–હ ઇલ્લલ્લાહ''થી વધીને બીજો કોઈ અમલ નથી અને આ કલિમહ કોઈ ગુનાહને બાકી છોડતો નથી.

(ઇબ્ને માજહ)

(૮) જેનું અંતિમ વાકય ''લા ઇલા–હ ઇલ્લલ્લાહ'' હશે તે જન્નતમાં દાખલ થશે. (અબૂ દાવૂદ શરીફ)

(૯) ''લા ઇલા–હ ઇલ્લલ્લાહ''નો ઈકૃરાર કરવું જન્નતની ચાવીઓ છે. (ફઝાઈલે આ'માલ)

(૧૦) અર્શે ઈલાહીની સામે નૂરનો એક સુતૂન (થાંભલો) છે. જયારે કોઈ માણસ ''લા ઇલા–હ ઇલ્લલ્લાહ'' કહે છે ત્યારે તે સુતૂન (થાંભલો) હાલવા લાગે છે. અલ્લાહ પાકનો ઈર્શાદ થાય છે કે થોભી જા. થાંભલો (સુતૂન) અર્ઝ કરે છે કે કેમ કેમ થોભું ? હાલાં કે કલિમ–એ–તય્યિબહ પઢવાવાળાની હજુ મગફિરત નથી થઈ ! અલ્લાહ પાકનો ઈર્શાદ થાય છે કે સારું, મેં એ પઢવાવાળાની મગફિરત કરી દીધી ત્યારે તે સુતૂન (થાંભલો) થોભી જાય છે. (ફઝાઈલે આ'માલ)

(૧૧) ''લા ઇલા–હ ઇલ્લલ્લાહ'' પઢવાવાળાને ન કબ્રમાં વહ્શત (બીક) હશે અને ન મેદાને મેહશરમાં બીક હશે.

(ફઝાઈલે આ'માલ)

(૧૨) જે માણસ એ હાલતમાં મરે કે ''લા ઇલા–હ ઇલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ''ની સાચા દિલથી ગવાહી આપતો હોય તો તે માણસ જરૂરથી જન્નતમાં દાખલ થશે. બીજી હદીસમાં છે કે જરૂર એ માણસની અલ્લાહ પાક મગફિરત ફરમાવશે. (ફઝાઈલે આ'માલ)

(૧૩) મરનારાઓને ''લા ઇલા–હ ઇલ્લલ્લાહ''ની તલકીન કરતા રહો. (મુસ્લિમ શરીફ)

(૨) કલિમએ શહાદત
[બીજો કલિમહ ગવાહીનો]

اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُ
اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ ط

[**અર્થ** : હું ગવાહી આપું છું કે અલ્લાહ તઆલા સિવાય કોઈ બંદગીને લાયક નથી અને હું ગવાહી આપું છું કે હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ તેના બંદા અને રસૂલ છે.]

●●●

اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ
وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ ط

ફઝીલતો :

(૧) જે માણસ સારી રીતે (એટલે કે સુન્નતો અને આદાબનો ખ્યાલ રાખીને) વુઝૂ કરે પછી આ કલિમો પઢે તો તે પઢનારનાં માટે જન્નતનાં આઠે આઠ દરવાજા ખુલી જાય છે. જે દરવાજેથી દિલ ચાહે તે દરવાજાથી જન્નતમાં દાખલ થાય.

ફાયદો : જન્નતમાં દાખલ થવા માટે તો ફક્ત એક દરવાજો પણ બસ (કાફી) છે. પછી આઠે આઠ દરવાજાઓનું ખુલી જવું એ માણસના એઝાઝ–ઈકરામના તોર પર છે. (ફઝાઈલે આ'માલ)

(૨) જે માણસ અઝાન સાંભળ્યા પછી આ દુઆ પઢે :

اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ
لَهٗ وَاَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ،

رَضِيْتُ بِاللّٰهِ رَبًّا وَّبِمُحَمَّدٍ رَسُوْلًا
وَّبِالْاِسْلَامِ دِيْنًا ط

અર્થ: હું ગવાહી આપું છું કે અલ્લાહ તઆલા સિવાય કોઈ બંદગીને લાયક નથી, તે એક છે, તેનો કોઈ શરીક (ભાગીદાર) નથી, અને હું ગવાહી આપું છું કે હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ તેના બંદા અને રસૂલ છે. હું અલ્લાહના પરવરદિગાર હોવાથી રાજી છું અને મેં મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને રસૂલ તરીકે પસંદ કર્યા અને હું ઈસ્લામના દીન (ધર્મ) હોવાથી ખુશ છું.

—તો એ માણસનાં ગુનાહો માફ કરવામાં આવે છે.

(મુસ્લિમ, તિરમિઝી શરીફ)

● બજારમાં કલિમ-એ-શહાદતની ફઝીલત :

હઝરત અલી (રદિ.)થી રિવાયત છે, હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : બજારમાં જતી વખતે અને બજારમાં દાખલ થતી વખતે આ દુઆ પઢયા કરો :

بِسْمِ اللّٰهِ وَبِاللّٰهِ اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ
وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ ط

ફઝીલત : (જ્યારે બંદો આ દુઆ પઢી લે છે તો) અલ્લાહ તઆલા ફરમાવે છે કે મારા આ બંદાએ મને એવા સમયે અને એવા સ્થળે યાદ કર્યો છે કે જેમાં બીજા લોકો ગાફિલ છે, (જેથી હે ફરિશ્તાઓ !) હું તમને ગવાહ બનાવું છું કે મેં આ માણસને બખ્શી દીધો છે. (નુઝ્હહ : ૧/૧૧૯, સંદર્ભ : તરગીબુલ મુસ્લિમીન : ૨૧૪)

(૩) કલિમએ તમજીદ
[ત્રીજો કલિમહ બુઝુર્ગીનો]

سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَآ اِلٰـهَ
اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ وَلَا حَوْلَ
وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ ط

સુબ્હાનલ્લાહિ વલ્હમ્દુ લિલ્લાહિ વલા ઈલા-હ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર, વલા હવ્લ વલા કુવ્વ-ત ઈલ્લા બિલ્લાહિલ અલિય્યિલ અઝીમ.

[**અર્થ** : અલ્લાહ તઆલાની ઝાત પાક છે અને સઘળા વખાણ અલ્લાહ તઆલાને માટે જ છે અને અલ્લાહ તઆલાના સિવાય કોઈ ઈબાદત (બંદગી)ને લાયક નથી અને અલ્લાહ તઆલા ઘણો મોટો છે. નથી કોઈને કશી કુદરત અને નથી કોઈને કશી તાકાત; પરંતુ અલ્લાહ તઆલાને જ અને તે જ ઉચ્ચ અને મહાન છે.]

سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَآ اِلٰـهَ
اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ ط

સુબ્હાનલ્લાહિ વલ્હમ્દુ લિલ્લાહિ વલા ઈલા-હ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર

[**અર્થ** : અલ્લાહ તઆલાની ઝાત પાક છે અને સઘળાં વખાણ અલ્લાહ તઆલા માટે જ છે અને અલ્લાહ તઆલા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી અને અલ્લાહ તઆલા ઘણો મોટો છે.]

ઉપરોક્ત તસ્બીહની ફઝીલત વિવિધ હદીસોમાં નીચે પ્રમાણે આવેલી છે :

(૧) આ ચાર કલિમાત (બોલ) અલ્લાહ તઆલાને સૌથી વધુ પ્યારા છે.

(૨) આ ચારેય કલિમાતને જે માણસ પઢતો રહેશે, તેના માટે આ કલિમાતના પ્રત્યેક અક્ષરના બદલામાં દસ નેકીઓ લખાય જશે.

(૩) હુઝૂર રસૂલે પાક સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું; આ ચાર કલિમાતનું પઢવું, દરેક તે વસ્તુથી મને વધુ પસંદ છે, જેના પર સૂરજ ઊગે છે. (એટલે કે, દુનિયા અને દુનિયામાંની બધી જ વસ્તુઓથી મહબૂબ છે.)

(૪) કુર્આન મજીદ પછી આ સૌથી અફઝલ કલામ છે અને હકીકતમાં તો આ કુર્આનના જ કલિમાત છે.

(૫) જન્નતની માટી ઘણી જ ઉમદા છે અને પાણી ઘણું જ મીઠું. જન્નત એક ખાલી મેદાન છે અને એના છોડવા આ ચાર કલિમાત જ હોય છે. (જે માણસ જેટલા વધુ પ્રમાણમાં એને પઢતો રહે છે, એટલા જ પ્રમાણમાં એની જન્નત હરિયાળી અને લીલીછમ રહે છે.)

(૬) એના પ્રત્યેક કલિમહના બદલામાં તમારા માટે એક છોડ રોપી દેવામાં આવે છે.

(૭) જહન્નમથી બચવા માટે ઢાલ સંભાળી લો, એટલે કે આ ચારેય કલિમાતને પઢતા રહો, કારણ કે આ કલિમાત (પોતાના પઢનારની) ડાબી અને જમણી બાજુથી, આગળ અને પાછળથી (દરેક બાજુએથી બચાવવા માટે) આવશે અને આ જ બાકી રહેનાર નેકીઓ છે.

(૮) દરેક તસ્બીહ (સુબ્હાનલ્લાહ) સદકો (સવાબકારક) છે. દરેક તહમીદ (અલ્હમ્દુ લિલ્લાહ) સદકો છે, દરેક તહલીલ (લા ઈલા–હ ઈલ્લલ્લાહ) સદકો છે અને દરેક તકબીર (અલ્લાહુ અકબર) સદકો છે.

(૯) બેશક, અલ્લાહ તઆલાએ પોતાના કલામ (કુર્આન)માંથી આ ચાર કલિમા પસંદ ફરમાવ્યા છે.

(૧૦) એક વખતે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : શું તમારામાંથી દરેક માણસ દરરોજ ઉહુદ પહાડ બરાબર અમલ કરવાથી લાચાર અને મજબૂર છે ? સહાબએ કિરામ (રદિ.)એ અરજ ગુઝારી; યા રસૂલલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ! એટલો અમલ તો વળી કોણ કરી શકે છે ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું; ''**સુબ્હાનલ્લાહ**'' ઉહુદથી ઘણો મોટો છે. ''**લા ઈલા–હ ઈલ્લલ્લાહ**'' પણ ઉહુદથી ઘણો મોટો છે. ''**અલ્હમ્દુ લિલ્લાહ**'' ઉહુદથી ઘણો મોટો છે. એ જ પ્રમાણે ''**અલ્લાહુ અકબર**'' પણ ઉહુદથી ઘણો મોટો છે.

(૧૧) સો (૧૦૦) વાર ''**સુબ્હાનલ્લાહ**'' પઢવું હઝરત ઈસ્માઈલ (અલૈ.)ની અવલાદમાંથી સો ગુલામ આઝાદ કરવા બરાબર છે. સો (૧૦૦) વખત ''**અલ્હમ્દુ લિલ્લાહ**'' પઢવું સો જીન (પલાણ) કસેલા અને લગામ પહેરાવેલા ઘોડાઓ બરાબર છે, જેમના પર જિહાદ માટે (ગાઝીઓને) સવાર કરવામાં આવે. સો (૧૦૦) વાર ''**અલ્લાહુ અકબર**'' પઢવું ખુદાને ત્યાં એવા સો મકબૂલ ઊંટોના (સવાબ) બરાબર છે, જેમને મક્કામાં ઝબહ કરવામાં આવે અને ''**લા ઈલા–હ ઈલ્લલ્લાહ**'' તો જમીન અને આસમાન વચ્ચેની ફિઝા (અવકાશ)ને ભરી આપે છે.

(ફઝાઈલે આ'માલ)

(૧૨) હઝરત અનસ બિન માલિક (રદિ.) બયાન કરે છે કે

જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ૧૦૦ વખત ''લા ઈલા–હ ઈલ્લલ્લાહ'', ૧૦૦ વખત ''સુબ્હાનલ્લાહ'' અને ૧૦૦ વખત ''અલ્લાહુ અકબર'' જે માણસ પઢશે તેને દસ (૧૦) ગુલામ આઝાદ કરવાનો અને સાત (૭) ઊંટ કુર્બાની કરવાનો સવાબ મળશે. (ઈબ્ને અબિદુન્યા)

(૧૩) હઝરત અબુ દરદાઅ્ (રદિ.) બયાન કરે છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું :

''સુબ્હાનલ્લાહિ વલ્હમ્દુ લિલ્લાહિ વલા ઈલા–હ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર વલા હવ્લ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહ'' પઢયા કરો. એ શબ્દો ''બાકીયાતુસ્સાલિહાત''માંથી છે. જેમ ઝાડોના સૂકાં પાંદડાં ખરી પડે છે તેમ તેના પઢનારનાં ગુનાહો માફ થઈ જાય છે. એ શબ્દો જન્નતના ખઝાનાઓમાંથી છે. (ઈબ્ને માજહ)

(૧૪) અપાર અને અમાપ સવાબ :

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જે માણસ સવાર–સાંજ સો (૧૦૦) વખત ''સુબ્હાનલ્લાહ'' પઢશે તો તે એવો છે કે (જાણે) તેણે સો (૧૦૦) હજ પઢી.

અને જે માણસ સવાર–સાંજ સો (૧૦૦) વાર ''સુબ્હાનલ્લાહ'' પઢશે, તો તે એવો છે કે (જાણે) તેણે સો (૧૦૦) ઘોડાઓ પર અલ્લાહના માર્ગમાં મુજાહિદોને સવાર કર્યા (અર્થાત્ એણે જિહાદ માટે સો ઘોડા અર્પણ કર્યા) અથવા ફરમાવ્યું કે એણે સો વખત જિહાદ કર્યો.

(મિશ્કાત, તિરમિઝી, કન્ઝુલ ઉમ્માલ : ૨/૧૪૦–૧૪૧, હિસ્ન : ૧૬)

(૧૫) બજારમાં તસ્બીહની ફઝીલત :

નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : બજાર ભૂલ અને ગફલતની જગ્યા છે. બસ, જે માણસ બજારમાં

એક વખત તસ્બીહ سُبْحَانَ اللّٰهِ (સુબ્હાનલ્લાહ) પઢશે તો અલ્લાહ તઆલા એના બદલામાં એ માણસ માટે દસ લાખ નેકીઓ લખી આપશે.

(નુઝ્હહ : ૧/૧૧૯, સંદર્ભ : તરગીબુલ મુસ્લિમીન : ૨૧૫)

જરા વિચારો, મારા ભાઈઓ ! આ તસ્બીહ બજારમાં એક વખત પઢશે તો અલ્લાહ તઆલા તેના બદલામાં દસ લાખ (૧૦,૦૦,૦૦૦) નેકીઓ લખી આપશે.

એક વખત ''સુબ્હાનલ્લાહ'' જે માણસ બજારમાં પઢશે તો ઈન્શાઅલ્લાહ અલ્લાહ તઆલા દસ લાખ ઝાડો તેના હિસ્સાની જન્નતમાં રોપી દેશે. કેમ કે એક વખત ''સુબ્હાનલ્લાહ'' પઢવાથી અલ્લાહ તઆલા એક ઝાડ તે માણસની જન્નતમાં રોપી દે છે (હદીસ). પરંતુ બજાર એ ગફલતની જગ્યા છે માટે ત્યાં પઢવાનો અજર અને સવાબ પણ ઘણો જ મોટો છે અને એના પઢવા પર બીજો જે સવાબ આપશે તે તો અલગ.

હવે જે માણસ રમઝાનુલ મુબારકમાં આ તસ્બીહ એક વખત બજારમાં પઢશે તો ઈન્શાઅલ્લાહ તે માણસનો સવાબ સિત્તેર (૭૦) ગણો વધી જશે, કારણ કે રમઝાનમાં એક નેકીનો સવાબ સિત્તેર ગણો મળે છે (હદીસ). તો આ હિસાબ પ્રમાણે તે માણસની જન્નતમાં ઈન્શાઅલ્લાહ અલ્લાહની ઝાતથી ઉમ્મીદ અને આશા છે કે એક વખત ''સુબ્હાનલ્લાહ'' રમઝાનુલ મુબારકમાં બજારમાં પઢવાથી (૧૦,૦૦,૦૦૦ x ૭૦ = ૭,૦૦,૦૦,૦૦૦) સાત કરોડ ઝાડો અલ્લાહ તઆલા તે માણસની જન્નતમાં રોપી દેશે. અલ્લાહ તઆલા અમલની તૌફીક આપે, આમીન. પઢવામાં બહુ જ નાનો અમલ છે, પરંતુ અજર અને સવાબની દૃષ્ટિએ ઘણો જ મોટો અમલ છે. મારા ભાઈઓ ! આ એક (૧)ના સિત્તેર (૭૦) ફક્ત આ અમલ પૂરતો એ સવાબ નથી, પરંતુ રમઝાનમાં

દરેક અમલનો સવાબ (દા. ત. ૧ નમાઝ = ૭૦ નમાઝોનો સવાબ) સિત્તેર ગણો વધી જાય છે. આ હિસાબ રમઝાનમાં દરેક અમલને લાગુ પડશે, ઈન્શાઅલ્લાહ.

(૪) "લા હવ્લ વલા કુવ્વત"ની ફઝીલતો

لَاحَوْلَ وَلَاقُوَّةَ اِلَّابِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ ط

લા હવ્લ વલા કુવ્વ-ત ઈલ્લા બિલ્લાહિલ અલિય્યિલ અઝીમ.

[**અર્થ** : નથી કોઈને કશી કુદરત અને નથી કોઈને કશી તાકાત, પરંતુ અલ્લાહ તઆલાને જ અને તે જ ઉચ્ચ અને મહાન છે.]

મહાન ફઝીલતો :

(૧) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને કૈસ (રદિ.) ફરમાવે છે કે અમે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) સાથે એક સફરમાં હતા. આપે મને સંબોધીને ફરમાવ્યું કે હે અબ્દુલ્લાહ ! શું હું તમને જન્નતનાં ખઝાનાઓમાંથી એક ખઝાનો ન બતાવું ? મેં અરજ કરી : જરૂર બતાવો તો આપે ફરમાવ્યું;

لَاحَوْلَ وَلَاقُوَّةَ اِلَّابِاللّٰهِ ط

[**અર્થ** : નથી કોઈને કશી કુદરત અને નથી કોઈને કશી તાકાત; પરંતુ અલ્લાહ તઆલાને જ.] (બુખારી, મુસ્લિમ શરીફ)

(૨) હઝરત કૈસ ઈબ્ને સઅદ (રદિ.)થી રિવાયત છે કે રસૂલે ખુદા (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈર્શાદ ફરમાવ્યો કે શું તમને જન્નતના દરવાજાઓમાંથી એક દરવાજો બતાવું ? મેં અરજ કરી, જરૂર બતાવો. આપે ફરમાવ્યું કે આપ ઉપરનો કલિમો

પઢતા રહો.

(૩) હઝરત હાઝિમ ઈબ્ને હરમલા અસ્લમી (રદિ.) ફરમાવે છે કે હું નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પાસેથી પસાર થયો. આપે ફરમાવ્યું, હે હાઝિમ ! ''લા હવ્લ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહ'' વિપુલ પ્રમાણમાં પઢતા રહો, કારણ કે આ કલિમા જન્નતનાં ખઝાનાઓમાંથી છે. (તિરમિઝી)

(૪) હઝરત અબૂ હુરયરહ (રદિ.) ફરમાવે છે કે મને રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''લા હવ્લ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહ'' વિપુલ (ઘણા) પ્રમાણમાં પઢતા રહો, કારણ કે આ જન્નતના ખઝાનાઓમાંથી છે.

(તિરમિઝી, મિશ્કાત : ૫/૧૨૦)

આ કલિમહનાં ચાર ફાયદા :

ફાયદો -૧ : આ કલિમહ : લા હવ્લ વલા કુવ્વત... અર્શની નીચેના જન્નતનો ખઝાનો છે અને જન્નતની છત અર્શે ઈલાહી છે. એને પઢવાથી નેક આ'માલ કરવાની અને ગુનાહોથી બચવાની તવફીક થાય છે. આ અર્થમાં એ જન્નતનો ખઝાનો છે.

ફાયદો-૨ : આ કલિમહ ૯૯ (નવ્વાણું) બીમારીઓની દવા છે. જે પૈકી સૌથી અદના અને નાની બીમારી ગમ (ફિકર) છે, જેનાથી માનવ શરીર ગળી જાય–ઓગળી જાય. અરબીમાં એને 'હમ' કહે છે.

હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, ''લા હવ્લ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહ'' (દુનિયા અને આખિરત)ની ૯૯ (નવ્વાણું) બીમારીઓની દવા છે, જેમાંથી સૌથી અદના બીમારી ગમ (ફિકર) છે. ચાહે તો ગમ (ફિકર) દુનિયાનો હોય અથવા આખિરતનો હોય.) (મિશ્કાત ૫/૧૨૧)

ફાયદો-૩ : જ્યારે બંદો આ કલિમહ પઢે છે તો અલ્લાહ તઆલા અર્શ પર ફરિશ્તાઓને ફરમાવે છે કે મારો બંદો ફરમાંબરદાર (આજ્ઞાધિન) બની ગયો અને તેણે સરકશી યા નાફરમાની છોડી દીધી.

હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, શું હું તમને એવો ખઝાનો ન બતાવું જે અર્શની નીચે જન્નતનો ખઝાનો છે. તે ''લા હવ્લ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહ'' છે. જ્યારે બંદો તેને પઢે છે તો અલ્લાહ તઆલા ફરિશ્તાઓને ફરમાવે છે કે ''અસ્લ-મ અબ્દી વસ્તસ્લ-મ'' અર્થાત્, મારો બંદો સંપૂર્ણ તાબેદાર બની ગયો અને તેણે સરકશી (અવજ્ઞા) છોડી દીધી તથા મારા બંદાએ દુનિયા અને આખિરતના તમામ રંજગમને મને સોંપી દીધા.

(મિશ્કાત-મિરકાત ફૈસલ પેજ નં. ૨૩૦)

આ નેઅમત શું ઓછી છે કે બંદો જમીન પર આ કલિમહ પઢે અને અલ્લાહ તઆલા અર્શ પર ફરિશ્તાઓના સમૂહમાં એનો ઉલ્લેખ ફરમાવે છે. અલ્લામહ તયબી (રહ.) ફરમાવે છે કે હદીસમાં આવેલા શબ્દો ઈસ્લામ અને ઈસ્તિસ્લામનો ભાવાર્થ આ છે કે મારા બંદાએ કાયનાતની તમામ બાબતો મને સુપ્રત કરી દીધી અને ઈખ્લાસ સાથે પોતાના નફસને પણ મારા તાબે કરી દીધો.

ફાયદો-૪ : આ કલિમહ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)નો પયગામ અને વસિય્યત છે, જે આપે હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને મેઅરાજની રાતે ઈર્શાદ ફરમાવ્યો હતો.

મેઅરાજની રાતે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) હઝરત ઈબ્રાહીમ (અલૈ.) પાસેથી પસાર થયા તો આપે ફરમાવ્યું કે મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! આપ પોતાની ઉમ્મતને હુકમ ફરમાવી દો કે ''લા હવ્લ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહ'' વડે જન્નતના બાગોને વધારી લે. (મિરકાત ૫/૧૧૧)

આ કલિમહને પઢવાથી વસિય્યતે ઈબ્રાહીમી પર અમલ કરવાની સઆદત પણ નસીબ થશે અને એની બરકતથી જન્નતનાં બાગોમાં પણ વધારો થશે.

આ કલિમહને જન્નતનો ખઝાનો કહેવાનાં કારણો :

(૧) આ કલિમહ ખઝાનાની માફક લોકોની નજરથી અદશ્ય અને મહફૂઝ હતો અને હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) દ્વારા આપવામાં આવ્યો.

(૨) અથવા આ કારણે કે આ કલિમહ જન્નતનાં ભંડારોમાંથી છે.

(૩) અથવા આ કારણે કે જન્નતની ઉમદા–ઉમદા નેઅમતોને હાસિલ કરાવનાર છે.

(૪) અલ્લામહ નવવી (રહ.) ફરમાવે છે કે એ કારણે આ જન્નતનો ખઝાનો છે કે આ કલિમહ પઢનારના માટે જન્નતમાં ઉમદા સવાબનો ખઝાનો જમા કરે છે. (શર્હે મિશ્કાત)

સઘળા ગુનાહોથી માફી :

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈર્શાદ ફરમાવ્યો કે પૃથ્વી (જમીન) પર ચાલનારો કોઈ પણ માણસ જ્યારે આ નીચેના કલિમહ પઢે છે તો તેના તમામ સગીરહ (નાના) ગુનાહો માફ થઈ જાય છે. ચાહે તે સમંદરના કાંપ બરાબર કેમ ન હોય :

لَآ اِلٰـهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ وَلَا حَوْلَ
وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ ط

[**અર્થ** : અલ્લાહ તઆલાના સિવાય કોઈ બંદગીને લાયક નથી અને અલ્લાહ ઘણો મોટો છે અને નથી કોઈને કશી કુદરત અને નથી કોઈને કશી તાકાત; પરંતુ અલ્લાહ તઆલાને જ.] (તિરમિઝી શરીફ–નસાઈ)

● દસ (૧૦) વખત પઢવાથી ગુનાહોથી પાક-સાફ થઈ જશે

હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે હઝરત રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જે માણસ નીચેની દુઆને દસ (૧૦) વખત પઢશે તો તે માણસ ગુનાહોથી એવો પાક-સાફ થઈ ગયો કે જાણે આજે જ પોતાની માંના પેટથી પેદા થયો ને તે દુનિયાની સિત્તેર (૭૦) બલાઓથી બચેલો રહેશે, જેમાં રક્તપિત્ત, કોઢની બીમારીઓ તથા જિન્નાતની અસરનો સમાવેશ થાય છે. હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ સિત્તેર (૭૦)માંથી ફક્ત ત્રણનાં જ નામો જાહેર કર્યા. બાકી ૬૭ ભયંકરમાં ભયંકર રોગો છે, જેથી નીચેની દુઆ પઢનારને અલ્લાહ તઆલા બચાવશે, ઈન્શાઅલ્લાહ. તે દુઆ આ રહી :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط
لَاحَوْلَ وَلَاقُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ ط

(વઝાઈફે અશરફિય્યહ, પેજ-૧૦૫)

(૫) કલિમએ તવહીદ
[ચોથો કલિમહ તવહીદનો]

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ
لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ يُحْيِيْ وَيُمِيْتُ
بِيَدِهِ الْخَيْرُ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ط

લા ઈલા-હ ઈલ્લલ્લાહુ વહ્દહૂ લા શરી-ક લહૂ, લહુલ્ મુલ્કુ વ લહુલ હમ્દુ યુહ્યી વ યુમીતુ બિયદિહિલ્ ખય્રુ વ હુ-વ અલા કુલ્લિ શય્ઇન્ કદીર.

[**અર્થ** : અલ્લાહ તઆલા સિવાય કોઈ બંદગીને લાયક નથી, તે એક છે; તેનો કોઈ શરીક (ભાગીદાર) નથી, તેની જ બાદશાહી છે અને તમામ પ્રકારની તારીફ તેના જ માટે છે, તે જ જિવાડે છે અને તે જ મારે છે (અને) તેના જ કબજામાં દરેક પ્રકારની ભલાઈ છે અને તે દરકે ચીજ કરવા શક્તિમાન છે.]

ફઝીલતો : (૧) જે માણસ ઉપરના કલિમહને દસ વાર પઢશે તો એને એવો સવાબ મળે છે કે જેમ એણે હઝરત ઈસ્માઈલ (અલૈ.)ની અવલાદમાંના દસ (૧૦) ગુલામો આઝાદ કર્યા.

(બુખારી શરીફ)

સય્યિદના ઈસ્માઈલ (અલૈ.)ની અવલાદમાંથી કોઈને ગુલામ બનાવી લેવામાં આવ્યો હોય તો એ સાફ વાત છે કે એવા ખાનદાની ગુલામને આઝાદ કરવાનો સવાબ પણ સૌથી વધુ હશે.

(૨) જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના સહાબામાંથી બે સહાબી રિવાયત કરે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, "જ્યારે કોઈ બંદો એ કલિમહને સાચા દિલે અને શુદ્ધ ભાવે પઢે છે તો અલ્લાહ તઆલાની કુદરતની નજર આકાશોને ચીરતી એની તરફ પહોંચે છે અને ખુદાવંદે કરીમ રહમતની સાથે, રહમતની નજરે એ બંદા તરફ જુએ છે તો એના પર એ હક થઈ જાય છે કે એ બંદો જે કંઈ માંગે તે એને આપી દેવામાં આવે. (નસાઈ)

(૩) હઝરત અમ્ર બિન શોએબ (રદિ.)ની રિવાયતમાં છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : સરસ દુઆ તે છે જે અરફાના દિવસે હજના મેદાનમાં

માંગવામાં આવે અને બેહતરીન કલિમહ આ છે, એ કલિમહ માત્ર મેં જ શીખવ્યો છે એમ નથી, બલકે મારા પહેલાનાં પયગમ્બરો પણ એ કલિમહની તાલીમ આપતા રહેતા હતા. (તિરમિઝી શરીફ)

એટલે કે "લા ઈલા–હ ઈલ્લલ્લાહુ વહ્દહુ લા શરીક લહુ...." છેવટ સુધી.

(૪) ત્રણ (૩) વખત પઢવાથી દરેક રકાતના ઉપર એંસી (૮૦) વર્ષોની ઈબાદતનો સવાબ :

لَآ اِلٰـهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ
لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ يُحْيِىْ وَيُمِيْتُ
بِيَدِهِ الْخَيْرُ وَهُوَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ ط

મહાન ફઝીલત : જે માણસ ફર્ઝ નમાઝ પછી ચોથો કલિમો ત્રણ વાર પઢશે તો એને પ્રત્યેક રકા'ત પર એંસી (૮૦) વર્ષની ઈબાદતનો સવાબ મળશે અને જે એને પથારી પર પઢશે તો એ એના તમામ ગુનાહોનો કફ્ફારો (પ્રાયશ્ચિત્ત) થઈ જશે અને સવારે ઊઠીને પઢશે તો સિત્તેર (૭૦) વર્ષની ઈબાદતનો સવાબ મળશે.

(આખિરતનું ભાથું, પ્રકાશન નં. ૫૪, પેજ–૧૮, દારુલ ઉલૂમ ભરૂચ–કંથારીઆ)

નોંધ : સહીહ ઈબ્ને ખુઝયૂમહ ૧/૩૬૫ ઉપર ત્રણ વખત પઢવાનો ઉલ્લેખ છે, પરંતુ મજકૂર ફઝીલત નથી.

જરા વિચારો, મારા ભાઈઓ ! આખા દિવસની પાંચ (૫) ફરજ નમાઝોની કુલ સત્તર (૧૭) રકા'તો થાય. સત્તર (૧૭) રકા'તોને એંસી (૮૦) વર્ષથી ગુણાકાર કરે તો તેર સો સાઈઠ (૧,૩૬૦) વરસો થાય. તો ઈન્શાઅલ્લાહ જે માણસ પાંચેય નમાઝો પછી આ કલિમાને પઢવાનો મા'મૂલ બનાવી લેશે તો

ઈન્શાઅલ્લાહ તેને ૧,૩૬૦ વરસોની ઈબાદતોનો સવાબ મળશે.

રમઝાનુલ મુબારકમાં એક ફર્ઝ અદા કરવાનો સવાબ બીજા મહિનાઓમાં સિત્તેર (૭૦) ફર્ઝ અદા કરવા બરાબર છે અને એક નેકીના બદલામાં રમઝાનમાં સિત્તેર (૭૦) નેકીઓ મળે છે (હદીસ). તો ઈન્શાઅલ્લાહ જે કોઈ માણસ આ કલિમાને રમઝાનુલ મુબારકના દિવસોમાં પાંચેય ફર્ઝ નમાઝો પછી પઢશે તો ઈન્શાઅલ્લાહ તેને ૧,૩૬૦ વર્ષો x ૭૦ = ૯૫,૨૦૦ વર્ષોની ઈબાદતો જેટલો સવાબ મળશે, ઈન્શાઅલ્લાહ.

અલ્લાહ તઆલા આપણે બધાંને તેના ઉપર અમલ કરવાની તૌફીક અતા ફરમાવે, બહુ મોટો અમલ છે અજર અને સવાબની દષ્ટિએ. મારા ભાઈઓ ! ઉપર જે સવાબ બતાવ્યો છે તે તો ઈન્શાઅલ્લાહ ઓછામાં ઓછો મળશે જ. પછી જેવો જેનો ખુલૂસ અને ઈખ્લાસ, તે પ્રમાણે સવાબ મળશે, ઈન્શાઅલ્લાહ.

(૫) અપાર બખશિશ :

હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે અલ્લાહના રસૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ફરમાવે છે : "જે શખ્સ સૂતી વખતે આ (નીચે દર્શાવેલી) દુઆ પઢે, તો તેના સઘળા ગુનાહ માફ કરી દેવામાં આવે છે. ભલે, તે ગુનાહ દરિયાનાં ફીણ જેટલા (વધુ) હોય !"

لَآ اِلٰـهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ. لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ وَهُوَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ ط لَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ ط سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَآ اِلٰـهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ ط

(નસાઈ–ઈબ્ને હિબ્બાન)

(૬) ભારેખમ કલિમાત :

હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : શું હું તમને તે (કલિમાત) ન શિખવાડું, જે (કલિમાત) હઝરત નૂહ (અલૈ.)એ પોતાના પુત્રને શીખવ્યા હતા. (એમણે પોતાના પુત્રને સંબોધીને ફરમાવ્યું કે) હું તને આ (કલિમાત) પઢવાનો હુકમ કરું છું :

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ لَهُ الْمُلْكُ
وَلَهُ الْحَمْدُ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ط

(બુખારી–મુસ્લિમ)

–કારણ કે બેશક, જો તમામ આસમાન ત્રાજવાના એક છાબડામાં મૂકવામાં આવે (અને બીજા છાબડામાં આ કલિમાતને મૂકવામાં આવે) તો આ કલિમાતવાળું છાબડું ઝુકી–નમી જાય અને જો (સઘળા આકાશ) એક બંધ કુંડાળું બની જાય તો આ (કલિમાત) એને તોડી–ફોડી નાખે.

(૭) જહન્નમની આગથી છૂટકારો :

જે માણસ બીમારીની હાલતમાં નીચે ટાંકેલી દુઆ પઢશે અને વફાત પામશે તો એને દોઝખની આગ લાગશે નહિ.

''નસાઈ''માં આટલો વધારો છે કે, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ પોતાની આંગળીઓ પર પાંચ વખત ગણીને ફરમાવ્યું કે, જેણે આ પાંચ કલિમાતને દિવસે યા રાતે યા મહિનામાં પઢયા, પછી તે દિવસે યા રાતે યા મહિનામાં તેની વફાત થઈ તો એના ગુનાહ માફ કરી દેવાશે.

لَآ اِلٰـهَ اِلَّا اللّٰهُ اَللّٰهُ اَكْبَرُ. لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ
وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ، لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ لَهُ
الْمُلْكُ وَلَهُ الْحَمْدُ، لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَلَا حَوْلَ
وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ ط

(તિરમિઝી, નસાઈ, ઈબ્ને માજહ)

(૮) બજારમાં પઢવાનો મહાન અજર અને સવાબ :

(૧) હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ બજારમાં દાખલ થતી વખતે આ (નીચે દર્શાવેલી) દુઆ પઢી લેશે તો અલ્લાહ તઆલા એના હિસાબ (નામ–એ–આ'માલ) માં દસ લાખ નેકીઓ લખી આપશે, એની દસ લાખ ખતાઓ યા ગુનાહોને માફ ફરમાવી દેશે અને એના દસ લાખ દરજાત બુલંદ ફરમાવશે. (તિરમિઝી શરીફ)

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ
لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ يُحْيِيْ وَيُمِيْتُ
وَهُوَ حَيٌّ لَّا يَمُوْتُ بِيَدِهِ الْخَيْرُ
وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ط

(૨) એક હદીસ અનુસાર ઉપરોક્ત દુઆ પઢનાર માટે (ઉક્ત ફઝાઈલ ઉપરાંત) જન્નતમાં એક મહેલ પણ બનાવી દેવાશે.

(મુસ્તદરકે હાકિમ, નવવી કૃત "અલ અઝકાર" પૃ. ૨૪૨, હદીસ નં. ૮૫૫)

સાર : ઈમામ બગવી (રહ.) ફરમાવે છે કે મામૂલી ઝિક્ર કરવા પર આવો મહાન સવાબ મળવાની હિકમત એ જ છે કે ઝિક્ર કરનારે ગાફિલ લોકોના પ્રચંડ સમૂહમાં અલ્લાહ તઆલાને યાદ રાખ્યો. બજાર એક ગફલતની જગ્યા છે, તેથી ત્યાં અલ્લાહ તઆલાને યાદ કરવું વધુ અજર અને સવાબનું કામ છે.

(૩) હઝરત અબૂ કલાબહ (રદિ.) ફરમાવે છે કે બે માણસ એક વખતે બજારમાં મળ્યા. એ બન્નેએ એક બીજાને કહ્યું, બજાર ગફલતની જગ્યા છે. અહિંયા સર્વે લોકો અલ્લાહની યાદથી ગાફિલ છે. આવ, અહિંયા આપણે અલ્લાહની યાદ કરીએ. બન્ને જણાએ બજારમાં અલ્લાહનો ઝિક્ર કર્યો. ભોગજોગે તેમાંનો એક મરણ પામ્યો તો બીજાએ તેને ખ્વાબમાં જોયો. મરનારે એને કહ્યું, તને કંઈ ખબર છે ? જે દિવસે મેં અને તેં બજારમાં અલ્લાહને યાદ કર્યો હતો, તે જ દિવસે ત્રીજા પહોરે અલ્લાહ તઆલાએ મને બખ્શી દીધો, એટલે કે મરતાં જ બખ્શી દેવામાં આવ્યો.

(ઇબ્ને અબીદુન્યા)

જરા વિચારો, મારા ભાઈઓ ! ઉપરનો કલિમો બજારમાં રમઝાન વગરના દિવસોમાં એક વખત પઢે તો દસ લાખ નેકીઓ મળે છે. દસ લાખ ગુનાહો માફ થઈ જાય છે અને દસ લાખ દરજ્જાઓ બુલંદ થાય છે અને એક મહેલ, પરંતુ જે માણસ આ જ અમલને રમઝાનના દિવસોમાં કરશે તો સવાબ અને અજરનો હિસાબ–કિતાબ બદલાઈ જશે. કેમ કે રમઝાનમાં દરેક નેકીનો બદલો સિત્તેર ગણો મળે છે (હદીસ). એ હિસાબે આ જ કલિમો રમઝાનમાં એક વખત પઢવાનો સવાબ દસ લાખ

૧૦,૦૦,૦૦૦ × ૭૦ = ૭,૦૦,૦૦,૦૦૦ (૭ કરોડ) નેકીઓ અને
૧ × ૭૦ = ૭૦ (સિત્તેર) મહેલો
તો ઈન્શાઅલ્લાહ એક વખત પઢવાથી તે માણસને
૭,૦૦,૦૦,૦૦૦ (૭ કરોડ) નેકીઓ મળશે.
૭,૦૦,૦૦,૦૦૦ (૭ કરોડ) ગુનાહો માફ થશે.
૭,૦૦,૦૦,૦૦૦ (૭ કરોડ) દરજ્જાઓ બુલંદ થશે અને
૭૦ મહેલો જન્નતમાં મળશે, ઈન્શાઅલ્લાહ.

અલ્લાહ તઆલા ખૂબ ખૂબ અમલ કરવાનો શોખ અને ઝૌક નસીબ ફરમાવે, આમીન.

મારા ભાઈઓ ! આ સવાબ તો ઓછામાં ઓછો આટલો તો મળશે જ, ઈન્શાઅલ્લાહ. પછી જેવી નિય્યત ! ખુલૂસ અને ઈખ્લાસ હશે તો પછી તે પ્રમાણે સવાબ મળશે, ઈન્શાઅલ્લાહ.

(૬) કલિમએ રદ્દે કુફ્ર
[પાંચમો કલિમહ કુફ્રને રદ કરવાનો]

اَللّٰهُمَّ اِنِّیْ اَعُوْذُبِکَ مِنْ اَنْ اُشْرِکَ بِکَ
شَیْئًاوَّاَنَا اَعْلَمُ بِهٖ وَاَسْتَغْفِرُکَ لِمَالَا
اَعْلَمُ بِهٖ تُبْتُ عَنْهُ وَ تَبَرَّأْتُ مِنَ الْکُفْرِ
وَالشِّرْکِ وَالْمَعَاصِیْ کُلِّهَا اَسْلَمْتُ وَاٰمَنْتُ
وَاَقُوْلُ لَآاِلٰهَ اِلَّااللّٰهُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ

અલ્લાહુમ્મ ઈન્ની અઊઝુ બિ-ક મિન અન ઉશ્રિ-ક બિ-ક શયઅંવ્ વ અ-ન અઅ્લમુ બિહી વ અસ્તગ્ફિરુ-ક લિમા લા અઅ્લમુ બિહી તુબ્તુ અન્હૂ વ તબર્રઅ્તુ મિનલ કુફ્રિ વશ્શિર્કિ વલ મઆસી કુલ્લિહા. અસ્લમ્તુ વ આમન્તુ વ અકૂલુ લા ઈલા-હ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ.

[**અર્થ** : હે અલ્લાહ ! હું તારી પનાહ માગું છું જાણીબૂઝીને કોઈ ચીજને તારી સાથે શરીક બનાવવાથી અને અજાણપણે (શિર્ક યા કોઈ ગુનાહ) થઈ જાય તો તેનાથી હું તારી માફી માગું છું (અને) એનાથી તવબા કરું છું અને હું બેઝાર થાઉં છું કુફ્ર, શિર્ક અને બધાં જ ગુનાહોથી. હું તારો તાબેદાર બની ગયો અને હું ઈમાન લઈ આવ્યો અને હું સાચા દિલે ઈકરાર કરું છું કે અલ્લાહ તઆલાના સિવાય કોઈ બંદગીને લાયક નથી અને હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અલ્લાહ તઆલાના રસૂલ છે.]

શિર્ક ઘણું જ ગુપ્ત હોય છે, કારણ કે તે અંધારી રાતમાં કાળા પથ્થર પર કાળી કીડીની રફતારથી પણ વધુ બારીક છે. અર્થાત્ જેવી રીતે અંધારી રાતમાં કાળા પથ્થર પર કાળી કીડી ચાલતી હોય તે દેખાતી નથી એનાથી પણ વધુ ગુપ્ત રીતે શિર્ક દિલમાં દાખલ થઈ જાય છે અને એનાથી ઘણા ઓછા લોકો બચી શકે છે. શક્તિશાળી એટલે કે ઉમ્મતના ખાસ લોકો પણ બચી શકતા નથી તો કમઝોર ઈમાન ધરાવનારા લોકોના તો શું હાલ હશે ? (મિરકાત ૧૦/૭૦)

ફઝીલત : મજકૂર કલિમહને મા'મૂલ બનાવનારાઓ માટે શિર્કથી નજાતની ઝમાનત છે અને ઈખ્લાસની દૌલતથી માલામાલ થવાની બશારત છે.

(૭) સુબ્હાનલ્લાહિ વ બિહમ્દિહી સુબ્હાનલ્લાહિલ અઝીમ

(૧) હઝરત અબૂ હુરયરહ (રદિ.) જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત કરે છે કે, બે કલિમા જીભે (પઢવામાં) તો ઘણા સહેલા છે; પરંતુ ત્રાજવામાં ઘણા ભારે અને રહમાનને સૌથી વધુ વહાલા છે. એ બે કલિમા નીચે મુજબ છે :

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ

સુબ્હાનલ્લાહિ વ બિહમ્દિહી

سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط

સુબ્હાનલ્લાહિલ્ અઝીમ

(બુખારી, મુસ્લિમ શરીફ)

(૨) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું;

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ

સુબ્હાનલ્લાહિ વબિહમ્દિહી

કહેનાર માટે એક ઝાડ જન્નતમાં રોપવામાં આવે છે.

(બઝ્ઝાર)

(૩) હઝરત અબૂ ઉમામહ (રદિ.) જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત કરે છે કે "જે

માણસ રાત્રે ઇબાદત નથી કરી શકતો અને કાફિરો સાથે જિહાદ કરવા જેટલી હિંમત પણ ધરાવતો નથી ને માલ પણ ખર્ચ કરી શકતો નથી તો તે માણસ ''**સુબ્હાનલ્લાહિ વ બિહમ્દિહી**''નો વિર્દ કર્યા કરે. આ કલિમો પહાડની બરાબર સોનું ખર્ચ કરવાથીય વધુ સવાબ ધરાવે છે. (તબરાની, ફઝાઇલે આ'માલ)

(૪) હઝરત નૂહ (અલૈ.)નો હુકમ પોતાના પુત્ર માટે :

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : શું હું તમને તે કલિમાત ન શીખવું જે કલિમાત હઝરત નૂહ (અલૈ.)એ પોતાના પુત્રને શીખવ્યા હતા.

એમણે પોતાના પુત્રને ''**સુબ્હાનલ્લાહિ વ બિહમ્દિહી**'' પઢવાનો હુકમ આપેલો, કારણ કે તે સમગ્ર મખ્લૂકની દુઆ છે અને મખ્લૂકની તસ્બીહ છે અને એના દ્વારા જ મખ્લૂકને રોઝી આપવામાં આવે છે. (ઇબ્ને અબી શયબહ, કન્ઝુલ ઉમ્માલ : ૧/૪૭૧)

(૫) હઝરત મસઅબ બિન સઅદ (રદિ.) પોતાના પિતાથી રિવાયત કરે છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''શું તમે એક દિવસમાં એક હજાર (૧,૦૦૦) નેકીઓ નથી કરી શકતા ?'' કોઈએ પૂછયું ? હજાર નેકીઓ તો કેમ કરી થઈ શકે ? તો રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું :

''જે કોઈ સો (૧૦૦) વખત ''**સુબ્હાનલ્લાહિ વ બિહમ્દિહી**'' પઢશે તો તેને એક હજાર નેકીઓ મળશે અને તેના એક હજાર ગુનાહો માફ થશે.'' (મુસ્લિમ શરીફ)

(૬) હઝરત અબૂ તલ્હા (રદિ.) બયાન કરે છે કે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''જે માણસે સો (૧૦૦) વાર ''**સુબ્હાનલ્લાહિ વ બિહમ્દિહી**'' પઢી લીધું તો અલ્લાહ તઆલા તેને એક લાખ ચોવીસ હજાર (૧,૨૪,૦૦૦)

નેકીઓ આપે છે.'' (હાકિમ)

હઝરત અબૂ હુરયરહ (રદિ.) રિવાયત કરે છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''જે માણસ સો (૧૦૦) વખત ''**સુબ્હાનલ્લાહિ વ બિહમ્દિહી**'' પઢયો તો તેનાં બધા જ ગુનાહો માફ થઈ જાય છે. ભલે, એ ગુનાહો દરિયાની ફીણની બરાબર કેમ ન હોય !'' (મુસ્લિમ શરીફ)

●●●

(૭)

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط

اَسْتَغْفِرُ اللّٰهَ ط

●●●

(૮) હદીસ શરીફમાં છે કે એક માણસ હઝરત રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની સેવામાં હાજર થયા અને તેમણે અરજ કરી કે યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! દુનિયાએ મારાથી પીઠ ફેરવી લીધી છે ! જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, તમે ફરિશ્તાઓની તસ્બીહ પઢયા કરો. પેલા માણસે કહ્યું કે યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! ફરિશ્તાઓની તસ્બીહ શું છે ? તો રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે સુબ્હે સાદિક પછી સૂર્ય નીકળતા પહેલાં–

૧૦૦ વખત સુબ્હાનલ્લાહિ વ બિહમ્દિહી

૧૦૦ વખત સુબ્હાનલ્લાહિલ અઝીમ અને

૧૦૦ વખત ઇસ્તિગફાર પઢવું.

એ સાંભળી તે માણસ ચાલ્યો ગયો ને કેટલાક દિવસો પછી આવીને હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની ખિદમતમાં

અરજ કરી કે હુઝૂર ! અલ્લાહ તઆલાએ મને એટલું આપ્યું કે મારા ઘરમાં રાખવાની જગ્યા નથી. (મવાહિબે લદુન્નહ)

(૯) જન્નતમાં એક ''ગુંબદ'' (મિનારો) તૈયાર થાય છે.

એક હદીસમાં આવ્યું છે કે જે માણસ

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ
سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ

સુબ્હાનલ્લાહિ વ બિહમ્દિહી સુબ્હાનલ્લાહિલ્ અઝીમ.

સાત (૭) વખત પઢશે તો તે માણસ માટે જન્નતમાં એક ગુંબદ (મિનારો) તા'મીર (તૈયાર) થઈ જાય છે. [મશહૂર મુહદ્દિસ હાફિઝ ઈબ્ને કય્યિમ (રહ.)ની કિતાબ ''અલ્ વાબિલુસ્સય્યિબુ'' ફઝાઈલે ઝિક્ર, ફઝાઈલે આ'માલ]

(૧૦) ચાળીસ (૪૦) વર્ષની ઇબાદતનો સવાબ :

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ

આ ફરિશ્તાઓનો તસ્બીહ (૧ તસ્બીહ = ૧૦૦ વખત) છે (ફત્હુલ બારી શર્હે બુખારી શરીફ : ૧૧/૨૦૭). આ તસ્બીહને મગરિબની નમાઝ બાદ પઢવાથી ચાળીસ (૪૦) વર્ષની ઇબાદતનો સવાબ મળે છે. [''મો'મિનકી ઝિંદગી'' : ૫૫. સ્ત્રોત : હઝ. મવ. મુફ્તી ઈસ્માઈલ વાડીવાલા સા. કૃત ''હુઝૂર (સલ.)ની મુહબ્બત'' : ૨૪]

(૧૧) અફઝલ અમલ કરવાવાળા સમૂહ (ગિરોહ)માં :

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ

સુબ્હાનલ્લાહિ વ બિહમ્દિહી.

[**અર્થ** : હું અલ્લાહ તઆલાની પાકી બયાન કરું છું અને તેની તારીફ બયાન કરું છું.]

રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો : જે માણસ સવાર–સાંજ સો–સો (૧૦૦–૧૦૦) વાર મજકૂર કલિમાત પઢશે, તો કિયામતમાં એનો સમાવેશ અફઝલ અમલ ધરાવનારાઓના સમૂહમાં થશે, સિવાય કે તે માણસ જેણે આ કલિમાતને એટલી જ વાર અથવા એનાથી વધુ પ્રમાણમાં પઢયા હશે.

(બરકાતે આ'માલ : ૪૦, બુખારી, મુસ્લિમ, મિશકાત : ૨૦૦, અલ અઝકાર : ૬૩)

(૧૨)



(૧૩) મોહર લાગેલી હશે :

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ

સુબ્હાનલ્લાહિ વ બિહમ્દિહી, સુબ્હાનલ્લાહિલ્ અઝીમ.

[**અર્થ** : હું અલ્લાહ તઆલાની પાકી બયાન કરું છું અને તેની તારીફ બયાન કરું છું; હું અલ્લાહ તઆલાની પાકી બયાન કરું છું, જે ઉચ્ચતર અને મહાન છે.]

(બુખારી, મુસ્લિમ, તિરમિઝી, ઈબ્ને અબી શયબહ)

ફઝીલત : જે વ્યક્તિ આ બે (ઉપરના) કલિમાત **''સુબ્હાનલ્લાહિ વ બિહમ્દિહી, સુબ્હાનલ્લાહિલ્ અઝીમ''**ની સાથે આ (નીચે દર્શાવેલા) કલિમાત પણ ઉમેરી કે મિલાવી લે છે તો એને પઢતાંવેંત એ કલિમાતને લખી લેવામાં આવે છે. પછી એ કલિમાત અર્શમાં જઈને લટકી જાય છે અને એને પઢનારાઓથી ભલે ગમે તે ગુનાહ થઈ જાય; પરંતુ તે ગુનાહ આ કલિમાતને મિટાવી શકતો નથી, અહિંયા સુધી કે એ માણસ અલ્લાહ તઆલાને એવી હાલતમાં મળશે કે એ કલિમાત પર એ જ પ્રમાણે મોહર લાગેલી હશે. (તે કલિમાત આ પ્રમાણે છે) : (બઝઝાર, મુનાજાતે મકબૂલ જદીદ)

اَسْتَغْفِرُ اللّٰهَ الْعَظِيْمَ وَاَتُوْبُ اِلَيْهِ ط

• • •

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط

• • •

جَزَى اللّٰهُ عَنَّا مُحَمَّدًا مَّا هُوَ اَهْلُهٗ ط

• • •

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ فِى الْاَوَّلِيْنَ
وَالْاٰخِرِيْنَ وَفِى الْمَلَاِ الْاَعْلٰى اِلٰى يَوْمِ الدِّيْنِ ط

• • •

(૮) શબે કદ્રના બરાબર સવાબ

કુર્આને કરીમના ફરમાન અનુસાર શબે કદ્રમાં ઈબાદત કરવાનો સવાબ એક હજાર (૧,૦૦૦) મહિનાઓની ઈબાદતથી બેહતર છે. એક હજાર મહિનાઓની ત્રીસ હજાર રાતો થાય છે અને વર્ષોની સંખ્યા ત્યાસી (૮૩) વર્ષ, ચાર માસ થાય છે, જે માત્ર અલ્લાહ તઆલાનું ઈનામ જ ઈનામ છે. વળી, અલ્લાહ તઆલાની રહમતની કોઈ હદ નથી, એ કારણે જો અલ્લાહ તઆલા બીજા કોઈ અમલ ઉપર પણ શબે કદ્ર જેટલો સવાબ આપી દે તો એના રહમતના ખઝાનામાં કશી જ કમી થવાની નથી. જેમ કે, નિમ્ન લિખિત કલિમાત ત્રણ વાર પઢવાથી શબે કદ્રના બરાબર સવાબ મળે છે. આપ પણ એને મોઢે યાદ કરી લો અને આવડો મહાન સવાબ પ્રાપ્ત કરો : (કન્ઝલ ઉમ્માલ : ૨/૨૨૬)

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ الْحَلِيْمُ الْكَرِيْمُ ط سُبْحَانَ اللّٰهِ
رَبِّ السَّمٰوٰتِ السَّبْعِ وَرَبِّ الْعَرْشِ الْعَظِيْمِ ط

(૯) બેહિસાબ સવાબ !

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.) ફરમાવે છે કે રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે અલ્લાહના જે કોઈ બંદાએ નીચે દર્શાવેલા કલિમાત પઢયા તો બે ફરિશ્તાઓ માટે મુશ્કેલ થઈ પડયું કે એમને કેવી રીતે લખે (અર્થાત્ એમનો અજર–સવાબ કેટલો લખે). આ બંને ફરિશ્તા આસમાન પર ચઢયા અને એમણે દરબારે ઈલાહીમાં અરજ કરી : હે અમારા પરવરદિગાર ! તારા બંદાએ એવા કલિમાત કહ્યા છે કે અમારી સમજમાં નથી આવતું કે એમને કેવી રીતે

લખીએ ? ! અલ્લાહ તઆલા બંદાએ કહેલા કલિમાત જાણતો હોવા છતાં (ફરિશ્તાઓને) પૂછે છે કે મારા બંદાએ કયા કલિમાત કહ્યા છે ? ફરિશ્તાઓ કલિમાતને દોહરાવે છે. અલ્લાહ તઆલા ફરમાવે છે કે આ કલિમાતને મારા બંદાએ જેવી રીતે કહ્યા છે, એવી જ રીતે લખી લો. મારી મુલાકાત પર હું જ એને આ કલિમાતનો બદલો અર્પણ કરીશ. (તે કલિમાત આ પ્રમાણે છે) :

يَا رَبِّ لَكَ الْحَمْدُ كَمَا يَنْبَغِيْ لِجَلَالِ
وَجْهِكَ وَعَظِيْمِ سُلْطَانِكَ ط

(ઇબ્ને માજહ)

(૧૦) સિત્તેર હજાર (૭૦,૦૦૦) ફરિશ્તાઓ કિયામત સુધી ઇસ્તિગફાર કરશે

હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને ઉમર (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, નીચેના શબ્દો પઢી જે માણસ અલ્લાહ તઆલાથી જે કંઇ દુઆ માંગશે તે મળશે. તે માણસના આ'માલનામામાં એક હજાર (૧,૦૦૦) નેકીઓ લખી દેવામાં આવશે અને તે માણસ માટે અલ્લાહ તઆલા સિત્તેર હજાર (૭૦,૦૦૦) ફરિશ્તાઓ નક્કી કરશે, જે કિયામત સુધી તે માણસ માટે ઇસ્તિગફાર કરતા રહેશે. (તબરાની)

તે શબ્દો આ રહ્યા :

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ تَوَاضَعَ كُلُّ
شَیْءٍ لِّعَظَمَتِهٖ وَالْحَمْدُ لِلّٰهِ
الَّذِیْ ذَلَّ كُلُّ شَیْءٍ لِّعِزَّتِهٖ
وَالْحَمْدُ لِلّٰهِ الَّذِیْ خَضَعَ كُلُّ
شَیْءٍ لِّمُلْكِهٖ وَالْحَمْدُ لِلّٰهِ الَّذِیْ
اِسْتَسْلَمَ كُلُّ شَیْءٍ لِّقُدْرَتِهٖ ط

(૧૧) વીસ લાખ (૨૦,૦૦,૦૦૦) નેકીઓ મળશે

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِیْكَ لَهٗ
اَحَدًا صَمَدًا لَمْ یَلِدْ وَلَمْ یُوْلَدْ
وَلَمْ یَكُنْ لَّهٗ كُفُوًا اَحَدٌ ط

ફઝીલત : જે માણસ ઉપરોક્ત કલિમહને એક વાર પઢશે તો તેના આ'માલનામામાં વીસ લાખ નેકીઓ લખવામાં આવશે.

(ફઝાઈલે આ'માલ)

વિવરણ : ઉપરોક્ત કલિમાત એક (૧) વખત કહેવા ઉપર વીસ લાખ (૨૦,૦૦,૦૦૦) નેકીઓ મળે છે. જો દરેક ફર્ઝ નમાઝ પહેલાં અથવા પછી આ કલિમાત એક (૧) વખત પઢી લેવામાં આવે તો દરરોજ આસાનીથી એક કરોડ (૧,૦૦,૦૦,૦૦૦) નેકીઓ પ્રાપ્ત થઈ શકે છે. આપ પણ પ્રાપ્ત કરી લો. કાલે આ નેકીઓ ખપ લાગશે, ઈન્શાઅલ્લાહુ તઆલા.

(૧૨) ચાર કરોડ (૪,૦૦,૦૦,૦૦૦) નેકીઓ મળશે

ફઝીલત : હઝરત તમીમે દારી (રહ.)થી રિવાયત છે કે હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ આ (નીચે દર્શાવેલા) કલિમાતને દસ (૧૦) વાર પઢશે તો એના માટે ૪ કરોડ નેકીઓ લખવામાં આવશે :

اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ
لَا شَرِيْكَ لَهٗ اِلٰهًا وَّاحِدًا اَحَدًا
صَمَدًا لَمْ يَتَّخِذْ صَاحِبَةً وَّلَا وَلَدًا
وَلَمْ يَكُنْ لَّهٗ كُفُوًا اَحَدٌ ط

(મુસ્નદે અહમદ, તિરમિઝી, અલ્લામહ સુયૂતી રહ. કૃત જામિઉલ અહાદીષ : ભાગ-૭, પેજ-૭૦)

(૧૩) અગણિત ગુનાહોની માફી

નીચે દર્શાવેલ ઇસ્તિગફાર વિશે હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નો ઇરશાદ છે કે જે વ્યક્તિ (રાતે સૂવા માટે) પોતાના બિસ્તર પર આવે અને ત્રણ વાર આ (નીચે દર્શાવેલા) કલિમાત કહે તો અલ્લાહ તઆલા એના સઘળા (સગીરહ) ગુનાહ માફ ફરમાવી દેશે, ચાહે તે સમુદ્રના કાંપ જેટલા હોય અથવા આલિજ સ્થળની રેતીના રજકણોના બરાબર હોય અથવા વૃક્ષોનાં પાંદડાંના બરાબર હોય અથવા દુનિયાનાં દિવસ–રાતના બરાબર હોય :

اَسْتَغْفِرُ اللّٰهَ الَّذِیْ لَآ اِلٰهَ اِلَّا هُوَ الْحَیُّ الْقَیُّوْمُ وَاَتُوْبُ اِلَیْهِ ط

(તિરમિઝી શરીફ)

(૧૪) સિત્તેર હજાર (૭૦,૦૦૦) ફરિશ્તાઓ બખ્શિશની દુઆ કરશે

اَعُوْذُ بِكَلِمَاتِ اللّٰهِ التَّآمَّاتِ مِنْ شَرِّ مَا خَلَقَ ط

ફાયદો : ઉપરની દુઆ સવાર–સાંજ ત્રણ–ત્રણ વાર પઢવાથી દરેક આફતથી હિફાઝત રહેશે. આ દુઆ પઢનાર માટે ૭૦ હજાર ફરિશ્તા નક્કી કરી આપવામાં આવે છે, જે તેની બખ્શિશ માટે દુઆ કરે છે. (તિર્મિઝી શરીફ)

(૧૫) જહન્નમથી છૂટકારો મળશે

હઝરત અબુ દરદાઅ્ (રદિ.) જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત કરે છે કે ચાર (૪) વખત–

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ ط

–પઢનારને અલ્લાહ તઆલા જહન્નમથી છૂટકારો આપે છે.
(તબરાની)

વિવરણ : દરરોજ **''લા ઈલા-હ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર''** ચાર–ચાર વખત કહેવું કશું જ મુશ્કેલ નથી.

(૧૬) દરિયાનાં ફીણ બરાબર ગુનાહો પણ માફ થઈ જશે

હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને ઉમર (રદિ.) બયાન કરે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું :

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ وَلَاحَوْلَ
وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ ط

પઢનારના ગુનાહો જો દરિયાના ફીણ બરાબર હશે તો પણ માફ કરી દેવામાં આવશે. (તિરમિઝી શરીફ, નસાઇ)

(૧૭) જહન્નમના અઝાબથી નજાત

اَللّٰهُمَّ اِنِّیْ اَصْبَحْتُ اُشْهِدُکَ وَاُشْهِدُ حَمَلَةَ عَرْشِکَ وَمَلٰئِکَتَکَ وَجَمِیْعَ خَلْقِکَ اِنَّکَ اَنْتَ اللّٰهُ لَآاِلٰهَ اِلَّا اَنْتَ وَحْدَکَ لَاشَرِیْکَ لَکَ وَاَنَّ مُحَمَّدًا عَبْدُکَ وَرَسُوْلُکَ ط

આ કલિમાતને સવાર–સાંજ ચાર વખત પઢવા, હદીસ શરીફમાં છે કે, જે માણસ એક વાર પઢશે, તો અલ્લાહ તઆલા એના એક ચતુર્થાંસ (ચોથાઈ) વુજૂદને (જહન્નમના અઝાબથી) આઝાદ કરી દેશે અને જે માણસ બે વખત પઢશે તો એના અડધા વુજૂદને આઝાદ કરી દેશે. જે માણસ ત્રણ વાર પઢશે તો એના પોણા વુજૂદને આઝાદ કરી દેશે અને જે ચાર વાર પઢશે તો એના આખા વુજૂદને માફ કરી દેશે. (નૂરે મુબીન શર્હે હિસ્ને હસીન : ૯૬)

(૧૮) (i) સમગ્ર મુસલમાનોની સંખ્યા બરાબર સવાબ મળશે

હઝરત ઉમ્મે સલમા (રદિ.)થી રિવાયત છે કે, હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો કે, જે માણસ દરરોજ એક વાર (નીચે દર્શાવેલી દુઆ) પઢશે, તો એને દુનિયામાં વસતા તમામ મુઅ્મિનો પૈકી દરેક મુઅ્મિન તરફથી એક–એક નેકી મળશે. (તબરાની કૃત મુઅ્જમે કબીર ૨૩/૭૦,હદીસ નં :૮૭૭)

اَللّٰهُمَّ اغْفِرْ لِیْ وَلِلْمُؤْمِنِیْنَ وَالْمُؤْمِنَاتِ ط

(ii) સમગ્ર દુનિયાવાળાઓના બરાબર નેકીઓ

رَبَّنَا اغْفِرْ لِيْ وَلِوَالِدَيَّ وَلِلْمُؤْمِنِيْنَ يَوْمَ يَقُوْمُ الْحِسَابُ ﴿٤١﴾ (الابراہیم ۱۴:۴۱)

રબ્બનગ્ફિર્લી વલિ વાલિ દય્ય વ લિલ્ મુઅ્મિનીન યવ્મ યકુમુલ્ હિસાબ.

[**અર્થ** : હે મારા પરવરદિગાર ! મને બખ્શી દે અને મારા માં–બાપને બખ્શી દે અને સર્વ ઈમાનવાળાઓની કિયામતના દિવસે મગફિરત કરી આપજે.] (સૂરએ ઈબ્રાહીમ, આયત ૪૧)

અથવા આ દુઆ પઢે :

اَللّٰهُمَّ اغْفِرْ لِيْ وَلِلْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنَاتِ وَالْمُسْلِمِيْنَ وَالْمُسْلِمَاتِ ط (حزب اعظم، دوسری منزل، بروز اتوار)

અલ્લાહુમ્મગ્ફિર્ લી વ લિલ્ મુઅ્મિનાં–ન વલ્ મુઅ્મિનાતિ વલ્ મુસ્લિમી–ન વલ્ મુસ્લિમાત. (હિઝ્બે અઅ્ઝમ, દુસરી મંઝિલ)

[**અર્થ** : હે અલ્લાહ ! મને બખ્શી દે અને તમામ મુઅમિન પુરુષો અને તમામ મુઅમિન સ્ત્રીઓની મગફિરત ફરમાવ અને મુસલમાન પુરુષો અને મુસલમાન સ્ત્રીઓને માફ કરી દે.]

ફઝીલત : (i) હઝરત ઉબાદહ બિન સામિત (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જે બંદો ઈમાનવાળા પુરુષો અને સ્ત્રીઓ માટે અલ્લાહ તઆલાથી મગફિરત માગશે તો એના માટે દરેક મુઅમિન પુરુષ

અને દરેક મુઅમિન સ્ત્રી પૈકી એક એક નેકી લખવામાં આવશે. (મુઅઝમે કબીર લિત્તબરાની, બહવાલા–મઆરિફુલ હદીસ, પેજ ૩૨૫, ભાગ ૫)

ફઝીલત : (ii) બીજી હદીસ શરીફમાં વર્ણન છે કે જે માણસ ઉપરોક્ત દુઆ સત્તાવીસ (૨૭) વખત પઢશે અથવા દુઆએ મગફિરત કરશે તે અલ્લાહ તઆલાના તે પ્રિય બંદાઓમાં શામિલ થઈ જશે, જેમની દુઆઓ કબૂલ થાય છે અને જેમની બરકતથી દુનિયાવાળાઓને રોઝી પ્રાપ્ત થાય છે. (મુઅઝમે કબીર, તબરાની, બહવાલા મઆરિફુલ હદીસ, પેજ ૩૨૬, ભાગ ૫)

(૧૯) સાત હજાર (૭,૦૦૦) વખત તસ્બીહ પઢવાથી પણ બેહતર દુઆ

હઝરત મુઆઝ (રદિ.)ની એક રિવાયતમાં છે કે ફજરની નમાઝ પછી હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની મજલિસ શરીફમાં ઈલ્મી મુઝાકરહ (વાર્તાલાપ) થતો હતો. આપ (સલ.) સહાબએ કિરામ (રદિ.)ને તાલીમ ફરમાવ્યા કરતા હતા; પરંતુ હઝરત મુઆઝ (રદિ.) શરૂઆતમાં જમાઅતની સલામ ફેરવ્યા પછી ઘરે તશરીફ લઈ જતા હતા. એક વખત ફરમાવ્યું : હે મુઆઝ ! સવારમાં અમારી મજલિસમાં તમે કેમ આવતા નથી ? હઝરત મુઆઝ (રદિ.)એ એવું કહીને મઅઝિરત ફરમાવી દીધી કે સવારમાં સાત હજાર વખત તસ્બીહ પઢવાનો મારો મા'મૂલ (નિત્યકર્મ) છે. જો હું કોઈક ઠેકાણે બેસી જાઉં છું તો પછી મારો આ મા'મૂલ પૂરો થવા પામતો નથી.

આપ (સલ.)એ ફરમાવ્યું : શું હું તમને એવી દુઆ ન બતાવી દઉં, જેને એકવાર પઢી લેવું સાત હજાર તસ્બીહ પઢવાથી બેહતર હોય ? અરજ કરી : જરૂર ઈરશાદ ફરમાવો. ઈરશાદ ફરમાવ્યો :

لَآاِلٰهَ اِلَّااللّٰهُ عَدَدَ رِضَاهُ
لَآاِلٰهَ اِلَّااللّٰهُ زِنَةَ عَرْشِهٖ،
لَآاِلٰهَ اِلَّااللّٰهُ عَدَدَ خَلْقِهٖ،
لَآاِلٰهَ اِلَّااللّٰهُ مِلْأَ سَمٰوَاتِهٖ،
لَآاِلٰهَ اِلَّااللّٰهُ مِلْأَ اَرْضِهٖ،
لَآاِلٰهَ اِلَّااللّٰهُ مِلْأَ مَا بَيْنَهُمَا،
لَآاِلٰهَ اِلَّااللّٰهُ مِثْلَ ذٰلِكَ مَعَهٗ،
وَاللّٰهُ اَكْبَرُ مِثْلَ ذٰلِكَ مَعَهٗ،
وَالْحَمْدُلِلّٰهِ مِثْلَ ذٰلِكَ مَعَهٗ،

એકવાર આ દુઆને પઢી લેવું સાત હજાર તસ્બીહ પઢવા બરાબર છે. (કન્ઝુલ ઉમ્માલ : ૧/૪૪૨)

(૨૦) રાત-દિવસ ઝિક્ર કરવાથી બેહતર

હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ હઝરત અબુ દરદાઅ્ (રદિ.)ને ફરમાવ્યું કે હું તમને એક એવી ચીજ બતાવું છું, જે રાત-દિવસ ઝિક્ર કરવાથી બેહતર છે અને તે નીચે (પ્રમાણે) છે : (હિસ્ને હસીન અરબી, પેજ-૧૯૫, ઉર્દૂ પેજ-૨૬૭)

سُبْحَانَ اللّٰهِ عَدَدَمَاخَلَقَ وَسُبْحَانَ اللّٰهِ مِلْأَمَا
خَلَقَ وَسُبْحَانَ اللّٰهِ عَدَدَكُلِّ شَيْءٍ وَّسُبْحَانَ اللّٰهِ
مِلْأَكُلِّ شَيْءٍ وَّسُبْحَانَ اللّٰهِ عَدَدَمَا اَحْصٰى كِتَابُهٗ

وَسُبْحَانَ اللّٰهِ مِلْأَ مَا اَحْصٰى كِتَابُهٗ وَالْحَمْدُ لِلّٰهِ
عَدَدَ مَاخَلَقَ وَالْحَمْدُ لِلّٰهِ مِلْأَ مَاخَلَقَ وَالْحَمْدُ
لِلّٰهِ عَدَدَ كُلِّ شَيْءٍ وَّالْحَمْدُ لِلّٰهِ مِلْأَ كُلِّ شَيْءٍ
وَّالْحَمْدُ لِلّٰهِ عَدَدَ مَا اَحْصٰى كِتَابُهٗ وَالْحَمْدُ لِلّٰهِ
مِلْأَ مَا اَحْصٰى كِتَابُهٗ ط

(૨૧) માં-બાપનો હક અદા કરવાની દુઆ

(i) અલ્લામહ અયની (રહ.)એ શર્હે બુખારીમાં એક હદીસ નકલ ફરમાવી છે કે, જો કોઈ વ્યક્તિ એક વખત આ (નીચે દર્શાવેલી) દુઆ પઢશે અને પછી દુઆ કરશે કે, હે અલ્લાહ ! આનો સવાબ મારાં વાલિદૈનને પહોંચાડી દે, તો જાણે તેણે પોતાના વાલિદૈનનો હક અદા કરી દીધો. તે દુઆ નીચે પ્રમાણે છે : (ફઝાઈલે સદકાત : ૨૦૬, શમાઈલે કુબ્રા ઉર્દૂ : ૪/૪૪૮)

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ رَبِّ السَّمٰوٰتِ وَرَبِّ
الْاَرْضِ وَرَبِّ الْعٰلَمِيْنَ وَلَهُ الْكِبْرِيَآءُ فِي السَّمٰوٰتِ
وَالْاَرْضِ وَهُوَالْعَزِيْزُالْحَكِيْمُ ط اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ
السَّمٰوٰتِ وَرَبِّ الْاَرْضِ وَرَبِّ الْعٰلَمِيْنَ وَلَهُ النُّوْرُ
فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ وَهُوَالْعَزِيْزُالْحَكِيْمُ ط

(ii) જે માણસ આ (નીચે દર્શાવેલ) દુઆ પઢશે તો જાણે એણે માં-બાપનો હક અદા કરી દીધો :

એક રિવાયતમાં વર્ણન છે કે, જે માણસ પોતાના માં–બાપ તરફથી હજ કરે તો એમને (માં–બાપ)ને એક હજનો સવાબ મળે છે અને હજ કરનારને નવ (૯) હજજનો સવાબ મળે છે.

(ફઝાઈલે સદકાત, પેજ–૨૧૫)

અલ્લામહ અયની (રહ.)એ શર્હે બુખારીમાં એક હદીસ નકલ કરી છે કે જે માણસ એક વખત આ દુઆ પઢે અને ત્યાર બાદ આમ કહે કે હે અલ્લાહ ! આ દુઆનો સવાબ મા માં–બાપને પહોંચાડી દે તો એણે માં–બાપનો હક અદા કરી દીધો. દુઆ આ છે :

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ ط رَبِّ السَّمٰوٰتِ وَرَبِّ
الْاَرْضِ وَرَبِّ الْعَالَمِيْنَ ط وَلَهُ الْكِبْرِيَآءُ فِي السَّمٰوٰتِ
وَالْاَرْضِ وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ط لِلّٰهِ الْحَمْدُ رَبِّ
السَّمٰوٰتِ وَرَبِّ الْاَرْضِ وَرَبِّ الْعَالَمِيْنَ ط وَلَهُ الْعَظَمَةُ
فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ط هُوَ
الْمَلِكُ رَبُّ السَّمٰوٰتِ وَرَبُّ الْاَرْضِ وَرَبُّ الْعٰلَمِيْنَ ط
وَلَهُ النُّوْرُ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ط

(૨૨) મૂલ્યવાન પાંચ કલિમાત

અલ્લાહના પ્યારા રસૂલ હઝરત મુહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ હઝરત અલી (ક. વ.)ને ફરમાવ્યું કે (હે અલી રદિ. !) તમને પાંચ હજાર બકરીઓ આપું યા પાંચ કલિમાત બતાવી દઉં, જેમાં તમારા માટે દુનિયા અને આખિરતની સફળતા છે ? હઝરત અલી (ક. વ.)એ અરજ કરી : યા રસૂલલ્લાહ (સલ.) ! પાંચ હજાર બકરીઓ તો (દુન્યવી દષ્ટિએ) ઘણી વધુ છે; પરંતુ મને તો પેલા પાંચ કલિમાત જ બતાવી દો (જે દુનિયા અને આખિરતની કામિયાબીનું નિમિત્ત છે). **હઝરત અલી (ક. વ.)ની વિનંતી પર હુઝૂરે અકદસ (સલ.)એ આ દુઆ બતાવી :** *(ઇબ્નુન્નજ્જાર, કન્ઝુલ ઉમ્માલ : ૨/૬૮૨)*

اَللّٰهُمَّ اغْفِرْلِیْ ذَنْبِیْ وَوَسِّعْ لِیْ خُلُقِیْ
وَطَیِّبْ لِیْ كَسْبِیْ وَقَنِّعْنِیْ بِمَارَزَقْتَنِیْ
وَلَاتُذْهِبْ قَلْبِیْ اِلٰی شَیْءٍ صَرَّفْتَهٗ عَنِّیْ ط

(૨૩) અઘધઘ સવાબ !

ઉમ્મુલ મુઅમિનીન હઝરત જુવયરિય્યહ (રદિ.) ફરમાવે છે કે હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ફજરની નમાઝ વખતે યા ફજરની નમાઝ પછી એમની પાસે તશરીફ લઈ ગયા અને આપ પોતાના મુસલ્લા પર બેસીને (તસ્બીહ પઢવામાં મશગૂલ હતાં). હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ચાશ્તની નમાઝ બાદ પાછા ફરીવાર તશરીફ લાવ્યા, તો આપ એ જ સ્થિતિમાં બેઠેલાં હતાં. હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ આપને પૂછયું : તમે એ જ સ્થિતિ પર (બેઠેલાં)

છો, જેના પર મેં તમને છોડયાં હતાં ? એમણે અરજ કરી : જી હા. હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : મેં તમારાથી જુદાઈ પછી ચાર કલિમાત ત્રણ વાર પઢયા છે. જો એ કલિમાતને તે સૌ વઝાઈફના મુકાબલામાં તોલવામાં આવે, જે તમે સવારથી અત્યાર સુધી પઢયાં છો, તો એ કલિમાતનું વજન વધી જશે. તે કલિમાત આ છે :

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ عَدَدَ خَلْقِهٖ وَرِضٰى
نَفْسِهٖ وَزِنَةَ عَرْشِهٖ وَمِدَادَ كَلِمَاتِهٖ ط

(મુસ્લિમ, અબૂ અવાનહ, અસ્હાબે સુનને અરબઅહ)

(૨૪) છ (૬) નેઅમતો

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે હઝરત ઉસ્માન ગની (રદિ.) હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની ખિદમતમાં હાજર થયા અને હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને અરજ કરી કે યા રસૂલલ્લાહ (સલ.) ! કુર્આને કરીમની આયત ''લહુ મકાલીદુસ્સમાવાતિ વલ અર્દિ'' (આકાશ અને પૃથ્વીની ચાવીઓ અલ્લાહ તઆલાના અંકુશમાં છે)થી શું મુરાદ છે ? આપે (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ઈરશાદ ફરમાવ્યો : (આકાશ અને જમીનની ચાવીઓથી) આ કલિમાત મુરાદ છે :

سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَآ اِلٰهَ
اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ وَلَا حَوْلَ وَلَا
قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ ط اَلْاَوَّلُ

وَالْاٰخِرُ وَالظَّاهِرُ وَالْبَاطِنُ ۚ بِيَدِهِ الْخَيْرُ
يُحْيِيْ وَيُمِيْتُ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ۝

હે ઉસ્માન (રદિ.) ! જે માણસ આ કલિમાત સવાર–સાંજ દસ દસ વખત પઢશે તો અલ્લાહ તઆલા એને છ (૬) નેઅમતોથી નવાઝશે :

(૧) શયતાન અને એના લશ્કરથી એની હિફાઝત ફરમાવશે.

(૨) એને અજર–સવાબનો મોટો ઢગ અર્પણ કરાશે.

(૩) હૂરે ઈન (સુંદર આંખોવાળી હૂર) જોડે એના નિકાહ કરાશે.

(૪) એના ગુનાહ માફ કરી દેવામાં આવશે.

(૫) તે (જન્નતમાં) હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલાતુ વસ્સલામ)ની સાથે હશે.

(૬) બાર ફરિશ્તા એની મૌત વખતે (એની પાસે) હાજર રહેશે અને તેને જન્નતની બશારત સંભળાવશે અને તેને કબરમાંથી આદર–ઈઝ્ઝત અને સન્માન સાથે લઈ જશે. જો તે કિયામતના ભયાનક સંજોગોથી ગભરાશે તો ફરિશ્તા એને તસલ્લી આપશે અને કહેશે કે ગભરાવો નહિ, તમે કિયામતની ભયાનકતાઓથી અમન અને હિફાઝતમાં રહેવાવાળાઓમાં છો. પછી અલ્લાહ તઆલા એનાથી અત્યંત આસાન હિસાબ લેશે અને તેને જન્નતમાં લઈ જવાનો હુકમ આપશે. જેમ કે, ફરિશ્તાઓ એને મેદાને હશ્રમાંથી જન્નત તરફ એવા સન્માન, ઈઝ્ઝત અને આદર સાથે લઈ જશે, જેવી રીતે દુલ્હન (નવોઢા)ને લઈ જવામાં

આવે છે અને અલ્લાહ તઆલાના હુકમથી ફરિશ્તા એને જન્નતમાં દાખલ કરી દેશે, જ્યારે કે બીજા લોકો હિસાબ-કિતાબની વિકટ અને કપરી પરિસ્થિતિમાં સપડાયેલા હશે.

(રૂહુલ મઆની : ભાગ-૨૪, પેજ-૨૨)

(૨૫) (i) સિત્તેર (૭૦) વખત રહમતભરી નજરની નવાઝિશ

જે માણસ એકવાર સૂરએ ફાતિહા, એકવાર આયતુલ કુર્સી અને એકવાર નીચે દર્શાવેલી આયતો પાંચેય નમાઝો પછી પઢશે તો જન્નત એનું ઠેકાણું બનશે અને અલ્લાહ તઆલા દરરોજ એના તરફ સિત્તેર વખત નજરે રહમત (કૃપાભરી દૃષ્ટિ)થી નિહાળશે તથા એની સિત્તેર હાજતોને પૂરી ફરમાવશે અને એની મગફિરત ફરમાવશે : (ઇબ્નુસ્સુન્ની)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

شَهِدَ اللّٰهُ اَنَّهٗ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۙ وَالْمَلٰٓئِكَةُ
وَاُولُوا الْعِلْمِ قَآئِمًۢا بِالْقِسْطِ ؕ لَآ اِلٰهَ اِلَّا هُوَ الْعَزِيْزُ
الْحَكِيْمُ ﴿۱۸﴾ اِنَّ الدِّيْنَ عِنْدَ اللّٰهِ الْاِسْلَامُ ۗ وَمَا
اخْتَلَفَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ اِلَّا مِنْۢ بَعْدِ مَا
جَآءَهُمُ الْعِلْمُ بَغْيًۢا بَيْنَهُمْ ؕ وَمَنْ يَّكْفُرْ بِاٰيٰتِ اللّٰهِ
فَاِنَّ اللّٰهَ سَرِيْعُ الْحِسَابِ ﴿۱۹﴾ (اٰلِ عمران ۳:۱۸-۱۹)

قُلِ اللّٰهُمَّ مٰلِكَ الْمُلْكِ تُؤْتِي الْمُلْكَ مَنْ تَشَآءُ
وَتَنْزِعُ الْمُلْكَ مِمَّنْ تَشَآءُ ۚ وَتُعِزُّ مَنْ تَشَآءُ
وَتُذِلُّ مَنْ تَشَآءُ ؕ بِيَدِكَ الْخَيْرُ ؕ اِنَّكَ عَلٰى كُلِّ
شَيْءٍ قَدِيْرٌ ﴿٢٦﴾ (اٰلِ عمران ૩:૨૬)

● (ii) અઝીમુશ્શાન (ભવ્ય) વઝીફો :

હઝરત અબૂ અય્યૂબ અન્સારી (રદિ.)થી મરફૂઅન્ રિવાયત છે કે જ્યારે સૂરએ ફાતિહા, આયતુલ કુર્સી, આયત શહિદલ્લાહુ.... અને કુલિલ્લાહુમ્મ માલિકુલ મુલ્કિ....બિગયૂરિ હિસાબિન્.... સુધી નાઝિલ થઈ તો અર્શથી લટકીને (આ સૂરતોએ) ફરિયાદ કરી કે તમે અમને એવી કૌમ પર નાઝિલ ફરમાવી રહ્યા છો, જેઓ ગુનાહ કરે છે. અલ્લાહ તઆલાએ ઇરશાદ ફરમાવ્યો કે સોગંદ છે મારી ઇઝ્ઝત, જલાલ, પ્રતિષ્ઠાના કે જેઓ દરેક ફર્ઝ નમાઝના પછી તમારી તિલાવત કરશે હું એની મગફિરત ફરમાવીશ અને જન્નતુલ ફિરદૌસમાં સ્થાન–ઠેકાણું આપીશ અને દરરોજ એના તરફ સિત્તેર વખત નજરે રહમત (કૃપાભરી દૃષ્ટિ)થી નિહાળીશ અને એની સિત્તેર (૭૦) હાજતો–જરૂરતોને પૂરી ફરમાવીશ, જેનો હલકો દરજ્જો મગફિરત છે. (દયલમી)

ફાયદો : અમુક રિવાયતોમાં વર્ણન છે કે હું એને દુશ્મનો પર ગલબો (સર્વોપરિતા) આપીશ.

પઢવાની રીત : અલ્હમ્દુ શરીફ, આયતુલ કુર્સી પઢીને આ આયત પઢે :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

شَهِدَ اللّٰهُ اَنَّهٗ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۙ وَالْمَلٰٓئِكَةُ
وَاُولُوا الْعِلْمِ قَآئِمًۢا بِالْقِسْطِ ؕ لَآ اِلٰهَ اِلَّا هُوَ الْعَزِيْزُ
الْحَكِيْمُ ﴿۱۸﴾ اِنَّ الدِّيْنَ عِنْدَ اللّٰهِ الْاِسْلَامُ ۗ وَمَا
اخْتَلَفَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ اِلَّا مِنْۢ بَعْدِ مَا
جَآءَهُمُ الْعِلْمُ بَغْيًۢا بَيْنَهُمْ ؕ وَمَنْ يَّكْفُرْ بِاٰيٰتِ اللّٰهِ
فَاِنَّ اللّٰهَ سَرِيْعُ الْحِسَابِ ﴿۱۹﴾ (اٰلِ عمران ۳:۱۸-۱۹)

પછી આ આયત પઢે :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

قُلِ اللّٰهُمَّ مٰلِكَ الْمُلْكِ تُؤْتِي الْمُلْكَ مَنْ تَشَآءُ
وَتَنْزِعُ الْمُلْكَ مِمَّنْ تَشَآءُ ۫ وَتُعِزُّ مَنْ تَشَآءُ
وَتُذِلُّ مَنْ تَشَآءُ ؕ بِيَدِكَ الْخَيْرُ ؕ اِنَّكَ عَلٰى كُلِّ
شَيْءٍ قَدِيْرٌ ﴿۲۶﴾ تُوْلِجُ الَّيْلَ فِي النَّهَارِ وَتُوْلِجُ
النَّهَارَ فِي الَّيْلِ ۫ وَتُخْرِجُ الْحَيَّ مِنَ الْمَيِّتِ
وَتُخْرِجُ الْمَيِّتَ مِنَ الْحَيِّ ۫ وَتَرْزُقُ مَنْ تَشَآءُ
بِغَيْرِ حِسَابٍ ﴿۲۷﴾ (اٰلِ عمران ۳:۲۶-۲۷)

(૨૬) પઢવા પછી ગુજરી જશે તો જન્નતી છે

સય્યિદુલ ઇસ્તિગફાર :

اَللّٰهُمَّ اَنْتَ رَبِّیْ لَآ اِلٰهَ اِلَّا اَنْتَ
خَلَقْتَنِیْ وَ اَنَا عَبْدُکَ وَ اَنَا عَلٰی
عَهْدِکَ وَ وَعْدِکَ مَا اسْتَطَعْتُ
اَعُوْذُبِکَ مِنْ شَرِّ مَا صَنَعْتُ
اَبُوْءُ لَکَ بِنِعْمَتِکَ عَلَیَّ وَاَبُوْءُ لَکَ
بِذَنْبِیْ فَاغْفِرْ لِیْ فَاِنَّهٗ لَا یَغْفِرُ
الذُّنُوْبَ اِلَّا اَنْتَ ط

ફઝીલત : હઝરત રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત છે કે, જે માણસ મજકૂર ઇસ્તિગફારને સવાબનું યકીન રાખીને દિવસે પઢશે અને તે જ દિવસે તેનો ઇન્તિકાલ થઇ જશે તો તે જન્નતી છે અને જે માણસ ઉપરોક્ત ઇસ્તિગફારને સવાબનું યકીન રાખીને રાતે પઢશે અને સવાર થતાં પહેલાં એની વફાત થઇ જશે તો તે જન્નતી છે. (બુખારી શરીફ)

(૨૭) આગલા-પાછલા ગુનાહો માફ થઈ જશે

''યા રબ્બિગ્ફિર લી'' સિજદામાં ત્રણવાર પઢવાથી આગલા-પાછલા ગુનાહો માફ થઈ જાય છે. (હદીસ)

(શર્હે અસ્માઉલ્ હુસ્ના-હિસ્ને હસીન) અસ્માઉલ હુસ્ના દારુલ ઉલૂમ, ભરૂચ પ્રકાશન નં. ૬૫, પેજ-૩૦)

(૨૮) દરેક નજર બદલ એક મકબૂલ હજનો સવાબ

હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે નેક અવલાદ પોતાના વાલિદૈન (અથવા એમનામાંથી કોઈ એક) પર હેતપ્રેમ, શફકત અને મુહબ્બતની નજર નાખશે, તો અલ્લાહ તઆલા તેને પ્રત્યેક નજરના બદલે એક મકબૂલ હજ(નો સવાબ) અર્પણ કરે છે. સહાબા (રદિ.)એ અરજ કરી : (હે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ! જો કોઈ માણસ) દરરોજ સો (૧૦૦) વાર એમના પર નજર નાખે (તો પણ પ્રત્યેક નજરના બદલામાં તેને આ સવાબ મળશે ?) આપ (સલ.)એ ફરમાવ્યું : હા, (અને આપે આ પણ ફરમાવ્યું કે) અલ્લાહ તઆલા(ની ઝાત આપણા ગુમાન અને અનુમાનથી ઉચ્ચતર છે અને) અતિ મહાન છે તથા બહુ

પાક છે (તે દરેક પ્રકારની અધૂરપ, ક્ષતિ અને ઐબથી પાક છે, જેથી દરેક નજર બદલ આવો અને આવડો મહાન સવાબ દેવો એના માટે કંઈ જ મુશ્કેલ નથી).

(મિશ્કાત)

સ્પષ્ટીકરણ : જો આપનાં માં–બાપ બંને યા એમના પૈકી કોઈ એક હયાત છે તો આપ ઘણાં ખુશનસીબ છો. હૃદયપૂર્વક એમની ખિદમત કરો, એમની દિલી દુઆઓ પ્રાપ્ત કરો અને એમના પર શફકત અને આદરની દરેક નજરના બદલામાં એક મકબૂલ હજનો સવાબ પ્રાપ્ત કરો. આ પ્રમાણે આસાનીથી સેંકડો હજનો સવાબ પ્રાપ્ત કરવાની આપ સઆદત મેળવી શકો છો. મારા ભાઈઓ ! જેમના ચહેરા પર હેતપ્રેમ, શફકત અને મુહબ્બતથી એક નજર નાખશો તો દરેક નજર પર અલ્લાહ પાક તેને એક મકબૂલ હજ(નો સવાબ) આપશે. તો જે માણસ તેમની સેવા કરશે, તેમની જરૂરિયાતો અલ્લાહને રાજી અને ખુશ કરવા પૂરી કરશે તો અલ્લાહ પાક તેને તે બદલ શું સવાબ આપશે ! કોઈનાં વહમો–ગુમાનમાં પણ આવી શકતું નથી ! અલ્લાહ પાક માં–બાપની સેવા કરવાની ભરપૂર તૌફીક અતા ફરમાવે, આમીન !

(૨૯) શુક્રિયહ અદા કરવાની જામિઅ્ (સર્વગ્રાહી) દુઆ

اَللّٰهُمَّ لَكَ الْحَمْدُ حَمْدًا دَائِمًا
مَعَ دَوَامِكَ وَلَكَ الْحَمْدُ حَمْدًا

خَالِدًا مَعَ خُلُوْدِكَ وَلَكَ الْحَمْدُ
حَمْدًا لَامُنْتَهٰى لَهٗ دُوْنَ مَشِيَّتِكَ
وَلَكَ الْحَمْدُ حَمْدًا لَايُرِيْدُ قَائِلُهٗ
اِلَّارِضَاكَ وَلَكَ الْحَمْدُ حَمْدًا عِنْدَ
طَرْفَةِ كُلِّ عَيْنٍ وَّتَنَفُّسِ كُلِّ نَفَسٍ ط

("આસાન નાકયા", પજ-૪૦/૪૧)

એમ તો શુક્ર કરવા માટે કોઈ શબ્દ નિયુક્ત નથી. દરેક ઈન્સાન પોતાની ભાષામાં પણ શુક્ર અદા કરી શકે છે; પરંતુ હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ શુક્ર અદા કરવા માટે એવા જામિઅ્ (સર્વગ્રાહી) શબ્દો પણ શીખવ્યા છે, જેનાથી એકવારમાં જ હજારો વાર શુક્ર અદા કરવાનો ફાયદો હાસિલ થઈ શકે છે. તે શબ્દો આ પ્રમાણે છે :

(૩૦) અલ્લાહની નેઅમતોનો શુક્રિયહ અદા કરી લીધો

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જે માણસ સવારે નીચેના કલિમાતને પઢી લેશે તો તે માણસે તે દિવસની અલ્લાહની નેઅમતોનો શુક્રિયહ અદા કરી લીધો અને સાંજે આ કલિમાત પઢી લેશે તો રાતની અલ્લાહની નેઅમતોનો શુક્રિયહ અદા કરી દીધો. (અબૂ દાવૂદ શરીફ, નસાઈ)

તે કલિમાત આ પ્રમાણે છે :

اَللّٰهُمَّ مَا اَصْبَحَ بِيْ مِنْ نِّعْمَةٍ
اَوْ بِاَحَدٍ مِّنْ خَلْقِكَ فَمِنْكَ

وَحْدَكَ لَا شَرِيْكَ لَكَ فَلَكَ
الْحَمْدُ وَلَكَ الشُّكْرُ ط

સૂચના : મજકૂર દુઆ જો સાંજે પઢે તો ''મા અસ્બહ બી''ની જગ્યાએ ''મા અમ્સા બી'' પઢે.

(૩૧) રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સિફારિશ વાજિબ થશે

અઝાન પછી પઢવાની દુઆ :

અઝાન પૂરી થયા પછી દુરૂદ શરીફ પઢીને આ દુઆ પઢવી :

આ દુઆ પઢી લેવાથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સિફારીશ વાજિબ થઇ જાય છે. (મિશ્કાત)

اَللّٰهُمَّ رَبَّ هٰذِهِ الدَّعْوَةِ التَّآمَّةِ
وَالصَّلٰوةِ الْقَائِمَةِ اٰتِ مُحَمَّدَنِ الْوَسِيْلَةَ
وَالْفَضِيْلَةَ وَابْعَثْهُ مَقَامًا مَّحْمُوْدَ
نِ الَّذِىْ وَعَدْتَّهٗ اِنَّكَ لَا تُخْلِفُ الْمِيْعَادَ ط

(૩૨) વીસ હજાર નેકીઓ અને.....

(૧) ખતીબ બગદાદીએ રિવાયત કરી છે કે હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઇરશાદ ફરમાવ્યો :

કોઈ વ્યક્તિ મુઅઝ્ઝિનને અઝાન કહેતાં સાંભળે ત્યારે જો આ (નીચે દર્શાવેલા કલિમાત) પઢશે તો અલ્લાહ તઆલા એના માટે વીસ હજાર નેકીઓ લખી આપે છે અને એના વીસ હજાર ગુનાહોને મિટાવી દે છે તથા એના વીસ હજાર દરજાત બુલંદ કરી આપે છે. (તે કલિમાત આ પ્રમાણે છે) :

مَرْحَبًا بِالْقَائِلِيْنَ عَدْلًا
مَرْحَبًا بِالصَّلٰوةِ اَهْلًا وَّسَهْلًا

(અલ્લામહ સુયૂતી રહ. કૃત "જામિઉલ અહાદીષ" ભાગ–૭, પેજ–૩૧૩)

(૨) બીજી એક હદીસમાં એક કરોડ (૧,૦૦,૦૦,૦૦૦) ગુનાહ માફ થશે. એક કરોડ (૧,૦૦,૦૦,૦૦૦) નેકીઓ મળશે અને એક કરોડ (૧,૦૦,૦૦,૦૦૦) દરજાત બુલંદ થશે વાળી ફઝીલત પણ આવી છે.

(નુઝ્હતુલ મજાલિસ, પેજ–૧૧૭, મુફીદ દુઆઓંકા ગુલદસ્તા, દારુલ ઉલૂમ કંથારીઆ, પ્રકાશન નં. ૩૫૮)

(૩૩) કબરમાં ગભરાહટ થશે નહિ

હઝરત અલી (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, "જે માણસ દરરોજ સવારે સો (૧૦૦) વખત અને સાંજે સો (૧૦૦) વખત નીચેના મુબારક કલિમહને પઢશે તો તે મોહતાજી અને ભૂખમરાથી બચેલો રહેશે. ગિના એટલે કે દૌલતમંદીનો દરવાજો તેના પર ઊઘડી જશે. તેને કબરમાં કોઈ પણ પ્રકારનો ગભરાહટ કે વહશત થશે નહિ અને તેના માટે જન્નતનાં આઠેય દરવાજાઓ ખુલી જશે. તે મુબારક કલિમહ આ રહ્યા :

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ الْمَلِكُ الْحَقُّ الْمُبِيْنُ ط
مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ صَادِقُ الْوَعْدِ الْاَمِيْنُ ط

(વઝાઈફે અશરફિય્યહ, પેજ-૧૦૪)

(૩૪) મજલિસની ખામીઓ માફ કરી દેવામાં આવશે

(૧) હઝરત અબૂ હુરયરહ (રદિ.) બયાન કરે છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''કોઈ માણસ કોઈ એવી મજલિસમાં શામિલ થયો જયાં પ્રકાર-પ્રકારની વાતો થતી રહી અને ત્યાંથી ઊઠતી વેળા તેણે નીચેના શબ્દો પઢી લીધા, તો એ મજલિસની સર્વે ખામીઓ માફ કરી દેવામાં આવે છે અને જો કોઈ ખતા થાય તો બખ્શી દેવામાં આવે છે. એ કલિમાત આ રહ્યા. (તિરમિઝી શરીફ, ફઝાઈલે આ'માલ)

સાર : મજલિસમાં જયારે લોકો એકઠા થાય છે તો જીભે કોઈ ને કોઈ બેમોકા વાત નીકળી જ જાય છે :

سُبْحَانَكَ اللّٰهُمَّ وَبِحَمْدِكَ اَشْهَدُ
اَنْ لَّآ اِلٰهَ اِلَّا اَنْتَ اَسْتَغْفِرُكَ
وَاَتُوْبُ اِلَيْكَ ط

(૨) જે માણસે વુઝૂ પછી ઉપરની દુઆ પઢી તો એ શબ્દોને તેના નામ-એ-આ'માલમાં એક કાગળ ઉપર લખી મહોર (સીલ) મારી દેવામાં આવે છે. કિયામત સુધી એ મહોર (સીલ) તોડવામાં આવતી નથી. એ કાગળ સલામત રહેશે. (હાકિમ)

(૩૫) જહન્નમથી બચેલો (મહફૂઝ) રહેશે

ફજર અને મગરિબની નમાઝ પછી પઢવાની દુઆ :

હઝરત મુસ્લિમ તમીમી (રદિ.)ને રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઇરશાદ ફરમાવ્યો કે મગરિબની નમાઝથી ફારિગ થયા પછી કોઈનાથી વાત કરતા પહેલાં સાત વખત આ શબ્દો કહો :

اَللّٰهُمَّ اَجِرْنِيْ مِنَ النَّارِ ط

અર્થ : હે અલ્લાહ તઆલા ! મને દોઝખથી મહફૂઝ રાખજે.

જ્યારે તમે આ શબ્દો કહી લેશો અને પછી જો એ જ રાતે તમે મૃત્યુ પામશો તો દોઝખથી મહફૂઝ રહેશો. જો કોઈ માણસ આ દુઆને ફજરની નમાઝ પછી કોઈથી વાત કરવા પહેલાં સાત વાર પઢી લેશે અને તે જ દિવસે વફાત પામશે તો દોઝખથી મહફૂઝ રહેશે. (મિશ્કાત, અબૂ દાવૂદ)

(૩૬) પઢનાર જન્નતી છે

رَضِيْتُ بِاللّٰهِ رَبًّا وَّبِالْاِسْلَامِ دِيْنًا وَّبِمُحَمَّدٍ (صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ) نَبِيًّا ط

આ દુઆ સવાર–સાંજ ત્રણવાર પઢનાર જન્નતી છે.

(અબૂ દાવૂદ શરીફ, તિરમિઝી શરીફ)

હદીસના શબ્દો એ છે કે "અલ્લાહ તઆલા ઉપર એ હક્ક છે કે એ બંદાને કિયામતના દિવસે રાજી અને ખુશ કરી દે."

(તિરમિઝી શરીફ)

(૩૭) જનાઝહ નિહાળીને દુઆ પઢવા બદલ મળતો અપાર સવાબ

હઝરત અનસ (રદિ.)એ રિવાયત બયાન કરી છે કે, જે માણસ જનાઝહ નિહાળીને (નીચે દર્શાવેલી) દુઆ પઢશે, તો (આ દુઆ) પઢવાના દિવસથી લઈને કિયામત સુધી દરરોજ એના માટે વીસ (૨૦) નેકીઓ લખાતી રહેશે :

اَللّٰهُ اَكْبَرُ، صَدَقَ اللّٰهُ هٰذَا مَاوَعَدَاللّٰهُ
وَرَسُوْلُهٗ، اَللّٰهُمَّ زِدْنَا اِيْمَانًا وَّتَسْلِيْمًا ط

('મૌતકી તૈયારી' : પેજ–૧૦૧, લેખક : હઝ. મવ. પીર ઝુલફિકાર અહમદ નક્શબંદી સા. મ. ઝિ.)

જરા વિચારો ! લખલૂટ સવાબ પામવાનો કેવો અજીબ નુસખો છે.... એક દિવસની વીસ નેકીઓ લેખે ઓછામાં ઓછા ફક્ત ૫૦ વર્ષની નેકીઓ ગણીએ તો પણ ૩,૬૫,૦૦૦ નેકીઓ થાય છે, પણ આ તો વાત છે કિયામત સુધીના વર્ષોની. અલ્લાહ જાણે કિયામતના આગમનને કેટલા વર્ષો છે ? ! તદુપરાંત, આ તો એક જ વખત પઢવાનો આવડો મોટો સવાબ છે, પરંતુ જો અનેક જનાઝાઓ નિહાળીને આ દુઆ પઢવામાં આવે તો કેટલી અઢળક નેકીઓ મળતી રહેશે ? ! અલ્લાહ તઆલાના ખઝાનામાં કશી કમી નથી. તે મહા દાતા અને ઉદાર છે.

(૩૮)

દુરૂદે ઈબ્રાહીમ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا
صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ
حَمِيْدٌ مَّجِيْدٌ ط اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ
وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ
وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

●●●

(૩૯) સવાબ બેહિસાબ

يَارَبِّ صَلِّ وَسَلِّمْ دَائِمًا اَبَدًا
عَلٰى حَبِيْبِكَ خَيْرِالْخَلْقِ كُلِّهِمِ

(ઈમાન અને અમલની દુઆ)

(મુફીદ દુઆઓંકા ગુલદસ્તા દારુલ ઉલૂમ કંથારીઆ, પ્રકાશન નં. ૩૫૮)

(૪૦) કબ્રમહમાં પઢવાની દુઆની ફઝીલત

رَبَّنَا وَلَكَ الْحَمْدُ حَمْدًا كَثِيْرًا طَيِّبًا مُّبَارَكًا فِيْهِ ط

રબ્બના વલકલ હમ્દુ હમ્દન્ કસીરન્ તય્યિબન્ મુબારકન્ ફીહ.

(મિશ્કાત શરીફ, પેજ–૮૨)

ફઝીલત : કવમહમાં આ દુઆ પઢવાવાળા માટે એ ફઝીલત બતાવવામાં આવી છે કે ત્રીસ (૩૦)થી વધુ ફરિશ્તાઓ એનો સવાબ લખવા માટે આગળ વધ્યા કે હું પહેલા એનો સવાબ લખું.

(મિશ્કાત શરીફ)

(૪૧) જન્નત તે માણસની મુલાકાત અને સત્કાર માટે મુશ્તાક અને ઉત્સુક હશે

તંગી, મુસીબતો, મૂંઝવણો અને મુશ્કેલીઓના નિવારણ માટે હઝરત અબૂ ઝર ગિફારી (રદિ.)થી મન્કૂલ એક દુઆ :

હઝરત જિબ્રઈલ (અલૈ.)એ ફરમાવ્યું : હે મુહમ્મદ (સલ.) ! તે ઝાતની કસમ જેણે આપને હક સાથે મોકલ્યા છે, આપની ઉમ્મતમાંથી જે કોઈ પણ વ્યક્તિ આ (નીચે દર્શાવેલી) દુઆ (દિલથી) કરશે, તો તેના ગુનાહ માફ થઈ જશે, ભલે તે સમંદરના કાંપથી (પણ) વધારે હોય અથવા જમીનની માટી બરાબર હોય.... અને આપની ઉમ્મતમાંથી જે કોઈ વ્યક્તિ અલ્લાહ તઆલાને એવી હાલતમાં મળશે કે તેના દિલમાં આ દુઆ હશે, તો જન્નત તેની (મુલાકાત અને સત્કાર માટે) મુશ્તાક અને ઉત્સુક હશે અને બે ફરિશ્તાઓ તેના માટે મગફિરત માંગશે અને તેના માટે જન્નતના દ્વાર ખોલી આપવામાં આવશે. પછી ફરિશ્તાઓ તેને પુકારશે : હે અલ્લાહના દોસ્ત ! જન્નતના જે દરવાજેથી ચાહે (જન્નતમાં) દાખલ થઈ જા. તે દુઆ નીચે પ્રમાણે છે :

اَللّٰهُمَّ اِنِّیْ اَسْئَلُکَ اِیْمَانًا دَائِمًا وَّاَسْئَلُکَ قَلْبًا خَاشِعًا
وَّاَسْئَلُکَ عِلْمًا نَّافِعًا وَّاَسْئَلُکَ یَقِیْنًا صَادِقًا وَّاَسْئَلُکَ
دِیْنًا قَیِّمًا وَّاَسْئَلُکَ الْعَافِیَةَ مِنْ کُلِّ بَلِیَّةٍ وَّاَسْئَلُکَ
تَمَامَ الْعَافِیَةِ وَاَسْئَلُکَ دَوَامَ الْعَافِیَةِ وَاَسْئَلُکَ الشُّکْرَ
عَلَی الْعَافِیَةِ وَاَسْئَلُکَ الْغِنٰی عَنِ النَّاسِ ط

હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ પૂછયું કે હે અબૂ ઝર (રદિ.) ! એવી કઈ દુઆ છે, જેને તમે દરરોજ પઢો છો ? હઝરત અબૂ ઝર (રદિ.)એ જવાબમાં ફરમાવ્યું : હા, મારાં મા–બાપ આપ પર કુર્બાન થાય. મેં એ કલિમાત કોઈ ઈન્સાનથી સાંભળ્યા નથી. તે કલિમાત મારા પરવરદિગારે મારા દિલમાં નાખ્યા છે અને હું દરરોજ બે (૨) વખત એ કલિમાત દ્વારા દુઆ કરું છું. પ્રથમ કિબ્લા તરફ મુખ (રુખ) કરું છું. પછી થોડી વાર ''સુબ્હાનલ્લાહ'' અને થોડી વાર ''અલ્લાહુ અકબર'' પઢું છું. ત્યાર બાદ આ કલિમાત દ્વારા દુઆ કરું છું.

(અલ્ જામિઉલ્ કબીર : ૩/૧૦૩, સંદર્ભ : મફાતીહુલ ફરજ લિ–તરવીહિલ્ કુલૂબ વ તફરીજિલ્ કુરૂબ : ૯૫, આરબ લેખક : મુહમ્મદ સિદ્દીક મન્શાવી સા.)

(૪૨) તહજ્જુદ માટે ઊઠે ત્યારે પઢવાની દુઆ

اَللّٰهُمَّ لَکَ الْحَمْدُ اَنْتَ قَیِّمُ السَّمٰوٰتِ
وَالْاَرْضِ وَمَنْ فِیْهِنَّ وَلَکَ الْحَمْدُ
اَنْتَ نُوْرُ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَنْ

فِيْهِنَّ وَلَكَ الْحَمْدُ اَنْتَ مَلِكُ
السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَنْ فِيْهِنَّ وَلَكَ
الْحَمْدُ اَنْتَ الْحَقُّ وَلِقَائُكَ حَقٌّ
وَّقَوْلُكَ حَقٌّ وَّالْجَنَّةُ حَقٌّ وَّالنَّارُ
حَقٌّ وَالنَّبِيُّوْنَ حَقٌّ وَّمُحَمَّدٌ حَقٌّ
وَّالسَّاعَةُ حَقٌّ اَللّٰهُمَّ لَكَ اَسْلَمْتُ
وَبِكَ اٰمَنْتُ وَعَلَيْكَ تَوَكَّلْتُ وَاِلَيْكَ
اَنَبْتُ وَبِكَ خَاصَمْتُ وَاِلَيْكَ حَاكَمْتُ
فَاغْفِرْ لِيْ مَاقَدَّمْتُ وَمَا اَخَّرْتُ وَمَا
اَسْرَرْتُ وَمَا اَعْلَنْتُ وَمَا اَنْتَ اَعْلَمُ
بِهٖ مِنِّيْ اَنْتَ الْمُقَدِّمُ وَاَنْتَ الْمُؤَخِّرُ
لَآ اِلٰهَ اِلَّا اَنْتَ وَلَآ اِلٰهَ غَيْرُكَ ط

અર્થ : હે અલ્લાહ તઆલા ! તારા જ માટે તમામ પ્રકારની તારીફ છે. તું આકાશો અને જમીનો તથા જે કાંઇ એ બંનેની વચ્ચે છે તે સૌને કાયમ રાખનાર, સંભાળનાર છે અને તારા જ માટે તારીફ છે. તું આકાશો અને જમીનો તથા જે કાંઇ એ બંનેના

દરમિયાન છે તે સૌને રોશન કરનાર છે અને તું જ પ્રશંસાને પાત્ર છે. તું આકાશો અને જમીનો અને જે કાંઇ એ બંનેની વચ્ચે છે તે સૌનો બાદશાહ છે અને તારા જ માટે હમ્દ છે, તું હક છે અને તારી મુલાકાત હક (સત્ય) છે અને તારી વાત હક છે અને જન્નત હક છે તથા દોઝખ હક છે અને તમામ નબીઓ હક છે તથા મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ હક છે અને કિયામત હક છે. હે અલ્લાહ તઆલા ! મેં તારી પેરવી માટે શિર ઝુકાવી દીધું અને હું તારા પર ઈમાન લાવ્યો તથા મેં તારા પર ભરોસો કર્યો અને હું તારી તરફ રુજૂઅ થયો અને તારી શક્તિ દ્વારા મેં (શત્રુઓથી) વિવાદ કર્યો અને તને જ મેં હાકિમ બનાવ્યો, તો તું મારા આગલા–પાછલા, ગુપ્ત અને જાહેર ગુનાહોને તેમજ તે ગુનાહોને જેમને તું મારાથી વધુ જાણે છે, માફ કરી દે. તું જ આગળ ધપાવનાર અને તું જ પાછળ હટાવનાર છે. મા'બૂદ માત્ર તું જ છે અને તારા સિવાય અન્ય કોઇ જ મા'બૂદ નથી.

(બુખારી–મુસ્લિમ)

એ પછી આસમાનની તરફ મુખ ઉઠાવીને સૂરએ આલિ ઈમરાનનો અંતિમ રુકૂઅ (ઈન્ન ફી ખલ્કિસ્સમાવાતિ–થી સૂરહના અંત સુધી) પણ પઢે. ઉપરાંત, નીચેના કલિમાત પઢે :

اَللّٰهُ اَكْبَرُ ط

અલ્લાહુ અકબર, દસ વાર

اَلْحَمْدُ لِلّٰهِ ط

અલ્હમ્દ લિલ્લાહ, દસ વાર

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ

સુબ્હાનલ્લાહિ વ બિહમ્દિહી, દસ વાર

سُبْحَانَ اللّٰهِ الْمَلِكِ الْقُدُّوْسِ ط

સુબ્હાનલ્લાહિલ્ મલિકિલ્ કુદ્દૂસ, દસ વાર

اَسْتَغْفِرُ اللّٰهَ ط

અસ્તગ્ફિરુલ્લાહ, દસ વાર

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ ط

લા ઇલા-હ ઇલ્લલ્લાહ, દસ વાર

–અને દસ વાર આ દુઆ પઢે :

اَللّٰهُمَّ اِنِّيْ اَعُوْذُبِكَ مِنْ ضِيْقِ
الدُّنْيَا وَضِيْقِ يَوْمِ الْقِيٰمَةِ ط

અર્થ : હે અલ્લાહ તઆલા ! દુનિયાની તંગી અને કિયામતના દિવસની તંગીથી હું તારી પનાહ ચાહું છું. (મિશ્કાત–અબૂ દાવૂદ)

ત્યાર બાદ નમાઝ શરૂ કરી દે.

(૪૩) પુષ્કળ લાભદાયક કલિમાત

હઝરત બુરયદહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : જે માણસ નીચે દર્શાવેલા કલિમાતને સવારના સમયે (પહેલા યા પછી) પઢશે તો તે માણસ આ કલિમાત પઢતાવેંત અલ્લાહ તઆલાને પોતાના હકમાં કાફી હોવાનો અનુભવ કરશે અને આ કલિમાત પઢવા બદલ અલ્લાહ તઆલાને અજર–સવાબ અર્પણ કરનાર પામશે. આ દસ

કલિમાત પૈકી પાંચ (૫) દનિયા વિશે છે અને પાંચ આખિરત વિશે છે :

حَسْبِيَ اللّٰهُ لِـــــــدِيْنِيْ،
حَسْبِيَ اللّٰهُ لِـمَا اَهَـمَّنِيْ،
حَسْبِيَ اللّٰهُ لِمَنْ بَـغٰى عَـلَيَّ،
حَسْبِيَ اللّٰهُ لِمَنْ حَسَـدَنِيْ،
حَسْبِيَ اللّٰهُ لِمَنْ كَادَنِيْ بِسُوْءٍ ط

[**અર્થ** : અલ્લાહ મને મારા દીન માટે કાફી છે....અલ્લાહ મને મારી દરેક ફિકર–ચિંતા માટે કાફી છે....અલ્લાહ મને તે માણસ માટે કાફી છે, જે મારા પર ઝિયાદતી (અતિરેક) કરે....અલ્લાહ મને તે માણસ માટે કાફી છે, જે મારી હસદ (ઈર્ષા) કરે....અલ્લાહ મને તે માણસ માટે કાફી છે, જે મારી સાથે ધોકાબાજી કરે.] (હઝરત ઈમામ સુયૂતી રહ. લિખિત કિતાબ "અદ્ દારુન્નુશૂર ફી તફસીરિહા લિમા સૂર, પેજ–૧૦૩, ભાગ–૨)

(૪૪) આખિરત વિશે લાભદાયક કલિમાત

حَسْبِيَ اللّٰهُ عِنْدَالْمَوْتِ،
حَسْبِيَ اللّٰهُ عِنْدَالْمَسْأَلَةِ فِي الْقَبْرِ،
حَسْبِيَ اللّٰهُ عِنْدَالْمِيْزَانِ،
حَسْبِيَ اللّٰهُ عِنْدَالصِّرَاطِ،
حَسْبِيَ اللّٰهُ لَآاِلٰهَ اِلَّاهُوَ عَلَيْهِ تَوَكَّلْتُ وَاِلَيْهِ اُنِيْبُ ط

[**અર્થ** : અલ્લાહ મને મૌત વખતે કાફી છે.....અલ્લાહ મને કબરમાં સવાલ વખતે કાફી છે....અલ્લાહ મને મીઝાન (આ'માલના વજન) વખતે કાફી છે.....અલ્લાહ મને પુલસિરાત પાસે કાફી છે....અલ્લાહ મને કાફી છે. તેના સિવાય કોઇ મા'બૂદ નથી. મેં તેના પર જ ભરોસો કર્યો છે અને હું તેની સામે જ રજૂ થાઉં છું.] (હઝરત ઇમામ સુયૂતી રહ. લિખિત કિતાબ "અદ્ દારુન્નુશૂર ફી તફસીરિહા લિમા સૂર, પેજ–૧૦૩, ભાગ–૨)

(૪૫) હદીસે પાકની એક અજીબ–અનોખી દુઆ

اَللّٰهُمَّ اَرِنَا الْحَقَّ حَقًّا وَّارْزُقْنَا اتِّبَاعَهٗ
وَاَرِنَا الْبَاطِلَ بَاطِلًا وَّارْزُقْنَا اجْتِنَابَهٗ ط

અલ્લાહુમ્મ અરિનલ્ હક્ક હક્કંવ્ વર્ઝુક્નત્તિબાઅહૂ વ અરિનલ્ બાતિ–લ બાતિલંવ્ વર્ઝુક્નજ્ તિનાબહૂ.

[**અર્થ** : હે અલ્લાહ ! અમને હકને હક (સાચું) બતાવ અને એના પર અમલની તૌફીક નસીબ ફરમાવ અને બાતિલને બાતિલ (જૂઠું) બતાવ અને એનાથી બચવાની તૌફીક નસીક ફરમાવ.]

હઝરત મૌલાના શાહ હકીમ મુહમ્મદ અખ્તર સાહેબ (દા.બ.) મજલિસમાં વધુ પડતા આ દુઆ શીખવે છે અને આ દુઆ વિશે ફરમાવે છે કે આ દુઆને વધુ પ્રમાણમાં પઢતા રહો તથા મા'મૂલ બનાવી લો. હઝરત ફરમાવે છે કે હદીસ શરીફમાં આવ્યું છે કે (કોઇ સજીવને ત્યાં સુધી મૌત આવતી નથી જ્યાં સુધી દુનિયામાં પોતાની રોઝી પૂરી ન કરી લે). હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ આ દુઆમાં હક પર ચાલવા અને ગુનાહોથી બચવાની તૌફીકને રિઝ્ક–રોઝીથી વર્ણવતાં ફરમાવ્યું છે કે હે મારી ઉમ્મતના લોકો ! તમે અલ્લાહથી

નેક અમલ અને હક પર ચાલવાની તૌફીકને રિઝ્ક–રોઝીની શકલમાં માગો, તો જ્યાં સુધી તમે પોતાની રોઝી (રૂહાની રોઝી) પૂરી ન કરી લેશો એટલે પૂરેપૂરા ફરમાંબરદાર ન બનશો, પૂરેપૂરા ગુનાહોથી ન બચશો અને મુત્તકી ન બની જશો અલ્લાહના દોસ્ત–વલી ન બની જશો ત્યાં સુધી તમને મૌત ન આવશે. એટલે જ્યાં સુધી તમે અલ્લાહના પ્યારા નથી બની જતા અને મગફિરતના હકદાર નથી થઈ જતા ત્યાં સુધી તમને મૌત ન આવશે. બસ, જો દીન અને દુનિયાની ભલાઈ ઈચ્છતા હોવ તો આ દુઆને પોતાનો મા'મૂલ બનાવી લો. (ઝખીર–એ–આખિરત)

(૪૬) ઈમાનવાળાઓની આ જ દુઆ હોવી જોઈએ

નીચે દર્શાવેલ દુઆ આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી નકલ છે. ઈમાનવાળાઓની આ જ હાલત હોવી જોઈએ :

اَللّٰهُمَّ اجْعَلْنِیْ مِنَ الَّذِیْنَ اِذَا اَحْسَنُوْا اِسْتَبْشَرُوْا وَاِذَا اَسَاءُوْا اِسْتَغْفَرُوْا ط

અલ્લાહુમ્મજ્ અલ્ની મિનલ્લઝી–ન ઈઝા અહ્સનુ ઈસ્તબ્શરુ વ ઈઝા અસાઊ ઈસ્તગ્ફરૂ. (ઈબ્ને માજહ, શુઅ્બુલ ઈમાન)

[**અર્થ** : હે અલ્લાહ ! મને એ બંદાઓમાંથી બનાવી લે, જેઓ નેકી કરે તો ખુશ થાય અને જ્યારે ખરાબ કામ કરે તો મગફિરત તલબ કરે.] (ઈબ્ને માજહ, શુઅ્બુલ ઈમાન)

(૪૭) ઈમાન મજબૂત સાબિત રહેશે

જે માણસ નીચે દર્શાવેલ આયતોને પઢયા કરશે તો એનું ઈમાન મજબૂત રહેશે અને દિલ પવિત્ર થશે અને દુનિયા અને

આખિરતની મુસીબતોથી સુરક્ષિત રહેશે. (ઝખીરહ-એ-આખિરત)

اِنَّ فِیْ خَلْقِ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَاخْتِلَافِ
الَّیْلِ وَالنَّهَارِ لَاٰیٰتٍ لِّاُولِی الْاَلْبَابِ ۙ﴿۱۹۰﴾
الَّذِیْنَ یَذْكُرُوْنَ اللّٰهَ قِیٰمًا وَّقُعُوْدًا وَّعَلٰی
جُنُوْبِهِمْ وَیَتَفَكَّرُوْنَ فِیْ خَلْقِ السَّمٰوٰتِ
وَالْاَرْضِ ۚ رَبَّنَا مَا خَلَقْتَ هٰذَا بَاطِلًا ۚ
سُبْحٰنَكَ فَقِنَا عَذَابَ النَّارِ ﴿۱۹۱﴾ رَبَّنَاۤ اِنَّكَ
مَنْ تُدْخِلِ النَّارَ فَقَدْ اَخْزَیْتَهٗ ؕ وَمَا
لِلظّٰلِمِیْنَ مِنْ اَنْصَارٍ ﴿۱۹۲﴾ رَبَّنَاۤ اِنَّنَا سَمِعْنَا
مُنَادِیًا یُّنَادِیْ لِلْاِیْمَانِ اَنْ اٰمِنُوْا بِرَبِّكُمْ
فَاٰمَنَّا ۟ رَبَّنَا فَاغْفِرْ لَنَا ذُنُوْبَنَا وَكَفِّرْ عَنَّا
سَیِّاٰتِنَا وَتَوَفَّنَا مَعَ الْاَبْرَارِ ۚ﴿۱۹۳﴾ رَبَّنَا وَاٰتِنَا مَا
وَعَدْتَّنَا عَلٰی رُسُلِكَ وَلَا تُخْزِنَا یَوْمَ الْقِیٰمَةِ ؕ
اِنَّكَ لَا تُخْلِفُ الْمِیْعَادَ ﴿۱۹۴﴾ (ال عمران ۳:۱۹۰-۱۹۴)

(સૂરએ આલિ ઈમરાન, પારહ-૪, આયત ૧૯૦ થી ૧૯૪)

(૪૮) અલ્લાહથી અહ્દો-પૈમાન

اَللّٰهُمَّ رَبَّ السَّمٰوٰتِ وَالْاَرْضِ، عَالِمَ الْغَيْبِ وَالشَّهَادَةِ، اِنِّيْ اُعْهِدُ اِلَيْكَ فِيْ هٰذِهِ الْحَيٰوةِ الدُّنْيَا اَنِّيْ اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اَنْتَ، وَحْدَكَ لَا شَرِيْكَ لَكَ وَاَنَّ مُحَمَّدًا عَبْدُكَ وَرَسُوْلُكَ، فَاِنَّكَ اِنْ تَكِلْنِيْ اِلٰى نَفْسِيْ تُقَرِّبْنِيْ اِلَى الشَّرِّ وَتُبَاعِدْنِيْ مِنَ الْخَيْرِ وَاِنِّيْ لَا اَثِقُ اِلَّا بِرَحْمَتِكَ، فَاجْعَلْ لِّيْ عِنْدَكَ عَهْدًا تُوَفِّيْنِيْهِ يَوْمَ الْقِيَامَةِ اِنَّكَ لَا تُخْلِفُ الْمِيْعَادَ ط

હે અલ્લાહ ! આસમાન તથા જમીનના પરવરદિગાર ! છૂપી અને જાહેરી વાતો જાણવાવાળા ! બેશક, હું તારાથી આ દુનિયાની જિંદગીમાં અહદ કરું છું કે હું (સાચા દિલથી) એના પર ગવાહી આપું છું કે તારા સિવાય કોઈ મા'બૂદ નથી. તું (પોતાની ઝાત અને સિફાતમાં) એકલો છે. તારો કોઈ શરીક નથી અને એ કે મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) તારા બંદા અને તારા રસૂલ છે. (આ અહદ) એટલા માટે (કરું છું) કે બેશક, તેં અગર મને મારા નફ્સે (અમ્મારહ)ના હવાલે કરી દીધો તો તેં મને શર (બુરાઈ)ના નજદીક કરી દીધો અને ખૈરથી દૂર કરી દીધો (એટલે કે તું આવું ન કરતો) એટલા માટે કે હું તો તારી રહમતના સિવાય બીજી કોઈ ચીજ પર ભરોસો નથી કરતો. એટલા માટે તું મારાથી એવો

અહદ કરી લે, જેને તું કિયામતના દિવસે પૂરો કરે (કે તું મને જન્નતમાં દાખલ કરી દેજે). બેશક, તું પોતાના વાયદાથી નથી ફરતો.

હદીસ શરીફમાં આવે છે કે :

જે માણસ અલ્લાહથી ઉપરોકત અહદ તથા વાયદો કરી લે (અને પછી તેના ઉપર કાયમ રહે) તો અલ્લાહ પાક કિયામતના દિવસે પોતાના (મુકર્રબ) ફરિશ્તાઓને ફરમાવશે કે, ''મારા આ બંદાએ મારાથી એક વાયદો લીધો છે, તમે તેને પૂરો કરો.'' અલ્લાહ તઆલા તેને (પોતાના ફઝલો કરમથી) જન્નતમાં દાખલ કરી દેશે. (હદીસ રિવાયતકર્તા) હઝરત (રહ.) કહે છે કે મેં કાસિમ બિન અબ્દુર્રહમાનને બતાવ્યું કે ઔફે મને એવી એવી (એટલે કે ઉપરોકત) હદીસ સંભળાવી છે. તો એના પર હઝરત કાસિમે ફરમાવ્યું : (એમાં તઅજ્જુબની શું વાત છે ?) અમારા ઘરમાં તો દરેક પર્દાવાળી (બાલિગ) છોકરી પોતાના પર્દામાં (ઘરમાં) આ દુઆને પઢયા કરે છે. (હિસ્ને હસીન)

(૪૯) શહીદનો મરતબો મળશે

ફઝીલત : નીચેની દુઆને દરરોજ પચ્ચીસ (૨૫) વખત પઢનારને અલ્લાહ તઆલા તેના પર મૌતની સખતી આસાન કરી દેશે અને તેને શહીદોનો મરતબો મળશે : (હદીસ)

اَللّٰهُمَّ بَارِكْ لِيْ فِي الْمَوْتِ وَفِيْمَا بَعْدَ الْمَوْتِ

(૫૦) દોઝખથી સુરક્ષિત રહેવા માટે

જે માણસ આ સાતેય ''હા–મીમ'' પઢયા કરશે એના પર દોઝખના સાતેય દરવાઝા બંધ થઈ જશે.

حٰمٓ ۚ﴿۱﴾ تَنْزِيْلُ الْكِتٰبِ مِنَ اللّٰهِ الْعَزِيْزِ الْعَلِيْمِ ۙ﴿۲﴾ (المؤمن ۴۰)

حٰمٓ ۚ﴿۱﴾ تَنْزِيْلٌ مِّنَ الرَّحْمٰنِ الرَّحِيْمِ ۚ﴿۲﴾ (حم السجدة ۴۱)

حٰمٓ ۚ﴿۱﴾ عٓسٓقٓ ۚ﴿۲﴾ (الشوریٰ ۴۲)

حٰمٓ ۚ﴿۱﴾ وَالْكِتٰبِ الْمُبِيْنِ ۙ﴿۲﴾ (الزُّخرف ۴۳)

حٰمٓ ۚ﴿۱﴾ وَالْكِتٰبِ الْمُبِيْنِ ۙ﴿۲﴾ اِنَّآ اَنْزَلْنٰهُ فِيْ لَيْلَةٍ مُّبٰرَكَةٍ اِنَّا كُنَّا مُنْذِرِيْنَ ۚ﴿۳﴾ (الدُّخان ۴۴)

حٰمٓ ۚ﴿۱﴾ تَنْزِيْلُ الْكِتٰبِ مِنَ اللّٰهِ الْعَزِيْزِ الْحَكِيْمِ ۚ﴿۲﴾ (الجاثیة ۴۵)

حٰمٓ ۚ﴿۱﴾ تَنْزِيْلُ الْكِتٰبِ مِنَ اللّٰهِ الْعَزِيْزِ الْحَكِيْمِ ۚ﴿۲﴾ (الاحقاف ۴۶)

(ઝખીરા–એ–આખિરત)

(૫૧) અબ્દાલ બનવાની યુક્તિ

હઝરત ઈમામ ગઝઝાલી (રહ.)એ ઈહ્યાઉલ ઉલૂમમાં ફરમાવ્યું છે કે જે માણસ દરરોજ નીચે દર્શાવેલ દુઆ ત્રણ વખત પઢશે તો એના માટે અબ્દાલનો દરજ્જો લેખાશે.

નોટ : અબ્દાલ અવલિયાએ કિરામ (રહ.)માં એક ઉચ્ચ દરજ્જો છે. તે દુઆ આ છે :

اَللّٰهُمَّ اغْفِرْ لِاُمَّةِ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ۔
اَللّٰهُمَّ ارْحَمْ اُمَّةَ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ۔
اَللّٰهُمَّ تَجَاوَزْ عَنْ اُمَّةِ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ۔

(મઝાહિરે હક્ક જદીદ, ભાગ–૪, પેજ–૫૯, હિસ્સો–કિશ્ત : ૧૩૦)

(૫૨) જન્નતના જે દરવાજેથી ઈચ્છે પ્રવેશી જા

સહીહ માન્યતા ધરાવનાર મુસલમાન જન્નતના જે દરવાઝેથી ઈચ્છશે પ્રવેશી શકશે.

હઝરત ઉબાદહ બિન સામિત (રદિ.) ફરમાવે છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો કે : જે માણસે આ ગવાહી–સાક્ષી આપી કે જે નીચે દર્શાવેલ દુઆમાં વર્ણવી છે, તો અલ્લાહ તઆલા એને જન્નતના આઠેય દરવાજાઓમાંથી જેમાંથી દાખલ થવાનું ઈચ્છશે એમાંથી દાખલ ફરમાવશે. તે દુઆ આ છે :

اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ
وَاَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ وَاَنَّ عِيْسٰى
عَبْدُ اللّٰهِ وَرَسُوْلُهٗ وَابْنُ اَمَتِهٖ وَكَلِمَتُهٗ
اَلْقَاهَا اِلٰى مَرْيَمَ وَرُوْحٌ مِّنْهُ وَالْجَنَّةُ
حَقٌّ وَّالنَّارُ حَقٌّ ط

(હિસ્ને હસીન)

(૫૩) ફરિશ્તાઓને આ કલિમાતના સવાબનો અંદાજ નથી

اَلْحَمْدُ لِلّٰهِ حَمْدًا كَثِيْرًا طَيِّبًا مُّبَارَكًا
فِيْهِ كَمَا يُحِبُّ رَبُّنَا وَيَرْضٰى ط

વિવરણ : હદીસ શરીફમાં આવ્યું છે કે એક માણસ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની મજલિસમાં હાજર થયા, જ્યારે

તે માણસ બેઠા અને ઉપરોક્ત કલિમાત કહ્યા તો રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : સોગંદ તે પાક ઝાતના, જેના કબજામાં મારા પ્રાણ છે, જ્યારે આ માણસે આ કલિમાત કહ્યા તો દસ (૧૦) ફરિશ્તાઓ એની તરફ લપક્યા. દરેક ઈર્ષા કરતો હતો કે હું એને લખી લઉં પરંતુ એમની સમજમાં આ ન આવ્યું કે એને કઈ રીતે લખીએ ? (એટલે એનો કેટલો સવાબ લખીએ ?) જેથી રબ્બુલ ઈઝ્ઝતના સામે આ કલિમાતને રજૂ કર્યા તો અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે આ (કલિમાત)ને એવા જ લખી લો, જેવા મારા બંદાએ કહ્યા છે. (હું પોતે એનો સવાબ આપીશ.) (તિર્મિઝી શરીફ)

(૫૪) ફરિશ્તાઓ આખું વર્ષ આ હમ્દનો સવાબ લખતા રહે છે

ઝરકશી (રહ.)એ "સુબુલુલ્ ખયૂરાત" કિતાબથી નકલ કર્યું છે કે એક માણસે હજ કરી અને કા'બાતુલ્લાહની ચોખટ (ઉંબરો) પકડીને નીચે દર્શાવેલ કલિમાતે હમ્દ–કલિમાત પઢયા અને ચાલ્યો ગયો. બીજા વર્ષે ફરી હજ્જ માટે આવ્યો અને આ વખતે પણ ચોખટ (ઉંબરો) મુબારક પકડીને આ હમ્દ (નીચે દર્શાવેલ) પઢવાનો ઈરાદો કર્યો તો ગૈબી ફરિશ્તાએ અવાજ આપ્યો : 'તેં ગયા વર્ષે (આ કલિમાત) પઢીને નેકી લખનાર ફરિશ્તાઓને થકવી દીધા કે તેઓ હજુ સુધી આ કલિમાતનો સવાબ લખવાથી ફારિગ થયા નથી.' (અવ્રાદે ફદ્લિય્યહ)

اَلْحَمْدُ لِلّٰهِ بِجَمِيْعِ مَحَامِدِهٖ كُلِّهَا مَا
عَلِمْتُ مِنْهَا وَمَالَمْ اَعْلَمْ عَلٰى جَمِيْعِ
نِعَمِهٖ كُلِّهَا مَاعَلِمْتُ مِنْهَا وَمَالَمْ اَعْلَمْ
وَعَدَدَ خَلْقِهٖ كُلِّهِمْ مَّاعَلِمْتُ مِنْهُمْ
وَمَالَمْ اَعْلَمْ ط

(૫૫) દિલમાં અને ચહેરા પર નૂર પૈદા કરવા માટે

દિલમાં અને ચહેરા પર નૂર પૈદા કરવા માટે નીચે દર્શાવેલ આયત દરરોજ એક વખત પઢીને પોતાના પર દમ કરે.

اَللّٰهُ نُوْرُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ مَثَلُ نُوْرِهٖ كَمِشْكٰوةٍ فِيْهَا
مِصْبَاحٌ ؕ اَلْمِصْبَاحُ فِيْ زُجَاجَةٍ ؕ اَلزُّجَاجَةُ كَاَنَّهَا كَوْكَبٌ
دُرِّيٌّ يُّوْقَدُ مِنْ شَجَرَةٍ مُّبٰرَكَةٍ زَيْتُوْنَةٍ لَّا شَرْقِيَّةٍ وَّلَا
غَرْبِيَّةٍ ۙ يَّكَادُ زَيْتُهَا يُضِيْٓءُ وَلَوْ لَمْ تَمْسَسْهُ نَارٌ ؕ نُوْرٌ عَلٰى
نُوْرٍ ؕ يَهْدِى اللّٰهُ لِنُوْرِهٖ مَنْ يَّشَآءُ ؕ وَيَضْرِبُ اللّٰهُ الْاَمْثَالَ
لِلنَّاسِ ؕ وَاللّٰهُ بِكُلِّ شَيْءٍ عَلِيْمٌ ۝ (النور ۲۴:۳۵، پارہ ۱۸)

(ઝખીરા–એ–આખિરત, સૂરએ નૂર, આયત–૩૫)

(૫૬) મહામૂલો ઝિક્ર

હદીસ : હઝરત સઅદ બિન વક્કાસ (રદિ.)થી રિવાયત છે કે તે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની સાથે એક અવરત પાસે તશરીફ લઈ ગયા, જેની સામે ખજૂરના ઠળિયા અથવા કાંકરીઓ પડેલી હતી, જેના પર તે તસ્બીહ પઢી રહી હતી. આપ (સલ.)એ ઇરશાદ ફરમાવ્યો : હું એવો અમલ ન

બતાવું, જે આનાથી સરળ અને અફઝલ પણ હોય, પછી આ કલિમાત બયાન ફરમાવ્યા :

سُبْحَانَ اللّٰهِ عَدَدَ مَا خَلَقَ فِي السَّمَآءِ، سُبْحَانَ اللّٰهِ عَدَدَ مَاخَلَقَ فِي الْاَرْضِ، سُبْحَانَ اللّٰهِ عَدَدَ مَابَيْنَ ذٰلِكَ، سُبْحَانَ اللّٰهِ عَدَدَ مَاهُوَ خَالِقٌ، وَاللّٰهُ اَكْبَرُ مِثْلَ ذٰلِكَ وَالْحَمْدُ لِلّٰهِ مِثْلَ ذٰلِكَ وَلَآاِلٰهَ اِلَّااللّٰهُ مِثْلَ ذٰلِكَ، وَلَاحَوْلَ وَلَاقُوَّةَ اِلَّا بِاللّٰهِ مِثْلَ ذٰلِكَ ط

(અબૂ દાવૂદ, તિરમિઝી, હિસ્ન, નસાઈ, ઈબ્ને હસ્સાન, હાકિમ, સહીહુલ્ અસ્નાદ)

(૫૭) હુસ્ને ખાતિમહ માટે પઢવાની દુઆઓ

દરેક નમાઝ પછી કમસે કમ એક વખત આ દુઆઓ પઢવી. દુઆઓની શરૂઆતમાં અને અંતમાં દુરૂદ શરીફ પઢી લેવું. તદુપરાંત, સૂતી વખ.. યા જ્યારે પણ મોકો મળે ત્યારે આ દુઆઓનું પઢવું હુસ્ને ખાતિમહ માટે નિમિત્તરૂપ, સબબરૂપ છે.

★ દુઆ : ૧ ★ (તિર્મિઝી શરીફ)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

رَبَّنَا لَاتُزِغْ قُلُوْبَنَا بَعْدَ اِذْ هَدَيْتَنَا وَهَبْ لَنَا مِنْ لَّدُنْكَ رَحْمَةً ج اِنَّكَ اَنْتَ الْوَهَّابُ ۝ (૮:૩) فَاطِرَ السَّمٰوٰتِ وَالْاَرْضِ ق اَنْتَ وَلِيّٖ فِي الدُّنْيَا وَالْاٰخِرَةِ ج تَوَفَّنِيْ مُسْلِمًا وَّاَلْحِقْنِيْ بِالصّٰلِحِيْنَ ۝ (૧૦૧:૧૨)

اَللّٰهُمَّ اجْعَلْ خَيْرَ زَمَانِيْ اٰخِرَهٗ وَخَيْرَ عَمَلِيْ
خَوَاتِمَهٗ وَخَيْرَ اَيَّامِيْ يَوْمَ لِقَائِكَ فِيْهِ يَاوَلِيَّ
الْاِسْلَامِ ثَبِّتْنِيْ بِهٖ حَتّٰى اَلْقَاكَ وَاَسْعِدْنِيْ
بِتَقْوٰكَ وَلَاتُشْقِنِيْ بِمَعْصِيَتِكَ ط

[**અર્થ** : હે અમારા પરવરદિગાર ! જ્યારે તેં અમને હિદાયત આપી તો પછી અમારાં દિલોને (અવળા માર્ગે) વાળીશ નહિ અને પોતાની પાસેથી અમને રહમત અર્પણ કર. બેશક, તું જ સઘળું આપનાર છે... હે આકાશો અને પૃથ્વીના સર્જનહાર ! દુનિયા અને આખિરતમાં તું જ મારો કારસાઝ (કાર્યસાધક) છે. મને મુસલમાનની હાલતમાં મૌત આપજે અને નેક લોકો સાથે મારો ઉઠાવ કરજે... હે અલ્લાહ ! મારી ઉંમરના આખરી દિવસોને ઉંમરના બેહતરીન દિવસો બનાવજે, સૌથી બેહતર જમાનો મારો અંતિમ જમાનો બનાવજે અને મારા આ'માલમાં સૌથી સારો અમલ મારો અંતિમ અમલ બનાવજે અને મારો સૌથી શ્રેષ્ઠ દિવસ તે અંતિમ દિવસ બનાવજે, જ્યારે હું તને મળું તે દિવસને મારો સૌથી ઉત્તમ દિવસ બનાવજે... હે ઇસ્લામના માલિક ! મને ઇસ્લામ પર સાબિત કદમ (અડગ) રાખજે. અહિંયા સુધી કે હું તારી મુલાકાત કરું અને મને પોતાના તકવા (ખૌફ) દ્વારા સઆદત અતા ફરમાવજે અને તું મને પોતાની મઅસિયત (પાપાચાર) દ્વારા બદબખ્ત બનાવીશ નહિ.]

(તિર્મિઝી શરીફ)

★ દુઆ : ૨ ★

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط

سُبْحَانَ الْاَبَدِيِّ الْاَبَدِ ط سُبْحَانَ الْوَاحِدِ الْاَحَدِ ط سُبْحَانَ الْفَرْدِالصَّمَدِ ط سُبْحَانَ رَافِعِ السَّمَآءِ بِغَيْرِعَمَدٍ ط سُبْحَانَ مَنْ بَسَطَ الْاَرْضَ عَلٰى مَاءٍ جَمَدٍ ط سُبْحَانَ مَنْ خَلَقَ الْخَلْقَ فَاَحْصَاهُمْ عَدَدًا ط سُبْحَانَ مَنْ قَسَّمَ الرِّزْقَ وَلَمْ يَنْسَ اَحَدًا ط سُبْحَانَ الَّذِىْ لَمْ يَتَّخِذْ صَاحِبَةً وَّلَا وَلَدًا ط سُبْحَانَ الَّذِىْ لَمْ يَلِدْ وَلَمْ يُوْلَدْ وَلَمْ يَكُنْ لَّهٗ كُفُوًا اَحَدٌ ○

[**અર્થ** : પાક છે તે ઝાત જે હંમેશાથી હતી, હંમેશા છે અને હંમેશા રહેશે... પાક છે તે ઝાત, જે એકલો જ, અદ્વિતીય (અજોડ) છે... પાક છે તે ઝાત જે બેનિયાઝીમાં પણ અજોડ છે... પાક છે તે ઝાત જેણે સ્તંભ (ટેકા) વિના આકાશોને ઊભા કર્યાં છે... પાક છે તે ઝાત જેણે થીજેલા પાણી પર પૃથ્વીને બિછાવી દીધી છે... પાક છે તે ઝાત જેનું સર્જન અગણિત છે... પાક છે તે ઝાત જે તમામ મખલૂકને રોઝી પહોંચાડવાનું ભૂલતો નથી... પાક છે તે ઝાત જેને ન તો બીવી છે, ન બચ્ચાં... પાક છે તે ઝાત જેની કોઇ અવલાદ નથી અને તે કોઇની અવલાદ નથી અને તેના સમકક્ષ બીજો કોઇ જ નથી.]

★ દુઆ : 3 ★

આ દુઆને દરરોજ દરેક નમાઝ પછી સાચા દિલે અને સાચી નિય્યતે પઢે :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط

اَللّٰهُمَّ اِنِّیْ اَسْئَلُکَ اِیْمَانًا کَامِلًا وَّیَقِیْنًا صَادِقًا
وَّرِزْقًا وَّاسِعًا حَلَالًا طَیِّبًا وَّقَلْبًا خَاشِعًا وَّلِسَانًا
ذَاکِرًا وَّتَوْبَةً نَّصُوْحًا وَّتَوْبَةً قَبْلَ الْمَوْتِ وَرَاحَةً
عِنْدَالْمَوْتِ وَمَغْفِرَةً وَّرَحْمَةً بَعْدَالْمَوْتِ وَالْعَفْوَ
عِنْدَالْحِسَابِ وَالْفَوْزَ بِالْجَنَّةِ وَالنَّجَاةَ مِنَ
النَّارِ ط بِرَحْمَتِکَ یَاعَزِیْزُ یَاغَفَّارُ ط رَبِّ زِدْنِیْ
عِلْمًا وَّاَلْحِقْنِیْ بِالصَّالِحِیْنَ ط

[**અર્થ** : હે અલ્લાહ ! મને કામિલ (સંપૂર્ણ) ઈમાન, સાચું યકીન, વિશાળ–હલાલ–પવિત્ર રોઝી, ડરનારું દિલ, ઝિક્ર કરનાર ઝુબાન, ખાસ તૌબા, મૌતથી પહેલાં તૌબા, મૌત વખતે રાહત, મૌત પછી મગફિરત અને રહમત નસીબ ફરમાવ... (હે અલ્લાહ !) હિસાબના દિવસે માફી તથા જન્નત (પ્રવેશ)માં કામિયાબી અને દોઝખથી નજાત અતા ફરમાવ... હે મહા બળવાન ! હે મહા ક્ષમાવાન ! તારી રહમતના તુફૈલથી (મારી આ દુઆઓને કબૂલ ફરમાવ)... હે મારા પરવરદિગાર ! તું મારા ઈલ્મમાં વધારો કર અને મને નેક લોકોમાં શામિલ કરી દે, (આમીન !).]

(અઝકારુસ્સબાહ વલમસાઅ)

(૫૮) દુઆની કબૂલિય્યત માટે સહાયરૂપ

اَللّٰهُمَّ يَاوَدُوْدُ يَاذَاالْعَرْشِ الْمَجِيْدُ يَامُبْدِئُ يَامُعِيْدُ
يَافَعَّالُ لِمَاتُرِيْدُ يَاذَاالْعِزَّةِ الَّتِىْ لَاتُرَامُ وَالْمُلْكِ الَّذِىْ
لَايُضَامُ يَامَنْ عَلٰى نُوْرِهٖ اَرْكَانُ عَرْشِهٖ يَامُغِيْثُ اَغِثْنِىْ،
يَامُغِيْثُ اَغِثْنِىْ يَامُغِيْثُ اَغِثْنِىْ اِنَّكَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ ط

[**અર્થ** : હે અલ્લાહ ! હે બહુ પ્રેમાળ ઝાત ! હે અર્શના માલિક, જે મહાન છે ! હે (સર્જનની) શરૂઆત કરનાર ! હે ફરી સજીવન કરનાર ! હે તે ઝાત, જે કોઈ ચીજ કરવા ચાહે છે તો તેને પુષ્કળ પ્રમાણમાં કરે છે. હે એવી ઈઝઝતવાન ઝાત, જેને માટે અસ્ત કે નાશ નથી અને એવી બાદશાહી ધરાવનાર ઝાત, જેના પર ઝુલ્મ– સિતમ કરી શકાતો નથી. હે એવી ઝાત, જેના અર્શના અરકાન (સ્તંભ) તેના નૂર પર કાયમ (સ્થિર) છે. હે ફરિયાદ સાંભળનાર ! મારી ફરિયાદ સાંભળી લે. હે ફરિયાદ સાંભળનાર ! મારી ફરિયાદ સાંભળી લે. હે ફરિયાદ સાંભળનાર ! મારી ફરિયાદ સાંભળી લે. બેશક, તું દરેક ચીજ પર શક્તિમાન છે.]

ફઝીલત : જે કોઈ માણસ ઉપરોક્ત દુઆને દરરોજ પઢીને જે દુઆ માંગશે તો ઈન્શા અલ્લાહ તે દુઆ કબૂલ થશે.

(મકબૂલ અને મખ્સૂસ વઝાઈફ, દા. ઉ. કંથારીઆ, પ્રકાશન નં. ૪૪૯)

(૫૯) દુઆઓની કબૂલિય્યત માટે અલ્લાહ તઆલાની પસંદનીય હમ્દ

اَللّٰهُمَّ لَكَ الْحَمْدُ كُلُّهٗ، وَلَكَ الشُّكْرُ كُلُّهٗ، وَلَكَ
الْمُلْكُ كُلُّهٗ، وَلَكَ الْخَلْقُ كُلُّهٗ، بِيَدِكَ الْخَيْرُ كُلُّهٗ،

وَاِلَيْكَ يَرْجِعُ الْاَمْرُ كُلُّهٗ، اَسْئَلُكَ الْخَيْرَ كُلَّهٗ،
وَاَعُوْذُبِكَ مِنَ الشَّرِّ كُلِّهٖ، وَلَكَ الْحَمْدُ كَمَا اَنْتَ
اَهْلُهٗ وَصَلِّ عَلٰى مُحَمَّدٍ كَمَا اَنْتَ اَهْلُهٗ وَافْعَلْ بِنَا مَا
اَنْتَ اَهْلُهٗ، فَاِنَّكَ اَنْتَ اَهْلُ التَّقْوٰى وَاَهْلُ الْمَغْفِرَةِ ط
اَللّٰهُمَّ لَكَ الْحَمْدُ فِي الْحَالِ وَلَكَ الْحَمْدُ فِي الْمَاٰلِ،
وَلَكَ الْحَمْدُ عَلٰى سَابِغِ نِعَمِكَ ط اَللّٰهُمَّ لَكَ الْحَمْدُ
حَتّٰى تَرْضٰى ط اَللّٰهُمَّ لَكَ الْحَمْدُ بَعْدَ الرِّضَا، اَللّٰهُمَّ
لَكَ الْحَمْدُ حَمْدًا خَالِدًا مَّعَ خُلُوْدِكَ، وَلَكَ الْحَمْدُ
حَمْدًا كَثِيْرًا، وَلَكَ الْحَمْدُ حَمْدًا كَمَا يَنْبَغِيْ
لِجَلَالِ وَجْهِكَ وَعَظِيْمِ سُلْطَانِكَ، وَلَكَ الْحَمْدُ
فِي الْاُوْلٰى وَلَكَ الْحَمْدُ فِي الْاٰخِرَةِ ط (અબૂદાવૂદ શરીફ)

(મકબૂલ અને મખ્સૂસ વઝાઈફ, દા. ઉ. કંથારીઆ, પ્રકાશન નં. ૪૪૯)

(૬૦) બેહતરીન રોઝી મેળવવાનું અને બુરાઈઓથી બચવાનો નબવી નુસ્ખો

"مَاشَآءَ اللّٰهُ لَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ
اَشْهَدُ اَنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ط"

તરજુમો : જે કઇ અલ્લાહે ચાહયું તે જ થયું. ગુનાહથી બચવાની અને નેકી કરવાની તાકત (શક્તિ) અલ્લાહની મદદથી જ મળે

છે. હું એ વાતની ગવાહી આપું છું કે અલ્લાહ તઆલા દરેક વસ્તુ ઉપર સંપૂર્ણ કુદરત ધરાવે છે.

ફઝીલત : જે માણસ સવારના વખતે એક (૧) વખત ઉપરની દુઆને પઢશે તો તે દિવસે બેહતરીન (સારામાં સારી) રોઝીથી નવાઝાશે અને બુરાઈઓથી તેની હિફાઝત (રક્ષણ) થશે.

(ઇબ્ને અયૂની, કન્ઝુલ ઉમ્માલ, ૧૦૬/૨)

(૬૧) બધાં જ મતલબો પૂરા થવાનો નબવી નુસ્ખો

اَللّٰهُمَّ اَنْتَ خَلَقْتَنِىْ وَاَنْتَ تَهْدِيْنِىْ
وَاَنْتَ تُطْعِمُنِىْ وَاَنْتَ تَسْقِيْنِىْ
وَاَنْتَ تُمِيْتُنِىْ وَاَنْتَ تُحْيِيْنِىْ۔

તરજુમો : હે અલ્લાહ ! તેં જ મને પેદા કર્યો અને તું જ મને હિદાયત દેવાવાળો છે અને તું જ મને ખવડાવે છે અને તું જ મને પિવડાવે છે અને તું જ મને મૌત આપીશ અને તું જ મને જીવતો કરીશ.

ફઝીલત : હસન બસરી (રહ.) ફરમાવે છે કે હઝરત સમુરહ બિન જુન્દુબ (રદિ.)એ ફરમાવ્યું કે હું તમને એક એવી હદીસ ન સંભળાવું કે જે મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી અનેક વખત સાંભળી છે અને હઝરત અબૂબક્ર (રદિ.) અને હઝરત ઉમર (રદિ.)થી પણ અનેક વખત સાંભળી છે. મેં (હઝરત હસન બસરી રહ.)એ ફરમાવ્યું કે જરૂર સંભળાવો.

હઝરત સમુરહ (રદિ.)એ ફરમાવ્યું કે જે માણસ સવારે અને સાંજે આ કલિમાતને પઢશે તો અલ્લાહ તઆલાથી જે માંગશે

અલ્લાહ તઆલા તેને તે જરૂર આપશે.

(બિખરે મોતી, પાના નંબર ૧૪૨ થી ૧૪૫)

(૬૨) આસમાનનાં દરવાજા ખોલાવવાનો નબવી નુસ્ખો

નોટ : ખુશખબરીની વાત આ છે કે હઝરત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ઝબાને મુબારકથી બધાંથી પહેલાં નીકળવાવાળા કલિમાત આ છે :

"اَللّٰهُ اَكْبَرُ كَبِيْرًا، وَالْحَمْدُ لِلّٰهِ كَثِيْرًا، وَسُبْحَانَ اللّٰهِ بُكْرَةً وَّاَصِيْلًا"

તરજુમો : અલ્લાહ મહાન છે. સૌથી મહાન, સૌથી વધુ તારીફ અલ્લાહની જ છે અને અમે સવાર અને સાંજે અલ્લાહની પાકી બયાન કરીએ છીએ.

ફઝીલત : ઈમામ મુસ્લિમ (રહ.)એ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)થી બયાન કર્યું છે કે, એક વખત અમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે નમાઝ પઢી રહ્યા હતા કે એક માણસે મજકૂર કલિમાત કહ્યા, તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું કે ફલાણા-ફલાણા કલિમાત કહેવાવાળા કોણ છે ? હાઝિરીનમાંથી એક માણસે કહ્યું કે યા રસૂલલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ! હું છું. આપે ફરમાવ્યું કે મને આ કલિમાતથી તઅજ્જુબ થયો કે એમના માટે આસમાનનાં દરવાજાઓ ખોલવામાં આવ્યાં.

(હિસ્નુલ મુસ્લિમ, પેજ નંબર ૬૦)

(૬૩) અલ્લાહની રઝામંદી નસીબ થશે

જે માણસ નીચેની દુઆ ત્રણ વાર સવારે અને ત્રણ વાર સાંજે પઢશે તો અલ્લાહ તઆલા એને અવશ્ય ખુશ કરી દેશે :

يَا حَيُّ يَا قَيُّوْمُ بِرَحْمَتِكَ اَسْتَغِيْثُ
اَصْلِحْ لِيْ شَأْنِيْ كُلَّهٗ، وَلَا تَكِلْنِيْ
اِلٰى نَفْسِيْ طَرْفَةَ عَيْنٍ ط

યા હય્યુ યા કય્યૂમ, બિ-રહ્મતિ-ક અસ્તગી-સ, અસ્લિહ્ લી શઅ્ની કુલ્લહ્, વલા તકિલ્ની ઈલા નફ્સી તર્ફ-ત ઐન.

[**અર્થ** : હે સદા જીવંત (અને) કાયમ રહેનાર ઝાત ! હું તારી રહમત દ્વારા જ ફરિયાદ કરું છું-મદદ ચાહું છું. તું મારું દરેક કામ સુધારી અને શણગારી દે અને મને આંખના પલકારા બરાબર પણ મારા પોતાના નફસને સુપ્રત કરીશ નહિ.]

(મુસ્નદે અહમદ : ૪/૩૩૭, નસાઈ, અ-મલુલ્ યવ્મિ વલ્લયૂલહ-હદીસ નંબર :૪, ઈબ્નુસ્સુન્ની-હદીસ : ૬૮, અબૂ દાવૂદ : ૪/૪૧૮, તિરમિઝી : ૫/૪૬૫, તુહફતુલ અખ્યાર : ૧/૩૯, સંદર્ભ : હિસ્નુલ્ મુસ્લિમ : ૧૧૨)

(૬૪) બદનસીબી-દુર્ભાગ્ય અને સખત આફતો સામે રક્ષણ

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : ''હે લોકો ! પનાહ માંગો સખત બલા યા

પરીક્ષાથી અને બદનસીબીમાં સપડાવાથી તથા બુરી કઝા (ફેંસલા)થી અને દુશ્મનોના ખુશ થવાથી.''

(મિરકાત ભાગ ૫, પા. ૨૨૨)

اَللّٰهُمَّ اِنِّیْ اَعُوْذُبِکَ مِنْ جَهْدِ الْبَلَاءِ وَ دَرَکِ الشَّقَاءِ وَسُوْءِ الْقَضَاءِ وَشَمَاتَةِ الْاَعْدَاءِ ط (مرقات ج۵،ص۲۲۲)

અલ્લાહુમ્મ ઈન્ની અઊઝુ બિ-ક મિન જહ્દિલ્ બલાઈ વ દર્કિશ્શકાઈ વસૂઈલ કઝાઈ વ શમાતતિલ્ અઅ્દાઈ.

(૬૫) અલ્લાહની હિદાયત મેળવવા અને નફસની બુરાઈથી પનાહ માંગવાની દુઆ

હઝરત ઈમરાન ઈબ્ને હુસૈન (રદિ.)થી રિવાયત છે કે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ એમના વાલિદ હઝરત હુસૈન (રદિ.)ને દુઆ માટે આ બે કલિમાત શિખવાડયા હતા, જેને તેઓ સતત પઢતા હતા. ''હે અલ્લાહ ! સીધા માર્ગની તરફ મને માર્ગદર્શન આપ અને મને મારા નફસની બુરાઈથી બચાવી લે.''

(તિરમિઝી શરીફ, જવાહિરુલ બુખારી, પા. ૫૭૧)

اَللّٰهُمَّ اَلْهِمْنِیْ رُشْدِیْ، وَاَعِذْنِیْ
مِنْ شَرِّ نَفْسِیْ ط (جواہرالبخاری ص:۵۷۱)

અલ્લાહુમ્મ અલ્હિમ્ની રુશ્દી, વ-અઈઝ્ની મિન્ શર્રિ નફ્સી.

(૬૬) ગુપ્ત યા ગૌણ શિર્કથી નજાત અપાવનારી દુઆ

નીચેના કલિમાત હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)ને રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ શિખવાડયા હતા; જેનાથી નાના (થોડા) શિર્કથી છુટકારો મેળવી લેવાય. એ દુઆને ત્રણ (૩) વખત પઢો.

(કન્ઝુલ ઉમ્માલ, ભા. ૨, પા. ૮૧૬)

اَللّٰهُمَّ اِنِّیْ اَعُوْذُبِکَ مِنْ اَنْ اُشْرِکَ
بِکَ شَیْئًا وَّاَنَا اَعْلَمُ، وَاَسْتَغْفِرُکَ
لِمَا لَا اَعْلَمُ ط

અલ્લાહુમ્મ ઈન્ની અઊઝુ બિ-ક મિન્ અન્ ઉશ્રિ-ક બિ-ક શય્અંવ્ વ-અ-ન અઅ્લમૂ, વઅસ્તગ્ફિરુ-ક લિમા લા અઅ્લમુ.

(નોંધ : તમામ દુઆઓ દિલથી પૂરા યકીન સાથે પઢવી, ઈન્શા અલ્લાહ જરૂર ફાયદો થશે.)

દુરૂદે ઈબ્રાહીમ
اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ
مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ
وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ
مَّجِيْدٌ ط اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ
وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى
اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ
اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

લા ઈલા-હ ઈલલ્લાહુ
મુહમ્મદુર્રસૂલુલ્લાહ
(સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)

પ્રકરણ-3

બેહિસાબ સવાબ અને મહાન ફઝીલતવાળા દુરૂદ શરીફ

કુર્આને પાકમાં અલ્લાહ તઆલાનો ઈરશાદ છે :

ઈન્નલ્લા–હ વ મલાઈકતહૂ..... બેશક, અલ્લાહ તઆલા અને તેના ફરિશ્તા હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પર દુરૂદ મોકલે છે, તો હે મુઅ્મિનો ! તમે પણ આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર દુરૂદ અને સલામ મોકલતા–પઢતા રહો.

(બયાનુલ કુર્આન)

ઈન્તિસાબ (અર્પણ)

(૧) ''ઉસ મોહસીને આઝમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમકે નામ જિન્હોંને ગારે સૌરમેં કહા : ડરો મત, અલ્લાહ હમારે સાથ હૈ.''





★ બિસ્મિહી તઆલા ★

પ્રકરણ-3

બેહિસાબ સવાબ અને મહાન ફઝીલતવાળા દુરૂદ શરીફ

(૧) નૂરે અઝીમની પ્રાપ્તિ

મહાન ફઝીલત : રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ જુમ્અહના દિવસે મારા પર સો (૧૦૦) વખત દુરૂદ શરીફ પઢે છે તો એ માણસ કિયામતના દિવસે એવી હાલતમાં આવશે કે એની સાથે (એક એવું) નૂર હશે કે જો એ નૂરને સમગ્ર મખ્લૂક પર વહેંચી દેવામાં આવે તો એ નૂર એમના સૌના માટે (અર્થાત્ આખી મખ્લૂક માટે) કાફી થઈ પડશે. (કન્ઝુલ ઉમ્માલ : ૨/૫૦૭)

(૨) અલ્લાહપાક સો (૧૦૦) હાજતો પૂરી કરશે

ફઝીલત : હઝરત અનસ (રદિ.)ની હદીસથી રિવાયત છે કે

હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નો ઇરશાદ છે કે જે કોઇ મારી ઉપર જુમ્આની રાત્રે (જુમે'રાતના સૂરજ ડૂબ્યા પછી) યા જુમ્આના દિવસે ૧૦૦ વખત દુરૂદ પઢી મોકલાવશે તો અલ્લાહ પાક તેની ૧૦૦ હાજતો પૂરી કરશે, જેમાંથી ૩૦ દુનિયાની અને ૭૦ આખિરતની. (હદીસ)

(૩) નિફાક અને દોઝખથી મુક્ત અને શહીદો સાથે ઊઠશે

● દોઝખથી નજાત :

ફઝીલત : ફરમાવ્યું : જે વ્યક્તિ મારા પર સો વાર દુરૂદ મોકલશે તો અલ્લાહ તઆલા એની પેશાની પર ''બરાઅતુમ્ મિન્ નિફાકિ વ બરાઅતુમ્ મિનન્નાર'' લખી આપે છે. આ વ્યક્તિ નિફાકથી પણ બરી (મુક્ત) છે અને દોઝખથી પણ બરી છે અને કિયામતના દિવસે શહીદોની સાથે ઉઠાવવામાં આવશે. (તબરાની)

(૪) નબવી શફાઅત નસીબ થશે

ફઝીલત : નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું કે, જે માણસ દસ (૧૦) વખત સવારે અને દસ (૧૦) વખત સાંજે મારી ઉપર દુરૂદ પઢશે તો એને કિયામતના દિવસે મારી શફાઅત નસીબ થશે. (તબરાની, મજ્મઉઝ્ ઝવાઇદ : ૧૦/૧૨૦, અત્તરગીબ વત્તરહીબ ૧/૨૭૩, હિસ્નુલ મુસ્લિમ : ૧૧૮)

(૫) રાજીખુશીથી અલ્લાહની મુલાકાત નસીબ થશે

મહાન ફઝીલત : હઝરત આઇશા (રદિ.)થી રિવાયત છે કે

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : જે માણસ આ વાતથી ખુશ હોય કે તે અલ્લાહ તઆલાથી રાજીખુશીથી મુલાકાત કરે તો તે મારા ઉપર પુષ્કળ પ્રમાણમાં દુરૂદ પઢે. (દયલમી, અલ્ કવલુલ્ બદીઅ્ : ૧૧૭)

જરા વિચારો, મારા ભાઈઓ ! અલ્લાહની મુલાકાત હક્ક અને સત્ય છે. અમુકની મુલાકાત જ્યારે અલ્લાહથી થશે તો તેમનાથી અલ્લાહ સખત નારાજ અને ગુસ્સામાં હશે.

જ્યારે અહિંયા દુરૂદ શરીફ પઢવા ઉપર બશારત (ખુશખબરી) છે કે જે માણસ પુષ્કળ દુરૂદ શરીફ પઢશે તો તે રાજીખુશીથી અલ્લાહથી મુલાકાત કરશે–મળશે. **મારા ભાઈઓ !** અલ્લાહની મુલાકાત રાજીખુશીથી થાય અને તેના ક્રોધ–કોપ, નારાજગી વગર સલામતીની સાથે મુલાકાત થાય એ બહુ જ મોટી કામિયાબી છે. અલ્લાહ પાક પુષ્કળ મોટા પ્રમાણમાં તમામને દુરૂદ પઢવાની તૌફીક આપે, આમીન !

(૬) એક દુરૂદ અલ્લાહની સિત્તેર રહમતો અને ફરિશ્તાઓની સિત્તેર દુઆઓનું નિમિત્ત

ફઝીલત : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ (રદિ.)થી રિવાયત છે કે જે માણસ હુઝૂરે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ઉપર એક વખત દુરૂદ શરીફ પઢશે તો તેના ઉપર અલ્લાહ તઆલાની સિત્તેર (૭૦) રહમતો નાઝિલ થશે અને તેને ફરિશ્તાઓની સિત્તેર (૭૦) દુઆઓ નસીબ થશે.

(તરગીબ : ૨/૪૯૭)

વિવરણ : અલ્લાહની મગફિરત માટે તો ફક્ત એક જ રહમત કાફી અને બસ છે. જ્યારે અહિંયા તો ૭૦ રહમતો

મળશે, જે ઈ. અ. તેના દરજાત બુલંદ કરવા માટે હશે અને આ તો ફક્ત એક વખત પઢવાના ઉપર જ આટલો અજર અને સવાબ છે. અલ્લાહ પુષ્કળ અમલની તૌફીક આપે, આમીન !

(૭) બધાં જ દુરૂદ શરીફો કરતાં સર્વશ્રેષ્ઠ દુરૂદ શરીફ

દુરૂદે ઈબ્રાહીમ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

ફઝીલત : આ દુરૂદ શરીફનું નામ ''દુરૂદે ઈબ્રાહીમ'' છે અને બધાં દુરૂદ શરીફો કરતાં આ દુરૂદ શરીફ સર્વશ્રેષ્ઠ છે. દરેક બુઝુર્ગે આ દુરૂદ શરીફ સર્વશ્રેષ્ઠ હોવાની ભલામણ કરી છે. અલ્લાહના નેક બંદાઓએ પોતાની કિતાબોમાં આ દુરૂદ શરીફની ઘણી જ તાકીદ કરેલી છે. નમાઝના કા'દહમાં પણ આ દુરૂદ શરીફ પઢવામાં આવે છે.

(ફઝાઈલે દુરૂદ, ફઝાઈલે આ'માલ)

(૮) એક હજાર દિવસ સુધી સવાબ રળી (મેળવી) આપનારા દુરૂદ શરીફો

(૧)

جَزَى اللّٰهُ عَنَّا مُحَمَّدًا مَّا
هُوَ اَهْلُهٗ ط

ફઝીલત : જે માણસ આ દુરૂદ શરીફને એક વખત પણ પઢશે તો સિત્તેર (૭૦) ફરિશ્તાઓ એક હજાર (૧,૦૦૦) દિવસ સુધી તે માણસના નામ–એ–આ'માલમાં સવાબ લખતાં લખતાં થાકી જશે. (ફઝાઈલે આ'માલ)

(૨)

جَزَى اللّٰهُ عَنَّا سَيِّدَنَا مُحَمَّدًا
بِمَا هُوَ اَهْلُهٗ ط

ફઝીલત : જે માણસ આ દુરૂદ શરીફ પઢશે તો ખરેખર સિત્તેર (૭૦) જેટલા ફરિશ્તાઓ એક હજાર (૧,૦૦૦) દિવસ સુધી તેનો સવાબ લખતાં લખતાં થાકી જશે. (તબરાની)

(૩)

جَزَى اللّٰهُ عَنَّا مُحَمَّدًا صَلَّى اللّٰهُ
عَلَيْهِ وَسَلَّمَ بِمَا هُوَ اَهْلُهٗ ط

ફઝીલત : ઇમામ શુઅરાની (રહ.) પોતાની કિતાબ "કશ્ફુલ ગુમ્મહ"માં ફરમાવે છે કે જનાબ મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જ્યારે કોઇ માણસ ઉપરના દુરૂદ શરીફને એક વખત પણ પઢશે તો સિત્તેર (૭૦) ફરિશ્તાઓ તે માણસના નામ–એ–આ'માલમાં સવાબ લખતાં–લખતાં થાકી જશે. (કશ્ફુલ ગુમ્મહ)

(૪) એક હજાર (૧૦૦૦) દિવસ સુધી સવાબ રળી (મેળવી) આપનારું દુરૂદ શરીફ :

"તબરાની"ની રિવાયત અનુસાર હઝરત જાબિર (રદિ.)ની રિવાયતથી હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નો આ ઇરશાદ નકલ થયો છે કે, જે માણસ સવાર–સાંજ આ (નીચે દર્શાવેલું) દુરૂદ શરીફ પઢયા કરશે, તો એ દુરૂદ એનો સવાબ લખનારાઓ (ફરિશ્તાઓ)ને એક હજાર દિવસ સુધી મશક્કત (કષ્ટ)માં મૂકી દેશે. મશક્કતમાં નાખવાનો ભાવાર્થ એ છે કે, તેઓ એક હજાર દિવસ સુધી એનો સવાબ લખતાં લખતાં થાકી જશે :

اَللّٰهُمَّ رَبَّ مُحَمَّدٍ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ
مُحَمَّدٍ وَّاجْزِ مُحَمَّدًا صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ
مَا هُوَ اَهْلُهٗ ط

(ફઝાઇલે દુરૂદ : ૪૫)

(૫) હજાર દિવસ સુધી સવાબ પામવાનું દુરૂદ :

صَلَّى اللّٰهُ عَلٰى مُحَمَّدٍ وَّجَزَاهُ
عَنَّا مَا هُوَ اَهْلُهٗ ط

સલ્લલ્લાહુ અલા મુહમ્મદિંવ્ વ જઝાહૂ અન્ના મા હુ-વ અહ્લુહ્.

ફઝીલત : જે માણસ આ દુરૂદ શરીફ પઢશે તો સવાબ લખનારા સિત્તેર (૭૦) ફરિશ્તા એક હજાર (૧,૦૦૦) દિવસ સુધી એનો સવાબ લખતા રહેશે. (ઝરીઅતુલ વુસૂલ....૧૭૭)

(૯) અઝાન પછી પઢવાથી શફાઅત વાજિબ થઈ જશે

(૧) હઝરત જાબિર (રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : જે માણસ મુઅઝ્ઝિનની અઝાન પછી આ દુરૂદ શરીફ પઢશે, તો એના માટે મારી શફાઅત વાજિબ થઈ જાય છે :

اَللّٰهُمَّ رَبَّ هٰذِهِ الدَّعْوَةِ التَّآمَّةِ وَالصَّلٰوةِ الْقَائِمَةِ صَلِّ عَلٰى مُحَمَّدٍ عَبْدِكَ وَرَسُوْلِكَ وَاَعْطِهِ الْوَسِيْلَةَ وَالشَّفَاعَةَ يَوْمَ الْقِيٰمَةِ ط

(ઇબ્નુસ્સુન્ની, અલ્ કવ્લુલ્ બદીઅ્ : ૧૮૦)

(૨) હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : જે માણસ અઝાન વખતે આ (નીચે દર્શાવેલી) દુઆ પઢશે, તો એના માટે મારી શફાઅત વાજિબ છે :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّبَلِّغْهُ دَرَجَةَ الْوَسِيْلَةَ عِنْدَكَ وَاجْعَلْنَا فِيْ شَفَاعَتِهٖ

يَوْمَ الْقِيَامَةِ ط

(તબરાની, અલ્ કવ્લુલ્ બદીઅ્ : ૧૮૨)

(૩) હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : જે માણસ અઝાનના સમયે (અઝાન પછી) આ દુરૂદ શરીફ પઢશે તો તે મારી શફાઅત પામશે :

اَللّٰهُمَّ رَبَّ هٰذِهِ الدَّعْوَةِ التَّآمَّةِ وَالصَّلٰوةِ الْقَائِمَةِ اٰتِ مُحَمَّدَا سُؤْلَهٗ ط

(અલ્ કવ્લુલ્ બદીઅ્ : ૧૮૨)

(૪) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : જે પણ મુસલમાન નમાઝની અઝાન સાંભળે (અને નીચે દર્શાવેલું દુરૂદ પઢે) તો મારા ઝિમ્મે કિયામતના દિવસે એની શફાઅત વાજિબ થઈ જશે :

اَللّٰهُ اَكْبَرُ ط اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ ط اَللّٰهُمَّ اٰتِ مُحَمَّدَ نِ الْوَسِيْلَةَ وَالْفَضِيْلَةَ وَابْعَثْهُ فِي الْاَعْلَيْنَ دَرَجَتَهٗ وَفِي الْمُصْطَفَيْنَ مَحَبَّتَهٗ وَفِي الْمُقَرَّبِيْنَ ذِكْرَهٗ ط

(૧૦) નબવી શફાઅત અને ગવાહી પ્રાપ્ત થશે

(૧) હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે, નબીએ અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : જે માણસ આ (નીચે દર્શાવેલું) દુરૂદ શરીફ પઢશે, તો કિયામતના દિવસે એના હકમાં ગવાહી આપીશ અને એના માટે હું શફાઅત કરીશ.

(અલ અદબુલ્ મુફરદ : ૧૯૩, નુઝુલુલ્ અબરાર : ૧૬૭)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ وَبَارِكْ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ وَتَرَحَّمْ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا تَرَحَّمْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ ط

(૨) હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની શફાઅત વાજિબ થશે :

નીચે દર્શાવેલ દુરૂદ શરીફ હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ (રદિ.)થી મરફૂઅન્ મરવી છે. બીજી એક હદીસમાં વર્ણન છે કે જે માણસ મારા માટે વસીલાની દુઆ કરશે એના પર મારી શફાઅત (સિફારિશ) ઊતરશે, એટલે કે પ્રમાણિત-નક્કી થઈ જશે.

બીજા ઠેકાણે ઇરશાદ છે કે વાજિબ થઈ જશે.

દુરૂદ શરીફ નીચે પ્રમાણે છે :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى (سَيِّدِنَا) مُحَمَّدٍ وَّاَبْلِغْهُ
الْوَسِيْلَةَ وَالدَّرَجَةَ الرَّفِيْعَةَ مِنَ الْجَنَّةِ ط
اَللّٰهُمَّ اجْعَلْ فِى الْمُصْطَفَيْنَ مَحَبَّتَهٗ وَفِى
الْمُقَرَّبِيْنَ مَوَدَّتَهٗ وَفِى الْاَعْلَيْنَ ذِكْرَهٗ
اَلسَّلَامُ عَلَيْهِ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ ط

(ફઝાઈલે દુરૂદ, ઝખીર–એ–આખિરત)

(૩) શફાઅત વાજિબ થશે :

ફઝીલત : ઈમામ સખાવી (રહ.)એ ''અલ્ કવ્લુલ્ બદીઅ્'' નામની કિતાબમાં ''ઇબ્ને અબી આસિમ''થી મરફૂઅન્ રિવાયત નકલ કરી છે કે જે માણસ સાત (૭) જુમ્આ સુધી દર જુમ્આ (શુક્રવાર)એ સાત વખત ઉપરના દુરૂદ શરીફને પઢશે, તો તેને માટે શફીઉલ મુઝનબીન (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની શફાઅત જરૂર થશે. આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર તે માણસની શફાઅત વાજિબ થઈ જશે. (અલ્ કવ્લુલ્ બદીઅ)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ عَبْدِكَ وَرَسُوْلِكَ
النَّبِيِّ الْاُمِّيِّ وَعَلٰى اٰلِ مُحَمَّدٍ اَللّٰهُمَّ صَلِّ عَلٰى
مُحَمَّدٍ وَّعَلٰى اٰلِ مُحَمَّدٍ صَلٰوةً تَكُوْنُ لَكَ رِضًى
وَّلَهٗ جَزَاءً وَّلِحَقِّهٖ اَدَاءً وَّاَعْطِهِ الْوَسِيْلَةَ
وَالْفَضِيْلَةَ وَالْمَقَامَ الْمَحْمُوْدَ الَّذِىْ وَعَدْتَّهٗ

وَاجْزِهٖ عَنَّا مَا هُوَ اَهْلُهٗ وَاجْزِهٖ اَفْضَلَ مَاجَازَيْتَ بِهٖ نَبِيًّا عَنْ قَوْمِهٖ وَرَسُوْلًا عَنْ اُمَّتِهٖ وَصَلِّ عَلٰى جَمِيْعِ اِخْوَانِهٖ مِنَ النَّبِيِّيْنَ وَالصَّالِحِيْنَ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ ط

(૪) શફાઅત વાજિબ થશે :

ફઝીલત : નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જે માણસ આ દુરૂદ શરીફને પઢશે તેના માટે મારી શફાઅત વાજિબ થશે. એક રિવાયત આ પ્રમાણે પણ જોવામાં આવી છે કે એ દુરૂદ શરીફ પઢવાવાળા પર મારી શફાઅત ઝરૂરી અને લાઝિમી યાને વાજિબ છે.

(દુરૂદો સલામ, દારુલ ઉલૂમ કંથારીઆ, પ્રકાશન નં. ૨૪૭)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ صَلٰوةً تَكُوْنُ لَكَ رِضًا وَّلِحَقِّهٖ اَدَاءً وَّاَعْطِهِ الْوَسِيْلَةَ وَالْمَقَامَ الَّذِىْ وَعَدْتَّهٗ ط

(અલકવલુલ બદીઅ)

(૫) શફાઅત વાજિબ થશે :

ફઝીલત : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઇરશાદ ફરમાવ્યો : જે માણસ આ દુરૂદ શરીફ પઢશે તો તેના માટે મારી શફાઅત વાજિબ છે.

(તબરાની)

اَللّٰهُمَّ رَبَّ هٰذِهِ الدَّعْوَةِ الْقَائِمَةِ وَالصَّلٰوةِ
النَّافِعَةِ صَلِّ اللّٰهُ عَلٰى مُحَمَّدٍ وَّارْضَ عَنِّيْ
رِضًا لَّا تَسْخَطُ بَعْدَهٗ اَبَدًا ط

(૬) દરેક ફર્ઝ નમાઝ પછી દુરૂદ :

હઝરત અબૂ ઉમામહ (રદિ.)થી રિવાયત છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : જે માણસ દરેક ફર્ઝ નમાઝ પછી આ (નીચે દર્શાવેલું) દુરૂદ શરીફ પઢશે તો એના માટે કિયામતના દિવસે મારી શફાઅત વાજિબ થઇ જશે :

اَللّٰهُمَّ اَعْطِ مُحَمَّدَ نِ الْوَسِيْلَةَ وَاجْعَلْ فِيْ
الْمُصْطَفَيْنَ مَحَبَّتَهٗ وَفِي الْعَالَمِيْنَ دَرَجَتَهٗ
وَفِي الْمُقَرَّبِيْنَ دَارَهٗ ط

(તબરાની, અલ્ કવ્લુલ્ બદીઅ્ : ૧૬૮)

(૭) સિફારિશ માટેનું દુરૂદ શરીફ :

اَللّٰهُمَّ اَعْطِ سَيِّدَنَا مُحَمَّدَ نِ الْوَسِيْلَةَ
وَاجْعَلْ فِي الْمُصْطَفَيْنَ مَحَبَّتَهٗ وَفِي الْعَالَمِيْنَ
دَرَجَتَهٗ وَفِي الْمُقَرَّبِيْنَ دَارَهٗ ط

ફઝીલત : કોઈ પણ ફર્ઝ નમાઝ બાદ જે કોઈ આ દુરૂદ શરીફ પઢશે તો કિયામતના દિવસે સિફારિશ મેળવશે.

(ઝાદુલ મુત્તકીન, પ્રકાશન નં. ૨૪૬)

(૮) શફાઅત તથા હુસ્ને ખાતિમહની બશારત :

ફઝીલત : જે માણસ આ દુરૂદ શરીફને હંમેશા પઢતો રહેશે તો કિયામતના દિવસે તે માણસ માટે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની શફાઅત વાજિબ થઈ જશે. (ફઝાઈલે આ'માલ)

ફઝીલત : હુઝૂર રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના ઈરશાદ મુજબ આ દુરૂદ શરીફ પઢનારા માટે હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની શફાઅત વાજિબ થશે, જેમાં એના હુસ્ને ખાતિમહની બશારત છે.

(ઝરીઅતુલ વુસૂલ....૧૨૭)

(૯) اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاَنْزِلْهُ الْمَقْعَدَ الْمُقَرَّبَ عِنْدَكَ يَوْمَ الْقِيٰمَةِ ط

ઉપરાક્ત અહાદીસમાં દુરૂદ શરીફ પઢવાની ખુસૂસી ફઝીલત બયાન કરવામાં આવી છે કે દુરૂદ શરીફ પઢનાર માટે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની શફાઅત લાઝિમ થશે. આ કારણે આ દુરૂદો પૈકી કોઈપણ દુરૂદ પઢવાનો મા'મૂલ બનાવી લેવો જોઈએ, જેથી કિયામતના મેદાનમાં આ અમોલી દોલત (શફાઅત) નસીબ થાય.

ખુલાસો :– મારા ભાઈઓ ! કિયામતના દિવસે મેદાને મેહશરમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની શફાઅત ફક્ત તે લોકો માટે જ છે, જે આ દુનિયાથી ઈમાનની સાથે મૃત્યુ પામ્યા હશે. તે મુઅમિનો માટે જ છે. આ કારણે આ દુરૂદો પઢવાનો મા'મૂલ બનાવી લેવો જોઈએ. બધાં ન પઢાય તો આ દુરૂદો પૈકી કોઈપણ એક (૧) દુરૂદ શરીફ પઢવાનો મા'મૂલ

બનાવી લેવો જોઈએ.

જરા વિચારો ! ઈન્શાઅલ્લાહ આ દુરૂદ શરીફ પઢનાર માટે ''હુસ્ને ખાતિમહ''ની બશારત છે. આ દુનિયાથી ઈમાનની સાથે જવું એ બહુ જ મોટી કામિયાબ છે. અલ્લાહપાક અમલ કરવાની અને કરાવવાની તૌફીક આપે, આમીન.

كُلُّ نَفْسٍ ذَآئِقَةُ الْمَوْتِ ؕ وَاِنَّمَا تُوَفَّوْنَ اُجُوْرَكُمْ يَوْمَ الْقِيٰمَةِ ؕ فَمَنْ زُحْزِحَ عَنِ النَّارِ وَاُدْخِلَ الْجَنَّةَ فَقَدْ فَازَ ؕ وَمَا الْحَيٰوةُ الدُّنْيَآ اِلَّا مَتَاعُ الْغُرُوْرِ ﴿۱۸۵﴾ (ال عمران ۳:۱۸۵)

દરેક જીવને મૌતની સજા ચાખવાની છે અને કિયામતના દિવસે તમને તમારા આ'માલનો સંપૂર્ણ બદલો આપવામાં આવશે. પછી જે કોઈ (તે દિવસે) દોઝખથી દૂર રખાયો અને જન્નતમાં દાખલ કરાયો તો તે કામિયાબ જ થઈ ગયો અને આ દુનિયાનું જીવન તો ધોકાની પૂંજી સિવાય કંઈ જ નથી.

(સૂરએ આલિ ઈમરાન : ૧૮૫)

(૧૧) બધાં જ દુરૂદ શરીફો કરતાં સર્વશ્રેષ્ઠ દુરૂદ શરીફ

દુરૂદે ઈબ્રાહીમ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ؕ اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ

وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ
وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

ફઝીલત : આ દુરૂદ શરીફનું નામ ''દુરૂદે ઈબ્રાહીમ'' છે અને બધાં દુરૂદ શરીફો કરતાં આ દુરૂદ શરીફ સર્વશ્રેષ્ઠ છે. દરેક બુઝુર્ગે આ દુરૂદ શરીફ સર્વશ્રેષ્ઠ હોવાની ભલામણ કરી છે. અલ્લાહના નેક બંદાઓએ પોતાની કિતાબોમાં આ દુરૂદ શરીફની ઘણી જ તાકીદ કરેલી છે. નમાઝના કા'દહમાં પણ આ દુરૂદ શરીફ પઢવામાં આવે છે.

(ફઝાઈલે દુરૂદ, ફઝાઈલે આ'માલ)

આ દુરૂદ શરીફ પઢનારને આખિરતમાં ઘણો જ મહાન અજર–બદલો મળશે, ઈન્શા અલ્લાહ.

(૧૨) સમગ્ર મખ્લૂકનાં બરાબર સવાબ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدِ نِالنَّبِيِّ عَدَدَ
مَنْ صَلّٰى عَلَيْهِ مِنْ خَلْقِكَ وَصَلِّ
عَلٰى مُحَمَّدِ نِالنَّبِيِّ كَمَا يَنْبَغِيْ لَنَا
اَنْ نُّصَلِّيَ عَلَيْهِ وَصَلِّ عَلٰى مُحَمَّدِ
نِالنَّبِيِّ كَمَا اَمَرْتَنَا اَنْ نُّصَلِّيَ عَلَيْهِ ط

ફઝીલત : જે માણસ ઉપરના દુરૂદ શરીફને દરરોજ સવારે દસ (૧૦) વખત પઢશે તો તે માણસ તેના કારણે તમામે તમામ મખ્લૂકના અમલોના જેટલો સવાબ હાસિલ કરે છે.

(દૂરે મન્પૂર)

હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.) ફરમાવે છે કે હું રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની પાસે હાજર હતો. અચાનક એક માણસ હુઝૂરે અકદસ (સલ.)ની પાસે આવ્યા અને સલામ કરી. રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ એમને સલામનો જવાબ દીધો અને આપનો નૂરવંત ચહેરો (ખૂશીથી) ચકચકિત થઈ ઊઠયો અને આપ (સલ.)એ એમને પોતાની પાસે બેસાડી લીધા. પછી તે સજ્જન (જે કામ અર્થે આવ્યા હતા તે) પોતાનું કામ કરી ચૂક્યા (તો જવા માટે) ઊઠયા (અને જ્યારે થોડાક દૂર ચાલ્યા ગયા) તો રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ (મને) ફરમાવ્યું : હે અબૂ બક્ર ! આ એવો માણસ છે કે દરરોજ (સમગ્ર) પૃથ્વી(ના પટ પર) વસતા લોકોના અમલના બરાબર આ (એકલા માણસ)નાં અમલ (અલ્લાહ તઆલાને ત્યાં) પહોંચાડવામાં આવે છે. હઝરત અબૂ બક્ર સિદ્દીક (રદિ.) ફરમાવે છે : મેં અરજ કરી (યા રસૂલલ્લાહ !) : આ (આટલો સવાબ એને દરરોજ) કેમ મળે છે ?

આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : આ માણસ જયારે સવારે ઊઠે છે તો મારા પર દસ વાર (એવું) દુરૂદ શરીફ પઢે છે (જે પોતાના સવાબમાં) આખી મખ્લૂકના દુરૂદોના બરાબર છે. મેં અરજ કરી (યા રસૂલલ્લાહ !) : તે કયું દુરૂદ છે ? આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે તે દુરૂદ આ છે.

(દારકુત્ની, ઈબ્ને માજહ)

(૧૩) ઈમાનની સલામતી માટેનું દુરૂદ શરીફ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ
وَعَلٰى اٰلِهٖ وَصَحْبِهٖ وَسَلِّمْ
بِعَدَدِ كُلِّ حَرْفٍ جَرٰى بِهِ الْقَلَمُ ط

ફઝીલત : જે કોઇ ઉપરનું દુરૂદ શરીફ મગરિબની નમાઝ બાદ, કોઈની સાથે વાત કર્યા વગર દસ વખત પઢશે તો તે માણસ ઈમાનની સલામતી સાથે મૃત્યુ પામશે.

(હુબ્બે નસીમ)

(૧૪) જન્નતી પક્ષીની દુઆએ મગફિરતનો અજીબ નુસખો

اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى كُلِّ حَالٍ ط وَصَلَّى
اللّٰهُ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰى اَهْلِ بَيْتِهٖ ط

ફઝીલત : જે માણસ છીંક આવવા પર આ દુરૂદ પઢશે તો અલ્લાહ તઆલા તરફથી એક પક્ષી પેદા થશે, જે અર્શની નીચે (પોતાની પાંખો) ફફડાવતું રહેશે અને અરજ કરશે કે (હે અલ્લાહ !) આ દુરૂદ શરીફ પઢવાવાળાને બખ્શી દે.

(ઝરીઅતુલ વુસૂલ....૫૮)

(૧૫) મહાન ફઝીલત

સહાબએ કિરામ (રદિ.)ની એક (આખી) જમાઅત દ્વારા રિવાયત છે, એમણે બયાન કર્યું છે કે, એક વાર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) મસ્જિદમાં બિરાજમાન હતા. એ સમયે એક ગામડિયા માણસ આપ (સલ.)ની પાસે આવ્યા અને એમણે કહ્યું : અસ્સલામુ અલયકુમ, હે ઈઝ્ઝતવાન, ઉચ્ચતમ અને દયાવાન ઝાત ! હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ તેમને પોતાની અને હઝરત અબૂ બક્ર (રદિ.)ની વચ્ચે બેસાડયા. હઝરત અબૂ બક્ર (રદિ.)એ અરજ કરી : યા રસૂલલ્લાહ (સલ.) ! આપ આ વ્યક્તિને મારી અને

આપની વચ્ચે બેસાડો છો, હાલાંકે મારી જાણકારી અનુસાર પૃથ્વીના પટ પર આપ (સલ.)ને મારાથી વધુ કોઈ પ્રિય અને અઝીઝ નથી.

આપ (સલ.)એ ફરમાવ્યું : મને (હઝરત) જિબ્રીલ (અલૈ.)એ ખબર દીધી છે કે, આ વ્યક્તિ મારા પર એવું દુરૂદ મોકલે છે કે આથી પહેલાં મારા પર કોઈએ એવું દુરૂદ મોકલ્યું નથી. હઝરત અબૂ બક્ર (રદિ.)એ પૂછયું : તે (શું કહે છે અને) કેવી રીતે કહે છે ? આપ (સલ.)એ ફરમાવ્યું : તે (આ પ્રમાણે) કહે છે :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ فِى الْاَوَّلِيْنَ وَالْاٰخِرِيْنَ وَفِى الْمَلَاِ الْاَعْلٰى اِلٰى يَوْمِ الدِّيْنِ ط

હઝરત અબૂ બક્ર (રાદ.)એ કહ્યું : યા રસૂલલ્લાહ (સલ.) ! આપ મને આ દુરૂદના સવાબથી માહિતગાર ફરમાવી દો.

આપ (સલ.)એ ફરમાવ્યું : જો બધા જ સમંદર રોશનાઈ (શાહી) બની જાય અને બધાં જ વૃક્ષો કલમ બની જાય અને સઘળા ફરિશ્તા લખનારા (લહિયા) બની જાય, તો (સમગ્ર) રોશનાઈ ખતમ થઈ જાય અને (બધી જ) કલમો તૂટી જાય, તો પણ આ દુરૂદના સવાબને આંબી કે પહોંચી શકશે નહિ (આ દુરૂદનો હકીકી સવાબ તો અલ્લાહ તઆલા જ લખી શકશે—અર્પણ કરશે). (નુઝ્હતુલ્ મજાલિસ : ભાગ—૨, પેજ—૨૦૯)

(૧૬) અર્શે અઝીમ બરાબર સવાબ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ مِّلْأَ السَّمٰوٰتِ وَمِلْأَ الْاَرْضِ وَمِلْأَ الْعَرْشِ الْعَظِيْمِ ط

ફઝીલત : આ દુરૂદ શરીફ પઢનારને આકાશ અને જમીન ભરીને તથા અર્શે અઝીમની બરાબર સવાબ મળે છે.

(ઝરીઅતુલ વુસૂલ...૧૮૨)

(૧૭) મોટા માપણા વડે સવાબ મળશે

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدِ اِلنَّبِيِّ
وَاَزْوَاجِهٖ اُمَّهَاتِ الْمُؤْمِنِيْنَ وَذُرِّيَّتِهٖ
وَاَهْلِ بَيْتِهٖ كَمَا صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ
اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

ફઝીલત : હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના ઇરશાદ અનુસાર જે માણસ એવું ચાહતો હોય કે મોટા માપણા દ્વારા (અર્થાત્ વિપુલ માત્રામાં) એને સવાબ આપવામાં આવે તો એણે આ દુરૂદ શરીફ પઢવું જોઈએ. (ઝરીઅતુલ વુસૂલ....૩૨)

(૧૮) મોટા ત્રાજવામાં તોલાતું દુરૂદ

اَللّٰهُمَّ اجْعَلْ صَلَوَاتِكَ وَبَرَكَاتِكَ عَلٰى
مُحَمَّدِ اِلنَّبِيِّ وَاَزْوَاجِهٖ اُمَّهَاتِ الْمُؤْمِنِيْنَ
وَذُرِّيَّتِهٖ وَاَهْلِ بَيْتِهٖ كَمَاصَلَّيْتَ عَلٰٓى اٰلِ
اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

(અલ્ કવ્લુલ્ બદીઅ : ૪૩)

હઝરત અલી (રદિ.)ની રિવાયતમાં છે કે, જે માણસ એવું ચાહે કે અમારા અહલે બૈત પર દુરૂદ મોકલે અને તેનું દુરૂદ કોઈ મોટા ત્રાજવા કે માપણામાં તોલવામાં આવે, તો તે આ દુરૂદ પઢે.

(૧૯) જન્નતની ફળફળાદિ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ عَبْدِكَ وَعَلٰٓى اٰلِ مُحَمَّدٍ وَّبَارِكْ وَسَلِّمْ ط

ફઝીલત : જે માણસ દરરોજ આ દુરૂદ શરીફ પઢવાની પાબંદી કરશે તો એને જન્નતમાં ખાસ ફળ અને મેવા ખાવા મળશે.

(ઝરીઅતુલ વુસૂલ...૧૭૩)

(૨૦) હૌઝે કવસરનો લબરેઝ જામ પીવા મળશે

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِهٖ وَاَصْحَابِهٖ وَاَوْلَادِهٖ وَاَزْوَاجِهٖ وَذُرِّيَّتِهٖ وَاَهْلِ بَيْتِهٖ وَاَصْهَارِهٖ وَاَنْصَارِهٖ وَاَشْيَاعِهٖ وَاُمَّتِهٖ وَعَلَيْنَا مَعَهُمْ اَجْمَعِيْنَ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ ط

ફઝીલત : હઝરત હસન બસરી (રહ.) ફરમાવે છે કે જે માણસ ''હૌઝે કવસર''નો (જે હુઝૂરે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો હૌઝ છે તે) લબરેઝ જામ પીવા ચાહતો હોય તો તેને જોઈએ કે આ દુરૂદ શરીફને પઢતો રહે.

(હઝરત હસન બસરી રહ.)

(૨૧) મોટો જામે કવષર મળશે

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِهٖ وَاَصْحَابِهٖ
وَاَوْلَادِهٖ وَاَزْوَاجِهٖ وَذُرِّيَّتِهٖ وَاَهْلِ بَيْتِهٖ
وَاَصْهَارِهٖ وَاَنْصَارِهٖ وَاَشْيَاعِهٖ وَمُحِبِّيْهٖ وَاُمَّتِهٖ
وَعَلَيْنَا مَعَهُمْ اَجْمَعِيْنَ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ ط

ફઝીલત : જે માણસ રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના હૌઝે કવષરથી મોટા માપણા વડે (વિપુલ માત્રામાં કે પુષ્કળ પ્રમાણમાં) પાણી પીવા ચાહતો હોય તો એણે આ દુરૂદ શરીફ પઢતા રહેવું જોઈએ.

(ઝરીઅતુલ વુસૂલ...૯૭)

(૨૨) જન્નતમાં પોતાનું સ્થાન

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ
وَّاٰلِهٖ اَلْفَ اَلْفَ مَرَّةٍ ط

ફઝીલત : જે માણસ જુમ્આના દિવસે ઉપર જણાવેલ દુરૂદ શરીફ એક હજાર (૧,૦૦૦) વાર પઢશે તો જયાં સુધી તે માણસ જન્નતમાં પોતાનું સ્થાન–જગ્યા જોશે નહિ ત્યાં સુધી મૃત્યુ પામશે નહિ.

(ફઝાઈલે આ'માલ, ફઝાઈલે દુરૂદ શરીફ)

(૨૩) એંસી (૮૦) વરસના ગુનાહ માફ, એંસી (૮૦) વરસની ઈબાદતનો સવાબ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدِ نِالنَّبِيِّ الْاُمِّيِّ
وَعَلٰى اٰلِهٖ وَسَلِّمْ تَسْلِيْمًا ط

ફઝીલત : જે માણસ જુમ્આના દિવસે અસરની નમાઝ પઢી લીધા બાદ પોતાની જગ્યાએથી ઊભો થવા પહેલાં આ મુબારક દુરૂદ શરીફને એંસી (૮૦) વખત પઢશે તો અલ્લાહ તઆલા તેના એંસી (૮૦) વરસના ગુનાહ માફ કરી દેશે તથા તેને એંસી (૮૦) વરસની ઈબાદતનો સવાબ મળશે. (ફઝાઈલે આ'માલ)

હઝરત સખાવી (રહમતુલ્લાહિ અલયહ) બીજી હદીસ નકલ કરે છે કે હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે, જે કોઈ આ દુરૂદ શરીફ એક વખત પઢશે અને જો અલ્લાહ તઆલા કબૂલ ફરમાવી લેશે તો તેના એંસી (૮૦) વરસના ગુનાહો માફ થઈ જશે, (ઈન્શા અલ્લાહ).

(ફઝાઈલે આ'માલ, ઝાદુલ મુત્તકીન–દારુલ ઉલૂમ કંથારીઆ, પ્રકાશન નં. ૨૪૬)

(૨૪) દરેક અક્ષર (હર્ફ)નાં બદલે જન્નતમાં એક (૧) મહેલ મળશે

હુઝૂરે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવે છે કે અલ્લાહ તઆલા ફરમાવે છે કે મારી બુઝુર્ગી, ઈઝ્ઝત અને જલાલની કસમ ! જે કોઈ જુમ્આના દિવસે આ દુરૂદ શરીફ પઢશે તો કિયામતના દિવસે એનો હાથ મારા મહબૂબ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના હાથમાં હશે અને તે માણસ મારા મહબૂબ

સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઝંડા નીચે હશે, તેમજ આ દુરૂદ શરીફના દરેક અક્ષર (હર્ફ)ને બદલે તેને જન્નતમાં એક મહેલ આપીશ. તે મહાનતમ દુરૂદ શરીફ આ રહ્યું : (શવ્કે આખિરત)

اَللّٰهُمَّ اِنِّیْ اَسْئَلُکَ بِحَقِّکَ الْعَظِیْمِ وَبِحَقِّ
عَرْشِکَ الْعَظِیْمِ وَبِحَقِّ نُوْرِوَجْهِکَ الْکَرِیْمِ
وَبِحَقِّ مَاحَمَلَ کُرْسِیُّکَ مِنْ عَظَمَتِکَ وَجَلَالِکَ
وَجَمَالِکَ وَبَهَائِکَ وَقُدْرَتِکَ وَسُلْطَانِکَ وَبِحَقِّ
اسْمِکَ الْمَخْزُوْنِ الْمَکْنُوْنِ الَّذِیْ سَمَّیْتَ بِهٖ
نَفْسَکَ وَاَنْزَلْتَهٗ فِیْ کِتَابِکَ اَوْعَلَّمْتَهٗ اَحَدًا
مِّنْ خَلْقِکَ اَوِاسْتَأْثَرْتَ بِهٖ فِیْ عِلْمِ الْغَیْبِ عِنْدَکَ
اَنْ تُصَلِّیَ عَلٰی سَیِّدِنَا مُحَمَّدٍ وَّعَلٰٓی اٰلِ سَیِّدِنَا
مُحَمَّدٍ عَبْدِکَ وَرَسُوْلِکَ وَاَسْئَلُکَ اَللّٰهُمَّ
بِاسْمِکَ الَّذِیْ وَضَعْتَهٗ عَلَی الَّیْلِ فَاَظْلَمَ وَعَلَی
النَّهَارِفَاسْتَنَارَ وَعَلَی السَّمٰوٰتِ فَاسْتَقَلَّتْ وَعَلَی
الْاَرْضِ فَاسْتَقَرَّتْ وَعَلَی الْجِبَالِ فَرَسَتْ

وَعَلَى الصَّعْبَةِ فَذَلَّتْ وَعَلٰى مَاءِ السَّمَآءِ فَسَكَبَتْ
وَاَسْئَلُكَ اَللّٰهُمَّ بِمَاسَئَلَكَ بِهٖ سَيِّدُنَا مُحَمَّدٌ
صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَ اَسْئَلُكَ اَللّٰهُمَّ بِمَا
سَئَلَكَ بِهٖ سَيِّدُنَا اٰدَمُ عَلَيْهِ السَّلَامُ وَاَسْئَلُكَ
اَللّٰهُمَّ بِمَا سَئَلَكَ بِهٖ سَيِّدُنَا مُحَمَّدٌ وَّاَنْبِيَائُكَ
وَرُسُلُكَ وَمَلٰئِكَتُكَ الْمُقَرَّبُوْنَ صَلَّى اللّٰهُ
عَلَيْهِمْ اَجْمَعِيْنَ وَاَسْئَلُكَ اَللّٰهُمَّ بِمَاسَئَلَكَ
بِهٖ اَهْلُ طَاعَتِكَ اَجْمَعِيْنَ اَنْ نُّصَلِّيَ عَلٰى سَيِّدِنَا
مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ سَيِّدِنَا مُحَمَّدٍ عَدَدَ مَاخَلَقْتَ
مِنْ قَبْلِ اَنْ تَكُوْنَ السَّمَآءُ مُبَيِّنَةً وَّالْاَرْضُ
مُطْحِيَّةً وَّالْجِبَالُ مُرْسِيَّةً وَّالْعُيُوْنُ مُنْفَجِرَةً
وَّالْاَنْهَارُ مُنْهَمِرَةً وَّالشَّمْسُ مُضْحِيَّةً وَّالْقَمَرُ
مُضْيَاءً وَّالْكَوَاكِبُ مُنِيْرَةً ط عَدَدَ خَلْقِهٖ

وَرِضَا نَفْسِهٖ وَزِنَةَ عَرْشِهٖ وَمِدَادَ كَلِمَاتِهٖ
وَمَبْلَغَ عِلْمِهٖ وَمُنْتَهٰى رِضَائِهٖ ط

(૨૫) ચાંદ સમાન મુખડું થશે

اَللّٰهُمَّ صَلِّ عَلَى النَّبِيِّ مُحَمَّدٍ حَتّٰى لَا يَبْقٰى مِنْ
صَلٰوتِكَ شَيْءٌ وَّبَارِكْ عَلَى النَّبِيِّ مُحَمَّدٍ حَتّٰى
لَا يَبْقٰى مِنْ بَرَكَاتِكَ شَيْءٌ وَّارْحَمِ النَّبِيَّ
حَتّٰى لَا يَبْقٰى مِنْ رَّحْمَتِكَ شَيْءٌ وَّسَلِّمْ عَلَى
النَّبِيِّ مُحَمَّدٍ حَتّٰى لَا يَبْقٰى مِنْ سَلَامِكَ شَيْءٌ ط

ફઝીલત : હુઝૂર નબીએ અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના ઈરશાદ અનુસાર આ દુરૂદ શરીફને પઢનારનો ચહેરો પુલ સિરાતથી પસાર થતી વખતે ચાંદથી વધુ ચમકદાર હશે.

(ઝરીઅતુલ વુસૂલ....૧૮૫)

(૨૬) બેહતરીન હમ્દ અને અતિ અફઝલ દુરૂદ

અબ્દુલ્લાહ મૂસલી (રહ.)એ બયાન કર્યું છે કે, જે માણસ

અલ્લાહ તઆલાની બેહતરીન હમ્દ કરવા ચાહે અને અફઝલતરીન દુરૂદ પઢવા ચાહે તો તે આ હમ્દો-સલાત પઢે :

اَللّٰهُمَّ لَكَ الْحَمْدُ كَمَا اَنْتَ اَهْلُهٗ فَصَلِّ عَلٰى مُحَمَّدٍ كَمَا اَنْتَ اَهْلُهٗ وَافْعَلْ بِنَا مَا اَنْتَ اَهْلُهٗ فَاِنَّكَ اَهْلُ التَّقْوٰى وَاَهْلُ الْمَغْفِرَةِ ط

(અબૂદાવૂદ શરીફ)

(૨૭) બેહતરીન દુરૂદ

હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને મસ્ઊદ (રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : જ્યારે મારી ઉપર દુરૂદ મોકલો તો બેહતરીન દુરૂદ મોકલો. કદાચ તમે જાણતા નથી કે (તમારું પઢેલું એ દુરૂદ) અમારી સામે રજૂ કરવામાં આવે છે. આ દુરૂદ પઢો :

اَللّٰهُمَّ اجْعَلْ صَلٰوتَكَ وَرَحْمَتَكَ وَبَرَكَاتِكَ عَلٰى سَيِّدِ الْمُرْسَلِيْنَ وَاِمَامِ الْمُتَّقِيْنَ وَخَاتَمِ النَّبِيِّيْنَ عَبْدِكَ وَرَسُوْلِكَ اِمَامِ الْخَيْرِ وَقَائِدِ الْخَيْرِ وَرَسُوْلِ الرَّحْمَةِ اَللّٰهُمَّ ابْعَثْهُ الْمَقَامَ الْمَحْمُوْدَ يَغْبِطُهٗ بِهِ الْاَوَّلُوْنَ وَالْاٰخِرُوْنَ ط

(અલ્ કવ્લુલ્ બદીઅ્ : ૪૮)

(૨૮i) ઉત્તમ દુરૂદ

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : જ્યારે તમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પર દુરૂદ મોકલો તો બેહતરીન દુરૂદ મોકલો. શાયદ તમે જાણતા નથી કે તે મારી ઉપર પેશ કરવામાં આવે છે, મારી સામે રજૂ કરવામાં આવે છે. સહાબએ કિરામ (રદિ.)એ અરજ કરી : અમને એ દુરૂદ શિખવાડી દો. આપ (સલ.)એ ફરમાવ્યું : (આ દુરૂદ) પઢો :

اَللّٰهُمَّ اجْعَلْ صَلَاتَكَ وَرَحْمَتَكَ وَبَرَكَاتِكَ عَلٰى
سَيِّدِ الْمُرْسَلِيْنَ وَاِمَامِ الْمُتَّقِيْنَ وَخَاتَمِ النَّبِيِّيْنَ
مُحَمَّدٍ عَبْدِكَ وَرَسُوْلِكَ اِمَامِ الْخَيْرِ وَقَائِدِ الْخَيْرِ
وَرَسُوْلِ الرَّحْمَةِ اَللّٰهُمَّ ابْعَثْهُ مَقَامًا مَّحْمُوْدًا
يَّغْبِطُهٗ بِهِ الْاَوَّلُوْنَ وَالْاٰخِرُوْنَ ط اَللّٰهُمَّ صَلِّ عَلٰى
مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ
وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط اَللّٰهُمَّ
بَارِكْ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى
اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

(ઈબ્ને માજહ : ૯૦૬, અસ્સિઆયહ : ૨૩૬, મવ્કૂફન્)

(૨૮ii) અફઝલ દુરૂદ શરીફ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدِ إِلَّذِىْ مَلَأْتَ
قَلْبَهٗ مِنْ جَلَالِكَ وَعَيْنَيْهِ مِنْ جَمَالِكَ
فَأَصْبَحَ فَرِحاً مَّسْرُوْرًا مُّؤَيَّدًا مَّنْصُوْرًا ط

ફઝીલત : શૈખ અબૂ અબ્દુલ્લાહ ઈબ્ને નુઅમાન (રહ.)ને ખ્વાબમાં સો (૧૦૦) વાર રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની ઝિયારત નસીબ થઈ. અંતિમ વખતે એમણે હુઝૂર રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને અફઝલ દુરૂદ શરીફ વિશે પૂછયું, તો આપ (સલ.)એ આ દુરૂદ શરીફ તાલીમ ફરમાવ્યું. (ઝરીઅતુલ વુસૂલ....૬૯)

(૨૯) દુનિયા અને આખિરતની બરકતો પામવાનું દુરૂદ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّاٰلِهٖ وَصَحْبِهٖ
وَسَلِّمْ بِعَدَدِ مَافِىْ جَمِيْعِ الْقُرْاٰنِ حَرْفًا حَرْفًا
وَبِعَدَدِ كُلِّ حَرْفٍ اَلْفًا اَلْفًا ط

ફઝીલત : દુનિયા અને આખિરતની બરકતો પ્રાપ્ત કરવા માટે પોતાના વિર્દ–વઝાઈફ અને મા'મૂલાતના ખતમ પર આ દુરૂદ શરીફ પઢયા કરવું. (ઝરીઅતુલ વુસૂલ....૧૯૨)

(૩૦) દુરૂદે ઈમામ શાફઈ (રહ.)

ઈમામ બયહકી (રહ.)એ અબુલ હસન શાફઈ (રહ.)થી એમનો પોતાનો ખ્વાબ નકલ કર્યો છે. તેઓ કહે છે કે મેં હુઝૂરે અકદસ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ખ્વાબમાં ઝિયારત કરી, તો મેં હુઝૂરે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને પૂછયું : યા રસૂલલ્લાહ (સલ.) ! ઈમામ શાફઈ (રહ.)એ પોતાના રિસાલામાં જે દુરૂદ લખ્યું છે, તેનો આપ (સલ.) તરફથી એમને શું બદલો આપવામાં આવ્યો છે ? હુઝૂરે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો : મારા તરફથી આ બદલો આપવામાં આવ્યો છે કે તેમને હિસાબ માટે રોકવામાં નહિ આવે. તે દુરૂદ આ પ્રમાણે છે :

صَلَّى اللّٰهُ عَلٰى مُحَمَّدٍ كُلَّمَا ذَكَرَهُ
الذَّاكِرُوْنَ وَغَفَلَ عَنْ ذِكْرِهِ الْغَافِلُوْنَ ط

(૩૧) દુરૂદની બરકતથી મળ્યું નબવી સન્માન

''શિફા''માં વર્ણન કરાયું છે કે હુઝૂરે અકદસ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને સિદ્દીકે અકબર (રદિ.)ની વચ્ચે કોઈ બેસેલું ન હતું. એક દિવસે એક માણસ આવ્યા તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ એમને પોતાના અને સિદ્દીકે અકબર (રદિ.)ના દરમિયાન બેસાડયા. સહાબએ કિરામ (રદિ.)ને આ બનાવથી આશ્ચર્ય થયું. જ્યારે તે માણસ ચાલ્યા ગયા તો હુઝૂરે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ સહાબએ કિરામ (રદિ.)ને ફરમાવ્યું : આ માણસ મારી ઉપર આ પ્રમાણે દુરૂદ પઢે છે :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ كَمَا تُحِبُّ
وَتَرْضٰى لَهٗ ط

(અલ્ કવ્લુલ્ બદીઅ્ : ૪૭)

(૩૨) દુરૂદ પઢવા બદલ નબવી ઈકરામ

અબૂ મૂસા મદીની અને ઈબ્ને સઅદે પોતાની સનદથી બયાન કર્યું છે કે મુહમ્મદ ઉમર (રહ.)એ કહ્યું કે હું હઝરત અબૂ બક્ર ઈબ્ને મુજાહિદ (રહ.)ની ખિદમતમાં બેઠેલો હતો ત્યારે એમની પાસે શિબ્લી (રહ.) આવ્યા. હઝરત અબૂબક્ર ઈબ્ને મુજાહિદ (રહ.) ઊભા થઈ ગયા અને એમનાથી મુઆનકહ (આલિંગન) કર્યો તથા એમની પેશાની ચૂમી લીધી. મેં કહ્યું : મારા આકા ! આપે શિબ્લી સાથે આવો સુંદર વર્તાવ કર્યો, હાલાંકે આપ અને તમામ બગદાદવાળાઓ એમને મજનૂન (પાગલ) કહો છો. એમણે કહ્યું : મેં એમની સાથે એવો જ (સુંદર અને ઈકરામભર્યો વર્તાવ) કર્યો, જેવો કે હુઝૂરે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને એમની સાથે વર્તાવ કરતા જોયા છે. જેમ કે-મેં રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ખ્વાબમાં જોયા કે આપે શિબ્લી (રહ.)ની પેશાનીને ચૂમી લીધી. મેં અરજ કરી : હે અલ્લાહના રસૂલ (સલ.) ! આપ શિબ્લી સાથે આવો વર્તાવ કરો છો ? આપ (સલ.)એ ફરમાવ્યું : આ (શિબ્લી) દરેક નમાઝ પછી આ આયત પઢે છે :

لَقَدْ جَآءَكُمْ رَسُوْلٌ مِّنْ اَنْفُسِكُمْ عَزِيْزٌ عَلَيْهِ مَا عَنِتُّمْ
حَرِيْصٌ عَلَيْكُمْ بِالْمُؤْمِنِيْنَ رَءُوْفٌ رَّحِيْمٌ ﴿١٢٨﴾

فَاِنْ تَوَلَّوْا فَقُلْ حَسْبِيَ اللّٰهُ ۖ لَآ اِلٰهَ اِلَّا هُوَ ؕ عَلَيْهِ
تَوَكَّلْتُ وَهُوَ رَبُّ الْعَرْشِ الْعَظِيْمِ ﴿١٢٩﴾ (التوبة ٩:١٢٨-١٢٩)

પછી ત્રણ વાર આ (દુરૂદ) પઢે છે :

صَلَّى اللّٰهُ عَلَيْكَ يَا مُحَمَّدُ ؕ

સલ્લલ્લાહુ અલયક યા મુહમ્મદ.

જ્યારે મેં શિબ્લી (રહ.)ને આ વિશે પૂછયું તો એમણે આ જ પ્રમાણે જણાવ્યું.

(જિલાઉલ ઇફ્હામ : ૨૪૧, અલ્ કવ્લુલ્ બદીઅ્ : ૧૬૮)

(33) સાત હજાર (૭,૦૦૦) દુરૂદ શરીફ પઢવાનો સવાબ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدِ نِ النَّبِيِّ الْاُمِّيِّ
وَاٰلِهٖ اَصْحَابِهٖ وَبَارِكْ وَسَلِّمْ صَلٰوةَ الرِّضٰى
وَارْضَ عَنْ اَصْحَابِهٖ رَضَاءَ الرِّضٰى ؕ

ફઝીલત : આ દુરૂદ શરીફ પઢવાનો સવાબ સાત હજાર (૭,૦૦૦) દુરૂદ શરીફ પઢવા બરાબર છે.

(દલાઇલુલ ખયરાત)

(૩૪) દસ હજાર (૧૦,૦૦૦) વાર દુરૂદ પઢવા બરાબર

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ اَفْضَلَ صَلَوَاتِكَ ط

ફઝીલત : આ દુરૂદ શરીફ વિશે મન્કૂલ છે કે આ દસ હજાર વાર દુરૂદ શરીફ પઢવા બરાબર છે.

(ઝરીઅતુલ્ વુસૂલ ઈલા જનાબિર્રસૂલ–૧૫૦)

(૩૫) બાર હજાર (૧૨,૦૦૦) દુરૂદ શરીફ પઢવાનો સવાબ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ
عَدَدَ مَا فِيْ عِلْمِ اللّٰهِ صَلٰوةً
دَائِمَةً بِدَوَامِ مُلْكِ اللّٰهِ ط

ફઝીલત : આ દુરૂદ શરીફ પઢવાનો સવાબ બાર હજાર (૧૨,૦૦૦) દુરૂદ શરીફ પઢવા બરાબર છે. (દલાઈલુલ ખયરાત)

(૩૬) સાઈઠ હજાર (૬૦,૦૦૦) દુરૂદ શરીફ પઢવાનો સવાબ

● **દુરૂદે મલવાન :**

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا وَمَوْلَانَا

مُحَمَّدٍ مَّا اخْتَلَفَ الْمَلَوَانِ وَ تَعَاقَبَ
الْعَصْرَانِ وَكَرَّرَالْجَدِيْدَانِ وَاسْتَقْبَلَ
الْفَرْقَدَانِ وَبَلِّغْ رُوْحَهٗ وَاَرْوَاحَ اَهْلِ
بَيْتِهٖ مِنَّا اَلتَّحِيَّةَ وَالسَّلَامَ وَبَارِكْ
وَسَلِّمْ عَلَيْهِ كَثِيْرًا ط (روح البیان ج ۷)

ફઝીલત : (૧) ઉપરોક્ત દુરૂદ શરીફ દુરૂદે મલવાનને એક વખત પઢવાથી દસ હજાર (૧૦,૦૦૦) દુરૂદ શરીફ પઢવાનો સવાબ મળશે. ત્રણ વાર પઢવાથી ત્રીસ હજાર (૩૦,૦૦૦) દુરૂદ શરીફ પઢવાનો સવાબ મળશે. આ દુરૂદ શરીફને સૂવાથી પહેલાં ત્રણ વખત અને સૂઈને ઊઠયા પછી ત્રણ વખત પઢવાથી સાઠ હજાર (૬૦,૦૦૦) દુરૂદ શરીફ પઢવાનો સવાબ તે પઢનારને મળશે, ઈન્શાઅલ્લાહ. (તફસીરે રૂહુલ બયાન)

ફઝીલત : (૨) આ દુરૂદ શરીફ કર્ઝની અદાયગી માટે સહાયરૂપ અને અકસીર છે. દીન–દુનિયાની ભલાઈઓ પ્રાપ્ત થશે, ઈન્શા અલ્લાહ.

(૩૭) સિત્તેર હજાર (૭૦,૦૦૦) દુરૂદ શરીફ પઢવાનો સવાબ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدِ اِلنَّبِيِّ
الْاُمِّيِّ وَاٰلِهٖ وَاَصْحَابِهٖ وَبَارِكْ وَسَلِّمْ

بَحْرِ اَنْوَارِکَ وَمَعْدَنِ اَسْرَارِکَ وَلِسَانِ
حُجَّتِکَ وَعُرُوْسِ مَمْلَکَتِکَ وَطِرَازِ مُلْکِکَ
وَخَزَائِنِ رَحْمَتِکَ وَطَرِیْقِ شَرِیْعَتِکَ
الْمُتَلَذِّذِ بِتَوْحِیْدِکَ اِنْسَانِ عَیْنِ الْوُجُوْدِ
وَالسَّبَبِ فِیْ کُلِّ مَوْجُوْدٍ عَیْنِ اَعْیَانِ
خَلْقِکَ الْمُتَقَدِّمِ مِنْ نُّوْرِ ضِیَائِکَ صَلٰوۃً
تَدُوْمُ بِدَوَامِکَ وَتَبْقٰی بِبَقَائِکَ لَا
مُنْتَهٰی لَهٗ دُوْنَ مَشِیَّتِکَ صَلٰوۃً تُرْضِیْکَ
وَتُرْضِیْهِ وَتَرْضٰی بِهَا عَنَّا یَارَبَّ الْعَالَمِیْنَ ط

ફઝીલત : ઉપરના દુરૂદ પઢવાનો સવાબ સિત્તેર હજાર (૭૦,૦૦૦) દુરૂદ શરીફ પઢવા બરાબર છે. (દલાઈલુલ ખયરાત)

(૩૮) દુરૂદે "સલાતુલ્ બીર"

اَللّٰهُمَّ صَلِّ عَلٰی سَیِّدِنَا وَمَوْلَانَا
مُحَمَّدٍ وَّعَلٰٓی اٰلِ سَیِّدِنَا مُحَمَّدٍ

صَلٰوةً دَائِمَةً مَّقْبُوْلَةً تُؤَدِّىْ بِهَا عَنَّا
حَقَّهُ الْعَظِيْمِ ط كَمَا تُحِبُّ وَتَرْضٰى
عَدَدَ مَاتُحِبُّ وَتَرْضٰى ط

ફઝીલત : ''સલાતુલ્ બીર'' ઘણી જ ફઝીલતવાળું દુરૂદ શરીફ છે. આ દુરૂદ શરીફની જાણકારી કદાચ જ લાખોમાંથી કોઈ એકને હશે. આ ''સલાતુલ્ બીર''ને કારણે જ ''દલાઈલુલ્ ખયરાત''ના લેખકે ''દલાઈલુલ્ ખયરાત'' લખી છે. (દલાઈલુલ્ ખયરાત)

(૩૯) આખી દલાઈલુલ્ ખયરાત પઢવાનો સવાબ મળશે

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ
سَيِّدِنَا مُحَمَّدٍ عَدَدَ مَا فِىْ عِلْمِ اللّٰهِ
صَلٰوةً دَائِمَةً بِدَوَامِ مُلْكِ اللّٰهِ ط

ફઝીલત : જે કોઈ માણસ ઉપરના દુરૂદ શરીફનું એક વખત પણ પઢશે તો તેને આખી ''દલાઈલુલ્ ખયરાત'' પઢવા બરાબર સવાબ મળશે. (દલાઈલુલ્ ખયરાત)

(૪૦) સૂતી વખતે પઢવાનું દુરૂદ

હઝરત અબૂ કરસાફહ કનાનીથી રિવાયત છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : જે માણસ (સૂવા માટે) બિસ્તર પર આવે, પછી સૂરએ તબારકલ્લઝી.... પઢે.

ત્યાર બાદ ચાર વખત આ (નીચે દર્શાવેલું) દુરૂદ શરીફ પઢે, તો અલ્લાહ તઆલા બે ફરિશ્તાઓને નિયુક્ત ફરમાવી દે છે, જે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે એને લઈને હાજર થાય છે અને કહે છે કે, ફલાણી વ્યક્તિએ આપને સલામ મોકલ્યા છે. તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવે છે : મારા તરફથી પણ એ ફલાણી વ્યક્તિ પર સલામ, રહમત અને બરકત થાય :

اَللّٰهُمَّ رَبَّ الْحِلِّ وَالْحَرَامِ وَرَبَّ الرُّكْنِ
وَالْمَقَامِ وَرَبَّ الْمَشْعَرِ الْحَرَامِ بِحَقِّ كُلِّ
اٰيَةٍ اَنْزَلْتَهَا فِيْ شَهْرِ رَمَضَانَ بَلِّغْ رُوْحَ
مُحَمَّدٍ تَحِيَّةً وَّسَلَامًا ط

અલ્ કવ્લુલ્ બદીઅ : ૩૦૭)

(૪૧) સઘળાં દુરૂદોની બરાબર

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ بِعَدَدِ
كُلِّ ذِكْرِهٖ اَلْفَ اَلْفَ مَرَّةٍ ط

ફઝીલત : આ દુરૂદ શરીફ પઢવું હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર તમામ દુરૂદ મોકલવા બરાબર છે. (ઝરીઅતુલ વુસૂલ...૧૯૦)

(૪૨) સમય સમયમાં દુરૂદ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ فِيْ اَوَّلِ كَلَامِنَا.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ فِيْ اَوْسَطِ كَلَامِنَا،
اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ فِيْ اٰخِرِ كَلَامِنَا ط

ફઝીલત : શયખુલ ઇસ્લામ–અબુલ અબ્બાસ (રહ.)એ ફરમાવ્યું : જે માણસ દિવસ અને રાતમાં ત્રણ–ત્રણ વાર આ દુરૂદ શરીફ પઢશે તો જાણે તે રાત અને દિવસના તમામ સમયમાં દુરૂદ મોકલતો રહયો (એવું લેખાશે). (ઝરીઅતુલ વુસૂલ...૧૯૧)

(૪૩) દરેક દર્દની દવા

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ بِعَدَدِ كُلِّ دَاءٍ
وَّدَوَاءٍ وَّبَارِكْ وَسَلِّمْ ط

ફઝીલત : દરેક પ્રકારના દરદ અને બીમારીના નિવારણ માટે બિસ્મિલ્લાહ સાથે સૂરએ ફાતિહા પઢે અને એની આગળ–પાછળ ઉપરોક્ત દુરૂદ શરીફ પઢે, પછી (બીમાર પર) દમ કરે.
(ઝરીઅતલ વસલ....૧૬૦)

(૪૪) કર્જની અદાયગી તથા કિયામતના દિવસે હિસાબ થશે નહિ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિન્.

ફઝીલત : જે માણસ ઝોહરની નમાઝ પછી આ દુરૂદ શરીફને સો (૧૦૦) વાર પઢશે તો એને ત્રણ (૩) વાતો પ્રાપ્ત થશે :

(૧) તે કદી મકરૂઝ (કર્ઝદાર) થશે નહિ.

(૨) જો તે કર્ઝદાર થશે તો એનું કર્ઝ અદા થઈ જશે, ચાહે તે કર્ઝ ગમે તેટલું ભારેખમ હોય.

(૩) કિયામતના દિવસે એનો કોઈ હિસાબ થશે નહિ.

(ઝરીઅતુલ વુસૂલ....૧૬૨)

(૪૫) સવારી-વાહન પર સવાર થતી વખતે પઢવાની દુઆ અને દુરૂદ

હઝરત અબુ દરદાઅ્ (રદિ.)થી રિવાયત છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : જે માણસ જાનવર પર (અથવા કોઈ સવારી પર) સવાર થાય અને આ (નીચે દર્શાવેલા કલિમાત) પઢી લે તો તે જાનવર (યા સવારી) કહે છે : અલ્લાહ તને બરકત અતા ફરમાવે, (કારણ કે) તેં મારી પીઠને (દુઆની અસરથી) હલકી કરી અને પોતાના પરવરદિગારની ઇતાઅત કરી અને પોતાના નફસ પર ઉપકાર કર્યો, અલ્લાહ તઆલા તારી સફરમાં બરકત અતા ફરમાવે અને તારા મકસદને પૂરો ફરમાવે. (તબરાની, અલ્ કવ્લુલ્ બદીઅ્ : ૨૦૮)

بِسْمِ اللّٰهِ الَّذِیْ لَا یَضُرُّ مَعَ اِسْمِهٖ شَیْءٌ
سُبْحَانَهٗ لَیْسَ لَهٗ مُسَمًّی ط سُبْحَانَ الَّذِیْ
سَخَّرَ لَنَا هٰذَا وَمَا كُنَّا لَهٗ مُقْرِنِیْنَ ط وَاِنَّآ اِلٰی رَبِّنَا
لَمُنْقَلِبُوْنَ ط وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِیْنَ ط وَصَلَّی اللّٰهُ
عَلٰی مُحَمَّدٍ وَّعَلَیْهِ السَّلَامُ ط

(૪૬) દુરૂદે તુન્જીના

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ صَلَاةً تُنْجِيْنَا بِهَا مِنْ جَمِيْعِ الْاَهْوَالِ وَالْاٰفَاتِ ط وَتَقْضِىْ لَنَا بِهَا جَمِيْعَ الْحَاجَاتِ ط وَتُطَهِّرُنَا بِهَا مِنْ جَمِيْعِ السَّيِّئَاتِ ط وَتَرْفَعُنَا بِهَا عِنْدَكَ اَعْلَى الدَّرَجَاتِ ط وَتُبَلِّغُنَا بِهَا اَقْصَى الْغَايَاتِ ط مِنْ جَمِيْعِ الْخَيْرَاتِ فِى الْحَيٰوةِ وَبَعْدَ الْمَمَاتِ ط اِنَّكَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ ط

ફઝીલત : કોઇ પણ દીની કે દુન્યવી અહમ અને મુશ્કેલ કામમાં ભરપૂર કામિયાબી મેળવવા માટે આ દુરૂદ શરીફ ઘણું જ અકસીર અને કારગર છે. આ દુરૂદ શરીફને અલ્લાહનાં વલીઓએ નિયત–મુકર્રર કરેલ છે, જેની ઘણી જ ફઝીલત અને બરકતો આવવાનો અનુભવ છે. આ દુરૂદ શરીફ પઢનારો કદાપિ બદબખ્ત લેખાશે નહિ. (ઝરીઅતુલ વુસૂલ....૧૪૧)

(૪૭) ઘણાં જ મહત્વના વીસ દુરૂદ શરીફ

દુરૂદ શરીફ–૧ : દુરૂદે ઇબ્રાહીમ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ

اِنَّکَ حَمِیْدٌ مَّجِیْدٌ ط اَللّٰھُمَّ بَارِکْ عَلٰی مُحَمَّدٍ
وَّعَلٰٓی اٰلِ مُحَمَّدٍ کَمَا بَارَکْتَ عَلٰٓی اِبْرَاھِیْمَ وَعَلٰٓی اٰلِ
اِبْرَاھِیْمَ اِنَّکَ حَمِیْدٌ مَّجِیْدٌ ط

દુરૂદ શરીફ-૨ :

اَللّٰھُمَّ صَلِّ عَلٰی سَیِّدِنَا مُحَمَّدٍ وَّعَلٰٓی اٰلِ
سَیِّدِنَا مُحَمَّدٍ کُلَّمَا ذَکَرَہُ الذَّاکِرُوْنَ
وَکُلَّمَا سَھٰی عَنْہُ الْغَافِلُوْنَ ط

દુરૂદ શરીફ-૩ :

اَللّٰھُمَّ صَلِّ عَلٰی سَیِّدِنَا مُحَمَّدٍ کُلَّمَا
ذَکَرَہُ الذَّاکِرُوْنَ، وَکُلَّمَا غَفَلَ عَنْ
ذِکْرِہِ الْغَافِلُوْنَ ط

દુરૂદ શરીફ-૪ :

اَللّٰھُمَّ صَلِّ عَلٰی سَیِّدِنَا مُحَمَّدٍ وَّعَلٰٓی اٰلِ
سَیِّدِنَا مُحَمَّدٍ کَمَا ھُوَ اَھْلُہٗ وَمُسْتَحِقُّہٗ ط

દુરૂદ શરીફ-૫ :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ كَمَا
هُوَ اَهْلُهٗ وَمُسْتَحِقُّهٗ ط

દુરૂદ શરીફ-૬ :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّعَلٰٓى
اٰلِ سَيِّدِنَا مُحَمَّدٍ كَمَا اَنْتَ اَهْلُهٗ ط

દુરૂદ શરીફ-૭ :

اَللّٰهُمَّ لَكَ الْحَمْدُ كَمَا اَنْتَ اَهْلُهٗ. فَصَلِّ
وَسَلِّمْ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ كَمَا اَنْتَ اَهْلُهٗ،
وَافْعَلْ بِنَا مَا اَنْتَ اَهْلُهٗ. فَاِنَّكَ اَهْلُ
التَّقْوٰى وَاَهْلُ الْمَغْفِرَةِ ط

દુરૂદ શરાફ-૮ :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ
سَيِّدِنَا مُحَمَّدٍ اَفْضَلَ صَلَوَاتِكَ عَدَدَ
مَعْلُوْمَاتِكَ ط

દુરૂદ શરીફ-૯ :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدِ نِالنَّبِيِّ
الْاُمِّيِّ وَعَلٰٓى كُلِّ نَبِيٍّ وَمَلَكٍ وَّوَلِيٍّ عَدَدَ
كَلِمَاتِكَ التَّآمَّاتِ الْمُبَارَكَاتِ ط

દુરૂદ શરીફ-૧૦ :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدِ نِالْاُمِّيِّ وَعَلٰى
كُلِّ نَبِيٍّ وَّمَلَكٍ وَّوَلِّيٍ عَدَدَالشَّفْعِ وَالْوَتْرِ
وَعَدَدَ كَلِمَاتِ رَبِّنَا التَّآمَّاتِ الْمُبَارَكَاتِ ط

દુરૂદ શરીફ-૧૧ :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ عَبْدِكَ
وَنَبِيِّكَ وَرَسُوْلِكَ النَّبِيِّ الْاُمِّيِّ وَعَلٰٓى
اَزْوَاجِهٖ وَذُرِّيَّتِهٖ عَدَدَ خَلْقِكَ وَرِضٰى
نَفْسِكَ وَزِنَةَ عَرْشِكَ وَمِدَادَ كَلِمَاتِكَ ط

દુરૂદ શરીફ-૧૨ :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ عَبْدِكَ
وَنَبِيِّكَ وَرَسُوْلِكَ النَّبِيِّ الْاُمِّيِّ وَعَلٰى
اٰلِهٖ وَاَزْوَاجِهٖ وَذُرِّيَّتِهٖ وَسَلِّمْ عَدَدَ
خَلْقِكَ وَرِضٰى نَفْسِكَ وَمِدَادَ كَلِمَاتِكَ ط

દુરૂદ શરીફ-૧૩ :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّعَلٰى اٰلِ
سَيِّدِنَا مُحَمَّدٍ وَّسَلِّمْ عَدَدَ خَلْقِكَ
وَرِضٰى نَفْسِكَ وَزِنَةَ عَرْشِكَ وَمِدَادَ
كَلِمَاتِكَ ط

દુરૂદ શરીફ-૧૪ :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّعَلٰى اٰلِ
سَيِّدِنَا مُحَمَّدٍ صَلٰوةً دَائِمَةً
بِدَوَامِكَ ط

દુરૂદ શરીફ-૧૫ :

اَللّٰهُمَّ يَارَبِّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ
وَّعَلٰٓى اٰلِ سَيِدِنَا مُحَمَّدٍ وَّاجْزِ سَيِّدَنَا
مُحَمَّدًا صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ مَاهُوَ اَهْلُهٗ ط

દુરૂદ શરીફ-૧૬ :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدِ نِالنَّبِيِّ
الْاُمِّيِّ وَاَزْوَاجِهٖ اُمَّهَاتِ الْمُؤْمِنِيْنَ
وَذُرِّيَّتِهٖ وَاَهْلِ بَيْتِهٖ كَمَا صَلَّيْتَ عَلٰٓى
سَيِّدِنَا اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

દુરૂદ શરીફ-૧૭ :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ
وَّعَلٰٓى اٰلِ سَيِّدِنَا مُحَمَّدٍ كَمَا

صَلَّيْتَ عَلٰٓى سَيِّدِنَا اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ
سَيِّدِنَا اِبْرَاهِيْمَ وَبَارِكْ عَلٰى سَيِّدِنَا
مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ سَيِّدِنَا مُحَمَّدٍ كَمَا
بَارَكْتَ عَلٰٓى سَيِّدِنَا اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ
سَيِّدِنَا اِبْرَاهِيْمَ فِى الْعَالَمِيْنَ اِنَّكَ
حَمِيْدٌ مَّجِيْدٌ ط

દુરૂદ શરીફ-૧૮ :

اَللّٰهُمَّ صَلِّ اَبَدًا اَفْضَلَ صَلَوَاتِكَ عَلٰى
عَبْدِكَ وَنَبِيِّكَ وَرَسُوْلِكَ سَيِّدِنَا
مُحَمَّدٍ وَّاٰلِهٖ وَسَلِّمْ تَسْلِيْمًا وَّزِدْهُ شَرَفًا
وَّتَكْرِيْمًا وَّاَنْزِلْهُ الْمَنْزِلَ الْمُقَرَّبَ
عِنْدَكَ يَوْمَ الْقِيٰمَةِ ط

દુરૂદ શરીફ-૧૯ :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّعَلٰٓى
اٰلِ سَيِّدِنَا مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ

عَلٰٓى سَيِّدِنَا اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ سَيِّدِنَا
اِبْرَاهِيْمَ وَبَارِكْ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ
وَّعَلٰٓى اٰلِ سَيِّدِنَا مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى
سَيِّدِنَا اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ سَيِّدِنَا
اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط اَفْضَلَ
صَلَوَاتِكَ عَدَدَ مَعْلُوْمَاتِكَ. كُلَّمَا ذَكَرَهُ
الذَّاكِرُوْنَ، وَكُلَّمَا غَفَلَ عَنْ ذِكْرِهِ
الْغَافِلُوْنَ، وَسَلِّمْ تَسْلِيْمًا ط

દુરૂદ શરીફ-૨૦ :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ عَبْدِكَ
وَرَسُوْلِكَ النَّبِيِّ الْاُمِّيِّ وَعَلٰٓى اٰلِهٖ وَاَزْوَاجِهٖ
وَذُرِّيَّتِهٖ كَمَا صَلَّيْتَ عَلٰٓى سَيِّدِنَا
اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ سَيِّدِنَا اِبْرَاهِيْمَ وَ

بَارِكْ عَلٰى سَيِّدِنَا مُحَمَّدِ اِلنَّبِيِّ الْاُمِّيِّ
وَعَلٰى اٰلِ سَيِّدِنَا مُحَمَّدٍ وَّاَزْوَاجِهٖ وَذُرِّيَّتِهٖ
كَمَا بَارَكْتَ عَلٰى سَيِّدِنَا اِبْرَاهِيْمَ وَعَلٰى
اٰلِ سَيِّدِنَا اِبْرَاهِيْمَ فِى الْعَالَمِيْنَ اِنَّكَ
حَمِيْدٌ مَّجِيْدٌ ط

ફઝીલત : (૧) જે કોઈ માણસ આ વીસ દુરૂદ શરીફ એક વખત પઢશે તો અલ્લાહ તઆલા તેને બસો ચાળીસ ગણો સવાબ આપશે અને તેનો મરતબો અનેકગણો કરશે અને અનેકગણા ગુનાહો માફ કરશે.

(૨) જો કોઈ માણસ વધુ નેકીઓ કરવા ચાહતો હોય તો આ વીસ દુરૂદ શરીફોમાંથી કોઈ પણ એક દુરૂદ શરીફનો વિર્દ કરવો જોઈએ. વધુમાં જો કોઈ પણ માણસ નિયમિતપણે આ વીસ દુરૂદ શરીફો પઢવાનો અહદ કરી લે તો તેની બધી ઈચ્છાઓ–તમન્નાઓ પૂરી થશે. જો આ દુરૂદ શરીફોને એક જ વખત પઢવામાં આવે તો અલ્લાહ તઆલા પઢનારને બસો ચાળીસ ગણો સવાબ આપે છે, તેમજ પઢનારનાં દરજ્જામાં વૃદ્ધિ કરે છે અને તેના ગુનાહો માફ કરે છે. આ તો ઓછામાં ઓછો સવાબ છે. અલ્લાહ તઆલા ચાહે તો તેની વસીઅ્–કરીમ વિશાળ રહમત વડે એનાથી પણ વધુ સવાબ આપે છે.

(ઝાદુલ મુત્તકીન, પ્રકાશન નં. ૨૪૬, દારુલ ઉલૂમ–કંથારીઆ)

(૪૮) ચાળીસ (૪૦) દુરૂદ

(૧)

صَلَّى اللّٰهُ عَلَى النَّبِيِّ مُحَمَّدٍ ط

(نسائی، کتاب الدعوت، ابن ماجہ)

સલ્લલ્લાહુ અલન્નબિય્યિ મુહમ્મદિન્.

(નસાઈ, કિતાબુદ્દઅ્વાત, ઈબ્ને માજહ)

(૨)

صَلَّى اللّٰهُ عَلٰى مُحَمَّدِ نِ النَّبِيِّ الْاُمِّيِّ ط

સલ્લલ્લાહુ અલા મુહમ્મદિનિન્ નબિય્યિલ્ ઉમ્મિય્યિ.

(૩)

وَصَلَّى اللّٰهُ عَلَى النَّبِيِّ مُحَمَّدٍ وَّسَلَّمْ ط

વ સલ્લલ્લાહુ અલન્નબિય્યિ મુહમ્મદિંવ્ વ સલ્લમ.

(૪)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهٖ اَلْفَ اَلْفَ مَرَّةٍ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિંવ્ વ આલિહી અલ્ફ અલ્ફ મર્રતિન્.

(૫)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ كَمَا تُحِبُّ وَتَرْضٰى لَهٗ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિન્ કમા તુહિબ્બુ વ
તર્દા લહૂ.

(૬)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدِ نِ النَّبِيِّ الْاُمِّيِّ
وَعَلٰٓى اٰلِ مُحَمَّدٍ ط (ابوداؤد، الصلاة)

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિનિન્ નબિય્યિલ્
ઉમ્મિય્યિ વ અલા આલિ મુહમ્મદિન્.

(અબૂ દાવૂદ, અસ્સલાત)

(૭)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ كَمَا هُوَ اَهْلُهٗ وَمُسْتَحِقُّهٗ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિન્ કમા હુવ અહ્લુહૂ વ
મુસ્તહિક્કૂહુ.

(૮)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ صَلَاةً تَكُوْنُ
لَكَ رِضًى وَّلِحَقِّهٖ اَدَاءً ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિન્ સલાતન્ તકૂનુ લ-ક
રિદંવ્ વ લિહક્કિહી અદાઅન્.

(૯)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ
مُحَمَّدٍ ط (نسائی، کتاب السہو)

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિંવ્ વ અલા આલિ મુહમ્મદિન્.

(નસાઈ, કિતાબુસ્સહ્વ)

(૧૦)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ
مُحَمَّدٍ صَلَاةً دَائِمَةً بِدَوَامِكَ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિંવ્ વ અલા આલિ મુહમ્મદિન્ સલાતન્ દાઇમતમ્ બિ-દવામિક્.

(૧૧)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ
اَفْضَلَ صَلَوَاتِكَ عَدَدَ مَعْلُوْمَاتِكَ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિંવ્ વ અલા આલિ મુહમ્મદિન્ અફ્દ-લ સ-લવાતિ-ક અ-દ-દ મઅ્લૂમાતિક્.

(૧૨)

اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى كُلِّ حَالٍ، وَصَلَّى
اللّٰهُ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اَهْلِ بَيْتِهٖ ط

અલ્હમ્દુ લિલ્લાહિ અલા કુલ્લિ હાલ. વ સલ્લલ્લાહુ અલા મુહમ્મદિંવ્ વ અલા અહ્લિ બય્તિહી.

(૧૩)

اَلْحَمْدُ لِلّٰهِ ذِى الْعِزِّ وَالْكِبْرِيَآءِ،
وَصَلَّى اللّٰهُ عَلٰى مُحَمَّدٍ خَاتَمِ الْاَنْبِيَآءِ ط

અલ્હમ્દુ લિલ્લાહિ અલા ઝિલ્ ઈઝ્ઝિ વલ્ કિબ્રિયાઈ, વ સલ્લલ્લાહુ અલા મુહમ્મદિન્ ખાતમિલ્ અમ્બિયાઅ્.

(૧૪)

جَزَى اللّٰهُ تَعَالٰى عَنَّا مُحَمَّدًا صَلَّى اللّٰهُ
عَلَيْهِ وَسَلَّمَ مَاهُوَ اَهْلُهٗ ط (سعادت الدارين، ترغيب)

જઝલ્લાહુ તઆલા અન્ના મુહમ્મદન્ સલ્લલ્લાહુ અલય્હિ વ સલ્લ-મ મા હુ-વ અહ્લુહ્.

(સઆદતુદ્દારૈન, તરગીબ)

(૧૫)

صَلَّى اللّٰهُ تَعَالٰى وَمَلَائِكَتُهٗ عَلَى النَّبِيِّ الْاُمِّيِّ،
وَعَلَيْهِ السَّلَامُ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ ط

સલ્લલ્લાહુ તઆલા વ મલાઈ-કતુહૂ અલન્નબિય્યિલ્ ઉમ્મિય્યિ વ અલય્હિસ્સલામુ વ રહ્મતુલ્લાહિ વ બ-રકાતુહ્.

(૧૬)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاَنْزِلْهُ الْمَقْعَدَ
الْمُقَرَّبَ عِنْدَكَ يَوْمَ الْقِيٰمَةِ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિંવ્ વ અન્ઝિલ્હુલ્ મક્અદલ્ મુકર્રબ ઈન્દ-ક યવ્મલ્ કિયામહ.

(૧૭)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ
مُحَمَّدٍ كُلَّمَا ذَكَرَهُ الذَّاكِرُوْنَ وَكُلَّمَا
غَفَلَ عَنْ ذِكْرِهِ الْغَافِلُوْنَ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિંવ્ વ અલા આલિ મુહમ્મદિન્ કુલ્લમા ઝક-રહુઝ્ ઝાકિરુ-ન વ કુલ્લમા ગફ-લ અન્ ઝિક્રિહિલ્ ગાફિલૂન.

(૧૮)

اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ
مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ
اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط (احمد، مسند الصحابه بعد العشرة)

અલ્લાહુમ્મ બારિક્ અલા મુહમ્મદિંવ્ વ અલા આલિ મુહમ્મદિન્ કમા બારક્ત અલા ઈબ્રાહી-મ ઈન્ન-ક હમીદુમ્ મજીદ.

(અહમદ, મુસ્નદુસ્સહાબા બઅ્દલ્ અશ્રતિ)

(૧૯)

صَلَّى اللّٰهُ تَعَالٰى وَمَلٰٓئِكَتُهٗ عَلَى النَّبِيِّ الْاُمِّيِّ
وَعَلَيْهِ السَّلَامُ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ ط
(ذريعة الوصول الى جناب الرسول)

સલ્લલ્લાહુ તઆલા વ મલાઈ-કતુહૂ અલન્નબિય્યિલ્ ઉમ્મિય્યિ વ અલય્હિસ્સલામુ વ રહ્મતુલ્લાહિ વ બ-રકાતુહ્.

(ઝરીઅતુલ વુસૂલ ઈલા જનાબિર્રૂસૂલ)

(૨૦)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ عَبْدِكَ وَرَسُوْلِكَ وَصَلِّ عَلَى الْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنَاتِ وَالْمُسْلِمِيْنَ وَالْمُسْلِمَاتِ ط (الادب المفرد، المستدرک، حاکم، ذريعة الوصول)

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિન્ અબ્દિ-ક વ રસૂલિ-ક વ સલ્લિ અલલ્ મુઅ્મિની-ન વલ્ મુઅ્મિનાતિ વલ્ મુસ્લિમી-ન વલ્ મુસ્લિમાત.

(અલ્ અદબુલ્ મુફ્રદ, અલ મુસ્તદ્રકુલ્ હાકિમ, ઝરીઅતુલ વુસૂલ...)

(૨૧)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ كَمَا اَمَرْتَنَا اَنْ نُّصَلِّيَ عَلَيْهِ وَصَلِّ عَلَيْهِ كَمَا يَنْبَغِيْ اَنْ يُّصَلّٰى عَلَيْهِ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિન્ કમા અમરતના અન્ નુસલ્લિ-ય વ સલ્લિ અલય્હિ કમા યમ્બગી અંય્યુસલ્લા અલય્હિ.

(જઝબુલ્ કુલૂબ, સઆદતુદ્દારૈન, ઝરીઅતુલ વુસૂલ...)

(૨૨)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ (وَّعَلٰى اٰلِ

مُحَمَّدٍ) وَّاَنْزِلْهُ الْمَقْعَدَالْمُقَرَّبَ
عِنْدَكَ يَوْمَ الْقِيَامَةِ ط (احمد، مسندالشامیین)

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિંવ્ વ અલા આલિ મુહમ્મદિંવ્ વ અન્ઝિલ્હુલ્ મક્અદલ્ મુકર્રબ-બ ઈન્દ-ક યવ્મલ્ કિયામહ.

(અહમદ, મુસ્નદુશ્શામિય્યીન)

(૨૩)

اَللّٰهُمَّ رَبَّ هٰذِهِ الدَّعْوَةِ التَّآمَّةِ
وَالصَّلٰوةِ الْقَائِمَةِ صَلِّ عَلٰى مُحَمَّدٍ
وَّاَعْطِهِ سُؤْلَهٗ يَوْمَ الْقِيَامَةِ ط

અલ્લાહુમ્મ રબ્બ હાઝિહિદ્અવતિત્તામ્મતિ વસ્સલાતિલ્ કાઇમતિ સલ્લિ અલા મુહમ્મદિંવ્ વ આતિહી સુઅ્લહૂ યવ્મલ્ કિયામહ્.

(૨૪)

اَللّٰهُمَّ اَعْطِ مُحَمَّدَ نِ الْوَسِيْلَةَ وَاجْعَلْ
فِى الْمُصْطَفَيْنَ مَحَبَّتَهٗ وَفِى الْعَالِيْنَ
دَرَجَتَهٗ وَفِى الْمُقَرَّبِيْنَ دَارَهٗ ط

અલ્લાહુમ્મ અઅ્તિ મુહમ્મદનિલ્ વસીલ-ત વજ્અલ્ ફિલ્ મુસ્તફ્યન મહબ્બતહૂ વ ફિલ્ આલી-ન દ-૨-જ-તહૂ વ ફિલ્ મુકર્રબી-ન દા-રહૂ.

(૨૫)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ
مُحَمَّدٍ فِى الْاَوَّلِيْنَ وَفِى الْاٰخِرِيْنَ وَفِى
الْمَلَاِ الْاَعْلٰى اِلٰى يَوْمِ الدِّيْنِ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિંવ્ વ અલા આલિ મુહમ્મદિન્ ફિલ્ અવ્વલી-ન વ ફિલ્ આખિરી-ન વ ફિલ્ મ-લઈલ્ અઅ્લા ઈલા યવ્મિદ્દીન.

(૨૬)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّاٰلِهٖ وَصَحْبِهٖ
وَسَلِّمْ بِعَدَدِ مَا فِىْ جَمِيْعِ الْقُرْاٰنِ حَرْفًا
حَرْفًا وَّبِعَدَدِ كُلِّ حَرْفٍ اَلْفًا اَلْفًا ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા સય્યિદિના મુહમ્મદિંવ્ વ આલિહી વ સહ્બિહી વ સલ્લિમ્ બિ-અદદિ મા ફી જમીઈલ્ કુર્આનિ હર્ફન્ હર્ફંવ્ બિ-અદદિ કુલ્લિ હર્ફિન્ અલ્ફન્ અલ્ફા.

(૨૭)

اَللّٰهُمَّ اجْعَلْنَا سَامِعِيْنَ مُطِيْعِيْنَ، وَاَوْلِيَاءَ
مُخْلِصِيْنَ وَرُفَقَاءَ مُصَاحِبِيْنَ ط اَللّٰهُمَّ اَبْلِغْهُ
مِنَّا السَّلَامَ، وَارْدُدْ عَلَيْنَا مِنْهُ السَّلَامَ ط

અલ્લાહુમ્મજ્ અલ્ના સામિઈ-ન મુતીઈ-ન વ અવ્લિયા-અ મુખ્લિસી-ન વ રુફકા-અ મુસાહિબીન. અલ્લાહુમ્મ અબ્લિગ્હૂ

મિન્નસ્સલામ, વરૃદુદ્ અલય્ના મિન્હુસ્સલામ.

(૨૮)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدِ نِ النَّبِيِّ الْاُمِّيِّ وَعَلٰى
كُلِّ نَبِيٍّ وَّمَلَكٍ وَّوَلِيٍّ، عَدَدَالشَّفْعِ وَالْوَتْرِ،
وَعَدَدَ كَلِمَاتِ رَبِّنَا التَّآمَّاتِ الْمُبَارَكَاتِ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિનિન્ નબિય્યિલ્ ઉમ્મિય્યિ
વ અલા કુલ્લિ નબિય્યિંવ્ વ મલકિંવ્ વ વલિય્યિન્
અ-દ-દશ્શફ્ઇ વલ્ વત્રિ વ અ-દ-દ કલિમાતિ
રબ્બિનત્તામ્માતિલ્ મુબારકાતિ.

(૨૯)

اَللّٰهُمَّ رَبَّ هٰذِهِ الدَّعْوَةِ التَّآمَّةِ وَالصَّلَاةِ
الْقَائِمَةِ صَلِّ عَلٰى مُحَمَّدٍ عَبْدِكَ وَرَسُوْلِكَ
وَاَعْطِهِ الْوَسِيْلَةَ وَالشَّفَاعَةَ يَوْمَ الْقِيٰمَةِ ط

અલ્લાહુમ્મ રબ્બ હાઝિહિદ્ દઅ્વતિત્તામ્મતિ વસ્સલાતિલ્
કાઇમતિ સલ્લિ અલા મુહમ્મદિન્ અબ્દિ-ક વ રસૂલિ-ક વ
અઅ્તિહિલ્ વસીલ-ત વશ્શફાઅ-ત યવ્મલ્ કિયામહ્.

(૩૦)

اَللّٰهُمَّ اجْعَلْ صَلَوَاتِكَ وَبَرَكَاتِكَ عَلٰى
اٰلِ مُحَمَّدٍ كَمَا جَعَلْتَهَا عَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ

اِنَّکَ حَمِیْدٌ مَّجِیْدٌ ط (ابن ابی شیبہ، فضل الصلاۃ علی النبی ﷺ)

અલ્લાહુમ્મજ્ અલ્ સલવાતિ-ક વ બરકાતિ-ક અલા આલિ મુહમ્મદિન્ કમા જઅલ્તહા અલા આલિ ઈબ્રાહી-મ ઈન્ન-ક હમીદુમ્ મજીદ.

(ઇબ્ને અબી શયબા, ફઝ્લુસ્સલાત અલન્નબિય્યિ)

(૩૧)

اَللّٰھُمَّ صَلِّ عَلٰی مُحَمَّدٍ وَّ اَزْوَاجِہٖ اُمَّھَاتِ الْمُؤْمِنِیْنَ وَذُرِّیَّتِہٖ وَاَھْلِ بَیْتِہٖ کَمَا صَلَّیْتَ عَلٰی اٰلِ اِبْرَاھِیْمَ اِنَّکَ حَمِیْدٌ مَّجِیْدٌ ط (ابوداؤد، الصلاۃ)

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિંવ્ વ અઝ્વાજિહી ઉમ્મહાતિલ્ મુઅ્મિનિ-ન વઝુર્રિય્યતિહી વ અહ્લિ બય્તિહી કમા સલ્લય્ત અલા આલિ ઈબ્રાહી-મ ઈન્ન-ક હમીદુમ્ મજીદ.

(અબૂ દાવૂદ, અસ્સલાત)

(૩૨)

اَللّٰھُمَّ صَلِّ عَلٰٓی اٰلِ مُحَمَّدٍ ط اَللّٰھُمَّ بَارِکْ عَلٰی اٰلِ مُحَمَّدٍ کَمَا بَارَکْتَ وَصَلَّیْتَ عَلٰٓی اِبْرَاھِیْمَ وَعَلٰٓی اٰلِ اِبْرَاھِیْمَ اِنَّکَ حَمِیْدٌ مَّجِیْدٌ ط (باب الصلاۃ علی النبیؐ)

અલ્લાહુમ્મ સલ્લિ અલા આલિ મુહમ્મદિન્ અલ્લાહુમ્મ બારિક્

અલા આલિ મુહમ્મદિન્ કમા બારક્ત વ સલ્લયૂત અલા ઈબ્રાહીમ વ આલિ ઈબ્રાહીમ ઈન્ન-ક હમીદુમ્ મજીદ.

(બાબુસ્સલાતિ અલન્નબિય્યિ સલ.)

(33)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى اَنْبِيَائِكَ وَالْمُرْسَلِيْنَ وَمَلَائِكَتِكَ الْمُقَرَّبِيْنَ، وَاَهْلِ طَاعَتِكَ اَجْمَعِيْنَ مِنْ اَهْلِ السَّمٰوٰتِ وَالْاَرَضِيْنَ اِنَّكَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા અમ્બિયાઈ-ક વલ્ મુર્સલી-ન વ મલાઈ-કતિકલ્ મુકર્રબી-ન વ અહ્લિ તાઅતિ-ક અજ્મઈ-ન મિન્ અહ્લિસ્સમાવાતિ વલ્ અર્દી-ન ઈન્ન-ક અલા કુલ્લિ શયઈન્ કદીર.

(34)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ عَبْدِكَ وَنَبِيِّكَ وَرَسُوْلِكَ النَّبِيِّ الْاُمِّيِّ وَعَلٰى اٰلِهٖ وَاَزْوَاجِهٖ وَذُرِّيَّتِهٖ، عَدَدَ خَلْقِكَ وَرِضَا نَفْسِكَ وَزِنَةَ عَرْشِكَ وَمِدَادَ كَلِمَاتِكَ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિન્ અબ્દિ-ક વ નબિય્યિ-ક વ રસૂલિક્ન્ નબિય્યિ વ અલા આલિહી વ અઝ્વાજિહી વ ઝુર્રિય્યાતિહી, અ-દ-દ ખલ્કિ-ક, વ રિદા નફ્સિક, વ ઝિન-ત અર્શિ-ક વ મિદા-દ કલિમાતિક્.

(૩૫)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ عَبْدِكَ وَرَسُوْلِكَ كَمَا صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَبَارِكْ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ ط

(ابن ماجه، اقامة الصلاة والسنة فيها)

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિન્ અબ્દિ-ક વ રસૂલિ-ક કમા સલ્લય્ત અલા ઈબ્રાહી-મ વ બારિક્ અલા મુહમ્મદિંવ્ વ અલા આલિ મુહમ્મદિન્ કમા બારક્ત અલા ઈબ્રાહીમ.

(ઈબ્ને માજહ, ઇકામતુસ્સલાતિ વસ્સુન્નતુ ફીહા)

(૩૬)

اَللّٰهُمَّ رَبَّ الْحِلِّ وَالْحَرَامِ وَرَبَّ الْبَلَدِ الْحَرَامِ وَرَبَّ الرُّكْنِ وَالْمَقَامِ وَرَبَّ الْمَشْعَرِ الْحَرَامِ بِحَقِّ كُلِّ اٰيَةٍ اَنْزَلْتَهَا فِيْ شَهْرِ رَمَضَانَ بَلِّغْ رُوْحَ مُحَمَّدٍ مِّنِّيْ تَحِيَّةً وَّسَلَامًا ط

અલ્લાહુમ્મ રબ્બલ્ હિલ્લિ વલ્ હરામિ વ રબ્બલ્ બલદિલ્ હરામિ વ રબ્બર્રુક્નિ વલ્ મકામિ વ રબ્બલ્ મશઅરિલ્ હરામિ બિહક્કિ કુલ્લિ આયતિન્ અન્ઝલ્તહા ફી શહ્રિ રમદા-ન બલ્લિગ્ રૂ-હ મુહમ્મદિમ્ મિન્ની તહિય્યતંવ્ વ સલામા.

(૩૭)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ وَّبَارِكْ عَلٰى
مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ
وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

(احمد، طبرانی کبیر عن زید بن خارجہ، سند صحیح)

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિંવ્ વ અલા આલિ મુહમ્મદિંવ્ વ બારિક્ અલા મુહમ્મદિંવ્ વ આલિ મુહમ્મદિન્ કમા બારક્ત અલા ઈબ્રાહી-મ ઈન્ન-ક હમીદુમ્ મજીદ.

(અહમદ, તબરાની કબીર અન્ ઝૈદ બિન ખારિજહ-સનદે સહીહ)

(૩૮)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ
عَلٰٓى اِبْرَاهِيْمَ وَبَارِكْ عَلٰى مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى
اِبْرَاهِيْمَ فِى الْعَالَمِيْنَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط (احمد طبرانی)

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિંવ્ વ અલા આલિ મુહમ્મદિન્ કમા સલ્લય્ત અલા ઈબ્રાહી-મ વ બારિક્ અલા મુહમ્મદિન્ કમા બારક્ત અલા ઈબ્રાહી-મ ફિલ્ આલમી-ન ઈન્ન-ક હમીદુમ્ મજીદ. (અહમદ, તબરાની)

(૩૯)

اَللّٰهُمَّ قَدْ جَعَلْتَ صَلَوَاتِكَ وَرَحْمَتَكَ

وَمَغْفِرَتَكَ (وَرِضْوَانَكَ) عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ
اِبْرَاهِيْمَ ط اَللّٰهُمَّ فَاجْعَلْ صَلَوَاتِكَ وَرَحْمَتَكَ
وَمَغْفِرَتَكَ (وَرِضْوَانَكَ) عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ ط

અલ્લાહુમ્મ કદ્ જઅલ્ત સ-લવાતિ-ક વ રહ્મત-ક વ મગ્ફિરત-ક વ રિદ્વાન-ક અલા ઈબ્રાહી-મ વ આલિ ઈબ્રાહી-મ, અલ્લાહુમ્મ ફ્જ્અલ્ સલવાતિ-ક વ રહ્મત-ક વ મગ્ફિરત-ક વ રિદ્વાન-ક અલા મુહમ્મદિંવ્ વ અલા આલિ મુહમ્મદિન્.

(૪૦)

اَللّٰهُمَّ اجْعَلْ صَلَوَاتِكَ وَبَرَكَاتِكَ عَلٰى
مُحَمَّدِ نِ النَّبِيِّ وَاَزْوَاجِهٖ اُمَّهَاتِ الْمُؤْمِنِيْنَ
وَذُرِّيَّتِهٖ وَاَهْلِ بَيْتِهٖ كَمَا صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ
اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط (امام ابن قیم رحمۃ اللہ علیہ، نسائی)

અલ્લાહુમ્મજ્અલ્ સ-લવાતિ-ક વ બ-રકાતિ-ક અલા મુહમ્મદિનિન્ નબિય્યિ વ અઝ્વાજિહી ઉમ્મહાતિલ્ મુઅ્મિની-ન વ ઝુર્રિય્યતિહી વ અહ્લિ બય્તિહી કમા સલ્લય્ત અલા ઈબ્રાહી-મ ઈન્ન-ક હમીદુમ્ મજીદ.

(ઇમામ ઇબ્ને કય્યિમ રહ; નસાઇ)

સલામના શબ્દો

اَلتَّحِيَّاتُ الطَّيِّبَاتُ الصَّلَوَاتُ الزَّاكِيَاتُ لِلّٰهِ، اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُاللّٰهِ وَرَسُوْلُهٗ، اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ، اَلسَّلَامُ عَلَيْنَا وَعَلٰى عِبَادِاللّٰهِ الصَّالِحِيْنَ ط

• • •

اَلتَّحِيَّاتُ لِلّٰهِ الصَّلَوَاتُ الطَّيِّبَاتُ، اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ، اَلسَّلَامُ عَلَيْنَا وَعَلٰى عِبَادِاللّٰهِ الصَّالِحِيْنَ، اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ ط

(અબૂ દાવૂદ)

• • •

اَلتَّحِيَّاتُ الصَّلَوَاتُ لِلّٰهِ، اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ، اَلسَّلَامُ عَلَيْنَا وَعَلٰى عِبَادِاللّٰهِ الصَّالِحِيْنَ ط

(તહાવી)

• • •

اَلتَّحِيَّاتُ الْمُبَارَكَاتُ الصَّلَوَاتُ الطَّيِّبَاتُ لِلّٰهِ،
اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ،
اَلسَّلَامُ عَلَيْنَا وَعَلٰى عِبَادِ اللّٰهِ الصَّالِحِيْنَ، اَشْهَدُ
اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ ط

(મુસ્લિમ શરીફ)

• • •

بِسْمِ اللّٰهِ وَالسَّلَامُ عَلٰى رَسُوْلِ اللّٰهِ ط

(મુસ્તદરકે હાકિમ)

• • •

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ

سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط

سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ وَبِحَمْدِهٖ

اَسْتَغْفِرُ اللّٰهَ ط

લા ઈલા-હ ઈલલ્લાહુ
મુહમ્મદુર્રસૂલુલ્લાહ
(સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)

પ્રકરણ-૪

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની મુબારક સુન્નતો

''મન્ અહબ્બ સુન્નતી ફકદ્ અહબ્બની
વ મન્ અહબ્બની કા-ન મઈ-ય ફિલ્
જન્નતિ.''

[**અર્થ** : જેણે મારી સુન્નતથી મુહબ્બત કરી (તેના ઉપર અમલ કર્યો) તેણે મારાથી મુહબ્બત કરી અને જે મારાથી મુહબ્બત કરશે તે જન્નતમાં મારી સાથે હશે.] (મિશ્કાત શરીફ, પેજ-૩૦)

• • •

جَزَى اللّٰهُ عَنَّا مُحَمَّدًا صَلَّى اللّٰهُ
عَلَيْهِ وَسَلَّمَ بِمَا هُوَ اَهْلُهٗ ط

• • દુરૂદે ઈબ્રાહીમ • •

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا
صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ
حَمِيْدٌ مَّجِيْدٌ ط اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ
وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ
وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط



★ બિસ્મિહી તઆલા ★

પ્રકરણ–૪

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની મુબારક સુન્નતો

(૧) સો (૧૦૦) શહીદોનો સવાબ મળશે

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) બયાન કરે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, "ફિત્ના–ફસાદનાં જમાનામાં જે માણસ મારી સુન્નત ઉપર મક્કમતાથી કાયમ રહેશે તેને સો (૧૦૦) શહીદોનો સવાબ મળશે. (બયહકી)

એટલે કે તે સમયે જ્યારે લોકો પયગમ્બરની સુન્નતોથી બેપરવાઈ કરતા હોય અથવા સુન્નત ઉપર અમલ કરનારની મજાક કરતા હોય તો એવા ખરાબીઓથી ભરપૂર જમાનામાં કોઈ માણસ લોકોની હસી–મજાકનો વિચાર કર્યા વગર સુન્નત ઉપર અમલ કરશે તો એવા માણસને આ સવાબ મળશે.

(૨) મિસ્વાકની સુન્નતો

(૧) દરેક વુઝૂ કરતી વખતે મિસ્વાક (દાતણ) કરવું સુન્નત છે. (અત્તરગીબ વ ત્તરહીબ)

(૨) મિસ્વાક એક વેંત કરતાં વધારે લાંબુ ન હોય. (બહરુરાંઇક)

(૩) હઝરત જાબિર (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, "દાતણ કરેલ વુઝૂ સાથેની બે રકા'ત નમાઝ એવી સિત્તેર (૭૦) રકા'તોથી ઉત્તમ (અફઝલ) છે, જેના વુઝૂમાં દાતણ (મિસ્વાક) ન કરાયું હોય." (અબૂ નઇમ)

તે વખતો જેમાં મિસ્વાક કરવું સુન્નત છે :

(૧) સૂવા પછી જ્યારે ઊઠે ત્યારે.
(૨) વુઝૂ કરતી વખતે.
(૩) કુરઆને પાકની તિલાવત માટે.
(૪) હદીસ શરીફ પઢવા–પઢાવવા માટે.
(૫) મોઢામાં બદબૂ થઈ જાય ત્યારે.
(૬) પોતાના ઘરમાં દાખલ થયા પછી.
(૭) બીવી સાથે હમબિસ્તરી વખતે.
(૮) કોઈ પણ ભલાઈની મજલિસમાં જવા પહેલાં.
(૯) ખાવાથી પહેલાં.
(૧૦) સફરમાં જતી વખતે.
(૧૧) સૂતાં પહેલાં.
(૧૨) અલ્લાહ તઆલાનો ઝિક્ર કરતાં પહેલાં.

(અત્તરગીબ વ ત્તરહીબ)

(૩) વુઝૂની સુન્નતો

વુઝૂમાં અઢાર (૧૮) સુન્નતો છે. એને અદા કરવાથી કામિલ (સંપૂર્ણ) તરીકાથી વુઝૂ થઈ જશે.

(૧) વુઝૂની નિય્યત કરવી. દાખલા તરીકે :

હું નમાઝ સહીહ થવા માટે વુઝૂ કરું છું.

(૨) ''**બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ**'' પઢીને વુઝૂ કરવું. કેટલીક રિવાયતોમાં વુઝૂની 'બિસ્મિલ્લાહ' આ પ્રમાણે આવી છે :

بِسْمِ اللّٰهِ الْعَظِيْمِ وَالْحَمْدُ لِلّٰهِ
عَلٰى دِيْنِ الْاِسْلَامِ ط

''બિસ્મિલ્લાહિલ્ અઝીમિ વલ્હમ્દુ લિલ્લાહિ અલા દીનીલ્ ઇસ્લામ.''

(૩) બન્ને હાથોને કાંડા સુધી (પહોંચા સુધી) ત્રણ વખત ધોવા.

(૪) મિસ્વાક કરવું. જો મિસ્વાક ન હોય તો આંગળીથી દાંતોને ઘસવા.

(૫) ત્રણ વખત કુલ્લી (કોગળા) કરવી.

(૬) ત્રણ વખત નાકમાં પાણી ચઢાવવું.

(૭) ત્રણ વખત નાક સાફ કરવું.

(૮) દરેક અંગને ત્રણ–ત્રણ વખત ધોવું.

(૯) ચહેરો ધોતી વેળા દાઢીનો ખિલાલ કરવો.

(૧૦) હાથો અને પગોને ધોતી વખતે આંગળીઓનો ખિલાલ કરવો.

(૧૧) એક વખત આખા માથાનો મસહ કરવો.

(૧૨) માથાના મસહની સાથે કાનોનો મસહ કરવો.

(૧૩) વુઝૂના અંગોને મસળી મસળીને (ઘસી ઘસીને) ધોવા.

(૧૪) પય દર પય (નિરંતર) વુઝૂ કરવું.

(૧૫) તરતીબવાર (ક્રમવાર) વુઝૂ કરવું.

(૧૬) જમણી તરફથી પ્રથમ ધોવું.

(૧૭) વુઝૂ કર્યા પછી કલિમ–એ–શહાદત પઢવું :

اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ ط

તે પછી આ દુઆ પઢવી :

اَللّٰهُمَّ اجْعَلْنِىْ مِنَ التَّوَّابِيْنَ وَاجْعَلْنِىْ مِنَ الْمُتَطَهِّرِيْنَ ط

(૪) ગુસલ કરવાનો મસ્નૂન તરીકો

પ્રથમ બન્ને હાથોને પહોંચા (કાંડા) સુધી ત્રણ વખત ધોવા. તે પછી (શરીર પર) કોઇ જગાએ મની (વીર્ય) કે બીજી કોઇ

નાપાકી લાગેલી હોય તો તેને ત્રણ વખત (ધોઈને) પાક કરો.

તે પછી નાનો અને મોટો બન્ને ઇસ્તિન્જા કરો (ભલે, જરૂરત ન હોય).

તે પછી મસ્નૂન તરીકા પ્રમાણે વુઝૂ કરો. જો ગુસલનું પાણી પગ આગળ ભેગું થતું હોય તો પગ ન ધોવા, ત્યાંથી અલગ થયા પછી ધોવા, નહિતર તે જ વખતે પગ ધોવા જાઈઝ છે.

હવે પાણી પ્રથમ માથા ઉપર રેડો, પછી જમણા ખભા પર, પછી ડાબા ખભા પર (એટલું પાણી રેડો કે માથાથી પગ સુધી પહોંચી જાય). બદન (શરીર)ને હાથો વડે મસળો.

આ એક વખત થયું.

ફરી પાછું બીજી વખત એ જ પ્રમાણે પાણી રેડો. પ્રથમ માથા પર, પછી જમણા ખભા પર, પછી ડાબા ખભા પર (જ્યાં શરીરનો ભાગ સૂકો રહી જવાનો અંદેશો હોય ત્યાં હાથ મસળીને (ઘસીને) પાણી વહાવવાની કોશિશ કરો).

તે પછી ફરી પાછું ત્રીજી વખતે એ જ પ્રમાણે માથાથી પગ સુધી પાણી વહાવો. (તિરમિઝી)

સૂચના : ગુસલ કર્યા પછી બદન (શરીર)ને કપડાં (કે ટુવાલ) વડે લૂછવું પણ સાબિત છે અને ન લૂછવું પણ સાબિત છે. એટલે બન્ને રીતોમાંથી જે રીત પણ અપનાવે તે સુન્નત હોવાની નિય્યત કરી લે. (મિશ્કાત)

(૫) મસ્જિદમાં દાખલ થવાની સુન્નતો

(૧) જમણો પગ મસ્જિદમાં (પ્રથમ) દાખલ કરવો.

(૨) બિસ્મિલ્લાહ પઢવું.

(૩) દુરૂદ શરીફ પઢવું, દાખલા તરીકે :

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلٰى رَسُوْلِ اللّٰهِ
صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ط

(૪) દુઆ પઢવી :

اَللّٰهُمَّ افْتَحْ لِيْ اَبْوَابَ رَحْمَتِكَ ط

(૫) એ'તિકાફની નિય્યત કરવી.

એ'તિકાફની નિય્યત :

بِسْمِ اللّٰهِ دَخَلْتُ وَعَلَيْهِ تَوَكَّلْتُ
وَنَوَيْتُ سُنَّةَ الْاِعْتِكَافِ ط

(૬) નમાઝની એકાવન સુન્નતો છે

કિયામમાં ૧૧ (અગિયાર) સુન્નતો છે :

(૧) તકબીરે તહરીમહ વખતે સીધા (ટટ્ટાર) ઊભા રહેવું. અર્થાત્ માથું ઝુકાવવું નહિ.

(૨) બંને પગોની વચ્ચે ચાર આંગળીઓ જેટલું અંતર રાખવું તેમ જ પગોની આંગળીઓને કિબ્લા તરફ રાખવી.

(૩) મુક્તદીની તકબીરે તહરીમહ ઇમામની તકબીરે તહરીમહની સાથે હોવી.

(૪) તકબીરે તહરીમહ કહેતી વખતે (પુરુષોએ) બંને હાથોને

કાન સુધી ઉઠાવવા.

(૫) તકબીરે તહરીમહ વખતે હાથની હથેળીઓને કિબ્લા તરફ રાખવી.

(૬) તકબીરે તહરીમહ વખતે હાથની આંગળીઓને પોતાની અસલ સ્થિતિમાં રાખવી અર્થાત્ ન વધારે પહોળી કરવી, ન વધારે સંકોચવી.

(૭) હાથ બાંધતી વખતે જમણા હાથની હથેળીને ડાબા હાથની હથેળીની પીઠ ઉપર મૂકવી.

(૮) પુરુષોએ જમણા હાથની ટચલી (નાની) આંગળી અને અંગૂઠા વડે વર્તુળ બનાવીને ડાબા હાથનું કાંડું પકડવું.

(૯) વચલી ત્રણ આંગળીઓને ડાબા હાથની કલાઈ (કોણી અને કાંડા વચ્ચેના ભાગ) પર મૂકવી.

(૧૦) પુરુષોએ નાફ (ટૂંટી–નાભિ)ના નીચે હાથ બાંધવા.

(૧૧) 'સના' અર્થાત્ 'સુબ્હાનકલ્લાહુમ્મ...' પઢવું.

● કિરાઅતની સાત સુન્નતો :

(૧) 'તઅવ્વુઝ' અર્થાત્ 'અઊઝુ બિલ્લાહિ મિનશ્શયતાનિર્રજીમ' પઢવું.

(૨) 'તસ્મિયહ' અર્થાત્ 'બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ' પઢવું.

(૩) ધીમેથી 'આમીન' કહેવું.

(૪) ફજર અને ઝોહરમાં 'તિવાલે મુફસ્સલ' અર્થાત્ સૂરએ 'હુજુરાત'થી સૂરએ 'બુરૂજ' સુધી.

અસર અને ઈશામાં 'અવસાતે મુફસ્સલ' અર્થાત્ સૂરએ

'બુરૂજ'થી સૂરએ 'લમ યકુન' સુધી અને

મગરિબમાં 'કિસારે મુફસ્સલ' અર્થાત્ સૂરએ 'ઈઝા ઝુલઝિલત'થી સૂરએ 'નાસ' સુધીની સૂરતોમાંથી (કોઈ સૂરત) પઢવી.

(૫) ફજરની પહેલી રકા'ત લાંબી કરવી.

(૬) કુર્આન ન વધારે ઉતાવળથી પઢવું, ન વધારે થોભીને પઢવું, બલકે મધ્યમ ઝડપથી પઢવું.

(૭) ફર્ઝ (નમાઝ)ની ત્રીજી અને ચોથી રકા'તમાં માત્ર સૂરએ 'ફાતિહા' (અલ્હમ્દુ શરીફ) પઢવું.

● રુકૂઅની આઠ સુન્નતો :

(૧) રુકૂઅની તકબીર કહેવી.

(૨) પુરુષોએ (રુકૂઅમાં) બંને હાથ વડે ઘૂંટણ પકડવા.

(૩) હાથની આંગળીઓ પહોળી કરીને ઘૂંટણ પકડવા.

(૪) પગની પિંડલીઓને સીધી (ટટ્ટાર) રાખવી.

(૫) રુકૂઅમાં પુરુષોએ પીઠ બિછાવી દેવી.

(૬) રુકૂઅમાં પુરુષોએ સર અને સુરીન (માથું અને થાપો) સીધી લીટીમાં રાખવાં.

(૭) રુકૂઅમાં ઓછામાં ઓછું ત્રણ વખત **'સુબ્હા-ન રબ્બિયલ અઝીમ'** પઢવું.

(૮) રુકૂઅથી ઊઠતી વખતે

ઈમામે **'સમિઅલ્લાહુ લિમન હમીદહ'** કહેવું.

મુક્તદીએ **'રબ્બના લકલ હમ્દ'** કહેવું અને

મુન્ફરિદે (એકલા નમાઝ પઢનારે) બંને કહેવું.

● સિજદહની બાર સુન્નતો :

(૧) સિજદહની તકબીર કહેવી.

(૨) સિજદહમાં પ્રથમ બંને ઘૂંટણો જમીન ઉપર મૂકવા.

(૩) તે પછી બંને હાથોને જમીન ઉપર મૂકવા.

(૪) તે પછી નાક જમીન ઉપર મૂકવું.

(૫) તે પછી પેશાની (કપાળ) જમીન ઉપર મૂકવી.

(૬) બંને હાથોની વચ્ચે સિજદહ કરવો.

(૭) પુરુષોએ સિજદહમાં પેટને જાંઘથી અલગ રાખવું.

(૮) પુરુષોએ બાઝૂ (બાવડું અર્થાત્ હાથની કોણી અને ખભા વચ્ચેનો ભાગ) પેહલૂ (પડખાં, પાસાં)થી અલગ રાખવું.

(૯) પુરુષોએ હાથની કોણીઓને જમીનથી અલગ રાખવી.

(૧૦) સિજદહમાં ઓછામાં ઓછું ત્રણ વખત

'સુબ્હાન રબ્બિયલ આ'લા' પઢવું.

(૧૧) સિજદહથી ઊઠવાની તકબીર કહેવી.

(૧૨) સિજદહથી ઊઠતી વખતે :

પ્રથમ પેશાની, પછી નાક, પછી હાથ અને તે પછી ઘૂંટણો (એ પ્રમાણે ક્રમવાર) ઉઠાવવા તેમજ બંને સિજદહ દરમિયાન ઇત્મીનાનથી બેસવું.

● કાઈદહની તેર સુન્નતો :

(૧) કાઈદહમાં પુરુષોએ જમણો પગ (પંજો) ઊભો રાખવો અને ડાબો પગ (પંજો) બિછાવીને તેના પર બેસવું તેમ જ પગની આંગળીઓને કિબ્લા તરફ રાખવી.

(૨) કાઈદહમાં બંને હાથોને જાંઘ ઉપર મૂકવા.

(૩) 'તશહ્હુદ' (અર્થાત્ અત્તહિય્યાત)માં 'અશ્હદુ અંલ્લા ઈલા–હ' પર શહાદતની આંગળી ઉઠાવવી અને 'ઈલ્લલ્લાહ' પર ઝુકાવી દેવી.

(૪) છેલ્લા કાઈદહમાં દુરૂદ શરીફ (દુરૂદે ઈબ્રાહીમ) પઢવું.

(૫) દુરૂદ શરીફ (દુરૂદે ઈબ્રાહીમ) પઢયા પછી કુર્આન કે હદીસમાં આવી હોય તેવી કોઈ દુઆ પઢવી.

(૬) બંને તરફ સલામ ફેરવવી.

(૭) સલામની શરૂઆત જમણી બાજુથી કરવી.

(૮) સલામ ફેરવતી વખતે ઈમામે મુક્તદીઓ, ફરિશ્તાઓ અને નેક જિન્નાતને સલામ કરવાની નિય્યત કરવી.

(૯) સલામ ફેરવતી વખતે મુક્તદીએ ઈમામ, ફરિશ્તાઓ, નેક જિન્નાત અને જમણી–ડાબી બાજુના મુક્તદીઓને સલામ કરવાની નિય્યત કરવી.

(૧૦) મુન્ફરિદે (એકલા નમાઝ પઢનારે) માત્ર ફરિશ્તાઓને સલામ કરવાની નિય્યત કરવી.

(૧૧) મુક્તદીએ ઈમામની સાથે સલામ ફેરવવી.

(૧૨) ઈમામે બીજી સલામના અવાજને પહેલી સલામના અવાજ કરતાં ધીમો (મંદ) કરવો.

(૧૩) મસ્બૂકે (જેની શરૂઆતની રકા'ત છૂટી ગઈ હોય તેણે) ઈમામના ફારિગ થવાનો ઈન્તિઝાર કરવો.

સૂચના :

હાથની આંગળીઓ રુકૂઅમાં પહોળી થયેલી અને

સિજદહમાં ભેગી થયેલી રાખવી. ('નૂરુલ ઈઝાહ'માંથી)

(૭) ઔરતોની નમાઝમાં ખાસ તફાવત

(૧) તકબીરે તહરીમહ વખતે પોતાના બંને હાથ ખભા સુધી ઉઠાવે; પરંતુ હાથોને દુપટ્ટા (ઓઢણી)માંથી બહાર ન કાઢે.

(૨) હાથોને સીના પર બાંધે.

જમણા હાથની હથેળીને માત્ર ડાબા હાથની હથેળીની પીઠ ઉપર મૂકી દે. (મર્દોની જેમ નાની આંગળી અને અંગૂઠા વડે વર્તુળ બનાવીને હાથનું કાંડું ન પકડે.)

બંને બાઝૂઓ (બાવડાં અર્થાત્ હાથનો કોણીથી ખભા સુધીનો ભાગ)ને પેહલૂઓ (પડખાં, પાસાં) સાથે ખૂબ મેળવીને રાખે.

બંને પગની ઘૂંટીઓને બિલકુલ મેળવી દે.

(૩) સિજદહમાં પગો (પંજાઓને આંગળી પર) ઊભા ન રાખે; બલકે જમણી બાજુ (બહાર) કાઢે.

સિજદહ ખૂબ સંકોચાઈને અને દબાઈને એવી રીતે કરે કે પેટ બંને જાંઘોની સાથે તેમજ બંને બાઝૂઓ (બાવડાં) બંને પેહલૂઓની સાથે ભેગાં મળી જાય.

સિજદહમાં બંને હાથની કોણીઓને જમીન પર મૂકી દે.

(૪) કાઈદહમાં બેસે ત્યારે બંને પગોને જમણી તરફ (બહાર) કાઢે.

બંને હાથોને જાંઘ પર મૂકી દે.

હાથની આંગળીઓને ખૂબ મેળવીને રાખે.

(૮) નમાઝના તે આદાબ જે બધાં માટે એકસરખાં છે

કિયામ (ઊભા રહેવાની હાલત)માં સિજદહની જગાએ નજર રહે.

રુકૂઅની હાલતમાં પગો પર નજર રહે.

સિજદહની હાલતમાં નાક પર નજર રહે અને

સલામ ફેરવતી વખતે ખભા પર નજર રહે.

બગાસું આવે તો તેને ખૂબ બળપૂર્વક રોકે, છતાં જો ન રોકાય તો જમણા હાથની હથેળીની પીઠ વડે રોકે.

જો ખાંસી આવે એવું લાગે તો તેને પણ રોકવાની કોશિશ કરે તથા કાબૂ રાખે.

સિર્રી નમાઝ (ઝોહર અને અસર)માં એટલા અવાજે પઢે કે પોતે સાંભળી શકે.

સલામ ફેરવ્યા બાદ (પછી)

એક વખત **'અલ્લાહુ અકબર'** કહે.

તે પછી ત્રણ વખત **'અસ્તગફિરુલ્લાહ'** કહે, જેમાં છેલ્લી વખતે જરા ખેંચીને (લંબાવીને) પઢે.

(૯) માથાના વાળ તેમજ દાઢીમાં કાંસકી કરવી

રાતે (રાત્રે) સૂતી વખતે કાંસકી કરવું સુન્નત છે :

જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ રાતે સૂતી

વખતે મિસ્વાક (દાતણ) કરતા, વુઝૂ કરતા અને માથાનાં વાળ તથા દાઢી મુબારકમાં કાંસકી કરતા હતા. (શમાઈલે તિરમિઝી)

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ચાહે સફરમાં હોય કે ઘરમાં હોય, ઘરમાં આપના સિરહાના (સિરાણા) મુબારક પર હંમેશા સાત (૭) વસ્તુઓ રહેતી :

(૧) તેલની શીશી (બોટલ), (૨) કાંસકી, (૩) સુરમા–દાની, (૪) કાતર, (૫) મિસ્વાક (દાતણ), (૬) આયનો (મિરર), (૭) એક નાની લાકડી કે જે સર (માથું) મુબારક ખુજાવવા (ખંજવાળવા)માં કામ આવતી.

(શમાઈલ, ઝાદુલ મઆદ)

માથાની વચમાં માંગ કાઢવી સુન્નત છે :

હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પહેલાં વાળ મુબારકને ભેગા કરી કાંસકી કરતા હતા. પછી આપ માંગ કાઢવા લાગ્યા હતા. કાંસકી કરવામાં તેમજ બૂટ–ચપ્પલ પહેરવામાં જમણી તરફથી શરૂઆત કરવી જોઈએ, કારણ કે હુંઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો તરીકો એ જ હતો.

(૧૦) ખાવાની કેટલીક સુન્નતો

(૧) દસ્તરખ્વાન (ભોજન માટેનું પાથરણું) બિછાવવું.

(૨) બંને હાથોને કાંડા સુધી ધોવા.

નોંધ : અલ્લામહ શામી (રહ.)ના મતે ખાવાથી પહેલાં કુલ્લી–કોગળા કરવા સુન્નત નથી; પરંતુ જનાબતની હાલતમાં કુલ્લી કરવા વગર ખાવું મકરૂહ છે. ('શામી' ભાગ–૫, પા–૨૩૯)

(જો કોઈ મોઢાની સફાઈના માટે કુલ્લી કરવા ચાહે તો મનાઈ નથી.)

(૩) બુલંદ અવાજથી 'બિસ્મિલ્લાહ' પઢવું. ('શામી' ભાગ-૫)

(૪) જમણા હાથ વડે ખાવું.

(૫) ખાવાની મજલિસમાં જે શખ્સ સૌથી વધારે બુઝુર્ગ અને મોટો હોય તેમનાથી ખાવાનું શરૂ કરાવવું.

(૬) ખાવાનું એક જ પ્રકારનું હોય તો પોતાની સામેથી ખાવું.

(૭) જો કોઈ લુકમો (કોળિયો) પડી જાય તો ઉપાડીને સાફ કરીને ખાય લેવું.

(૮) ટેકો લગાવીને ન ખાવું.

(૯) ખાવામાં કોઈ ઐબ (ખામી) ન કાઢવી.

(૧૦) જોડા (પગરખાં) ઉતારીને ખાવું.

(૧૧) ખાવા માટે બેસવાની રીતો નીચે પ્રમાણે છે :

એવી રીતે ઊકડું બેસે કે બંને ઘૂંટણો ઊભા હોય અને સુરીન (થાપાં) જમીન પર હોય અથવા

એક ઘૂંટણ ઊભો રાખે અને બીજા ઘૂંટણને બિછાવીને તેના ઉપર બેસે અથવા

બંને ઘૂંટણોને જમીન ઉપર બિછાવીને કાઈદહની જેમ બેસે અને આગળની તરફ જરા ઝુકીને બેસે.

(૧૨) ખાધા પછી વાસણો, પ્યાલા, રકાબી વગેરેને સાફ કરી લેવું. આમ કરવાથી વાસણો એના માટે મગફિરતની દુઆ કરે છે.

(૧૩) ખાધા પછીની (આ) દુઆ પઢવી :

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ اَطْعَمَنَا وَسَقَانَا
وَجَعَلَنَا مِنَ الْمُسْلِمِیْنَ ط

''અલ્હમ્દુ લિલ્લાહિલ્લઝી અત્અ-મના વ-સકાના
વ-જ-અ-લના મિનલ્ મુસ્લિમીન.''

ભાવાર્થ : તમામ વખાણો અલ્લાહના માટે છે, જેણે ખવડાવ્યું અને પિવડાવ્યું તેમજ મુસલમાનોમાં બનાવ્યા.

(૧૪) પહેલાં દસ્તરખ્વાન (ભોજનનું પાથરણું) ઉઠાવવું, તે પછી પોતે ઊઠવું.

(૧૫) દસ્તરખ્વાન ઉઠાવવાની (આ) દુઆ પઢવી :

اَلْحَمْدُ لِلّٰهِ حَمْدًا كَثِيْرًا طَيِّبًا
مُبَارَكًا فِيْهِ غَيْرَ مُكْفِيٍّ وَلَا مُوَدَّعٍ
وَلَا مُسْتَغْنًى عَنْهُ رَبَّنَا ط

''અલ્હમ્દુ લિલ્લાહિ હમ્દન્ કસીરન્ તય્યિબન્ મુબારકન્
ફીહી ગય્ર મુક્ફિ વલા મુવદ્દઈન્ વલા
મુસ્તગ્નન્ અન્હુ રબ્બના.''

ભાવાર્થ : તમામ વખાણો અલ્લાહના માટે છે, એવા વખાણો જે પુષ્કળ હોય તેમજ પાકીઝા અને બાબરકત હોય. હે અમારા પરવરદિગાર ! અમે આ ખાવાને કાફી (પૂરતું) સમજીને યા બિલકુલ રુખ્સત કરીને યા એનાથી ગૈર મોહતાજ થઈને ઉઠાવી રહ્યા નથી.

(૧૬) બંને હાથોને ધોવા.

(૧૭) કુલ્લી (કોગળા) કરવી.

(૧૮) જો શરૂઆતમાં **'બિસ્મિલ્લાહ'** પઢવાનું ભૂલી જાય તો આ પ્રમાણે પઢે :

بِسْمِ اللّٰهِ اَوَّلَهٗ وَاٰخِرَهٗ ط

''બિસ્મિલ્લાહિ અવ્વલહૂ વ આખિરહૂ''

(૧૯) જ્યારે કોઈની દાવત ખાય ત્યારે મેઝબાન (દાવત આપનાર)ને આ પ્રમાણે દુઆ આપે :

اَللّٰهُمَّ اَطْعِمْ مَنْ اَطْعَمَنِىْ
وَاسْقِ مَنْ سَقَانِىْ ط

''અલ્લાહુમ્મ અત્ઇમ મન્ અત્અ-મની વસ્કિ મન્ સકાની.''

ભાવાર્થ : હે અલ્લાહ ! જેણે મને ખવડાવ્યું તેને તું ખવડાવ અને જેણે મને પિવડાવ્યું તેને તું પિવડાવ. (તિરમિઝી)

(૨૦) સરકો વાપરવું સુન્નત છે, જે ઘરમાં સરકો મોજૂદ હોય, તે ઘર સાલન (શાક)થી ખાલી નથી સમજી શકાતું.

(૨૧) એકલા ઘઉં કોઈ વાપરતું હોય તો તેણે તેમાં થોડાક જવ પણ મિશ્ર કરવા જોઈએ, (ભલે ને) થોડીક જ માત્રામાં હોય, જેથી સુન્નત પર અમલનો સવાબ મળી જાય.

(૨૨) ગોશ્ત ખાવું સુન્નત છે.

રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું ફરમાન છે કે,

'દુનિયા અને આખિરતમાં વાનગીઓનો સરદાર ગોશ્ત છે.'

(૨૩) (આપણા મુસલમાનભાઈની) દાવત કબૂલ કરવું સુન્નત છે. અલબત્ત, જો (આવકનું વધારે પ્રમાણ) વ્યાજ, લાંચ–

રુશવતનું હોય અથવા તે (દાવત આપનાર) બદકારી (પાપાચાર) કરતો હોય તો તેની દાવત કબૂલ કરવી ન જોઈએ.

(૨૪) પોતાના સગાં–સંબંધીઓ, મિત્રો અને મિસ્કીનો (ગરીબો)ને વલીમાનું ખાવાનું ખવડાવવું સુન્નત છે.

(૨૫) મય્યિતના રિશ્તેદારો (સગાંઓ)ને ખાવાનું આપવું મસ્નૂન છે.

(૨૬) ખાતી વખતે બિલકુલ ખામોશ રહેવું મકરૂહ છે. (શામી)

પરંતુ દુઃખ, ફિકર–ચિંતા તેમજ બીમારીની વાત ન કરે.

સૂચના :

'અબૂ દાવૂદ'ની શર્હ (વિવરણ) માટે લખાયેલી કિતાબ 'બઝ્લુલ મજહૂદ'ના પાના ૩૫ ઉપર લખ્યું છે કે :

● જ્યારે કોઈ શખ્સ **'બિસ્મિલ્લાહ'** કહીને પોતાના ઘરમાં દાખલ થાય છે ત્યારે શયતાન પોતાના ભાઈઓને કહે છે કે :

'હે ભાઈઓ ! તમારા માટે આ ઘરના દરવાજા બંધ થઈ ગયા છે. રાતવાસા માટે કોઈ બીજું ઘર શોધો.'

● જ્યારે ખાતી વખતે **'બિસ્મિલ્લાહ'** પઢી લેવામાં આવે છે ત્યારે શયતાન કહે છે કે,

'લો, હવે ખાવા પર પણ પાબંદી (પ્રતિબંધ) થઈ ગઈ !'

અર્થાત્ :

ન અહીં રહી શકો છો, ન અહીં ખાય શકો છો !

● જો બંદો ઘરમાં દાખલ થતી વખતે **'બિસ્મિલ્લાહ'** કહેવું ભૂલી જાય તો શયતાન પોતાના ભાઈઓથી કહે છે કે,

'તમે ઘર મેળવી લીધું, રાત ગુઝારવા માટે.'

● અને જો તે બંદો ખાતી વખતે પણ **'બિસ્મિલ્લાહ'** પઢવાનું ભૂલી જાય તો શયતાન કહે છે કે, 'રહેવાની સાથે સાથે ખાવાની પણ પરવાનગી છે.'

(૧૧) પીવાની સુન્નતો

(૧) જમણા હાથથી પીવાનું પાત્ર પકડવું.

(૨) પીવાથી પહેલાં અગર ઊભા હોય તો બેસી જવું. ઊભા થઈને પીવું મના છે.

(૩) **'બિસ્મિલ્લાહ'** કહીને પીવું. પીધા પછી **'અલ્હમ્દુ લિલ્લાહ'** કહેવું.

(૪) ત્રણ શ્વાસમાં પીવું.

શ્વાસ લેતી વખતે પાણીનું પાત્ર મોઢાથી અલગ કરવું.

(૫) વાસણની તૂટેલી ધાર તરફથી ન પીવું.

(૬) મશકથી મોઢું લગાવીને ન પીવું અથવા કોઈ પણ એવું વાસણ હોય જેમાંથી એકદમ પાણી વધારે આવી જવાની સંભાવના હોય અથવા એ સંભાવના હોય કે તેમાં સાપ કે વીંછી આવી જાય.

(૭) માત્ર પાણી પીવા પછી આ દુઆ પઢવી પણ મસ્નૂન છે :

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ سَقَانَا عَذْبًا
فُرَاتًا بِرَحْمَتِهٖ وَلَمْ یَجْعَلْهُ
بِذُنُوْبِنَا مِلْحًا اُجَاجًا ط

(રૂહુલ મઆની, પારહ : ૨૭, પાનું : ૧૪૯)

(૮) પાણી પીધા પછી જો બીજાને આપવું હોય તો પ્રથમ જમણી બાજુવાળાને આપે અને પછી એ જ ક્રમ પ્રમાણે દૌર પૂરો કરે.

ચાહ અને શરબત પણ એ જ પ્રમાણે પેશ કરે.

(૯) દૂધ પીધા પછી આ દુઆ પઢે :

اَللّٰهُمَّ بَارِكْ لَنَا فِيْهِ وَزِدْنَا مِنْهُ-

''अल्लाहुम्म बारिक लना फीही व ज़िद्ना मिन्हु.''

(૧૦) પિવડાવનારે છેવટે પીવું.

(૧૧) ઝમઝમનું પાણી ઊભા રહીને પીવું.

(૧૨) વુઝૂનું બચેલું પાણી ઊભા રહીને પીવું.

એમાં બીમારીઓના માટે શિફા છે.

અલ્લામહ શામી (રહ.)એ લખ્યું છે કે,

'મેં કેટલીયે વખત પોતાની બીમારીઓમાં એનો અનુભવ કર્યો છે અને શિફા મેળવી છે.'

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ فِى الْاَوَّلِيْنَ وَالْاٰخِرِيْنَ وَفِى الْمَلَاِ الْاَعْلٰى اِلٰى يَوْمِ الدِّيْنِ ط

દુરૂદે ઈબ્રાહીમ
اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ
مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ
وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ
مَّجِيْدٌ ط اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ
وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى
اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ
اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط


بسم الله الرحمن الرحيم
લા ઈલા-હ ઈલલ્લાહુ
મુહમ્મદુર્રસૂલુલ્લાહ
(સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)
પ્રકરણ-૫
સલાતુત્તસ્બીહની
નમાઝની ફઝીલત


اٰیاتها ۷ ۱ سُوْرَةُ الْفَاتِحَةِ مَكِّيَّةٌ ۵ رکوعها ۱

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ○

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ۙ﴿۱﴾ الرَّحْمٰنِ

الرَّحِيْمِ ۙ﴿۲﴾ مٰلِكِ يَوْمِ الدِّيْنِ ؕ﴿۳﴾

اِيَّاكَ نَعْبُدُ وَ اِيَّاكَ نَسْتَعِيْنُ ؕ﴿۴﴾

اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ ۙ﴿۵﴾ صِرَاطَ

الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ ۙ غَيْرِ

الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَ لَا الضَّآلِّيْنَ ﴿۷﴾ ع ۱



★ બિસ્મિહી તઆલા ★

પ્રકરણ-૫

સલાતુત્તસ્બીહની નમાઝની ફઝીલત

અહાદીસે શરીફહમાં સલાતુત્તસ્બીહની ઘણી જ ફઝીલત, બરકત અને તાસીર બયાન કરવામાં આવી છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ એક દિવસ પોતાના કાકા હઝરત અબ્બાસ ઈબ્ને મુત્તલિબ (રદિ.)ને ફરમાવ્યું :

હે અબ્બાસ ! હે મારા માનવંત કાકા ! શું હું આપની ખિદમતમાં એક મૂલ્યવાન ભેટ અને એક કિંમતી તોહફો પેશ કરું ? શું હું આપને એક ખાસ, લાભદાયી વાત બતાવું ? શું હું આપને દસ કામ અને આપની દસ ખિદમતો કરું ? (અર્થાત્ આપને એક એવો અમલ બતાવું, જેનાથી આપને દસ મહાન લાભો પ્રાપ્ત થાય, તે એવો અમલ છે કે) જ્યારે આપ તેને કરશો તો અલ્લાહ તઆલા આપના તમામ ગુનાહો માફ કરી દેશે : (૧) આગલા પણ, (૨) પાછલા પણ, (૩) જૂના પણ, (૪) નવા પણ, (૫) ભૂલચૂકથી થયેલા પણ, (૬) ઈરાદાપૂર્વક કરેલા પણ,

(૭) નાના પણ, (૮) મોટા પણ, (૯) છાની રીતે થયેલા પણ, (૧૦) છડેચોક–જાહેરમાં થયેલાં પણ, (તે અમલ સલાતુત્તસ્બીહ છે) અને તેની રીત આ છે કે,

* આપ (એક સલામથી) ચાર રકા'ત પઢો અને દરેક રકા'તમાં સૂરએ ફાતિહા અને બીજી કોઈ સૂરહ પઢો.

* પછી જ્યારે આપ પહેલી રકા'તમાં કિરા'તથી ફારિગ થઈ જાઓ તો કિયામની જ હાલતમાં (રુકૂઅ પહેલાં) પંદર વાર આ (શબ્દો) પઢો :

سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَآ اِلٰهَ
اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ ط

સુબ્હાનલ્લાહિ વલ્હમ્દુ લિલ્લાહિ વલા ઈલા-હ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર.

* ત્યાર બાદ રુકૂઅ કરો અને રુકૂઅમાં પણ (રુકૂઅની તસ્બીહ પછી) આ જ કલિમાત દસ વાર પઢો.

* પછી રુકૂઅથી ઊઠીને કવમહમાં પણ (ઊભા ઊભા) આ જ કલિમાત દસ વાર પઢો.

* પછી સિજદહમાં ચાલ્યા જાઓ અને સિજદહમાં પણ (સિજદહની તસ્બીહ પછી) આ કલિમાત દસ વાર પઢો.

* પછી સિજદહથી ઊઠીને જલસામાં (અલ્લાહુ અકબર કહ્યા પછી બેઠા બેઠા) આ જ કલિમાત દસ વાર પઢો.

* પછી બીજા સિજદહમાં પણ આ જ કલિમાત દસ વાર પઢો.

* પછી (બીજા) સિજદહમાંથી ઊઠીને (બેસી જાઓ અને ઊભા થતાં પહેલાં, જલસામાં) પણ આ જ કલિમાત દસ

વાર પઢો.

* (એ પછી તકબીર કહ્યા વગર બીજી રકા'ત માટે જલસહમાંથી ઊભા થઈ જાઓ અને કિયામ કરો) આ તરતીબથી આ કલિમાત દરેક રકા'તમાં પંચોતેર (૭૫) વખત પઢો અને આ રીતે ચાર રકા'ત(માં ત્રણ સો વખત) પઢો.

[આ તરતીબ બતાવ્યા પછી આપે (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ફરમાવ્યું : હે મારા કાકાજાન ! જો આપથી બની શકે તો દરરોજ આ નમાઝ પઢયા કરજો. જો દરરોજ ન પઢી શકાય તો દરેક જુમ્અહના દિવસે (અર્થાત્ અઠવાડિયામાં એકવાર) પઢયા કરજો. જો આ પણ અશકય હોય તો મહિનામાં એકવાર પઢજો અને જો આ પણ અશક્ય હોય તો વર્ષમાં એકવાર પઢજો અને જો એ પણ શકય ન હોય તો કમસે કમ આખા જીવનમાં એક વાર તો અવશ્ય પઢજો જ પઢજો.]

(અબૂ દાવૂદ, ઈબ્ને માજહ, બયહકી, તિરમિઝી, મઆરિફુલ હદીસ)

● સલાતુત્તસ્બીહનો બીજો તરીકો :

આ નમાઝ પઢવાનો બીજો તરીકો આ છે કે પહેલી રકા'તમાં સના પછી અને સૂરએ ફાતિહા પહેલાં મજકૂર કલિમાતને પંદર વખત પઢે. પછી સૂરએ ફાતિહા અને બીજી સૂરહ પઢયા પછી દસ વખત પઢે. પછી રુકૂઅમાં આ જ તસ્બીહ દસ વખત, કવ્મહમાં દસ વખત, બંને સિજદાઓમાં અને બંને સિજદાઓ દરમિયાન દસ–દસ વખત પઢે. આ એક રકા'ત થઈ ગઈ. બીજી રકા'તમાં સૂરએ ફાતિહાથી પહેલાં પંદર વખત અને સૂરએ ફાતિહા તથા બીજી સૂરહ પછી દસ વખત પઢે. પછી પહેલી રકા'તની જેમ બીજા મકામાત (સ્થળો)માં દસ–દસ વખત પઢે. આ જ પ્રમાણે ત્રીજી અને ચોથી રકા'ત પણ પઢે.

આ બંને તરીકા તિરમિઝી શરીફ (૧/૬૩–૬૪)માં મવજૂદ

છે. જેનું જે રીતે મન ચાહે તે રીતે પઢે. ઉલમાએ કિરામે લખ્યું છે કે બંને તરીકાઓ પર અમલ કરી લેવો બેહતર છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક (રહ.) જે ઈમામ અબૂ હનીફા (રહ.)ના શાગિર્દ અને ઈમામ બુખારી (રહ.)ના ઉસ્તાઝોના ઉસ્તાઝ છે તેઓ આ નમાઝને આ બીજા નંબરે વર્ણવાયેલા તરીકા અનુસાર પઢયા કરતા હતા.

હદીસનું વિવરણ :

(૧) હદીસની કિતાબોમાં સહાબએ કિરામ (રદિ.)એ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી સલાતુત્તસ્બીહની તાલીમ અને તલકીન રિવાયત કરેલી છે. ઈમામ તિરમિઝી (રહ.)એ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના ખાદિમ અને આઝાદ કરેલા ગુલામ હઝરત રાફિઅ (રદિ.)ની રિવાયત પોતાની સનદથી નકલ કર્યા પછી લખ્યું છે કે એમના સિવાય હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર અને ફઝલ ઈબ્ને અબ્બાસ (રદિ.)એ પણ એને રિવાયત કરી છે. હાફિઝ ઈબ્ને હજર (રહ.)એ પોતાની કિતાબ ''અલ ખિસાલુલ મુકફ્ફરહ''માં સલાતુત્તસ્બીહની રિવાયતો અને એમની સનદી હેસિયત પર વિસ્તારપૂર્વક ચર્ચા કરીને લખ્યું છે કે આ હદીસ કમસે કમ 'હસન'' (અર્થાત્ સિહ્હતની દૃષ્ટિએ બીજા નંબરની) જરૂર છે. અમુક તાબિઈન અને તબ્એ તાબિઈન હઝરાતથી (જેમાં અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક જેવા જલીલુલ કદ્ર ઈમામ પણ સમાવિષ્ટ છે) સલાતુત્તસ્બીહનું પઢવું અને એની ફઝીલત બયાન કરીને એની પ્રેરણા આપવું પણ સાબિત છે અને આ વાતની સ્પષ્ટ દલીલ છે કે આ હઝરાતના નજીક પણ ''સલાતુત્તસ્બીહ''ની તલકીન અને તરગીબની હદીસ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી સાબિત હતી અને ત્યાર પછીના જમાનામાં તો આ સલાતુત્તસ્બીહ મોટા ભાગના નેક

બુઝુર્ગોનો મામૂલ રહ્યો છે. (મઆરિફુલ હદીસ : ૩/૩૭૧)

"થોડીવાર માટે માની લો કે જો તમે દુનિયાના સૌથી મોટા ગુનેહગાર હશો તો પણ આ નમાઝની બરકતથી અલ્લાહ તઆલા તમારી મગફિરત ફરમાવી દેશે."

(સુનને અબી દાવૂદ, મઆરિફુલ હદીસ : ૩/૩૭૨)

(૨) હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ પોતાના પિતરાઈ ભાઈ હઝરત જઅફર (રદિ.)ને પણ સલાતુત્તસ્બીહની તલકીન ફરમાવી હતી. અલબત્ત, આ હદીસમાં મજકૂર ચાર કલિમાતની સાથે "લા હવ્લ વલા કુવ્વ–ત ઈલ્લા બિલ્લાહિલ અલિય્યિલ અઝીમ" પણ આવ્યું છે, (જેથી એને પણ મિલાવી લેવામાં આવે તો બેહતર છે.)

નિય્યત : હું અલ્લાહ તઆલાના વાસ્તે સલાતુત્તસ્બીહની ચાર રકા'ત નફલ નમાઝ પઢવાની નિય્યત કરું છું, રુખ મારું કિબ્લા તરફ, અલ્લાહુ અકબર.

મસાઈલ :

(૧) આ નમાઝ મકરૂહ અવકાત સિવાય દરેક વખતે પઢી શકાય છે.

(૨) બેહતર આ છે કે આ નમાઝને ઝવાલ પછી, ઝોહર પહેલાં પઢી લે, (જેમ કે, એક હદીસમાં ઝવાલ પછીના શબ્દો આવ્યા છે); પરંતુ ઝવાલ પછી પઢવાનો સમય ન મળે તો ગમે તે સમયે પઢી લે.

(૩) બીજી અને ચોથી રકા'તમાં અત્તહિય્યાતથી પહેલાં આ કલિમાતને દસ વાર પઢે.

(૪) આ નમાઝ માટે કોઈ સૂરહ નિયુક્ત નથી. ચાહે તે સૂરહ પઢી શકે છે. અમુક રિવાયતોમાં છે કે જે પણ સૂરતો પઢે, લગભગ

વીસ આયતો જેટલી હોય.

(૫) આ તસ્બીહાતની ગણતરી ઝબાનથી કદાપિ કરે નહિ, કારણ કે ઝબાન વડે ગણવાથી નમાઝ તૂટી જશે. તસ્બીહ હાથમાં પકડીને ગણતરી કરવી યા આંગળીઓ બંધ કરીને ગણતરી કરવી મકરૂહ છે, એ કારણે બેહતર આ છે કે આંગળીઓ જે જગ્યાએ મૂકેલી હોય, તેમને ત્યાં જ રહેવા દઈને પ્રત્યેક કલિમહ પર એમને દબાવી દબાવીને ગણતરી કરતો રહે.

(૬) જો કોઈ જગ્યાએ આ તસ્બીહાત પઢવાનું ભૂલી જાય તો આગલા બીજા રુકનમાં એમને પૂરી કરી લે. અલબત્ત, ભૂલી ગયેલી તસ્બીહાતની કઝા રુકૂઅથી ઊભા થઈને અને બંને સિજદાઓ દરમિયાન ન કરે. એ જ પ્રમાણે પહેલી અને ત્રીજી રકા'ત પછી જ્યારે બેસે તો એમાં પણ ભુલાયેલી તસ્બીહાતની કઝા ન કરે, બલકે એમની તસ્બીહાતને (દસ–દસ વખત) પઢી લે અને એમના પછી જે રુકન હોય, તેમાં ભૂલી ગયેલી તસ્બીહાતને અદા કરી લે.

(૭) જો કોઈ કારણે સિજદએ સહ્વ પેશ આવી જાય તો એમાં આ તસ્બીહાત નં પઢે, અલબત્ત, કોઈ જગ્યાએ ભૂલથી તસ્બીહાત પઢવાનું છોડી દેવાયું હોય, જેના કારણે પંચોતેરની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો હોય અને હજુ સુધી કઝા ન કરી હોય તો એને સિજદએ સહ્વમાં પૂરી કરી લે.

●●●

લા ઈલા-હ ઈલલ્લાહુ
મુહમ્મદુર્રસૂલુલ્લાહ
(સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)

પ્રકરણ-૬

ઈમાન અને
ઈસ્લામ વિશે
ઘણી જ જરૂરી માહિતી

દુરૂદે ઈબ્રાહીમ
اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ
مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ
وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ
مَّجِيْدٌ ط اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ
وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى
اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ
اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط



★ બિસ્મિહી તઆલા ★

પ્રકરણ-૬

ઈમાન અને ઈસ્લામ વિશે ઘણી જ જરૂરી માહિતી

(૧) ઈમાન અને ઈસ્લામ

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ ط

લા ઈલા-હ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ.

અર્થ : અલ્લાહ તઆલા સિવાય કોઈ મા'બૂદ નથી, મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) અલ્લાહના રસૂલ છે.

દરેક આકિલ (બુદ્ધિવાન) અને બાલિગ (પુખ્તવય)ના ઝિમ્મે અલ્લાહની ખૂશનૂદી માટે, કોઈ પણ જાતના સ્વાર્થ વિના, દિલની સચ્ચાઈ સાથે અલ્લાહની મા'બૂદિયત પર અને મુહમ્મદ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની પયગમ્બરી પર ઈમાન લાવવું વાજિબ છે. અર્થાત્ દિલમાં એવું સમજવું કે હું ખુદા સિવાય કોઈની ઈબાદત કદાપિ કરીશ નહિ અને મુહમ્મદ

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની રિસાલતના હુકમો સિવાય અન્ય કોઈના હુકમો પર કદી અમલ કરીશ નહિ. જ્યારે માણસ સાચા દિલથી આવું સમજ્યો અને જીભથી ''લા ઈલા–હ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ''નો ઈકરાર પણ કર્યો તો એને ''મુઅ્મિન'' કહે છે.

હવે મુઅ્મિનને જોઈએ કે, દિલમાં પોતાને જેવો સમજ્યો છે, એ જ પ્રમાણે પોતાના દિલ, ઝબાન અને અવયવોથી રિસાલતના હુકમો પર અમલ કરવા મંડે અને શિર્ક–બિદઅત તથા ગુનાહના કાર્યોથી ઘણો જ બચતો રહે અને ખુદાની ઈબાદતના કાર્યોને એની મખ્લૂક માટે કદાપિ બજાવી લાવે નહિ. હઝરત મુહમ્મદ રસૂલુલ્લાહ (સલ.)ની રિસાલતના હુકમોને તથા આપની રસમો અને આદતોને પોતાની ખૂશી–ગમીનાં કાર્યોમાં છોડી દઈ અન્યોની ચાલ–ચલગત અને રસમો–આદતોને અપનાવે નહિ. આપ (સલ.)નો ઈરશાદ કોઈ દીનદારથી સાંભળે તો તરત દિલની ખૂશી સાથે એને માની લે અને એના પર અમલ કરવા મંડે. આપ (સલ.)ના હુકમો પર અમલ કરવાને શરમ સમજે નહિ; બલકે એને દુનિયા–આખિરતની કામિયાબી, ઈઝ્ઝત અને ગર્વના કારણરૂપ સમજે, એને જ ''મુસલમાની'' કહે છે. અલ્લાહ તઆલા સર્વે ઈમાનીઓને નેક કામો કરવાની તવફીક આપે અને ઈમાનથી દૂર કરનાર કામોથી બચાવે, આમીન !

આકિલ અને બાલિગ મુઅ્મિનના ઝિમ્મે રાત–દિવસમાં પાંચ (૫) ટાઈમની નમાઝો ફર્ઝ છે. દરેક વખતની નમાઝને એના ટાઈમમાં જ અદા કરવી. આળસ અને સુસ્તીના કારણે છોડવી નહિ, કારણ કે નમાઝ મૌત સિવાય કોઈ પણ સંજોગોમાં માફ નથી.

દરેક વર્ષે રમઝાન શરીફના એક માસના રોઝા રાખવા ફર્ઝ છે.

જો કોઈ મુસલમાન માલદાર હોય તો તેણે દરેક વર્ષે એકવાર પોતાની આખી મિલકતની ઝકાત કાઢવી અને જીવનભર એકવાર કા'બા શરીફની હજ કરવી ફર્ઝ છે. માલદારે દર વર્ષે ઈદુલ ફિત્રના દિવસે નમાઝ પહેલાં સદકએ ફિત્ર અદા કરવો અને ઈદુલ અદહાના દિવસે નમાઝ પછી કુર્બાની કરવી વાજિબ છે.

જો કોઈ મુસલમાન એક સમયની નમાઝ ઈરાદાપૂર્વક છોડી દેશે તો એના બદલે એંસી (૮૦) હુકૂબા જહન્નમની આગમાં સળગતો રહેશે. એક હુકૂબા એંસી (૮૦) હજાર વરસની મુદતને કહે છે. જો કોઈ માણસ માલની ઝકાત અદા કરશે નહિ તો એ માલને દોઝખમાં તપાવીને એના દ્વારા એને ડામ દેવામાં આવશે અને ઝવેરાત અજગર બનીને એને કરડતો–દંશતો રહેશે. જો કોઈ માણસ અલ્લાહની ઝાત અને સિફાતમાં એની કોઈ મખ્લૂકને શરીક કરશે તો એ સદા–સર્વદા જહન્નમમાં રહેશે. એનો કદી છૂટકારો થશે નહિ. નઉઝુ બિલ્લાહિ મિન્હા.

(૨) ઈમાનિય્યાત વિશે જરૂરી માહિતી

(૧) ઈમાને મુજમલ :

اٰمَنْتُ بِاللّٰهِ كَمَا هُوَ بِاَسْمَائِهٖ وَصِفَاتِهٖ
وَقَبِلْتُ جَمِيْعَ اَحْكَامِهٖ ؕ

આમન્તુ બિલ્લાહિ કમા હુ–વ બિઅસ્માઈહી વ સિફાતિહી વ કબિલ્તુ જમી–અ અહ્કામિહી.

અર્થ : ઈમાન લાવ્યો હું અલ્લાહ પર, જેવો કે એ પોતાનાં નામો અને સિફતો–વિશેષણો સાથે છે અને મેં એના તમામ હુકમો કબૂલ કર્યા.

(૨) ઈમાને મુફસ્સલ :

اٰمَنْتُ بِاللّٰهِ وَمَلٰٓئِكَتِهٖ وَكُتُبِهٖ وَرُسُلِهٖ
وَالْيَوْمِ الْاٰخِرِ، وَالْقَدْرِ خَيْرِهٖ وَشَرِّهٖ
مِنَ اللّٰهِ تَعَالٰى، وَالْبَعْثِ بَعْدَالْمَوْتِ ط

આમન્તુ બિલ્લાહિ વ મલાઈ-કતિહી વ કુતુબિહી વ રુસુલિહી વલ્ યવ્મિલ્ આખિરિ વલ્ કદ્રિ ખય્રિહી વ શર્રિહી મિનલ્લાહિ તઆલા વલ્બઅ્ષિ બઅ્દલ્ મવ્તિ.

(૧) હું અલ્લાહ તઆલા પર ઈમાન લાવ્યો,

(૨) હું અલ્લાહ તઆલાના ફરિશ્તાઓ પર ઈમાન લાવ્યો,

(૩) હું અલ્લાહ તઆલાની કિતાબો પર ઈમાન લાવ્યો,

(૪) હું અલ્લાહ તઆલાના પયગમ્બરો પર ઈમાન લાવ્યો,

(૫) અને કિયામતના દિવસ પર ઈમાન લાવું છું,

(૬) અને સારું તથા બૂરું જે કાંઈ બને છે તે બધું અલ્લાહ તઆલા તરફથી જ બને છે, એ વાત પર હું ઈમાન લાવું છું,

(૭) મૃત્યુ પછી કિયામતના દિવસે ફરી સજીવન થઈને હિસાબ-કિતાબ આપવા પર અને તેનો બદલો આપવા માટે ફરી સજીવન થવા પર હું ઈમાન લાવું છું.

મજકૂર સંપૂર્ણ સાતેય ઈમાનિય્યાત પર ઈમાન ધરાવવું જરૂરી છે. આ સાત ઈમાની બાબતો પૈકી જો કોઈ એક બાબતનો પણ ઇનકાર કરશે તો તે વ્યક્તિ મુઅમિન લેખાશે નહિ, બલકે કાફિર જ લેખાશે. (''દારુલ ઉલૂમ'' માસિક, જુલાઈ-૨૦૦૧)

(૩) ઈમાનનામું

● ઈમાનના ફર્ઝ :

ઈમાનના બે ફર્ઝ છે : (૧) કલિમ–એ–તય્યિબહ ઝબાનથી પઢવો, (૨) એના અર્થને દિલથી સાચો જાણવો.

● કલિમહના ફર્ઝ :

કલિમહના ત્રણ ફર્ઝ છે : (૧) ઉંમરમાં એકવાર પઢવો, (૨) સહીહ પઢવો, (૩) કોઈ પઢવાનું કહે તો જલદી પઢવો.

● ઈમાનની સિફતો :

ઈમાનની સાત સિફતો છે : (૧) અલ્લાહ પર ઈમાન લાવવું, (૨) ફરિશ્તાઓ પર ઈમાન લાવવું, (૩) આસમાની કિતાબો પર ઈમાન લાવવું, (૪) પયગમ્બરો પર ઈમાન લાવવું, (૫) કિયામત પર ઈમાન લાવવું, (૬) તકદીર પર ઈમાન લાવવું, (૭) મૃત્યુ બાદ સજીવન થવા પર ઈમાન લાવવું.

● ઈમાનની શરતો :

ઈમાનની સાત શરતો છે : (૧) ઈખ્તિયારે–સ્વેચ્છાએ ઈમાન લાવવું, (૨) ગૈબ પર ઈમાન લાવવું, (૩) ગૈબની ખબર અલ્લાહ જ જાણે છે, એમ કહીને ઈમાન લાવવું, (૪) હલાલને હલાલ જાણવું, (૫) હરામને હરામ જાણવું, (૬) અલ્લાહના ક્રોધ–કોપથી ડરતા રહેવું, (૭) અલ્લાહની રહમતના ઉમ્મીદવાર રહેવું.

● ઈમાનની સલામતીની શરતો :

ઈમાન સલામત રહેવાની શરતો ચાર છે : (૧) ઈમાન પામવાથી ખુશ રહેવું, (૨) ઈમાન છીનવાઈ જવાથી ડરતા રહેવું,

(૩) ઈમાનથી મહરૂમ કરનાર ચીજોથી દૂર રહેવું, (૪) મુસલમાનો પર મહેરબાન રહેવું.

● ઈમાનના અહકામ :

ઈમાનના અહકામ સાત છે : (૧) જાનથી, (૨) માલથી, (૩) તકલીફથી, (૪) બદગુમાનીથી, (૫) ધોકાથી, (૬) હંમેશા દોઝખી બનવાથી અમન દેવી, (૭) જન્નતે લઈ જવું.

● ઈમાનના વાજિબ :

ઈમાનના બાર વાજિબો છે : (૧) બિદઅતથી બચવું, (૨) નેક લોકોની સોહબતમાં રહેવું, (૩) ખરાબ લોકોથી દૂર રહેવું, (૪) સ્વજનોને દીનની તા'લીમ આપવી, (૫) રિશ્તેદારોથી મેળમિલાપ રાખવો, (૬) બે ઝઘડતા મુસલમાનોમાં સુલેહ કરાવવી, (૭) યતીમોથી મુહબ્બત કરવી, (૮) ગરીબો પર રહમ કરવી, (૯) તરસ્યાંને પાણી પિવડાવવું, (૧૦) રસ્તેથી કાંટા, પથ્થર, ગંદકી દૂર કરવી, (૧૧) બીમારની ખબર–અંતર પૂછવી, (૧૨) મય્યિતને નવડાવવી.

● ઈસ્લામના ફર્ઝ :

અલ્લાહ તઆલા અને રસૂલ (સલ.)ની પેરવીને ઈસ્લામ કહે છે.

ઈસ્લામના પાંચ ફર્ઝ છે : (૧) કલિમએ શહાદત, (૨) નમાઝ, (૩) રોઝા, (૪) ઝકાત, (૫) હજ્જ.

● ઈસ્લામના વાજિબ :

ઈસ્લામના સાત વાજિબો છે : (૧) વિત્ર, (૨) ફિત્ર, (૩) કુર્બાની, (૪) માં–બાપની પેરવી, (૫) અવરતે શવહરની તાબેદારી કરવી, (૬) મહરમનું ભરણપોષણ.

● ઈસ્લામની સુન્નતો :

(૧) ખત્ના કરાવવી, (૨) માથાના વાળ, (૩) નાકના વાળ, (૪) મૂંછના વાળ, (૫) બગલના વાળ અને (૬) ટૂંટી નીચેના વાળ કઢાવવા, (૭) નખ કાપવા, (૮) દાઢી રાખવી, (૯) ઉમરહ.

(ઝુરૂરતુલ મુસ્લિમીન : દારુલ ઉલૂમ કંથારીઆ, પ્રકાશન નં. ૭૧)

● અનિવાર્ય અકાઈદ :

જગતભરના માનવીઓ જો એવી ઉમંગ ધરાવતા હોય કે, તેઓ આખિરતના સદા બાકી રહેનાર જીવનમાં પુષ્કળ રાહતો–આરામ મેળવે અને તેમણે કોઈપણ પ્રકારની તકલીફ તથા યાતનાઓનો સામનો કરવો ન પડે, તો તેમણે પોતાના જીવનમાં નીચે દર્શાવેલી માન્યતાઓ ધરાવવી પડશે અને જીવનભર આ માન્યતાઓ પર કાયમ રહેવું પડશે. મહા વિદ્વાન વ્યક્તિ તથા સદંતર અભણ વ્યક્તિ–સારાંશ કે દરેક વ્યક્તિએ આ માન્યતાઓ ગ્રહણ કરવી પડશે અને તેના પર સદા કાયમ રહેવું પડશે. જો તેઓ આ માન્યતાઓ અપનાવશે તો જ આખિરતમાં સુખ–શાંતિ પ્રાપ્ત થશે અને દોઝખના ભયંકર અઝાબોથી નજાત મળી શકશે.

૧. હું અલ્લાહ તઆલા પર ઈમાન ધરાવું છું....

૨. અને અલ્લાહ તઆલાના ફરિશ્તાઓ પર ઈમાન ધરાવું છું....

૩. અને અલ્લાહ તઆલાની કિતાબો પર ઈમાન ધરાવું છું....

૪. અને અલ્લાહ તઆલાના પયગમ્બરો પર ઈમાન ધરાવું છું....

૫. અને કિયામતના દિવસ પર ઈમાન ધરાવું છું....

૬. અને મારું સારું કે બૂરું જે કાંઈ થાય છે, તે સઘળું અલ્લાહ તઆલા તરફથી જ થાય છે, એ બાબત પર ઈમાન ધરાવું છું....

૭. અને મરવા પછી ફરીવાર સજીવન થવા પર અને મરવા પછી ફરી ઊઠવા પર (પુનરુત્થાન પર) ઈમાન ધરાવું છું....

ઈમાન : હું સાક્ષી આપું છું કે, અલ્લાહ તઆલા સિવાય બીજું કોઈ પણ ઇબાદત કરવાને પાત્ર નથી અને હું સાક્ષી આપું છું કે, હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અલ્લાહ તઆલાના રસૂલ છે. મારા દિલથી હું (આ વાતની) તસ્દીક કરું છું અને મારી જીભથી ઇકરાર કરું છું.

અલ્લાહ તઆલાએ જે ફર્ઝો મુકર્રર કર્યા છે તે ફર્ઝો અદા કરવા અને અલ્લાહ તઆલાએ જે બાબતોની મનાઈ ફરમાવી છે, તે બાબતોને ત્યજી દેવી, તે બાબતોથી રોકાઈ જવું તમામ મુસલમાનો માટે જરૂરી છે. જેમ કે, જુગાર, શરાબ, બદકારી, અન્યાય, ઝુલ્મ, લડાઈ–ઝઘડો, ચોરી, લૂંટફાટ, હરામની કમાણી, ગીબત, જૂઠ જેવાં દુર્ગુણો અને દૂષણોને સદંતર તિલાંજલિ આપી દેવી જોઈએ અને સત્ય, ન્યાય, અમાનતદારી, પરસ્પર મેળમેળાપ, સદ્‌ભાવ, સદ્‌વર્તન જેવા સદ્‌ગુણોને પોતાના જીવનમાં ઉતારવા જોઈએ...

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ فِى الْاَوَّلِيْنَ وَالْاٰخِرِيْنَ وَفِى الْمَلَاِ الْاَعْلٰى اِلٰى يَوْمِ الدِّيْنِ ط

جَزَى اللّٰهُ عَنَّا سَيِّدَنَا مُحَمَّدًا بِمَا هُوَ اَهْلُهٗ ط

લા ઈલા-હ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ

(સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)

પ્રકરણ-૭

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની મુબારક હદીસો

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ خَلَقَ
السَّمٰوٰتِ وَالْاَرْضَ وَجَعَلَ الظُّلُمٰتِ وَ
النُّوْرَ ؕ ثُمَّ الَّذِیْنَ كَفَرُوْا بِرَبِّهِمْ یَعْدِلُوْنَ ۝۱ هُوَ
الَّذِیْ خَلَقَكُمْ مِّنْ طِیْنٍ ثُمَّ قَضٰۤى اَجَلًا ؕ وَاَجَلٌ
مُّسَمًّى عِنْدَهٗ ثُمَّ اَنْتُمْ تَمْتَرُوْنَ ۝۲ وَهُوَ اللّٰهُ فِی
السَّمٰوٰتِ وَفِی الْاَرْضِ ؕ یَعْلَمُ سِرَّكُمْ
وَجَهْرَكُمْ وَیَعْلَمُ مَا تَكْسِبُوْنَ ۝۳

(الانعام ۶:۳، پارہ ۷)

وَمَا یَنْطِقُ عَنِ الْهَوٰى ۝۳
اِنْ هُوَ اِلَّا وَحْیٌ یُّوْحٰى ۝۴

(النجم ۵۳:۳-۴)

[અને હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પોતાની મનેચ્છાથી કાંઈ કહેતા નથી. આ તો એક વહી છે, જે આપની ઉપર ઉતારવામાં આવે છે. (અલ્ કુર્આન)]



★ બિસ્મિહી તઆલા ★

પ્રકરણ-૭

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની મુબારક હદીસો

(૧) જહન્નમથી બચી જન્નતમાં દાખલ થશે

હઝરત ઉબાદહ ઇબ્ને સામિત (રદિ.) બયાન કરે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, "જે માણસ ખરા દિલથી આ બાબતની સાક્ષી આપે છે કે અલ્લાહ તઆલા સિવાય કોઇ ઇબાદતને લાયક નથી અને હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) અલ્લાહના રસૂલ છે, તો એવા માણસ ઉપર આગનો અઝાબ હરામ કરવામાં આવ્યો છે."

(મુસ્લિમ શરીફ)

મતલબ એ છે કે તૌહીદ (અલ્લાહની એકતા) અને રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની રિસાલતનો માનનાર કોઇ પણ રીતે જન્નતમાં દાખલ થશે, (ઇન્શા અલ્લાહ).

(૨) જન્નતમાં દાખલ થશે

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''જે માણસ ખુદાવંદી હુકમોની એક વાત અથવા બે વાતો અથવા ત્રણ વાતો અથવા ચાર વાતો અથવા પાંચ વાતો શીખે છે અને તે લોકોને પણ શિખવાડે છે તો અલ્લાહ તઆલા તે માણસને જન્નતમાં દાખલ કરશે.''

(અબૂ નઈમ)

(૩) સિત્તેર (૭૦) સિદ્દીકોનો સવાબ મળશે

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''જે માણસે ઈલ્મનું એક પ્રકરણ (બાબ) એ માટે શીખ્યું કે લોકોને એની તા'લીમ આપે તો અલ્લાહ તઆલા તેને સિત્તેર (૭૦) સિદ્દીકોનો સવાબ આપશે.''

(અબૂ મન્સૂર)

(૪) સાઠ (૬૦) વરસની ઈબાદતથી અફઝલ

તબરાનીએ રિવાયત કરી છે કે આપ (સલ.)એ ફરમાવ્યું કે ફિકહની મજલિસમાં શરીક થવું સાઠ (૬૦) વરસની ઈબાદતથી અફઝલ છે.

(તબરાની)

(૫) દસ હજાર (૧૦,૦૦૦) વરસોની ઈબાદતથી અફઝલ

ફતાવા સિરાજિય્યહમાં હદીસ બયાન કરી છે કે દીનની વાતો શીખવામાં એક (૧) દિવસ ગુઝારવો અલ્લાહની નઝદીક દસ હજાર (૧૦,૦૦૦) વરસોની ઈબાદતથી અફઝલ છે.

(ફતાવા સિરાજિય્યહ, પેજ–૧૫૮)

(૬) જન્નતમાં જશે

અમીરુલ મુઅમિનીન હઝરત ઉમર (રદિ.) બયાન કરે છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''જે માણસ મુઅઝ્ઝિનના અવાજમાં તે જ શબ્દો ફરી બોલે એટલે કે અઝાનના શબ્દો; પરંતુ ''હય્ય અલસ્સલાહ'' અને ''હય્ય અલલ્ ફલાહ''ના જવાબમાં ''લા હવ્લ વલા કુવ્વ–ત ઈલ્લા બિલ્લાહ'' કહે છે તો તે માણસ જન્નતમાં જશે.''

(મુસ્લિમ શરીફ)

(૭) જન્નત વાજિબ થશે

હઝરત ઉકબહ ઈબ્ને આમિર (રદિ.) બયાન કરે છે કે જનાબ હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નું ફરમાન છે કે, ''વુઝૂ કર્યા પછી બે રકા'તો તહિય્યતુલ વુઝૂ પઢવાથી જન્નત વાજિબ થઈ જાય છે.'' (મુસ્લિમ શરીફ)

(૮) જન્નતમાં એક મહેલ મળશે

હદીસ : હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે, જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ

ફરમાવ્યો :

જે માણસે નમાઝની સફની ખાલી જગ્યા પૂર કરી તો અલ્લાહ તઆલા તેના માટે જન્નતમાં આ કારણે એક દરજો ઊંચો કરશે અને એના માટે જન્નતમાં એક મહેલ બનાવશે.

(૯) સિત્તેર હજાર (૭૦,૦૦૦) માણસોને જન્નતમાં લઈ જશે

સવારની ફર્ઝ નમાઝ પઢયા પછી ત્યાં બેસી રહે અને સૂરજ નીકળ્યા બાદ ૧૫ મિનિટ પછી ઈશ્રાક પઢે તો તે માણસ સિત્તેર હજાર (૭૦,૦૦૦) માણસોને બખ્શાવી જન્નતમાં લઈ જશે. (હદીસ)

[સઆદતે દારૈન, મૌ. અશરફ અહમદ રાંદેરી (રહ.)ની કિતાબ]

(૧૦) જન્નતમાં મોટો મરતબો મળશે

અમીરુલ મુઅ્મિનીન હઝરત અલી (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું,

તહજ્જુદની નમાઝ પઢનાર બંદાઓને જન્નતનાં પોશાક અને પાંખવાળા ઘોડાઓ આપવામાં આવશે, એ ઘોડાની લગામો મોતી અને માણેકની હશે. એ ઘોડાઓ મળ–મૂત્રથી પાક હશે. તહજ્જુદ પઢનારાઓ એ ઘોડાઓ પર સવાર થઈ જ્યાં ચાહશે ત્યાં ઊડતા અને સહેલ કરતા હશે. એ લોકોને એ હાલતમાં જોઈ બીજા લોકો પૂછશે કે હે રબ ! તારા એ કોણ બંદા છે ? એ લોકો એ મરતબે કેવી રીતે પહોંચ્યા ?

તો તેમને જવાબ મળશે કે એ લોકોને એ મરતબો રાતની ઈબાદતના બદલામાં મળ્યો છે, જ્યારે તમે રાત્રે સૂતા રહેતા હતા

ત્યારે એ તહજ્જુદની નમાઝ પઢયા કરતા હતા. (ઇબ્ને અબી દુન્યા)

(૧૧) દોઝખથી લગભગ પાંત્રીસ સો (૩,૫૦૦) વર્ષ દૂર રાખનાર આ'માલ

હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને ઉમર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઇરશાદ ફરમાવ્યો :

''જે માણસે પોતાના (મુસલમાન) ભાઈને એટલું ખાણું ખવડાવ્યું કે તેને તૃપ્ત કરી દીધો–ધરવી દીધો (એટલે કે તેને ભરપેટ ખવડાવી દીધું) અને તેને એટલું પાણી પિવડાવ્યું કે તેની તરસ છિપાવી દીધી તો અલ્લાહ તઆલા તેને દોઝખથી સાત ખંદકો (જેટલે) દૂર કરી આપશે. એ (ખંદકો પૈકી) પ્રત્યેક બે ખંદકોની વચ્ચે પાંચ સો (૫૦૦) વર્ષ જેટલું અંતર હશે.''

(તબરાની, અબુશૈખ, હાકિમ વ કા–લ સહીહુલ અસ્નાદ, સંદર્ભ : રહમતકે ખઝાને : ૨૪૬)

(૧૨) જહન્નમથી લગભગ ચાર હજાર નવ સો (૪,૯૦૦) વરસો દૂર રાખનાર આ'માલ

તરસ્યાને પાણી પિવડાવવાની તથા ભૂખ્યાને ખાવાનું ખવડાવવાની મહાન ફઝીલત :

બીજી એક રિવાયતમાં છે કે જે માણસ પોતાના મુસલમાન ભાઈને રોટી ખવડાવે કે તેનું પેટ ભરાઈ જાય અને પાણી પિવડાવે કે તેની પ્યાસ (તરસ) બુઝાઈ જાય, તો અલ્લાહ તઆલા તે ખવડાવનારને જહન્નમ (દોઝખ)થી સાત ખાઈઓ જેટલો દૂર કરી

દે છે. દરેક ખાઈનું અંતર એટલું કે તેનું અંતર કાપતાં સાત સો (૭૦૦) વરસ લાગે.

(કન્ઝુલ ઉમ્માલ, ફઝાઈલે સદકાત : ભાગ–૧, પેજ–૭૫)

(૧૩) પંચોતેર હજાર (૭૫,૦૦૦) ફરિશ્તાઓની દુઆએ રહમત

હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને ઉમર (રદિ.) અને હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : જો કોઈ માણસ પોતાના ભાઈની જરૂરતમાં (એટલા માટે) ચાલે કે એનું કામ બની જાય, તો અલ્લાહ તઆલા એના માટે પંચોતેર હજાર (૭૫,૦૦૦) ફરિશ્તાઓ નિયુક્ત ફરમાવી દે છે, જે તેના માટે રહમતની દુઆ કરતા રહે છે. જો સવારે ચાલે છે તો સાંજ સુધી અને સાંજે ચાલે છે તો સવાર સુધી (તેના હકમાં રહમતની દુઆ કરતા રહે છે). ઉપરાંત, તેના દરેક કદમ પર એક ગુનાહ માફ કરી દેવામાં આવે છે અને એક દરજ્જો બુલંદ કરવામાં આવે છે.

(ઇબ્ને હિબ્બાન, તરગીબ : ૩/૩૯૨, સંદર્ભ : દેહાત વ કસબાતમેં પેશ આનેવાલે મસાઈલ વ અહકામ : ૬૧)

(૧૪) જહન્નમથી સિત્તેર હજાર (૭૦,૦૦૦) વરસો દૂર....

● બીમારને જોવા જવાનો મહાન સવાબ ! :

હઝરત અનસ (રદિ.) રિવાયત કરે છે કે, જનાબ રહમતે આલમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : "જ્યારે કોઈ માણસ વુઝૂ કરી પોતાના મુસ્લિમભાઈની બીમાર પુર્સીએ જાય છે અને સવાબની આશા સાથે જાય છે, તો એ માણસ

જહન્નમથી સિત્તેર હજાર (૭૦,૦૦૦) વર્ષની મુસાફરીની લંબાઈ જેટલો દૂર થઈ જાય છે, એટલે કે એને દોઝખમાં દાખલ કરવામાં નહિ આવે. (સુનને અબૂ દાવૂદ)

(૧૫) સિત્તેર હજાર (૭૦,૦૦૦) ફરિશ્તાઓ ઈસ્તિગફાર (મગફિરતની દુઆ) કરે છે

અમીરુલ મુઅ્મિનીન હઝરત અલી (રદિ.)થી રિવાયત છે કે હુઝૂર પુરનૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું,

"કોઈ મુસલમાન સવારે માંદા માણસની ખબર-અંતર પૂછવા જાય છે તો સિત્તેર હજાર ફરિશ્તાઓ સાંજ સુધી એના માટે મગફિરતની દુઆ કરે છે. એ રીતે કોઈ સાંજે બીમારપુર્સી કરે છે તો સવાર સુધી સિત્તેર હજાર ફરિશ્તાઓ તેના માટે ઈસ્તિગફાર કરે છે ને તેને જન્નતનાં ફળો પ્રાપ્ત થઈ જાય છે."

(અહમદ-બઝ્ઝાર)

(૧૬) બે ફરિશ્તાઓ કિયામત સુધી કબરમાં જોતા રહેશે

હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, મૂસા (અલૈ.)એ અલ્લાહ તઆલાથી સવાલ કર્યો કે હે અલ્લાહ ! જે કોઈ માણસ બીમારને જોવા-મળવા જાય એને શું સવાબ મળશે ? હુકમ થયો, હે મૂસા ! હું તે માણસ માટે બે ફરિશ્તાઓ નક્કી કરીશ, જે કિયામત સુધી કબરમાં એને જોતા રહેશે-કબરમાં એની સંભાળ રાખશે.

હઝરત હસન (રદિ.)એ પણ આ જ પ્રમાણે રિવાયત કરેલ છે. (નૂરુસ્સુદૂર ફી શર્હિલ્ કુબૂર) (ઈમામ જલાલુદ્દીન સુયૂતી રહ.ની કિતાબ)

(૧૭) જન્નતમાં એક ઘર મળશે

● કબર ખોદવાનો સવાબ :

હદીસ : હઝરત જાબિર (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો :

જે માણસે એક કબર ખોદી તો અલ્લાહ તઆલા તેના માટે જન્નતમાં એક ઘર બનાવે છે.

(અત્તરગીબ વત્તરહીબ : ૪/૩૩૮, કન્ઝુલ ઉમ્માલ : ૮/૨૧૯)

(૧૮) જન્નતમાં અતલસ અને રેશમનો પોશાક મળશે

હઝરત અબૂ રાફિઅ (રદિ.) બયાન કરે છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, "જેણે કોઈ મય્યિતને કફન પહેરાવ્યું તો અલ્લાહ તઆલા તેને જન્નતનાં અતલસ અને બારીક રેશમનો પોશાક પહેરાવશે." (હાકિમ)

(૧૯) ચાળીસ (૪૦) મોટા મોટા ગુનાહો માફ કરી દેશે

● મુસલમાનના જનાઝા પાછળ જવાની ફઝીલત :

હઝરત અબૂ રાફિઅ (રદિ.) બયાન કરે છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, "જેણે કોઈ મય્યિતને ગુસલ આપ્યું અને તેની ઐબને છુપાવી, તો અલ્લાહ

તઆલા એવા બંદાના ચાળીસ (૪૦) મોટા ગુનાહ બખ્શી દે છે. જેણે કોઈ મય્યિતને કબ્રમાં ઉતારી તો જાણે તેણે કોઈને કિયામત સુધી રહેવા એક મકાન આપ્યું.'' (તબરાની)

(૨૦)

દુરૂદે ઈબ્રાહીમ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ
كَمَا صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ
اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ
وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ
وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

(૨૧) લાલ યાકૂત અથવા લીલા ઝબર્જદનો એક મહેલ મળશે

હદીસ : હઝરત ઈબ્ને ઉમર (રદિ.) ફરમાવે છે કે, જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો :

જે માણસે રમઝાનના કોઈ દિવસનો રોઝો ખામોશી અને ગંભીરતાથી રાખ્યો તો અલ્લાહ તઆલા એના માટે લાલ યાકૂતથી અથવા લીલા (કલરના) ઝબર્જદથી જન્નતમાં એક મહેલ બનાવશે. (મજ્મઉઝ્ ઝવાઈદ : ૩/૧૪૩)

(૨૨) જહન્નમથી સિત્તેર (૭૦) વરસ દૂર કરી દેશે

હઝરત અબૂ સઈદ (રદિ.)થી રિવાયત છે કે જનાબ

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, "જે માણસ અલ્લાહ માટે એક દિવસનો રોઝો રાખે છે તે માણસને અલ્લાહ તઆલા જહન્નમથી સિત્તેર (૭૦) વરસનાં રસ્તા જેટલો દૂર કરી દે છે." (બુખારી–મુસ્લિમ)

(૨૩) રોઝાદાર અને જહન્નમ વચ્ચે એક ખાઈ કાયમ કરવામાં આવશે

હઝરત અબુ દરદાઅ્ (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, "જે માણસ અલ્લાહ માટે એક દિવસનો રોઝો રાખે છે તો એ રોઝાદાર અને જહન્નમ (દોઝખ)ની વચ્ચે એક ખાઈ કાયમ કરવામાં આવશે કે જેનું અંતર આસમાન અને જમીન વચ્ચેનાં અંતરની બરાબર હશે." (તબરાની)

(૨૪) નફલ રોઝો રાખવાનો મોટો અજર–સવાબ

હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, "જે માણસે અલ્લાહ માટે જ એક નફલી રોઝો રાખ્યો તો તેને એટલો બદલો મળે છે કે જો તેને જમીન ભરીને સોનું આપી દેવામાં આવે તો પણ કિયામતમાં એના સવાબનો મુકાબલો થઈ શકતો નથી." (તબરાની)

(૨૫) જહન્નમથી સો (૧૦૦) વરસની મુસાફરી જેટલો દૂર કરી દેશે

હઝરત મુઆઝ બિન અનસ (રદિ.) બયાન કરે છે કે જનાબ

રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, "રમઝાનમાં રોઝા ઉપરાંત એક રોઝો રાખનારને તેજ ચાલના ઘોડાની એક સો (૧૦૦) વરસની મુસાફરીનાં પ્રમાણ જેટલો જહન્નમથી દૂર કરી દેવામાં આવે છે." (અબૂ યઅ્લા)

ખુલાસો :– મારા ભાઈઓ ! જ્યારે નફલ રોઝાનો આટલો મોટો અજર અલ્લાહ તઆલા આપશે તો જે માણસ રમઝાનુલ મુબારકના ફર્ઝ રોઝા રાખશે તેને તો અલ્લાહ પાક શું શું આપશે તે કોઈના ગુમાનમાં પણ નથી.

(૨૬) જહન્નમથી એક લાખ (૧,૦૦,૦૦૦) વરસ જેટલો દૂર કરી દેશે

ઉમ્મુલ મુઅ્મિનીન હઝરત આઈશા (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નું ફરમાન છે કે, "અરફાના દિવસનો રોઝો એક હજાર (૧,૦૦૦) રોઝાની બરાબર છે." (તબરાની, બયહકી)

જરા વિચારો, મારા ભાઈઓ ! ઉપરની હદીસના જણાવ્યા પ્રમાણે જ્યારે અલ્લાહનો કોઈ બંદો અથવા બંદી એક નફલ રોઝો અલ્લાહ માટે રાખે તો અલ્લાહ પાક તેને જહન્નમથી તેજ ચાલના ઘોડાની એક સો (૧૦૦) વરસની મુસાફરીનાં પ્રમાણ જેટલો દૂર કરી દેશે, તો અરફાના દિવસનો રોઝો તો એક હજાર (૧,૦૦૦) રોઝાની બરાબર છે. તો હિસાબ લગાવો, એક (૧) દિવસનો નફલ રોઝો રાખવાથી તેજ ચાલનાં ઘોડાની એક સો (૧૦૦) વરસની મુસાફરી જેટલો દૂર થઈ જાય. અરફાના દિવસનો રોઝો એક હજાર (૧,૦૦૦) રોઝાની બરાબર છે તે હિસાબે ૧૦૦ વરસ × ૧,૦૦૦ રોઝા = ૧,૦૦,૦૦૦ (૧ લાખ) વરસ થાય અને એ રોઝો રાખવા ઉપર બીજા જે ઈનામો અને સવાબો આપશે તે તો અલગ.

અલ્લાહ પાક અમલ કરવાની તાકાત, તૌફીક અને જઝ્બો નસીબ ફરમાવે, આમીન !

(૨૭) જહન્નમથી આઝાદી અને જન્નતમાં મોતી અને માણેકનો મહેલ મળશે

હઝરત અનસ બિન માલિક (રદિ.)થી રિવાયત છે કે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, "જેણે બુધ, જુમે'રાત અને જુમ્અહનો રોઝો રાખ્યો, તેને જહન્નમથી આઝાદ કરી દેવામાં આવે છે, એના માટે જન્નતમાં મોતી અને માણેકનો મહેલ બનાવી દેવામાં આવે છે." (તબરાની)

(૨૮)

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ

سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط

اَسْتَغْفِرُ اللّٰهَ ط

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ

سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط

سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ وَبِحَمْدِهٖ

اَسْتَغْفِرُ اللّٰهَ ط



(૨૯) રમઝાનમાં રોઝા રાખવાનાં બદલામાં "હૂરે ઈન" સાથે શાદી

● રમઝાનુલ મુબારકનો ફર્ઝ રોઝો રાખનારા રોઝાદારની મહાન ફઝીલત :

હઝરત અબૂ મસ્ઊદ અન્સારી (રદિ.)થી રિવાયત છે કે મેં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને એક દિવસે ફરમાવતા સાંભળ્યા, જ્યારે કે રમઝાન શરીફનો પહેલો ચાંદ થઈ ગયો હતો. આપ (સલ.)એ ફરમાવ્યું કે જો બંદા જાણી લે કે રમઝાન કેવી ચીજ છે તો મારી ઉમ્મત તમન્ના કરે કે રમઝાન આખું વરસ રહે (તો કેવું સારું !). એક સહાબીએ અરજ કરી કે હે અલ્લાહના નબી (સલ.) ! એની વિગત અમારી સામે બયાન ફરમાવો તો આપ (સલ.)એ ફરમાવ્યું : બેશક, શરૂ સાલથી સાલના અંત સુધી જન્નતને મુઝય્યન (સુશોભિત) કરવામાં આવે છે. પછી જ્યારે રમઝાનનો પ્રથમ દિવસ હોય છે તો અર્શની નીચેથી એક હવા ચાલે છે તો તે જન્નત(નાં વૃક્ષો)નાં પાંદડાંને હલાવે–ઝુલાવે છે તો ગોરી અને મોટી આંખોવાળી જન્નતી સ્ત્રીઓ એ તરફ જુએ છે અને કહે

છે : હે (અમારા) રબ ! તું અમારા માટે આ મહિનામાં પોતાના બંદાઓમાંથી અઝવાજ (શવહર) બનાવ, જેમનાથી અમારી આંખો ઠંડી થાય અને અમારાથી એમની આંખો ઠંડી થાય. તો (જવાબમાં) કહેવામાં આવશે કે કોઈ બંદો એવો નથી, જે રમઝાનના દિવસના રોઝા રાખે; પરંતુ એની શાદી હૂરે ઈન એટલે કે જન્નતી અવરતથી કરવામાં આવે છે, જે મોતીઓના એક તંબૂમાં હોય છે. અલ્લાહ તઆલા બયાન ફરમાવે છે : ''જન્નતી સ્ત્રીઓ છે, જેમને તંબૂઓમાં રોકવામાં આવી છે.'' એમના પૈકી દરેક સ્ત્રી પર સિત્તેર (૭૦) જોડી કપડાં હશે, દરેક જોડીના રંગ વિવિધ હશે. એ સ્ત્રીઓને સિત્તેર (૭૦) પ્રકારની ખુશબૂ લગાડવામાં આવશે, દરેક ખુશબૂ એકમેકથી અલગ હશે. દરેક સ્ત્રી માટે સિત્તેર હજાર (વિશેષ પ્રકારના) નોકર અને સિત્તેર હજાર નોકરાણીઓ હશે. દરેક નોકર અને નોકરાણી (ખાદિમ અને ખાદિમહ) પાસે એક ખુમચો હશે, જેમાં એક પ્રકારનું ખાણું હશે, જેના એક એક લુકમાના અંતે એવી લઝ્ઝત હશે, જે (લુકમાની) શરૂઆતમાં ન હશે. એમાંથી દરેક સ્ત્રી માટે સુર્ખ (લાલ) યાકૂતની ચારપાઈ (ખાટલાઓ) હશે. દરેક ચારપાઈ પર એક પથારી (બિસ્તર) હશે, જેનું અસ્તર ચમકદાર રેશમી કાપડનું હશે. દરેક પથારી (બિસ્તર) પર સિત્તેર તખ્તા હશે. દરેક શવહરને એ (ઝવજહ–પત્ની)ની જેટલું આપવામાં આવશે, જેનો અત્રે ઉલ્લેખ થયો છે. સુર્ખ યાકૂતની એવી ચારપાઈ (ખાટલા)ના પ્રમાણ અનુસાર

(આપવામાં આવશે), જે મોતીઓથી શણગારાયેલી હશે. તદુપરાંત, એના પર સોનાના બે કંગન હશે. આ બધું રમઝાનના રોઝાઓમાંથી દરેક રોઝાના બદલામાં મળશે. બીજી નેકીઓનો અલગ સવાબ મળશે (એ તો વધારામાં).

(નવાદિરુલ ઉસૂલ, ઈબ્ને ખુઝયમહ, બયહકી, ઈસ્બહાની કૃત તરગીબ, દૂર્રે મન્થૂર : ભાગ-૧, પેજ-૪૪૯/૪૫૦)

(૩૦) જહન્નમથી ત્રણ (૩) ખાઈઓ જેટલો દૂર કરી દેશે

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, "જે માણસે અલ્લાહ તઆલાના માટે એક દિવસનો પણ 'એઅ્તિકાફ' કર્યો તો અલ્લાહ તઆલા તે માણસને જહન્નમની ત્રણ (૩) ખાઈઓ જેટલો દૂર કરી દેશે." (એક ખાઈનું અંતર આસમાન અને જમીનની વચ્ચેનાં અંતર કરતાં પણ વધુ હોય છે.) (તબરાની)

(૩૧) જહન્નમથી દસ હજાર નવ સો પચાસ (૧૦,૯૫૦) ખાઈઓથી પણ વધારે ખાઈઓ જેટલો....

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, "કોઈ મુસલમાન ભાઈની હાજત પૂરી કરવી અથવા

તે માટે કોશિશ કરવી એ દસ (૧૦) વરસના 'એઅ્તિકાફ' કરતાં વધુ સવાબનું કામ છે.'' (તબરાની)

જરા વિચારો, મારા ભાઈઓ ! જ્યારે ઉપરની હદીસમાં જણાવ્યા મુજબ એક દિવસના એ'તિકાફનો આટલો મોટો અજર અને સવાબ છે તો કોઈ મુસલમાન ભાઈની કોઈ હાજત કે જરૂરત પૂરી કરવી અથવા તે માટે કોશિશ કરવી તે દસ (૧૦) વરસના એ'તિકાફથી પણ વધુ સવાબનું કામ છે, તો હિસાબ લગાવો કે એક (૧) દિવસના એ'તિકાફથી જહન્નમથી ત્રણ (૩) ખાઈઓ જેટલો દૂર થઈ જાય, એક (૧) વરસનાં દિવસો થાય ત્રણ સો પાંસઠ (૩૬૫) અને દસ (૧૦) વરસનાં દિવસો થાય ત્રણ હજાર છ સો પચાસ (૩,૬૫૦). આ હિસાબે તમે ગણો તો ૩,૬૫૦ દિવસો × ૩ ખાઈઓ = ૧૦,૯૫૦ ખાઈઓ થાય. એ હિસાબે તે માણસ ઈન્શા અલ્લાહ અલ્લાહની ઝાતથી ઉમ્મીદ છે કે તે જહન્નમથી ૧૦,૯૫૦ ખાઈઓથી પણ વધારે ખાઈઓ જેટલો દૂર થઈ જશે. કારણ કે હદીસમાં દસ (૧૦) વરસનાં ''એ'તિકાફ'' કરતાં ''વધુ'' સવાબનું કામ છે. તે હિસાબે એક (૧) ખાઈનું અંતર આસમાન અને જમીનની વચ્ચેનાં અંતર કરતાં પણ વધુ હોય છે. મુસલમાન ભાઈની હાજત પૂરી કરવી એ આ હિસાબે અને અજરની દૃષ્ટિએ ઘણો જ મોટો અમલ છે. અલ્લાહ પાક તેના ઉપર અમલની તૌફીક નસીબ ફરમાવે, આમીન.

મારા ભાઈઓ ! આ હિસાબ તો શોખ અને ઝૌક પૈદા કરવા માટે છે. બાકી અલ્લાહ પાક આ અમલ કરવાથી શું શું આપશે તે તો આપણા વહમો–ગુમાનમાં પણ આવી શકતું નથી.

''પછી જે કોઈ કિયામતના દિવસે જહન્નમ (દોઝખ)થી દૂર રખાયો અને જન્નતમાં દાખલ કરાયો તો તે કામિયાબ જ

થઈ ગયો અને આ દુનિયાનું જીવન તો ધોકાની પૂંજી સિવાય કંઈ જ નથી.'' (સૂરએ આલિ ઈમરાન : ૧૮૫)

(૩૨) નૂરે અઝીમ મળશે

હઝરત અબૂ હુરયરહ (રદિ.) બયાન કરે છે કે જનાબ સરકારે દો આલમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''જે માણસે કોઈ મુસલમાનની મુસીબત દૂર કરી તો તેને અલ્લાહ તઆલા કિયામતના દિવસે પુલસિરાત ઉપર એવું નૂર અતા કરશે કે જેનાં કિરણો વડે એટલા લોકો રોશની હાસિલ કરશે કે જેની ગણતરી ફક્ત અલ્લાહ તઆલા જ જાણે છે.'' (તબરાની)

(૩૩) ''હૂરે ઈન'' સાથે શાદી કરવામાં આવશે

(૧) હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : ત્રણ કામ એવાં છે કે જો કોઈ માણસ ઈમાનની હાલતમાં તેને કરશે તો જન્નતના જે દરવાજેથી ચાહશે તે દરવાજેથી દાખલ થઈ શકશે અને હૂરે ઈન સાથે શાદી કરી દેવામાં આવશે :

૧. જેણે પોતાના કાતિલને (કતલનો પ્રયત્ન કરનારને) માફ કરી દીધો, ૨. જેણે નાનું–મોટું કર્ઝ પણ અદા કરી દીધું, ૩. જેણે દરેક ફર્ઝ નમાઝ પછી દસ વાર ''કુલ હુવલ્લાહુ અહદ''ની સૂરહ પઢી.

હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)એ સવાલ કર્યો : યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! અથવા (જો કોઈ વ્યક્તિએ) એ ત્રણ આ'માલ પૈકી કોઈ એકાદ પણ અમલ કરી લીધો તો ?

આપ (સલ.)એ ફરમાવ્યું : જો એકાદ અમલ પણ કરી લીધો

તો (પણ એ જ હુકમ લાગુ પડશે).

(અબૂ યઅ્લા, હદીષ નં. : ૧૭૯૪, મજ્મઉઝ્ ઝવાઇદ : ૧૦/૧૦૨, દુર્રે મન્થૂર : ૬/૪૧૧)

ફાયદો : ઉપરનાં આ'માલમાંથી કોઈ પણ આ'માલ જેટલી વખત કરશો ઈન્શા અલ્લાહ એટલી હૂરો મળશે.

(૨) હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ની રિવાયતવાળી હદીસમાં દરેક ફર્ઝ નમાઝ પછી એક (૧) વાર "કુલહુવલ્લાહુ અહદ"ની સૂરત પઢવાનું આવ્યું છે. બને તો વારાફરતી બન્ને હદીસો ઉપર અમલ કરવો.

(૩૪) પાછલા બધા જ ગુનાહો માફ થઈ જશે

હઝરત મુઆઝ બિન અનસ (રદિ.) જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી રિવાયત કરે છે કે જે કોઈ માણસે નવું કપડું પહેર્યું અને નીચેની દુઆ પઢી તો તેના પાછલા બધા જ ગુનાહો માફ થઈ જાય છે. તે દુઆ નીચે મુજબ છે. (મિશ્કાત શરીફ)

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ كَسَانِیْ هٰذَا وَرَزَقَنِیْهِ
مِنْ غَیْرِ حَوْلٍ مِّنِّیْ وَلَا قُوَّةٍ ط

(૩૫) અલ્લાહ તઆલા પોતાની દેખરેખ અને નિગેહબાનીમાં રાખશે

હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું,

''જે માણસ નવું કપડું પહેરે તો જોઈએ કે જો શક્તિ ધરાવતો હોય તો જૂના કપડાં ખૈરાત કરી દે અને નવાં કપડાં પહેરતી વખતે આ દુઆ પઢશે તો અલ્લાહ તઆલા તેને જિંદગી અને મૌત પછી પોતાની દેખરેખ અને નિગેહબાનીમાં રાખશે. (તિરમિઝી શરીફ)

દુઆ નીચે મુજબ છે :

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ كَسَانِیْ مَا اُوَارِیْ بِهٖ
عَوْرَتِیْ وَاَتَجَمَّلُ بِهٖ فِیْ حَیَاتِیْ ط

(૩૬) અલ્લાહ પાછલા બધા જ ગુનાહો માફ કરી દેશે

હઝરત જાબિર (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, 'જો કદી કોઈ લુકમો–કોળિયો હાથથી પડી જાય તો તેને સાફ કરી ખાઈ લો, તેને શયતાનને માટે છોડો નહિ. ખાધા પછી આંગળીઓ ચાટી લો. કોને ખબર, કયા ખાવામાં બરકત છે ? જે માણસે ખાઈ લીધા પછી નીચેના શબ્દો કહ્યા તો અલ્લાહ તઆલા તે માણસના પાછલા બધા જ ગુનાહો માફ કરી આપે છે. તે શબ્દો આ રહ્યા :

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ اَطْعَمَنِیْ هٰذَا الطَّعَامَ
وَرَزَقَنِیْهِ مِنْ غَیْرِ حَوْلٍ مِّنِّیْ وَلَا قُوَّةٍ ط

(મિશ્કાત, અબૂ દાવૂદ શરીફ)

(૩૭) એક (૧) શહીદ જેટલો સવાબ અથવા ગુનાહોથી પાક-સાફ થઈ જશે

"જેણે પોતાની બીમારીમાં ચાળીસ (૪૦) વાર નીચેની દુઆ પઢી અને તે ફરી તે જ બીમારીમાં મરણ પામ્યો તો તેને એક શહીદની બરાબર સવાબ મળશે અને જો સારો થઈ જશે તો તે તમામ ગુનાહોથી પાક–સાફ થઈ જશે." તે દુઆ આ રહી. (હાકિમ)

لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ سُبْحٰنَكَ ۖ اِنِّيْ كُنْتُ مِنَ الظّٰلِمِيْنَ ۚ

(الانبياء٢١:٨٧)

(૩૮) અલ્લાહ તઆલા શહીદનો મરતબો આપશે

હઝરત સહલ ઇબ્ને હનીફ (રદિ.) બયાન કરે છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, "જે માણસ સાચા દિલે અલ્લાહ તઆલા પાસે 'શહાદત' માંગે છે તો અલ્લાહ તઆલા તેને શહીદનો મરતબો આપે છે. ભલે, પછી તે માણસ પોતાની પથારી ઉપર જ મરણ પામે." (મુસ્લિમ શરીફ)

મતલબ એ છે કે સાચા દિલે દુઆ કરનાર શહીદ થાય અથવા ન થાય, તેને 'શહાદત'નો સવાબ મળી જાય છે.

(૩૯) મગફિરત વાજિબ કરવાવાળી વસ્તુ

એક હદીસમાં છે કે મગફિરતને વાજિબ કરવાવાળી વસ્તુઓમાં કોઈ મુસલમાનને ખુશી પહોંચાડવી છે. એની ભૂખને દૂર કરવી છે. એની મુસીબતને હટાવવી છે. (ક-ઝ)

(૪૦) અલ્લાહપાક બોતેર (૭૨) જરૂરતો પૂરી કરશે

એક હદીસમાં છે કે જે માણસ પોતાના કોઈ મુસલમાન ભાઈની દુન્યવી હાજત પૂરી કરે છે તો અલ્લાહ તઆલા શાનુહૂ તેની બોતેર (૭૨) જરૂરતો પૂરી કરે છે, જેમાંની હલકી જરૂરત એના ગુનાહોની મગફિરત છે (કન્ઝ). એટલે બીજી જરૂરતો એનાથી પણ વધીને છે.

(૪૧) એક વરસનાં રોઝા અને એક વરસની નમાઝનો સવાબ મળશે

● જુમ્આના દિવસના નવ આ'માલ :

નીચે જણાવેલા નવ આ'માલ પર જુમ્આના દિવસે અમલ કરવાથી એક વરસના રોઝા અને એક વરસની નમાઝનો સવાબ હરેક કદમ પર મળે છે :

(૧) બીજા દિવસો કરતાં જુમ્આના દિવસે સવારે કંઈક વહેલા ઊઠવું.

(૨) ગુસલ કરવું.

(૩) સાફ (સ્વચ્છ) કપડાં પહેરવા.

(૪) મસ્જિદે જલદી જવાની ફિકર કરવી.

(૫) મસ્જિદે પગે ચાલીને જવું.

(૬) ઈમામની નજીક બેસવાની કોશિશ કરવી.

(૭) જો સફો ભરાઈ ગઈ હોય તો સફોને ઓળંગીને (ફલાંગીને) આગળ ન જવું.

(૮) પોતાના કપડાંથી કે વાતોથી રમત–ગમત યા હસી–મઝાક ન કરવી.

(૯) ખુત્બાને ધ્યાનથી સાંભળવો.

આ ઉપરાંત,

જુમ્આના દિવસે જે કોઈ 'સૂરએ કહફ' પઢશે તેના માટે અર્શના નીચેથી આસમાનના બરાબર બુલંદ એક નૂર જાહેર થશે, જે કિયામતના અંધારામાં તેને કામ આવશે અને આ જુમ્આથી અગાઉની જુમ્આની તમામ ખતાઓ (સગીરહ અર્થાત્ નાના ગુનાહો) તેના માફ થઈ જશે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે કે,

'જુમ્આના દિવસે મારા પર વધારે પ્રમાણમાં દુરૂદ મોકલતા રહો. એ દિવસે દુરૂદના ફરિશ્તાઓ હાજર થાય છે અને દુરૂદ મારી સમક્ષ પેશ કરવામાં આવે છે.' (ઇબ્ને માજહ)

(૪૨) બસો (૨૦૦) વરસોની ઈબાદતનો સવાબ મળશે

હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.) અને હઝરત ઈમરાન બિન હુસૈન (રદિ.) બયાન કરે છે કે જનાબ સરકારે દો આલમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું, ''જે માણસ જુમ્અહના દિવસે ગુસલ કરે છે તેના તમામ ગુનાહો માફ થઈ જાય છે. જયારે તે નમાઝ પઢવાના ઈરાદે ચાલે છે તો એનાં દરેક ડગલે વીસ (૨૦) નેકીઓ લખવામાં આવે છે, ને જયારે તે નમાઝથી ફારિગ થઈ જાય છે તો એને બસો (૨૦૦) વર્ષની ઈબાદતનો સવાબ મળે છે.''★

(તબરાની)

★ એક રિવાયતમાં હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)થી એમ બયાન કરવામાં આવ્યું છે કે, ''એ માણસને દરેક ડગલે વીસ (૨૦) વર્ષની ઈબાદતનો સવાબ મળે છે.''

(૪૩) મહાન મરતબો મળશે

હઝરત અબૂ મૂસા અશઅરી (રદિ.) બયાન કરે છે કે આકાએ દો જહાં સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું, "કિયામતમાં એ સર્વે દિવસો પોતપોતાની હાલત ઉપર લાવવામાં આવશે, પણ જુમ્અહના દિવસને એક નૂરાની અને રોશન ચહેરા સાથે લાવવામાં આવશે. જુમ્અહ પઢનારાઓ એને નવા વર કે નવોઢા પેઠે ઘેરી તેના અજવાળામાં ચાલી રહ્યા હશે. તેમનો રંગ બરફ પેઠે ઘણો જ ઉજળો હશે, ને તેમના શરીર કસ્તૂરી પેઠે મહેંક મહેંક થઈ રહ્યા હશે. એ લોકો કપુરના ટેકરાઓ ઉપર ફરતા હશે. એમને જોઈ તમામ લોકો નવાઈ પામશે અને એમને વારંવાર જોશે, અંતે એ લોકો જન્નતમાં દાખલ થશે. એમના મરતબાને જે મુઅઝ્ઝિનો અલ્લાહ માટે જ પાંચ (૫) વખત અઝાન કહે છે તેમના સિવાય કોઈ માણસ પહોંચી શકશે નહિ."

(તબરાની, ઇબ્ને ખુઝૈમહ)

મતલબ એ છે કે આ દુનિયાની ચીજને કિયામતના દિવસે એક શકલ–એક રૂપ મળશે, જે વડે કિયામતના લોકો ઓળખી લેશે, દાખલા તરીકે નમાઝને એક ખાસ રૂપ આપવામાં આવશે, રોઝહને એક રૂપ, રમઝાનને એક ખાસ રૂપ, એ જ મુજબ વાર, માસ પણ એક શકલ અને રૂપમાં પેશ થશે. બીજા દિવસોને તો સાધારણ રૂપ આપવામાં આવશે, પરંતુ જુમ્અહને એક નૂરાની અને ચમકદાર હાલતમાં મેદાને કિયામતમાં પેશ કરવામાં આવશે કે જુમ્અહની પાબંદી કરનારા અને જુમ્અહને પૂરી સંભાળ સહિત અદા કરનારા જુમ્અહના દિવસને ચારે તરફથી એ પ્રમાણે ઘેરી લેશે, જેમ બરાતી (જાનૈયા) દુલ્હા–દુલ્હનને ઘેરી લે છે. સર્વે જુમ્અહ અદા કરનારાઓ જુમ્અહનાં નૂર અને એનાં અજવાળામાં મેદાને કિયામત પસાર કરી જન્નતમાં દાખલ થઈ જશે.

(૪૪) દુનિયાની ત્રીસ (૩૦) તથા આખિરતની સિત્તેર (૭૦) જરૂરતો પૂરી ફરમાવશે

આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત છે કે જે જુમ્આની નમાઝ પછી સૂરએ ઈખ્લાસ (કુલ હુવલ્લાહુ અહદ) સો (૧૦૦) વખત અને દુરૂદ શરીફ સો (૧૦૦) વખત અને સિત્તેર (૭૦) વાર નીચેની દુઆ પઢશે તો અલ્લાહ તઆલા તે માણસની સો (૧૦૦) જરૂરતો પૂરી કરશે, જેમાંથી ત્રીસ (૩૦) દુનિયાની અને સિત્તેર (૭૦) આખિરતની. તે દુઆ આ છે :

اَللّٰهُمَّ اكْفِنِىْ بِحَلَالِكَ عَنْ حَرَامِكَ
وَاَغْنِنِىْ بِفَضْلِكَ عَنْ مَّنْ سِوَاكَ

અર્થ : હે અલ્લાહ તઆલા ! હરામથી બચાવી, પોતાના હલાલ વડે તું મારી કિફાલત ફરમાવ. તું મારા વતી જવાબદાર બની જા અને પોતાના ફઝલ વડે તું મને પોતાના ગેરથી બેનિયાઝ ફરમાવી દે. (હદીસ : સઆદતે દારૈન મૌ. અશરફ અહમદ રાંદેરીની કિતાબ)

(૪૫) મા-બાપનાં એક લાખ (૧,૦૦,૦૦૦) ગુનાહો માફ કરશે

જુમ્આની નમાઝ પછી જે માણસ સો (૧૦૦) વખત "સુબ્હાનલ્લાહિલ્ અઝીમિ વ બિહમ્દિહી" પઢશે તો તે પઢનારના અને તે પઢનારનાં માં-બાપના અલ્લાહ તઆલા એક-એક લાખ

ગુનાહો માફ કરશે. (અમલુલ્ યવ્મિ વલ્લયક ઇબ્નુસ્સુન્ની, પેજ–૩૩૦)

(૪૬) દુનિયામાં રોઝી આપશે અને વફાત પછી જન્નત મળશે

હઝરત અબૂ ઉમામહ (રદિ.) જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત કરે છે કે, "ત્રણ માણસોની રોઝી અને જન્નતનો અલ્લાહ તઆલા ઝામિન છે. એટલે કે જ્યાં સુધી જીવતા રહેશે ત્યાં સુધી અલ્લાહ તેમને રોઝી આપશે અને મરવા પછી જન્નત અતા કરશે :

(૧) એક તે માણસ કે જે ઘરમાં આવી ઘરવાળાઓને સલામ કરે છે.

(૨) બીજો તે માણસ જે મસ્જિદ તરફ નમાઝ માટે જતો રહે છે.

(૩) ત્રીજો તે માણસ જે જિહાદ ફી સબીલિલ્લાહ (અલ્લાહના માર્ગે જિહાદ) માટે ઘરેથી નીકળે છે. (અબૂ દાવૂદ શરીફ)

જરા વિચારો ! જન્નત તેને જ મળશે, જે આ દુનિયાથી ઈમાન સાથે ગયો હશે અથવા ગઈ હશે. ઈન્શા અલ્લાહ. ઉપરનાં આ'માલ કરવાથી જે તે માણસનાં "હુસ્ને ખાતિમહ"ની બશારત છે. અલ્લાહ પાક અમલ કરવાની તૌફીક અતા ફરમાવે. દુનિયામાં રોઝી–રોટીનો મસ્અલો હલ થઈ જશે અને ઈન્શા અલ્લાહ આ દુનિયાથી ઈમાન સાથે વફાત પામશે.

(૪૭) અલ્લાહને પસંદિત (ખુશ કરનાર) "અમલ"

અલ્લાહ તઆલાની નજીક સૌ આ'માલમાં તે અમલ બહુ પસંદિત છે, જે હંમેશા કરાતો હોય, ભલે થોડો હોય.

(બુખારી શરીફ, મુસ્લિમ શરીફ)

(૪૮)

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، اَلْحَمْدُ لِلّٰهِ ط
لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ ط تَبٰرَكَ اللّٰهُ ط

(૪૯) મા'મૂલી ઇકરામે મુસ્લિમ કરવા બદલ તમામ ગુનાહ માફ

હઝરત અનસ ઇબ્ને માલિક (રદિ.) ફરમાવે છે કે, હઝરત સલ્માન ફારસી (રદિ.) હઝરત ઉમર ઇબ્ને ખત્તાબ (રદિ.) પાસે આવ્યા. હઝરત ઉમર (રદિ.) તકિયાને અઢેલીને બેઠા હતા. હઝરત સલ્માન (રદિ.)ને નિહાળી તેમણે તે તકિયો હઝરત સલ્માન (રદિ.) માટે ગોઠવી દીધો. હઝરત સલ્માન (રદિ.)એ કહ્યું : અલ્લાહ અને તેના રસૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ સાચું જ ફરમાવ્યું : હઝરત ઉમર (રદિ.)એ કહ્યું : હે અબૂ અબ્દુલ્લાહ ! અલ્લાહ અને રસૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નું તે ફરમાન જરા અમને પણ સંભળાવો. હઝરત સલ્માન (રદિ.)એ કહ્યું : એક વાર હું હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની ખિદમતમાં હાજર થયો. આપ (સલ.)એ એક તકિયાને ટેક લગાવેલી હતી. હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ તે તકિયો મારા માટે મૂકી દીધો. પછી મને ફરમાવ્યું : હે સલ્માન ! જો કોઇ મુસલમાન પોતાના મુસલમાન ભાઇ પાસે જાય છે અને તે મેઝબાન પોતાના મહેમાનના ઇકરામ અને સત્કાર માટે તકિયો મૂકી દે છે, તો અલ્લાહ તઆલા અવશ્ય એની મગફિરત ફરમાવી દે છે. (હયાતુસ્સહાબા : ૨/૫૬૧)

(૫૦) ઈમાનની મીઠાશ ચાખશે

હઝરત અબ્દુલ્લાહ બિન મુઆવિયહ (રદિ.)થી રિવાયત છે કે નબીએ કરીમ (સલ.)એ ફરમાવ્યું કે : 'ત્રણ કામો એવાં છે કે જે શખ્સ તેને કરશે તે ઈમાનની મીઠાશ ચાખશે' : (૧) માત્ર અલ્લાહની ઈબાદત કરે, (૨) એ અકીદો રાખે કે અલ્લાહના સિવાય કોઈ ઈબાદતના લાયક નથી, (૩) પોતાના માલોની ઝકાત દર વરસે એવી રીતે આપે કે, તેનું મન તેનાથી ખુશ હોય અને તેને (ઝકાતને) આપવા માટે તેને પ્રેરતું હોય (અર્થાત્ તેને રોકતું ન હોય).

નોંધ : ઝકાતનો મરતબો આ વાતથી સ્પષ્ટ અને જાહેર થયો કે તેનો તવહીદની સાથે ઉલ્લેખ કરવામાં આવ્યો.

એની અસર એનાથી જાહેર થઈ કે એનાથી ઈમાનની મીઠાશ વધી જાય છે. ('હયાતુલ મુસ્લિમીન')

(૫૧) હજાર ઊંટ સદકહ કરવાથી બેહતર

એક હદીસ શરીફમાં આવ્યું છે :

''અત્તક્બીરતુલ ઊલા યુદ્રિકુહ રંજુલુ મઅલ્ ઇમામિ ખયરુલ્ લહૂ મિન્ અલ્ફિ બુદ્નહ્.''

(**અર્થ** : ઈમામ સાથે તકબીરે ઊલાને પામી લેવી અલ્લાહના માર્ગમાં હજાર ઊંટ સદકહ કરવાથી વધુ અફઝલ છે.) (મૌલાના પીર ઝુલફિકાર અહમદ નક્શબંદી કૃત ''નમાઝકે અસ્રાર વ રુમૂઝ'' : ૧૪૨)

(૫૨) અલ્લાહની બશારત (ખુશખબરી)

અલ્લાહ તઆલા ફરમાવે છે કે,

وَإِنِّي لَغَفَّارٌ لِّمَن تَابَ وَآمَنَ وَعَمِلَ صَالِحًا ثُمَّ اهْتَدَىٰ ﴿٨٢﴾ (ط ٢٠:٨٢)

જેણે તૌબા કરી, ઈમાન લાવ્યા અને નેક કામ કર્યા તેણે (ભલાઈનો) રસ્તો મેળવ્યો. હું માફ કરનાર છું.

હઝરત અલી (રદિ.) ફરમાવે છે કે આ આયત હઝરત આદમ (અલૈ.)ના જન્મના દસ હજાર વર્ષ પહેલાં અર્શની આજુબાજુ લખવામાં આવેલી હતી. (ગુન્યતુત્તાલિબીન)

(૫૩) દરેક નજર બદલ એક મકબૂલ હજનો સવાબ

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે નેક અવલાદ પોતાના વાલિદૈન (અથવા એમનામાંથી કોઈ એક) પર હેતપ્રેમ, શફકત અને મુહબ્બતની નજર નાખશે, તો અલ્લાહ તઆલા તેને પ્રત્યેક નજરના બદલે એક મકબૂલ હજ (નો સવાબ) અર્પણ કરે છે. સહાબા (રદિ.)એ અરજ કરી : (હે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ! જો કોઈ માણસ) દરરોજ સો (૧૦૦) વાર એમના પર નજર નાખે (તો પણ પ્રત્યેક નજરના બદલામાં તેને આ સવાબ મળશે ?) આપ (સલ.)એ ફરમાવ્યું : હા, (અને આપે આ પણ ફરમાવ્યું કે) અલ્લાહ તઆલા (ની ઝાત આપણા ગુમાન અને અનુમાનથી ઉચ્ચતર છે અને) અતિ મહાન છે તથા બહુ પાક છે. (તે દરેક પ્રકારની અધૂરપ, ક્ષતિ

અને ઐબથી પાક છે, જેથી દરેક નજર બદલ આવો અને આવડો મહાન સવાબ દેવો એના માટે કંઈ જ મુશ્કેલ નથી).

(મિશ્કાત)

સ્પષ્ટીકરણ : જો આપનાં માં–બાપ બંને યા એમનાં પૈકી કોઈ એક હયાત છે તો આપ ઘણાં ખુશનસીબ છો. હૃદયપૂર્વક એમની ખિદમત કરો, એમની દિલી દુઆઓ પ્રાપ્ત કરો અને એમના પર શફકત અને આદરની દરેક નજરના બદલામાં એક મકબૂલ હજનો સવાબ પ્રાપ્ત કરો. આ પ્રમાણે આસાનીથી સેંકડો હજનો સવાબ પ્રાપ્ત કરવાની આપ સઆદત મેળવી શકો છો. મારા ભાઈઓ ! જેમના ચહેરા પર હેતપ્રેમ, શફકત અને મુહબ્બતથી એક નજર નાખશો તો દરેક નજર પર અલ્લાહ પાક તેને એક મકબૂલ હજ(નો સવાબ) આપશે. તો જે માણસ તેમની સેવા કરશે, તેમની જરૂરિયાતો અલ્લાહને રાજી અને ખુશ કરવા પૂરી કરશે તો અલ્લાહ પાક તેને તે બદલ શું સવાબ આપશે ! કોઈનાં વહમો–ગુમાનમાં પણ આવી શકતું નથી ! અલ્લાહ પાક માં–બાપની સેવા કરવાની ભરપૂર તૌફીક અતા ફરમાવે, આમીન !

(૫૪) સગાઈના હકો અદા કરનારને પાંચ નેઅમતો

(૧) ઉંમરમાં બરકત, (૨) રોઝીમાં વધારો, (૩) સગાં–સંબંધીઓની મુહબ્બત, (૪) ખરાબ મૌતથી હિફાઝત, (૫) જે ચીજો નાપસંદ છે, તેનાથી હિફાઝત.

હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જેને એ

વાત પસંદ હોય કે રોજીમાં બરકત અને મૌત મોડું આવે તો સગાઈનાં સંબંધને જોડે. (બુખારી, મુસ્લિમ શરીફ)

(૫૫) યતીમની ઝિમ્મેદારી ઉઠાવવાનો મહાન સવાબ અને ફઝીલત

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ સમાજમાં કચડાયેલા–સપડાયેલા ગરીબ–ફકીર–યતીમ જેમનું સમાજમાં કોઈ સ્થાન નથી, બેવહ–મઅ્ઝૂર, જેમનો કોઈ આશરો–સહારો નથી તેમને સાથ–સહકાર આપનાર–મદદ કરનાર પોતાની કમાઈ–વેપાર–નોકરી કે ખેતીની આવકમાંથી મદદ કરનારા–તેમની સહાય કરનારાઓ માટે કેટલું ઉચ્ચ સ્થાન રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ આપ્યું છે, જે ઈમામ બુખારી (રહ.)એ પોતાની મહાન કિતાબ સહીહ બુખારી શરીફમાં ત્રણ હેડિંગો હેઠળ લખ્યું છે. વાંચી અમલ કરી કામિયાબી મેળવો.

પહેલું હેડિંગ : એ માણસની ફઝીલત જે કોઈ એક યતીમના (ખાવા–પીવા–કપડાં) બાબતની ઝિમ્મેદારી ઉઠાવે. હઝરત સહલ ઈબ્ને સઅદ (રદિ.) રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત કરે છે કે, હું ખાતમુન્નબિય્યીન હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) અને યતીમની ઝિમ્મેદારી ઉઠાવનારા જન્નતમાં આ પ્રમાણે હશે, શહાદતની આંગળી અને વચલી આંગળી તરફ ઈશારો ફરમાવ્યો (બુખારી શરીફ ભાગ–૨, પેજ–૮૮૮). એ વાત તરફ ઈશારો છે કે, બન્ને આંગળી નાની–મોટી છે. વચલી

આંગળી શહાદતની આંગળી અંગૂઠા પાસેની આંગળીથી મામૂલી થોડીક મોટી છે. એવી રીતે જન્નતમાં જવા પછી ફક્ત દરજ્જએ નુબુવ્વતનો ફક હશે.

બીજું હેડિંગ : એ જ પેજમાં છે, બેવહ (જેનો ધણી મરી ગયો હોય) તેની જરૂરિયાત પૂરી કરવા માટે મહેનત કરનારનો (સવાબ). હઝરત સફવાન બિન સુલૈમ (રદિ.) રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત કરે છે, જે માણસ બેવહ માટે કમાણી કરે (પોતાની કમાણીમાં બેવહ માટે અમુક (ટકા)ની નિય્યત કરે, તેને એટલો સવાબ મળશે, જાણે કે તે અલ્લાહના રસ્તામાં જિહાદ કરનારો અને દિવસે રોઝહ રાખનારો અને રાત્રે તહજ્જુદ પઢનારો છે.

(બુખારી શરીફ : ભાગ–૨, પેજ ૮૮૮)

ત્રીજું હેડિંગ : ફકીર–મિસ્કીનની જરૂરત પૂરી કરનારા માટેની ફઝીલત હઝરત અબૂ હુરૈરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, બેવહ, ફકીર માટે જેઓ કમાણી કરે છે તેઓ જિહાદ કરનારાઓ અને રાત્રે તહજ્જુદ પઢનારાઓ અને દિવસે રોઝહ રાખનારાઓ જેવા છે. એવી તહજ્જુદ કે જેમાં સુસ્તી નથી કરતા.

(બુખારી શરીફ : ભાગ–૨, પેજ ૮૮૮)

યતીમ : એ છોકરો–છોકરી, જે નાબાલિગ હોય અને તેનો બાપ મરી ગયો હોય. બાપના મરણથી છોકરું યતીમ બને છે અને ઉંમર લાયક થવાથી યતીમ હોવું ખતમ થઈ જાય છે.

(૫૬)

દુરૂદે ઈબ્રાહીમ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا
صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ
حَمِيْدٌ مَّجِيْدٌ ط اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ
وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ
وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

●●●

سُبْحٰنَ رَبِّكَ رَبِّ الْعِزَّةِ عَمَّا يَصِفُوْنَ ۝١٨٠ وَسَلٰمٌ عَلَى
الْمُرْسَلِيْنَ ۝١٨١ وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ۝١٨٢

(الصّٰفّٰت ٣٧:١٨٠-١٨٢)

આપનો પરવરદિગાર જે મહાન ઈઝ્ઝતવાળો છે, તે એવી વાતોથી પવિત્ર છે, જેને તેઓ (કાફિરો) બયાન કરે છે અને સર્વે રસૂલો પર સલામ છે અને સઘળા વખાણ અલ્લાહ તઆલાને જ માટે છે, જે તમામ જગતોનો પાલનહાર છે.

(સૂરએ સાફ્ફાત, ૧૮૦ થી ૧૮૨)

લા ઈલા-હ ઈલલ્લાહુ
મુહમ્મદુર્રસૂલુલ્લાહ
(સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)

પ્રકરણ-૮

અલ્ અસ્માઉલ્ હુસ્ના

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

قُلْ هَلْ يَسْتَوِي الَّذِيْنَ يَعْلَمُوْنَ وَالَّذِيْنَ لَا يَعْلَمُوْنَ ؕ (الزُّمر ۳۹:۹)

(હે નબી સલ. !) કહી દો કે જાણનારા અને નહિ જાણનારા કદી એક સમાન પણ હોઈ શકે છે ?

(સૂરએ 'ઝુમર', આયત : ૯)

فَسْئَلُوْٓا اَهْلَ الذِّكْرِ اِنْ كُنْتُمْ لَا تَعْلَمُوْنَ ۝ (النّحل ۱۶:۴۳)

અગર તમે જાણતા ન હોય તો જાણકારોને પૂછી લો.

(સૂરએ 'નહલ', આયત : ૪૩)

આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નું ફરમાન છે :

ઈલ્મ તે ખઝાનો છે, જેની ચાવીઓ સવાલ છે. સવાલ કરો, એમાં ચાર માણસોને સવાબ મળે છે :

(૧) સવાલ કરનારને,

(૨) જવાબ આપનાર આલિમને,

(૩) મસ્અલો સાંભળનારને,

(૪) તેને જે એમનાથી મુહબ્બત રાખતો હોય.

('ઈહ્યાઉલ ઉલૂમ', ભાગ : ૧)



★ બિસ્મિહી તઆલા ★

પ્રકરણ-૮

અલ્ અસ્માઉલ્ હુસ્ના

"અલ્લાહ તઆલાના સર્વશ્રેષ્ઠ નામો છે. એ નામો વડે તમે એને પુકારો." (કુર્આન શરીફ)

અસ્માએ હુસ્નાનું વર્ણન કુર્આનમાં

કુર્આને મજીદમાં અસ્માઉલ હુસ્નાને લગતી અનેક આયતો આવેલી છે, જેમ કે અલ્લાહ તઆલાનો ઇરશાદ છે :

"**વ લિલ્લાહિલ્ અસ્માઉલ્ હુસ્ના....** અલ્લાહ તઆલા માટે બેહતરીન નામો છે, તમે એ જ નામો વડે એને પુકારા કરો અને એવા લોકોની કાર્યનીતિને તિલાંજલિ આપો, જેઓ અલ્લાહ તઆલાના નામોનો ઇનકાર કરે છે. ટૂંક સમયમાં એમને એમના અમલનો બદલો અપાશે."

(સૂ. અઅ્રાફ)

''**કુલિદ્ઉલ્લા-હ અવિદ્ઉર્હમાન**....(હે નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ !) આપ ફરમાવી દો કે એ પાક ઝાતને અલ્લાહના નામથી પુકારો યા રહમાનના નામથી, ચાહો તે નામથી તમે એને પુકારો, કારણ કે એના અસંખ્ય બેહતરીન નામો છે.'' (બની ઇસ્રાઈલ)

''**અલ્લાહુ લા ઇલા-હ ઇલ્લા હુ-વ લહુલ્ અસ્માઉલ્ હુસ્ના**.... અલ્લાહ તઆલા સિવાય કોઈ મા'બૂદ નથી. એના બેશુમાર સર્વશ્રેષ્ઠ નામ છે.''

''**હુવલ્લાહુલ્ ખાલિકુલ્ બારિઉલ્**.... તે જ એક ઝાત અલ્લાહ છે, જે સર્જનહાર પણ છે, જીવ નાખનાર પણ અને શકલ-સૂરત બનાવનાર પણ છે. આ સિવાય એના અન્ય ઘણાં પાક નામો છે.'' (હશ્ર)

અસ્માએ હુસ્નાનું વર્ણન હદીષમાં

(૧) હુઝૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઇરશાદ છે :

''અલ્લાહ તઆલાના અસ્માએ હુસ્ના (સુંદર નામ) જેની સાથે દુઆ માંગવાનો આપણને હુકમ અપાયો છે-૯૯ (નવ્વાણું) છે, જે માણસ આ નામોને કંઠસ્થ (હિફ્ઝ) કરી લેશે (અને એને બરાબર પઢતો રહેશે) તો તે જરૂર જન્નતમાં દાખલ થશે.''

અલ્લાહ તઆલાના વધુ મશહૂર નવ્વાણું નામોને ઇમામ તિરમિઝી (રહ.)એ પોતાની જામિઅમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી નકલ કર્યા છે. એ નામોને તિરમિઝી શરીફની તરતીબ-ક્રમ અનુસાર આ કિતાબમાં આપવામાં આવ્યાં છે.

(૨) બુખારી શરીફની હદીષ છે, હઝરત અબૂ હુરૈરહ (રદિ.)થી રિવાયત છે કે આપ (સ.અ.વ.)એ ઇરશાદ ફરમાવ્યો : ''અલ્લાહ તઆલાનાં નવ્વાણું (૯૯) નામો છે, જે માણસ તેને યાદ (કંઠસ્થ–મોઢે) કરી લેશે તે જન્નતમાં જશે.'' (બુખારી, મુસ્લિમ)

(૩) અલ્લામહ ઇબ્ને કષીર (રહ.) ફરમાવે છે, હઝરત અબૂ હુરૈરહ (રદિ.)થી રિવાયત છે કે, આપ (સ.અ.વ.)એ ઇરશાદ ફરમાવ્યો કે, ''અલ્લાહ તઆલાનાં નવ્વાણું (૯૯) નામો છે, જે તેને પઢતો રહેશે તે જન્નતમાં જશે. અલ્લાહની ઝાત એકી સંખ્યા ધરાવે છે, એટલે અલ્લાહ તઆલા એકી સંખ્યાને પસંદ કરે છે.'' (તફસીરે ઇબ્ને કષીર, ૨:૫૧)

ફાયદો : જે સંખ્યા સરખા ભાગે વહેંચાઇ જાય તેને બેકી સંખ્યા કહેવામાં આવે છે, જેમ કે ૨, ૪, ૬ વગેરે અને જે સરખા ભાગે ન વહેંચાય, એક વધારે રહી જાય તેને એકી સંખ્યા કહે છે. જેમ કે ૧, ૩, ૫ વગેરે.

અલ્લાહ તઆલા અજોડ હોવાથી તે બેકી સંખ્યાથી પાક છે, એટલે તેને એવા ઝિક્ર તથા અમલ પસંદ પડે છે, જે એકી સંખ્યામાં હોય અને જેમાં શિર્કનો અંશ ન હોય. એટલે જ કહેવામાં આવ્યું છે કે જે નામોને યાદ કરવા પર જન્નતમાં દાખલો મળે છે તે ૯૯ નામો છે.

હઝરત મુફતી મહમૂદુલ હસન ગંગોહી સાહેબ (રહ.) ફરમાવે છે : અલ્લાહ તઆલાનાં આ ૯૯ નામો પઢીને જે મકસદ માટે દુઆ કરવામાં આવે છે, તે કબૂલ થાય છે. આ અલ્લાહ તઆલાનો વાયદો છે.

ઉદ્ઊની અસ્તજિબ લકુમ યા'ને મને પોકારો (મારાથી માંગો), હું તમારી દુઆ કબૂલ કરીશ. જરૂરતો પૂરી કરવા માટે તથા મુશ્કેલીઓ દૂર કરવા માટે દુઆથી વધારે સારી કોઈ તદબીર નથી.

હદીષ નંબર (૧), (૨) અને (૩) નો ભાવાર્થ : હદીષ શરીફમાં છે કે, જે માણસ અલ્લાહના નવ્વાણું (૯૯) નામોને યાદ કરી લેશે તે જન્નતમાં જશે. આ હદીષનો શો મકસદ અને ભાવાર્થ હશે ? કારણ કે, જન્નતનો આધાર તો નેક આ'માલ પર છે. જો આ નામોને યાદ કરી લેવાથી જ જન્નત મળી જતી હોય તો કુર્આન શરીફના ઊતરાણ અને નબવી આગમનનો હેતુ જ માર્યો જાય છે. એટલે જ ઉલમાનું કહેવું છે કે, હદીષથી મુરાદ જાહેરી શબ્દો નથી; બલકે હદીષનો ભાવાર્થ આથી જુદો જ છે. એ ભાવાર્થ અને મકસદની નિયુક્તિમાં ઉલમાનાં વિવિધ મંતવ્યો છે :

૧. આ નામોને યાદ કરી એના પર અમલ કરવો. દરેક નામથી જે હુકમ જાહેર થતો હોય એના પર અમલ કરવો. જેમ કે, રહમાન અને રહીમ પર અમલ કરવાનો મતલબ આ છે કે, સ્વજાતમાં રહમતનો ગુણ અને તત્ત્વ ઉત્પન્ન કરવામાં આવે.

૨. અમુક ઉલમાનું મંતવ્ય છે કે, પ્રત્યેક નામ કુર્આનમાં શોધવામાં આવે અને જે આયત સાથે એ નામ આવેલું હોય અને એ આયતથી જે મતલબ અને ભાવાર્થ જાહેર થતો હોય એના પર બંદો અમલ કરે; પરંતુ આ કામ ઉલમાનું છે. જ્યારે કે હદીષ આમ (સર્વ સામાન્ય) છે. આ સૂરતમાં હદીષ પોતાના ઉમૂમ–સામાન્યતા પર બાકી રહેતી નથી.

૩. યાદ કરવાનો ભાવાર્થ આ છે કે એ નામોના અર્થો પર ચિંતન–મનન કરવામાં આવે.

૪. પોતાના દિલ પર એ નામોની અસર કબૂલ કરવામાં આવે.

૫. સઘળાં નામો બે પ્રકારના છે. એકનો સંબંધ અમલથી છે અને બીજાનો સંબંધ એ'તિકાદથી. જેનો સંબંધ અમલથી છે (જેમ કે રહમાન–હલીમ) તો બંદાનો ફર્ઝ છે કે, પોતાની ઝાતમાં રહમત અને હિલ્મ–સહનશીલતાનો ગુણ પેદા કરે અને જેનો સંબંધ એ'તિકાદથી છે (જેમ કે ખાલિક, રઝ્ઝાક વગેરે) તો બંદાએ એ નામો પ્રમાણે પોતાની માન્યતાને ઠીક કરવી જોઈએ. અલ્લાહ તઆલા સિવાય અન્ય કોઈને ખાલિક અને રઝ્ઝાક માનવો જોઈએ નહિ.

અસ્માએ હુસ્ના પઢવાની રીત :

માણસ જ્યારે અસ્માએ હુસ્નાની તિલાવત કરવા ચાહે તો આ પ્રમાણે શરૂઆત કરે –

هُوَ اللّٰهُ الَّذِیْ لَآ اِلٰهَ اِلَّا
هُوَ الرَّحْمٰنُ الرَّحِیْمُ
اَلْمَلِكُ الْقُدُّوْسُ

આ પ્રમાણે અંત સુધી સતત પઢતાં જવું. દરેક નામના છેલ્લા અક્ષર પર ''પેશ'' પઢવો અને બીજા નામ સાથે મિલાવી દેવું. જ્યાં શ્વાસ તૂટી જાય ત્યાં મિલાવવું નહિ

અને એ પછીના નવા નામને ''અલ્''થી શરૂ કરવું. જો કોઇ ખાસ નામનો વઝીફો પઢવો હોય તો એની શરૂમાં ''યા'' શબ્દનો વધારો કરવો. જેમ કે, યા રહમાનુ, યા રહીમુ.

અને અંતે :....

અલ્લાહ તઆલાથી દુઆ છે કે તે આ પ્રકરણ તથા આ આખી કિતાબને પોતાની મકબૂલિયતથી નવાઝે, છપાવનારને દુનિયા અને આખિરતમાં સર્વશ્રેષ્ઠ બદલો અતા ફરમાવે અને આ કિતાબને લોકોપયોગી બનાવે, આમીન !

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط

هُوَ اللّٰهُ الَّذِىْ لَآ اِلٰهَ اِلَّا هُوَ

الرَّحْمٰنُ ﷻ الرَّحِيْمُ ﷻ الْمَلِكُ ﷻ

الْقُدُّوْسُ ﷻ السَّلٰمُ ﷻ الْمُؤْمِنُ ﷻ

الْمُهَيْمِنُ ﷻ الْعَزِيْزُ ﷻ الْجَبَّارُ ﷻ

الْمُتَكَبِّرُ ﷻ الْخَالِقُ ﷻ الْبَارِئُ ﷻ

الْمُصَوِّرُ ﷻ الْغَفَّارُ ﷻ الْقَهَّارُ ﷻ

الْوَهَّابُ ﷻ الرَّزَّاقُ ﷻ الْفَتَّاحُ ﷻ

الْعَلِيْمُ ﷻ الْقَابِضُ ﷻ الْبَاسِطُ ﷻ

الْخَافِضُ ﷻ	الرَّافِعُ ﷻ	الْمُعِزُّ ﷻ
الْمُذِلُّ ﷻ	السَّمِيْعُ ﷻ	الْبَصِيْرُ ﷻ
الْحَكَمُ ﷻ	الْعَدْلُ ﷻ	اللَّطِيْفُ ﷻ
الْخَبِيْرُ ﷻ	الْحَلِيْمُ ﷻ	الْعَظِيْمُ ﷻ
الْغَفُوْرُ ﷻ	الشَّكُوْرُ ﷻ	الْعَلِيُّ ﷻ
الْكَبِيْرُ ﷻ	الْحَفِيْظُ ﷻ	الْمُقِيْتُ ﷻ
الْحَسِيْبُ ﷻ	الْجَلِيْلُ ﷻ	الْكَرِيْمُ ﷻ
الرَّقِيْبُ ﷻ	الْمُجِيْبُ ﷻ	الْوَاسِعُ ﷻ
الْحَكِيْمُ ﷻ	الْوَدُوْدُ ﷻ	الْمَجِيْدُ ﷻ
الْبَاعِثُ ﷻ	الشَّهِيْدُ ﷻ	الْحَقُّ ﷻ
الْوَكِيْلُ ﷻ	الْقَوِيُّ ﷻ	الْمَتِيْنُ ﷻ
الْوَلِيُّ ﷻ	الْحَمِيْدُ ﷻ	الْمُحْصِيْ ﷻ
الْمُبْدِئُ ﷻ	الْمُعِيْدُ ﷻ	الْمُحْيِ ﷻ
الْمُمِيْتُ ﷻ	الْحَيُّ ﷻ	الْقَيُّوْمُ ﷻ

الْوَاجِدُ ﷻ	الْمَاجِدُ ﷻ	الْوَاحِدُ ﷻ
الْاَحَدُ ﷻ	الصَّمَدُ ﷻ	الْقَادِرُ ﷻ
الْمُقْتَدِرُ ﷻ	الْمُقَدِّمُ ﷻ	الْمُؤَخِّرُ ﷻ
الْاَوَّلُ ﷻ	الْاٰخِرُ ﷻ	الظَّاهِرُ ﷻ
الْبَاطِنُ ﷻ	الْوَالِيُ ﷻ	الْمُتَعَالِيُ ﷻ
الْبَرُّ ﷻ	التَّوَّابُ ﷻ	الْمُنْتَقِمُ ﷻ
الْعَفُوُّ ﷻ	الرَّءُوْفُ ﷻ	مٰلِكُ الْمُلْكِ ﷻ
ذُوالْجَلَالِ	وَالْاِكْرَامِ ﷻ	الْمُقْسِطُ ﷻ
الْجَامِعُ ﷻ	الْغَنِيُّ ﷻ	الْمُغْنِيُ ﷻ
الْمَانِعُ ﷻ	الضَّآرُّ ﷻ	النَّافِعُ ﷻ
النُّوْرُ ﷻ	الْهَادِيُ ﷻ	الْبَدِيْعُ ﷻ
الْبَاقِيُ ﷻ	الْوَارِثُ ﷻ	الرَّشِيْدُ ﷻ
	الصَّبُوْرُ ﷻ	

● ● ●

લા ઈલા-હ ઈલ્લલ્લાહુ
મુહમ્મદુર્રસૂલુલ્લાહ
(સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)

પ્રકરણ-૯

ઈસ્મે આ'ઝમ

"અને તમારા પાલનહારે ફરમાવી દીધું છે કે તમે મને પુકારો, હું તમારી દરખ્વાસ્ત (દુઆ) કબૂલ કરી લઈશ."

(કુર્આન : ૪૦/૬૦)

અલ્લાહના રસૂલ (સલ.)એ ફરમાવ્યું : ''અલ્લાહ તઆલા ફરમાવે છે, મને મારી ઈઝ્ઝત તથા જલાલના સોગંદ છે, હું જલદી અથવા વિલંબથી ઝાલિમથી જરૂર બદલો લઈશ અને તેનાથી બદલો લઈશ, જે તાકાત હોવા છતાં મઝલૂમ (પીડિત)ની મદદ નથી કરતો. -મુસ્નદે અહમદ



★ બિસ્મિહી તઆલા ★

પ્રકરણ-૯

ઈસ્મે આ'ઝમ

(૧) જે કોઈ જ્યારે પણ તેની સાથે દુઆ કરશે, તે કબૂલ થશે

لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ سُبْحٰنَكَ ۖ اِنِّيْ كُنْتُ مِنَ الظّٰلِمِيْنَ ۝

(الانبياء ٢١:٨٧)

લા ઈલા-હ ઈલ્લા અન્ત સુબ્હાન-ક, ઈન્ની કુન્તુ મિનઝ્ ઝાલિમીન. (અમ્બિયા-૮૭)

તર્જુમો : તારા સિવાય કોઈ ઈબાદત (પૂજા)ને લાયક નથી. તુ પવિત્ર (પાક) છે. હું સાચે જ કસૂરવાર છું.

અલ્લાહના રસૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : હા, હા, તે દુઆ હઝરત ઝુન્નૂન (યાને હઝરત યૂનુસ અલૈ.)ની હતી, જે તેમણે માછલીના પેટમાં માંગી હતી. યાને

લા ઈલા–હ ઈલ્લા અન્ત..... પછી અલ્લાહના રસૂલ (સલ.)એ ફરમાવ્યું, સાંભળો ! જે કોઈ મુસલમાન જે કોઈ મામલામાં જ્યારે પણ પોતાના પરવરદિગારથી આ દુઆ કરે તો અલ્લાહ તઆલા જરૂર તેની દુઆ કબૂલ કરી લે છે. મતલબ કે મજકૂર આયત પઢયા પછી જે દુઆ માંગો તે કબૂલ થઈ જાય છે. (તિર્મિઝી, મુસ્નદે અહમદ)

હઝરત સઅદ (રદિ.) ફરમાવે છે કે, મેં પૂછયું કે હે અલ્લાહના રસૂલ (સ.અ.વ.) ! આ દુઆ માત્ર હઝરત યૂનુસ (અલૈ.) માટે જ હતી કે બધા મુસ્લિમો માટે છે ? અલ્લાહના રસૂલ (સ.અ.વ.)એ ફરમાવ્યું : તેમના માટે તો ખાસ હતી જ, પરંતુ બધા મુસલમાનો માટે પણ છે, જે કોઈ આ દુઆ કરે. શું તેં કુર્આનમાં નથી જોયું ? **ફસ્તજબ્ના લહૂ વ નજ્જય્નાહુ મિનલ્ ગમ્મિ વ કઝાલિ–ક નુનજિલ મુઅ્મિનીન** (સૂ. અમ્બિયા, આયત ૨૮) **તર્જુમો** : અમે તેમની દુઆ કબૂલ કરી લીધી અને તેમને તે ગૂંગળામણથી નજાત આપી અને અમે આવી જ રીતે ઈમાનવાળાઓને નજાત આપતા રહીએ છીએ. (બયાનુલ કુર્આન)

હઝરત સઅદ બિન વક્કાસ (રદિ.)થી બીજી રિવાયત છે કે, હુઝૂર (સ.અ.વ.)એ ફરમાવ્યું : હઝરત યૂનુસ (અલૈ.)એ તે દુઆ જે માછલીના પેટમાં કરી હતી તે દુઆ રંજ અને ગમ દૂર કરવા માટે અકસીર ઈલાજ છે.

(મેઅ્રાજુલ મુઅ્મિનીન, પેજ નં. ૧૧૬, લેખક સૂફી આબિદમિયાં ઉસ્માની ડાભેલી) (અબૂ દાવૂદના હવાલાથી)

કુર્આનમાં છે કે, જ્યારે યૂનુસ (અલૈ.)એ અંધારામાં લા ઈલા–હ ઈલ્લા અન્ત કહ્યું ત્યારે અમે યૂનુસ (અલૈ.)ને ગમથી નજાત આપી અને આવી જ રીતે અમે તમામ મુસલમાનોને નજાત આપીશું.

તે જ સહાબીથી ત્રીજી રિવાયત આવી રીતે આવેલી છે કે,

અલ્લાહના રસૂલ (સ.અ.વ.)એ ફરમાવ્યું કે યૂનુસ (અલૈ.)ની તે દુઆ જે તેમણે માછલીના પેટમાં માંગી હતી, જે કોઇ મુસલમાને જ્યારે પણ આ શબ્દો વડે દુઆ માંગી છે, અલ્લાહ તઆલાએ જરૂર કબૂલ કરી છે. આ સાંભળી એક સહાબીએ અરજ કરી કે, હે અલ્લાહના રસૂલ (સ.અ.વ.) ! શું માત્ર આ દુઆ હઝ. યૂનુસ (અલૈ.) માટે હતી કે બધા મુસલમાનો માટે છે ? ખુદ હુઝૂર (સ.અ.વ.)એ ઇરશાદ ફરમાવ્યો : શું તેં અલ્લાહની આ વાત નથી સાંભળી કે, **વ કઝાલિ-ક નુનજિલ મુઅ્મિનીન.** અને અમે એવી જ રીતે મુઅમિનોને નજાત આપતાં રહીશું. (તિર્મિઝી, નસાઇ, અનવારુદ્દુઆ)

(માસિક અલ હાદી, પેજ ૧૭, સફર ૧૩૫૭, હઝરત થાનવી રહ.)

દરેક કાળમાં દરેક હેતુ માટે આ દુઆ કબૂલ થાય છે. હઝરત મુફતી મહમૂદુલ હસન ગંગોહી સાહેબ (રહ.) ફરમાવે છે કે, હઝરત યૂનુસ (અલૈ.)ની આ દુઆ દરેક જમાનામાં, દરેક શખ્સ માટે અને દરેક મકસદ માટે કબૂલ થાય છે અને દલીલ આપતાં આયતે કરીમહ **''વ કઝાલિ-ક નુન્જિલ મુઅ્મિનીન''** લખી છે. (તિર્મિઝી વ અહમદ)

હઝરત કસીર બિન સઈદ (રદિ.) ફરમાવે છે કે, હઝરત હસન બસરી (રહ.)ને કોઇએ પૂછયું કે, અબૂ સઈદ ! ખુદાના ઇસ્મે આ'ઝમ સાથે જ્યારે દુઆ કરવામાં આવે તો અલ્લાહ તઆલા તેને કબૂલ ફરમાવે છે અને જ્યારે તેના વડે માંગવામાં આવે તો અતા ફરમાવે છે તો તે શું છે ? હઝરત હસન બસરી (રહ.)એ ફરમાવ્યું, ભત્રીજા ! શું તેં કુર્આને મજીદમાં હઝરત યૂનુસ (અલૈ.)ની દુઆ નથી જોઇ ? પછી ફરમાવ્યું કે આ જ અલ્લાહનું ઇસ્મે આ'ઝમ છે, જેના વડે દુઆ કરવામાં આવે તો તે અલ્લાહ તઆલા કબૂલ કરી લે છે અને જ્યારે તેના વડે માંગવામાં આવે તો તે અતા ફરમાવે છે. (ઇબ્ને અબી હાતિમ)

આરિફે રબ્બાની (મેઅ્રાજુલ મુઅ્મિની ૧ : પૃ. ૧૧૬) શૈખ

અબૂ અબ્દુલ્લાહ અલ મગરિબી (રહ.) ફરમાવે છે કે મેં એક રાતે સ્વપ્નમાં અલ્લાહના રસૂલ (સલ.)ને જોયા તો મેં અલ્લાહના રસૂલ (સલ.)ને અરજ કરી કે, હે અલ્લાહના રસૂલ ! મારી એક જરૂરત છે, હું શું કરું ? રસૂલે કરીમ (સલ.)એ ઈરશાદ ફરમાવ્યો : બે રકા'ત નમાઝ પઢો અને તેના ચારેય સિજદાઓમાં ચાળીસ ચાળીસ વખત (સિજદાની તસ્બીહ પછી) દુઆએ યૂનુસ પઢો, ઈન્શા અલ્લાહ તમારી મુરાદ બહુ જલદી પૂરી થઈ જશે. સારાંશ કે, આપના કહ્યાનુસાર અમલ કરવાથી મારી હાજત (જરૂરિયાત) પૂરી થઈ ગઈ.

આ ઘટનાને નોંધ્યા પછી આરિફ સૂફી આબિદ મિયાં ડાભેલી (રહ.) ફરમાવે છે કે જેને પણ જે કંઈ જરૂરત હોય તે ઈશા પછી એકતાળીસ દિવસ સુધી અલ્લાહના રસૂલ (સલ.)ના ઈરશાદ મુજબ દરરોજ સૂતી વખતે બે રકા'ત પઢતો રહે અને ચારેય સિજદાઓમાં ચાળીસ ચાળીસ વખત દુઆએ યૂનુસ છોડયા વગર પઢતો રહે તો ઈન્શા અલ્લાહ થોડાક જ દિવસોમાં ફતહ (જરૂરિયાત પૂરી થયાની) નિશાનીઓ નજર આવવા માંડશે અને એકતાળીસ દિવસ પૂરા પણ ન થશે અને અલ્લાહ તઆલાના ફઝલો–રહમતથી જરૂરિયાત પૂરી થઈ જશે.

હઝરત થાનવી (રહ.) ફરમાવે છે : આ દુઆએ યૂનુસમાં ઈસ્મે આ'ઝમ છુપાયેલું છે, જે મુસીબત–બલામાં પઢીને દુઆ કરવામાં આવશે તો ઈન્શા અલ્લાહ પઢનાર મહાન ફાયદો મેળવશે. (આ'માલે કુર્આની : ૧/૮)

હઝરત અસ્મા બિન્તે યઝીદ (રદિ.)થી રિવાયત છે (અનવારુદ્દુઆ, માસિક અલ હાદી : પૃ. ૧૬) કે અલ્લાહના રસૂલ (સલ.)એ ફરમાવ્યું કે અલ્લાહ તઆલાનું ઈસ્મે આ'ઝમ આ બે આયતોમાં છે :

(૧) الٓمّٓ ۝١ اللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۙ الْحَیُّ الْقَیُّوْمُ ۝٢ (આલે ઇમરાન ૩:૧-૨)

(૨) وَ اِلٰهُكُمْ اِلٰهٌ وَّاحِدٌ ۚ لَآ اِلٰهَ اِلَّا هُوَ الرَّحْمٰنُ الرَّحِیْمُ ۝١٦٣ (બકરહ ૨:૧૬૩)

(૧) અલિફ લામ મીમ, અલ્લાહુ લા ઇલા-હ ઇલ્લા હુવલ્ હય્યુલ્ કય્યૂમ, (૨) વ ઇલાહુકુમ્ ઇલાહુંવ્ વાહિદ, લા ઇલા-હ ઇલ્લા હુવર્રહ્માનુર્રહીમ. (અબૂ દાવૂદ, તિરમિઝી, નસાઈ)

હઝરત અબૂ ઉમામહ (રદિ.)થી રિવાયત છે (દુર્રુન ફરાઈદ, પૃ. ૪૯૧) કે અલ્લાહના રસૂલ (સલ.)એ ફરમાવ્યું કે, અલ્લાહ તઆલાનું તે ઈસ્મે આ'ઝમ જેના વડે દુઆ કરવામાં આવે તો તે કબૂલ થાય, તે કુર્આને મજીદની ત્રણ સૂરતોમાં છે : (૧) સૂરએ બકરહ, (૨) સૂરએ આલિ ઈમરાન અને (૩) સૂરએ તાહા.

(ઈબ્ને માજહ)

અલ્લામહ ઈમામ રાઝી (રહ.) ફરમાવે છે (શર્હે અસ્માઉલ હુસ્ના : પૃ. ૨૪૯, સય્યિદ મન્સૂરપૂરી) કે, ત્રણેય સૂરતોમાં શોધ્યા પછી 'અલ હય્યુલ્ કય્યૂમ'ને ત્રણેયમાં મેં પામ્યું અને આ મત (કથન)ને મજબૂત તથા વિશ્વાસપાત્ર ઠરાવ્યો છે. રાઝી (રહ.) ફરમાવે છે કે, આ બન્ને નામો એવાં છે કે તેમાં જેટલી વધારે ખુદાના પાલક તરીકેની મહાનતા દર્શાવવામાં આવી છે તેટલી અન્ય નામોથી વ્યક્ત થતી નથી.

(૨) આ આયત દુઆની કબૂલિય્યતમાં ઘણી તાસીર ધરાવે છે

હઝ. સઈદ બિન જુબૈર (રહ.) ફરમાવે છે (મઆરિફુલ કુર્આન : ૭/૫૬૬) કે મને કુર્આને મજીદની એક એવી આયતની જાણ છે કે તેને પઢીને જે કોઈ દુઆ કરે છે તે કબૂલ થાય છે. પૂછવામાં આવ્યું કે, તે કઈ આયત છે ? તો જવાબ આપ્યો કે, તે

આયત આ છે :

قُلِ اللّٰهُمَّ فَاطِرَ السَّمٰوٰتِ وَ الْاَرْضِ عٰلِمَ
الْغَيْبِ وَ الشَّهَادَةِ اَنْتَ تَحْكُمُ بَيْنَ عِبَادِكَ فِيْ
مَا كَانُوْا فِيْهِ يَخْتَلِفُوْنَ ۝ (الزمر ۳۹:۴۶)

કુલિલ્લાહુમ્મ ફાતિરસ્સમાવાતિ વલ્અર્દિ આલિમુલ્ ગય્બિ વશ્શહાદતિ. અન્ત તહ્કુમુ બય્ન ઈબાદિ-ક ફીમા કાનૂ ફીહિ યખ્તલિફૂન. (પા. ૨૪, સૂરએ ઝુમર, આયત ૪૬, કુર્તુબી)

હઝ. ઉકબહ બિન આમિર (રદિ.) કહે છે : (બરકાતે આ'માલ, તર્જુમા ફઝાઈલુલ આ'માલ, પૃ. ૧૬૬ હાફિઝ અલ મુકદિસી) હું એક વખ્તે અલ્લાહના રસૂલ (સલ.) સાથે જઈ રહ્યો હતો. ચાલતા ચાલતા આપ (સલ.)એ ફરમાવ્યું : હે ઉકબહ ! પઢો. મેં કહ્યું કે, અલ્લાહના રસૂલ (સલ.) હું શું પઢું ? થોડી વાર ખામોશ રહ્યા પછી અલ્લાહના રસૂલ (સલ.)એ ફરી કહ્યું, હે ઉકબહ ! પઢો. મેં કહ્યું કે, (અલ્લાહના રસૂલ સલ.) હું શું પઢું ? ત્યારે અલ્લાહના રસૂલ (સલ.)એ ફરમાવ્યું, 'સૂરએ ફલક'. મેં તે આખી સંભળાવી દીધી. થોડીકવાર પછી ફરી કહ્યું, હે ઉકબહ ! પઢો. મેં કહ્યું, શું પઢું ? આપ (સલ.)એ ફરમાવ્યું : 'સૂરએ નાસ,' મેં તેય સંભળાવી દીધી. તો આપ (સલ.)એ ફરમાવ્યું, અલ્લાહથી માંગનારાઓ માટે આના જેવા પનાહ મેળવવા માટેના બીજા શબ્દો નથી. (નસઈ)

ફાયદો : યાને જિન્નાતો તથા ઈન્સાનોમાંના શયતાનોની બુરાઈથી હિફાઝત માટે તેને સવાર-સાંજ પઢી શકાય એમ છે. તદુપરાંત, દુઆની શરૂઆતમાં તેને પઢવાથી દુઆની કબૂલિયત માટે કારણભૂત છે.

(૩) જ્યારે તેના વડે માંગવામાં આવે છે તો અલ્લાહ તઆલા આપી દે છે

હઝ. બુરયદહ અસ્લમી (રદિ.) ફરમાવે છે : (અન્વારુદ્દુઆ, હઝ. થાનવી રહ., ઇબ્ને કથીર (રહ.), બરકાતે આ'માલ ભાષાંતર ફઝાઇલે આ'માલ, પૃ. ૧૭૯/દુર્રે ફવાઇદ પૃ. ૨૯) અલ્લાહના રસૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ એક વખત એક સહાબીને આ શબ્દો વડે દુઆ કરતા સાંભળ્યા :

اَللّٰهُمَّ اِنِّیْ اَسْئَلُکَ بِاَنِّیْ اَشْهَدُ اَنَّکَ اَنْتَ اللّٰهُ لَآ اِلٰهَ اِلَّا اَنْتَ اَلْاَحَدُ الصَّمَدُ الَّذِیْ لَمْ یَلِدْ وَلَمْ یُوْلَدْ وَلَمْ یَکُنْ لَّهٗ کُفُوًا اَحَدٌ ط

આ સાંભળી હઝ. રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, તે ઝાતની કસમ ! જેના કબજામાં મારો જાન છે, તેણે અલ્લાહ તઆલાના એક મહાન ઈસ્મે આ'ઝમ વડે દુઆ કરી છે, (જેની ખાસિયત એ છે કે) જ્યારે તેના વડે માંગવામાં આવે છે તો અલ્લાહ તઆલા આપી દે છે અને તેના વડે જ્યારે દુઆ માંગવામાં આવે છે ત્યારે અલ્લાહ તઆલા કબૂલ ફરમાવી લે છે. (અબૂ દાવૂદ, તિરમિઝી, નસાઈ અને હાકિમ)

અલ્લામહ હાફિઝ ઇબ્ને હજર (રહ.) ફરમાવે છે : (તફસીરે મવાહિબુર્રહમાન : ૧/૧૧૪) ઈસ્મે આ'ઝમ વિશે સનદના હિસાબથી મજકૂર હદીષને સૌથી ઊંચું સ્થાન પ્રાપ્ત છે.

હઝ. જાબિર બિન અબ્દુલ્લાહ (રદિ.)થી રિવાયત છે કે, હઝ. નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ એક

વખત એમ દુઆ ફરમાવી, **'સુબ્હાન-ક લા ઈલા-હ ઈલ્લા અન્ત, યા હન્નાનુ, યા મન્નાનુ, યા બદીઅસ્સમાવાતિ વલ્ અર્દિ, યા ઝલ્ જલાલિ વલ્ ઈક્રામ'**, ત્યાર પછી ફરમાવ્યું કે જે શખ્સ આ દુઆ પઢી અલ્લાહ તઆલાથી પૂર્વ-પશ્ચિમ (મતલબ આખી દુનિયા)ની કોઈ પણ મુરાદ માંગશે તો અલ્લાહ તઆલા તેને જરૂર કબૂલ ફરમાવી લે છે. (ગુન્યતુત્તાલિબીન, પૃ. ૪૭૦)

(૪) આ દુઆ માટે આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ કસમપૂર્વક ફરમાવ્યું

હઝ. અનસ બિન માલિક (રદિ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) એક વખત હઝ. અબૂ અબ્બાસ ઝૈદ બિન સામિત ઝરકી (રદિ.) પાસેથી પસાર થયા. તેઓ નમાઝ પછી આ દુઆ પઢી રહ્યા હતા :

اَللّٰهُمَّ اِنِّیْ اَسْئَلُکَ بِاَنَّ لَکَ الْحَمْدُ لَآاِلٰهَ اِلَّا اَنْتَ يَاحَنَّانُ، يَامَنَّانُ، يَابَدِيْعَ السَّمٰوٰتِ وَالْاَرْضِ يَاذَاالْجَلَالِ وَالْاِكْرَامِ ط

'અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલુ-ક બિઅન્ન લકલ્ હમ્દુ લા ઈલા-હ ઈલ્લા અન્ત, યા હન્નાનુ, યા મન્નાનુ, યા બદીઅસ્સમાવાતિ વલ્ અર્દિ યા ઝલ્ જલાલિ વલ્ ઈક્રામ.'

આ સાંભળી હઝ. નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઇરશાદ ફરમાવ્યો : તમને ખબર પણ છે કે, તેણે કયા (પવિત્ર નામના વસીલા)થી દુઆ માંગી છે ?

સહાબાએ અરજ કરી : અલ્લાહ તથા તેના રસૂલ જ વધુ સારી

રીતે જાણે છે. રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : તે ઝાતની કસમ, જેના કબજામાં મારો જાન છે, તે અલ્લાહના ઈસ્મે આ'ઝમના માધ્યમથી દુઆ કરે છે કે જ્યારે તેના વડે દુઆ માંગવામાં આવે છે તો તે કબૂલ ફરમાવે છે અને જ્યારે તેના દ્વારા કોઈ દરખ્વાસ્ત કરવામાં આવે છે તો તે પૂરી કરે છે.

(અબૂ દાવૂદ, તિરમિઝી, ઈબ્ને માજહ, અહમદ, અન્વારુદ્ દુઆ, માસિક અલ હાદી, પૃ. ૧૫, સફર ૧૩૫૭/હઝ. થાનવી (રહ.), દુર્રે ફરાઈદ, પૃ. ૪૯૧)

(૫) આકાશના તારાઓમાં લખેલું જોયું

હઝ. શૈખ સિર્રી બિન યહયા (રહ.) (જેઓ કબીલ–એ–તય સાથે સંબંધ ધરાવતા હતા) ફરમાવે છે : અલ્લાહના એક બહુ મકબૂલ બંદા હતા. તેઓ વારંવાર આમ દુઆ માંગતા રહેતા હતા કે, 'હે અલ્લાહ ! તું મને તારું તે પાક નામ બતાવી (શિખવાડી) દે કે જ્યારે તેના વડે દુઆ કરવામાં આવે તો તેની બરકતથી તે દુઆ કબૂલ થઈ જાય.'

તો એક વખત તે બુઝુર્ગે સ્વપ્નમાં જોયું કે, આકાશના તારાઓમાં આમ લખ્યું છે :

يَابَدِيْعَ السَّمٰوٰتِ وَالْاَرْضِ يَاذَاالْجَلَالِ وَالْاِكْرَامِ

'યા બદીઅસ્સમાવાતિ વલ્ અર્દિ, યા ઝલ્ જલાલિ વલ્ ઈકરામ.' જેનાથી તેમણે સમજી લીધું કે, આ જ તે ઈસ્મે આ'ઝમ છે, જેના વિશે હું દુઆઓ કરતો રહેતો હતો. (અન્વારુદ્ દુઆ, માસિક અલ હાદી, પૃ. ૧૫, ૧૩૫૭/હઝ. થાનવી (રહ.) મિઅ્રાજુલ મુઅ્મિનીન, પૃ. ૧૧૫, સૂફી આબિદ મિયાં ડાભેલી (રહ.), અત્તરગીબ વત્તરહીબ, અબૂ યઅ્લા)

(૬) બેચેનીના સમયે આપ (સલ.)એ આ ઈસ્મે આ'ઝમ સાથે દુઆ કરી

બુઝુર્ગોને દીન ફરમાવે છે : અલ્લાહ તઆલાનાં ગુણવાચક નામોમાંથી **'હય્યુન વ કય્યૂમુન'** એ ઘણા બધા વિદ્વાનોના મતે ઈસ્મે આ'ઝમ છે. હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહૂ ફરમાવે છે : બદ્રના યુદ્ધ વખતે મારા દિલમાં એમ થયું કે હું જઈને રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને જોઉં કે આપ શું કરી રહ્યા છે. તો મેં જોયું કે હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) સિજદામાં પડેલા છે અને ઝબાને મુબારકથી વારંવાર 'યા હય્યુ યા કય્યૂમ' કહી રહ્યા છે. (મઆરિફુલ કુર્આન : ૧/૬૧૩)

તફસીરે ઇબ્ને કષીરમાં હઝ. અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)થી નકલ કરવામાં આવ્યું છે : **અલ્ હય્યુલ્ કય્યૂમ** એ અલ્લાહ પાકનું ઈસ્મે આ'ઝમ છે. તેના વિશે ઈમામ ફખરુદીન રાઝી (રહ.) ફરમાવે છે : બદ્રના યુદ્ધ વખતે ઘણી જ બેચેની તથા પરેશાનીની સ્થિતિમાં રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ સિજદામાં મુબારક માથું નમાવી આ જ ઈસ્મે આ'ઝમ વડે વારંવાર દુઆ ફરમાવી હતી અને અલ્લાહ તઆલાએ તેને કબૂલિય્યતથી નવાઝી હતી. (મિઅ્રાજુલ્ મુઅ્મિનીન, પૃ. ૧૧૫, આરિફ બિલ્લાહ સૂફી આબિદમિયાં ઉસ્માની, નક્શબંદી, ડાભેલી) વિખ્યાત મુફસ્સિર ઈમામ કુર્તુબી (રહ.)એ હઝ. આઈશા (રદિ.)થી મરફૂઅન્ (વચ્ચેના વહનકર્તાનું નામ લીધા વગર) નોંધ્યું છે કે : આસિફ બિન બરખિયા (બિલ્કીસનો તખ્ત ઉઠાવી લાવનાર એક જિન્ન)એ જે ઈસ્મે આ'ઝમ વડે દુઆ કરી હતી તે 'યા હય્યુ યા કય્યૂમ' હતું. (અદ્દુઆ, ઈમામ કુર્તુબી)

(૭) આ નામની બરકતથી મુરાદો પૂરી થાય છે

રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ એક સહાબીને યા ઝલ્ જલાલિ વલ્ ઈક્રામ પઢતાં સાંભળ્યા તો ફરમાવ્યું કે, તમારી જે જરૂર હોય તે અલ્લાહથી માંગો, કારણ કે હવે તમારી દુઆ (આ ઈસ્મે આ'ઝમ પઢવાની બરકતથી) કબૂલ થશે. (મિઅ્રાજુલ મુઅ્મિનીન, પૃ. ૧૫૨)

હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહૂ ફરમાવે છે : 'યા ઝલ્ જલાલિ વલ્ ઈક્રામ' પઢવાથી માણસની દુઆ કબૂલ થાય છે અને તેની બરકતથી માણસની મુરાદો પૂરી થાય છે. (ગુન્યતુત્તાલિબીન, પૃ. ૨૩૦)

હઝરત મુઆઝ બિન જબલ (રદિ.)થી રિવાયત છે કે, આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ કોઈને યા ઝલ્ જલાલિ વલ્ ઈક્રામ પઢતાં સાંભળ્યા તો આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, તમારું કહેવાનું સ્વીકારી લેવામાં આવ્યું. હવે પોતાની માંગણી (સવાલ) કરી લો (અર્થાત્ જે મન હોય તે દુઆ માંગી લો, કબૂલ કરવામાં આવશે).

(અન્વારુદ્ દુઆ માસિક અલ હાદી, તિરમિઝીના હવાલાથી)

(૮) ઈસ્મે આ'ઝમ અને હઝરત આઈશા સિદ્દીકા (રદિ.)

હઝ. આઈશા સિદ્દીકા (રદિ.) ફરમાવે છે : હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ એક દિવસ ફરમાવ્યું : હે આઈશા ! શું તને ખબર છે કે અલ્લાહ તઆલાએ મને પોતાનું તે નામ બતાવી દીધું કે જ્યારે તેના વડે દુઆ કરવામાં આવે તો અલ્લાહ તઆલા કબૂલ કરી લે છે. હઝ. આઈશા (રદિ.) ફરમાવે છે કે, મેં પૂછયું

કે હે અલ્લાહના રસૂલ (સલ.) ! મારાં માં–બાપ આપ પર કુર્બાન થાય, આપ તે પવિત્ર નામ મને શિખવાડી દો.

તો રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : હે આઈશા ! એ નામ તારા માટે યોગ્ય નથી. (હઝ. આઈશા ફરમાવે છે કે) આ જવાબથી હું વ્યથિત થઈ ગઈ અને થોડીક વાર સુધી એક બાજુ જઈ બેસી ગઈ. (જ્યારે દિલ ન માન્યું તો) ફરી ઊઠી અને જઈને આપ (સલ.)ના માથા (કપાળ) મુબારક પર ચુંબન કર્યું અને કાલાવાલા કરી મેં અરજ કરી કે, હે અલ્લાહના રસૂલ ! તે પવિત્ર નામ મને શિખવાડી દો. આપ (સલ.)એ ફરી તે જ જવાબ આપ્યો : હે આઈશા ! તે તારા માટે મુનાસિબ નથી, કારણ કે કદાચ તમે તેના વડે દુનિયાની કોઈ વસ્તુ માંગી લો.

હઝ. આઈશા (રદિ.) ફરમાવે છે કે (જ્યારે હું નિરાશ થઈ ગઈ તો) ઊઠી, વુઝૂ કર્યું, બે રકા'ત નમાઝ પઢીને આ રીતે દુઆ માંગી :

اَللّٰهُمَّ اِنِّیْ اَدْعُوْکَ اللّٰهَ، وَاَدْعُوْکَ الرَّحْمٰنَ، وَاَدْعُوْکَ الْبَرَّالرَّحِیْمَ، وَاَدْعُوْکَ بِاَسْمَائِکَ الْحُسْنٰی کُلِّهَا، مَاعَلِمْتُ مِنْهَا وَمَالَمْ اَعْلَمْ، اَنْ تَغْفِرَلِیْ وَتَرْحَمَنِیْ۔

અલ્લાહુમ્મ ઈન્ની અદ્ઉકલ્લાહ, વ અદ્ઉકર્રહ્માન, વ અદ્ઉકલ્ બર્રરહીમ વ અદ્ઉક બિઅસ્માઇકલ્ હુસ્ના કુલ્લિહા, મા અલિમ્તુ મિન્હા વમા લમ્ અઅ્લમ, અન્ તગ્ફિર્ લી વ તર્હ–મની.

હઝ. આઈશા (રદિ.) ફરમાવે છે કે, મારી આ દુઆ

સાંભળી રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ મુસ્કુરાવી દીધું અને ફરમાવ્યું કે, હે આઈશા ! તે (ઈસ્મે આ'ઝમ) સાચે જ તારી આ દુઆમાં છે, જેના વડે તેં દુઆ માંગી છે.

(ઈબ્ને માજહ, અન્વારુદ્ દુઆ માસિક અલ હાદી પૃ. ૧૮, સફર ૧૩૫૭)

આ સંબંધી એક બીજી રિવાયત નજીવા ફરક સાથે આવી રીતે પણ નોંધવામાં આવી છે. હઝ. અનસ (રદિ.)થી રિવાયત છે : એક વખત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) હઝ. આઈશા (રદિ.) પાસે આવ્યા તો તેમણે કહ્યું કે, હે અલ્લાહના રસૂલ ! મારાં માં–બાપ આપ પર કુર્બાન થાય, આપ મને અલ્લાહનું તે ઈસ્મે આ'ઝમ બતાવી દો, જેના વડે દુઆ કબૂલ થાય છે, અને જે કાંઈ માંગવામાં આવે તે આપવામાં આવે છે. આ સાંભળી આપ (સલ.) ખામોશ રહ્યા. આ ખામોશી પછી હઝ. આઈશા (રદિ.)એ ઊઠીને વુઝૂ કર્યું અને આમ દુઆ માંગવાનું શરૂ કર્યું :

اَللّٰهُمَّ اِنِّیْ اَسْئَلُکَ مِنَ الْخَیْرِ کُلِّهٖ، مَاعَلِمْتُ مِنْهُ وَمَالَمْ اَعْلَمْ، بِاسْمِکَ الْعَظِیْمِ الَّذِیْ اِذَا دُعِیْتَ بِهٖ اَجَبْتَ وَاِذَا سُئِلْتَ بِهٖ اَعْطَیْتَ۔

'અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલુ–ક મિનલ્ ખય્રિ કુલ્લિહી, મા અલિમ્તુ મિન્હૂ વમા લમ્ અઅ્લમ, બિસ્મિકલ અઝીમિલ્લઝી ઈઝા દુઈ–ત બિહી અજબ્ત વ ઈઝા સુઈલ્ત બિહી અઅ્તય્ત.' તો આ દુઆ સાંભળી નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : હે આઈશા ! અલ્લાહની કસમ તે (ઈસ્મે આ'ઝમ જેના વિશે તું પૃચ્છા કરી રહી હતી (તે આ જ નામોમાંથી છે). (મુઅ્જમે અવસત)

(દુર્રુલ ફરાઈદ, તર્જુમો જમ્ઉલ ફવાઈદ : પૃ. ૪૯૧)

હઝ. આઈશા (રદિ.) ફરમાવે છે : મેં અલ્લાહના રસૂલ (સલ.)થી સાંભળ્યું, આપે ફરમાવ્યું : આ પવિત્ર શબ્દો વડે જ્યારે દુઆ કરવામાં આવે છે તો કબૂલ થાય છે, જ્યારે માંગવામાં આવે છે તો નવાઝવામાં આવે છે અને જ્યારે મુસીબતથી છુટકારા માટે તેને પઢીને દુઆ કરવામાં આવે છે તો તેને સલામતી આપવામાં આવે છે. (ઇબ્ને માજહ, પૃ. ૨૭૪, અદુઆઅ્, ઈમામ તબરાની રહ.)

(૯) આ દુઆ માંગવાથી અલ્લાહ કોઈને નામુરાદ નથી રાખતો

હઝ. મુઆવિયહ બિન અબૂ સુફ્યાન (રદિ.)થી રિવાયત છે કે, ફરમાવે છે કે, મેં રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને એમ કહેતાં સાંભળ્યા કે જે શખ્સ આ શબ્દો વડે દુઆ માંગે તો અલ્લાહ તઆલાથી જે કોઈ વસ્તુ માંગશે તે તેને જરૂર આપશે. તે શબ્દો આ છે :

لَآاِلٰهَ اِلَّااللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ. لَآاِلٰهَ اِلَّااللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ. لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ط لَآاِلٰهَ اِلَّااللّٰهُ وَلَاحَوْلَ وَلَاقُوَّةَ اِلَّابِاللّٰهِ ط

'લા ઈલા-હ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર, લા ઈલા-હ ઈલ્લલ્લાહુ, વહ્દહૂ લા શરી-ક લહૂ, લહુલ્ મુલ્કુ, વલહુલ્ હમ્દુ, વ હુ-વ અલા કુલ્લિ શય્ઈન્ કદીર, લા ઈલા-હ ઈલ્લલ્લાહુ, વલા હવ્લ વલા કુવ્વ-ત ઈલ્લા બિલ્લાહ.'

(તબરાની ફી કબીર અવસત, અન્વારુદુઆ, અલ હાદી માસિક પૃ. ૧૬, ૧૩૫૭)

હઝ. અનસ (રદિ.)થી રિવાયત છે કે નબીએ કરીમ

(સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, જે બંદો નમાઝ પછી પોતાના હાથો ફેલાવી આ મુજબ દુઆ કરે :

اَللّٰهُمَّ اِلٰهِیْ وَاِلٰهَ اِبْرَاهِیْمَ وَاِسْحٰقَ وَیَعْقُوْبَ وَاِلٰهَ جِبْرَئِیْلَ وَمِیْكَائِیْلَ وَاِسْرَافِیْلَ ط اَسْئَلُكَ اَنْ تَسْتَجِیْبَ دَعْوَتِیْ فَاَنَا مُضْطَرٌّ وَّتَعْصِمَنِیْ فِیْ دِیْنِیْ فَاِنِّیْ مُبْتَلًا وَّتَنَالَنِیْ بِرَحْمَتِكَ فَاِنِّیْ مُذْنِبٌ وَّتَنْفِیَ عَنِّیْ الْفَقْرَ فَاِنِّیْ مُتَمَسْكِنٌ ط

'અલ્લાહુમ્મ ઈલાહી વ ઈલા-હ ઈબ્રાહી-મ વ ઈસ્હા-ક વ યઅ્કૂ-બ વ ઈલા-હ જિબ્રઈ-લ, વ મીકાઈ-લ, વ ઈસ્રાફીલ. અસ્અલુ-ક અન્ તસ્તજિ-બ દઅ્વતી ફ-અ-ન મુદ્તર્રુંવ્ વ તઅ્સિ-મની ફી દીની ફઈન્ની મુબ્તલંવ્ વ તનાલની બિરહ્મતિ-ક ફઈન્ની મુઝ્નિબુંવ્ વ તન્ફિ-ય અન્નિલ્ ફક્ ફઈન્ની મુત-મસ્કિનુન'. તો અલ્લાહ તઆલા પર આ હક છે કે એના બંને હાથોને ખાલી અને નાકામ પાછા ન ફેરવે. (ફતાવા રહીમિય્યહ ૭/૨૪૪, મુનાજાતે મકબૂલ પૃ. ૪૯, અમલુલ યવ્મિ વલ્લૈલ, પૃ. ૩૮, હાફિઝ અબૂ બક્ર અહમદ બિન મુહમ્મદ ઈસ્હાક અસ્સુન્ની)

નબીએ કરીમ (સલ.)એ ફરમાવ્યું : પહેલા કોઈ નેક કામ, ઝિક્ર-તિલાવત, સદકા-ખયરાત વગેરે કરે. પછી બે રકા'ત પઢી આ દુઆ પઢે :

اَللّٰهُمَّ اِنِّیْ اَسْئَلُكَ بِاسْمِكَ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ وَبِاسْمِكَ الَّذِیْ لَآاِلٰهَ اِلَّا هُوَالْحَیُّ

اَلْقَيُّوْمُ لَا تَأْخُذُهٗ سِنَةٌ وَّلَا نَوْمٌ ؕ اَللّٰهُمَّ اِنِّیْ اَسْئَلُكَ
اَنْ تَغْفِرَ لِیْ وَتَرْحَمَنِیْ وَاَنْ تُعَافِيَنِیْ مِنَ النَّارِ ؕ

અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલુ-ક બિસ્મિ-ક. બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ. વ બિસ્મિક લ્લઝી લા ઈલા-હ ઈલ્લા હુવલ્ હય્યુલ્ કય્યૂમુ લા તઅ્ખુઝુહૂ સિનતુંવ્ વલા નવ્મ. અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલુ-ક અન્ તગ્ફિ-ર લી વ તર્હમ-ની વ અન્ તુઆફિ-યની મિનન્નાર.

રસૂલે કરીમ (સલ.)એ ફરમાવ્યું : આ ઈસ્મે આ'ઝમ છે. આટલું પઢયા પછી જે દુઆ માંગશો તે કબૂલ કરવામાં આવશે.

(ઈહ્યાઉલ ઉલૂમ : ૧/૨૩૫)

(૧૦) કોઈ એવી પણ દુઆ છે જે પાછી ન ફરે ? જી હા, છે !

હઝ. ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે એક સહાબીએ પૂછયું : હે અલ્લાહના રસૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! કોઈ એવી પણ દુઆ (પવિત્ર શબ્દો) છે, જેને (ખુદાના દરબારમાંથી) પાછી મોકલવામાં ન આવે ? (અર્થાત્ તેના વડે જે દુઆ માંગવામાં આવે તે કબૂલ કરી લેવામાં આવે.) નબીએ કરીમ (સલ.)એ ફરમાવ્યું : હા, છે ! તમે (શરૂમાં) આ દુઆ પઢયા કરો :

اَللّٰهُمَّ اِنِّیْ اَسْئَلُكَ بِاسْمِكَ الْاَعْلَى الْاَجَلِّ الْاَكْبَرِ ؕ

અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલુ-ક બિસ્મિકલ્ અઅ્લલ્ અજલ્લિલ્ અકબર.

(મુજર્રબાતે દયૂરબી, પૃ. ૧૩૨)

હઝ. ઈમામ ઝુહૈર (રહ.)એ ફરમાવ્યું : અમને ઘણા બધા ઉલમાએ કિરામથી જાણવા મળ્યું કે, દુઆની શરૂઆતમાં આ પઢયા કરો :

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ، لَهُ الْمُلْكُ
وَلَهُ الْحَمْدُ بِيَدِهِ الْخَيْرُ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ
قَدِيْرٌ ط لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ لَهُ الْاَسْمَآءُ الْحُسْنٰى
هُوَ اللّٰهُ الَّذِىْ لَآ اِلٰهَ اِلَّا هُوَ الرَّحْمٰنُ الرَّحِيْمُ ط

લા ઈલા-હ ઇલ્લલ્લાહુ વહ્દહૂ લા શરી-ક લહૂ, લહુલ્ મુલ્કુ, વલહુલ્ હમ્દુ, બિય-દિહિલ્ ખય્રુ, વ હુ-વ અલા કુલ્લિ શય્ઇન્ કદીર. લા ઈલા-હ ઇલ્લલ્લાહુ લહુલ્ અસ્માઉલ્ હુસ્ના, હુવલ્લાહુ લ્લઝી લા ઈલા-હ ઇલ્લા હુવર્રહ્માનુર્રહીમ.

(દુર્રે ફરાઈદ, પૃ. ૪૯૪)

(૧૧) આ દુઆએ આંધળાને દેખતા કરી દીધો

હઝ લૈષ (રહ.)એ ફરમાવ્યું, જ્યારે મેં પહેલી વખત ઇબ્ને નાફિઅને જોયા તો તેઓ અંધ હતા. પછી થોડાક દિવસો બાદ મેં તેમને જોયા તો તેઓ બન્ને આંખો ધરાવતા હતા. આ સ્થિતિ જોઇ મેં તેમને દષ્ટિ પાછી આવી જવા વિશે પૂછયું, તો તેમણે ફરમાવ્યું કે, મેં એક વખત સ્વપ્નમાં જોયું, તેમાં મને એમ કહેવામાં આવ્યું કે : હે ઇબ્ને નાફિઅ ! પોતાની આંખને સાજી કરવા માટે આવી રીતે દુઆ માંગો, એટલે મેં તે દુઆ પઢી તો અલ્લાહ તઆલાએ તેની બરકતથી મારી દષ્ટિ મને પાછી આપી દીધી. તે દુઆ આ છે :

يَاقَرِيْبُ، يَامُجِيْبُ، يَاسَمِيْعَ الدُّعَاءِ،
يَالَطِيْفٌ لِّمَا يَشَاءُ رُدَّ عَلَيَّ بَصَرِيْ۔

યા કરીબુ, યા મુજીબુ, યા સમીઅદુઆઇ, યા લતીફુલ્ લિમા યશાઉ, રુદ્દ અલય્ય બસરી.

(તસવ્વુફ વ નિસ્બતે સૂફિયાએ : પૃ. ૭૪, શાહ વસિય્યુલ્લાહ રહ.)

નોટ : દરેક જરૂરતમંદ પોતાની જરૂરત (અલ્લાહથી માંગતી વખતે) ઉપરોક્ત દુઆનું છેલ્લું વાક્ય 'રુદ્દ અલય્ય બસરી'ને ન પઢે, બલકે તેની જગ્યાએ પોતાની જરૂરતનો ઉલ્લેખ કરે અથવા મનમાં તેનો વિચાર કરે.

મિસર તથા અરબના મશહૂર બુઝુર્ગ શયખુલ મશાઈખ હઝ. અબ્દુલ્લાહ કુરશી (રહ.) ફરમાવે છે : હું એક દિવસ શૈખ અબૂ મુહમ્મદ લલગારદી (રહ.)ની ખિદમતમાં ગયો, તો તેમણે ફરમાવ્યું, આજે હું તમને એક એવી અમાનત (દુઆ) આપું છું, જેની ખૂબી એ છે કે, જ્યારે તમને કોઈ વસ્તુની જરૂર હોય અથવા કોઈ મુસીબતમાં ફસાય ગયા હો તો આ દુઆ વડે ખુદાથી મદદ માંગજો, યાને તેના વસીલાથી દુઆ કરતા રહો, તમારી દુઆ બહુ જલદી કબૂલ કરવામાં આવશે.

મેં અરજ કરી : આવી દુઆ મને જરૂર શિખવાડો. તો શૈખ અબૂ મુહમ્મદ લલગારદી (રહ.)એ આ મુબારક નામો મને શીખવ્યાં :

يَاوَاجِدُ يَااَحَدُ يَاوَاجِدُ يَاجَوَّادُ اِنْفَحْنَا مِنْكَ
بِنَفْحَةِ خَيْرٍ، اِنَّكَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ط

યા વાહિદુ, યા અ-હદુ, યા વાજિદુ, યા જવ્વાદુ, ઇન્ફહ્ના મિન્ક બિ-નફ્હતિ ખયર, ઇન્ન-ક અલા કુલ્લિ શયઇન્ કદીર.

શૈખ અબ્દુલ્લાહ કુરશી (રહ.) ફરમાવે છે : જ્યારે પણ મેં પેલા પાક નામોનાં વસીલાથી દુઆ માંગી છે તો તેને મકબૂલ, મુજર્રબ (અનુભવસિદ્ધ) અનેકામિયાબ પામી છે. મેં તેનાથી ઘણો ફાયદો હાસિલ કર્યો છે. (મુજર્રબાતે દયૂરબી, પૃ. ૧૧૭, અલ્લામહ દયૂરબી રહ.)

(૧૨) આ દુઆના કારણે ફરિશ્તાઓ બેચેન થઈ ગયા

રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના જમાનામાં એક ઘટના ઘટી ગઈ, જેની વિગત આ મુજબ છે : એક વેપારી હતા જે સિરિયાથી મદીના તય્યિબહ વેચવા માટેનો સામાન લાવતા–લઈ જતા હતા. તેઓ અલ્લાહ પર ભરોસો રાખી એકલા જ પ્રવાસ ખેડતા. એક વખત શામ (સિરિયા)થી મદીના તય્યિબહ માલ લાવતા હતા તો પ્રવાસ દરમિયાન એક ઘોડેસવાર ડાકુ તેમની સામે આવી ગયો અને ગળું ફાડીને કહેવા લાગ્યો : 'ઊભા રહો, સામાન મૂકી દો, અને મરવા માટે તૈયાર થઈ જાઓ.' વેપારીએ કહ્યું, 'આ માલ હું તને સોંપી દઉં છું. મને છોડી દે, તો ડાકુએ કહ્યું : માલ તો મારો જ છે. હું તો તારી જાન લીધા વગર નહીં છોડીશ. વેપારીએ ઘણી જ કાકલૂદી કરી કે મને છોડી દે, પરંતુ તે ન માન્યો. વેપારીએ મજબૂર થઈ કહ્યું, જો તારે જાન જ લેવી છે તો તને ઇખ્તિયાર છે, પરંતુ મને બે રકઅત પઢવાની મહેતલ આપવામાં આવે. તેણે કહ્યું : આની તમને છૂટ છે. વેપારીએ બે રકઅત પઢી દુઆ માટે હાથ ઉઠાવ્યા અને બેચેન અવસ્થામાં કેટલીય વખત આમ દુઆ માંગવાનું શરૂ કર્યું :

يَاوَدُوْدُ يَاوَدُوْدُ يَاوَدُوْدُ يَاذَاالْعَرْشِ الْمَجِيْدُ، يَامُبْدِئُ
يَامُعِيْدُ يَافَعَّالُ لِمَاتُرِيْدُ اَللّٰهُمَّ اِنِّيْ اَسْئَلُكَ بِنُوْرِ

وَجْهِكَ الَّذِیْ مَلَأَ اَرْكَانَ عَرْشِكَ وَاَسْئَلُكَ
بِقُدْرَتِكَ الَّتِیْ قَدَّرْتَ بِهَا عَلٰی جَمِیْعِ خَلْقِكَ
وَبِرَحْمَتِكَ الَّتِیْ وَسِعَتْ كُلَّ شَیْءٍ لَآاِلٰهَ اِلَّا اَنْتَ
یَاغَیَاثَ الْمُسْتَغِیْثِیْنَ اَغِثْنِیْ اَغِثْنِیْ اَغِثْنِیْ۔

યા વદૂદુ, યા વદૂદુ, યા વદૂદુ, યા ઝલ્ અર્શિલ્ મજીદુ, યા મુબ્દિઉ, યા મુઈદુ, યા ફઅ્આલુ લિમા તુરીદ. અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલુ-ક બિનૂરિ વજ્હિક લ્લઝી મલ-અ અરકા-ન અરશિક. વ અસ્અલુ-ક બિકુદ્રતિક લ્લતી કદ્દર્ત બિહા અલા જમીઈ ખલકિક. વબિરહ્મતિકલ્લતી વસિઅત્ કુલ્લ શયઈન. લા ઈલા-હ ઈલ્લા અન્ત, યા ગયા-ષ મુસ્તગીષી-ન, અગિષ્ની, અગિષ્ની, અગિષ્ની.

બસ, આટલું પઢવાનું હતું કે, અચાનક એક ઘોડેસવાર હાથમાં ચમકતી તલવાર લઈને મારી સામે આવી ગયો અને તે ડાકુ પર હુમલો કરી તેને ભોંયભેગો કરી દીધો. પછી વેપારીને કહ્યું કે, 'જાઓ, હવે તમે તેનું માથું ધડથી અલગ કરી દો.' વેપારીએ કહ્યું કે, અલ્લાહ તમને ખુશ રાખે. તમે કોણ છો ? મેં તો આજ સુધી કોઈને માર્યો નથી. તમે જ તેને મારી નાંખો. એટલે પછી તેણે જ જઈને તેને ખતમ કર્યો.

પછી પેલા ઘોડેસવાર મારી પાસે આવ્યા અને કહ્યું કે હું ત્રીજા આકાશનો એક ફરિશ્તો છું. જ્યારે તમે પહેલી વખત આ દુઆ કરી તો અમે આકાશનાં બારણાઓમાંથી જોરજોરથી ખખડાટ સાંભળ્યો, જેનાથી અમને ખબર પડી કે કોઈક દુર્ઘટના ઘટી રહી છે. પછી જ્યારે બીજી વખત આ દુઆ માંગી તો આકાશના

દરવાજાઓ ફટ દઈને ઊઘડી ગયા અને તેમાંથી ચિંગારીઓ–તણખાઓ ઊડવા લાગ્યા. પછી જ્યારે ત્રીજી વખત તમે આ દુઆ પઢી તો અર્શે અઝ્મથી હઝ. જિબ્રઈલ (અલૈ.)એ આવીને અવાજ દીધો કે, 'આ મુસીબતમાં ફસાયેલા માણસની મદદ માટે કોણ જાય છે ?'

આ સાંભળી મેં દુઆ કરી કે : હે અલ્લાહ ! આ ખિદમત માટે મને મોકો આપવામાં આવે, એટલે મેં આવીને તેનું કામ પૂરું કરી દીધું.

પછી તે ફરિશ્તાએ કહ્યું : હે અલ્લાહના બંદા ! તમે સારી પેઠે સમજી લો કે જે કોઈ માણસ મુસીબતના વખતે તમારા આ શબ્દો સાથે દુઆ માંગશે, ચાહે પરેશાની કોઈ પણ જાતની હોય, તો અલ્લાહ તઆલા તેને તેનાથી છૂટકારો આપશે, તેની ફરિયાદ સાંભળવામાં આવશે. આટલું કહી તે ફરિશ્તો ગાયબ થઈ ગયો અને પેલા વેપારીએ મદીના મુનવ્વરા આવીને નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની સેવામાં આખી ઘટના સંભળાવી દીધી અને તે દુઆ પણ સંભળાવી દીધી. આ સાંભળી નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : હે ભાઈ ! અલ્લાહ તઆલાએ તમને અસ્માએ હુસ્નાનું ઈલ્મ આપ્યું છે, જેના વસીલાથી દુઆ કબૂલ થાય છે તથા સવાલ પૂરો થાય છે.

નોટ : ઉપરોક્ત હદીષ તથા ઘટના વિશે કેટલીય શનદો (વહનકર્તા સૂત્ર) કિતાબોના હવાલા સહિત નીચે લખ્યા છે.

(૧) હઝરત અનસ (રદિ.) મજકૂર દુઆ વિશે ફરમાવે છે કે જે કોઈ મુસીબતમાં ફસાયેલો માણસ ચાર રકઅત પછી મજકૂર દુઆના વસીલાથી દુઆ માંગશે તો તે કબૂલ થશે.

(હાશિયો, અલ હવાતિફ, ઈબ્ને અબિ દુન્યા, પૃ. ૨૭)

(૨) હાફિઝ ઈબ્ને હજર અસ્કલાની (રહ.)એ 'અલ

ઈસાબહ્'માં પૃ. ૧૭૮ ઉપર હઝ. અબૂ મઅલક અન્સારીના ઉલ્લેખમાં મજકૂર ઘટનાને નોંધી લખ્યું છે કે આ લોકોએ મજકૂર રિવાયતને અબૂ મૂસાની કિતાબુલ વઝાઈફના હવાલાથી લખી છે.

(કરામાતે અવલિયા, પૃ. ૧૯૬, કુતુબે મદીના અબ્દુલ્લાહ યાફિઈ યમની રહ.)

(૩) ઈબ્ને અષીર (રહ.)એ મજકૂર હદીષ ' ઉસ્દુલ ગાબહ્'માં હઝ. મઅલક અન્સારીના ઉલ્લેખ (તરજમા)માં પૃ. નં. ૨૯૫ ઉપર લખી છે. ઈમામ ઈબ્ને અબિ દુન્યાએ 'મજાબિયુદ્દઅ્વહ્'ના પૃ. ૨૩ પર પણ આ હદીષ લખી છે.

(૪) 'નુઝ્હતુલ બસાતીન'ના લેખક ફરમાવે છે : આ હદીષ તથા ઘટનાને ઉલમાએ કિરામની એક મોટી જમાઅતે પોતાની કિતાબોમાં નોંધી (નકલ કરી) છે. ઈમામ ફખરુદ્દીન રાઝી (રહ.)એ આ દુઆ વિશે એમ લખ્યું છે કે, 'આ તે દુઆઓમાંથી એક છે, જેના વસીલાથી દુઆ માંગવાથી આકાશી દુનિયામાં તોફાન મચી જઈ મજબૂર તથા મઝલૂમ (પીડિત)ની મદદ માટે તત્કાળ ઊમટી પડવાની સ્થિતિ સર્જાય જાય છે. તે સિવાય શયખુલ અરબ વલ અજમ, હઝ. હાજી ઈમ્દાદુલ્લાહ સાહેબ મુહાજિરે મક્કી (રહ.)એ તેનો ઉલ્લેખ કર્યો છે.'

(નુઝ્હતુલ બસાતીન ૧/૯૯, ઈમામ અબૂ મુહમ્મદ યાફિઈ યમની રહ.)

(૧૩) આ દુઆની બરકતથી ઈચ્છિત વસ્તુ મળી ગઈ

હઝ. લૈષ બિન સઅદ (રહ.) ફરમાવે છે : હિ.સ. ૧૧૩માં હું પગપાળા હજ્જ માટે ગયો. મક્કા મુઅઝ્ઝમામાં અસરની નમાઝ પછી અબૂ કુબૈસ નામી પહાડ પર ચાલ્યો ગયો. મેં જોયું કે ત્યાં એક બુઝુર્ગ બેસેલા છે અને હાથ ફેલાવીને દુઆ માંગી રહ્યા છે. તેમની દુઆની રીત એ હતી : 'યા રબ્બિ યા રબ્બિ'

શ્વાસ જ્યાં સુધી નહીં તૂટયો ત્યાં સુધી બોલતા રહ્યા. પછી 'યા રબ્બાહુ યા રબ્બાહુ' પણ શ્વાસ ચાલ્યો ત્યાં સુધી સળંગ બોલતા રહ્યા. પછી આવી જ રીતે 'યા અલ્લાહ યા અલ્લાહુ', પછી 'યા અરહમ રાહિમીન' આવી જ રીતે જ્યાં સુધી શ્વાસ ચાલે ત્યાં સુધી બોલતા રહ્યા. ત્યાર પછી આમ દુઆ કરી : હે ખુદા ! હું ભૂખ્યો છું. દ્રાક્ષ ખાવાનું મન થઈ રહ્યું છે અને મારાં કપડાં પણ ફાટી ગયાં છે. મને માત્ર બે કપડાં ઈનાયત ફરમાવ. હઝ. લૈષ (રહ.) ફરમાવે છે : તેમની દુઆ ખતમ થતાં જ મેં ઋતુ વગર જ તાજી દ્રાક્ષનો એક ઝૂમખો તથા બે ચાદરો તેમની સામે મારી આંખોથી જોઈ.

તપાસ કરતાં જાણવા મળ્યું કે, દુઆ માંગવાવાળા એ બુઝુર્ગ આલે રસૂલ, હઝ. જઅફરે સાદિક (રહ.) હતા. આ (દુઆ)ને 'સબઅહ્ અસ્માએ હુસ્ના' (સાત સુંદર નામો) પણ કહેવામાં આવે છે. (નુઝહતુલ બસાતીન તર્જુમ–એ–રવ્ઝતુર્રયાહીન : ૨/૨૭)

(૧૪) હઝ. ખિઝર (અલૈ.)ને હુઝૂર (સલ.)ની તરફથી અણમોલ તોહફો (ભેટ)

આ દુઆ શયખુલ અરબ વલ અજમ હઝ. હાજી ઈમદાદુલ્લાહ મુહાજિરે મક્કી (રહ.) તેમજ સય્યિદના હઝ. જીલાની (રહ.) તથા ઈમામ ગઝ્ઝાલી (રહ.) જેવા અવલિયાએ કામિલીન (સંપૂર્ણ)થી નકલ (નોંધવામાં) કરવામાં આવી છે. હઝ. હાજી સાહેબ (રહ.) ફરમાવે છે કે હઝ. ખિઝર (અલૈ.)એ આરિફ બિલ્લાહ હઝ. ઈબ્રાહીમ તમીમી (રહ.)ની ખિદમતમાં 'મુસબ્બઆતે અશરહ'નો તોહફો પેશ કર્યો અને ફરમાવ્યું કે, આ તોહફો મને ખુદ રસૂલે કરીમ (સલ.)એ આપ્યો છે. હઝ. ખિઝર (અલૈ.) ફરમાવે છે કે જે કોઈ હંમેશ, છોડયા વગર, સવાર–સાંજ આ વઝીફો પઢતો રહે તો દુનિયા તથા આખિરતમાં સવાબ,

મકબૂલિયત (અલ્લાહ તથા બંદાઓમાં પ્રિયતા) તથા સફળતા મેળવશે.

હઝ. ખિઝર (અલૈ.)ના કહ્યા મુજબ હઝ. નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, જો થઈ શકે તો જિંદગીમાં એક જ વખત આ વઝીફો પઢી લેવો જોઈએ. આ વઝીફામાં દસ ચીજો છે અને તે દસે દસ સાત વખત પઢવામાં આવે છે, એટલે તેનું નામ 'મુસબ્બઆતે અશરહ' રાખવામાં આવ્યું છે. આ વઝીફા પર ઘણા બધા સાલિકો (સાધકો) અને બુઝુર્ગાને દીન અમલ કરતા રહ્યા છે. ફજર તથા અસરની નમાઝ પછી તેને પઢવું અનુભવસિદ્ધ (મુજર્રબ) છે. 'મુસબ્બઆતે અશરહ'નો તે તોહફો આ મુજબ છે :

(૧) સૂરએ ફાતિહા :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ۙ الرَّحْمٰنِ
الرَّحِيْمِ ۙ مٰلِكِ يَوْمِ الدِّيْنِ ؕ اِيَّاكَ
نَعْبُدُ وَاِيَّاكَ نَسْتَعِيْنُ ؕ اِهْدِنَا الصِّرَاطَ
الْمُسْتَقِيْمَ ۙ صِرَاطَ الَّذِيْنَ اَنْعَمْتَ
عَلَيْهِمْ ۙ غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا
الضَّآلِّيْنَ ۧ (آمين) (سورة الفاتحة)

(૨) આયતુલ કુર્સી :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۚ اَلْحَيُّ الْقَيُّوْمُ ۚ لَا
تَاْخُذُهٗ سِنَةٌ وَّلَا نَوْمٌ ؕ لَهٗ مَا فِي السَّمٰوٰتِ
وَمَا فِي الْاَرْضِ ؕ مَنْ ذَا الَّذِيْ يَشْفَعُ عِنْدَهٗٓ
اِلَّا بِاِذْنِهٖ ؕ يَعْلَمُ مَا بَيْنَ اَيْدِيْهِمْ وَمَا
خَلْفَهُمْ ۚ وَلَا يُحِيْطُوْنَ بِشَيْءٍ مِّنْ عِلْمِهٖٓ اِلَّا
بِمَا شَآءَ ۚ وَسِعَ كُرْسِيُّهُ السَّمٰوٰتِ
وَالْاَرْضَ ۚ وَلَا يَئُوْدُهٗ حِفْظُهُمَا ۚ وَهُوَ
الْعَلِيُّ الْعَظِيْمُ ﴿٢٥٥﴾ (البقرہ ۲:۲۵۵)

(3) સૂરએ કાફિરૂન :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

قُلْ يٰٓاَيُّهَا الْكٰفِرُوْنَ ﴿١﴾ لَآ اَعْبُدُ مَا تَعْبُدُوْنَ ﴿٢﴾ وَلَآ اَنْتُمْ
عٰبِدُوْنَ مَآ اَعْبُدُ ﴿٣﴾ وَلَآ اَنَا عَابِدٌ مَّا عَبَدْتُّمْ ﴿٤﴾ وَلَآ اَنْتُمْ
عٰبِدُوْنَ مَآ اَعْبُدُ ﴿٥﴾ لَكُمْ دِيْنُكُمْ وَلِيَ دِيْنِ ﴿٦﴾ (الکفرون ۱۰۹:۱-۶)

(૪) સૂરએ ઈખ્લાસ :



قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ ۚ اَللّٰهُ الصَّمَدُ ۚ لَمْ يَلِدْ ۙ وَلَمْ يُوْلَدْ ۙ وَلَمْ
يَكُنْ لَّهٗ كُفُوًا اَحَدٌ ۚ (سورۃُ الاخلاص ۱۱۲:۱-۴)

(૫) સૂરએ ફલક :



قُلْ اَعُوْذُ بِرَبِّ الْفَلَقِ ۙ مِنْ شَرِّ مَا خَلَقَ ۙ وَمِنْ شَرِّ غَاسِقٍ
اِذَا وَقَبَ ۙ وَمِنْ شَرِّ النَّفّٰثٰتِ فِي الْعُقَدِ ۙ وَمِنْ شَرِّ حَاسِدٍ
اِذَا حَسَدَ ۚ (سورۃُ الفلق ۱۱۳:۱-۵)

(૬) સૂરએ નાસ :



قُلْ اَعُوْذُ بِرَبِّ النَّاسِ ۙ مَلِكِ النَّاسِ ۙ اِلٰهِ النَّاسِ ۙ مِنْ
شَرِّ الْوَسْوَاسِ ۙ الْخَنَّاسِ ۙ الَّذِيْ يُوَسْوِسُ فِيْ صُدُوْرِ
النَّاسِ ۙ مِنَ الْجِنَّةِ وَالنَّاسِ ۚ (سورۃُ النّاس ۱۱۴:۱-۶)

(૭)

سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَآ اِلٰهَ
اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ ط

સુબ્હાનલ્લાહિ વલ્હમ્દુ લિલ્લાહિ વલા ઈલા-હ ઇલ્લલ્લાહુ
વલ્લાહુ અકબર.

(૮) اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ عَبْدِكَ
وَرَسُوْلِكَ النَّبِيِّ الْاُمِّيِّ وَاٰلِهٖ وَبَارِكْ وَسَلِّمْ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા સય્યિદિના મુહમ્મદિન્ અબ્દિ-ક વ રસૂલિકન્નબિય્યિલ્ ઉમ્મિય્યિ વ આલિહી વ બારિક્ વ સલ્લિમ.

(૯) اَللّٰهُمَّ اغْفِرْ لِيْ وَلِوَالِدَيَّ وَلِلْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنَاتِ
وَالْمُسْلِمِيْنَ وَالْمُسْلِمَاتِ اَلْاَحْيَاءِ مِنْهُمْ وَالْاَمْوَاتِ-

અલ્લાહુમ્મગ્ફિર લી વ લિવાલિદય્ય વલિલ્ મુઅ્મિની-ન વલ્ મુઅ્મિનાતિ વલ્ મુસ્લિમી-ન વલ્ મુસ્લિમાતિ, અલ્ અહ્યાઇ મિન્હુમ વલ્ અમ્વાત.

(૧૦) اَللّٰهُمَّ افْعَلْ بِيْ وَبِهِمْ عَاجِلًا وَّعِجْلَانِ فِي الدِّيْنِ
وَالدُّنْيَا وَالْاٰخِرَةِ مَا اَنْتَ لَهٗ اَهْلٌ وَّلَا تَفْعَلْ
بِنَا يَا مَوْلَانَا مَا نَحْنُ لَهٗ اَهْلٌ اِنَّكَ غَفُوْرٌ رَّحِيْمٌ
جَوَّادٌ كَرِيْمٌ مَّلِكٌ بَرٌّ رَّءُوْفٌ رَّحِيْمٌ ط

અલ્લાહુમ્મફ્અલ્ બી વ બિહિમ્ આજિલંવ્ વ ઇજલાનિ ફિદ્દીનિ વ દુન્યા વલ્ આખિરતિ મા અન્ત લહૂ અહ્લુંવ્ વ લા તફ્અલ્ બિના યા મવલાના મા નહ્નુ લહૂ અહ્લુન. ઇન્ન-ક ગફૂરુર્રહીમુન્ જવ્વાદુન્ કરીમુમ્ મલિકુમ્ બર્રુર રઊફુર્રહીમ.

(નોંધ : ઉપર લખેલી બધી દુઆઓને સાત સાત વખત પઢી લેવામાં આવે).

(ઇરશાદે મુર્શિદ, હાજી ઇમ્દાદુલ્લાહ સાહિબ, કૂતુલ કુલૂબ, ઇહ્યાઉલ ઉલૂમ, ગુન્યતુત્તાલિબીન, હિસ્ને હસીન શરહ કલ્લે મતીન, પૃ. ૮૦, સીરતુન્નબી બાદ અઝ વફાતુન્નબી)

(૧૫) આ પાક નામોની અજબ તાસીર

આરિફ બિલ્લાહ હઝ. શૈખ અહમદ ખટ્ટુ અહમદાબાદી (રહ.) ફરમાવે છે કે, હું હજજના ઈરાદે અહમદાબાદથી રવાના થઈ પાણીના જહાજ પર સવાર થઈ ગયો. પ્રવાસ દરમિયાન એક દિવસ વુઝૂ કરતી વખતે યોગાનુયોગે મારો પગ લપસી પડયો અને હું જહાજમાંથી સીધો દરિયામાં જઈ પડયો. સમુદ્રમાં પડતાંની સાથે જ મારી ઝબાનથી અલ્લાહ તરફથી અનાયાસ આ પાક નામો નીકળી પડયા : યા હાફિઝુ, યા હફીઝુ, યા રકીબુ, યા વકીલુ, યા અલ્લાહુ. આ મહાન નામો (ઈસ્મે આ'ઝમ) મારા મોઢામાંથી નીકળ્યા કે મને મારા પગ તળે એક પથ્થર જેવું લાગ્યું અને હું તેની પર ઊભો થઈ ગયો. (અખ્બારુલ અખ્યાર, પૃ. ૩૪૨)

દરિયો ઊંડો હતો તથા મોજાંઓ ઊછળી રહ્યાં હતાં, પરંતુ તે વખતે મારી આજબાજુ માત્ર મારી કમર સુધી (કેડ સમા) પાણી હતું તોય મેં પેલો વિર્દ (જાપ) ચાલુ રાખ્યો. ત્યાર પછી નાવિકો (મલ્લાહો)ને જયારે મારા પડી જવાની જાણ થઈ તો તેમણે મને એક સાધન વડે માછલીની જેમ ઊંચે ઉઠાવી લીધો અને મેં ખૈરો-આફિયત સાથે હરમૈન શરીફૈનની ઝિયારત પૂર્ણ કરી.

(મશાઈખે અહમદાબાદ : ૧/૧૨૯, મુહદ્દિષ મૌલાના યૂસુફ મોતાલા મ.ઝિ.)

(૧૬) દરેક બીમારીથી શિફા અને દુશ્મનો સામે સફળતા માટે

એક બુઝુર્ગ ફરમાવે છે : એક વખત હું એટલો સખત બીમાર પડયો કે ખુદ હું અને મારી મુલાકાત લેનાર બધા મારા જીવનથી નિરાશ થઈ ગયા. જાણે કે હું મલકુલ મૌતની નજીક પહોંચી ચૂક્યો હતો. હું જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો હતો કે, જુમ્આની રાત આવી ગઈ. તે જ રાત્રે મેં સ્વપ્નું જોયું, એક પ્રતિભાશાળી

બુઝુર્ગ મારી પાસે આવી મારી જમણી બાજુ બેસી ગયા. બીજા પણ એક બુઝુર્ગ સાથે આવ્યા'તા તે પહેલાની પાસે થઈ બેસી ગયા. પછી તેમની પાછળ ઘણા બધા લોકો આવ્યા. એ લોકોને જ્યારે મેં આવતાં જોયા તો તેઓ પક્ષીઓ રૂપે હતા અને બેસી ગયા પછી જોયા તો માનવીના રૂપમાં દેખાયા. તેઓના ઘાડા ને ઘાડા ઊતરી આવ્યા હતા. હું તો બધાને જોતો જ રહ્યો. જ્યારે બધા આવી ગયા તો પેલા બુઝુર્ગ દેખાતાં માણસે જે મારા માથા પાસે (સિરાણે) બેસેલા હતા, તેમણે ફરમાવ્યું કે, હું આ શહેરમાં ત્રણ માણસોની ખબરઅંતર પૂછવા (ઈયાદત કરવા) આવ્યો છું. એક તો આ જ (મારી તરફ ઈશારો કરતાં કહ્યું) શખ્સ છે. બીજા સાલિહ ખલ્કાની અને ત્રીજી એક ઔરત છે. આટલું ફરમાવ્યા પછી તેમણે પોતાનો મુબારક હાથ મારા કપાળ પર રાખી આ દુઆ પઢી :

بِسْمِ اللّٰهِ رَبِّیْ حَسْبِیَ اللّٰهُ تَوَكَّلْتُ عَلَى اللّٰهِ اِعْتَصَمْتُ عَلَى اللّٰهِ وَفَوَّضْتُ اَمْرِیْ اِلَى اللّٰهِ مَا شَآءَ اللّٰهُ لَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ۔

બિસ્મિલ્લાહિ રબ્બી, હસ્બિયલ્લાહુ, તવક્કલ્તુ અલલ્લાહિ, ઈઅ્તસમ્તુ અલલ્લાહિ, વ ફવ્વદ્તુ અમ્રી ઈલલ્લાહિ, માશા અલ્લાહુ, લા કુવ્વ-ત ઈલ્લા બિલ્લાહ.

આટલું પઢયા પછી મને ફરમાવ્યું : આ કલિમાત (દુઆને) વધારેમાં વધારે પઢતા રહ્યા કરો, આમાં દરેક બીમારીની શિફા છે, દરેક તકલીફથી નજાત છે અને દરેક દુશ્મન સામે કામિયાબી છે. સર્વપ્રથમ આ દુઆને ખુદાનો અર્શ (સિંહાસન) ઉઠાવતા ફરિશ્તાઓ (જેઓ ખુદાની અત્યંત નજીક હોય છે)એ પઢી હતી અને કિયામત (પ્રલય) સુધી તેઓ આ દુઆને પઢતા રહેશે. એક શખ્સ જે આપની નજીક બેસેલા હતા તેમણે આ ફઝીલત સાંભળી પૂછયું કે :

હે અલ્લાહના રસૂલ (સલ.) ! જો કોઈ શખ્સ આ દુઆને પોતાના દુશ્મન સાથે મુકાબલા (અથડામણ) વખતે પઢે તો ? રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, વાહ વાહ ! તે વખતે આ દુઆ પઢનારાઓને ફતેહ તથા નુસ્રત (ખુદાની મદદ) મળશે. તે સવાલ કરનારા બુઝુર્ગ વિશે મેં પૂછયું કે, હે અલ્લાહના રસૂલ (સલ.) ! શું આ હઝરત અબૂબક્ર (રદિ.) છે ? તો આપ (સલ.)એ ઈરશાદ ફરમાવ્યો કે, નહીં, આ તો મારા કાકા (હઝરત) હમઝા (રદિ.) છે.

પછી આપ (સલ.)એ પોતાના હાથ મુબારકથી ડાબી બાજુ ઈશારો કરી ફરમાવ્યું કે, આ બધા શહીદો છે અને પાછળ ઈશારો કરી ફરમાવ્યું કે, આ બધા સાલિહીન (નેક લોકો) છે. આટલું ફરમાવ્યા પછી રસૂલે કરીમ (સલ.) બધા સાથે પરત તશરીફ લઈ ગયા.

આટલું જોયા પછી જ્યારે હું ઊંઘમાંથી ઊઠયો તો તે વખતે રસૂલે કરીમ (સલ.)ની દુઆની બરકતથી મારા બધા અસાધ્ય રોગો દૂર થઈ ચૂક્યા હતા અને હું પહેલાથી પણ વધારે સ્વસ્થ હતો. (ઈસ્મે આ'ઝમ, નુઝ્હતુલ્ બસાતીન તર્જુમ–એ–રવ્ઝતુર્રયાહીન : ૧/૪૨૪, મુતર્જિમ : અલ્લામહ ઝફર અહમદ સા. ઉસ્માની, થાનવી રહ. – સંદર્ભ : બરકાતે દુઆ : ૪૧૯)

દુરૂદે ઈબ્રાહીમ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا
صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ
حَمِيْدٌ مَّجِيْدٌ ط اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ
وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ
وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

લા ઈલા-હ ઈલ્લલ્લાહુ
મુહમ્મદુર્રસૂલુલ્લાહ
(સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)

પ્રકરણ-૧૦

ખાસ ખાસ દુઆઓ અને દુરૂદ શરીફોની ફઝીલતો

દુરૂદે ઈબ્રાહીમ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ
مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ
وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ
مَّجِيْدٌ ط اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ
وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى
اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ
اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

●●●

سُبْحَانَ اللّٰهِ وَ بِحَمْدِهٖ

سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط



★ બિસ્મિહી તઆલા ★

પ્રકરણ-૧૦

ખાસ ખાસ દુઆઓ અને દુરૂદ શરીફોની ફઝીલતો

(૧) ''ઉદ્ઊની અસ્તજિબ્ લકુમ''

અર્થાત્ : તમે મારાથી દુઆ માંગો, હું તમારી દુઆને કબૂલ કરીશ. (સૂરએ મુઅ્મિનૂન)

(૨) ''ઉજીબુ દઅ્વતદ્દાઇ ઈઝા દઆનિ''

અર્થાત્ : હું દુઆ કરનારાઓની દુઆને કબૂલ કરું છું. (સૂરએ બકરહ)

(૩) ''ઉદ્ઊ રબ્બકુમ તદર્રુઅંવ્ વ ખુફ્યહ્.''

અર્થાત્ : તમે પોતાના પાલનહાર સમક્ષ આજિઝીપૂર્વક તથા ચૂપકીદીથી દુઆ માંગ્યા કરો. (સૂરએ અઅ્રાફ)

(૪) હઝરત અબૂ સઈદ (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જ્યારે કોઇ મુસલમાન દુઆ કરે છે તો તેને મોં માગી વસ્તુ

મળી જાય છે અથવા કોઈ બલા તેના ઉપરથી હટાવી દેવામાં આવે છે અથવા તેની દુઆ આખિરત માટે જમા–એકઠી કરી દેવામાં આવે છે. (અહમદ–બઝ્ઝાર)

(૫) હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, "લોકો ! દુઆ કરવાથી હિમ્મત ન હારી બેસો ! દુઆ કરવાની હાલતમાં કોઈ માણસ બરબાદ થતો નથી."

(ઇબ્ને હિબ્બાન–હાકિમ)

(૬) હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે,

"દુઆ મુઅ્મિનનું હથિયાર છે. દીનના થાંભલા છે. આસમાન અને જમીનનું નૂર છે." (હાકિમ)

(૭) હઝરત સલમાન ફારસી (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, "અલ્લાહ તઆલા કરીમ પણ છે અને હયાવાન છે. જ્યારે કોઈ બંદો તેની સામે હાથ ફેલાવે છે તો એને બંદાનાં હાથ ખાલી ફેરવતાં એને હયા–શર્મ આવે છે."

(અબૂ દાવૂદ શરીફ)

(૮) હઝરત સલમાન ફારસી (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, "અલ્લાહ તઆલા કરીમ પણ છે અને તે હયાવાન પણ છે."

લોકો ! અલ્લાહથી દુઆ માંગ્યા કરો ત્યારે લાંબી લાંબી દુઆઓ માંગ્યા કરો. (તિરમિઝી શરીફ)

(i) ખાસ ખાસ દુઆઓ

(૧) સખત પરેશાની વખતે પઢવાની દુઆ

اَللّٰهُمَّ اسْتُرْ عَوْرَاتِنَا وَاٰمِنْ رَوْعَاتِنَا

અર્થ : હે અલ્લાહ ! અમારી એબોને છૂપી રાખ અને અમારી ગભરામણને સંતોષ અને શાંતિથી બદલી આપ.

ફઝીલત : હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.) ફરમાવે છે કે, અમે ગઝવ–એ–ખન્દકના દિવસે હઝરત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં અરજ ગુઝારી કે, યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! શું આવા નાઝુક અને કપરા સમયે પઢવાની એવી કોઈ દુઆ છે, જેની મદદથી અમે બારગાહે ઈલાહીમાં અરજ ગુઝારી શકીએ ? કારણ કે, અમારાં દિલ ગભરામણથી ઊછળી ઊછળીને ગળે આવી રહ્યાં છે. જવાબમાં આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ મજકૂર દુઆ પઢવાની તલ્કીન ફરમાવી. (મુસ્નદે અહમદ)

(૨) રંજ–ગમને દૂર કરવા અને કર્જની અદાયગી માટે પઢવાની દુઆ

اَللّٰهُمَّ اِنِّيْ اَعُوْذُبِكَ مِنَ الْهَمِّ
وَالْحُزْنِ وَاَعُوْذُبِكَ مِنَ الْعَجْزِ
وَالْكَسَلِ وَاَعُوْذُبِكَ مِنَ الْجُبْنِ

وَالْبُخْلِ وَاَعُوْذُبِكَ مِنْ غَلَبَةِ الدَّيْنِ
وَقَهْرِ الرِّجَالِ ط

અર્થ : હે અલ્લાહ તઆલા ! ગમ અને ચિંતાથી હું તારી પનાહ ચાહું છું અને અશક્તિ તથા સુસ્તીથી હું તારી પનાહ ચાહું છું અને બુઝદિલી તથા બખીલાઈથી તારી પનાહ ચાહું છું અને કર્ઝના ગલબા (વર્ચસ) તથા પુરુષોના દમન અને ક્રોધથી તારી પનાહ ચાહું છું.

ફઝીલત : હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) એક દિવસે મસ્જિદમાં તશરીફ લાવ્યા. એક અન્સારી સહાબી હઝરત અબૂ ઉમામહ (રદિ.) ત્યાં બેઠેલા હતા. આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ પૂછયું કે, તમે કવખત મસ્જિદમાં શા માટે બેઠેલા છો ? અબૂ ઉમામહ (રદિ.)એ કહ્યું; હે અલ્લાહના રસૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! અનેક જાતની ચિંતાઓના કારણે પરેશાન છું અને મારા શિરે લોકોનું કર્ઝ પણ છે. આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, હું તમને એવી દુઆ બતાવું છું કે, જેને સવાર–સાંજ પઢવાથી અલ્લાહ તઆલા તમને ગમથી છૂટકારો આપશે અને તમારું કર્ઝ અદા થઈ જશે. પછી આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઉપરોક્ત દુઆ બતાવી. (અબૂ દાવૂદ શરીફ)

(૩) કોઈને મુસીબતમાં જુએ તો પઢે

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِىْ عَافَانِىْ مِمَّا ابْتَلَاكَ
بِهٖ وَفَضَّلَنِىْ عَلٰى كَثِيْرٍ مِّمَّنْ خَلَقَ
تَفْضِيْلًا ط

અર્થ : સઘળા વખાણો તે અલ્લાહ તઆલા માટે છે, જેણે મને આફિયત બખ્શી અને સુરક્ષિત રાખ્યો, તે મુસીબત અને આફતથી જેમાં તું સંડોવાયેલ છે તથા પોતાની ઘણી મખ્લૂકના ઉપર મને ફઝીલત આપી.

ફઝીલત : હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, જે માણસ કોઈ દુઃખી અને મુસીબતમાં આવી પડેલ આદમીને જોઈને મજકૂર દુઆ પઢશે તો એ દુઆને પઢવાવાળો ગમે તેવી મુસીબતથી મહફૂઝ રહેશે. (તિરમિઝી)

નોટ : આ દુઆ એટલા ધીમા અવાજે પઢવી જોઈએ કે તે મુસીબતગ્રસ્ત વ્યક્તિ સાંભળી ન શકે.

સુનને તિરમિઝીમાં ઉપરોક્ત રિવાયત નોંધ્યા પછી હઝરત અબૂ જા'ફરથી નકલ કરાયું છે કે, આ શબ્દો પોતાના દિલમાં (મનોમન) કહે અને મુસીબતગ્રસ્ત વ્યક્તિને આ શબ્દો સંભળાવે નહિ (અકાબિર–પૂર્વજ બુઝુર્ગોએ સૂચવ્યું છે કે, જો તે વ્યક્તિ કોઈ મુસીબતમાં સપડાયેલી હોય તો એ સાંભળી શકે એવી રીતે ન કહે અને જો તે વ્યક્તિ કોઈ ગુનાહમાં ગિરિફતાર હોય તો એ સાંભળી શકે એવી રીતે કહે, જેથી તે બોધ ગ્રહણ કરે–ઈબ્રત પકડે). (હિસ્ન : ૩૬૬) **–હસન ભડકોદ્રવી**

(૪) ચિંતા અને પરેશાની વખતે પઢવાની દુઆ

يَا حَيُّ يَا قَيُّوْمُ بِرَحْمَتِكَ أَسْتَغِيْثُ
يَا ذَا الْجَلَالِ وَالْإِكْرَامِ

અર્થ : હે તે ઝાત ! જે હંમેશા જીવંત અને કાયમ રહેવાવાળી છે ! હે જલાલ અને ઇઝ્ઝતવાળી ઝાત ! તારી રહમત વડે હું મદદ ચાહું છું.

ફઝીલત : હઝરત અનસ (રદિ.)નું બયાન છે કે, આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને જ્યારે કોઈ મુસીબત અને પરેશાની લાગુ પડતી તો આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) મજકૂર દુઆ પઢતા હતા.

હઝરત અલી (રદિ.) ફરમાવે છે કે, જંગે બદ્રમાં મેં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને સિજદાની હાલતમાં વખતોવખત મજકૂર દુઆ પઢતાં જોયા હતા, એટલે સુધી કે, અલ્લાહ તઆલાએ ફતેહ અતા ફરમાવી. (નસાઇ શરીફ)

(૫) જામિઅ (સર્વગ્રાહી) દુઆ

اَللّٰهُمَّ اِنَّا نَسْئَلُکَ مِنْ خَيْرِمَا
سَئَلَکَ مِنْهُ نَبِيُّکَ مُحَمَّدٌ صَلَّى
اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَنَعُوْذُبِکَ مِنْ
شَرِّ مَا اسْتَعَاذَکَ مِنْهُ نَبِيُّکَ
مُحَمَّدٌ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ
وَاَنْتَ الْمُسْتَعَانُ وَعَلَيْکَ الْبَلَاغُ
وَلَاحَوْلَ وَلَاقُوَّةَ اِلَّا بِاللّٰهِ

અર્થ : હે અલ્લાહ તઆલા ! અમે તારાથી તે સર્વ કાંઇ માંગીએ છીએ, જે તારાથી તારા નબી હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ માંગ્યું હતું અને તે બધી જ વસ્તુઓથી પનાહ માંગીએ છીએ, જેનાથી તારા નબી હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ તારી પનાહ માંગી હતી.

ફઝીલત : હઝરત અબૂ ઉમામહ (રદિ.)થી રિવાયત છે કે આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ અમને ઘણી દુઆઓ શીખવી, જે અમને યાદ ન રહી. અમે આપની ખિદમતમાં અરજ કરી કે, યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! આપે શીખવેલી ઘણી દુઆઓને અમે ભૂલી ગયા. તે બધી જ દુઆઓ અમે અલ્લાહ તઆલાથી માંગવા ચાહિએ છીએ. આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, હું તમને એવી દુઆ બતાવું કે જેમાં બધી જ દુઆઓ આવી જાય ? પછી આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઉપરોક્ત દુઆ બતાવી.

(તિરમિઝી શરીફ, હિસ્ન : ૪૫૨)

(૬) દુનિયા અને આખિરતનાં તમામ ગમોથી છૂટકારો

حَسْبِيَ اللّٰهُ ۖ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۭ عَلَيْهِ تَوَكَّلْتُ
وَهُوَ رَبُّ الْعَرْشِ الْعَظِيْمِ ۝ (التوبة ۹:۱۲۹)

અર્થ : અલ્લાહ મને બસ છે. તેના સિવાય કોઇ મા'બૂદ નથી, મને તેના ઉપર ભરોસો છે અને તે જ મોટા તખ્તનો માલિક છે.

ખાસિયત : હઝરત અબુ દરદાઅ્ (રદિ.)ની રિવાયત મુજબ જે માણસ દરરોજ સવાર–સાંજ ૭ વાર આ દુઆ પઢશે તો દુનિયા અને આખિરતનાં તમામ ગમોથી અલ્લાહ તઆલા તેને છૂટકારો આપશે. (ઇબ્નુસ્સુન્ની, હિસ્ન : ૧૫૯) બીજી રિવાયતમાં છે કે એનો પઢનાર ઊંચી જગ્યાએથી પડવા, ડૂબવા કે બળવાથી મરશે નહિ. (રૂહુલ મઆની, પેજ–૫૩, પારહ–૧૧, અબૂ દાવૂદ)

(૭) દિવસ દરમિયાન દરેક બુરાઈથી મહફૂઝ રહેવાની દુઆ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

حٰمٓ ۝١ تَنْزِيْلُ الْكِتٰبِ مِنَ اللّٰهِ الْعَزِيْزِ
الْعَلِيْمِ ۝٢ غَافِرِ الذَّنْۢبِ وَقَابِلِ التَّوْبِ
شَدِيْدِ الْعِقَابِ ذِى الطَّوْلِ ؕ لَآ اِلٰهَ اِلَّا هُوَ ؕ
اِلَيْهِ الْمَصِيْرُ ۝٣ (المؤمن ٤٠:١-٣)

અર્થ : હા મીમ. આ કિતાબ–કુર્આન અલ્લાહ તઆલા તરફથી ઉતારવામાં આવી છે, જે ઝબરદસ્ત (અને) દરેક વસ્તુને જાણનાર છે, જે ગુનાહોને માફ કરનાર અને તૌબા કબૂલ કરનાર છે, કુદરતવાળો છે. તેના સિવાય કોઈ મા'બૂદ નથી. સૌએ તેના જ તરફ પાછા ફરવાનું છે.

ફઝીલત : હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, શરૂ દિવસમાં જે કોઈ માણસ આયતુલ કુર્સી અને સૂરએ મુઅ્મિનની (મજકૂર) પહેલી ત્રણ આયતો પઢશે તો તે માણસ તે દિવસે દરેક પ્રકારની બુરાઈ અને મુસીબતથી સુરક્ષિત રહેશે.

(મુસ્નદે બઝાર)

(૮) ખુશીના વખતે પઢવાની દુઆ

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ بِنِعْمَتِهٖ تَتِمُّ الصَّالِحَاتُ ط

અર્થ : તમામ પ્રકારની તારીફ તે અલ્લાહ તઆલા માટે જ છે; જેની દરેક નેઅમતના પ્રતાપે સારાં કાર્યો પાર પડે છે. (ઇબ્ને માજહ, હાકિમ, ઇબ્નુસ્સુન્ની, હિસ્ન : ૩૫૭)

(૯) ગમીના વખતે પઢવાની દુઆ

اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى كُلِّ حَالٍ ط

(હિસ્ન, ઇબ્ને માજહ)

(૧૦) કોઈ હાજત પડે તો આ દુઆ વડે મદદ હાસિલ કરો

يَاوَاجِدُ يَااَحَدُ يَاوَاجِدُ يَاجَوَّادُ
اِنْفَحْنَا مِنْكَ بِنَفْحَةِ خَيْرٍ اِنَّكَ
عَلٰى كُلِّ شَيْئٍ قَدِيْرٌ ط

આ દુઆ વિષે શેખ અબ્દુલ્લાહ કુરશી મિસરી અરબ જેઓ મિસરના મહાન શૈખો (બુઝુર્ગો)માંથી છે. તેમણે કહ્યું કે મેં મોટા

મોટા શૈખો સાથે મુલાકાત કરી છે અને ૬૦૦થી વધુ ઉસ્તાદોએ મને તા'લીમ આપી છે. તેમનું બયાન છે કે એક દિવસે હું હઝરત મુહમ્મદ મનાદ (તેઓ પોતાના સમયના મહાન વલી હતા) પાસે ગયો અને તેમનાથી મેં દરખાસ્ત કરી કે મને કોઈ એવી દુઆ બતાવો કે જ્યારે મને કોઈ હાજત પડે તો તે વડે હું મદદ હાસિલ કરું. ત્યારે આપે ફરમાવ્યું કે આ દુઆ પઢયા કરો. મજકૂર દુઆનો તરજુમો આ છે કે હે એકલા ઝાતમાં ! હે એકલા સિફાતમાં ! હે મેળવનાર ! હે મહાન સખાવત કરનાર ! તારી ભલાઈની ખૂશ્બુ અમને પણ સુંઘાડ (એટલે લાભ કરી આપ). બેશક, તું દરેક વસ્તુ પર શક્તિમાન છે. (શમ્સુલ મઆરિફ, ભા. ૪)

(૧૧) કોઈ કામ કરવા-ન કરવા વિશે શંકા થતી હોય તો....

اَللّٰهُمَّ اجْعَلْ لِّيْ مِنْ اَمْرِيْ هٰذَا فَرَجًا وَّمَخْرَجًا اِنَّكَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ط

અર્થ : હે અલ્લાહ ! મારા માટે મારા આ કામમાં આસાની અને છૂટકારાનો માર્ગ બનાવ. બેશક, તું દરેક વસ્તુ પર શક્તિમાન છે. (ચાલીસ રબ્બના)

ફાયદો : હઝરત ઈમામ શાફિઈ (રહ.) ફરમાવે છે કે, જેને કોઈ કામ કરવા-ન કરવા વિશે શંકા થતી હોય તો બેહતરી જાણવા માટે ઈશાની નમાઝ પછી સૂરએ ''વલ્લયૂલિ ઈઝા યગ્શા'' તથા સૂરએ ''વદ્દુહા'' અને સૂરએ ''અલમ્ નશ્રહ'' અને આ દુઆ રોજ સાત (૭) વાર પઢે. અલ્લાહના હુકમથી પહેલી યા બીજી અથવા ત્રીજી રાત સુધીમાં જે બેહતર હશે તે ગેબી માણસ આવી બતાવશે.

(૧૨) હિફાઝતનો અમલ

اَللّٰهُ حَفِيْظٌ لَطِيْفٌ قَدِيْمٌ اَزَلِيٌّ
حَيٌّ قَيُّوْمٌ لَّا يَنَامُ ط

''અલ્લાહુ હફીઝુન્ લતીફુન્ કદીમુન્ અઝલિય્યુન્ હય્યુન્ કય્યુમુન્ લા યનામુ.''

(મુફીદ દુઆઓંકા ગુલદસ્તા, પેજ–૫૯, દા.ઉ. કંથારીઆ, પ્રકાશન નં. ૩૫૮)

જે માણસ સફરમાં આ આયત સાત વાર પઢશે તો તે દરેક પ્રકારની આફત–બલાથી બચેલો રહેશે. લખીને સાથે રાખશે તો સવારીના ખતરાથી મહફૂઝ રહેશે. લખીને જો ઘરમાં અથવા પેટીમાં રાખશે તો ચોરીનો ડર ન રહેશે. રોજ સવાર–સાંજ ૧૧ વાર પઢશે તો અમનો–અમાનમાં રહેશે. માલમાં બરકત થશે; દુઃખ–પરેશાની દૂર થશે.

(૧૩) નફસની બુરાઈથી પનાહ માંગવાની દુઆ

હઝરત ઈમરાન ઈબ્ને હુસૈન (રદિ.)થી રિવાયત છે કે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ એમના વાલિદ હઝરત હુસૈન (રદિ.)ને દુઆ માટે આ બે કલિમાત શિખવાડયા હતા :

اَللّٰهُمَّ اَلْهِمْنِيْ رُشْدِيْ وَاَعِذْنِيْ
مِنْ شَرِّ نَفْسِيْ ط

અર્થ : હે અલ્લાહ ! સીધા માર્ગની તરફ મને માર્ગદર્શન આપ અને મને મારા નફસની બુરાઈથી બચાવી લે. (તિરમિઝી શરીફ)

હિદાયત અલ્લાહ તઆલાની કુદરતમાં છે. તે જેને ચાહે હિદાયત આપે છે અને જેને ચાહે ગુમરાહ કરી દે છે. હિદાયત માંગતા રહેવું જોઈએ. નફસે અમ્મારહ હંમેશા ગુમરાહ કરવાની ફિકરમાં રહે છે. શયતાન તેનો માર્ગદર્શક હોય છે. એટલા માટે નફસની બુરાઈથી હંમેશા પનાહ માંગતા રહેવું જોઈએ, જેથી નફસ અને શયતાન અપમાનિત થાય.

(૧૪) બીમારીઓથી પનાહ માંગવાની દુઆ

હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) આ દુઆ ફરમાવ્યા કરતા હતા :

اَللّٰهُمَّ اِنِّیْ اَعُوْذُبِکَ مِنَ الْبَرَصِ
وَالْجُنُوْنِ وَالْجُذَامِ وَسَیِّءِ الْاَسْقَامِ

અર્થ : હે અલ્લાહ ! હું તારી પનાહ ચાહું છું કોઢથી, પાગલપણાથી, રક્તપિત્તથી અને તમામ બુરી બીમારીઓથી.

(અબૂ દાવૂદ)

મનુષ્ય કમઝોર અને લાચાર છે. મુસીબતો, તકલીફો અને બીમારીઓને સહન કરી શકતો નથી, એ કારણે દરેક પ્રકારની બીમારીઓથી હંમેશા પનાહ માંગવી જોઈએ.

(૧૫) એક અતિ જામિઅ-સર્વગ્રાહી દુઆ

હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને મસ્ઊદ (રદિ.)થી રિવાયત છે કે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ફરમાવ્યા કરતા હતા :

اَللّٰهُمَّ اِنِّیْ اَسْئَلُکَ الْهُدٰی وَالتُّقٰی
وَالْعَفَافَ وَالْغِنٰی ط

અર્થ : હે અલ્લાહ તઆલા ! હું તારાથી સવાલ કરું છું હિદાયતનો, પરહેઝગારીનો, પાકદામનીનો અને બેનિયાઝી યા માલદારીનો. (મુસ્લિમ શરીફ)

(૧૬) ગુનાહોની બુરી અસરોથી પનાહ માંગવાની દુઆ

હઝરત આઇશા (રદિ.)થી રિવાયત છે કે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પોતાની દુઆમાં આ કલિમાત ફરમાવ્યા કરતા હતા :

اَللّٰهُمَّ اِنِّیْ اَعُوْذُبِکَ مِنْ شَرِّ مَا
عَمِلْتُ وَمِنْ شَرِّ مَالَمْ اَعْمَلْ ط

અર્થ : હે અલ્લાહ ! હું તારી પાસે તે કામોની બુરાઇથા પણ પનાહ માંગુ છું, જે મેં કર્યાં છે અને તે કામોની બુરાઇથી પણ પનાહ ચાહું છું, જે મેં કર્યાં નથી. (મુસ્લિમ શરીફ)

નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ આ દુઆમાં એવાં કામોથી પનાહ માંગી છે, જે અલ્લાહ તઆલાની રઝામંદીનું નિમિત્ત ન બને, કારણ કે અલ્લાહ તઆલાની પકડથી દરેક માણસે સદા ડરતાં જ રહેવું જોઈએ.

અમુક ઉલમાએ કિરામે આ હદીસનો ભાવાર્થ આ બયાન કર્યો છે કે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ આવું એ કારણે ફરમાવ્યું છે કે માણસે આ અભિમાનમાં સપડાવું જોઈએ નહિ કે હું ઘણો નેક અને પરહેઝગાર છું, ગુનાહોથી બચું છું; બલકે એવું સમજવું જોઈએ કે આ અલ્લાહ પાકનો ફઝલ અને તવફીક છે.

(૧૭) હિફાઝતની દુઆ

હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે એક સજ્જન નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની ખિદમતમાં હાજર થયા અને અરજ કરી કે, હે અલ્લાહના રસૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! ગઈ રાતે વીંછીના કરડવાથી મને ઘણી તકલીફ થઈ. આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઇરશાદ ફરમાવ્યો કે જો તમે સાંજના સમયે આ દુઆ પઢી લેત તો એ તમને તકલીફ ન પહોંચાડત :

أَعُوْذُ بِكَلِمَاتِ اللّٰهِ التَّآمَّاتِ
مِنْ شَرِّ مَا خَلَقَ ط

અર્થ : હું અલ્લાહ તઆલાના કામિલ યા સંપૂર્ણ કલિમાત દ્વારા તેની મખ્લૂકની બુરાઈથી પનાહ ચાહું છું. (મુસ્લિમ શરીફ)

(૧૮) માલદારી અને ફકીરીની બુરાઈથી પનાહ માંગવાની દુઆ

હઝરત આઈશા (રદિ.)થી રિવાયત છે કે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) આ કલિમાત દ્વારા દુઆ માંગ્યા કરતા હતા :

اَللّٰهُمَّ اِنِّیْ اَعُوْذُبِکَ مِنْ فِتْنَةِ النَّارِ
وَعَذَابِ النَّارِ وَمِنْ شَرِّ الْغِنٰی وَالْفَقْرِ

અર્થ : હે અલ્લાહ તઆલા ! હું તારી પનાહ ચાહું છું આગના ફિત્નાથી, દોઝખના અઝાબથી અને માલદારી તથા ફકીરીની બુરાઈથી. (અબૂ દાવૂદ–તિરમિઝી)

(૧૯) કોઈ વસ્તુ નુકસાન પહોંચાડી શકશે નહિ

હઝરત ઉસ્માન (રદિ.) ફરમાવે છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જે માણસ દરરોજ સવાર–સાંજ ત્રણ વખત નીચેના કલિમાત પઢી લેશે તો એને કોઈ વસ્તુ નુકસાન પહોંચાડી શકશે નહિ. (તિરમિઝી શરીફ)

અબૂ દાવૂદ શરીફની રિવાયતમાં છે કે સવારે પઢી લેવાથી સાંજ સુધી અને સાંજે પઢી લેવાથી સવાર સુધી એને કોઈ આકસ્મિક આફત પહોંચશે નહિ. (અબૂ દાવૂદ શરીફ)

તે કલિમાત આ રહ્યાં :

بِسْمِ اللّٰهِ الَّذِیْ لَایَضُرُّ مَعَ اِسْمِهٖ
شَیْءٌ فِی الْاَرْضِ وَلَا فِی السَّمَآءِ
وَهُوَ السَّمِیْعُ الْعَلِیْمُ ط

અર્થ : અલ્લાહ તઆલાના નામથી અમે સવાર કરી (યા સાંજ કરી), જેના નામની સાથે આસમાન યા જમીનમાં કોઈ વસ્તુ નુકસાન પહોંચાડી શકતી નથી અને તે જાણનાર તથા સાંભળનાર છે. (તિરમિઝી)

(૨૦) પત્નીથી હમબિસ્તરી-સંભોગ કરતી વખતે પઢવાની દુઆ

بِسْمِ اللّٰهِ اَللّٰهُمَّ جَنِّبْنَا الشَّیْطَانَ
وَجَنِّبِ الشَّیْطَانَ مَا رَزَقْتَنَا ط

અર્થ : હું અલ્લાહ તઆલાનું નામ લઈને આ કામ કરું છું, હે અલ્લાહ તઆલા ! અમને શયતાનથી બચાવ અને તું અમને જે (અવલાદ) અતા ફરમાવે, એનાથી (પણ) શયતાનને દૂર રાખ.

આ દુઆ પઢી લીધા પછી તે વખતની હમબિસ્તરીથી જે અવલાદ પેદા થશે, શયતાન તેને કદાપિ નુકસાન પહોંચાડી શકશે નહિ. (બુખારી, મુસ્લિમ)

નોટ : આ દુઆ જરૂર પઢવી જોઈએ, કારણ કે સંભોગ વખતે અલ્લાહ તઆલાનું નામ ન લેવાથી શયતાનનો નુત્ફો પણ પુરુષના

નુત્ફાની સાથે અંદર ચાલ્યો જાય છે. ('હિસ્ન'નો હાશિયો)

(૨૧) જ્યારે વીર્ય નીકળે તો દિલમાં આ દુઆ પઢવી

اَللّٰهُمَّ لَاتَجْعَلْ لِلشَّيْطَانِ فِيْمَا
رَزَقْتَنِىْ نَصِيْبًا ط

અર્થ : હે અલ્લાહ તઆલા ! તું મને જે અવલાદ અતા ફરમાવે એમાં શયતાનનો જરાય ભાગ કરીશ નહિ.

નોટ : (૧) સાતમા દિવસે બાળકનું નામ પાડવું અને અકીકહ કરવો.

(૨) જ્યારે બાળક જન્મે તો એને અલ્લાહ તઆલાના કોઈ નેક બંદા પાસે લઈ જવું અને એમનાથી બરકતની દુઆ કરાવવી તથા ખજૂર યા ખારેક યા બીજી કોઈ ચીજ એમની પાસે ચવડાવી બાળકના મોઢામાં મુકાવવી.

(૩) બાળક જ્યારે બોલવા માંડે તો પ્રથમ એને લા ઈલા–હ ઈલ્લલ્લાહ શિખવાડવું અને આ આયત પણ યાદ કરાવવી :

(હિસ્ન)

وَقُلِ الْحَمْدُ لِلّٰهِ الَّذِىْ لَمْ يَتَّخِذْ وَلَدًا وَّلَمْ
يَكُنْ لَّهٗ شَرِيْكٌ فِى الْمُلْكِ وَلَمْ يَكُنْ لَّهٗ وَلِىٌّ
مِّنَ الذُّلِّ وَكَبِّرْهُ تَكْبِيْرًا ۝ (بنى اسرائيل ١٧:١١١)

અર્થ : અને (હે મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) !

આપ ફરમાવી દો કે તમામ તારીફ તે અલ્લાહ તઆલા માટે છે, જેણે પોતાની કોઈ અવલાદ બનાવી નથી અને સલ્તનતમાં એનો કોઈ શરીક નથી અને લાચારીથી એનો કોઈ મદદગાર નથી અને આપ સારી રીતે અલ્લાહ તઆલાની મહાનતા બયાન કરતા રહો.

(બની ઈસ્રાઈલ)

(૨૨) કામિયાબી માટેની દુઆ

(i)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط
اَلَّا تَعْلُوْا عَلَيَّ وَاْتُوْنِيْ مُسْلِمِيْنَ ط
يَاخَيْرَالْمَقْصُوْدِيْنَ يَاخَيْرَالْمَطْلُوْبِيْنَ
يَاخَيْرَالْمَحْبُوْبِيْنَ يُحِبُّوْنَهُمْ كَحُبِّ
اللّٰهِ ط وَالَّذِيْنَ اٰمَنُوْٓا اَشَدُّ حُبًّا لِّلّٰهِ ط

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

અલ્લા તઅ્લુ અલય્ય વઅ્તૂની મુસ્લિમી-ન, યા ખય્રલ્ મક્સૂદી-ન યા ખય્રલ્ મત્લૂબી-ન યા ખય્રલ્ મહ્બૂબી-ન યુહિબ્બૂનહુમ કહુબ્બિલ્લાહિ વલ્લઝી-ન આમનૂ અશદ્દુ હુબ્બલ્ લિલ્લાહ. (મુફીદ દુઆઓંકા ગુલદસ્તા, પેજ-૬૦, પ્રકાશન નં. ૩૫૮)

આગળ-પાછળ ત્રણ ત્રણ વખત દુરૂદ શરીફ પઢવું. આ દુઆને દસ વખત પઢી, પોતાના મુખ ઉપર બન્ને હાથ ફેરવીને જવું.

(ii)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط
وَلَمَّا دَخَلُوْا مِنْ حَيْثُ اَمَرَهُمْ اَبُوْهُمْ ط

مَا كَانَ يُغْنِىْ عَنْهُمْ مِّنَ اللّٰهِ مِنْ شَىْءٍ
اِلَّا حَاجَةً فِىْ نَفْسِ يَعْقُوْبَ قَضٰهَا ؕ

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

વલમ્મા દ-ખલૂ મિન્ હયષુ અ-મ-રહુમ અબૂહુમ, મા કા-ન યુગ્ની અન્હુમ મિનલ્લાહિ મિન્ શયઈન્ ઈલ્લા હાજતન્ ફી નફ્સિ યા'કૂ-બ કદાહા.

(મુફીદ દુઆઓંકા ગુલદસ્તા, પેજ–૬૦, પ્રકાશન નં. ૩૫૮)

આ આયતને સાત વાર પઢીને જવું.

જો પઢી શકાય તો ૩૫ વખત યાસીન શરીફ પઢીને જવું.

જે કામ માટે જશો તેમાં ઈન્શાઅલ્લાહ કામિયાબી મળશે.

(૨૩) મૌત ફિતરતે સલીમહ ઉપર થશે અને જન્નતમાં જશે

હઝરત બરાઅ્ બિન આઝિબ (રદિ.) બયાન કરે છે કે જનાબ રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું, જ્યારે તમે સૂવાનો ઈરાદો કરો તો નમાઝના જેવું વુઝૂ કરીને પથારી ઉપર જમણા પાસાએ સૂઈ જાવ અને ફરી આ કલામ પઢવાનું રાખો :

اَللّٰهُمَّ اَسْلَمْتُ نَفْسِىْ اِلَيْكَ وَوَجَّهْتُ
وَجْهِىَ اِلَيْكَ وَفَوَّضْتُ اَمْرِىْ اِلَيْكَ
وَاَلْجَئْتُ ظَهْرِىْ اِلَيْكَ رَغْبَةً وَّرَهْبَةً

اِلَيْكَ لَا مَلْجَأَ وَلَا مَنْجَا مِنْكَ اِلَّا اِلَيْكَ اٰمَنْتُ
بِكِتَابِكَ الَّذِىْ اَنْزَلْتَ وَنَبِيِّكَ الَّذِىْ اَرْسَلْتَ ط

અર્થ : યા અલ્લાહ ! મેં મારી જાતને તારા હવાલે કરી અને મેં મારા રુખને અને મારી જાતને તારા તરફ એકધ્યાન કર્યાં અને મારા સર્વે કાર્યો તને સોંપ્યાં ને મેં તારો જ આશરો લીધો. મારું વલણ અને મારી આશાઓ પણ તારી ઉપર જ અવલંબિત છે. તારો જ ડર મને લાગેલો રહે છે ને તારી પકડ અને તારા અઝાબથી બચવા તારી ઝાત સિવાય કોઈ બચાવની જગ્યા નથી; ન કોઈ છુટકારાનો માર્ગ છે, પરંતુ તારા ગઝબથી બચવા માટે તારી રહમત વગર અને તારી પકડથી બચવા માટે તારી માફી વિના બીજો કોઈ આરો નથી. હું તારી ઉતારેલ કિતાબ ઉપર અને તેં મોકલેલ નબી ઉપર ઈમાન રાખું છું.

જે માણસ ઉપરનાં કલામ પઢી સૂઈ જશે, ને પછી કંઈ વાત ન કરશે તો એવો માણસ જો તે જ રાત્રે મરી જશે તો તેની મોત ફિતરતે સલીમહ ઉપર થશે. (બુખારી, મુસ્લિમ વગેરે)

તિરમિઝીની રિવાયત છે કે જો એ માણસ એ જ રાતે મરી જશે તો જન્નતમાં જશે.

(૨૪) ગુનાહ માફ કરી દેવાશે

(i) જ્યારે પણ કોઈ ખતા થઈ જવા પામે અથવા નાનો–મોટો ગુનાહ થઈ જાય અને અલ્લાહ તઆલાથી તવબા કરવા ચાહે તો અલ્લાહ તઆલા તરફ મુતવજ્જેહ (ધ્યાનસ્થ) થાય અને બંને હાથ અલ્લાહ તઆલા તરફ ઉઠાવીને આ દુઆ પઢે :

اَللّٰهُمَّ اِنِّیْ اَتُوْبُ اِلَیْکَ مِنْهَا
لَا اَرْجِعُ اِلَیْهَا اَبَدًا ط

અર્થ : હે અલ્લાહ ! હું તારી સામે આ (ખતા યા ગુનાહ)થી તૌબા કરું છું અને (સંકલ્પ કરું છું કે) હવે પછી કદાપિ આ (ખતા યા ગુનાહ નહિ કરું).

હદીસ શરીફમાં છે કે જે માણસ આ રીતે તૌબા કરશે તો એના ગુનાહ માફ કરી દેવાશે, શર્ત આ છે કે બીજી વાર તે જ ગુનાહ ન કરે. (હિસ્ન)

(ii) કોઈ ભયંકર અપરાધ થઈ જવા પામે તો આ શબ્દો ત્રણ વાર પઢે :

اَللّٰهُمَّ مَغْفِرَتُکَ اَوْسَعُ مِنْ ذُنُوْبِیْ
وَرَحْمَتُکَ اَرْجٰی عِنْدِیْ مِنْ عَمَلِیْ ط

અર્થ : હે અલ્લાહ ! તારી મગફિરત મારા ગુનાહોથી ઘણી જ વિશાળ છે અને મને પોતાના અમલની સરખામણીમાં તારી રહમતની ઘણી વધારે ઉમ્મીદ છે.

હદીસ શરીફમાં આવ્યું છે કે એક માણસ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ખિદમતમાં (રડતો–કકડતો) ''હાય મારા ગુનાહ....હાય મારા ગુનાહ'' કહેતો કહેતો આવ્યો. આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ તે માણસને ઉપર્યુક્ત દુઆ શિખવાડી. તેણે એ જ પ્રમાણે દુઆ કરી. આપે ફરમાવ્યું : ''બીજી વાર કહો.'' તેણે બીજી વાર આ જ શબ્દો કહ્યા. આપે ફરમાવ્યું : ''ત્રીજી વાર કહો.'' તેણે ત્રીજી વાર આ જ શબ્દો કહ્યા. ત્યાર બાદ આપે ફરમાવ્યું : ''ઊઠો, જાઓ, અલ્લાહ તઆલાએ (તમારા ગુનાહ) માફ કરી દીધા.'' (હિસ્ન)

(૨૫) હિફાઝતનો ખાસ અમલ

નીચે દર્શાવેલાં કલિમાત સવાર–સાંજ એક એક વાર પઢી લેવામાં આવે તો જિન્નાત અને ઈન્સાનથી હિફાઝત થાય છે :

اَعُوْذُ بِكَلِمَاتِ اللّٰهِ التَّآمَّةِ مِنْ غَضَبِهٖ
وَعِقَابِهٖ وَشَرِّ عِبَادِهٖ وَمِنْ هَمَزَاتِ الشَّيَاطِيْنِ
وَ اَنْ يَّحْضُرُوْنِ ط

અર્થ : અલ્લાહ તઆલાનાં સઘળાં કલિમાતના વાસ્તાથી હું તેના ક્રોધકોપથી અને તેના અઝાબથી અને તેના બંદાઓની બુરાઈથી અને શયતાનોના વસવસાઓથી અને મારી પાસે તેમના (શયતાનોના) હાજર થવાથી પનાહ માગું છું. (હિસ્ન)

●●●

سُبْحَانَ اللّٰهِ وَ بِحَمْدِهٖ، سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط

(૨૬) જાનમાલ અને પરિવારની હિફાઝત માટેનો અમલ

એક સહાબી (રદિ.)એ અરજ કરી : યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! મને પોતાના જાન, પોતાની અવલાદ, પોતાના પરિવારજનો અને પોતાના માલ વિશે (સદા) ભય રહ્યા કરે છે. આપે ઇરશાદ ફરમાવ્યો : સવાર–સાંજ આ દુઆ પઢી લો :

بِسْمِ اللّٰهِ عَلٰى دِيْنِىْ وَنَفْسِىْ وَوَلَدِىْ وَاَهْلِىْ وَمَالِىْ ط

બિસ્મિલ્લાહિ અલા દીની વ નફ્સી વ વ-લદી વ અહ્લી વ માલી.

અર્થ : અલ્લાહ તઆલાના નામની બરકત થાય મારા દીનધર્મ, મારા જાન, મારી અવલાદ, મારા પરિવારજનો અને મારા માલ પર.

થોડા દિવસ પછી આ સહાબી આવ્યા તો આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ પૂછયું : હવે શું હાલ છે ? અરજ કરી : કસમ છે તે ઝાતની, જેણે આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને સત્યની સાથે નબી બનાવીને મોકલ્યા છે, મારો બધો જ ખૌફ દૂર થઈ ગયો છે. (કન્ઝુલ ઉમ્માલ : ૨/૨૩૬)

(૨૭) મુશ્કેલ કામની આસાની માટે અને સંકટ સમયે પઢવાની દુઆ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط

اَللّٰهُمَّ لَا سَهْلَ اِلَّا مَا جَعَلْتَهٗ سَهْلًا وَّاَنْتَ

تَجْعَلُ الْحَزْنَ سَهْلًا اِذَا شِئْتَ ط

અર્થ : હે અલ્લાહ ! કોઇ પણ કામ આસાન નથી. સિવાય કે જેને તું આસાન કરી દે અને જ્યારે તું ચાહે છે ત્યારે પથરીલી જમીન (મુશ્કેલ કામો)ને પણ નરમ અને હમવાર (સપાટ) કરી દે છે. (હિસ્ને હસીન)

(૨૮) ઝુલ્મ, આફત, મુસીબત, જાદૂ અને શયતાનની શરારતથી હિફાઝતની દુઆ

નીચે દર્શાવેલી દુઆ હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ પોતાના ખાસ ખાદિમ હઝરત અનસ ઇબ્ને માલિક (રદિ.)ને અચાનક આવી પડતી મુસીબતો અને દુર્ઘટનાઓથી બચવા માટે શિખવાડી હતી. આ દુઆની બરકતથી તેઓ દરેક પ્રકારના ઝુલ્મ–સિતમ અને ફિત્નાઓથી મહફૂઝ રહ્યા. ઘણા સહાબએ કિરામ (રદિ.)નો આ મા'મૂલ (નિત્યક્રમ) રહ્યો હતો. સવાર–સાંજ એક વખત આ દુઆ પઢયા કરો. ઝાલિમના ઝુલ્મથી, જાદૂગરના જાદૂથી, શયતાનની શરારતથી અલ્લાહ તઆલા હિફાઝત ફરમાવશે અને કોઇ પ્રકારની તકલીફ અને આફત પહોંચશે નહિ, ઇન્શા અલ્લાહ..... દુઆ આ પ્રમાણે છે :

بِسْمِ اللّٰهِ وَالْحَمْدُلِلّٰهِ، مُحَمَّدٌرَّسُوْلُ اللّٰهِ، لَاقُوَّةَ اِلَّا بِاللّٰهِ، بِسْمِ اللّٰهِ عَلٰى دِيْنِىْ وَنَفْسِىْ، بِسْمِ اللّٰهِ عَلٰى اَهْلِىْ وَمَالِىْ، بِسْمِ اللّٰهِ عَلٰى كُلِّ شَىْءٍ اَعْطَانِيْهِ رَبِّىْ، بِسْمِ اللّٰهِ خَيْرِالْاَسْمَاءِ، بِسْمِ اللّٰهِ رَبِّ الْاَرْضِ وَالسَّمَآءِ، بِسْمِ اللّٰهِ الَّذِىْ لَايَضُرُّمَعَ اِسْمِهٖ دَاءٌ، بِسْمِ اللّٰهِ افْتَتَحْتُ وَ

عَلَى اللّٰهِ تَوَكَّلْتُ، لَاقُوَّةَ اِلَّابِاللّٰهِ، لَاقُوَّةَ اِلَّابِاللّٰهِ، لَا قُوَّةَ اِلَّابِاللّٰهِ، اَللّٰهُ اَكْبَرُ، اَللّٰهُ اَكْبَرُ، اَللّٰهُ اَكْبَرُ، لَآاِلٰهَ اِلَّااللّٰهُ الْحَلِيْمُ الْكَرِيْمُ، لَآاِلٰهَ اِلَّااللّٰهُ الْعَلِيُّ الْعَظِيْمُ، تَبَارَكَ اللّٰهُ رَبُّ السَّمٰوٰتِ السَّبْعِ وَرَبُّ الْعَرْشِ الْعَظِيْمِ، وَرَبُّ الْاَرْضِيْنَ، وَمَا بَيْنَهُمَا، وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ، عَزَّ جَارُكَ وَجَلَّ ثَنَاؤُكَ، وَلَآاِلٰهَ غَيْرُكَ، اِجْعَلْنِيْ فِيْ جَوَارِكَ مِنْ شَرِّ كُلِّ ذِيْ شَرٍّ، وَّمِنْ شَرِّالشَّيْطَانِ الرَّجِيْمِ، اِنَّ وَلِيِّيَ اللّٰهُ الَّذِيْ نَزَّلَ الْكِتَابَ وَهُوَ يَتَوَلَّى الصَّالِحِيْنَ، فَاِنْ تَوَلَّوْا فَقُلْ حَسْبِيَ اللّٰهُ، لَآاِلٰهَ اِلَّاهُوَ، عَلَيْهِ تَوَكَّلْتُ وَهُوَرَبُّ الْعَرْشِ الْعَظِيْمِ ط

(અલ્લામહ જલાલુદ્દીન સુયૂતી રહ. કૃત ''જમ્ઉલ જવામિઅ્'', ''તારીખે ઈબ્ન અસાકિર'', અબુશ્શૈખ રહ. કૃત ''કિતાબુસ્વાબ'', શૈખ અબ્દુલ હક મુહદ્દિસ રહ. કૃત ''ઈસ્તીનાસુ અન્વારિલ્ કબ્સિ ફી શર્હિ દુઆઇ અનસ'', સંદર્ભ : '' આપકે મસાઈલ ઔર ઉન્કા હલ'' : ૮/૨૩૩–૨૩૪, ''કન્ઝુલ ઉમ્માલ'' : ભાગ–૨, પેજ : ૨૮૨/૨૮૩)

(૨૯) રોઝીની વિશાળતા માટે મુજર્રબ અમલ

હઝરત મવલાના શાહ અબ્દુલ ગની ફૂલપૂરી (રહ.)એ

ફરમાવ્યું કે, હઝરત હાજી ઇમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કી (રહ.)થી મન્કૂલ છે કે, જે માણસ સવારે સિત્તેર વખત પાબંદીથી આ (નીચે વર્ણવેલી) આયત પઢયા કરશે, તો તે રોઝીની તંગીથી મહફૂઝ રહેશે. ફરમાવ્યું : આ બહુ મુજર્રબ (અનુભવસિદ્ધ) અમલ છે :

اَللّٰهُ لَطِيْفٌۢ بِعِبَادِهٖ يَرْزُقُ مَنْ يَّشَآءُ ۚ وَهُوَ الْقَوِيُّ الْعَزِيْزُ ﴿١٩﴾ (سورۃ الشوریٰ ۴۲:۱۹)

(મઆરિફુલ કુર્આન : ૭/૬૮૭)

(30) દરેક પ્રકારની પરેશાનીથી છુટકારો

બુખારી શરીફ અને મુસ્લિમ શરીફમાં છે કે, હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને જ્યારે કોઇ બેચેની અને પરેશાનીનો સામનો કરવો પડતો, તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ આ દુઆ પઢતા હતા :

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ الْعَظِيْمُ الْحَلِيْمُ ط لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ رَبُّ الْعَرْشِ الْعَظِيْمِ ط لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ رَبُّ السَّمٰوٰتِ وَرَبُّ الْاَرْضِ وَرَبُّ الْعَرْشِ الْكَرِيْمِ ط

ઇમામ તબરી (રહ.)એ ફરમાવ્યું કે, સલફે સાલિહીન (પૂર્વજ બુઝુર્ગો) આ દુઆને "દુઆએ કર્બ" તરીકે ઓળખતા હતા અને મુસીબત તથા પરેશાની વખતે આ કલિમાત પઢીને દુઆ માંગતા રહેતા હતા. (કુર્તુબી, મઆરિફુલ કુર્આન : ૪/૫૧૧)

(૩૧) જાની અને માલી દુર્ઘટનાઓથી બચવાનો વઝીફો

હઝરત તલક ઈબ્ને હબીબ (રહ.) ફરમાવે છે કે એક માણસ હઝરત અબુ દરદાઅ્ (રદિ.)ની ખિદમતમાં હાજર થયા અને અરજ કરી કે, ''આપનું મકાન સળગી ગયું છે.'' આપે ફરમાવ્યું : ''સળગ્યું નથી.'' પછી બીજા માણસે આ જ સમાચાર સંભળાવ્યા. આપે ફરમાવ્યું : ''સળગ્યું નથી.'' પછી બીજા એક માણસે આવીને કહ્યું : ''હે અબુ દરદાઅ્ ! આગની જવાળાઓ અને આગના લપકારા બહુ જ બુલંદ થયા; પરંતુ જ્યારે આપના મકાન સુધી આગ પહોંચી તો આગ હોલવાઈ ગઈ.'' આપે ફરમાવ્યું : ''હું સારી પેઠે જાણતો હતો કે, અલ્લાહ તઆલા એવું કંઈ કરશે નહિ (કે જેથી મરું મકાન સળગી ઊઠે), કારણ કે મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી સાંભળ્યું છે કે, જે માણસ સવારના સમયે આ (નિમ્ન લિખિત) કલિમાત પઢી લેશે, તો સાંજ સુધી એને કોઈ મુસીબત પહોંચશે નહિ અને સાંજના સમયે આ કલિમાત પઢી લેશે, તો સવાર સુધી એને કોઈ મુસીબત પહોંચશે નહિ'' (મેં સવારે આ કલિમાત પઢયા હતા, એ કારણે મને યકીન હતું કે મારું મકાન સળગી શકશે નહિ). તે કલિમાત આ પ્રમાણે છે :

اَللّٰهُمَّ اَنْتَ رَبِّیْ لَآاِلٰهَ اِلَّااَنْتَ عَلَیْکَ تَوَکَّلْتُ وَاَنْتَ رَبُّ الْعَرْشِ الْکَرِیْمِ ط مَاشَآءَاللّٰهُ کَانَ وَمَالَمْ یَشَأْلَمْ یَکُنْ وَلَاحَوْلَ وَلَاقُوَّةَ اِلَّابِاللّٰهِ الْعَلِیِّ الْعَظِیْمِ ط أَعْلَمُ اَنَّ اللّٰهَ عَلٰی کُلِّ شَیْءٍقَدِیْرٌ ط

وَّاَنَّ اللّٰهَ قَدْ اَحَاطَ بِكُلِّ شَیْءٍ عِلْمًا ط اَللّٰهُمَّ اِنِّیْ
اَعُوْذُبِكَ مِنْ شَرِّ نَفْسِیْ وَمِنْ شَرِّ كُلِّ دَآبَّةٍ اَنْتَ
اٰخِذٌ بِنَاصِیَتِهَا اِنَّ رَبِّیْ عَلٰی صِرَاطٍ مُّسْتَقِیْمٍ ط

(દયલમી, સંદર્ભ : કન્ઝુલ ઉમ્માલ : ૨/૧૬૨–૧૬૩, નવવી કૃત "ઈબ્નુસ્સુન્ની", સંદર્ભ : અલ અઝકાર : ૭૫)

(૩૨) એક મુફીદ દુઆ

اَللّٰهُمَّ عَافِنِیْ فِیْ بَدَنِیْ اَللّٰهُمَّ عَافِنِیْ فِیْ سَمْعِیْ
اَللّٰهُمَّ عَافِنِیْ فِیْ بَصَرِیْ لَآ اِلٰهَ اِلَّا اَنْتَ ط

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ આ દુઆને સવાર–સાંજ ત્રણ–ત્રણ વાર પઢતા રહેતા હતા. (અબૂ દાવૂદ)

(૩૩) નઝરે બદથી હિફાઝત

હઝરત અનસ ઈબ્ને માલિક (રદિ.)થી મરફૂઅન્ રિવાયત છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું :

જે માણસ કોઈ ચીજને જુએ અને તે ચીજ તેને સારી લાગે અને પછી તે

مَا شَآءَ اللّٰهُ لَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ ط

"મા શાઅલ્લાહુ લા કુવ્વ–ત ઈલ્લા બિલ્લાહ"

પઢી લે, તો એ ચીજને નઝરે બદ (બૂરી નજર) લાગશે નહિ.

(ઈબ્નુસ્સુન્ની, તોહ્ફ–એ –હુફ્ફાઝ : ૩૫૬, ફઝાઈલે હુફ્ફાઝે કુર્આન : ૧/૧૦૦૧)

(૩૪) જો કોઈ વ્યક્તિ પગમાં દર્દ હોય તો નીચે દર્શાવેલી દુઆ સાત (૭) વાર પઢીને દમ કરે :

بِسْمِ اللّٰهِ وَبِاللّٰهِ اَعُوْذُ بِعِزَّةِ اللّٰهِ
وَقُدْرَتِهٖ مِنْ شَرِّ مَا فِيْهَا ط

(હયાતુસ્સહાબા : ભાગ–૨)

(૩૫) દરેક ભલાઈથી માલામાલ–સંપન્ન

ખૂબ નાની–ટૂંકી (દુઆ) પરંતુ ખૂબ લાભદાયક છે. આ (દુઆ) પઢનાર ઈન્શા અલ્લાહ દરેક પ્રકારની ભલાઈથી માલામાલ–સંપન્ન થઈ જશે. દુઆ આ પ્રમાણે છે :

يَا بَدِيْعَ الْعَجَائِبِ بِالْخَيْرِ يَا بَدِيْعُ ط

યા બદીઅલ્ અજાઈબિ બિલ્ ખયરિ યા બદીઉ.

અર્થ : હે અનોખી વસ્તુઓને ભલાઈના સાથે પેદા કરનાર ! હે નવી વસ્તુઓને પેદા કરનાર ! (ઝખીરએ આખિરત)

(૩૬) માં–બાપ માટે ખૈર–ભલાઈની દુઆ

નીચે દર્શાવેલ આયતમાં માં–બાપ માટે દુઆ માગવાની રીત શીખવી છે. એમના માટે આ રીતે દુઆ માગો :

رَبِّ ارْحَمْهُمَا كَمَا رَبَّيٰنِيْ صَغِيْرًا ط (بنی اسرائیل ۱۷:۲۴)

રબ્બિર્ હમ્હુમા કમા રબ્બયાની સગીરા.

(સૂરએ બની ઈસ્રાઈલ, રુકૂઅ ૩)

અર્થ : હે પરવરદિગાર ! એમના પર (માં–બાપ પર) રહમ–દયા ફરમાવ, જેમ કે એમણે મને બાળપણથી પાલવ્યો.

(ઝખીરએ આખિરત)

(૩૭) કુટુંબના પરહેઝગાર થવા માટે અને પોતાને પરહેઝગારીના ઉચ્ચ દરજ્જા પર પહોંચાડવા માટેની દુઆ

પોતાના કુટુંબના પરહેઝગાર થવા માટે અને પોતાને તકવા–પરહેઝગારીના ઉચ્ચ દરજ્જા પર પહોંચાડવા માટેની દુઆ :

رَبَّنَا هَبْ لَنَا مِنْ اَزْوَاجِنَا وَذُرِّيّٰتِنَا قُرَّةَ اَعْيُنٍ
وَّاجْعَلْنَا لِلْمُتَّقِيْنَ اِمَامًا ﴿۷۴﴾ (الفرقان ۲۵:۷۴)

રબ્બના હબ્લના મિન્ અઝ્વાજિના વઝુર્રિય્યાતિના કુર્ર–ત અઅ્યુનિંવ્ વજ્અલ્ના લિલ્ મુત્તકી–ન ઈમામા.

(અલ્ ફુરકાન, આયત ૭૪)

(૩૮) રોઝીની વૃદ્ધિનો અમલ

જનાબ રસૂલે મકબૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જે વ્યક્તિ ઈસ્તિગફારનો વઝીફો હંમેશા પઢતો રહેશે, તો અલ્લાહ તઆલા એને દરેક પ્રકારના કષ્ટ–તાણથી સુરક્ષિત રાખે છે અને એવી જગ્યાએથી રોઝી આપે છે, જ્યાંથી તેને વહેમ પણ ન હોય.

(અબૂ દાવૂદ, નસાઈ)

ઈસ્તિગફાર આ છે :

اَسْتَغْفِرُ اللّٰهَ رَبِّيْ مِنْ كُلِّ ذَنْبٍ
اَذْنَبْتُهٗ وَاَتُوْبُ اِلَيْهِ ط

અસ્તગ્ફિરુલ્લા-હ રબ્બી મિન્ કુલ્લિ ઝમ્બિન્
અઝ્નબ્તુહૂ વ અતૂબુ ઇલય્હ.

(૩૯) દીન ઉપર અડગ રહેવાની દુઆ

يَا مُقَلِّبَ الْقُلُوْبِ ثَبِّتْ قَلْبِىْ عَلٰى دِيْنِكَ ط

યા મુકલ્લિબલ્ કુલૂબિ સબ્બિત્ કલ્બી અલા દીનિક.

અર્થ : હે દિલોના પલટનાર ઝાત ! મારા દિલને પોતાના દીન પર જમાવી દે.

(તિરમિઝી, નસાઈ, હાકિમ, અહમદ, અબૂ યઅ્લા)

(૪૦) ઇસ્લામ ઉપર મૃત્યુ થવાની દુઆ

આ હઝરત યૂસુફ (અલૈ.)ની છેલ્લી દઆ છે :

فَاطِرَ السَّمٰوٰتِ وَ الْاَرْضِ قف اَنْتَ وَلِيّٖ فِى
الدُّنْيَا وَالْاٰخِرَةِ ج تَوَفَّنِىْ مُسْلِمًا وَّ اَلْحِقْنِىْ
بِالصّٰلِحِيْنَ ۝ (يوسف ١٢:١٠١)

ફાતિરસ્સમાવાતિ વલ્ અર્દિ, અન્ત વલિય્યી ફિદ્ દુન્યા વલ્ આખિરતિ તવફ્ફની મુસ્લિમંવ્ વ અલ્હિક્ની બિસ્સાલિહીન.

(સૂરએ યૂસુફ, પા. ૧૩, રુકૂઅ ૧૧)

અર્થ : હે આસમાન અને જમીનને પેદા કરનાર ! દુનિયા અને આખિરતમાં તું જ મારો રફીક-સાથી છે. તું મને પોતાની ફરમાંબરદારીની હાલતમાં (દુનિયાથી) ઉઠાવી લે અને મને પોતાના નેક બંદાઓમાં શામિલ ફરમાવ.

(૪૧) દરેક પ્રકારની ભલાઈની દુઆ

اَللّٰهُمَّ لَا تَدَعْ لَنَا ذَنْبًا اِلَّا غَفَرْتَهٗ وَلَا هَمًّا اِلَّا فَرَّجْتَهٗ وَلَا دَيْنًا اِلَّا قَضَيْتَهٗ وَلَا حَاجَةً مِّنْ حَوَائِجِ الدُّنْيَا وَالْاٰخِرَةِ هِيَ لَكَ رِضًا اِلَّا قَضَيْتَهَا يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ ط

અલ્લાહુમ્મ લા તદઅ્ લના ઝમ્બન્ ઈલ્લા ગફર્તહૂ વલા હમ્મન્ ઈલ્લા ફર્જ્તહૂ વલા દય્નન્ ઈલ્લા કદય્તહૂ વલા હાજતમ્ મિન્ હવાઈજિદ્ દુન્યા વલ્ આખિરતિ ઈલ્લા કદય્તહા યા અરહમર્રાહિમીન.

અર્થ : હે અલ્લાહ ! અમારો કોઈ ગુનાહ માફ કર્યા વગર અને કોઈ ફિક્ર–ચિંતા દૂર કર્યા વગર અને કોઈ કર્ઝ–દેણું અદા કર્યા વગર ન છોડ. હે તમામ રહમ–દયા કરનારાઓથી વધીને રહમ કરનાર ! (તબરાની ફીલ કબીર, વ ફી કિતાબિદ્દુઆ અન અનસિન રદિ.)

(૪૨) મગફિરતની દુઆ

رَبِّ اغْفِرْ وَارْحَمْ وَاَنْتَ خَيْرُ الرّٰحِمِيْنَ ۝١١٨ (المؤمنون٢٣:١١٨)

રબ્બિગ્ ફિર્ વર્હમ્ વ અન્ત ખય્રુર્રાહિમીન.

(ઝખીરએ આખિરત)

અર્થ : હે અલ્લાહ ! મારી મગફિરત ફરમાવ અને મારી ઉપર રહમ–દયા કર અને તું સૌથી વધુ રહમ કરનાર છે.

(૪૩) દાઝેલા ઉપર આ દુઆ પઢીને દમ કરે

اَذْهِبِ الْبَأْسَ رَبَّ النَّاسِ اِشْفِ
اَنْتَ الشَّافِيْ لَا شَافِيَ اِلَّا اَنْتَ ط

અઝ્હિબિલ્ બઅ્સ રબ્બન્નાસિ ઈશ્ફિ અન્તશ્શાફી લા શાફી ઈલ્લા અન્ત.

અર્થ : હે સમગ્ર ઈન્સાનોના પરવરદિગાર ! તકલીફ દૂર ફરમાવ, તું શિફા આપ (કારણ કે) તારા સિવાય કોઈ શિફા આપનાર નથી.

(નસાઈ, અહમદ અન્ મુહમ્મદ બિન હાતિબ, હિસ્ન : ૩૭૮)

(૪૪) શયતાનની શરારત-દુષ્ટતા તથા લકવાથી સુરક્ષિત રહેશે

જે માણસ નીચે દર્શાવેલ આયત સૂતી વખતે પઢશે તો લકવા અને શયતાનની દુષ્ટતા–શરારતથી સુરક્ષિત રહેશે. (ઝખીરએ આખિરત ઉર્દૂ, પેજ–૨૩૩)

اِنَّ رَبَّكُمُ اللّٰهُ الَّذِيْ خَلَقَ السَّمٰوٰتِ
وَالْاَرْضَ فِيْ سِتَّةِ اَيَّامٍ ثُمَّ اسْتَوٰى عَلَى
الْعَرْشِ قف يُغْشِي الَّيْلَ النَّهَارَ يَطْلُبُهٗ حَثِيْثًا لا وَّ
الشَّمْسَ وَالْقَمَرَ وَالنُّجُوْمَ مُسَخَّرٰتٍ بِاَمْرِهٖ ط
اَلَا لَهُ الْخَلْقُ وَالْاَمْرُ ط تَبٰرَكَ اللّٰهُ رَبُّ
الْعٰلَمِيْنَ ۝٥٤ (الاعراف ۷:۵۴)

(૪૫) વિવિધ બીમારીઓના નિવારણ માટે

જો કોઈ માણસ પર શંકા હોય કે એનું દિમાગી સંતુલન બગડી રહ્યું છે અથવા પોતાની હાલત–દશા લથડી રહી છે અથવા શંકા હોય કે કોઈએ એના પર કંઈક (જાદૂ) કરી દીધું છે, તો નીચે દર્શાવેલ આયત એકતાલીસ (૪૧) વાર પઢી પાણી પર દમ કરી પિવડાવે. આયત નીચે પ્રમાણે છે : (ઝખીરએ આખિરત ઉર્દૂ, પેજ–૨૪૫)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

ذِيْ قُوَّةٍ عِنْدَ ذِي الْعَرْشِ مَكِيْنٍ ۙ﴿۲۰﴾
مُّطَاعٍ ثَمَّ اَمِيْنٍ ﴿۲۱﴾ وَمَا صَاحِبُكُمْ بِمَجْنُوْنٍ ۚ﴿۲۲﴾
وَلَقَدْ رَاٰهُ بِالْاُفُقِ الْمُبِيْنِ ۚ﴿۲۳﴾ وَمَا هُوَ عَلَى
الْغَيْبِ بِضَنِيْنٍ ۚ﴿۲۴﴾ وَمَا هُوَ بِقَوْلِ شَيْطٰنٍ
رَّجِيْمٍ ۙ﴿۲۵﴾ فَاَيْنَ تَذْهَبُوْنَ ﴿۲۶﴾ اِنْ هُوَ اِلَّا ذِكْرٌ
لِّلْعٰلَمِيْنَ ۙ﴿۲۷﴾ لِمَنْ شَآءَ مِنْكُمْ اَنْ يَّسْتَقِيْمَ ﴿۲۸﴾
وَمَا تَشَآءُوْنَ اِلَّآ اَنْ يَّشَآءَ اللّٰهُ رَبُّ
الْعٰلَمِيْنَ ﴿۲۹﴾ (التكوير ۸۱:۲۰-۲۹)

(૪૬) ઉમ્ર, રોઝીમાં બરકત તથા દુશ્મન ઉપર વર્ચસ્વ પામવા વગેરેની દુઆ

સવાર–સાંજ ત્રણ વખત આ કલિમાત પઢયા કરે :

سُبْحَانَ اللّٰهِ مِلْأَ الْمِيْزَانِ وَمَبْلَغَ الْعِلْمِ
وَمُنْتَهَى الرِّضَا وَزِنَةَ الْعَرْشِ ط

સુબ્હાનલ્લાહિ મિલ્અલ્ મીઝાનિ વ મબ્લગલ્ ઈલ્મિ વ મુન્તહર્રિદા વ ઝિનતલ્ અર્શ.

(૪૭) જાદૂ વગેરેની અસર ખતમ કરવા માટેની આયત

જો કોઈને શંકા હોય કે આના પર જાદૂ કરવામાં આવ્યું છે અથવા એવી નિશાનીઓ સ્પષ્ટ થઈ રહી હોય, તો જાદૂની અસર ખતમ કરવા માટે અગિયાર દિવસ સુધી નીચે દર્શાવેલ આયત સો (૧૦૦) વખત પઢીને પોતાના ઉપર દમ કરી દે. આ દુઆ દરમિયાન કોઈ બીજો અમલ ન પઢે :

قُلْنَا لَا تَخَفْ اِنَّكَ اَنْتَ الْاَعْلٰى ﴿٦٨﴾ وَاَلْقِ مَا فِيْ
يَمِيْنِكَ تَلْقَفْ مَا صَنَعُوْا ط اِنَّمَا صَنَعُوْا كَيْدُ
سٰحِرٍ ط وَلَا يُفْلِحُ السّٰحِرُ حَيْثُ اَتٰى ﴿٦٩﴾

(طٰهٰ ٢٠:٦٨-٦٩)

કુલ્ના લા તખફ્ ઈન્ન-ક અન્તલ્ અઅ્લા. વ અલ્કિ મા ફી યમીનિ-ક તલ્કફ્ મા સ-નઉ. ઈન્નમા સ-નઉ કય્દુ સાહિરિન્ વલા યુફ્લિહુસ્સાહિરુ હય્સુ અતા.

(પા. ૧૬, સૂ. તા-હા, આ. ૬૮-૬૯, ઝખીર-એ-આખિરત)

(૪૮) દુઆએ નબવી (સલ.)

اَللّٰهُمَّ اقْذِفْ فِيْ قَلْبِيْ رَجَاءَكَ وَاقْطَعْ رَجَائِيْ
عَمَّنْ سِوَاكَ حَتّٰى لَااَرْجُوْااَحَدًا غَيْرَكَ اَللّٰهُمَّ
مَاضَعُفَتْ عَنْهُ قُوَّتِيْ وَقَصُرَعَنْهُ عَمَلِيْ وَلَمْ تَنْتَهِ
اِلَيْهِ رَغْبَتِيْ وَلَمْ تَبْلُغْهُ مَسْئَلَتِيْ وَلَمْ يَجْرِ عَلٰى
لِسَانِيْ مِمَّا اَعْطَيْتَ اَحَدًامِّنَ الْاَوَّلِيْنَ وَالْاٰخِرِيْنَ
مِنَ الْيَقِيْنِ فَخَصِّنِيْ بِهٖ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ ط

અલ્લાહુમ્મક્ ઝિફ્ ફી કલ્બી રજા-અ-ક વક્તઅ્ રજાઈ અમ્મન્ સિવા-ક હત્તા લા અરૂજૂ અ-હ-દન્ ગય્-ર-ક. અલ્લાહુમ્મ મા ઝઉફત્ અન્હૂ કુવ્વતી વ કસુ-ર અન્હુ અ-મ-લી, વ લમ્ તન્તહિ ઈલય્હિ રગ્બતી, વ લમ્ તબ્લુગ્હુ મસ્અ-લ-તી, વ લમ્ યજ્રિ અલા લિસાની મિમ્મા અઅ્તય્-ત અ-હ-દમ્ મિનલ્ અવ્વલી-ન વલ્ આખિરી-ન મિનલ્ યકીનિ ફ-ખસ્સિની બિહી યા અરહમ રાહિમીન. ('નૂરુલ અબ્સાર', 'તારીખુલ ખુલફાઅ્')

(૪૯) દુઆ

اَللّٰهُمَّ اَحْسِنْ عَاقِبَتَنَافِي الْاُمُوْرِ كُلِّهَا وَاَجِرْنَا
مِنْ خِزْيِ الدُّنْيَاوَعَذَابِ الْاٰخِرَةِ ط

અલ્લાહુમ્મ અહ્સિન્ આકિ-બ-તના ફિલ્ઉમૂરિ કુલ્લિહા
વ અજિર્ના મિન્ ખિઝ્યિદુન્યા વ અઝાબિલ્ આખિરહ્.

અર્થ : હે અલ્લાહ ! અમારાં તમામ કામોનો અંજામ બેહતર ફરમાવ અને અમને દુનિયાના અપમાન અને આખિરતના અઝાબથી પનાહ અતા ફરમાવ. (અલ્ હિઝ્બ : ૬૦)

(૫૦) યા અલ્લાહ ! મને એવો બંદો બનાવી લે

اَللّٰهُمَّ اجْعَلْنِیْ اُعَظِّمُ شُكْرَكَ وَاُكْثِرُ ذِكْرَكَ
وَاَتَّبِعُ نَصِيْحَتَكَ وَاَحْفَظُ وَصِيَّتَكَ ط

અલ્લાહુમ્મજ્અલ્ની ઉઅઝ્ઝિમુ શુક્ર-ક વ ઉક્ષિરુ ઝિક્ર-ક
વ અત્તબિઉ નસીહ-ત-ક વ અહ્ફઝુ વસિય્ય-ત-ક.

અર્થ : હે અલ્લાહ ! મને તું એવો બંદો બનાવી લે કે તારો શુક્ર કર્યા કરું, તારી યાદ (ઝિક્ર) કર્યા કરું અને તારી નસીહતને માનું અને તારા હુકમને યાદ રાખું. (અલ્ હિઝ્બ : ૭૬)

(૫૧) અલ્લાહુમ્મ ઈન્ન કુલૂ-બના....

اَللّٰهُمَّ اِنَّ قُلُوْبَنَا وَنَوَاصِيَنَا وَجَوَارِحَنَا بِيَدِكَ
لَمْ تُمَلِّكْنَا مِنْهَا شَيْئًا فَاِذَا فَعَلْتَ ذٰلِكَ بِنَا فَكُنْ
اَنْتَ وَلِيُّنَا وَاهْدِنَا اِلٰى سَوَآءِ السَّبِيْلِ ط

અલ્લાહુમ્મ ઈન્ન કુલૂ-બના વ નવાસિ-યના વ જવારિ-હના
બિ-યદિ-ક, લમ્ તુમલ્લિક્ના મિન્હા શય્આ. ફ-ઈઝા

ફઅલ્ત ઝાલિ-ક બિના ફ-ફુન્ અન્ત વલિય્યુના વહ્દિના ઈલા સવાઈસ્સબીલ.

અર્થ : હે અલ્લાહ ! અમારાં દિલ, અમારી પેશાનીઓ અને અમારા તમામ અવયવો તારા જ અંકુશમાં છે. એમના પૈકી કોઈના પણ તેં અમને માલિક બનાવ્યા નથી. બસ, જ્યારે તેં અમને આવા લાચાર પેદા ફરમાવ્યા છે, તો હવે તું જ અમારો કારસાઝ (કાર્યસાધક) બની જા અને અમને સીધા રસ્તાની હિદાયત ફરમાવ. (અલ્ હિઝ્બ : ૭૭)

(૫૨) પાંચ અહમ ચીજો માટે દુઆ

اَللّٰهُمَّ اِنِّیْۤ اَسْئَلُکَ الصِّحَّةَ وَالْعِفَّةَ وَالْاَمَانَةَ وَحُسْنَ الْخُلُقِ وَالرِّضَا بِالْقَدَرِ ط

અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલુ-ક સ્સિહ્હ-ત વલ્ઈફ્ફ-ત વલ્અમા-ન-ત વ હુસ્નલ્ ખુલુકિ વર્રિઝા બિલ્કદર.

અર્થ : હે અલ્લાહ ! હું તારાથી તંદુરસ્તી, પાકદામની, અમાનતદારી, સારા અખ્લાક અને તકદીર પર રાજી રહેવાનો સવાલ કરું છું. (અલ્ હિઝ્બ : ૭૭)

(૫૩) તવક્કુલ, હિદાયત અને નુસરતની દુઆ

اَللّٰهُمَّ اجْعَلْنِیْ مِمَّنْ تَوَكَّلَ عَلَيْکَ فَكَفَيْتَهٗ وَاسْتَهْدَاکَ فَهَدَيْتَهٗ وَاسْتَنْصَرَکَ فَنَصَرْتَهٗ ط

અલ્લાહુમ્મજ્અલ્ની મિમ્મન્ ત-વ-કક-લ અલય્ક ફ-કફય્તહૂ વસ્તહ્દા-ક ફ-હદય્તહૂ વસ્તન્સ-ર-ક ફ-નસર્તહૂ.

(મુફીદ દુઆઓંકા ગુલદસ્તા, પેજ-૧૩૦ પ્રકાશન નં. ૩૫૮, દા.ઉ. કંથારીઆ)

(૫૪) વસવસાઓને ખૌફે ઈલાહીમાં ફેરવવાની દુઆ

اَللّٰهُمَّ اجْعَلْ وَسَاوِسَ قَلْبِیْ خَشْیَتَکَ وَ ذِکْرَکَ وَاجْعَلْ هِمَّتِیْ وَهَوَایَ فِیْمَا تُحِبُّ وَتَرْضٰی ط

અલ્લાહુમ્મજ્અલ્ વસાવિ-સ કલ્બી ખશ્ય-ત-ક વ ઝિક્ર-ક વજ્અલ્ હિમ્મતી વ હવા-ય ફીમા તુહિબ્બુ વ તર્દા.

(મુફીદ દુઆઓંકા ગુલદસ્તા, પેજ-૧૩૧)

(૫૫) રાતે યા દિવસે આ કલિમાત જરૂર પઢે અને અલ્લાહથી પોતાની હાજતની દુઆ માંગે

اَللّٰهُمَّ اِنِّیْ اَسْاَلُکَ صِحَّةً فِیْ اِیْمَانٍ، وَّاِیْمَانًا فِیْ حُسْنِ خُلُقٍ وَّنَجَاةً یَّتْبَعُهَا فَلَاحٌ، وَّرَحْمَةً مِّنْکَ وَعَافِیَةً وَّمَغْفِرَةً مِّنْکَ وَرِضْوَانًا ط

અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલુ-ક સિહ્હતન્ ફિ ઈમાનિંવ્ વ ઈમાનન્ ફી હુસ્નિ ખુલુકિંવ્ વ નજાતંય્ યત્બઉહા ફલાહુંવ્ વ રહ્મતમ્ મિન્ક વ આફિ-યતંવ્ વ મગ્ફિ-રતમ્ મિન્ક વ રિદ્વાના.

અર્થ : હે અલ્લાહ ! હું તારાથી સિહ્હતનો ઈમાનની સાથે અને ઈમાનનો સારા અખ્લાક સાથે અને એવી નજાતનો જેની સાથે (દુનિયા અને આખિરતની) ફલાહ હોય અને તારી રહમતનો અને આફિયતનો તથા તારી મગફિરત અને રઝામંદીનો સવાલ કરું છું. (તું મને આ સઘળી ચીજો અતા ફરમાવી દે.) (હિસ્ન : ૮૫)

(૫૬) તીવ્ર બીમારીથી છૂટકારો

સૂરએ મુઅ્મિનૂનની નીચે દર્શાવેલી અંતિમ આયતો ખાસ ફઝીલત ધરાવે છે :

أَفَحَسِبْتُمْ أَنَّمَا خَلَقْنَاكُمْ عَبَثًا وَّأَنَّكُمْ إِلَيْنَا لَا
تُرْجَعُونَ ﴿١١٥﴾ فَتَعَالَى اللَّهُ الْمَلِكُ الْحَقُّ ۖ لَا إِلَٰهَ إِلَّا هُوَ ۚ
رَبُّ الْعَرْشِ الْكَرِيمِ ﴿١١٦﴾ وَمَن يَدْعُ مَعَ اللَّهِ إِلَٰهًا آخَرَ ۙ
لَا بُرْهَانَ لَهُ بِهِ ۙ فَإِنَّمَا حِسَابُهُ عِندَ رَبِّهِ ۚ إِنَّهُ لَا
يُفْلِحُ الْكَافِرُونَ ﴿١١٧﴾ وَقُل رَّبِّ اغْفِرْ وَارْحَمْ وَأَنتَ
خَيْرُ الرَّاحِمِينَ ﴿١١٨﴾ (المؤمنون ٢٣:١١٥-١١٨)

બગ્વી અને સઅલબીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)થી રિવાયત કરી છે કે તેઓ એક બીમાર માણસ પાસેથી પસાર થયા, જે સખત બીમારીઓમાં સપડાયેલો હતો. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)એ તેના કાનમાં સૂરએ મુઅ્મિનૂનની ઉપરોક્ત આયતો પઢી દીધી, તો એ તે જ વખતે તંદુરસ્ત થઈ ગયો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)ને પૂછયું કે, આપે એના કાનમાં શું કહ્યું ? હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)એ

અરજ કરી કે આ (ઉપરોક્ત) આયતો પઢી છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : કસમ છે તે પવિત્ર ઝાતની કે જેના અંકુશમાં મારો પ્રાણ છે, જો યકીન ધરાવનારો કોઈ માણસ આ આયતોને પહાડ ઉપર પણ પઢશે તો તે પોતાના સ્થળેથી હટી અને હચમચી જશે.

(અબૂ યઅ્લા, કુર્તુબી, મઝહરી, મઆરિફુલ કુર્આન ૬/૩૨૮, તુહફ–એ–હુફ્ફાઝ : ૩૪૭)

(૫૭) બીમારી, તકલીફ અને નાદારીથી નજાત

હઝરત અબૂ હુરયરહ (રદિ.)નું બયાન છે કે, એક દિવસે હું રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના સથવારે બહાર નીકળ્યો. આપ (સલ.) એક એવા માણસ પાસેથી પસાર થયા, જે બહુ પરેશાન, ઉદાસ અને નાદાર હતા.

ફરમાવ્યું : હે સજ્જન ! તમારી બીમારી અને તંગદસ્તીમાં કેટલીક અશક્ય (કહી ન શકાય તેવી) પરિસ્થિતિ હું જોઈ રહ્યો છું ? શું તમને એવા કલિમાત ન શિખવાડી દઉં, જે તમારી આ બીમારી, તકલીફ અને તંગદસ્તીની હાલતને દૂર કરી દે ? આ કલિમાત પઢયા કરો :

تَوَكَّلْتُ عَلَى الْحَيِّ الَّذِىْ لَا يَمُوْتُ اَلْحَمْدُ لِلّٰهِ الَّذِىْ لَمْ يَتَّخِذْ وَلَدًا وَّلَمْ يَكُنْ لَّهٗ شَرِيْكٌ فِى الْمُلْكِ وَلَمْ يَكُنْ لَّهٗ وَلِىٌّ مِّنَ الذُّلِّ وَكَبِّرْهُ تَكْبِيْرًا ط

तवक्कल्तु अलल् हय्यिल्लज़ी ला यमूतु वल्हम्दु लिल्लाहिल्लज़ी लम् यत्तखिज़् व-लदंव् व लम् यकुल्लहू शरीकुन् फ़िल्मुल्कि व लम् यकुल्लहू वलिय्युम् मिनज़्ज़ुल्लि व कब्बिर्हु तक्बीरा.

પછી આપ (સલ.) ફરી એક વાર તશરીફ લઈ ગયા તો તેમને સારી હાલતમાં પામ્યા. ફરમાવ્યું : કેવી સારી હાલત છે.

તેમણે અરજ કરી : યા રસૂલલ્લાહ (સલ.) ! જ્યારથી આપે મને પેલા કલિમાત શિખવાડયા છે, હું બરાબર એનો વિર્દ (પઠન) કરતો રહું છું. (દૂરે મન્થૂર : ૫/૩૫૨, તિલાવતુ કુર્આનિલ મજીદ)

(૫૮) સંતાન-પ્રાપ્તિ માટે

اَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ ط بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط
اَلَّذِيْٓ اَحْسَنَ كُلَّ شَيْءٍ خَلَقَهٗ وَبَدَاَ خَلْقَ الْاِنْسَانِ مِنْ
طِيْنٍ ۝ ثُمَّ جَعَلَ نَسْلَهٗ مِنْ سُلٰلَةٍ مِّنْ مَّآءٍ مَّهِيْنٍ ۝ ثُمَّ
سَوّٰىهُ وَنَفَخَ فِيْهِ مِنْ رُّوْحِهٖ وَجَعَلَ لَكُمُ السَّمْعَ وَالْاَبْصَارَ
وَالْاَفْـِٕدَةَ ط قَلِيْلًا مَّا تَشْكُرُوْنَ ۝ (سورة السجدة ٣٢:٧-٩)

अल्लज़ी अह्स-न कुल्ल शय्इन् ख-ल-कहू व ब-द-अ खल्कल् ईन्सानि मिन् तीन. षुम्म ज-अ-ल नस्लहू मिन् सुलालतिम् मिम्माईम् महीन. षुम्म सव्वाहु व न-फ़-ख फ़ीहि मिर्रूहिही व ज-अ-ल लकुमुस्सम्अ वल् अब्सा-र वल् अफ़्इदह. कलीलम् मा तश्कुरून. (સૂરએ સિજ્દહ : ૭ થી ૯)

અર્થ : તેણે જે પણ વસ્તુ બનાવી છે તે સૌને ઘણી જ સરસ બનાવી અને તેણે ગારાથી માનવીના સર્જનની શરૂઆત કરી. પછી

તેની નસલને સત્ત્વ કાઢેલા તુચ્છ પાણીથી બનાવી, પછી તેને પૂર્ણ કર્યો અને તેની અંદર પોતાની રૂહ ફૂંકી દીધી અને તેમને કાન અને આંખો અને દિલ અર્પણ કર્યાં, (પણ) તમે બહુ જ થોડો શુક્ર કરો છો.

ફઝીલત : જો કોઈ વ્યક્તિ અવલાદની નેઅમતથી મહરૂમ હોય તો તે અલ્લાહ પર ભરોસો રાખી પુષ્કળ પ્રમાણમાં આ આયતનો વિર્દ કરે.

(૫૯) અવયવોની હિફાઝત માટે

اَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ ط بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط

فَاَقِمْ وَجْهَكَ لِلدِّيْنِ حَنِيْفًا ط فِطْرَتَ اللّٰهِ الَّتِيْ فَطَرَ النَّاسَ عَلَيْهَا ط لَا تَبْدِيْلَ لِخَلْقِ اللّٰهِ ط ذٰلِكَ الدِّيْنُ الْقَيِّمُ ۙ وَلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا يَعْلَمُوْنَ ۝ (الروم ٣٠:٣٠)

ફ-અકિમ્ વજ્હ-ક લિદ્દીનિ હનીફા. ફિત્રતલ્લાહિલ્લતી ફ-ત-રન્ના-સ અલય્હા. લા તબ્દી-લ લિ-ખલ્કિલ્લાહ. ઝાલિકદ્દીનુલ્ કય્યિમ્. વલાકિન્ન અક્ષરન્નાસિ લા યઅ્લમૂન.

(સૂરએ રૂમ : ૩૦)

અર્થ : માટે (હે નબી સલ. !) આપ એકાગ્ર થઈને પોતાનું મુખ આ દીનની તરફ રાખી કાયમ થઈ જાવ, એ ફિતરત પર જેના પર અલ્લાહે ઈન્સાનોને પેદા કર્યા છે. અલ્લાહની સર્જિત વસ્તુને બદલવી જોઈએ નહિ. આ જ સાચો દીન છે; પરંતુ ઘણા લોકો સમજતા નથી.

ફઝીલત : જે માણસ એવું ચાહતો હોય કે એના તમામ

અવયવો જીવનભર દુરૂસ્ત અને તંદુરસ્ત રહે તો તેણે આ આયતને દરરોજ ત્રણ વાર પઢીને પોતાના બદન પર દમ કરવો જોઈએ.

(આગળ–પાછળ દુરૂદ શરીફ અવશ્ય પઢવું.)

(૬૦) પ્રસૂતિની આસાની માટેનો અમલ

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી મવકૂફન્ રિવાયત છે કે આપે ઈરશાદ ફરમાવ્યો : જે સ્ત્રી માટે બાળકની પ્રસૂતિ (સુવાવડ) મુશ્કેલ થઈ પડે, તો તેને નીચે દર્શાવેલા કલિમાત અને આયાતને કોઈ કાગળ પર લખી ઘોળીને પિવડાવવામાં આવે :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط
لَآ اِلٰهَ اِلَّا هُوَ الْحَلِيْمُ الْكَرِيْمُ ط سُبْحَانَ اللّٰهِ وَتَعَالٰى
رَبِّ الْعَرْشِ الْعَظِيْمِ ط اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ط كَاَنَّهُمْ
يَوْمَ يَرَوْنَهَا لَمْ يَلْبَثُوْٓا اِلَّا عَشِيَّةً اَوْ ضُحٰهَا ط كَاَنَّهُمْ
يَوْمَ يَرَوْنَ مَا يُوْعَدُوْنَ لَمْ يَلْبَثُوْٓا اِلَّا سَاعَةً مِّنْ نَّهَارٍ
بَلٰغٌ فَهَلْ يُهْلَكُ اِلَّا الْقَوْمُ الْفٰسِقُوْنَ ط

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

લા ઈલા–હ ઈલ્લા હુવલ્ હલીમુલ્ કરીમ. સુબ્હાનલ્લાહિ વ તઆલા રબ્બિલ્ અર્શિલ્ અઝીમ. અલ્હમ્દુ લિલ્લાહિ રબ્બિલ્ આલમીન... કઅન્નહુમ્ યવ્મ યરવ્નહા લમ્ યલ્બસૂ ઈલ્લા અશિય્યતન્ અવ્ દુહાહા.... કઅન્નહુમ્ યવ્મ યરવ્ન મા

यूअद्दू-न लम् यल्बसू ईल्ला साअ-तम् मिन्नहारिन् बलागुन् फ-हल् युह्लकु ईल्लल् कव्मुल् फासिकून.

અર્થ : અલ્લાહ તઆલા સિવાય કોઈ મા'બૂદ નથી, જે સહનશીલ (અને) દયાવાન છે. અલ્લાહ તઆલાની ઝાત પાક અને ઉચ્ચ છે, જે મહાન અર્શનો પરવરદિગાર છે.... સર્વ પ્રકારની તારીફ એક માત્ર અલ્લાહ તઆલા માટે જ છે, જે તમામ જગતોનો પાલનહાર છે.... જે દિવસે આ લોકો તે (કિયામત)ને જોશે તો તેમને એમ લાગશે કે (દુનિયામાં) માત્ર એક સાંજ યા સવાર જેટલું જ રોકાયા હતાં.... જે દિવસે આ લોકો તે (અઝાબ)ને જોઈ લેશે જેનો તેમને વાયદો કરવામાં આવે છે, ત્યારે તેમને એમ લાગશે કે જાણે તેઓ દુનિયામાં દિવસની એક પળ કરતાં વધુ રોકાયા ન હતાં અને વાત પહોંચાડી દેવામાં આવી. હવે નાફરમાન અને ફાસિક લોકો જ બરબાદ થશે. (બયહકી ફિદઅ્વાત, તુહ્ફ-એ-હુફ્ફાઝ : ૩૫૩, ફઝાઈલે હુફ્ફાઝે કુર્આન : ૯૯૩)

(૬૧) આયાતે શિફા

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ۙ الرَّحْمٰنِ الرَّحِيْمِ ۙ مٰلِكِ يَوْمِ الدِّيْنِ ؕ اِيَّاكَ نَعْبُدُ وَاِيَّاكَ نَسْتَعِيْنُ ؕ اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ ۙ صِرَاطَ الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ ۙ غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ ۧ (سورة الفاتحہ)

وَ يَشْفِ صُدُوْرَ قَوْمٍ مُّؤْمِنِيْنَ ۙ﴿۱۴﴾ (التوبۃ۹:۱۴)

يٰۤاَيُّهَا النَّاسُ قَدْ جَآءَتْكُمْ مَّوْعِظَةٌ مِّنْ رَّبِّكُمْ وَ شِفَآءٌ لِّمَا فِي الصُّدُوْرِ ۙ وَ هُدًى وَّ رَحْمَةٌ لِّلْمُؤْمِنِيْنَ﴿۵۷﴾

(یونس۱۰:۵۷)

يَخْرُجُ مِنْۢ بُطُوْنِهَا شَرَابٌ مُّخْتَلِفٌ اَلْوَانُهٗ فِيْهِ شِفَآءٌ لِّلنَّاسِ ؕ (النحل۱۶:۶۹)

وَ نُنَزِّلُ مِنَ الْقُرْاٰنِ مَا هُوَ شِفَآءٌ وَّ رَحْمَةٌ لِّلْمُؤْمِنِيْنَ ۙ

(بنی اسرائیل۱۷:۸۲)

وَ اِذَا مَرِضْتُ فَهُوَ يَشْفِيْنِ ۙ﴿۸۰﴾ (الشعراء۲۶:۸۰)

قُلْ هُوَ لِلَّذِيْنَ اٰمَنُوْا هُدًى وَّ شِفَآءٌ ؕ (حٰمٓ السجدۃ۴۱:۴۴)

દુઆએ-ઈબ્રાહીમ અલયહિસ્સલામ

دُعائے ابراھیم علیہ السلام

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

الَّذِيْ خَلَقَنِيْ فَهُوَ يَهْدِيْنِ ۙ﴿۷۸﴾ وَ الَّذِيْ هُوَ يُطْعِمُنِيْ وَ يَسْقِيْنِ ۙ﴿۷۹﴾ وَ اِذَا مَرِضْتُ فَهُوَ يَشْفِيْنِ ۙ﴿۸۰﴾ وَ الَّذِيْ يُمِيْتُنِيْ ثُمَّ يُحْيِيْنِ ۙ﴿۸۱﴾ وَ الَّذِيْۤ اَطْمَعُ اَنْ يَّغْفِرَ لِيْ

خَطِيْٓـَٔتِيْ يَوْمَ الدِّيْنِ ﴿٨٢﴾ رَبِّ هَبْ لِيْ حُكْمًا وَّ
اَلْحِقْنِيْ بِالصّٰلِحِيْنَ ﴿٨٣﴾ وَاجْعَلْ لِّيْ لِسَانَ صِدْقٍ
فِي الْاٰخِرِيْنَ ﴿٨٤﴾ وَاجْعَلْنِيْ مِنْ وَّرَثَةِ جَنَّةِ النَّعِيْمِ ﴿٨٥﴾

(સૂરહ શુઅરા ૨૬:૭૮-૮૫, પારહ ૧૯)

ભાવાર્થ

(૭૮) સાંભળી લો ! જેણે મને પેદા ફરમાવ્યો છે, હિદાયતનો માર્ગ પણ મને તે જ બતાવશે.

(૭૯) તે જ મને ખવડાવે છે અને પિવડાવે પણ તે જ છે.

(૮૦) અને જ્યારે હું બીમાર પડું છું તો તેના જ શિફા આપવાથી મને તંદુરસ્તી હાસિલ થાય છે.

(૮૧) મને મોત પણ તે જ આપશે અને ફરી જીવંત પણ મને તે જ કરશે.

(૮૨) મેં અલ્લાહથી આશા લગાવી રાખી છે કે ઈન્સાફના દિવસે મારી ભૂલચૂકને તે જ માફ કરશે.

(૮૩) હે મારા પરવરદિગાર ! મને દાનિશમંદી અને દાનાઈ (જ્ઞાન, ડહાપણ, બુદ્ધિમત્તા, સમજદારી) અર્પણ કર ! અને મને નેક લોકોની સાથે શામિલ ફરમાવી લે.

(૮૪) અને ભવિષ્યમાં આવનારા લોકોમાં પણ મારી દઅવતની ચર્ચા સચ્ચાઈની બુનિયાદ પર જારી ફરમાવ.

(૮૫) અને મને નેઅમતવાળી જન્નતનો વારસદાર બનાવી દે !

(સૂરએ 'શુઅરાઅ', આયત : ૭૮ થી ૮૫)

ફઝીલત

ઈમામે તરીકત અબુલ કાસિમ કુરૈશી (રહમતુલ્લાહિ

અલયહ) ફરમાવે છે કે,

"મારો એક છોકરો એટલો બીમાર થયો કે મૌતના નજીક પહોંચી ગયો. મેં હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને ખ્વાબમાં જોયા. આપની ખિદમતે અકદસમાં છોકરાની હાલત બયાન કરી.

આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, "તે આયાતે શિફાથી મદદ કેમ લેતા નથી ?"

હું જાગ્યો અને વિચાર કર્યો તો આયાતે શિફા ૬ (છ) ઠેકાણે મળી, જેનું વર્ણન ઉપર થઈ ગયું છે." (મદારિજુન્નુબુવ્વહ)

'આયાતે શિફા' પઢીને દમ કરી દે તો પણ ઈન્શાઅલ્લાહ શિફા હાસિલ થશે. અલબત્ત, માસિકવાળી ઔરત જ્યાં સુધી પાક ન થાય ત્યાં સુધી કોઈના પર દમ ન કરે. હા, પાકી હાસિલ થયા પછી ઈજાઝત છે.

★ જો કોઈ ઔરત બીમાર હોય અને તે માસિકની હાલતમાં હોય, તો એવી બીમાર ઔરત પર તેનો પતિ, ભાઈ કે કોઈ હૈઝથી પાક ઔરત દમ કરે તો કંઈ વાંધો નથી.

★ દરેક મુસલમાન મર્દ અને ઔરત આ "આયાતે શિફા"ને યાદ કરી લે તો બેહતર થશે કે જેથી અચાનક જરૂરત પડવાથી દુઆનો ઉપયોગ કરવામાં કોઈના મોહતાજ થવું ન પડે.

★ નાની નાની બીમારીઓ ઘરોમાં મોટા ભાગે લાહિક થતી રહે છે. એવા મોકા પર કોઈ પણ પાક સાફ મર્દ કે ઔરત બીમાર પર 'આયાતે શિફા' પઢીને દમ કરી દે તો પણ ઈન્શાઅલ્લાહ શિફા હાસિલ થશે. અલબત્ત, માસિકવાળી ઔરત જ્યાં સુધી પાક ન થાય ત્યાં સુધી કોઈના પર દમ ન કરે. હા, પાકી હાસિલ થવા પછી ઈજાઝત છે.

★ બીમાર જો કોઈ ઔરત હોય અને માસિકની હાલતમાં હોય, તો એવી બીમાર ઔરત પર તેનો પતિ, ભાઈ કે

કોઈ હૈઝથી પાક ઔરત દમ કરે તો કંઈ વાંધો નથી.

નોંધ : શક્ય હોય તો ઉપર આપેલી દુઆએ ઈબ્રાહીમ (અલયહિસ્સલામ)ને યાદ કરી લે અને દરરોજ જેટલી વખત ચાહે પઢી લે.

(૬૨) અઘધઘ....સવાબ

હઝરત હસન (રદિ.)એ રિવાયત કરી છે કે, માણસ કબ્રસ્તાન જાય અને આ દુઆ પઢે :

اَللّٰهُمَّ رَبَّ الْاَجْسَادِالْبَالِيَةِ وَالْعِظَامِ النَّخِرَةِ الَّتِىْ خَرَجَتْ مِنَ الدُّنْيَا وَهِىَ بِكَ مُؤْمِنَةٌ اَدْخِلْ عَلَيْهَا رُوْحٌ مِّنْ عِنْدِكَ سَلَامًا مِّنِّىْ ط

અલ્લાહુમ્મ રબ્બલ્ અજ્સાદિલ્ બાલિયતિ વલ્ ઈઝામિન્નખિરતિલ્લતી ખરજત્ મિનદ્દુનિયા વ હિ-ય બિ-ક મુઅ્મિનતન્ અદ્ખિલ્ અલયહા રુહુમ્ મિન્ ઈન્દિ-ક સલામમ્ મિન્ની.

–તો હઝરત આદમ (અલૈ.)થી લઈને તે વખત સુધી જેટલા મુસલમાન મરણ પામ્યા હશે તે બધાં જ અલ્લાહ તઆલાથી એની બખ્શિશની દુઆ કરે છે અને ઈબ્ને અબિ દુનિયાની રિવાયતમાં છે કે, હઝરત આદમ (અલૈ.)થી લઈ (એ દુઆ પઢે) તે વખત સુધી જેટલા મુસલમાનો મરણ પામ્યા છે અને મરશે તે બધાની સંખ્યા પ્રમાણે એને નેકી મળશે.

(હવાલો : મૌત–કબ્ર અને બરઝખનો ખરો અહેવાલ)

(મૌ. મુફ્તી અહમદ બેમાત સા. (રહ.)ની કિતાબ)

નોંધ : આ તમામ દુઆઓને પૂરા દિલથી અને પૂરા યકીનની સાથે પઢવામાં આવશે તો ઈન્શાઅલ્લાહ જરૂરથી ફાયદો થશે.

દુઆ માંગતા પહેલાં દુઆની આગળ–પાછળ દુરૂદ શરીફ અવશ્ય પઢવું.

(ii) દુરૂદ શરીફો

(૧) અવલાદની કામિયાબી અને ઈઝ્ઝત પ્રાપ્ત કરવા માટેનું બેહતરીન દુરૂદ શરીફ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِالْعَالَمِيْنَ
حَبِيْبِكَ مُحَمَّدٍ وَّاٰلِهٖ صَلَاةً اَنْتَ
لَهَا اَهْلٌ وَّ بَارِكْ وَسَلِّمْ كَذٰلِكَ ط

ફાયદો : જો કોઈ માણસ ફજર અને મગરિબની નમાઝ પછી ઇકોતેર વખત અને બીજી નમાઝો પછી સાત વખત આ દુરૂદ શરીફ પાબંદીથી પઢયા કરશે, તો અલ્લાહ તઆલા એને તથા એની અવલાદને સમાજમાં ઉચ્ચ, મોભાદાર અને ઈઝ્ઝતમય સ્થાન અર્પણ કરશે તથા એમને લોકપ્રિયતા નસીબ થશે.

(ઝરીઅતુલ્ વુસૂલ....૧૫૧)

(૨) છોકરા કે છોકરીની શાદીમાં ઉદ્ભવતી રુકાવટને દૂર કરવાનું દુરૂદ શરીફ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ
عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ
مَّجِيْدٌ ط اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا

بَارَكْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ
حَمِيْدٌ مَّجِيْدٌ ط

ફાયદો : જો કોઈ છોકરા કે છોકરીની શાદીમાં રુકાવટ ઊભી થાય અને સગાઈ નક્કી ન થતી હોય અથવા સદંતર કહેણ (રિશતો) આવતું જ ન હોય, તો છોકરો કે છોકરી અને એની વાલિદહ સવારે ફજરની નમાઝ પછી તથા સાંજે મગરિબની નમાઝ પછી પાંચ સો (૫૦૦) વખત દુરૂદે ઈબ્રાહીમી પઢીને દુઆ કરે, તો અલ્લાહ તઆલા બહુ જલદી નેક અને સારા રિશતાનો બંદોબસ્ત ફરમાવી દેશે અને રુકાવટ દૂર થઈ જશે. (ઝરીઅતુલ્ વુસૂલ....૧)

(૩) ઘર અને સફરમાં ચોર-ડાકુઓથી હિફાઝત પામવાનું મુજર્રબ દુરૂદ શરીફ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدِ اِلنَّبِيِّ كَمَا
اَمَرْتَنَا اَنْ نُّصَلِّيَ عَلَيْهِ ط وَصَلِّ عَلٰى
مُحَمَّدِ اِلنَّبِيِّ كَمَا يَنْبَغِيْ اَنْ يُّصَلّٰى عَلَيْهِ ط
وَصَلِّ عَلٰى مُحَمَّدِ اِلنَّبِيِّ بِعَدَدِ مَنْ صَلّٰى
عَلَيْهِ ط وَصَلِّ عَلٰى مُحَمَّدِ اِلنَّبِيِّ بِعَدَدِ مَنْ
لَّمْ يُصَلِّ عَلَيْهِ ط وَصَلِّ عَلٰى مُحَمَّدِ اِلنَّبِيِّ
كَمَا تُحِبُّ وَتَرْضٰى اَنْ يُّصَلّٰى عَلَيْهِ ط

ફાયદો : જો કોઈ માણસ ઘરેથી નીકળવા પહેલાં અથવા કોઈ મુસાફિર પોતાના સફરમાં ૧૧ (અગિયાર) વખત આ દુરૂદ શરીફ પઢીને પોતાનાં બદન અને માલ-સામાન પર દમ કરી લેશે, તો દરેક પ્રકારની ચોરી, લૂંટફાટ, મારધાડ અને ડાકાટીથી અલ્લાહ તઆલા હિફાઝત ફરમાવશે તથા ઝાલિમ, ડાકૂ અને લૂંટારો એની તરફ નિગાહ પણ ઉઠાવી શકશે નહિ. તદુપરાંત, રાતે સૂતા પહેલાં મકાનની ચારે તરફ આ દુરૂદ શરીફને દસ વાર પઢીને ફૂંકી દેશે, તો ઈન્શાઅલ્લાહ એ મકાન ચોરી, લૂંટફાટ અને ડાકાટીથી મહફૂઝ રહેશે અને કોઈ બદનિય્યત એની તરફ મુખ પણ કરશે નહિ. મુજર્રબ (અનુભવસિદ્ધ) અમલ છે. (ઝરીઅતુલ્ વુસૂલ....૧૫૮)

(૪) દરેક પ્રકારના દર્દ અને અસાધ્ય રોગ (ડાયાબિટીસ-કેન્સર)ના નિવારણ માટેનું દુરૂદ શરીફ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ بِعَدَدِ كُلِّ دَاءٍ وَّ دَوَاءٍ وَّبَارِكْ وَسَلِّمْ ط

ફાયદો : કોઈ પણ પ્રકારના દર્દ અને બીમારીના નિવારણ માટે બીમાર પર આ દુરૂદ શરીફ પઢીને દમ કરે. એને પઢવાની પદ્ધતિ આ પ્રમાણે છે : આરંભ અને અંતમાં આ દુરૂદ શરીફ ત્રણ વાર પઢે અને દરમિયાનમાં સાત વાર સૂરએ ફાતિહા બિસ્મિલ્લાહ....સહિત અને ત્રણ વાર સૂરએ ઈખ્લાસ પઢીને બીમાર પર દમ કરી દે, તો તરત શિફા નસીબ થશે, ઈન્શાઅલ્લાહુલ્ અઝીઝ. તદુપરાંત, જો બીમારને અસાધ્ય રોગ લાગુ પડયો હોય અથવા બીમારી સખત હોય, તો આ દુરૂદ શરીફ આરંભ અને અંતમાં એક સો વાર પઢે. ડાયાબિટીસ અને કેન્સર

જેવા જીવલેણ રોગ માટે બહુ અકસીર છે. (ઝરીઅતુલ વુસૂલ....૧૪૪)

(૫) મુસ્તકિલ મિઝાજી (સ્થિર-ચિત્તતા) પામવા અને સમયના વેડફાટથી બચવા માટેનું દુરૂદ શરીફ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ
كُلَّمَا ذَكَرَهُ الذَّاكِرُوْنَ ط وَكُلَّمَا سَهٰى عَنْهُ
الْغَافِلُوْنَ ط وَعَلٰٓى اٰلِ مُحَمَّدٍ وَّ بَارِكْ وَسَلِّمْ ط

ફાયદો : જે માણસ ફજરની નમાઝ પછી વઝીફારૂપે એક સો વખત આ દુરૂદ શરીફ પઢતો રહેશે, તો અલ્લાહ તઆલા એને દીની-દુન્યવી કામોમાં એકાગ્રતા અને મુસ્તકિલ મિઝાજી (સ્થિર-ચિત્તતા અને દઢ નિશ્ચય) અતા ફરમાવશે. તદુપરાંત, એની બરકતથી સમય વેડફવાથી બચી જવાશે અને કામોમાં આસાની પેદા થઈ જશે. (ઝરીઅતુલ વુસૂલ....૧૨૯)

(૬) આંખોની સઘળી તકલીફો દૂર કરવા અને આંખોની રોશની સતેજ કરવા માટેનું મુજર્રબ દુરૂદ શરીફ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدِ نِالسَّابِقِ
لِلْخَلْقِ نُوْرُهٗ ط وَالرَّحْمَةِ لِلْعَالَمِيْنَ ظُهُوْرُهٗ ط

عَدَدَمَنْ مَّضٰى مِنْ خَلْقِكَ وَمَنْۢ بَقِىَ ط وَمَنْ
سَعِدَ مِنْهُمْ وَمَنْ شَقِىَ ط صَلَاةً تَسْتَغْرِقُ
الْعَدَّ وَتُحِيْطُ بِالْحَدِّ ط صَلَاةً لَّاغَايَةَ لَهَا
وَلَا انْتِهَاءَ ط وَلَا أَمَدَ لَهَا وَلَا انْقِضَاءَ ط
صَلَوَاتِكَ الَّتِىْ صَلَّيْتَ عَلَيْهِ ط صَلَاةً دَائِمَةً
بِدَوَامِكَ ط وَعَلٰٓى اٰلِهٖ وَصَحْبِهٖ كَذٰلِكَ ط
وَالْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ ط

ફાયદો : જો કોઈ માણસ દરેક નમાઝ પછી ત્રણ વાર ઉપર્યુક્ત દુરૂદ શરીફ પઢીને આંગળીઓ પર દમ કરે અને આંખો પર ફેરવી લે, તો અલ્લાહ તઆલા આંખની એવી તકલીફ પણ દૂર ફરમાવી દે છે, જેનાથી ડૉક્ટરો લાચાર થઈ ગયા હોય. ઉપરાંત, આંખની દૃષ્ટિ પણ સતેજ અને પ્રકાશિત થઈ જાય છે. મુજર્રબ–અનુભવસિદ્ધ અમલ છે. (ઝરીઅતુલ વુસૂલ....૧૪૦)

(૭) પ્લેગ અને કૉલેરા વગેરે બીમારીઓથી હિફાઝત

ઇબ્ને ખતીબ (રહ.)એ બયાન કર્યું છે કે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પર વધુ પ્રમાણમાં નીચે દર્શાવેલું દુરૂદ પઢવાથી પ્લેગ અને કૉલેરા (જેવી જીવલેણ બીમારીઓ)થી

હિફાઝત થાય છે અને આ દુરૂદ આ પ્રકારની વિનાશકારી બીમારીઓને દૂર કરે છે. (અલ્ કવ્લુલ્ બદીઅ્ : ૨૨૧)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ صَلٰوةً تَعْصِمُنَا بِهَا مِنَ الْاَهْوَالِ وَالْاٰفَاتِ وَتُطَهِّرُنَا مِنْ جَمِيْعِ السَّيِّاٰتِ ط

(૮) અનુભવસિદ્ધ તિરયાક-વઝીફો

બુઝુર્ગોમાંથી એક બુઝુર્ગે હઝરત શૈખ શિહાબુદ્દીન ઈબ્ને અરસલાન (જેઓ મહાન ઝાહિદ–ત્યાગી અને આલિમ હતા)ને સ્વપ્નમાં જોયા અને એમનાથી પોતાની બીમારીની ફરિયાદ કરી અને પોતાની તકલીફ જણાવી તો એમણે ફરમાવ્યું : તું અનુભવસિદ્ધ વઝીફાથી ગાફિલ છે. આ દુરૂદ શરીફ પઢયા કર. સૂઈને ઊઠયા પછી આ બુઝુર્ગે આ દુરૂદ શરીફ વધુ પ્રમાણમાં પઢયું અને એમની બીમારી દૂર થઈ ગઈ. (ફઝાઈલે દુરૂદ શરીફ)

દરેક પ્લેગી–મરકી અને જીવલેણ બીમારી માટે અનુભવસિદ્ધ છે. દુરૂદ શરીફ આ છે :

اَللّٰهُمَّ صَلِّ وَسَلِّمْ وَبَارِكْ عَلٰى رُوْحِ سَيِّدِنَا مُحَمَّدٍ فِى الْاَرْوَاحِ وَصَلِّ وَسَلِّمْ عَلٰى قَلْبِ سَيِّدِنَا مُحَمَّدٍ فِى الْقُلُوْبِ وَصَلِّ وَسَلِّمْ عَلٰى جَسَدِ سَيِّدِنَا مُحَمَّدٍ فِى الْاَجْسَادِ وَصَلِّ وَسَلِّمْ عَلٰى قَبْرِ سَيِّدِنَا مُحَمَّدٍ فِى الْقُبُوْرِ ط

(૯) કારોબારમાં તરક્કી અને માલદારી પ્રાપ્ત કરવા માટેનું દુર્લભ દુરૂદ શરીફ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ عَبْدِكَ وَرَسُوْلِكَ وَصَلِّ عَلَى الْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنَاتِ وَالْمُسْلِمِيْنَ وَالْمُسْلِمَاتِ ط

ફાયદો : જો કોઈ માણસ પોતાના કારોબારમાં તરક્કી તથા માલ–દોલતમાં વિપુલતા ચાહતો હોય, તો પાબંદીથી ફુરસદના સમયે ત્રણ સો તેર વખત આ દુરૂદ શરીફ પઢીને દુઆ કરે, તો ઈન્શા અલ્લાહ બહુ જલદી માલી ખુશહાલી (સમૃદ્ધિ) નસીબ થશે અને કારોબારમાં તરક્કી પ્રાપ્ત થશે. (ઝરીઅતુલ્ વુસૂલ....૧૫૭)

(૧૦) મનપસંદ રિશ્તા (વિવાહ)ની પ્રાપ્તિ માટેનું દુરૂદ શરીફ

اَلْحَمْدُ لِلّٰهِ ذِى الْعِزِّ وَالْكِبْرِيَآءِ وَصَلَّى اللّٰهُ عَلٰى مُحَمَّدٍ خَاتَمِ الْاَنْبِيَآءِ ط

ફાયદો : ઝાહિર અને બાતિન (બાહ્ય અને આંતરિક) બન્ને રીતે બા–કમાલ અને મનપસંદ રિશ્તો (સગપણ) મેળવવા ઈચ્છતી વ્યક્તિ જો ઈશા પછી અથવા તહજ્જુદ વખતે ૧૧૦૦ (અગિયાર સો) વખત આ દુરૂદ શરીફ પઢીને બારગાહે ઈલાહીમાં દુઆ કરશે, તો અલ્લાહ તઆલા એની જાઈઝ દિલી મુરાદને પૂરી ફરમાવશે અને એ રિશ્તાથી પરસ્પર ઉલફત અને મુહબ્બત નસીબ થશે (ઈન્શા અલ્લાહ). અમલની

મુદત એકાણું (૯૧) દિવસ છે. (ઝરીઅતુલ્ વુસૂલ....૮૭)

(૧૧) ઝાલિમ શવહરના ઝુલ્મથી નજાત અને તંગદસ્તીથી હિફાઝત પામવા માટેનું મુજર્રબ દુરૂદ શરીફ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ صَاحِبِ الْفَرْقِ
وَالْفُرْقَانِ وَجَامِعِ الْوَرَقِ وَمُنْزِلِهٖ مِنْ سَمَآءِ
الْقُرْاٰنِ وَعَلٰٓى اٰلِ مُحَمَّدٍ وَّسَلِّمْ ط

ફાયદો : જો શવહર મારઝૂડ અને અત્યાચાર કરતો હોય અથવા કોઈ માણસ તંગદસ્તી, નાદારી અને મોહતાજીનો શિકાર હોય, તો તે માણસ ફજરની નમાઝ પછી અથવા મગરિબ કે ઈશાની નમાઝ પછી ઈકોતેર (૭૧) વખત આ દુરૂદ શરીફ પઢીને દુઆ કરે, તો અલ્લાહ તઆલા પતિને પત્ની પ્રત્યે મહેરબાન કરી દેશે અને મોહતાજી તથા તંગદસ્તીથી મહફૂઝ રાખશે.

(ઝરીઅતુલ્ વુસૂલ....૧૭૯)

(૧૨) લોકપ્રિયતા અને દિલો ઉપર અંકુશ મેળવવા માટેનું મુજર્રબ દુરૂદ શરીફ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ صَلَاةً مَّقْرُوْنَةً بِذِكْرِهٖ ط اَللّٰهُمَّ
صَلِّ عَلٰى مُحَمَّدٍ صَلَاةً جَامِعَةً بَيْنَ فَرَحِهٖ وَسُرُوْرِهٖ ط
اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ صَلَاةً مُّحِيْطَةً بِطُوْرِهٖ وَصَوْرِهٖ ط

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ صَلٰوةً مَّنْوِّرَةً لِّقُلُوْبِ اَصْحَابِ صُدُوْرِهٖ ط اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ صَلَاةً شَارِحَةً لِّمَنْقُوْحِهٖ فِيْ مَسْطُوْرِهٖ ط وَصَلِّ عَلٰى جَمِيْعِ اِخْوَانِهٖ مِنَ الْاَنْبِيَاءِ وَالْاَوْلِيَاءِ بِعَدَدِ عُبُوْرِهٖ وَمُرُوْرِهٖ بَيْنَ الْمَاءِ وَطُهُوْرِهٖ ط وَالنُّوْرِ وَظُهُوْرِهٖ ط وَالْحَقِّ وَاُمُوْرِهٖ ط

ફાયદો : આ દુરૂદ શરીફમાં વશ કરવાની અજીબ શક્તિ છે. જો કોઈ વ્યક્તિ દરેક નમાઝ પછી ત્રણ વાર આ દુરૂદ શરીફ પઢવાનો મા'મૂલ બનાવી લેશે, તો અલ્લાહ તઆલા એને લોકોમાં અજીબ મકબૂલિયત અને સત્તાધારીઓની નિગાહમાં મહબૂબિયત અર્પણ કરશે. તદુપરાંત, જો કોઈ વ્યક્તિ અગિયાર વખત આ દુરૂદ શરીફને ગુલાબના અત્તર પર દમ કરી ચહેરા પર મસળીને સત્તાધીશ કે ઇચ્છિત વ્યક્તિને મળે તો તે વ્યક્તિ કોઈપણ પ્રકારની આનાકાની અને દલીલબાઝી વગર એનું કામ કરી આપશે. ઇન્ટરવ્યૂમાં કામિયાબી માટે બહુ અસરકારક છે.

(ઝરીઅતુલ્ વુસૂલ....૧૮૧)

(૧૩) દિલની ગભરામણ અને બ્લડ પ્રેશર માટે બા-બરકત દુરૂદ શરીફ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدِ نِ النَّبِيِّ الْاُمِّيِّ الطَّاهِرِ الزَّكِيِّ صَلَاةً تُحَلُّ بِهِ الْعُقَدُ وَتُفَكُّ بِهَا الْكُرَبُ ط

ફાયદો : જે માણસનું દિલ વારંવાર મૂંઝવણ અને ગભરામણ અનુભવતું હોય અને જે વ્યક્તિ પર અજાણ્યો કે અગોચર ખૌફ છવાયેલો રહેતો હોય યા જે માણસ બ્લડ પ્રેશરનો મરીઝ (રોગિષ્ઠ) હોય, તો ઉપરોક્ત દુરૂદ શરીફ દરરોજ ફજર અને મગરિબની નમાઝ પછી ૩૧૩ (ત્રણ સો તેર) વખત પઢીને છાતી પર ફૂંક મારે અને અડધા કપ પાણી પર દમ કરીને પછી એ પાણી પીતો રહે, તો ઈન્શા અલ્લાહ બહુ જલદી પીડામાં રાહત અને તંદુરસ્તી નસીબ થશે તથા દિલી ઈત્મીનાન નસીબ થશે. આ દુરૂદ શરીફ દિલના રોગમાં અત્યંત અકસીર છે.

(ઝરીઅતુલ્ વુસૂલ ઈલા જનાબિર્રસૂલ સલ. : ૯૮)

(૧૪) ફળ-ફૂલ, મોસમી પાક અને અનાજને જીવજંતુઓ તથા ખેતીલક્ષી બીમારીઓથી બચાવવાનું ઉમદા દુરૂદ શરીફ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ بِعَدَدِ اَوْرَاقِ الْاَشْجَارِ
وَبِعَدَدِ اَقْطَارِ الْاَمْطَارِ وَبِعَدَدِ دَوَابِّ الْبَرَارِىِّ
وَالْبِحَارِ وَعَلٰى اٰلِهٖ وَصَحْبِهٖ وَسَلِّمْ ط

ફાયદો : જો ખેતીનું વાવેતર કરવા પહેલાં ૧૪૧૪ (ચૌદ સો ચૌદ) વખત આ દુરૂદ શરીફ પઢી, પાણી પર દમ કરીને ખેતરમાં છાંટવામાં આવશે, તો ખેતીનો પાક ખેતીલક્ષી બીમારીઓથી ઈન્શા અલ્લાહ મહફૂઝ રહેશે. ઉપરાંત, દરેક નમાઝ પછી ખેડૂત આ દુરૂદ શરીફને ૨૧ વાર પઢીને દુઆ કરતો રહેશે, તો ફસલમાં ખૂબ બરકત અને તરક્કી થશે.

(ઝરીઅતુલ્ વુસૂલ....૧૨૧)

(૧૫) પતિ-પત્નીમાં મિસાલી મુહબ્બત અને ઉલફત પેદા કરવા માટે અજીબ-પવિત્ર દુરૂદ શરીફ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ مُّعَطِّرِ الرُّوْحِ وَاٰلِهِ الطَّيِّبِيْنَ الطَّاهِرِيْنَ صَلَاةً تُعَطِّرُنَا بِهَا وَبَارِكْ وَسَلِّمْ ط

ફાયદો : પતિ-પત્નીમાં બેમિસાલ ઉલફત અને મુહબ્બત પેદા કરવા ચાહતા હોય અથવા બન્નેમાંથી કોઈ એક નારાજ હોય અને એને રાજી કરવાનો ઈરાદો હોય તો ફૂલો કે મુશ્ક-અંબરની ખુશ્બૂ પર અથવા કોઈ પણ પ્રકારની ખુશ્બૂ પર આ દુરૂદ શરીફ ૪૫૦ વાર, ૪૧ દિવસ સુધી દમ કરીને બન્ને પતિ-પત્ની સૂંઘશે તો ઈન્શા અલ્લાહ બન્ને એક-બીજાને ખૂબ ચાહવા માંડશે. આ અમલ મુજર્રબ (અનુભવસિદ્ધ) છે. જો ઈચ્છિત વ્યક્તિ દૂર હોય તો ખાંડ પર દમ કરીને કીડીઓને નાખી દો, તો ઈન્શા અલ્લાહ પતિ-પત્નીનાં દિલ એક-બીજા તરફ આકર્ષાવા માંડશે. (ઝરીઅતુલ્ વુસૂલ....૧૪૫)

(૧૬) પોતાનું મકાન બનાવવા માટે મુજર્રબ દુરૂદ શરીફ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدِ النَّبِيِّ الْاُمِّيِّ وَاٰلِهٖ وَسَلِّمْ ط

ફાયદો : જે માણસ પોતાનું ઘર બનાવવા યા પ્રાપ્ત કરવા ચાહતો હોય તો ઉપરોક્ત દુરૂદ શરીફ જુમ્અહના દિવસે અસરની નમાઝ પછી એક હજાર (૧૦૦૦) વાર પઢીને દુઆ કરશે, તો અલ્લાહ

તઆલા માત્ર પોતાના ફઝલો–કરમથી એના (આગવા) ઘરનો ઈન્તિઝામ ફરમાવી આપશે અને રહેઠાણના સિલસિલામાં તે કદાપિ પરેશાન થશે નહિ, ઈન્શા અલ્લાહ. (ઝરીઅતુલ્ વુસૂલ ઈલા જનાબિરરસૂલ સલ.....૧૪૮)

(૧૭) દરેક પરીક્ષામાં કામિયાબી માટે મુજર્રબ દુરૂદ શરીફ

رَبِّ صَلِّ عَلٰى نَبِيِّ مُحَمَّدٍ وَّاٰلِهٖ أَجَلِّهَا ط وَاقْضِ لِيْ بِجَاهِهٖ حَوَائِجِيْ كُلَّهَا ط وَصَلِّ عَلَيْهِ كَمَا أَنْتَ اَهْلُهَا ط وَسَلِّمْ وَشَرِّفْ وَكَرِّمْ دَائِمًا ط

ફાયદો : કોઈ પણ પ્રકારની પરીક્ષામાં કામિયાબી માટે આ દુરૂદ શરીફને અજીબ તાસીર પ્રાપ્ત છે. જો તાલિબે ઈલ્મ કે વિદ્યાર્થી દરેક નમાઝ પછી ૧૧ (અગિયાર) વખત પઢીને પરીક્ષામાં કામિયાબી માટે દુઆ કરતો રહેશે, તો અલ્લાહ તઆલા સુંદર કામિયાબી અર્પણ કરશે. વિશેષ રૂપે મૌખિક પરીક્ષા પહેલાં ૧૧ (અગિયાર) વખત છાતી પર દમ કરવાથી જવાબો આસાન થઈ જાય છે અને કોઈ પણ પ્રકારની ગભરાહટ થતી નથી. (ઝરીઅતુલ્ વુસૂલ.....૧૫૨)

(૧૮) બેરોજગારીથી છૂટકારો મેળવવા અને હલાલ રોજગાર પ્રાપ્ત કરવા માટેનું અત્યંત અસરકારક દુરૂદ શરીફ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ وَهَبْ لَنَا، اَللّٰهُمَّ مِنْ رِّزْقِكَ الْحَلَالَ الطَّيِّبَ الْمُبَارَكَ مَا تَصُوْنُ بِهٖ وُجُوْهَنَا عَنِ التَّعَرُّضِ اِلٰى اَحَدٍ

مِّنْ خَلْقِکَ وَاجْعَلْ لَّنَا، اَللّٰهُمَّ اِلَيْهِ طَرِيْقًا سَهْلًا مِّنْ غَيْرِ تَعَبٍ وَّلَا نَصَبٍ وَّلَا مِنَّةٍ وَّلَا تَبِعَةٍ وَّجَنِّبْنَا، اَللّٰهُمَّ الْحَرَامَ حَيْثُ كَانَ وَاَيْنَ كَانَ وَعِنْدَ مَنْ كَانَ وَحُلْ بَيْنَنَا وَبَيْنَ اَهْلِهٖ ط وَاقْبِضْ عَنَّا اَيْدِيَهُمْ وَاصْرِفْ عَنَّا قُلُوْبَهُمْ ط حَتّٰى لَا نَتَقَلَّبَ اِلَّا فِيْمَا يُرْضِيْکَ ط وَلَا نَسْتَعِيْنُ بِنِعْمَتِکَ اِلَّا عَلٰى مَا تُحِبُّ بِرَحْمَتِکَ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ!

ફાયદો : જો કોઈ માણસ આર્થિક સંકડામણ–તંગદસ્તી, બેરોજગારી અને ભૂખમરાનો શિકાર હોય અને કોઈ પણ રીતે એનાથી છૂટકારો મેળવવાનો માર્ગ મળતો ન હોય, તો દરેક નમાઝ પછી ૭ (સાત) વખત અને મગરિબ પછી ૭૧ (ઈકોતેર) વખત આ દુરૂદ શરીફ પઢીને ખૂબ નમ્રતા અને કાકલૂદીપૂર્વક દુઆ કરશે તો બહુ જલદી હલાલ રોજગાર નસીબ થશે અને પુષ્કળ રોઝી મળતી થઈ જશે. અત્યંત અનુભવસિદ્ધ (મુજર્રબ) અમલ છે. (ઝરીઅતુલ્ વુસૂલ....૬૨)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ فِى الْاَوَّلِيْنَ وَالْاٰخِرِيْنَ وَفِى الْمَلَاِ الْاَعْلٰى اِلٰى يَوْمِ الدِّيْنِ ط

• • •

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ مِّلْأَ السَّمٰوٰتِ وَمِلْأَ الْاَرْضِ وَمِلْأَ الْعَرْشِ الْعَظِيْمِ ط

بسم الله الرحمن الرحيم

આખિરતનો તોહફો

પ્રકરણ–૧૧

(નવા વધારા સહિત)

દુઆ
માંગતા જા, લેતા જા

• • •

★માયુસ કયું ખળા હે, અલ્લાહ બહુત બળા હે.★

ઈસ્તિગ્ફાર (દુઆએ મગ્ફિરત) અને તેની ફઝીલત

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

يٰۤاَيُّهَا النَّاسُ اَنْتُمُ الْفُقَرَآءُ اِلَى اللّٰهِ ۚ وَاللّٰهُ هُوَ الْغَنِيُّ الْحَمِيْدُ ﴿۱۵﴾ (فاطر ۳۵:۱۵)

અર્થાત્: હે લોકો ! તમે સૌ અલ્લાહ તઆલાની સામે ફકીર અને મોહતાજ છો. બસ, અલ્લાહ તઆલા જ બેનિયાઝ અને તારીફ ને પાત્ર છે. (સૂરએ ફાતિર: ૧૫)

ઈશાદિ રબ્બાની છે:

اُدْعُوْنِيْۤ اَسْتَجِبْ لَكُمْ ؕ (المؤمن ۴۰:۶۰)

અર્થાત્: તમે મારાથી દુઆ માંગો, હું તમારી દુઆને કબૂલ કરીશ. (સૂરએ મુઅ્મિન)

اُجِيْبُ دَعْوَةَ الدَّاعِ اِذَا دَعَانِ ۙ (البقرة ۲:۱۸۶)

અર્થાત્: હું દુઆ કરનારાની દુઆને કબૂલ કરું છું, જ્યારે મારી પાસે દુઆ માંગે છે. (સુરએ બકરહ)

اُدْعُوْا رَبَّكُمْ تَضَرُّعًا وَّخُفْيَةً ؕ (الاعراف ۷:۵۵)

અર્થાત્: તમે પોતાના પાલનહાર સમક્ષ આજિઝીપૂર્વક તથા ચૂપકીદીથી દુઆ માંગ્યા કરો. (સૂરએ અઅ્રાફ)

(૧) હઝરત અબૂ સઈદ (રદિ.)થી રિવાયત છે કે, જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું: જ્યારે કોઈ મુસલમાન દુઆ કરે છે તો તેને મોં માંગી વસ્તુ મળી જાય છે અથવા કોઈ બલા તેના ઉપરથી હટાવી દેવામાં આવે છે અથવા તેની દુઆ આખિરત માટે જમા-એકઠી કરી દેવમાં આવે છે. (અહમદ-બઝ્ઝાર)

(૨) હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે, જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું: ''લોકો! દુઆ કરવાથી હિમ્મત ન હારી બેસો! દુઆ કરવાની હાલતમાં કોઈ માણસ બરબાદ થતો નથી.'' (ઇબ્ને હિબ્બાન-હાકિમ)

(૩) હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે, જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું: દુઆ મુઅ્મિનનું હથિયાર છે, દીનના થાંભલા છે, આસમાન અને જમીનનું નૂર છે. (હાકિમ)

(૪) હઝરત સલમાન ફારસી (રદિ.)થી રિવાયત છે કે, જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું: ''અલ્લાહ તઆલા કરીમ પણ છે અને હયાવાન છે. જ્યારે કોઈ બંદો તેની સામે હાથ ફેલાવે છે તો તેને બંદાનાં હાથ ખાલી ફેરવતાં હયા-શર્મ આવે છે.'' (અબૂ દાઉદ શરીફ)

(૫) હઝરત સલમાન ફારસી (રદિ.)થી રિવાયત છે કે, જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું: ''અલ્લાહ તઆલા કરીમ પણ છે અને હયાવાન પણ છે.''

લોકો ! અલ્લાહથી દુઆ માંગ્યા કરો ત્યારે લાંબી લાંબી દુઆઓ માંગ્યા કરો. (તિરમિઝી શરીફ)

નોંધ : એક દુઆનું પઢવું છે, અને એક દુઆનું માંગવું છે, બંન્નેમાં ફરક છે, અહિયાં પોતાના પાલનહારની સમક્ષ(પાસે) આજિઝીપૂર્વક, ચૂપકીદીથી અને પૂરા યકીનનાં સાથે દિલથી દુઆ માંગવાની (યાચવાની) છે કે મળશે અને મળશે જ.

અલ્લાહ તઆલાના દરબારમાં આજિઝી (વિનમ્રતા) સાથે દુઆ માંગવી.

''અને તમારા પાલનહારે ફરમાવી દીધું છે કે, તમે મને પુકારો, હું તમારી દરખ્વાસ્ત (દુઆ) કબૂલ કરી લઈશ.'' (કુર્આનઃ ૪૦/૬૦)

●●●

સય્યિદુના અબુલ કાસિમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : અલ્લાહ તઆલાની બારગાહમાં દુઆ તો બહુ (ખૂબ) કદરપાત્ર અને ઇઝ્ઝતવંત કૃત્ય છે. (ઇબ્ને માજહ)

●●●

જેના માટે દુઆનો દરવાજો ઉઘાડાયો, અલ્લાહ તરફથી દુઆની તૌફીક મળી તેના માટે કબૂલિયતના દરવાજા પણ ખોલી દેવામાં આવે છે. દુઆ માંગો, મુરાદ મળશે અથવા આવનારી આફત-બલા ટળી જશે. ક્યાં તો દુઆ કબૂલ થઈને આખિરત માટે ઝખીરો બનશે, ભલે આ ફાની દુનિયામાં કંઈ બદલો મળતો ન જણાય.

(મુસ્નદે અહમદ)

અલ્લાહ તઆલા ફરમાવે છે કેઃ તમે મારાથી દુઆ કરતા રહો, હું તમારી દુઆ કબૂલ કરતો રહીશ. (સૂરએ મુઅ્મિનઃ ૬૦)

દુઆ કરનારને અલ્લાહ પાક ફરમાવશે, મેં તારી આ દુઆના બદલામાં જન્નતમાં ભલભલી ને'અમતો ભેગી કરી રાખી છે. જન્નતમાં એ ને'અમતો જોઈને બંદો કહેશે, કાશ! દુનિયામાં મને એકેય દુઆનો બદલો ન મળ્યો હોત તો કેવું સારું થાત! અહીં હું વધુ લાભમાં રહેત. (મુનાજાતે મકબૂલ)

અલ્લાહ તઆલા ને પસંદ લોકો

- જે લોકો બીજાને ફાયદો પહોંચાડે.
- જે લોકો વારંવાર માફી માંગે, ઇસ્તિગ્ફાર (દુઆએ મગ્ફિરત) કરે, અલ્લાહ તઆલા એમને સજા નહી કરે.
- જે લોકો અલ્લાહ તઆલાથી વારંવાર માંગે.

●●●

ઇસ્મે આ'ઝમ

જે કોઈ જ્યારે પણ તેની સાથે દુઆ કરશે, તે કબૂલ થશે.

જ્યારે તેના વડે માંગવામાં આવે છે તો અલ્લાહ તઆલા આપી દે છે.

●●●

સૌથી પહેલા



હું શયતાન મરદૂદથી અલ્લાહની પનાહ ચાહું છું.

પછી



હું અલ્લાહના નામથી શરૂ કરું છું, જે બેહદ મહેરબાન, બેહદ મોટો રહમ કરનાર છે.

પછી અલ્લાહના વખાણ

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ۙ﴿۱﴾ الرَّحْمٰنِ الرَّحِيْمِ ۙ﴿۲﴾ مٰلِكِ يَوْمِ الدِّيْنِ ؕ﴿۳﴾
اِيَّاكَ نَعْبُدُ وَ اِيَّاكَ نَسْتَعِيْنُ ؕ﴿۴﴾ اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ ۙ﴿۵﴾ صِرَاطَ
الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ ۙ غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَ لَا الضَّآلِّيْنَ ﴿۷﴾ (الفاتحہ)

પછી

(ઇસ્મે આ'ઝમ)

لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ سُبْحٰنَكَ ۖ اِنِّيْ كُنْتُ مِنَ الظّٰلِمِيْنَ ﴿۸۷﴾ (الانبیآء ۲۱:۸۷)

• • •

الٓمّٓ ﴿۱﴾ اللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۙ الْحَيُّ الْقَيُّوْمُ ؕ﴿۲﴾ (آلِ عمران ۳:۱-۲)

وَ اِلٰهُكُمْ اِلٰهٌ وَّاحِدٌ ۚ لَآ اِلٰهَ اِلَّا هُوَ الرَّحْمٰنُ الرَّحِيْمُ ﴿۱۶۳﴾ (البقرہ ۲:۱۶۳)

• • •

قُلِ اللّٰهُمَّ فَاطِرَ السَّمٰوٰتِ وَ الْاَرْضِ عٰلِمَ الْغَيْبِ وَ الشَّهَادَةِ اَنْتَ
تَحْكُمُ بَيْنَ عِبَادِكَ فِيْ مَا كَانُوْا فِيْهِ يَخْتَلِفُوْنَ ﴿۴۶﴾ (الزمر ۳۹:۴۶)

• • •

قُلِ اللّٰهُمَّ مٰلِكَ الْمُلْكِ تُؤْتِي الْمُلْكَ مَنْ تَشَآءُ وَ تَنْزِعُ الْمُلْكَ
مِمَّنْ تَشَآءُ ۚ وَ تُعِزُّ مَنْ تَشَآءُ وَ تُذِلُّ مَنْ تَشَآءُ ؕ بِيَدِكَ الْخَيْرُ ؕ
اِنَّكَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿۲۶﴾ (آلِ عمران ۳:۲۶)

اَللّٰهُمَّ اَنْتَ خَلَقْتَنِیْ وَاَنْتَ تَهْدِیْنِیْ وَاَنْتَ تُطْعِمُنِیْ
وَاَنْتَ تَسْقِیْنِیْ وَاَنْتَ تُمِیْتُنِیْ وَاَنْتَ تُحْیِیْنِیْ ط

اَللّٰهُ اَكْبَرُ كَبِیْرًا، وَالْحَمْدُ لِلّٰهِ كَثِیْرًا،
وَسُبْحَانَ اللّٰهِ بُكْرَةً وَّ اَصِیْلًا ط

اَللّٰهُمَّ اِنِّیْ اَسْئَلُكَ بِاَنِّیْ أَشْهَدُ أَنَّكَ اَنْتَ اللّٰهُ لَآ اِلٰهَ اِلَّا اَنْتَ،
اَلْأَحَدُ الصَّمَدُ الَّذِیْ لَمْ یَلِدْ وَلَمْ یُوْلَدْ وَلَمْ یَكُنْ لَّهٗ كُفُوًا اَحَدٌ ط

• • •

اَللّٰهُمَّ اِنِّیْ أَسْئَلُكَ بِأَنَّ لَكَ الْحَمْدُ، لَآ اِلٰهَ اِلَّا اَنْتَ، یَاحَنَّانُ، یَامَنَّانُ،
یَا بَدِیْعَ السَّمٰوٰتِ وَالْاَرْضِ، یَاذَا الْجَلَالِ وَالْاِكْرَامِ ط

• • •

یَابَدِیْعَ السَّمٰوٰتِ وَالْاَرْضِ، یَاذَا الْجَلَالِ وَالْاِكْرَامِ ط

• • •

اَللّٰهُمَّ اِنِّیْ أَسْئَلُكَ بِاسْمِكَ الْاَعْلَى الْاَجَلِّ الْاَكْبَرِ ط

• • •

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِیْكَ لَهٗ، لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ بِیَدِهِ الْخَیْرُ وَهُوَ عَلٰى كُلِّ شَیْءٍ
قَدِیْرٌ ط لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ لَهُ الْاَسْمَآءُ الْحُسْنٰى، هُوَ اللّٰهُ الَّذِیْ لَآ اِلٰهَ اِلَّا هُوَ الرَّحْمٰنُ الرَّحِیْمُ ط

• • •

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَ اللّٰهُ اَكْبَرُ، لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِیْكَ لَهٗ، لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ
وَهُوَ عَلٰى كُلِّ شَیْءٍ قَدِیْرٌ ط لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ ط

• • •

اَللّٰهُمَّ اِنِّیْ اَدْعُوْكَ اللّٰهَ، وَاَدْعُوْكَ الرَّحْمٰنَ، وَاَدْعُوْكَ الْبَرَّ الرَّحِیْمَ، وَاَدْعُوْكَ
بِاَسْمَائِكَ الْحُسْنٰى كُلِّهَا، مَا عَلِمْتُ مِنْهَا وَمَا لَمْ اَعْلَمْ، اَنْ تَغْفِرَلِیْ وَتَرْحَمَنِیْ۔

اَللّٰهُمَّ اِنِّیۡ اَسۡئَلُكَ مِنَ الۡخَيۡرِ كُلِّهٖ، مَاعَلِمۡتُ مِنۡهُ وَمَالَمۡ اَعۡلَمۡ،
بِاسۡمِكَ الۡعَظِيۡمِ الَّذِیۡ اِذَا دُعِيۡتَ بِهٖ اَجَبۡتَ وَاِذَا سُئِلۡتَ بِهٖ اَعۡطَيۡتَ۔

• • •

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ الۡحَلِيۡمُ الۡكَرِيۡمُ، سُبۡحَانَ اللّٰهِ رَبِّ الۡعَرۡشِ الۡعَظِيۡمِ، اَلۡحَمۡدُ لِلّٰهِ
رَبِّ الۡعٰلَمِيۡنَ، اَسۡئَلُكَ مُوۡجِبَاتِ رَحۡمَتِكَ، وَعَزَآئِمَ مَغۡفِرَتِكَ، وَالۡغَنِيۡمَةَ مِنۡ
كُلِّ بِرٍّ، وَالسَّلَامَةَ مِنۡ كُلِّ اِثۡمٍ، لَاتَدَعۡ لِیۡ ذَنۡبًا اِلَّاغَفَرۡتَهٗ وَلَا هَمًّا اِلَّا فَرَّجۡتَهٗ
وَلَاحَاجَةً هِیَ لَكَ رِضًا اِلَّا قَضَيۡتَهَا يَآ اَرۡحَمَ الرَّاحِمِيۡنَ ط

• • •

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ رَبُّ السَّمٰوٰتِ، وَرَبُّ الۡاَرۡضِ، وَرَبُّ الۡعَرۡشِ الۡكَرِيۡمِ ط

• • •

سُبۡحَانَكَ لَآ اِلٰهَ اِلَّا اَنۡتَ، يَا حَنَّانُ، يَا مَنَّانُ، يَابَدِيۡعَ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ،
يَاذَاالۡجَلَالِ وَالۡاِكۡرَامِ ط

• • •

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحۡدَهٗ لَا شَرِيۡكَ لَهٗ، لَهُ الۡمُلۡكُ وَلَهُ الۡحَمۡدُ
يُحۡيِیۡ وَ يُمِيۡتُ بِيَدِهِ الۡخَيۡرُ وَهُوَ عَلٰى كُلِّ شَیۡءٍ قَدِيۡرٌ ط

• • •

પછી દુરૂદ શરીફ

جَزَى اللّٰهُ عَنَّا مُحَمَّدًا مَّا هُوَ اَهۡلُهٗ ط

• • •

દુરૂદ શરીફ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ عَلٰٓى اٰلِ مُحَمَّدٍ فِی الۡاَوَّلِيۡنَ
وَالۡاٰخِرِيۡنَ وَفِی الۡمَلَاِ الۡاَعۡلٰى اِلٰى يَوۡمِ الدِّيۡنِ ط

• • •

દુરૂદ શરીફ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدِ النَّبِيِّ الْاُمِّيِّ وَاُمَّهَاتِ الْمُؤْمِنِيْنَ وَ اَهْلِ بَيْتِهٖ
وَ ذُرِّيَّتِهٖ كَمَا صَلَّيْتَ عَلٰى اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ

● ● ●

પછી દુઆ

હે મારા પરવરદિગાર! મને તું ફરમાંબરદાર બનાવ અને મારી અવલાદ ને પણ તારી ફરમાંબરદાર બનાવ.

હે મારા પરવરદિગાર! મને દુનિયામાં ભલાઈ અને આખિરતમાં પણ ભલાઈ અતા કર, અને દોઝખના અઝાબથી બચાવ.

હે મારા પરવરદિગાર! તું મારા તમામ નેક આ'માલને અને દુઆને કબૂલ કર, બેશક તુ સાંભળનાર અને જાણનાર છે.

હે અલ્લાહ! મારી મગ્ફિરત ફરમાવ, અને મને હિદાયત અતા ફરમાવ, અને મારા પર રહમ ફરમાવ, અને મને આફિયત અતા ફરમાવ, અને મને રોઝી (રીઝ્ક) અતા ફરમાવ.

હે દિલોનાં પલટનાર ઝાત! મારા દિલને તારા દીન પર જમાવી દે.

હે આસમાન અને જમીનને પેદા કરનાર ! દુનિયા અને આખિરતમાં તું જ મારો રફીક-સાથી છે. તું મને તારી ફરમાંબરદારીની હાલતમાં દુનિયાથી ઉઠાવજે અને મને તારા નેક બંદાઓમાં શામિલ ફરમાવજે.

મૌલા! હું તને મારો રબ, ઇસ્લામને મારો દીન, સય્યિદુના અબુલ કાસિમ સલ્લલ્લાહુ અલયહી વ સલ્લમને મારા નબી અને રસૂલ, બયતુલ્લાહને મારો કિબ્લા અને કુર્આને કરીમને મારો હકમ, મારો ઈમામ, મારો રેહબર અને મારો પેશવા માનવા પર બેહદ રાઝી અને ખુશ છું.

મૌલા! મારો કોઈ ગુનોહ માફ કર્યા વગર અને કોઈ ફિક્ર-ચિંતા દૂર કર્યા વગર અને કોઈ કર્ઝ-દેણું અદા કર્યા વગર ન છોડ. હે તમામ દયા-રહમ કરનારાઓથી વધીને રહમ અને દયા કરનાર!

હે તમામ દયા અને રહમ કરનારાઓથી વધીને દયા-રહમ કરનાર!

મને માફ કરી દે.

મારા ગુનાહો માફ કરી દે.

મારા મૌલા! માફ કરી દે.

મારા મૌલા! મને માફ કરી દે.

મારા મૌલા! મારા ગુનાહો માફ કરી દે.

મારા મૌલા! મારા ગુનાહોને નેકીઓમાં, સવાબમાં, સવાબે અઝીમમાં અને અજ્રે-અઝીમમાં બદલી નાખ.

મૌલા! તું મારા દીન, દુનિયા અને આખિરતના કામો આ'માલની બરકતથી બનાવ.

મૌલા! તારી ઝાત સિવાય કોઈનો પણ મોહતાજ ન બનાવતો.

માલિક! ઝિંદગી રમઝાન જેવી બસર કરાવ, અને મૌત ઈદ જેવુ નસીબ ફરમાવ.

મૌલા! ઈમાનની લઝ્ઝત અને મીઠાસ નસીબ ફરમાવ.

માલિક! નેક અમલોની લઝ્ઝત અને મીઠાસ નસીબ ફરમાવ.

મૌલા! તારો ઝિક્ર કરવાની લઝ્ઝત અને મીઠાસ નસીબ ફરમાવ.

માલિક! વ્યર્થ-બેકાર વાતોથી અને વ્યર્થ-બેકાર કામોથી બચવાની તૌફીક નસીબ ફરમાવ. આમીન! યા રબ્બલ આલમીન!

મૌલા! વ્યર્થ-બેકાર અને નકામો ગુસ્સો કરવાથી બચવાની તૌફીક નસીબ ફરમાવ.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ كَمَا تُحِبُّ وَتَرْضٰى لَهٗ۔

યા અલ્લાહ! મારી મગ્ફિરત ફરમાવ અને મારા ઉપર રહમ-દયા કર અને તું સૌથી વધુ રહમ કરનાર છે.

હે મારા પરવરદિગાર! તું મને હિદાયત આપ પછી મારા દિલને અવળા માર્ગે વાળીશ નહી, અને તારી પાસેથી મને રહમત અપર્ણ કર. બેશક, તું જ સઘળું આપનાર છે.

હે મારા પરવરદિગાર! હું તારા ઉપર ઈમાન લાવ્યો બિલા દલીલ. તું મારા ગુનાહોને માફ કરી દે અને મને મારા માં-બાપને અને મારી અવલાદ અને ઝુર્રિયતને દોઝખના અઝાબથી બચાવજે.

મૌલા! તારા વાયદાઓ પર અને તારા દીનની દરેકે-દરેક વાતો અને અમલો પર સંપૂર્ણ ભરોસો અને યકીન નસીબ ફરમાવ.

મૌલા! મારી પૂરી ઝિંદગીનાં તમામે-તમામ, દરેકે-દરેક ગુનાહે કબીરાને, ગુનાહે સગીરાને, જુર્મે અઝીમને, મઆસીને અને ભયંકર અપરાધોને માફ કરી દે.અને એ તમામે-તમામ ગુનાહોને તું નેકીઓમાં, સવાબમાં, સવાબે અઝીમ અને અજ્રે અઝીમમાં તબ્દીલ કરી નાખ, બદલી નાખ. આમીન! યા રબ્બલ આલમીન!

હે મારા પરવરદિગાર! મને મારી અવરત અને અવલાદ તરફથી આંખોની ઠંડક અપર્ણ કર અને મને પરહેઝગારોનો ઈમામ બનાવી દે.

હે મારા પરવરદિગાર! મને બખ્શી દે અને મારા માં-બાપને બખ્શી દે અને સર્વ ઈમાનવાળાઓની કિયામતનાં દિવસે મગ્ફિરત કરી આપજે.

હે મારા પરવરદિગાર! મને ઇલ્મ, હિકમત અને બુધ્ધિ અર્પણ કર, તેમજ મને મહાન દરજાના નેક લોકોમાં શામિલ કરી દે.

હે મારા પરવરદિગાર! મને ને'અમતોવાળી જન્નતનો વારિસ બનાવી દે.

યા અલ્લાહ! મને બખ્શી દે અને તમામ મુઅ્મિન મર્દો અને તમામ મુઅ્મિન અવરતોની મગ્ફિરત ફરમાવ અને મુસલમાન મર્દો અને મુસલમાન અવરતોની મગ્ફિરત ફરમાવ.

યા અલ્લાહ! તું માફ કરવાવાળો છે અને માફ કરવાને પસંદ કરે છે એટલા માટે મને માફ ફરમાવ.

યા અલ્લાહ! મને હક ને હક (સાચું) બતાવ અને એના ઉપર અમલની તૌફીક નસીબ ફરમાવ. અને બાતિલ ને બાતિલ (જૂઠું) બતાવ અને એનાથી બચવાની તૌફીક નસીબ ફરમાવ.

મૌલા! મને એ બંદાઓમાંથી બનાવી દે, જેઓ નેકી કરે તો ખુશ થાય અને જ્યારે ખરાબ કામ કરે તો મગ્ફિરત તલબ કરે.

યા અલ્લાહ! તારી યાદ, તારો આભાર, તારો શુક્ર અને તારી શ્રેષ્ઠ ઉપાસનામાં (ઈબાદત કરવામાં) મારી મદદ ફરમાવ.

યા અલ્લાહ! જે હરામ (ગેરકાયદેસર) છે તેના વિરોધમાં મારા માટે જે હલાલ (કાયદેસર) છે તેને પૂરતું બનાવી દે અને તારી કૃપાથી મને બીજાની જરૂરિયાતથી બચાવ.

મૌલા! સય્યિદુના અબુલ કાસિમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની સુન્નતો પર અમલ કરવાની તૌફીક નસીબ ફરમાવ. આમીન! યા રબ્બલ આલમીન!

યા અલ્લાહ! હું તારાથી એવું ઈમાને સહીહ અને સહીહ અકાઈદ માંગુ છું જે કદી ડગે નહી, જે કદી દિલમાંથી નિકળે જ નહી.

جَزَى اللهُ عَنَّا مُحَمَّدًا مَّا هُوَ اَهْلُهٗ ط

હે સદા જીવંત અને કાયમ રહેનાર ઝાત! હું તારી રહમત દ્વારા જ ફરિયાદ કરું છું, મદદ ચાહું છું. તું મારું દરેક કામ સુધારી અને શણગારી દે. અને મને આંખના પલકારા બરાબર પણ મારા પોતાના નફ્સને સુપ્રત કરીશ નહી.

યા અલ્લાહ! મૌતની સખ્તીથી અને મૌત વખતની પ્યાસથી અને મૌત વખતે અને આ દુન્યવી ઝિંદગીમાં પણ શયતાન ઇબ્લીસ અને તેના પૂરા લશ્કરથી પૂરે-પૂરી હિફાઝત અને પનાહ નસીબ ફરમાવ. ખાતિમો બીલ ખૈર ફરમાવ, અને શહાદતનું આલા અને બાલા મૌત નસીબ ફરમાવ.

યા અલ્લાહ! અઝાબે કબ્રથી પૂરેપૂરી હિફાઝત અને પનાહ નસીબ ફરમાવ.

યા અલ્લાહ! દોઝખથી પૂરેપૂરી હિફાઝત અને પનાહ નસીબ ફરમાવ.

યા અલ્લાહ! દીન, દુનિયા અને આખિરતનાં તમામ ગમ અને ફિકરોથી નજાત નસીબ ફરમાવ.

યા અલ્લાહ! ઇત્મિનાને કલ્બ (દિલનું સુકૂન) નસીબ ફરમાવ.

યા અલ્લાહ! મારા એબોને છૂપાવી રાખ અને મારી ઘભરામણને સંતોષ અને શાંતિથી બદલી આપ.

હે તે ઝાત! જે હંમેશા જીવંત અને કાયમ રહેવાની છે! હે જલાલ અને ઇઝ્ઝત વાળી ઝાત! તારી રહમત વડે હું મદદ ચાહું છું.

મૌલા! હું તને રબ તરીકે પામીને બહુ ખુશ છું. તું પણ મારાથી, મારી અવલાદથી, મારા અહ્લો-અયાલથી અને મારી ઝુર્રિય્યતથી હંમેશા રાઝી અને ખુશ રહેજે. આમીન! યા રબ્બલ આમીન!

મૌલા! અચાનકનાં મૌતથી અને અચાનકની તારી પકડથી પૂરેપૂરી હિફાઝત ફરમાવ.

યા અલ્લાહ! તું મને કાફી છે, તારા સિવાય કોઈ મા'બૂદ નથી. મને તારા ઉપર સંપૂર્ણ ભરોસો છે, અને તું જ અઝીમ તખ્તનો માલિક છે.

મૌલા! માલિકુલ મુલ્ક તું જ.

મૌલા! કાદિરે મુત્લક તું જ.

મૌલા! મુખ્તારે કુલ તું જ.

મૌલા! સૌથી વધુ મહેરબાન તું જ.

મૌલા! સૌથી મોટો કદરદાન તું જ.

મૌલા! તને રબ તરીકે પામીને બહુ ખુશ.

મૌલા! મને તારી કદર નસીબ ફરમાવ.

મૌલા! મને વખતની (ટાઇમની) કદર નસીબ ફરમાવ.

મૌલા! મને ઈમાનની કદર નસીબ ફરમાવ.

મૌલા! મને ઈસ્લામની કદર નસીબ ફરમાવ.

મૌલા! મને નેક આ'માલની કદર નસીબ ફરમાવ.

મૌલા! મને ફુરસતની કદર નસીબ ફરમાવ.

મૌલા! મને તંદુરસ્તીની કદર નસીબ ફરમાવ.

મૌલા! મને ઝિંદગીની કદર નસીબ ફરમાવ.

મૌલા! મને ગેરમાર્ગે ન ચલાવતો.

મૌલા! મને ખોટી દિશાવાળા રસ્તા પર ન ચલાવતો.

મૌલા! મારી અવલાદને ગેરમાર્ગે ન ચલાવતો.

મૌલા! મારી અવલાદને ખોટી દિશાવાળા રસ્તા પર ન ચલાવતો.

યા ગફ્ફાર! માફ કરી દે.

યા ગફ્ફાર! મને માફ કરી દે.

યા ગફ્ફાર! મારા ગુનાહો માફ કરી દે.

جَزَى اللهُ عَنَّا مُحَمَّدًا مَّا هُوَ اَهْلُهٗ

મૌલા! મારી અવલાદ અને ઝુર્રિય્યતમાંથી કોઈ કાફિર, મુશ્રિક, મુર્તદ, બિદ્અતી, બે નમાઝી અને જહન્નમી (દોઝખી) ને પેદા ન કરતો. આમીન! યા રબ્બલ આલમીન!

યા અલ્લાહ! મારા આ'માલને એટલા વજનદાર બનાવજે કે, તારી ઝાત સિવાય કોઈ પણ તેનો વજન નહીં કરી શકે.

યા અલ્લાહ! મારું, મારી અવલાદનાં અને મારી ઝુર્રિય્યતનાં નામો કામિલ ઈમાનવાળાઓની જમાઅતમાં લખી દે.

યા અલ્લાહ! મને સિરાતે મુસ્તકીમ (સીધો માર્ગ) નસીબ ફરમાવ.

યા અલ્લાહ! મને નેક હિદાયત નસીબ ફરમાવ.

યા અલ્લાહ! મારી અવલાદ ને સિરાતે મુસ્તકીમ (સીધો માર્ગ) નસીબ ફરમાવ.

યા અલ્લાહ! મારી અવલાદ ને નેક હિદાયત નસીબ ફરમાવ.

યા અલ્લાહ! મને તે ખાસ લોકોમાંથી બનાવી દે જે ખાસ લોકો તારી મુરાદ છે.

જેમને તું ચાહે છે માલિક!

જેમને તેં ચાહા મૌલા!

જેમને તેં મુહબ્બત (મહબ્બત) કરી રબ્બે કરીમ!

રબ્બે કરીમ! બરકત, રહમત અને સલામતી નાઝિલ કર મારા દીન-ધર્મ, મારી જાન, મારી અવલાદ, મારા પરિવારજનો અને મારા માલ ઉપર.

મૌલા! જે વખત (ટાઇમ) તારી યાદ (ઝિક્ર) વગર ગફલતમાં ગુઝારી દીધો, લહ્વ- લઇબમાં ગુઝારી દીધો, મારા આ જુર્મે અઝીમ અને ગુનાહે કબીરાને માફ કરી દે રબ્બે કરીમ.

યા અલ્લાહ! મને માફ કરી દે.

યા અલ્લાહ! મારા ગુનાહોને માફ કરી દે.

મૌલા! દગાબાજ અને મક્કાર દોસ્તથી હું તારી પનાહ ચાહું છું.

મૌલા! અતિશય ગરીબાઈ, નાદારી અને મોહતાજીથી હું તારી પનાહ ચાહું છું.

યા અલ્લાહ! મારી ઝિંદગીનાં તમામે- તમામ, દરેકે-દરેક, એક-એક, હર-હર ગુનાહોને તું નેકીઓમાં, સવાબમાં, સવાબે અઝીમમાં અને અજ્રે અઝીમમાં ફેરવી નાખ, તબ્દીલ કરી નાખ રબ્બે કરીમ!

યા અલ્લાહ! મારી, મારી અવલાદની, મારા અહ્લો- અયાલની મારી ઝુર્રિય્યતની, મારા માં-બાપની, મારા ભાઈઓ અને બહેનોની અને તેમની અવલાદની, મારા હબીબ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની પૂરી ઉમ્મતની અને તમામ ઈમાનવાળાઓની મગ્ફિરત ફરમાવ.

યા અલ્લાહ! પાક છે તારી ઝાત તમામ શરીકોથી.

યા અલ્લાહ! પાક છે તારા રસૂલ તમામ ગુનાહોથી.

યા અલ્લાહ! પાક છે તારો દીન તમામ જૂઠ્ઠી વાતોથી.

યા અલ્લાહ! પાક છે તારું કુર્આન તમામ શંકાથી.

યા અલ્લાહ! હું તારી ઝાત પર, તારા ઉતારેલા દીન પર, તારી ઉતારેલ કિતાબ પર અને તે મોકલેલ નબી પર ઈમાન ધરાવું છું.



મૌલા! સર્વ (તમામ) કામોમાં મારા માટે અંજામને બેહતર બનાવ અને દુનિયાની રુસ્વાઈ અને આખિરતનાં અઝાબથી મને પનાહ અતા ફરમાવ.

હે ઇસ્લામના માલિક! મને ઇસ્લામ પર સાબિત કદમ (અડગ) રાખજે, ત્યાં સુધી કે હું તારી મુલાકાત કરું.

માલિક! ઈમાનની મીઠાસ નસીબ ફરમાવ.

રબ્બે કરીમ! હું તારા પર ઈમાન લાવ્યો તથા મેં તારા પર ભરોસો કર્યો અને તને જ મેં હાકિમ બનાવ્યો, તો તું મારા આગલા-પાછલા, ગુપ્ત અને જાહેર ગુનાહોને તેમજ તે ગુનાહોને જેમને તું મારાથી વધુ જાણે છે, માફ કરી દે, માફ કરી દે.માફ કરી દે. મૌલા!

મૌલા! તેં જ કહ્યું છે કે મારાથી દુઆ માંગો હું તમારી દુઆને કબૂલ કરીશ.

મારા માલિક! તેં જ કહ્યું છે કે તું દુઆ કરવાવાળાઓની દુઆને કબૂલ કરે છે, હું પણ આજ યકીન સાથે (દુઆની કબૂલિયતનાં યકીન સાથે) તારા થી દુઆ માંગું છું.

મૌલા! મારો સાથ ન છોડતો.

મૌલા! તારી ઝાત સિવાય કોઈનો પણ મોહતાજ ન બનાવતો.

મૌલા! મારી અવલાદનો સાથ ન છોડતો.

મૌલા! મારે તારી સાથે સુલહ્ કરવી છે, તું મારી સાથે સુલહ્ કરી લે.

મારા માલિક! મારા ખાલિક! મારા રબ! મારા મુશ્કિલ કુશા! મારા હાજત રવાં! મારી દીન-દુનિયા તથા આખિરતની તમામે-તમામ, દરેકે-દરેક હાજતો, ઝરૂરતો અને મુરાદોને પૂરી ફરમાવ.

યા અલ્લાહ! કબૂલ અને મકબૂલ દાવત અઝાનના રબ! હઝરત મુહમ્મદ અને આલે હઝરત મુહમ્મદ પર રહમત ઉતાર, અને હૂરે ઈન (عِيْن) સાથે મારા નિકાહ કરી દે.

لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ سُبْحٰنَكَ اِنِّيْ كُنْتُ مِنَ الظّٰلِمِيْنَ ﴿٨٧﴾ (الانبياء:٢١:٨٧)

جَزَى اللّٰهُ عَنَّا مُحَمَّدًا مَّا هُوَ اَهْلُهٗ

યા અલ્લાહ! હું તારાથી દુનિયા અને આખિરતમાં આફિયત

ચાહું છું, મને દુનિયા અને આખિરતમાં આફિયત નસીબ ફરમાવ.

યા અલ્લાહ! મારો, મારી અવલાદનો, મારા અહ્લો- અયાલનો અને મારી ઝુર્રિય્યતનો સાથ કદી ન છોડતો, અમને હંમેશા સાથ દેજે દીન, દુનિયા અને આખિરતમાં.

યા અલ્લાહ! મને સાબિકીન (સબકત કરવાવાળા– આગળ વધવાવાળા)માંથી બનાવી દે.

યા અલ્લાહ! મને મુખ્લિસીનમાંથી બનાવી દે.

યા અલ્લાહ! મને મુહ્સિનીનમાંથી બનાવી દે.

યા અલ્લાહ! મને મુઅઝ્ઝિનીનમાંથી બનાવી દે.

યા અલ્લાહ! મને ઝાકિરીનમાંથી બનાવી દે.

યા અલ્લાહ! મને શાકિરીનમાંથી બનાવી દે.

યા અલ્લાહ! મને સિદ્દીકીનમાંથી બનાવી દે.

યા અલ્લાહ! મને શુહદાઅ્માંથી બનાવી દે.

યા અલ્લાહ! મને સાલિહીનમાંથી બનાવી દે.

યા અલ્લાહ! મને ઉલૂલ અલ્બાબમાંથી બનાવી દે.

યા અલ્લાહ! મને રહમાનનાં ખાસ બંદાઓમાંથી બનાવી દે.

યા અલ્લાહ! મને શર્હે સદ્ર નસીબ ફરમાવ.

મૌલા! મને મારા દીન (દીને ઇસ્લામ)ની સહીહ સમજ નસીબ ફરમાવ.

મૌલા! મને અક્લે સલીમ અને કલ્બે સલીમ નસીબ ફરમાવ.

મૌલા! મારી અવલાદને અક્લે સલીમ અને કલ્બે સલીમ નસીબ ફરમાવ.

યા અલ્લાહ! તારી દોસ્તી નસીબ ફરમાવ.

યા અલ્લાહ! તારી મુહબ્બત (મહબ્બત) નસીબ ફરમાવ.

યા અલ્લાહ! તારો કુર્બ નસીબ ફરમાવ.

યા અલ્લાહ! પૂરે-પૂરા દીનમાં દાખલ કરી દે.

યા અલ્લાહ! હકીકતે ઈમાન નસીબ ફરમાવ.

યા અલ્લાહ! મારો અને મારી અવલાદનો મિજાઝ દીની બનાવી દે.

મૌલા! અચાનકનાં મૌતથી અને તમામ બૂરી (ખરાબ) મૌતથી પૂરેપૂરી હિફાઝત ફરમાવ.

سُبْحَانَ اللهِ الْعَظِيْمِ وَبِحَمْدِهٖ
جَزَى اللهُ عَنَّا مُحَمَّدًا مَّا هُوَ اَهْلُهٗ

યા અલ્લાહ! હું તારી બારગાહમાં વિનમ્રતા દાખવનાર, ડરનાર, ખૂબ રડનાર અને ગુનાહોની માફી માંગનાર દિલનો સવાલ કરું છું. મને એ દિલ નસીબ ફરમાવ. મારો આ સવાલ તારા ફઝલથી પૂરો ફરમાવ. આમીન! યા રબ્બલ આલમીન!

રબ્બે કરીમ! મને કલ્બે સલીમ નસીબ ફરમાવ.

મૌલા! હું તારાથી બેહતરીન સવાલની, બેહતરીન દુઆની, ઉત્તમોત્તમ કામિયાબીની (સફળતાની), સારામાં સારા અમલોની, બેહતરીન અજર સવાબની, તેમ જ બેહતરીન ઝિંદગીની અને બેહતરીન મૌતની યાચના કરું છું.

મૌલા! હું તારાથી શુક્રગુઝાર લોકોને મળે એવો અજ્રે અઝીમ, સવાબે અઝીમ માંગુ છું, મુકર્રબીન (તારી નઝદીકી પામેલા) લોકોને મળે એવી તારી મહેમાનદારી, અંબિયા અલયહિમુસ્સલામનો સાથ-સહવાસ, સિદ્દીકો જેવા યકીન અને એ'તેકાદ, તકવાવાળાઓ જેવી ખાકસારી-વિનમ્રતા અને યકીનવાળાઓ જેવો તારો ડર, આ બધું જ મને આપ, અને આવી હાલતમાં જ મને મૌત આપજે. આમીન! યા રબ્બલ આલમીન!

મૌલા! મને કામિલ (મુકમ્મલ) ઈમાનવાળો બનાવીને જ મૌત આપજે. મારી ઉમરનાં છેલ્લા (આખરી) દિવસોને ઉમરનાં બેહતરીન દિવસો બનાવજે, મારા આ'માલમાં સૌથી સારો અમલ મારો અંતિમ અમલ બનાવજે.

મૌલા! મારો સૌથી શ્રેષ્ઠ દિવસ તે અંતિમ દિવસ બનાવજે, જ્યારે હું તને મળું. તે દિવસને ઝિંદગીનો સૌથી ઉત્તમ દિવસ બનાવજે. આમીન! યા રબ્બલ આલમીન!

મૌલા! મારા તમામ નેક અમલોને અને તમામે-તમામ દુઆઓને ઘણીજ કબૂલ અને મકબૂલ ફરમાવ. આમીન! યા રબ્બલ

આલમીન!

મૌલા! મને કામિલ (સંપૂર્ણ) ઈમાન, સાચું યકીન, વિશાળ-હલાલ- પવિત્ર રોઝી, ડરનારું દિલ, ઘણીજ ઝિક્ર કરનાર ઝબાન, ખાસ તૌબા, મૌતથી પહેલા સાચી તૌબા, મૌત વખતે રાહત, મૌત પછી સંપૂર્ણ મગ્ફિરત અને રહમત નસીબ ફરમાવ.

મૌલા! મેં ઈરાદા પૂર્વક કરેલા તેમજ ઈરાદા વિના કરેલા તમામ (બધા જ) ગુનાહોને માફ કરી દે.

મૌલા! હે મારા પરવરદિગાર! તું મને બખ્શી દે, અને મારી તૌબા કબૂલ ફરમાવી લે. બેશક, તું જ ઘણો મોટો તૌબા કબૂલ કરવાવાળો મહેરબાન છે.

جَزَى اللهُ عَنَّا مُحَمَّدًا مَّا هُوَ اَهْلُهٗ

હે અલ્લાહ! તેં જ મને પેદા કર્યો અને તું જ મને હિદાયત દેવાવાળો છે અને તું જ મને ખવડાવે છે અને તું જ મને પિવડાવે છે અને તું જ મને મૌત આપીશ અને તું જ મને જીવતો કરીશ.

હે અલ્લાહ! હરામથી બચાવી, પોતાના હલાલ વડે તું મારી કિફાલત ફરમાવ (તું મારા વતી જવાબદાર બની જા) અને પોતાના ફઝલ વડે તું મને પોતાના ગેરથી બેનિયાઝ ફરમાવી દે.

હે અલ્લાહ! તારી મગ્ફિરત મારા ગુનાહોથી ઘણી જ વિશાળ છે અને મને પોતાના અમલની સરખામણીમાં તારી રહમતની ઘણી વધારે ઉમ્મીદ છે.

નોંધ: આ દુઆ ત્રણ (૩) વખત માંગવી જોઈએ.

યા અલ્લાહ! હું તારી સામે મારી ઝિંદગીનાં તમામે-તમામ, દરેકે-દરેક, એક-એક, હર-હર ગુનાહોથી તૌબા કરું છું. મૌલા! મારા ગુનાહો માફ કરી દે, અને એ તમામે-તમામ, દરેકે-દરેક એક-એક, હર-હર ગુનાહોને તું નેકીઓમાં, સવાબમાં ફેરવી નાખ, તબ્દીલ કરી નાખ. આમીન! યા રબ્બલ આલમીન!

યા અલ્લાહ! મારા એબોને, મારી અવલાદનાં એબોને, મારા અહ્લો-અયાલનાં એબોને અને મારા માં-બાપનાં એબોને છૂપાવી રાખ,

અને અમારી ગભરામણને સંતોષ અને શાંતિથી બદલી આપ.

હે તે ઝાત, જે હંમેશા જીવંત અને કાયમ રહેવાવાળી છે! હે જલાલ અને ઇઝ્ઝતવાળી ઝાત! તારી રહમત વડે હું મદદ ચાહું છું.

યા અલ્લાહ! દીન, દુનિયા અને આખિરતના તમામ કામોમાં મારી મદદ ફરમાવ.

યા અલ્લાહ! મારા આ'માલને એટલા વજનદાર બનાવજે કે, તારી ઝાત સિવાય કોઈ પણ તેનો વજન નહીં કરી શકે.

યા અલ્લાહ! તું મને બસ છે, તારા સિવાય કોઈ મા'બૂદ નથી, મને તારા ઉપર જ ભરોસો છે અને તું જ મોટા તખ્તનો માલિક છે.

યા અલ્લાહ! મારા ગુનાહો માફ કરી દે, અને મારા ઘરમાં મારા માટે વિશાળતા પેદા કર, અને મારી રોઝીમાં બરકત અતા ફરમાવ.

હે મારા રબ! મારા ઈલ્મમાં વધારો કરી દે.

હે મારા રબ! જે ભલાઈ તું મારા તરફ ઉતારે તેનો હું મોહતાજ છું.

હે મારા રબ! દરેક હાલતમાં તારીફને પાત્ર તું જ.

યા અલ્લાહ! હું તારાથી સવાલ કરું છું હિદાયતનો, પરહેઝગારીનો, પાકદામનીનો, બેનિયાઝી અને માલદારીનો.

યા અલ્લાહ! તું મને તારી મુહબ્બત (મહબ્બત) અતા ફરમાવ.

યા અલ્લાહ! મને માફ કરી દે, અને મારા પર રહમ ફરમાવ અને મને ઉપરવાળા સાથીઓમાં પહોંચાડી આપ.

મૌલા! મારા ગુનાહોને માફ કરી દે, અને મારા માટે મારી અવલાદ માટે, મારા અહ્લો-અયાલ માટે, અને મારા માં-બાપ માટે તારી રહમતનાં દરવાજા ખોલી દે.

યા અલ્લાહ! મારા બદનમાં આફિયત અતા ફરમાવ.

યા અલ્લાહ! મારી સાંભળવાની શક્તિમાં આફિયત અતા ફરમાવ.

મૌલા! મારી જોવાની શક્તિમાં આફિયત અતા ફરમાવ.

મૌલા! તારા સિવાય કોઈ મા'બૂદ નથી.

મૌલા! તું મહાન છે, સૌથી મહાન અને સૌથી વધુ તારીફને લાયક તું જ છે.

હે સદા જીવંત અને કાયમ રહેનાર ઝાત! હું તારી રહમત દ્વારા જ ફરિયાદ કરું છું, મદદ ચાહું છું, તું મારું, મારી અવલાદનું, મારા અહ્લો-અયાલનું અને મારી ઝુર્રિય્યતનું દરેક કામ સુધારી અને શણગારી દે, અને અમને આંખના પલકારા બરાબર પણ અમારા નફ્સને સુપ્રત કરીશ નહી.

(૧૬) **અર્થ:** હે અલ્લાહ! તું માફ કરવાવાળો છે, અને માફ કરવાને પસંદ કરે છે, એટલા માટે મને માફ ફરમાવ.

આ શબ્દો સાથે વારંવાર ઈસ્તિગ્ફાર કર્યા કરો.

(૧૭) યા રબ! માફ કરી દે.
યા રબ! મને માફ કરી દે.
યા રબ! મારા ગુનાહોને માફ કરી દે.
યા રબ! મારા ગુનાહોને નેકીઓમાં, સવાબમાં, સવાબે અઝીમમાં અને અજ્રે-અઝીમમાં ફેરવી નાખ, બદલી નાખ.

(૧૮) યા રબ! મને માફ કર અને મને તારી રહમતમાં દાખલ કર બેશક, તું દયા કરનારાઓમાં સૌથી વધુ દયાળુ છે.

આ શબ્દો સાથે વારંવાર ઈસ્તિગ્ફાર કર્યા કરો.

(૧૯) અલ્લાહ તઆલાથી પોતાના તમામ ગુનાહોની માફી ★ત્રણ (૩) વખત કહેવાથી ગુનાહો માફ થશે★

اَللّٰهُمَّ مَغْفِرَتُكَ اَوْسَعُ مِنْ ذُنُوْبِيْ
وَرَحْمَتُكَ اَرْجٰى عِنْدِيْ مِنْ عَمَلِيْ ط

" અલ્લાહુમ્મ મગ્ફિરતુક અવ્સઉ મિન્ ઝુનૂબી વ રહ્મતુક અર્જા ઇન્દી મીન્ અમલી."

અર્થ: હે અલ્લાહ! તારી મગ્ફિરત મારા ગુનાહોથી ઘણી જ વિશાળ છે અને મને પોતાના અમલની સરખામણીમાં તારી રહમતની ઘણી વધારે ઉમ્મીદ છે.

હદીષ : હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ (રદિ.) ફરમાવે છે કે, એક માણસ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની ખિદમતમાં હાજર થયા અને કહેવા લાગ્યા, હાય મારા ગુનાહ! હાય મારા ગુનાહ! એ માણસે આ શબ્દો બે (૨) કે ત્રણ (૩) વખત કહ્યા. રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ એ માણસને કહ્યુ, તમે પઢોઃ આ માણસે આ ઉપરના કલિમાત કહ્યા. રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યોઃ ફરીથી આ કલિમાત કહો. એ માણસે આ કલિમાત ફરીથી કહ્યા. આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરી ઈરશાદ ફરમાવ્યોઃ ફરીથી આ કલિમાત કહો. એ માણસે ત્રણ (૩) વખત આ જ શબ્દો કહ્યા. ત્યાર પછી રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરી ઈરશાદ ફરમાવ્યોઃ ઊઠી જાવ, અલ્લાહ તઆલાએ તમારી મગ્ફિરત ફરમાવી દીધી. (મુસ્તદરક હાકીમ, હિસ્ન)

નોંધઃ થોડીવાર માટે માની લો કે, જો તમે દુનિયાના સૌથી મોટા ગુનેહગાર (ભયંકર અપરાધી) હશો તો પણ આ ઈસ્તિગ્ફારની બરકતથી અલ્લાહ તઆલા તમારા નાના અને મોટા ગુનાહો પણ માફ કરી તમારી મગ્ફિરત કરી દેશે.

(૨૦) પઢવા પછી ગુજરી જશે તો જન્નતી છે

★સય્યિદુલ ઈસ્તિગ્ફાર★

اَللّٰهُمَّ أَنْتَ رَبِّيْ لَآ اِلٰهَ إِلَّا أَنْتَ خَلَقْتَنِيْ وَأَنَا عَبْدُكَ وَأَنَا عَلٰى عَهْدِكَ وَوَعْدِكَ مَا اسْتَطَعْتُ أَعُوْذُ بِكَ مِنْ شَرِّ مَا صَنَعْتُ أَبُوْءُ لَكَ بِنِعْمَتِكَ عَلَيَّ وَأَبُوْءُ لَكَ بِذَنْبِيْ فَاغْفِرْلِيْ فَإِنَّهُ لَا يَغْفِرُ الذُّنُوْبَ إِلَّا أَنْتَ ط (بخارى شريف)

અર્થ: હે અલ્લાહ! તું મારો પરવરદિગાર છે. તારા સિવાય કોઈ મા'બૂદ નથી. તેં જ મને પેદા કર્યો છે અને હું તારો બંદો છું અને હું તારા વચન અને વાયદા પર યથાશક્તિ કાયમ છું. મારા કામોની બુરાઈથી તારી પનાહ ચાહું છું. મારા ઉપર તારી ને'અમતોનો સ્વીકાર કરું છું અને મારા ગુનાહોનો પણ મને ઈકરાર છે. તો તું મને માફ કર. બેશક, ગુનાહોને માફ કરનાર તારા સિવાય અન્ય કોઈ જ નથી.

ફઝીલત: હઝરત રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત છે કે, જે માણસ મજકૂર ઈસ્તિગ્ફારને સવાબનું યકીન રાખીને દિવસે પઢશે અને તે જ દિવસે તેનો ઇન્તિકાલ થઇ જશે તો તે જન્નતી છે અને જે માણસ ઉપરોક્ત ઈસ્તિગ્ફારને સવાબનું યકીન રાખીને રાતે પઢશે અને સવાર થતાં પહેલાં તેની વફાત થઇ જશે તો તે જન્નતી છે. (બુખારી શરીફ)

(૨૧) હે મારા રબ! મને માફ કર અને મને તારી રહમતમાં દાખલ કર બેશક, તું રહમ કરનારાઓમાં સૌથી વધુ રહમ કરનાર છે.

આ શબ્દો સાથે વારંવાર ઈસ્તિગ્ફાર કર્યા કરો.

નોંધ: મારા ભાઈઓ અને બહેનો!

જનાબે રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું: હું દિવસમાં ૭૦ વખત (બીજી રિવાયતમાં છે ૭૦ વખતથી પણ વધારે) અલ્લાહથી તૌબા અને ઈસ્તિગ્ફાર કરું છું. (ત્રીજી રિવાયતમાં છે ૧૦૦ વખત.) (હિસ્ને હસીન: ૪૦૬)

બીજી હદીષમાં આવ્યું છે કે, જનાબે રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું: તમે ખૂબ (પુષ્કળ) અલ્લાહના સામે તૌબા કર્યા કરો, એટલા માટે કે, હું દિવસમાં ૧૦૦ વખત તૌબા કરું છું. (હિસ્ને હસીનઃ ૪૦૫)

મારા ભાઈઓ અને બહેનો! આ કારણે આ તમામ ઈસ્તિગ્ફાર (દુઆએ મગ્ફિરત) કરવાનો મા'મૂલ બનાવી લો.

પૂરા દિવસમાં (દરરોજ) ઓછામાં ઓછું (કમસે કમ) ૩૦૦ વખત ઈસ્તિગ્ફાર કરવાનો મા'મૂલ બનાવવો જોઈએ.

★ઈસ્તિગ્ફાર બહું જ મોટી દૌલત (ખઝાનો) છે.★

હદીષમાં આવ્યું છે કે, જેના માટે આસમાનોમાં (આસમાનો ઉપર) મગ્ફિરતનો (માફીનો ફેસલો) થાય તેને દુનિયામાં ઈસ્તિગ્ફાર કરવાની તૌફીક મળે છે.

★ઈસ્તિગ્ફાર અલ્લાહની મદદના બંધ દરવાજા એક પછી એક ખોલવાની ચાવી છે.★

ઝિંદગીમાં ઇલ્મ, ઇલ્મ ઉપર યકીન સાથે અમલ, અમલ સાથે ઇખ્લાસ અને ઇખ્લાસ સાથે નમ્રતા (આજિઝી) જરૂરી છે.

અલ્લાહ તઆલાની નજીક સૌ આ'માલમાં તે અમલ અલ્લાહને બહુ ખુશ કરનાર (પસંદિત) છે જે હંમેશા કરાતો હોય, ભલે થોડો હોય. (બુખારી શરીફ)

ઘણોજ મોટો અને મહાન અમલ છે. અલ્લાહ પાક દરરોજ આ અમલ કરવાની તૌફીક આપે. આમીન!

• • •

અંધેરો મેં ભી રાસ્તા હોગા,
જબ અલ્લાહ સે રાબ્તા હોગા.

• • •

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ
عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط
اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ
عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

• • •

અગણિત અને બેહિસાબ ફરિશ્તાઓની દુઆએ મગ્ફિરત પઢવાવાળા માટે

મહાન ફઝીલત: હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ (રદિ.) ફરમાવે છે કે, જ્યારે અમે તમો ને કોઈ હદીષ સંભળાવીએ છિએ તો કુર્આન શરીફથી તેની સનદ અને તાઈદ બતાવી દઈએ છિએ, મુસલમાન જ્યારે

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، اَلْحَمْدُ لِلّٰهِ ط
لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ ط تَبٰرَكَ اللّٰهُ ط

(સુબ્હાનલ્લાહિ વ બિ-હમ્દિહી, અલ્હમ્દુલિલ્લાહ,
લા ઈલાહ ઈલ્લલ્લાહ, તબારકલ્લાહ.)

પઢે છે તો ફરિશ્તો પોતાની પાંખોમાં એકદમ સાવચેતીથી આ કલિમાતને આસમાન પર લઈ જાય છે, અને જે આસમાનથી પસાર થાય છે તે આસમાનના ફરિશ્તાઓ તે કલિમાત પઢનાર માટે મગ્ફિરતની દુઆ કરે છે. (ફઝાઈલે આ'માલ - ફઝાઈલે ઝિક્ર)

નોંધ: ફરિશ્તાઓની સંખ્યાનો અંદાજ - કયાસ કાઢવો મુશ્કેલ છે, તેનો ખરો અંદાજ તો ફકત અલ્લાહ પાક જ જાણે છે. ફરિશ્તાઓની સંખ્યાનો સાચો અંદાજ તો અલ્લાહ રબ્બુલ ઈઝઝત જ વધુ જાણે છે. અલ્લાહ પાકે કુર્આને કરીમમાં ફરમાવ્યુ :

وَمَا يَعْلَمُ جُنُوْدَ رَبِّكَ اِلَّا هُوَ ط

(المدثر۷۴: ۳۱)

અર્થ : અને આપના પરવરદિગારનાં લશ્કરોને ખુદ તેના સિવાય કોઈ જાણતુ નથી.

આ કલિમાતનાં પઢવાવાળા માટે અગણિત અને બેહિસાબ ફરિશ્તાઓ દુઆએ મગ્ફિરત કરશે, જેમની સંખ્યાનો સાચો અંદાજ અલ્લાહ તઆલા સિવાય કોઈને પણ નથી.

માટે, મારા ભાઈઓ ! અને બહેનો ! ફરિશ્તા જેવી માસૂમ (ગુનાહોથી પાક) મખ્લૂક ની દુઆ એ મગ્ફિરત માટે આ મહામૂલા કલિમાતની પાબંદી કરવા વિનમ્ર વિનંતી.

આ મુબારક અને અઝીમ કલિમાતને સવારે અને સાંજે પાબંદીથી પઢવાની અલ્લાહ રબ્બુલ આલમીન આપણે બધાને તૌફીક નસીબ ફરમાવે. આમીન ! યા રબ્બલ આલમીન !

નોંધ: આ કલિમાત ગમે તે ટાઈમે પઢી શકાય છે. આ કલિમાતને પઢવા માટે કોઈ ખાસ ટાઈમ નથી .

પઢવાવાળા માટે બેહિસાબ ફરિશ્તાઓની મગ્ફિરતની દુઆ

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ۝

(સુબ્હાનલ્લાહિ વ બિ-હમ્દિહી,અલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન.)

મહાન ફઝીલત: હઝરત અમ્ર ઈબ્નુલ આસ (રદિ.)થી રિવાયત છે કે જ્યારે બંદો

(સુબ્હાનલ્લાહિ વ બિ-હમ્દિહી) سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ

અથવા

(અલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન.) اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ۝

પઢે છે તો ફરિશ્તાઓ દુઆ કરે છે કે, હે અલ્લાહ ! એની મગ્ફિરત ફરમાવ. (ફઝાઈલે આ'માલ - ફઝાઈલે ઝિક્ર)

ખુલાસો : ઘણાં ખુશનસીબ છે અલ્લાહ રબ્બુલ આલમીનનાં તે નેક બંદા અને બંદીઓ જેમના માટે ગુનાહોથી પાક અલ્લાહ તઆલાનાં અગણિત અને બેહિસાબ ફરિશ્તાઓ દુઆએ મગ્ફિરત કરે. તેમની ખુશનસીબીનું પૂછવું જ શું ?

અલ્લાહ રબ્બુલ આલમીન આ મહામૂલા કલિમાત ને પાબંદીથી પઢવાની તૌફીક નસીબ ફરમાવે. આમીન ! યા રબ્બલ આલમીન !

જન્નતમાં ખજૂરનું ઝાડ

سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ وَبِحَمْدِهٖ

(સુબ્હાનલ્લાહિલ્ અઝીમી વ બિ-હમ્દિહી)

અર્થ : પાકી (બયાન કરું છું) બુઝુર્ગ અને બરતર અલ્લાહની, અને એનાં જ વખાણ સાથે.

ફઝીલત : હદીષ શરીફમાં ફરમાવવામાં આવ્યું છે કે, જે માણસ આ કલિમાત ને એક (૧) વખત પઢે છે તેના માટે જન્નતમાં એક (૧) ખજૂરનું ઝાડ લગાવવામાં આવે છે. (હિસ્ને હસીન : પેજ ૨૬૯ ઉર્દૂ)

જહન્નમથી છૂટકારો અને જેને અલ્લાહ પાક સાચો બતાવે

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ

(લા ઈલા-હ ઈલલ્લાહુ વલ્લાહુ અકબર)

ફઝીલત : હઝરત અબૂ દરદાઅ્(રદિ.) જનાબ નબી એ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત કરે છે કે, ચાર (૪) વખત ઉપર નાં કલિમાત પઢનારને અલ્લાહ તઆલા જહન્નમથી છૂટકારો આપે છે. (તબરાની)

હદીષ શરીફમાં આવ્યું છે કે, જ્યારે કોઈ બંદો

لَآ اِلٰـهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ ط

(લા ઈલા-હ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર)

કહે છે તો હક તઆલા શાનુહૂ ફરમાવે છે કે, મારા બંદા એ સાચું કહ્યું, " મારા સિવાય કોઈ મા'બૂદ નથી અને હું સૌથી મોટો છું."

(ફઝાઈલે આ'માલ–ફઝાઈલે ઝિક્ર)

નોંધ : અલ્લાહ પાકનો ઝિક્ર કરનારની અલ્લાહ તઆલા શાનુહૂ તસ્દીક કરે છે અને એને સાચો કહે છે, અને જે માણસ ને અલ્લાહ તઆલા પોતે સાચો કહે એનો અંજામ જૂઠાં સાથે નથી થઈ શકતો.

(ફઝાઈલે આ'માલ– ફઝાઈલે ઝિક્ર)

સૂઈ ને જાગ્રત થતી વખતે પઢવા બદલ બધા જ ગુનાહો માફ

ફઝીલત : હઝરત આઈશા (રદિ.) થી રિવાયત છે કે, હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એ ફરમાવ્યું :

જે માણસ સૂઈ ને જાગ્રત થતી વખતે આ (નીચે દર્શાવેલ) કલિમાત પઢશે, તો અલ્લાહ તઆલા તેના તમામ ગુનાહોને માફ કરી દેશે, ચાહે તે સમંદરના કાંપ બરાબર હોય.

لَآ اِلٰـهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ، لَهُ الْمُلْكُ
وَلَهُ الْحَمْدُ بِيَدِهِ الْخَيْرُ وَهُوَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ ط

લા ઈલા-હ ઈલ્લલ્લાહુ વહદહૂ લા શરી-ક લહૂ ,લહુલ્ મુલ્કુ વ લહૂલ્ હમ્દુ , બિ—યદિહિલ ખયૂરુ વ હુ-વ અલા કુલ્લિ શયૂઈન્ કદીર.

અર્થ : અલ્લાહ તઆલા સિવાય કોઈ મા'બૂદ નથી તે એકલો જ છે તેનો કોઈ શરીક નથી, દરેક પ્રકાર ની સત્તા-સલ્તનત તેના જ માટે છે, બધી જ ખૈર તેના જ હાથ (અંકુશ)માં છે અને તે દરેક ચીજ કરવા શક્તિમાન છે.

(સુયૂતી કૃત જામિઉલ્ અહાદીષ : ૭/૩૦૨, અમલ કમ્ સવાબ ઝિયાદહ : ૧૬૫)

હે અલ્લાહ! તારી મગ્ફિરત મારા ગુનાહોથી ઘણી વિશાળ છે અને હું પોતાના અમલથી વધારે તારી રહમતનો ઉમ્મીદવાર છું.

ત્રણ (૩) વખત કહેવાથી ગુનાહ માફ થશે

તમામ ગુનાહોની માફી

હદીષ : હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ (રદિ.) ફરમાવે છે કે, એક માણસ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની ખિદમતમાં હાજર થયો અને કહેવા લાગ્યો, હાય મારા ગુનાહ ! હાય મારા ગુનાહ! એ માણસે આ શબ્દો બે(૨) કે ત્રણ(૩) વખત કહ્યા. રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ એ માણસને કહ્યુ, તમે પઢો :

اَللّٰهُمَّ مَغْفِرَتُكَ اَوْسَعُ مِنْ ذُنُوْبِيْ
وَرَحْمَتُكَ اَرْجٰى عِنْدِيْ مِنْ عَمَلِيْ ط

" અલ્લાહુમ્મ મગ્ફિરતુક અવ્સઉ મિન્ ઝુનૂબી વ રહ્મતુક અર્જા ઈન્દી મિન્ અમલી."

અર્થ : હે અલ્લાહ ! તારી મગ્ફિરત મારા ગુનાહોથી ઘણી જ વિશાળ છે અને હું મારા અમલના પ્રમાણમાં તારી રહમતનો વધારે ઉમ્મીદવાર છું.

આ માણસે આ કલિમાત કહ્યા. રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) એ ઇરશાદ ફરમાવ્યો : ફરીથી આ કલિમાત કહો. એ માણસે આ કલિમાત ફરીથી કહ્યા. આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરી ઇરશાદ ફરમાવ્યો : ફરીથી આ કલિમાત કહો. એ માણસે ત્રણ (૩) વખત આ જ શબ્દો કહ્યા. ત્યાર પછી રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરી ઇરશાદ ફરમાવ્યો : ઊઠી જાવ, અલ્લાહ તઆલાએ તમારી મગ્ફિરત ફરમાવી દીધી.

(મુસ્તદરક હાકીમ)

અલ્લાહ તઆલાથી પોતાના ગુનાહોની માફી

યા અલ્લાહ ! મને ખબર છે કે તારા સિવાય ગુનાહોને માફ કરનાર કોઇ નથી.

رَبِّ اغْفِرْلِیْ، رَبِّ اغْفِرْلِیْ، رَبِّ اغْفِرْلِیْ ط

યા અલ્લાહ ! યા રહમાન ! યા રહીમ ! યા ગફ્ફાર ! યા અર્હમર્રાહિમીન ! યા અહ્કમલ્ હાકિમીન ! માફ કરી દે- માફ કરી દે- માફ કરી દે - માફી માંગુ છું. માલિક! તારી ઝાત સિવાય કોઇ માફ કરનાર જ નથી. રબ મારા ! રબ્બે કરીમ ! મૌલા એ કરીમ !

اَللّٰھُمَّ اغْفِرْلِیْ، اَللّٰھُمَّ اغْفِرْلِیْ، اَللّٰھُمَّ اغْفِرْلِیْ ط

યા અલ્લાહ ! તું માફ કરવાવાળો છે. અને માફ કરવાને પસંદ કરે છે. એટલા માટે મને માફ ફરમાવ.

યા અલ્લાહ ! હું આ વાત જાણું છું કે મારો એક રબ છે. જે ગુનાહોને માફ કરે છે, અને એના વિશે પડપૂછ તથા પકડ પણ કરે છે.

યા અલ્લાહ ! પડપૂછ ન કરતો, યા અલ્લાહ ! પકડ ન કરતો, યા અલ્લાહ ! સજા ન કરતો- સજા ન દેતો.

યા અલ્લાહ ! માફ કરી દે- યા અલ્લાહ ! માફ કરી દે- યા અલ્લાહ ! માફ કરી દે.

યા અલ્લાહ ! મને માફ કરી દે. યા અલ્લાહ ! મારા ગુનાહોને માફ કરી દે.

رَبِّ اغْفِرْلِیْ ، رَبِّ اغْفِرْلِیْ ، رَبِّ اغْفِرْلِیْ ط

اَللّٰھُمَّ اغْفِرْلِیْ ، اَللّٰھُمَّ اغْفِرْلِیْ ، اَللّٰھُمَّ اغْفِرْلِیْ ط

●●●

યા અલ્લાહ ! મે તારી ઝમીનોને અને તારા આસમાનોને મારા ગુનાહોથી ભરી દીધા. પણ તારી રહમત અને તારી મગ્ફિરત મારા ગુનાહોથી ઘણી જ વિશાળ છે. અને મને મારા ગુનાહોની સરખામણીમાં તારી રહમત અને તારી મગ્ફિરતની ઘણી જ વધારે ઉમ્મીદ છે.

મારા માલિક ! મારા ગુનાહો માફ કરી દે- માફ કરી દે- માફ કરી દે.

اَللّٰھُمَّ اغْفِرْلِیْ ، اَللّٰھُمَّ اغْفِرْلِیْ ، اَللّٰھُمَّ اغْفِرْلِیْ ط

رَبِّ اغْفِرْلِیْ ، رَبِّ اغْفِرْلِیْ ، رَبِّ اغْفِرْلِیْ ط

●●●

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، اَلْحَمْدُ لِلّٰهِ ط
لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ ط تَبٰرَكَ اللّٰهُ ط

●●●

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ
اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ۝

●●●

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط
اَسْتَغْفِرُ اللّٰهَ ط

●●●

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط
سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ وَبِحَمْدِهٖ، اَسْتَغْفِرُ اللّٰهَ ط

●●●

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط
اَسْتَغْفِرُ اللّٰهَ الْعَظِيْمَ وَاَتُوْبُ اِلَيْهِ ط

●●●

મગ્ફિરત જરૂર થઈ જશે

- ૧૦ વખત اَللّٰهُ اَكْبَرُ ط (અલ્લાહુ અકબર)
- ૧૦ વખત سُبْحَانَ اللّٰهِ ط (સુબ્હાનલ્લાહ)
- ૧૦ વખત اَللّٰهُمَّ اغْفِرْ لِيْ (અલ્લાહુમ્મગ્ફિરલી)

ફઝીલત : હદીષ શરીફમાં આવ્યું છે કે, હઝરત અબુ રાફેઅ (રદિ.)ની પત્ની ઉમ્મે સલમા (રદિ.)એ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની ખિદમતમાં રજુઆત કરીઃ યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) મને થોડાક કલિમાત બતાવી દો જે હું સરળતાથી યાદ રાખી શકું અને પઢી શકું, અને વધારે ન બતાવશો, આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યુંઃ તમે ૧૦ વખત اَللّٰهُ اَكْبَرُ ط (અલ્લાહુ અકબર) કહો, અલ્લાહ તઆલા તેના જવાબમાં ફરમાવે છે, "આ મારા માટે છે" અને ૧૦ વખત سُبْحَانَ اللّٰهِ ط (સુબ્હાનલ્લાહ) કહો (આના જવાબમાં પણ અલ્લાહ તઆલા ફરમાવે છે) "આ મારા માટે છે" અને ૧૦ વખત اَللّٰهُمَّ اغْفِرْ لِيْ (અલ્લાહુમ્મગ્ફિરલીઃ હે અલ્લાહ! તું મને માફ કરી દે) કહો.

તો અલ્લાહ તઆલા ફરમાવશેઃ "મેં તને માફ કરી દીધા" તો આ પ્રમાણે તું દસ (૧૦) વખત કહેશે તો દસ (૧૦) વખત અલ્લાહ તઆલા જવાબ આપશે, તો તારી મગ્ફિરત જરૂર થઈ જશે.

(હિસ્ને હસીન) (તબરાની, બ હવાલા ફઝાઈલે ઝિક્રઃ ૧૭૨)

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط
سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ وَبِحَمْدِهٖ، اَسْتَغْفِرُ اللّٰهَ ط

સૂતી વખતે પઢવા બદલ બધા જ ગુનાહો માફ

ફઝીલત : અઅ્રાબીએ હઝરત અબૂ સઈદ (રદિ.)થી અને મુસ્લિમે હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત કરી છે કે, હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું: જે માણસ પોતાના બિસ્તર પર સૂવા માટે પહોંચે, પછી આ (નીચે દર્શાવેલા) કલિમાત પઢે, તો એના બધા જ ગુનાહો માફ કરી દેવામાં આવશે, ચાહે તે સમુદ્રના કાંપ બરાબર હોય અથવા એનાથી (પણ) વધુ હોય. તે કલિમાત આ પ્રમાણે છે:

لَآ إِلٰهَ إِلَّا اللهُ وَاللهُ أَكْبَرُ، لَآ إِلٰهَ إِلَّا اللهُ وَحْدَهُ لَا شَرِيْكَ لَهُ، لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ط لَآ إِلٰهَ إِلَّا اللهُ وَلَا حَوْلَ وَلَا قُوَّةَ إِلَّا بِاللهِ ط سُبْحَانَ اللهِ، وَالْحَمْدُ لِلّٰهِ، وَلَآ إِلٰهَ إِلَّا اللهُ، وَاللهُ أَكْبَرُ ط

(તિરમિઝી શરીફ : ૨/૧૮૧, ઈબ્નુસ્સુન્ની કૃત અમલુલ્ યમ્મિ વલ્ લયૂલહઃ ૨૩૯)

સૂઈને જાગ્રત થતી વખતે પઢવા બદલ તમામ ગુનાહો માફ

ફઝીલત: હઝરત આઈશા (રદિ.)થી રિવાયત છે કે, હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ સૂઈને જાગૃત થતી વખતે આ (નીચે દર્શાવેલા) કલિમાત પઢશે, તો અલ્લાહ તઆલા તેના તમામ (બધા જ) ગુનાહોને માફ ફરમાવી દેશે, ચાહે તે સમુદ્રના કાંપ બરાબર હોય, તે કલિમાત આ પ્રમાણે છે:

لَآ إِلٰهَ إِلَّا اللهُ وَحْدَهُ لَا شَرِيْكَ لَهُ، لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ بِيَدِهِ الْخَيْرُ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ط

(સુયૂતી કૃત જામિઉલ્ અહાદીષ: ૭/૩૦૨, અમલ કમ, સવાબ ઝિયાદહ: ૧૬૫)

મુસલમાનોની સંખ્યા બરાબર (કરોડો-અબજોની સંખ્યામાં) નેકીઓ મળશે.

ફઝીલતઃ હઝરત ઉબાદહ બિન સામિત (રદિ.)થી રિવાયત છે કે, મેં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી સાંભળ્યું છે કે, "જે માણસ મુઅ્મિન પુરુષો અને મુઅ્મિન સ્ત્રીઓ માટે ઇસ્તિગ્ફાર (દુઆએ મગ્ફિરત) કરશે, તો અલ્લાહ તઆલા તેના માટે પ્રત્યેક (દરેક) મુઅ્મિન પુરુષ અને મુઅ્મિન સ્ત્રીની (સંખ્યા) બરાબર નેકીઓ લખી દેશે."

(ફઝાઈલે તબ્બહ વ ઇસ્તિગ્ફારઃ ૧૪૩, તબરાની કૃત અલ્ મુઅ્જમુલ કબીરઃ ૨૩/૩૭૦ - હદીષ ક્રમાંકઃ ૮૭૭, મજ્મઉઝ્ ઝવાઈદઃ ૧૦/ ૨૧૦ – હદીષ ક્રમાંકઃ ૧૭૫૯૭, હિસ્ને હસીનઃ ૪૫૫, અદ્દુઆઉલ્ મસ્નૂનઃ ૫૨૨)

ઉપરોક્ત હદીષ શરીફમાં (સમગ્ર) મુઅ્મિન પુરુષો અને મુઅ્મિન સ્ત્રીઓ માટે ઇસ્તિગ્ફાર (દુઆએ મગ્ફિરત) કરવાની ફઝીલત બયાન કરવામાં આવી છે. ચાહે તે મુઅ્મિનો જીવંત હોય યા મૃત, સૌના માટે દુઆએ મગ્ફિરત કરી દે. જેટલા મુઅ્મિનો માટે દુઆ કરશે તો સૌની સંખ્યા બરાબર એક-એક નેકી લખવામાં આવશે. આ કેટલો બધો સસ્તો અને સરળ સોદો છે! થોડાક જ સમયમાં ઇસ્તિગ્ફાર (દુઆએ મગ્ફિરત) થઇ શકે છે અને કરોડો અને અબજો નેકીઓ મળી શકે છે. નિમ્ન લિખિત કલિમાત દ્વારા અથવા અન્ય કલિમાત દ્વારા ઇસ્તિગ્ફાર (દુઆએ મગ્ફિરત) કરી શકાય છેઃ

رَبِّ اغْفِرْ لِيْ وَلِوَالِدَيَّ وَلِلْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنَاتِ يَوْمَ يَقُوْمُ الْحِسَابُ ؕ

રબ્બિગ્ફિર લી, વ લિ-વાલિદય્ય, વ લિલ્ મુઅ્મિની-ન વલ્ મુઅ્મિનાતિ યવ્મ યકૂમુલ્ હિસાબ.

અર્થઃ હે મારા પરવરદિગાર! તું મારી અને મારા માં-બાપની અને તમામ મુઅ્મિન પુરુષો અને મુઅ્મિન સ્ત્રીઓની કિયામતના દિવસે મગ્ફિરત ફરમાવ.

પ્રત્યેક કદમના (દરેક ડગલાના) બદલામાં એક(૧) વર્ષનાં રોઝા રાખવાનો અને એક(૧) વર્ષની રાતોમાં કિયામ કરવાનો સવાબ મળશે

બેહિસાબ સવાબ જ સવાબ

હદીષ : હઝરત ઔસ બિન ઔસ ષકફી (રદિ.) બયાન કરે છે કે, મેં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને આ ફરમાવતાં સાંભળ્યા છેઃ જે માણસ જુમ્અહના દિવસે **ખૂબ સારી પેઠે ગુસલ કરે અને સવારે પગપાળા (પગે ચાલીને) મસ્જિદે જાય** અને સવાર થઈને ન જાય. પછી ઈમામની નજીક બેસી એકાગ્રપણે (ધ્યાનપૂર્વક) ખુત્બહ સાંભળે અને એ દરમિયાન કોઈ વ્યર્થ કામ ન કરે, તો તેને પ્રત્યેક કદમના (દરેક ડગલાના) બદલામાં એક(૧) વર્ષનાં રોઝા રાખવાનો અને એક(૧) વર્ષની રાતોમાં કિયામ કરવાનો (એક આખું વર્ષ રાતે કામિલ ઈબાદતો કરવાનો) સવાબ મળશે.

(મુસ્નદે અહમદ : ૩/૯- હદીષ ક્રમાંક : ૧૬૨૧૮, અબૂ દાવૂદ : ૧/૫૦ હદીષઃ ૩૪૫, ઇબ્ને માજહઃ ૧૦૮૪, તિરમિઝીઃ ૪૯૬, તહકીકુલ અલ્બાની-સહીહુન્, અબૂ દાવૂદઃ ૧/૭૦- હદીષઃ ૩૩૩, અત્તરગીબ વત્તરહીબ : ૧/૪૩૩)

મહાન ફાયદોઃ મારા ભાઈઓ! જેટલી વખત આ મહાન અમલ કરશો એટલી વખત આ મહાન ફઝીલત હાસિલ થશે.

નોંધઃ સવારનો વખત ફજરથી લઈ ઝવાલ પહેલા સુધી ગણાય છે.



સો (૧૦૦) ઊંટ સદકહ કરવાથી અફઝલ અમલ

سُبْحَانَ اللهِ وَبِحَمْدِهٖ

ફઝીલત : હઝરત ઇબ્ને અમ્માર (રદિ.)થી રિવાયત છે કે, જનાબે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું:

જે માણસ સૂરજ તુલૂઅ્ (સૂર્યોદય) થતાં પહેલાં સો (૧૦૦) વખત ''સુબ્હાનલ્લાહિ વ બિહમ્દિહી'' અને સૂરજ ગુરૂબ (સૂર્યાસ્ત) થતાં પહેલા સો (૧૦૦) વખત આ કલિમાત ''સુબ્હાનલ્લાહિ વ બિહમ્દિહી'' પઢે તો (એનો આ અમલ) સો (૧૦૦) ઊંટ સદકહ (સદકા) કરવાથી અફઝલ છે. (કન્ઝુલ ઉમ્માલ: ૨/૧૬૬)

سُبْحَانَ اللهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَآ اِلٰهَ اِلَّا اللهُ
وَاللهُ اَكْبَرُ، وَتَبَارَكَ اللهُ ط

سُبْحَانَ اللهِ وَبِحَمْدِهٖ، اَلْحَمْدُ لِلّٰهِ ط
لَآ إِلٰهَ إِلَّا اللهُ ط تَبٰرَكَ اللهُ ط

سُبْحَانَ اللهِ وَبِحَمْدِهٖ
اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ○

અગણિત અને બેહિસાબ ફરિશ્તાઓની દુઆએ મગ્ફિરત પઢવાવાળા માટે

سُبْحَانَ اللهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَآ اِلٰهَ اِلَّا اللهُ وَاللهُ اَكْبَرُ، وَتَبَارَكَ اللهُ

સુબ્હાનલ્લાહિ વલ્હમ્દુ લિલ્લાહિ વલા ઇલા-હ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર, વ તબારકલ્લાહ.

મહાન ફઝીલત : હદીષ શરીફમાં આવ્યું છે કે, જે કોઈ આ કલિમાતને આ રીતે પઢે છે, તો તેના પર (આ કલિમાત પર) એક ફરિશ્તો નિમણૂક (મુકર્રર) કરવામાં આવે છે, તે ફરિશ્તો તેને તેની પાંખોમાં લઈને ઉપર ચઢે છે. રસ્તામાં ફરિશ્તાનાં જે ટોળા ઉપરથી પસાર થાય છે તે આ કલિમાતના પઢનાર (પઢવાવાળા) માટે ક્ષમા (દુઆએ મગ્ફિરત) કરે છે.

એટલે સુધી કે તે પઢનાર તરફથી આ કલિમાતને બારગાહે ઇલાહીમાં હમ્દો સના (વખાણ) તરીકે ભેટ કરવામાં આવે છે.

(હિસ્ને હસીનઃ ૩૯૭)

પૃથ્વીના પટ પર વસતા સર્વશ્રેષ્ઠ લોકોમાં અને અફઝલ અમલ કરવાવાળા સમૂહમાં સમાવેશ

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ ط

લા ઈલા-હ ઈલ્લલ્લાહ.

ફઝીલત : હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે કે, જે માણસ દરરોજ એક સો (૧૦૦) વખત "લા ઈલા-હ ઈલ્લલ્લાહ" પઢશે તો અલ્લાહ તઆલા કિયામતના દિવસે તેને એવી હાલતમાં ઉઠાવશે કે તેનો ચહેરો રોશન, ચમકદાર અને ખૂબસૂરત હશે, જાણે **ચૌદમી રાતનો ચાંદ.** જે માણસ આ મુબારક કાલિમહને દિવસે સો (૧૦૦) વખત પઢશે, તો **તે દિવસે તેનાથી અફઝલ (અને સારા) અમલવાળો તે જ માણસ હશે,** જે એના કરતાં વધારે વખત આ મુબારક કાલિમહને પઢયો હશે. (ફઝાઈલે આ'માલ)

● ● ●

અફઝલ અમલ કરવાવાળા સમૂહ (ગિરોહ)માં કિયામતના દિવસે સમાવેશ

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ

સુબ્હાનલ્લાહિ વ બિહમ્દિહી.

[અર્થ : હું અલ્લાહ તઆલાની પાકી બયાન કરું છું અને તેની તારીફ બયાન કરું છું.]

ફઝીલત : રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યોઃ જે માણસ સવાર-સાંજ સો-સો (૧૦૦-૧૦૦) વાર (વખત) મજકૂર કાલિમાત પઢશે, **તો કિયામતમાં તેનો સમાવેશ અફઝલ અમલ ધરાવનારાઓના સમૂહમાં થશે,** સિવાય કે તે માણસ જેણે આ કાલિમાતને એટલી જ વાર અથવા એનાથી વધુ પ્રમાણમાં પઢયા હશે.

(બરકાતે આ'માલઃ ૪૦, બુખારી, મુસ્લિમ, મિશ્કાતઃ ૨૦૦, અલ અઝકારઃ ૬૩)

● ● ●

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط

قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ ۝١ اَللّٰهُ الصَّمَدُ ۝٢ لَمْ يَلِدْ ۙ وَلَمْ يُوْلَدْ ۝٣ وَلَمْ يَكُنْ لَّهٗ كُفُوًا اَحَدٌ ۝٤


اياتها ٧ ١ سُوْرَةُ الْفَاتِحَةِ مَكِّيَّةٌ ٥ ركوعها ١
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط
اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ۙ﴿١﴾ الرَّحْمٰنِ
الرَّحِيْمِ ۙ﴿٢﴾ مٰلِكِ يَوْمِ الدِّيْنِ ؕ﴿٣﴾
اِيَّاكَ نَعْبُدُ وَ اِيَّاكَ نَسْتَعِيْنُ ؕ﴿٤﴾
اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ ۙ﴿٥﴾ صِرَاطَ
الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ ۙ غَيْرِ
الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَ لَا الضَّآلِّيْنَ ﴿٧﴾ ع
منزل ١



بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط

اٰمَنَ الرَّسُوْلُ بِمَآ اُنْزِلَ اِلَيْهِ مِنْ رَّبِّهٖ وَالْمُؤْمِنُوْنَ ط
كُلٌّ اٰمَنَ بِاللّٰهِ وَمَلٰٓئِكَتِهٖ وَكُتُبِهٖ وَرُسُلِهٖ قف لَا نُفَرِّقُ
بَيْنَ اَحَدٍ مِّنْ رُّسُلِهٖ قف وَقَالُوْا سَمِعْنَا وَاَطَعْنَا ق
غُفْرَانَكَ رَبَّنَا وَاِلَيْكَ الْمَصِيْرُ ﴿٢٨٥﴾ لَا يُكَلِّفُ اللّٰهُ
نَفْسًا اِلَّا وُسْعَهَا ط لَهَا مَا كَسَبَتْ وَعَلَيْهَا مَا
اكْتَسَبَتْ ط رَبَّنَا لَا تُؤَاخِذْنَآ اِنْ نَّسِيْنَآ اَوْ اَخْطَاْنَا ج
رَبَّنَا وَلَا تَحْمِلْ عَلَيْنَآ اِصْرًا كَمَا حَمَلْتَهٗ عَلَى الَّذِيْنَ
مِنْ قَبْلِنَا ج رَبَّنَا وَلَا تُحَمِّلْنَا مَا لَا طَاقَةَ لَنَا بِهٖ ج
وَاعْفُ عَنَّا وقفة وَاغْفِرْ لَنَا وقفة وَارْحَمْنَا وقفة اَنْتَ مَوْلٰنَا
فَانْصُرْنَا عَلَى الْقَوْمِ الْكٰفِرِيْنَ ﴿٢٨٦﴾ (البقرہ ۲:۲۸۶)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ○

اَفَحَسِبْتُمْ اَنَّمَا خَلَقْنٰكُمْ عَبَثًا وَّاَنَّكُمْ اِلَيْنَا لَا
تُرْجَعُوْنَ ﴿۱۱۵﴾ فَتَعٰلَى اللّٰهُ الْمَلِكُ الْحَقُّ ۚ لَآ اِلٰهَ اِلَّا
هُوَ ۚ رَبُّ الْعَرْشِ الْكَرِيْمِ ﴿۱۱۶﴾ وَمَنْ يَّدْعُ مَعَ اللّٰهِ
اِلٰهًا اٰخَرَ ۙ لَا بُرْهَانَ لَهٗ بِهٖ ۙ فَاِنَّمَا حِسَابُهٗ عِنْدَ
رَبِّهٖ ۭ اِنَّهٗ لَا يُفْلِحُ الْكٰفِرُوْنَ ﴿۱۱۷﴾ وَقُلْ رَّبِّ اغْفِرْ
وَارْحَمْ وَاَنْتَ خَيْرُ الرّٰحِمِيْنَ ﴿۱۱۸﴾ ع (المؤمنون ۲۳:۱۱۵-۱۱۸)

● ● ●

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ○

فَسُبْحٰنَ اللّٰهِ حِيْنَ تُمْسُوْنَ وَحِيْنَ تُصْبِحُوْنَ ﴿۱۷﴾
وَلَهُ الْحَمْدُ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ وَعَشِيًّا وَّحِيْنَ
تُظْهِرُوْنَ ﴿۱۸﴾ يُخْرِجُ الْحَيَّ مِنَ الْمَيِّتِ وَيُخْرِجُ
الْمَيِّتَ مِنَ الْحَيِّ وَيُحْيِ الْاَرْضَ بَعْدَ مَوْتِهَا ۭ
وَكَذٰلِكَ تُخْرَجُوْنَ ﴿۱۹﴾ ع (الروم ۳۰:۱۷-۱۹)

સૂરએ હશ્રની અંતિમ ત્રણ આયતો

પ્રથમ ત્રણ વાર આ તઅવ્વુઝ પઢે

اَعُوْذُ بِاللّٰهِ السَّمِيْعِ الْعَلِيْمِ
مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ ط

પછી નીચેની આયતો એકવાર પઢે

هُوَ اللّٰهُ الَّذِیْ لَآ اِلٰهَ اِلَّا هُوَ ج عٰلِمُ الْغَیْبِ
وَالشَّهَادَةِ ج هُوَ الرَّحْمٰنُ الرَّحِیْمُ ﴿۲۲﴾ هُوَ اللّٰهُ
الَّذِیْ لَآ اِلٰهَ اِلَّا هُوَ ج اَلْمَلِكُ الْقُدُّوْسُ السَّلٰمُ
الْمُؤْمِنُ الْمُهَیْمِنُ الْعَزِیْزُ الْجَبَّارُ الْمُتَكَبِّرُ ط
سُبْحٰنَ اللّٰهِ عَمَّا یُشْرِكُوْنَ ﴿۲۳﴾ هُوَ اللّٰهُ الْخَالِقُ
الْبَارِئُ الْمُصَوِّرُ لَهُ الْاَسْمَآءُ الْحُسْنٰى ط یُسَبِّحُ
لَهٗ مَا فِی السَّمٰوٰتِ وَالْاَرْضِ ج وَهُوَ الْعَزِیْزُ
الْحَكِیْمُ ﴿۲۴﴾ ع (الحشر ۵۹:۲۲-۲۴)

اَلتَّحِيَّاتُ لِلّٰهِ وَالصَّلَوَاتُ وَالطَّيِّبَاتُ،
اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ
وَبَرَكَاتُهٗ، اَلسَّلَامُ عَلَيْنَا وَعَلٰى عِبَادِ اللّٰهِ
الصَّالِحِيْنَ، اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ
وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ ط

• • •

દુરૂદે ઈબ્રાહીમ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ
كَمَا صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ
اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط اَللّٰهُمَّ
بَارِكْ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا
بَارَكْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ
اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط


لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ ط
اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ
وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ ط
سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَآ اِلٰهَ
اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ وَلَا حَوْلَ
وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ ط
سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ
سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط
سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ وَبِحَمْدِهٖ، اَسْتَغْفِرُ اللّٰهَ ط

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ
سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ وَبِحَمْدِهٖ
اَسْتَغْفِرُ اللّٰهَ ط

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط
اَسْتَغْفِرُ اللّٰهَ الْعَظِيْمَ وَاَتُوْبُ اِلَيْهِ ط

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ ط

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ ط

اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ ط

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، اَلْحَمْدُ لِلّٰهِ ط
لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ ط تَبٰرَكَ اللّٰهُ ط

●●●

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ
اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ۝

●●●

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط
اَسْتَغْفِرُ اللّٰهَ ط

●●●

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط
سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ وَبِحَمْدِهٖ، اَسْتَغْفِرُ اللّٰهَ ط

●●●

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط
اَسْتَغْفِرُ اللّٰهَ الْعَظِيْمَ وَاَتُوْبُ اِلَيْهِ ط

●●●

બેહિસાબ સવાબ અને મહાન ફઝીલતવાળા દુરૂદ શરીફ

جَزَى اللّٰهُ عَنَّا مُحَمَّدًا مَّا هُوَ اَهْلُهٗ ط

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ فِى الْاَوَّلِيْنَ وَالْاٰخِرِيْنَ وَفِى الْمَلَاِ الْاَعْلٰى اِلٰى يَوْمِ الدِّيْنِ ط

અઝીમ હમ્દ, અઝીમ દુરૂદ, અઝીમ દુઆ

اَللّٰهُمَّ لَكَ الْحَمْدُ كَمَا اَنْتَ اَهْلُهٗ فَصَلِّ عَلٰى مُحَمَّدٍ كَمَا اَنْتَ اَهْلُهٗ وَافْعَلْ بِنَا مَا اَنْتَ اَهْلُهٗ فَاِنَّكَ اَهْلُ التَّقْوٰى وَاَهْلُ الْمَغْفِرَةِ ط

(૧) اَللّٰهُمَّ لَكَ الْحَمْدُ كَمَا اَنْتَ اَهْلُهٗ،

(૨) فَصَلِّ وَسَلِّمْ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ كَمَا اَنْتَ اَهْلُهٗ،

(૩) وَافْعَلْ بِنَا مَا اَنْتَ اَهْلُهٗ،

(૪) فَاِنَّكَ اَهْلُ التَّقْوٰى وَاَهْلُ الْمَغْفِرَةِ ط (મોમન કા હથિયાર)

દુરૂદે ઈબ્રાહીમ
اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ
مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ
وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ
مَّجِيْدٌ ط اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ
وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى
اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ
اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

★ જરૂરી હિદાયત ★

આ ઘણીજ અઝીમ, અતિ મુલ્યવાન અને બહુજ મહામૂલી કિતાબમાં બતાવેલા મહામૂલા અમલો ઉપર ઇહ્તિમામથી અમલ કરવાનો મા'મૂલ બનાવી જબરદસ્ત **આખિરત** કમાવાની, **અતિ મહાન** અને **બુલંદ દરજાત** મેળવવાની તથા પોતાની **જન્નતમાં ઝાડો** રોપવાના, **ગુંબદ (મિનારા)** તૈયાર કરવાનાં, **જાત-જાતનાં મહેલો બનાવાનાં** અને **હૂરે ઇન સાથે નિકાહ** કરવાનાં અમલો ઉપર ઇહ્તિમામથી અમલ કરી જબરદસ્ત અને ભરપૂર આખિરત કમાવાની **ભરપૂર કોશિશ** કરવી.

આ ઘણીજ અઝીમ કિતાબમાં તમામ મુસલમાન **ભાઈઓ** અને **બહેનો** આસાનીથી પાબંદી કરી શકે, એટલા માટે દરરોજનાં ખાસ-ખાસ અમલ જમા કર્યા છે.

આ કિતાબ પોતાની સાથે જ રાખે.

આ કિતાબ ખઝાનો છે, હંમેશા પોતાની સાથે જ રાખવી.

કેટલા સસ્તા અને સરળ સોદા છે આ કિતાબમાં.

અલ્લાહ તઆલા ખૂબ-ખૂબ અમલ કરવાની તૌફીક આપે. આમીન! યા રબ્બલ આલમીન!






بسم الله الرحمن الرحيم
આખિરતનો તોહફો
(નવા વધારા સહિત)
પ્રકરણ–૧૨
ઘણી જ મુબારક દુઆઓ

કુર્આન શરીફમાં છે કે :

إِنَّ الَّذِينَ قَالُوا رَبُّنَا اللَّهُ ثُمَّ اسْتَقَامُوا تَتَنَزَّلُ عَلَيْهِمُ الْمَلَائِكَةُ
أَلَّا تَخَافُوا وَلَا تَحْزَنُوا وَأَبْشِرُوا بِالْجَنَّةِ الَّتِي كُنْتُمْ تُوعَدُونَ ﴿٣٠﴾
نَحْنُ أَوْلِيَاؤُكُمْ فِي الْحَيَاةِ الدُّنْيَا وَفِي الْآخِرَةِ ۖ (حم السجدة ٤١: ٣٠-٣١)

ભાવાર્થ : જેમણે ઈકરાર કર્યો અને માની લીધું કે અમારો પરવરદિગાર માત્ર અલ્લાહ છે અને અમે તેના જ બંદા અને ઈબાદત કરનારા છીએ. તે પછી તેઓ આ કોલ-કરાર પર મક્કમ રહે (અર્થાત અલ્લાહના હુકમોને તાબે રહીને જિંદગી એવી રીતે ગુઝારે જેવી રીતે અલ્લાહને રબ માનવા પછી ગુઝારવી જોઈએ) તો તે મક્કમ રહેનારાઓ પાસે ફરિશ્તાઓ આવે છે અને તેઓને પયગામ આપે છે કે, કોઈ પણ પ્રકારનો ખૌફ અને ગમ ન કરો. તમને તે જન્નતની ખૂશખબર થાઓ, જેનો તમારાથી વાયદો કરવામાં આવતો હતો. અમે તમારા સાથી છીએ, દુનિયાની જિંદગીમાં પણ અને આખિરતમાં પણ.

قَدْ أَفْلَحَ مَنْ زَكَّاهَا ﴿٩﴾ وَقَدْ خَابَ مَنْ دَسَّاهَا ﴿١٠﴾

(الشمس ٩١: ١-١٠)

ભાવાર્થ : તે જ બંદો કામિયાબ અને સફળ થયો જેણે પોતાના નફસની ઈસ્લાહ અને સુધારણા કરી અને તે નિષ્ફળ થયો જેણે તેને ધૂળમાં રગડોળી દીધો.

અનુક્રમણિકા

ક્રમ	વિષય	પેજ નં.
	પ્રકરણ-૧૨	
	દરેક ઇમાનવાળા મર્દો, ઔરતો અને બાળકો માટે ચકીની ફાયદાવાળી ઘણી જ મુબારક દુઆઓ.....	**533**
(૧)	કર્ઝની અદાયગી માટે.....	533
(૨)	જાદુની હિફાઝત માટે.....	535
(૩)	જિન્નાતથી હિફાઝત માટે દુઆ.....	536
(૪)	શયતાની ફરેબ, ધોકા અને શરથી હિફાઝત માટે.....	537
(૫)	ગભરાહટના સમયે પઢવાની દુઆ.....	538
(૬)	ઊંઘ માટે બેહતરીન દુઆ.....	539
(૭)	ઔરતો અને બાળકો માટે હિફાઝતની દુઆ	540
(૮)	બીમારની ઈયાદત માટે પઢવાની દુઆ.....	542
(૯)	અલ્લાહ તઆલા ગમને ખુશીથી બદલી આપશે.....	542
(૧૦)	બુરું ઘડપણ, કંજૂસાઈ, બુઝદિલી અને કબ્રના અઝાબ.....	544
(૧૧)	કોઈ ખાસ માણસ અને ઝાલિમ બાદશાહના ખૌફ વખતે..	545
(૧૨)	હઝરત અનસ (રદિ.)ની દુઆ.....	549
(૧૩)	તકવા–પરહેઝગારી હાસિલ કરવાની દુઆ.....	552
(૧૪)	જ્યારે બાળક બોલવા શીખે તો શું યાદ કરાવે ?.....	554
(૧૫)	જે માણસ દુનિયાના સહારાથી માયૂસ થઈ ગયો હોય.....	555
(૧૬)	પહાડોના બરાબર અજર–સવાબ.....	555
(૧૭)	શિર્ક અને દેખાડાથી હિફાઝત.....	556
(૧૮)	અલ્લાહની નજરે રહમત, ૭૦,૦૦૦ ફરિશ્તાઓની દુઆ...	557
(૧૯)	એક લાખ નેકીઓ મળશે, ઉપરાંત.....	559
(૨૦)	એક મસ્નૂન દુઆ.....	560
(૨૧)	હુસ્ને ઈબાદત, લિસાને સાદિક અને કલ્બે સલીમ માટે દુઆ..	561
(૨૨)	દુન્યવી આરઝૂઓ પર અલ્લાહની મુહબ્બત ગાલિબ.....	562
(૨૩)	અલ્લાહની મુહબ્બત માટે બે દુઆઓ.....	563
(૨૪)	દિલમાં ઈમાન રચીપચી જવા માટેની છ દુઆઓ.....	565

ક્રમ	વિષય	પેજ નં.
(૨૫)	એક ઘણી જ મુબારક દુઆ	568
(૨૬)	સવાર–સાંજ માંગવાની મુબારક દુઆ	570
(૨૭)	હિફાઝતની દુઆ	571
(૨૮)	પહાડના બરાબર કર્ઝથી છુટકારો પામવાની દુઆ	572
(૨૯)	વાલિદૈનના હકકોની અદાયગી માટે નમાઝ	574
(૩૦)	જેણે સિજદામાં ત્રણ વખત 'રબ્બિગ ફિર લી કહયું	575
(૩૧)	અશહદુ અલ્લા ઈલા–હ કહો, તમારા ગુનાહ માફ	576
(૩૨)	મુસાફહાના સમયે બંનેવ	576
(૩૩)	ખાધા પછી અને કપડા પહેરતી વખતે	577
(૩૪)	જુમ્આની નમાઝ પછી સૂ. ફાતિહા, સૂ. ઈખ્લાસ અને મુઅવ્વઝતૈન	578
(૩૫)	અય અલ્લાહ ! તારી મગફિરત મારા ગુનાહોથી વસીઅ	579
(૩૬)	અલ્લાહુમ્મગફિરલી કહી લો, ગુનાહ માફ	580
(૩૭)	દરેક નમાઝથી પહેલાં દસ વખત ઈસ્તિગફાર કહી લો	581
(૩૮)	મગફિરતની ઉમ્મીદ રાખો, ગુનાહ માફ થશે	581
(૩૯)	ગુનાહ પર શરમિંદગીનો ઈઝહાર કરો, ગુનાહ માફ	582
(૪૦)	અલ્લાહ તઆલાના ક્રોધ–કોપથી અલ્લાહની પનાહ	582
(૪૧)	અલ્લાહના ક્રોધ–કોપથી અલ્લાહની પનાહ	583
(૪૨)	અલ્લાહના ગઝબથી અલ્લાહની પનાહ	584
(૪૩)	કબ્રના અઝાબ અને કબ્રના ફિત્નાથી અલ્લાહની પનાહ	584
(૪૪)	ગુમરાહીથી અલ્લાહની પનાહ	585
(૪૫)	સ્ત્રીઓના ફિત્ના અને કબ્રના અઝાબથી અલ્લાહની પનાહ	586
(૪૬)	શયતાન અને તેના લશ્કરથી અલ્લાહની પનાહ	586
(૪૭)	મરદૂદ શયતાનથી અલ્લાહની પનાહ	587
(૪૮)	સફરની યાતનાઓ અને કષ્ટથી અલ્લાહની પનાહ	587
(૪૯)	તમામ મખ્લૂકની બુરાઈથી અલ્લાહની પનાહ	588
(૫૦)	આખિરતની ઝિલ્લત (અપમાન)થી અલ્લાહની પનાહ.	588
(૫૧)	સવારે દસ વખત પઢવાની છ મહાન ફઝીલતો	589
(૫૨)	રહમત અને મગફિરત	591
(૫૩)	ચુનંદા અશ્આર	592
(૫૪)	દુરૂદે ઈબ્રાહીમ	593

દરેક ઈમાનવાળા મર્દો, ઔરતો અને બાળકો માટે યકીની ફાયદાવાળી ઘણી જ મુબારક દુઆઓ

(૧) કર્જની અદાયગી માટે

اَللّٰهُمَّ فَارِجَ الْهَمِّ، وَكَاشِفَ الْغَمِّ، وَمُجِيْبَ دَعْوَةِ الْمُضْطَرِّيْنَ رَحْمٰنَ الدُّنْيَا وَالْاٰخِرَةِ وَرَحِيْمَهُمَا، اَنْتَ تَرْحَمُنِيْ، فَارْحَمْنِيْ بِرَحْمَةٍ تُغْنِيْنِيْ بِهَا عَنْ رَحْمَةِ مَنْ سِوَاكَ ط

અર્થ : અય અલ્લાહ ! અય ગમને દૂર કરવાવાળા ! અય પરેશાનીને દૂર કરવાવાળા ! અય મજબૂર–લાચારોની પુકાર પર પહોંચવાવાળા !અય દુનિયા અને આખિરતમાં મોટી મહેરબાની કરવાવાળા અને બંને જહાંનમાં બેહદ રહમ કરવાવાળા ! માત્ર તું મારા ઉપર મહેરબાની કરીશ. તો તું મારા ઉપર એવી રહમત ઉતાર કે જેના કારણે તું મને તારા સિવાય દરેકની મહેરબાનીથી બેનિયાઝ કરી દે.

ફઝીલત : હઝરત આઈશા (રદિ.) ફરમાવે છે કે, હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)એ મને ફરમાવ્યું કે, હુઝૂર રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ મને એક દુઆ શિખાવડી છે, તે તમે સાંભળી ? મેં પૂછયું, કે તે દુઆ કઈ છે ? ફરમાવ્યું : હઝરત ઈસા (અલૈ.) પોતાના અસ્હાબને આ દુઆ શિખવાડયા કરતા હતા. અગર કોઈના ઉપર પહાડ જેટલા સોના બરાબર કર્ઝ હોય તો તે પણ અલ્લાહ તઆલા તેનાથી અદા કરાવી દેશે. મારા ઉપર કંઈક કર્ઝ હતું, તે કર્ઝ મને ઘણું ભારે–વધારે માલુમ પડતું હતું તો હું આ દુઆ પઢતો રહયો. બસ, અલ્લાહ તઆલાએ મારા કર્ઝની અદાયગી માટેનો બંદોબસ્ત કરી દીધો. હઝરત આઈશા (રદિ.) ફરમાવે છે કે, અસ્મા બિન્તે ઉમૈસનું મારા જિમ્મે એક દીનાર અને ત્રણ દિરહમ કર્ઝ હતું. જ્યારે તે મારી પાસે આવતાં તો મને એમનું મોઢું જોવાની–મુલાકાત કરવાની પણ શર્મ આવતી. મારી પાસે કર્ઝ અદા કરવા માટે કંઈ પણ ન હતું. તો હું આ દુઆ પઢતી રહી. થોડો જ સમય વિત્યો હશે કે અલ્લાહ તઆલાએ મને જબરદસ્ત (માલી એ'તિબારથી) નવાઝી, જે ન સદકો હતો અને ન કોઈની મિલકત હતી. મારા કર્ઝને પણ સારી રીતે અદા કરી દીધું અને અબ્દુર્રહમાન (હઝરત આઈશા (રદિ.)ના ભાઈ)ની બેટીને મેં ત્રણ અવકિયા ચાંદીનું ઘરેણું પહેરાવ્યું અને ઘણી વધારે બચત પણ થઈ.

(અલ મુસ્તદરક : હવાલા નં. ૧૯૪૧, ૨/૧૯૮)

● ● ●

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ

(૨) જાદુની હિફાઝત માટે મુફીદ કલિમાત

اَعُوْذُبِوَجْهِ اللّٰهِ الْعَظِيْمِ الَّذِىْ لَيْسَ شَىْءٌ أَعْظَمَ مِنْهُ، وَبِكَلِمَاتِ اللّٰهِ التَّآمَّاتِ الَّتِىْ لَايُجَاوِزُهُنَّ بَرٌّوَّلَافَاجِرٌ، وَبِأَسْمَاءِاللّٰهِ الْحُسْنٰى كُلِّهَا مَاعَلِمْتُ مِنْهَاوَمَالَمْ أَعْلَمْ مِنْ شَرِّمَاخَلَقَ وَبَرَءَ وَذَرَءَ ط

(અઉઝુ બિવજ્હિલ્લાહિલ અઝીમીલ્લઝી લય્સ શયઉન અઅ્ઝ-મ મિન્હુ, વ બિ કલિમાતિલ્લાહિત્તામ્માતિલ્લતિ લા યુજાવિઝુહુન્ન બરુંવ્ વલા ફાજિર. વ બિઅસ્માઇલ્લાહિલ હુસ્ના કુલ્લિહા મા અલિમ્તુ મિન્હા વ મા લમ અઅ્લમ, મિન શર્રિ મા ખલ-ક વ બ-ર-અ વ ઝ-ર-અ.)

અર્થ : એવી વસ્તુની બુરાઈથી હું તારી પનાહ લઉં છું જે અલ્લાહે પેદા કરી છે અને બેનમૂના બનાવી અને ફેલાવી. તે અઝમતવાળા અલ્લાહના ચહેરાની કે જે અલ્લાહથી વધુ કોઈ વસ્તુ અઝમતવાળી નથી અને અલ્લાહના બધા જ તે કલિમાતની કે જેનાથી કોઈ નેક અને ફાસિક–ફાજિર પણ બહાર નથી અને અલ્લાહના તે બધા સદ્ગુણી નામોની કે જેને હું જાણું છું અને જેને હું જાણતો નથી.

ફઝીલત : હઝરત કઅબ અહબાર (રદિ.)થી રિવાયત છે

કે, જો અમુક કલિમાતનો હું વિર્દ–વઝીફો (પઢવાનો મા'મૂલ) ન રાખત તો યહૂદ મને (જાદુના બળે) ગધેડો બનાવી દેત. એટલા માટે જાદુથી હિફાઝતના માટે આ દુઆ પઢતા રહેવી જોઈએ. (અલ મુઅત્તા હવાલા નં. ૧૯૧૦, ૪/૪૯૦)

(3) જિન્નાતથી હિફાઝત માટે દુઆ

اَعُوْذُبِوَجْهِ اللّٰهِ الْكَرِيْمِ، وَبِكَلِمَاتِ اللّٰهِ التَّآمَّاتِ اللَّاتِيْ لَايُجَاوِزُهُنَّ بَرٌّوَّلَافَاجِرٌ، مِّنْ شَرِّمَا يَنْزِلُ مِنَ السَّمَآءِ وَشَرِّمَايَعْرُجُ فِيْهَا، وَشَرِّمَا ذَرَأَفِي الْاَرْضِ وَشَرِّ مَايَخْرُجُ مِنْهَا، وَمِنْ فِتَنِ الَّيْلِ وَالنَّهَارِ وَمِنْ طَوَارِقِ الَّيْلِ وَالنَّهَارِ اِلَّاطَارِقًايَّطْرُقُ بِخَيْرٍ يَّارَحْمٰنُ۔

(અઉઝુ બિવજ્હિલ્લાહિલ કરીમ, વ બિ કલિમાતિલ્લાહિત્તામ્માતિલ્લતિ લા યુજાવિઝુહુન્ન બરુંવ્ વલા ફાજિર. મિન શર્રિ મા યન્ઝિલુ મિનસ્સમાઇ વ શર્રિ મા યઅ્રુજુ ફિહા, વ શર્રિ મા ઝ-ર-અ ફિલ અર્દિ વ શર્રિ મા યખ્રુજુ મિન્હા, વ મિન ફિત્નતિલ લય્લિ વન્નહારિ વ મિન તવારિકીલ લય્લિ વન્નહારિ ઇલ્લા **તારિકંય્ યત્રુકુ બિખય્રિંય્ યા રહમાન.)** (અબૂદાવૂદ શરીફ)

અર્થ : હું પનાહ લઉં છું અલ્લાહની જે બહુ જ રહમ–વાળો છે અને અલ્લાહના તે બધા કલિમાતથી કે જેનાથી કોઈ નેક અને ફાસિક, ફાજિર માણસ પણ બહાર નથી. તે દરેક

વસ્તુની બુરાઈથી જે આસમાનથી ઉતરે છે અને તે દરેક વસ્તુની બુરાઈથી જે આસમાનમાં ચઢે છે અને તે દરેક વસ્તુની બુરાઈથી જેને અલ્લાહ તઆલાએ જમીનમાં ફેલાવી છે અને તે દરેક વસ્તુની બુરાઈથી જે જમીનમાંથી નીકળે છે અને રાત-દિવસના ફિત્નાઓ (મુસીબતો)ની બુરાઈથી અને (રાત-દિવસમાં આવવાવાળી) મુસીબતોની બુરાઈથી પનાહ લઉં છું, સિવાય તે મુસીબતોથી કે જે ખૈર અને બરકત લઈને આવે. અય રહમ કરવાવાળા !

એક ખબીસ જિન્નાત આગનો અંગારો લઈને હુઝૂર રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની પાછળ પડયો તો એને દફે-દૂર કરવા માટે હઝરત જિબ્રઈલ (અલૈ.)એ ઉપરોકત દુઆ શિખવાડી.

અને આયતુલ કુર્સીની ફઝીલતમાં આ પણ આવ્યું છે કે, જે ઘરમાં આયતુલ કુર્સી પઢવામાં આવે, શયતાન ત્યાંથી ચાલ્યો જાય છે.

(૪) શયતાની ફરેબ, ધોકા અને શરથી હિફાઝત માટે દુઆ

اَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ ط

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط

وَقُلْ رَّبِّ اَعُوْذُبِكَ مِنْ هَمَزٰتِ الشَّيٰطِيْنِ

وَاَعُوْذُبِكَ رَبِّ اَنْ يَّحْضُرُوْنِ ط

(અઉઝુ બિલ્લાહિ મિનશ્શયતા નિર્રજીમ, બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ. વ કુર્બ્બી અઉઝુ બિ-ક મિન હ-મ-ઝાતિશ્- શયાતીનિ વ અઉઝુ બિ-ક રબ્બિ અંય્ યહઝુરુન.)

અર્થ : હું પનાહ લઉં છું અલ્લાહની મરદૂદ શયતાનથી. શરૂ અલ્લાહના નામથી જે બેહદ રહમ કરવાવાળો છે અને તમે કહો અય મારા પરવરદિગાર ! હું તારી પનાહ ચાહું છું શયતાનોની છેડછાડથી અને અય પરવરદિગાર ! તારી પનાહ ચાહું છું આ વાતથી કે શયતાન મારી પાસે આવે.

ફઝીલત :આ દુઆ પોતાના અર્થના એ'તિબારથી શયતાનના શર અને મક્ર–ફરેબથી બચવાના માટે એક જામિઅ દુઆ છે. રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ મુસલમાનોને આ દુઆ પઢવાની તલ્કીન ફરમાવી છે.

એના સિવાય શયાતીન અને જિન્નાતના બીજા અસરાત અને હુમલાથી બચવાના માટે પણ આ દુઆ મુજર્રબ–અનુભવસિદ્ધ છે. (મઆરિફુલ કુર્આન : ૬/૩૩૦, કુર્તુબી : ૧૨/૧૪૮)

(૫) ગભરાહટના સમયે પઢવાની દુઆ

سُبْحَانَ الْمَلِكِ الْقُدُّوْسِ رَبِّ الْمَلٰئِكَةِ وَالرُّوْحِ، جَلَّتِ السَّمٰوٰتُ وَالْاَرْضُ بِالْعِزَّةِ وَالْجَبَرُوْتِ ط

(સુબ્હાનલ મલિકિલ કુદ્દુસી રબ્બિલ મલાઇતિર્રુહ, જલ્લતિસ્સમાવાતુ વલ અર્દુ બિઇઝ્ઝતિ વલ જ-બરુત.)

અર્થ : હું પાકી બયાન કરું છું તે (અલ્લાહ)ની કે જે હકીકી બાદશાહ છે, સઘળી બુરાઇઓથી પાક છે. ફરિશ્તાઓ અને રૂહ (જિબ્રઈલ)નો પરવરદિગાર છે. અલ્લાહની ઈઝ્ઝત અને કુદરતથી આસમાન અને જમીનને ઈઝ્ઝત મળી.

ફઝીલત : હઝરત અનસ બિન માલિક (રદિ.)થી રિવાયત છે કે, હુઝૂર રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના કોઈ પણ સહાબીને આંખમાં બીમારી થતી તો આ દુઆ પઢતા હતા. (ઇબ્નુસ્સુન્ની : ૫૬૫, પેજ : ૧૧૪)

●●●

سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ وَبِحَمْدِهٖ

●●●

(૬) ઊંઘ માટે બેહતરીન દુઆ

اَللّٰهُمَّ غَارَتِ النُّجُوْمُ، وَهَدَأَتِ الْعُيُوْنُ وَأَنْتَ حَيٌّ قَيُّوْمٌ لَاتَأْخُذُكَ سِنَةٌ وَّلَانَوْمٌ، يَاحَيُّ يَاقَيُّوْمُ! أَهْدِئْ لَيْلِيْ وَأَنِمْ عَيْنِيْ ط

અર્થ : અય અલ્લાહ ! તારાઓ ડૂબી ગયા અને ઝરણા થંભી ગયા (શાંત પડી ગયા) અને તું દરેક જગ્યાએ હાજર છે, દરેકને સાંભળવાવાળો છે. તને ન તો ઊંઘ આવે છે. અય જિન્દા અને દરેકને સાંભળવાવાળા ! મારી રાત પૂરસુકૂન બનાવી દે અને મને સૂવડાવી દે.

ફઝીલત : હઝરત ઝૈદ ઇબ્ને સાબિત (રદિ.)એ ફરમાવ્યું કે, મેં હુઝૂર રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને શિકાયત કરી કે, મને ઊંઘ નથી આવતી, તો રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઇર્શાદ ફરમાવ્યો કે, તમે આ દુઆ પઢતા રહો. મેં આ દુઆ પઢી તો અલ્લાહ તઆલાએ મારી એ તકલીફને દૂર કરી દીધી.

(ઇબ્નુસ્સુન્ની : ૭૪૯, પેજ : ૨૨૨)

(૭) ઔરતો અને બાળકો માટે હિફાઝતની દુઆ

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ لَاقُوَّةَ اِلَّا بِاللّٰهِ،
مَاشَآءَاللّٰهُ كَانَ وَمَالَمْ يَشَأْلَمْ يَكُنْ،
أَعْلَمُ اَنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ وَّاَنَّ
اللّٰهَ قَدْاَحَاطَ بِكُلِّ شَىْءٍ عِلْمًا ط

(સુબ્હાનલ્લાહિ વ બિહમ્દિહી લા કુવ્વ-ત ઇલ્લા બિલ્લાહ, માશા અલ્લાહુ કા-ન વમા લમ યશઅ્ લમ

યકુન, અઅ્લમૂ અન્નલ્લા-હ અલા કુલ્લિ શયઈન કદીર. વ અન્લ્લા-હ કદ અહા-ત બિકુલ્લિ શયઈન ઈલ્મા.)

અર્થ : હું અલ્લાહ તઆલાની પાકી અને વખાણ બયાન કરું છું, અલ્લાહ તઆલાના સિવાય કોઈ પણ નેકી કરવાની તાકત આપવાવાળો નથી, જે અલ્લાહે ચાહયું તે થયું અને જે અલ્લાહે ન ચાહયું તે ન થયું. મને યકીન છે કે, અલ્લાહ તઆલા દરેક કામ પર શકિતમાન છે અને અલ્લાહના ઈલ્મે દરેક વસ્તુને ઘેરી લીધેલ છે.

ફઝીલત : અબૂ દાવૂદ શરીફમાં છે કે, એક સહાબિય્યહ જે હુઝૂર રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના બાળકોની ખિદમત કર્યા કરતાં હતાં, એમનાથી રિવાયત છે કે, હુઝૂર રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના સાહિબઝાદીથી રિવાયત બયાન કરવામાં આવી છે કે હુઝૂર રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ અમને શિખવ્યું હતું કે, સવારમાં આ (ઉપરોકત) અલફાઝ સાથે દુઆ માંગ્યા કરો. બેશક, જે એ પ્રમાણે દુઆ માંગે, સાંજ સુધી એની હિફાઝત થશે અને જે સાંજે એ શબ્દોની સાથે દુઆ માંગે, એની સવાર સુધી હિફાઝત કરવામાં આવશે.

(અબૂ દાવૂદ ૨/૬૯૨)

એટલા માટે અવરતો અને બાળકોએ તો ઉપરની દુઆ સવાર–સાંજ જરૂર પઢી લેવી જોઈએ.

(૮) બીમારની ઈયાદત વખતે સાત (૭) વખત પઢવાની દુઆ

اَسْئَلُ اللّٰهَ الْعَظِيْمَ رَبَّ الْعَرْشِ الْعَظِيْمِ اَنْ يَّشْفِيَكَ ط

(અસ્અલુલ્લાહલ અઝી-મ રબ્બલ્ અર્શિલ અઝીમિ અંય્ યશ્ફી-ય-ક.)

અર્થ : તે અલ્લાહ જે પોતે અઝીમ છે અને અઝીમ અર્શનો માલિક છે, હું એનાથી સવાલ કરું છું કે, તે તમને શિફા–તંદુરસ્તી અતા ફરમાવે.

ફઝીલત : હુઝૂર રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો કે, જે માણસના મોતનો વખત જ ન આવ્યો હોય, એને અલ્લાહ તઆલા આ દુઆની બરકતથી શિફા અતા ફરમાવી દે છે.

(અબૂ દાવૂદ, કિ. જનાઈઝ, તિરમિઝી કિ. તિબ્બ)

(૯) અલ્લાહ તઆલા ગમને ખુશીથી બદલી આપશે

اَللّٰهُمَّ اِنِّيْ عَبْدُكَ اِبْنُ عَبْدِكَ اِبْنُ اَمَتِكَ، نَاصِيَتِيْ بِيَدِكَ، مَاضٍ فِيَّ حُكْمُكَ عَدْلٌ فِيَّ قَضَائُكَ، اَسْئَلُكَ بِكُلِّ اِسْمٍ هُوَلَكَ سَمَّيْتَ بِهٖ نَفْسَكَ اَوْ

عَلَّمْتَهٗ أَحَدًا مِّنْ خَلْقِكَ اَوْ اَنْزَلْتَهٗ فِيْ كِتَابِكَ اَوِ اسْتَأْثَرْتَ بِهٖ فِيْ عِلْمِ الْغَيْبِ عِنْدَكَ اَنْ تَجْعَلَ الْقُرْاٰنَ رَبِيْعَ قَلْبِيْ وَنُوْرَ صَدْرِيْ، وَجَلَاءَ حُزْنِيْ، وَذَهَابَ هَمِّيْ۔

(અલ્લાહુમ્મ ઇન્ની અબ્દુ-ક ઇબ્નુ અબ્દી-ક ઇબ્નુ ઉમ્મતિ-ક, નાસિયતી બિયદિ-ક, માદીન ફિય્ય હુકમુ-ક અદલુન ફિય્ય કઝાઉ-ક, અસ્અલુ-ક બિકુલ્લિ ઇસ્મિન હુ-વ લ-ક સમ્મયત બિહી નફ્સિ-ક અવ અલ્લમ્તહૂ અ-હ-દમ મિન ખલ્કિ-ક અવ અન્ઝલ્ત-હૂ ફિ કિતાબિ-ક અવિશ્તઅ્શર્ત બિહી ફિ ઇલ્મીલ ગયબિ ઇન્દ-ક અન તજઅ-લલ્ કુર્આ-ન રબીઅ કલ્બિ વ નૂ-ર સદરિ, વ જલા-અ હુઝની, વ ઝહા-બ હમ્મિ.)

અર્થ : અય અલ્લાહ ! હું તારો ગુલામ છું અને તારા ગુલામનો પુત્ર છું અને તારી બાંદીનો પુત્ર છું. મારી પેશાની તારા કબજામાં છે. તારો હુકમ મારા ઉપર ચાલે છે, મારા વિશે કરેલો તારો ફૈસલો ઈન્સાફવાળો છે. હું તારાથી તારા તે ઇસ્મે આ'ઝમના વસીલાથી દુઆ કરું છું કે જે નામ તારા માટે ખાસ છે અથવા તેં પોતાની કોઇ મખ્લૂકને શિખવાડયા છે અથવા કુર્આનમાં ઉતાર્યાં છે અથવા પોતાના ગૈબના ખઝાનામાં મહફૂઝ રાખ્યાં છે કે તું કુર્આનને મારા દિલની બહાર, મારી આંખોની રોશની બનાવી દે અને મારા ગમ અને પરેશાનીઓને ખત્મ થવાનો ઝરીઓ બનાવી દે.

ફઝીલત : હદીસ શરીફમાં છે કે, જે માણસ કોઇ ગમ યા ફિક્રમાં પરેશાન હોય તો તે આ કલિમાત–શબ્દોના ઝરીએ દુઆ કરે. ઇર્શાદ ફરમાવ્યો,

જે માણસ પણ આ કલિમાતને પઢશે, તો અલ્લાહ તઆલા એના ગમ–પરેશાનીને યકીનન કુશાદગી–વિશાળતાથી બદલી આપશે.

સહાબએ કિરામ (રદિ.)એ ફરમાવ્યું,

શું અમે (આ દુઆ) બીજાઓને પણ ન શીખવીએ ?

હુઝૂર રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઇરશાદ ફરમાવ્યો કે,

'કેમ નહિ, તમે આ કલિમાત–દુઆની તાલીમ આપો.'

(મુસ્નદે અહમદ, ૩૭૦૪, ૧/૬૪૬)

(૧૦) બુરું ઘડપણ, કંજૂસાઈ, બુઝદિલી, દુનિયાના ફિત્ના અને કબ્રના અઝાબથી હિફાઝતના માટે એક સર્વગ્રાહી દુઆ

اَللّٰهُمَّ اِنِّیْ اَعُوْذُبِکَ مِنَ الْبُخْلِ وَاَعُوْذُبِکَ مِنَ الْجُبْنِ وَاَعُوْذُبِکَ مِنْ اَنْ اُرَدَّ اِلٰی اَرْذَلِ الْعُمُرِ وَاَعُوْذُبِکَ مِنْ فِتْنَةِ الدُّنْیَا وَعَذَابِ الْقَبْرِ۔

(અલ્લાહુમ્મ ઇન્ની અઉઝુ બિ-ક મિનલ બુખ્લિ વ અઉઝુ બિ-ક મિનલ જુબ્ની વ અઉઝુ બિ-ક મિન અન ઉરદ્દ ઇલા અરઝલીલ ઉમુરિ વ અઉઝુ બિ-ક મિન ફિત્નતિદ દુન્યા વ અઝાબિલ કબ્ર.)

અર્થ : અય અલ્લાહ ! હું કંજૂસીથી તારી પનાહ ચાહું છું અને હું તારી પનાહ ચાહું છું બુઝદિલીથી અને હું તારી પનાહ ચાહું છું કે મને બેકાર ઉમર (ઘડપણ) તરફ ફેરવવામાં આવે અને હું તારી પનાહ ચાહું છું દુનિયાના ફિત્નાથી અને કબ્રના અઝાબથી.

ફઝીલત : નસાઈ શરીફમાં હઝરત સઅદ (રદિ.)થી હદીસ રિવાયત છે કે, હુઝૂર રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) આ દુઆ વધુ પ્રમાણમાં માગ્યા કરતા હતા.

અને આ હદીસના રાવી હઝરત સઅદ (રદિ.) ખાસ પાબંદીથી આ દુઆ પોતાની બધી અવલાદને યાદ કરાવતા હતા.

(મઆરિફુલ કુર્આન : ૬/૨૪૧, કન્ઝુલ ઉમ્માલ : ૫૦૯૫, ૨/૬૯૦)

(૧૧) કોઈ ખાસ માણસ, જૂથ અને ઝાલિમ બાદશાહના ખૌફના સમયે પઢવાની ચાર દુઆઓ

(૧) જો કોઇ માણસથી (કોઇ પ્રકારનો) ખૌફ-ડર હોય તો આ દુઆ પઢે :

اَللّٰهُمَّ اكْفِنَاهُ بِمَاشِئْتَ ط

અલ્લાહુમ્મક્ફિનાહુ બિમા શિઅ્ત.

અર્થ : અય અલ્લાહ ! તું અમને એ માણસથી બચાવ, જેવી રીતે તું ચાહે. (કન્ઝુલ ઉમ્માલ અવ્વલ : ૨/૧૬૯, અઝકાર, ફઝાઈલે સૂ. નિસાઅ્)

અમુક વખતે માણસ અચાનક કોઈ રસ્તે ફસાઈ જાય છે અને આગળ આવવા પછી માલુમ પડે છે કે, અહિંયા તો ભય છે તો એ વખતે પણ આ દુઆ પઢવી જોઈએ.

(૨) કોઇ ખાસ ફોજ યા લશ્કરથી ભય હોય તો આ દુઆ પઢે

اَللّٰهُمَّ اِنَّا نَجْعَلُكَ فِيْ نُحُوْرِهِمْ
وَنَعُوْذُبِكَ مِنْ شُرُوْرِهِمْ ط

(અલ્લાહુમ્મ ઇન્ના નજઅલુ-ક ફિ નુહુરિહીમ વ નઉઝુબિ-ક મિન શુરુરિહીમ.)

અર્થ : અય અલ્લાહ ! અમે તને એમના મુકાબલામાં (પોતાના માટે) બચાવ–ઢાલ બનાવીએ છીએ અને એની બુરાઈઓથી તારી પનાહ ચાહીએ છીએ.

(અબૂ દાવૂદ : ૧૫૩૮, અસ્સલાત મા યકૂલુર્રજુલુ ઇઝા ખાફ કવ્મન્)

(૩) જો કોઇને બાદશાહ, હાકિમ અથવા કોઇ ઝાલિમ અને જાબિર માણસ યા કૌમથી ભય હોય તો ત્રણ વખત આ દુઆ પઢે

اَللّٰهُ اَكْبَرُ اَللّٰهُ اَكْبَرُ مِنْ خَلْقِهٖ جَمِيْعًا اَللّٰهُ اَعَزُّ مِمَّا
اَخَافُ وَاَحْذَرُ. اَعُوْذُ بِاللّٰهِ الْمُمْسِكِ السَّمَاوَاتِ السَّبْعِ
اَنْ يَّقَعْنَ عَلَى الْاَرْضِ اِلَّا بِاِذْنِهٖ مِنْ شَرِّ عَبْدِكَ

فَلَانٍ وَجُنُوْدِهٖ وَاَتْبَاعِهٖ وَاَشْيَاعِهٖ مِنَ الْجِنِّ وَالْاِنْسِ
اِلٰهِیْ كُنْ لِیْ جَارًا مِنْ شَرِّهِمْ جَلَّ ثَنَائُكَ وَعَزَّ
جَارُكَ وَتَبَارَكَ اسْمُكَ وَلَآاِلٰهَ غَيْرُكَ ط

(અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર, મિન ખલ્કિહી જમીઅન અલ્લાહુ અઅઝ્ઝુ મિમ્મા અખાફુ વ અહ્ઝરુ, અઉઝુ બિલ્લાહિલ મુસ્સીકીસ સમાવાતિસ્સબ્અ અંય્ યકઅ્-ન અલલ અર્દિ ઇલ્લા બિઇઝ્નિહી, મિન શર્રિ અબ્દિ-ક ફુલાનિંવ વ જુનુદિહિ વ અત્બાઇહી અશ્યાઇહી મિનલ જિન્ની વલ ઇન્સિ. ઇલાહી કુન લી જારમ મિન શર્રિહિમ જલ્લ શનાઉ-ક વ અઝ્ઝ જારુ-ક વ તબારકસ્મુ-ક વલા ઇલા-હ ગયરુક.)

અર્થ : અલ્લાહ સૌથી મોટો છે, અલ્લાહ પોતાની તમામ મખ્લૂકથી વધારે તાકતવર (અને ગાલિબ) છે. અલ્લાહ એનાથી પણ વધારે તાકતવર (અને ગાલિબ) છે, જેનો મને ડર છે અને જેનાથી હું ડરી રહયો છું. હું તે અલ્લાહની પનાહ લઉં છું, જેના સિવાય કોઇ માબૂદ નથી અને જેણે પોતાના હુકમના સિવાય આસમાનને જમીન પર પડવાથી રોકી રાખ્યું છે (અને અય અલ્લાહ ! હું તારી પનાહ લઉં છું) તારા ફલાણા બંદાથી અને એની ફૌજ અને લશ્કરથી અને એના નોકરો અને ખિદમતગુઝારોના શરથી–ચાહે તે જિન્નાત હોય યા ઇન્સાન. અય અલ્લાહ ! તું એ બધાના શર–નુકસાનથી મને પનાહ દેવાવાળો બની જા. તારી તારીફ અને વખાણ ઘણા મોટા છે–વખાણને લાયક છે–અને તારાથી પનાહ

લેવાવાળા (હંમેશા) ગાલિબ હોય છે અને તારા સિવાય કોઈ પણ ઇબાદતના લાયક નથી.

(મજમઉઝ્ ઝવાઇદ : ૧૦/૨૧૯, અલ અદઇય્યહ, મા યકૂલુ ઇઝા ખાફ સુલ્તાનન્ : ૧૮૪૪૮)

(૪) અને આ દુઆ પણ પઢે

اَللّٰهُمَّ اِلٰهَ جِبْرَئِيْلَ وَمِيْكَائِيْلَ وَاِسْرَافِيْلَ وَاِلٰهَ اِبْرَاهِيْمَ وَاِسْمٰعِيْلَ وَاِسْحٰقَ عَافِنِيْ وَلَا تُسَلِّطَنَّ اَحَدًا مِّنْ خَلْقِكَ عَلَيَّ بِشَيْءٍ لَّا طَاقَةَ لِيْ بِهٖ ط

(અલ્લાહુમ્મ ઇલા-હ જિબ્રઇ-લ વ મિકાઇ-લ વ ઇસ્રાફી-લ વ ઇલાહ ઇબ્રાહી-મ વ ઇસ્માઇ-લ વ ઇસ્હા-ક આફિની વલા તુસલ્લીતન્ન અ-હ-દમ મિન ખલ્કિ-ક અલય્ય બિશયઇન લા તા-ક-ત લિ બિહી.)

અર્થ : અય અલ્લાહ ! અય જિબ્રઈલ અને મિકાઈલ અને ઈસ્રાફીલના મા'બૂદ ! અને ઈબ્રાહીમ, ઈસ્માઈલ અને ઈસ્હાક (અલયહિમુસ્સલાતુ વસ્સલામ)ના મા'બૂદ ! તું મને આફિયત દે અને મારા ઉપર પોતાની મખ્લૂકમાંથી કોઈને પણ એવી ચીજના સાથે મુસલ્લત ન કર, જેને (દફે–દૂર કરવા યા બરદાશ્ત કરવા)ની મારામાં શકિત નથી.''

(હિસ્ને હસીન : ૩૨૩, બાદશાહ યા ઝાલિમકે ખૌફકે વકતકી દુઆ)

(૧૨) હઝરત અનસ (રદિ.)ની દુઆ

اَللّٰهُ اَكْبَرُ، اَللّٰهُ اَكْبَرُ، اَللّٰهُ اَكْبَرُ، بِسْمِ اللّٰهِ عَلٰى نَفْسِىْ وَدِيْنِىْ بِسْمِ اللّٰهِ عَلٰى اَهْلِىْ وَمَالِىْ، بِسْمِ اللّٰهِ عَلٰى كُلِّ شَىْءٍ اَعْطَانِىْ رَبِّىْ، بِسْمِ اللّٰهِ خَيْرِالْاَسْمَاءِ، بِسْمِ اللّٰهِ رَبِّ الْاَرْضِ وَالسَّمَآءِ، بِسْمِ اللّٰهِ الَّذِىْ لَايَضُرُّمَعَ اِسْمِهٖ دَاءٌ، بِسْمِ اللّٰهِ افْتَتَحْتُ وَعَلَى اللّٰهِ تَوَكَّلْتُ اَللّٰهُ اَللّٰهُ رَبِّىْ لَا اُشْرِكُ بِهٖ شَيْئًا اَسْأَلُكَ اَللّٰهُمَّ بِخَيْرِكَ مِنْ خَيْرِكَ الَّذِىْ لَايُعْطِيْهِ غَيْرُكَ عَزَّجَارُكَ وَجَلَّ ثَنَائُكَ وَلَآاِلٰهَ اِلَّا اَنْتَ اجْعَلْنِىْ فِىْ عِيَاذِكَ وَجَوَارِكَ مِنْ كُلِّ سُوْءٍ وَّمِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ اَللّٰهُمَّ اِنِّىْ اَسْتَجِيْرُكَ مِنْ جَمِيْعِ كُلِّ شَىْءٍ خَلَقْتَ وَاَحْتَرِسُ بِكَ مِنْهُنَّ وَاُقَدِّمُ بَيْنَ يَدَىَّ، بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط قُلْ هُوَاللّٰهُ اَحَدٌ ۝ اَللّٰهُ الصَّمَدُ ۝ لَمْ يَلِدْ ۝ وَلَمْ يُوْلَدْ ۝ وَلَمْ يَكُنْ لَّهٗ كُفُوًااَحَدٌ ۝ عَنْ اَمَامِىْ وَمِنْ خَلْفِىْ وَعَنْ يَّمِيْنِىْ وَعَنْ شِمَالِىْ وَمِنْ فَوْقِىْ وَتَحْتِىْ ط

(અત્તરગીબ)

(અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર, બિસ્મિલ્લાહિ અલા નફ્સી વ દીની, બિસ્મિલ્લાહિ અલા અહલી વ માલી, બિસ્મિલ્લાહિ અલા કુલ્લિ શયઇન અઅ્તાની રબ્બી, બિસ્મિલ્લાહિ ખયરિલ અસ્માઇ, બિસ્મિલ્લાહિ રબ્બિલ અર્દિ વસ્સમાઅ, બિસ્મિલ્લાહિલ્લઝી લા યદુર્રુ મ-અ ઇસ્મિહી દાઅ, બિસ્મિલ્લાહિ અફ્તતહ્તુ વ અલલ્લાહિ તવક્કલતુ, અલ્લાહુ અલ્લાહુ રબ્બિ લા ઉશ્રિ-કુ બિહી શયઅન અસ્અલુક, અલ્લાહુમ્મ બિખય્રિ મિન ખય્રિ-ક મિન ખય્રિકલ્લઝી લા યુઅ્તિહી ગય્રુ-ક અઝ્-ઝ જરુ-ક વ જલ્લ સનાઉ-ક વલા ઇલા-હ ઇલ્લા અન્તઝઅલ્ની ફિ ઇયાદિ-ક વ જવારિ-ક મિન કુલ્લિ સુઇમ મિનશ્શયતાનિર્રજીમ. અલ્લાહુમ્મ ઇન્ની અસ્તજીરુ-ક મિન જમીઇ કુલ્લિ શયઇન ખલક્ત વ અહ્તરિસુ બિ-ક મિન્હુન્ન વ ઉકદ્દિમુ બય્ન યદય્ય. બિસ્મિલ્લાહિ ર્રહમાનિ ર્રહીમ. કુલ હુવલ્લાહુ અહદ. અલ્લાહુસ્સમદ, લમ યલીદ, વલમ યુલદ, વલમ યકુલ્લહુ કુફુવન અહદ. અન ઇમામી વ મિન ખલ્ફિ વ અંય્ યમીની વ અન શિમાલી વ મિન ફવ્કિ વ તહ્તિ.

અર્થ : અલ્લાહની ઝાત સૌથી મોટી છે. અલ્લાહની ઝાત સૌથી મોટી છે. અલ્લાહની ઝાત સૌથી મોટી છે. અલ્લાહ તઆલાના નામની બરકત મારા જાન પર અને મારા દીન પર. અલ્લાહ તઆલાના નામની બરકત મારા ઘરવાળાંઓ પર, મારા માલ પર, અલ્લાહ તઆલાના નામની બરકત દરેક તે ચીઝ પર જે મારા પરવરદિગારે મને અતા કરી. અલ્લાહ તઆલાના નામથી જે બધા નામોથી બેહતર છે. અલ્લાહ તઆલાના નામથી જે રબ છે જમીન અને આસમાનનો.

અલ્લાહ તઆલાના નામથી જેની બરકતથી કોઈ બીમારી નુકસાન નથી પહોંચાડી શકતી. અલ્લાહ તઆલાના જ નામની બરકતથી મેં શરૂઆત કરી અને અલ્લાહ તઆલાની ઝાત પર મેં ભરોસો કર્યો. અલ્લાહ જ અલ્લાહ મારો પરવરદિગાર છે. હું કોઈને એનો શરીક–ભાગીદાર નથી ઠરાવતો. અય અલ્લાહ ! હું તારા ખૈરના વસીલાથી તારાથી માંગું છું, તે ભલાઈ જે તારા સિવાય કોઈ આપી નથી શકતું. તારી પનાહ ઈઝઝતવાળી છે અને તારી સના–તારીફ મોટી છે અને તારા સિવાય કોઈ મા'બૂદ–ઈબાદતના લાયક નથી, મને તારી પનાહ–હિફાઝતમાં લઈ લે દરેક બુરાઈથી અને શયતાન મરદૂદથી. અય અલ્લાહ ! હું તારી પનાહ ચાહું છું દરેક તે મખ્લૂકથી જેને તેં પેદા કરી, અને તારી હિફાઝત માંગું છું એ બધાથી અને આગળ રાખું છું આ સૂરત (સૂરએ ઈખ્લાસ)ને.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ ۝١ اَللّٰهُ الصَّمَدُ ۝٢ لَمْ يَلِدْ ۙ
وَلَمْ يُوْلَدْ ۝٣ وَلَمْ يَكُنْ لَّهٗ كُفُوًا اَحَدٌ ۝٤

(الاخلاص ۱۱۲:۱-۴)

અર્થ : (હે નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! આપ ફરમાવી દો કે, તે અલ્લાહ એક છે, અલ્લાહ બેનિયાઝ છે, એની કોઈ અવલાદ નથી અને ન તે કોઈની અવલાદ છે અને કોઈ એના બરાબર છે. પોતાની સામેથી, અને પાછળથી, ડાબી અને જમણી તરફથી, પોતાના ઉપરથી અને નીચેથી.)

સૂ. ઈખ્લાસ બિસ્મિલ્લાહની સાથે મુકમ્મલ–પૂરી પઢે.

ફઝીલત : હઝરત અનસ (રદિ.) આ દુઆની બરકતથી દરેક પ્રકારના ઝુલ્મ–સિતમ અને ફિત્નાથી મહફૂઝ–હિફાઝતમાં રહયા. ઘણા બધા સહાબએ કિરામ (રદિ.)નો આ દુઆ પઢવાનો મા'મૂલ–નિત્યકમ રહયો હતો. સવાર–સાંજ એક વખત આ દુઆ પઢતા રહે. ઝુલ્મ, જાદુ અને શયતાની અસરોથી અલ્લાહ તઆલા હિફાઝત ફરમાવશે અને કોઈ પણ પ્રકારની તકલીફ કે આફત–મુસીબત પહોંચશે નહિ, ઈન્શા અલ્લાહુ તઆલા.

(૧૩) તકવા, પરહેઝગારી હાસિલ કરવા માટેની દુઆ

તકવા–પરહેઝગારી ઘણી મોટી નેઅમત છે. તકવાનો અર્થ અલ્લાહ તબારક વ તઆલાની નારાજગી અને એના અઝાબનો ખૌફ–ભય દિલમાં (એવી રીતે) બેસી જાય કે ગુનોહ કરવો મુશ્કેલ માલૂમ પડે. પોતાને પણ ગુનાહથી વહશત–બીક હોય અને કોઈ મુસલમાનને ગુનાહમાં મુબ્તલા–સંડોવાયેલો જોઈને દિલમાં કુઢહન પેદા થાય, ગમ–દુઃખ થાય, આંખોથી આંસૂ વહેવા માંડે અને એ તકવાની નેઅમત પર અલ્લાહ તબારક વ તઆલાના ઘણા મોટા મોટા વાયદાઓ છે. અલ્લાહ તબારક વ તઆલા ફરમાવે છે :

وَمَنْ يَّتَّقِ اللّٰهَ يَجْعَلْ لَّهٗ مَخْرَجًا ۙ وَّ
يَرْزُقْهُ مِنْ حَيْثُ لَا يَحْتَسِبُ ؕ (الطلاق ٦٥:٢-٣)

વ મંય્ યત્તકિલ્લા-હ યજઅલ્ લહૂ મખ્રજા. વ યર્જુક્હુ મિન હય્સુ લા યહ્તસિબ.

અર્થ : અને જે કોઈ અલ્લાહ તઆલાથી ડરે છે તો અલ્લાહ તઆલા તેના માટે કુશાદગી–વિશાળતા પેદા કરી દે છે એવી જગ્યાએથી એને રોઝી પહોંચાડે છે કે જ્યાં એનો ગુમાન પણ નથી હોતો.'' (સૂરએ તલાક : આયત : ૨/૩)

માણસ નેકી તો કરી લે છે, પરંતુ શયતાન તેને ગુનાહોમાં રચ્યાપચ્યા–મશગુલ રાખવાની કોશિશ કરે છે. ખાસ કરીને એવું થાય છે કે, મા–બાપના ઈન્તિકાલ થઈ જવા પછી માલની વહેંચણી કરવાથી શયતાન રોકે છે કે, ભાઈ–બહેનોમાં માલની વહેંચણી ન કરો. હવે નેકીઓ તો થઈ ગઈ, પરંતુ અલ્લાહ તઆલાના આટલા મોટા હુકમથી શયતાને રોકી દીધા, પરંતુ જ્યારે તકવા–પરહેઝગારીની દોલત પ્રાપ્ત થઈ જશે તો ઈન્તિકાલ થવાના પછી તરત જ મય્યિતના માલિકીપણામાં જે કાંઈ છે–સોય–દોરાથી લઈને મોટામાં મોટી ચીઝ સુધીની વહેંચણી કરવી આસાન થશે, મુઆમલાતમાં સફાઈની ફિકર થશે અને રિશ્તેદારો–સગાં–વહાલાંઓના હકોને અદા કરવા આસાન થઈ જશે. શાદીઓમાં ફુઝૂલખર્ચી અને બે–પર્દા અવરતોનું બહાર નીકળવું મુશ્કેલ થશે. આ બધું તકવાની દોલતથી જ પ્રાપ્ત થશે. માટે દરેક મુસલમાને તકવા–પરહેઝગારી અલ્લાહ તઆલાથી માંગતા રહેવી જોઈએ. એટલા માટે આ દુઆ માંગો :

اَللّٰهُمَّ اٰتِ نَفْسِیْ تَقْوٰهَا وَزَكِّهَا اَنْتَ
خَيْرُ مَنْ زَكّٰهَا اَنْتَ وَلِيُّهَا وَمَوْلَاهَا۔

અર્થ : અય અલ્લાહ ! તું મારા નફસને પાકીઝગી અતા ફરમાવ અને એને પાક કર. તું જ બધાથી બેહતર પાક–સાફ કરવાવાળો છે. તું જ આ નફસનો મવલા અને આકા છે.

(મુસ્નદે અહમદ : ૪/૩૭૧, રકમ : ૧૮૮૨૧)

(૧૪) જ્યારે બાળક બોલવા શીખે તો એને સૌથી પહેલાં શું યાદ કરાવે ?

وَقُلِ الْحَمْدُ لِلّٰهِ الَّذِیْ لَمْ یَتَّخِذْ وَلَدًا وَّ لَمْ یَكُنْ لَّهٗ شَرِیْكٌ فِی الْمُلْكِ وَ لَمْ یَكُنْ لَّهٗ وَلِیٌّ مِّنَ الذُّلِّ وَ كَبِّرْهُ تَكْبِیْرًا ﴿۱۱۱﴾

(بنی اسرائیل ۱۷:۱۱۱)

અર્થ : (અને ફરમાવી દો કે) બધા વખાણ ફકત અલ્લાહ તઆલા માટે જ છે. જેણે ન (કોઈને પોતાનો) બેટો બનાવ્યો અને ન બાદશાહતમાં તેનો કોઈ ભાગીદાર છે અને તે કમજોર નથી કે કોઈ તેનો મદદગાર હોય અને (અય લોકો !) તમે તેની ખૂબ જ પાકી બયાન કરો.

ફઝીલત : હદીસ શરીફમાં છે કે, બની અબ્દુલ મુત્તલિબમાંથી બાળક બોલવાના કાબિલ થઈ જતું તો આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) એને ઉપરોકત આયત શિખવાડતા.

(૧૫) જે માણસ દુનિયાના બધા સહારાથી નાઉમ્મીદ થઈ ગયો હોય તેના માટે એક સર્વગ્રાહી દુઆ

اَللّٰهُمَّ رَحْمَتَكَ اَرْجُوْ فَلَا تَكِلْنِىْ اِلٰى طَرْفَةَ عَيْنٍ وَاَصْلِحْ لِىْ شَأْنِىْ كُلَّهٗ لَآ اِلٰهَ اِلَّا اَنْتَ ط

અર્થ : અય અલ્લાહ ! હું તારી રહમતની આશા રાખું છું કે તું મને એક ઘડી માટે પણ મારા નફસના હવાલે કરીશ નહિ અને મારા બધા જ કામોને દુરુસ્ત ફરમાવી દે. (બેશક) તારા સિવાય કોઈ હાકિમ અને મા'બૂદ નથી. (તિર્મિઝી શરીફ)

(૧૬) પહાડોના બરાબર અજરો–સવાબ

اَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ ط بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط

وَقُلِ الْحَمْدُ لِلّٰهِ الَّذِىْ لَمْ يَتَّخِذْ وَلَدًا وَّلَمْ يَكُنْ لَّهٗ شَرِيْكٌ فِى الْمُلْكِ وَلَمْ يَكُنْ لَّهٗ وَلِىٌّ مِّنَ الذُّلِّ وَكَبِّرْهُ تَكْبِيْرًا ۝

(بنی اسرائیل ۱۷:۱۱۱)

અર્થ : હું પનાહ ચાહું છું અલ્લાહ તઆલાની મરદૂદ શયતાનથી. શરૂ અલ્લાહના નામથી કે જે બેહદ મહેરબાન અને નિહાયત રહમ કરનાર છે. બધા વખાણ ફકત અલ્લાહ તઆલા માટે જ છે, જેણે ન (કોઈને પોતાનો) બેટો બનાવ્યો અને ન બાદશાહતમાં તેનો કોઈ ભાગીદાર છે અને તે કમજોર

નથી કે કોઈ તેનો મદદગાર હોય અને (અય લોકો !) તમે તેની ખૂબ જ પાકી બયાન કરો.

ફઝીલત : જે માણસ આ આયતને પઢશે તો એના માટે પહાડોના બરાબર અજર–સવાબ લખવામાં આવશે.

(કુર્તુબી : ૧૦/૩૪૫)

(૧૭) શિર્ક અને દેખાડાથી હિફાઝત

શિર્કે અકબર (એટલે કે અલ્લાહ તઆલાની સાથે કોઈને શરીક કરવો) શિર્કે અસગર (એટલે કે રિયાકારી, કોઈને દેખાડવા માટે અમલ કરવો) બંનેથી હિફાઝત માટેની જામિઅ દુઆ આ છે :

اَللّٰهُمَّ اِنِّیْ اَعُوْذُبِکَ اَنْ اُشْرِکَ بِکَ وَاَنَا اَعْلَمُ وَاَسْتَغْفِرُکَ لِمَا لَا اَعْلَمُ۔

અર્થ : અય અલ્લાહ ! હું જાણી જોઈને તારી સાથે ભાગીદાર કરવાથી તારી પનાહ અને હિફાઝતમાં આવું છું અને એવા ગુનાહોથી મગફિરત ચાહું છું કે જે મારી જાણમાં નથી.

ફઝીલત : હઝરત અબૂ બક્ર સિદ્દીક (રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ એક વખત શિર્કનો તઝકિરહ–ઝિક્ર ફરમાવ્યો કે શિર્ક તમારા અંદર એવી રીતે છુપાઈને આવી જાય છે જેવી રીતે કે, અવાજ વગરની કીડીની ચાલ અને ફરમાવ્યું કે, હું તમને એક એવું

કામ બતાવું છું કે, જ્યારે તમે તે કામ કરી લો તો શિર્કે અકબર (મોટું શિર્ક) અને શિર્કે અસગર (નાનું શિર્ક એટલે કે રિયા–દેખાડાના માટે કોઈ કામ કરવું) એ બધાથી મહફૂઝ–સુરક્ષિત થઈ જાઓ. તમે ત્રણ વખત આ દુઆ કર્યા કરો અને પછી ઉપરોકત દુઆ બતાવી. (મઆરિફુલ કુર્આન : ૫/૬૬૩)

(૧૮) અલ્લાહની નજરે રહમત અને ૭૦,૦૦૦ ફરિશ્તાઓની દુઆએ મગફિરત

હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે વ્યકિતએ નમાઝ માટે ઘરેથી નીકળતી વખતે આ (નીચે દર્શાવેલી) દુઆ પઢી, તો અલ્લાહ તઆલા નજરે રહમત (કૃપા–દષ્ટિ)થી તેના તરફ મુતવજ્જેહ થશે અને સિત્તેર હજાર ફરિશ્તાઓ તેના માટે મગફિરતની દુઆ કરશે (અહિંયા સુધી કે નમાઝથી ફારિગ થઈ જાય). તે દુઆ આ પ્રમાણે છે :

اَللّٰهُمَّ اِنِّیْ اَسْئَلُکَ بِحَقِّ السَّائِلِیْنَ عَلَیْکَ وَبِحَقِّ مَمْشَایَ هٰذَا اِلَیْکَ فَاِنِّیْ لَمْ اَخْرُجْ اَشَرًا وَّلَا بَطَرًا وَّلَا رِیَاءً وَّلَا سُمْعَةً وَّخَرَجْتُ اتِّقَاءَ سَخَطِکَ وَابْتِغَاءَ مَرْضَاتِکَ فَأَسْئَلُکَ اَنْ تُعِیْذَنِیْ مِنَ النَّارِ وَأَنْ تَغْفِرَ لِیْ ذُنُوْبِیْ، اِنَّهٗ لَا یَغْفِرُ الذُّنُوْبَ اِلَّا اَنْتَ۔

(**અર્થ** : હે અલ્લાહ ! હું તારી પાસે તે હકના વાસ્તાથી માંગું છું, જે માંગનારાઓનો તારા ઝિમ્મે છે અને મારા આ તારી તરફ ચાલવાના તુફૈલથી (હું તારાથી માંગું છું). તું સારી પેઠે જાણે છે કે ન અહંકાર અને ન તો અભિમાન અને ન તો સંભળાવવાના શોખમાં હું પોતાના ઘરેથી નીકળ્યો છું, (બલકે) તારી નારાજગીથી બચવા માટે અને તારી ખુશનૂદી ઢૂંઢવા (પ્રાપ્ત) કરવા માટે (ઘરેથી) નીકળ્યો છું. બસ, હું તારાથી આ વાતનો સવાલ કરું છું કે, તું મને દોઝખથી પોતાની રહમતની પનાહમાં લઈ લે અને મારા ગુનાહોને માફ ફરમાવી દે, કારણ કે તારા સિવાય બીજો કોઈ ગુનાહોને માફ કરી શકતો નથી.)

(ઇબ્ને માજહ : ૫૭, ઇબ્ને ખુઝયમહ, બિ–સનદિન સહીહિન કઝા ફિત્તરગીબ : ૧/૨૧૫, કન્ઝુલ ઉમ્માલ : ૧૫/૩૯૬–૪૧૫૩૫, સંદર્ભ : હઝ. મવ. મુહમ્મદ યૂનુસ પાલનપૂરી સા. મ. ઝિ. કૃત 'ગુલદસ્ત–એ–મગફિરત' : ૧૧૮)

નોટ : હિસાબ માંડો. પાંચેય નમાઝો માટે ઘરેથી નીકળતી વખતે આ દુઆ પઢવાથી ૩,૫૦,૦૦૦ (ત્રણ લાખ પચાસ હજાર) ફરિશ્તાઓ ઇસ્તિગફાર (મગફિરતની દુઆ) કરશે.

●●●

(૧૯) એક લાખ નેકીઓ મળશે, ઉપરાંત.....

હઝરત ઉમ્મે સલમા (રદિ.) ફરમાવે છે કે, રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ સવારના સમયે (નીચે દર્શાવેલી) દુઆ પઢી લેશે, તો તેની રૂહને લીલા (રંગના) પક્ષીઓની શકલ–સૂરતમાં જન્નતમાં આઝાદ છોડી મૂકવામાં આવશે, તે ચાહે ત્યાં (જન્નતમાં મુકતપણે) વિહરશે (હરી ફરી શકશે) :

اَلْحَمْدُلِلّٰهِ الَّذِیْ تَوَاضَعَ كُلُّ شَیْءٍ لِّعَظَمَتِهٖ
وَالْحَمْدُلِلّٰهِ الَّذِیْ ذَلَّ كُلُّ شَیْءٍ لِّعِزَّتِهٖ
وَالْحَمْدُلِلّٰهِ الَّذِیْ خَضَعَ كُلُّ شَیْءٍ لِّمُلْكِهٖ۔

[અર્થ : તમામ તારીફો તે જ અલ્લાહ તઆલા માટે છે, જેની અઝમત (મહાનતા)ની સામે સઘળી ચીજ–વસ્તુઓ ઝુકેલી (નત મસ્તક) છે અને દરેક પ્રકારની તારીફ તે અલ્લાહ તઆલા માટે છે, જેની ઈઝઝતની સામે તમામ ચીજો અપમાનિત (ઝલીલ) છે અને સઘળી તારીફ તે અલ્લાહ તઆલા માટે છે, જેની હુકૂમત (સત્તા) અને સલ્તનતની સામે સૌ ઝુકેલાં છે.] (અદુઆઉલ્ મસ્નૂન : ૨૨૪–બિ–સનદિન ઝઈફ)

●●●

سُبْحَانَ اللّٰهِ وَ بِحَمْدِهٖ، سُبْحَانَ اللّٰهِ الْعَظِیْمِ ط

(૨૦) એક મસ્નૂન દુઆ

હુઝૂર નબીએ અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) આ દુઆ ફરમાવ્યા કરતા હતા :

اَللّٰهُمَّ اَغْنِنِیْ بِالْعِلْمِ، وَزَیِّنِّیْ بِالْحِلْمِ،
وَاَكْرِمْنِیْ بِالتَّقْوٰی، وَجَمِّلْنِیْ بِالْعَافِیَةِ۔

[અર્થ : હે અલ્લાહ ! મને ઈલ્મ દ્વારા બેનિયાઝ (નિઃસ્પૃહ) ફરમાવી દે (અર્થાત્ ઈલ્મે ઉખ્રવીથી નવાઝી દે) અને મને સંયમ તથા સહનશીલતાના-ગુણની સુશોભિત ફરમાવી દે અને મને તકવા દ્વારા મુકર્રમ (સન્માનિત) ફરમાવ અને મને આફિયત (ક્ષેમ-કુશળતા અને સુખશાંતિ)નું સૌંદર્ય અતા ફરમાવ.]

(અલ હિલ્મ : ૧૯, "નિદાએ શાહી", ઓકટોબર-૨૦૦૮, પેજ : ૬)

અર્થ-ભાવાર્થ નજર સમક્ષ રાખીને ઉપરોકત મસ્નૂન દુઆ પઢવાનો ખાસ ઈહ્તિમામ (પ્રબંધ) કરવો જોઈએ.

• • •

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، سُبْحَانَ اللّٰهِ الْعَظِیْمِ

(૨૧) હુસ્ને ઈબાદત, લિસાને સાદિક અને કલ્બે સલીમના માટે દુઆ

اَللّٰهُمَّ اِنِّیْ اَسْئَلُکَ الثَّبَاتَ فِی الْاَمْرِ وَاَسْئَلُکَ عَزِیْمَةَ الرُّشْدِ وَاَسْئَلُکَ شُکْرَ نِعْمَتِکَ وَحُسْنَ عِبَادَتِکَ وَاَسْئَلُکَ لِسَانًا صَادِقًا وَّقَلْبًا سَلِیْمًا وَّاَعُوْذُبِکَ مِنْ شَرِّ مَا تَعْلَمُ وَاَسْئَلُکَ مِنْ خَیْرِ مَا تَعْلَمُ وَاَسْتَغْفِرُکَ مِمَّا تَعْلَمُ، اِنَّکَ اَنْتَ عَلَّامُ الْغُیُوْبِ ط

અર્થ : "અય અલ્લાહ ! હું માંગુ છું ઈસ્લામ પર સાબિત-કદમી અને માંગુ છું નેક કામનો ઈરાદો અને માંગુ છું તારી નેઅમતોની શુક્રગુઝારી અને સારી ઈબાદત અને માંગુ છું સાચી ઝુબાન અને સલામત રહેવાવાળું દિલ અને તારી પનાહ ચાહું છું તે બુરાઈઓથી, જેને તું જાણે છે અને સવાલ કરું છું તારાથી તે ભલાઈઓનો જેને તું જાણે છે અને બખ્શિશ (માફી) ચાહું છું તે ગુનાહોથી જેને તું જાણે છે. બેશક, તું જ ગૈબની (વાતોને) જાણવાવાળો છે." (તિરમિઝી : ૨/૧૭૮, અદઅ્વાત)

●●●

سُبْحَانَ اللّٰهِ الْعَظِیْمِ وَبِحَمْدِهٖ

(૨૨) દુન્યવી આરઝૂઓ પર અલ્લાહની મુહબ્બત ગાલિબ રહેવા માટે બેહતરીન દુઆ

اَللّٰهُمَّ اجْعَلْ حُبَّکَ اَحَبَّ الْاَشْيَاءِ اِلَيَّ وَاجْعَلْ خَشْيَتَکَ اَخْوَفَ الْاَشْيَاءِ عِنْدِیْ وَاقْطَعْ عَنِّیْ حَاجَاتِ الدُّنْيَا بِالشَّوْقِ اِلٰی لِقَائِکَ وَاِذَا اَقْرَرْتَ اَعْيُنَ اَهْلِ الدُّنْيَا مِنْ دُنْيَاهُمْ فَاَقْرِرْ عَيْنِیْ مِنْ عِبَادَتِکَ ط

અર્થ : "અય અલ્લાહ ! મને તારી મુહબ્બત બધાથી વધારે પ્યારી કરી દે અને તારો ખૌફ દરેક ચીજના ખૌફથી વધારે વધારી દે અને તારી મુલાકાતની તડપ અતા ફરમાવીને દુનિયાની દરેક હાજતો મારા દિલમાંથી કાઢી નાખ અને જ્યારે દુનિયાવાળાઓને દુનિયા આપીને તેમની આંખો ઠંડી કરે તો મારી આંખો તારી ઈબાદતથી ઠંડી કરી આપજે. (કન્ઝુલ ઉમ્માલ, અવ્વલ : ૨/૯૪, અલ અઝકાર, અલ ફસ્લુસ્સાદિસ)

●●●

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ

سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط

(૨૩) અલ્લાહની મુહબ્બત માટે બે દુઆઓ

(૧) રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) અલ્લાહ તઆલાની મુહબ્બત તલબ (પ્રાપ્ત) કરવા માટે આ દુઆને માંગ્યા કરતા હતા :

اَللّٰهُمَّ اِنِّیْ اَسْئَلُکَ حُبَّکَ وَحُبَّ مَنْ یُّحِبُّکَ وَالْعَمَلَ الَّذِیْ یُبَلِّغُنِیْ حُبَّکَ ط اَللّٰهُمَّ اجْعَلْ حُبَّکَ اَحَبَّ اِلَیَّ مِنْ نَّفْسِیْ وَمَالِیْ وَاَهْلِیْ وَمِنَ الْمَاءِ الْبَارِدِ ط

અલ્લાહુમ્મ ઇન્ની અસ્અલુ-ક હુબ્બ-ક વ હુબ્બ મંય્ યુહિબ્બુ-ક વલ અમલલ્ લઝી યુબલ્લિગુની હુબ્બ-ક. અલ્લાહુમ્મજ્ અલ હુબ્બ-ક અહબ્બ ઇલય્ય મિન નફ્સી વ માલી વ અહલી વ મિનલ મા-ઇલ બારિદ.

અર્થ : "અય અલ્લાહ ! હું તારી મુહબ્બત અને તારા ચાહવાવાળાઓની મુહબ્બત માંગુ છું અને એવા અમલની તવફીક ચાહું છું જે મને તારી મુહબ્બત તરફ લઈ જાય. અય અલ્લાહ ! તું પોતાની મુહબ્બત મારા જાન–માલ અને અહલો–અયાલ અને ઠંડા પાણીથી પણ વધારે મારા માટે પસંદીદહ બનાવી દે." (તિરમિઝી : ૨/૧૮૭, અદઅવાત)

(૨)

اَللّٰهُمَّ ارْزُقْنِیْ حُبَّکَ وَحُبَّ مَنْ یَّنْفَعُنِیْ حُبُّهٗ عِنْدَکَ، اَللّٰهُمَّ مَارَزَقْتَنِیْ مِمَّا اُحِبُّ فَاجْعَلْهُ قُوَّةً لِّیْ فِیْمَاتُحِبُّ، اَللّٰهُمَّ وَمَازَوَیْتَ عَنِّیْ مِمَّا اُحِبُّ فَاجْعَلْهُ فَرَاغًا لِّیْ فِیْمَاتُحِبُّ ط

અલ્લાહુમ્મર્ઝુકની હુબ્બ-ક વ હુબ્બ મંય્ યન્ફઉની હુબ્બહૂ ઇન્દ-ક. અલ્લાહુમ્મ મા રઝકતની મિમ્મા ઉહિબ્બ ફજ્અલ્હૂ કુવ્વતલ લી ફીમા તુહિબ્બુ. અલ્લાહુમ્મ વ મા જવય્-ત અન્ની મિમ્મા ઉહિબ્બુ ફજ્અલ્હૂ ફરાગલ લી ફીમા તુહિબ્બુ.

અર્થ : "અય અલ્લાહ ! તું મને તારી મુહબ્બત અતા ફરમાવ અને એ લોકોની મુહબ્બત, જેની મુહબ્બત તારા નજીક મને નફો પહોંચાડે. અય અલ્લાહ ! જે મારી પસંદીદહ ચીજ તેં મને આપી છે, એને તું એવા કામોની અદાયગીમાં કુવ્વતનો ઝરીઓ બનાવી દે, જે તને પસંદ હોય. અય અલ્લાહ ! જે મારી પસંદીદહ ચીજ તેં મારાથી રોકી દીધી છે, તું હવે એના ખ્યાલ માત્ર પણ મારા દિલમાંથી કાઢી નાખીને મને એવા (નેક) કામોમાં લગાવી દે, જે તને પસંદ હોય."

(તિરમિઝી : ૨/૧૮૭, અદઅ્વાત)

(૨૪) દિલમાં ઈમાન રચીપચી જવા (પુખ્ત થવા) માટેની છ દુઆઓ

(૧)

اَللّٰهُمَّ اِنِّیْ اَسْئَلُکَ اِیْمَانًا یُّبَاشِرُ قَلْبِیْ وَیَقِیْنًا
صَادِقًا حَتّٰی اَعْلَمَ اِنَّهٗ لَایُصِیْبُنِیْ اِلَّا مَا کَتَبْتَ لِیْ
وَرَضِّنِیْ مِنَ الْمَعِیْشَةِ بِمَاقَسَمْتَ لِیْ ط

"અય અલ્લાહ ! હું તારાથી તે ઈમાન માંગુ છું, જે મારા દિલમાં પેવસ્ત થઇ જાય અને તે સાચું યકીન કે (જેને) હું ખૂબ જાણી લઉં કે જે વાત તેં મારા તકદીરમાં લખી દીધી છે બસ, તે જ (વાત) મને પેશ આવી શકે છે અને રઝામંદી માંગુ છું તે રોઝી પર જે તેં મારા માટે તકસીમ કરી દીધી છે."

(કન્ઝુલ ઉમ્માલ, ૧ : ૨/૮૧, અલ અઝકાર, અલ ફસ્લુસ્સાદિસ, રકમ : ૩૬૫૪)

(૨)

اَللّٰهُمَّ اَعْطِنِیْ اِیْمَانًا وَّیَقِیْنًا لَّیْسَ بَعْدَهٗ کُفْرٌ وَّ
رَحْمَةً اَنَالُ بِهَاشَرَفَ کَرَامَتِکَ فِی الدُّنْیَا وَالْاٰخِرَةِ ط

"અય અલ્લાહ ! મને એવું ઈમાન અને એવું યકીન આપ કે જેના પછી કુફ્ર ન થાય અને તે રહમત અતા ફરમાવ જેના સબબમાં દુનિયા અને આખિરતમાં તારી અર્પણ કરેલી બુઝુર્ગીનો શર્ફ હાસિલ કરી શકું." (કન્ઝુલ ઉમ્માલ, ૧ : ૨/૭૫, અલ્ અઝ્કાર, અલ ફસ્લુસ્સાદિસ, રકમ : ૩૬૦૫)

(૩)

اَللّٰهُمَّ اِنِّیْ اَسْأَلُکَ اِیْمَانًا لَّا یَرْتَدُّ وَنَعِیْمًا لَّا یَنْفَدُ وَمُرَافَقَةَ نَبِیِّنَا مُحَمَّدٍ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ فِیْ اَعْلٰی دَرَجَةِ الْجَنَّةِ جَنَّةِ الْخُلْدِ ط

"અય અલ્લાહ ! હું તારાથી (એવું) ઈમાન માંગુ છું જે ન છુટે અને એવી નેઅમતનો તલબગાર છું, જે કદી પણ ખત્મ ન થાય અને આપના નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની રફાઅત ચાહું છું, જન્નતના બધાથી ઊંચા દરજ્જામાં, જે હંમેશા રહેવાવાળી જન્નત છે." (મુસ્દરકે હાકિમ : ૧/૭૧૫, અદ્દુઆઅ, રકમ : ૩૬૫૪)

(૪)

اَللّٰهُمَّ زَیِّنَّا بِزِیْنَةِ الْاِیْمَانِ وَاجْعَلْنَا هُدَاةً مُّهْتَدِیْنَ ط

''અય અલ્લાહ ! તું અમને ઈમાનની ઝીનત (ખુબસૂરતી)થી રોશન કરી દે અને રસ્તો બતાવવાવાળો અને ખુદ રસ્તાનો માર્ગદર્શક બનાવી દે.''

(મુસ્દરકે હાકિમ : ૧/૭૧૩, અદુઆઅ, રકમ : ૧૯૭૫)

(૫)

اَللّٰهُمَّ اِنِّیْ اَسْئَلُکَ صِحَّةً فِیْ اِیْمَانٍ وَّاِیْمَانًا فِیْ حُسْنِ خُلُقٍ وَّنَجَاحًا یَّتْبَعُهٗ فَلَاحٌ وَّرَحْمَةً مِّنْکَ وَعَافِیَةً وَّمَغْفِرَةً مِّنْکَ وَرِضْوَانًا۔

''અય અલ્લાહ ! હું તારાથી ઈમાનમાં દુરુસ્તીનો તાલિબ છું (એટલે કે કામિલ–સંપૂર્ણ ઈમાનનો) અને એ ઈમાનનો જે સારા અખ્લાકની સાથે હોય અને (દુનિયામાં) એવી નજાતનો જેના પછી પૂરેપૂરી કામિયાબી નસીબ થાય (એટલે કે આખિરતમાં) અને તારા જ તરફથી ખાસ રહમતનો અને સલામતીનો અને માફીનો અને (તારી) રઝામંદીનો તલબગાર છું. (મુસ્તદરકે હાકિમ : ૧/૭૧૨, અદુઆઅ, રકમ : ૧૯૭૧)

(૬)

اَللّٰهُمَّ حَبِّبْ اِلَیْنَا الْاِیْمَانَ وَزَیِّنْهُ فِیْ قُلُوْبِنَا وَکَرِّهْ اِلَیْنَا الْکُفْرَ وَالْفُسُوْقَ وَالْعِصْیَانَ وَاجْعَلْنَا مِنَ الرَّاشِدِیْنَ ط

''અય અલ્લાહ ! અમારા દિલોમાં ઈમાનની મુહબ્બત નાખી દે અને એને અમારા દિલોની ઝીનત બનાવી દે અને

નફરત નાખી દે અમારા દિલોમાં કુફની, ગુનાહોની અને નાફરમાનીની અને અમને નેક રસ્તા પર ચાલવાવાળાઓમાં બનાવી દે.'' (મુસ્નદે અહમદ : ૩/૪૩૪, રકમ : ૧૫૦૬૬)

અશઆર :

दारे फ़ानीकी सजावट पर न जा,
नेकीयोंसे अपना असली घर सजा
फ़िर वहां बस चैनकी बंसी बजा,
इन्नहु कद फ़ाज़ फ़ौज़न मन न जा,

يَارَبِّ صَلِّ وَسَلِّمْ دَائِمًا اَبَدًا
عَلٰى حَبِيْبِكَ خَيْرِالْخَلْقِ كُلِّهِمِ

યા રબ્બિ સલ્લિ વ સલ્લિમ્ દાઇમન્ અ-બ-દા,
અલા હબીબિ-ક ખય્રિલ્ ખલ્કિ કુલ્લિહિમી.

(૨૫) એક ઘણી જ મુબારક દુઆ

اَللّٰهُمَّ اِنِّيْ اَسْأَلُكَ الْعَافِيَةَ فِي الدُّنْيَا وَالْاٰخِرَةِ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْأَلُكَ الْعَفْوَ وَالْعَافِيَةَ فِيْ دِيْنِيْ وَدُنْيَايَ وَاَهْلِيْ وَمَالِيْ، اَللّٰهُمَّ اسْتُرْ عَوْرَاتِيْ وَاٰمِنْ رَوْعَاتِيْ، اَللّٰهُمَّ احْفَظْنِيْ مِنْ بَيْنِ يَدَيَّ وَمِنْ خَلْفِيْ وَعَنْ يَّمِيْنِيْ وَعَنْ شِمَالِيْ وَمِنْ فَوْقِيْ وَاَعُوْذُ بِعَظَمَتِكَ اَنْ اُغْتَالَ مِنْ تَحْتِيْ ط

"અય અલ્લાહ ! હું તારાથી દુનિયા અને આખિરતમાં આફિયત માંગુ છું. અય અલ્લાહ ! હું તારાથી માફી અને આફિયત (દુનિયા અને આખિરતની મુસીબતોથી નજાત)નો સવાલ કરું છું–પોતાના દીનમાં પણ, પોતાની દુનિયામાં પણ, પોતાના ઘરવાળાઓ માટે પણ અને પોતાના માલના માટે પણ. અય અલ્લાહ ! મારી ઐબોની પર્દાપોશી ફરમાવ અને મારા ખૌફ અને પરેશાનીને અમનો–અમાનમાં બદલી દે. અય અલ્લાહ ! મારી સામેથી પણ હિફાઝત કર, મારી પાછળથી પણ, જમણી તરફથી પણ અને ડાબી તરફથી પણ અને ઉપરથી પણ (કે કોઈ આફત આસમાનથી ન આવે) અને હું તારી અઝમતની પનાહ માંગુ છું એ વાતથી કે પોતાના પગ નીચે (જમીનના કોઈ અઝાબથી) હલાક કરી દેવામાં આવું (એટલે કે ઝલઝલા–ધરતીકંપથી)."

(અબૂ દાવૂદ : ૨/૩૩૬, અલ અદબ, મા યકૂલુ ઈઝા અસ્બ–હ)

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર રદિયલ્લાહુ તઆલા અન્હૂ ફરમાવે છે કે, આં હઝરત સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સવાર–સાંજ આ શબ્દોથી દુઆ માંગ્યા કરતા હતા અને એ મુબારક દુઆનો મા'મૂલ છેવટ સુધી રહયો, અહિંયા સુધી કે આપ (સલ.) દુનિયાથી રુખ્સત થઈ ગયા.

આ દુઆ ઘણી જ મુબારક છે અને (આ દુઆને) સવાર–સાંજ જરૂર માંગવી (પઢવી) જોઈએ.

(૨૬) સવાર–સાંજ માંગવાની મુબારક દુઆ

اَللّٰهُمَّ فَاطِرَ السَّمٰوٰتِ وَالْاَرْضِ عَالِمَ الْغَيْبِ وَالشَّهَادَةِ لَآ اِلٰهَ اِلَّا اَنْتَ رَبَّ كُلِّ شَيْءٍ وَّ مَلِيْكَهٗ اَعُوْذُبِكَ مِنْ شَرِّ نَفْسِىْ وَمِنْ شَرِّ الشَّيْطٰنِ وَشِرْكِهٖ وَاَنْ اَقْتَرِفَ عَلٰى نَفْسِىْ سُوْٓءًا اَوْاَجُرَّهٗ اِلٰى مُسْلِمٍ ط

અલ્લાહ ! અય આસમાનો અને જમીનોને પેદા કરવાવાળા ! અય જાહિર અને બાતિનને જાણવાવાળા ! તારા સિવાય કોઈ મા'બૂદ નથી. અય દરેક ચીજના રબ અને એના માલિક અને પરવરદિગાર ! હું તારી પનાહ લઉં (ચાહું) છું પોતાના નફસના મક્ર (ફરેબ) અને શયતાનના શરથી અને એ વાતથી કે તે મને શિર્કમાં મુબ્તલા કરી દે અને એ વાતથી કે હું ખુદ કોઈ બુરાઈ કરું અથવા કોઈ બીજા મુસલમાનને એમાં મુબ્તલા (શામિલ) કરું." (તિરમિઝી : ૨/૧૯૩, અદ્અ્વાત)

હઝરત અબૂ બક્ર સિદ્દીક (રદિ.)એ ફરમાવ્યું : અય અલ્લાહના રસૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! મને એવી દુઆ બતાવી દો, જેને હું સવાર–સાંજ માંગતો (પઢતો) રહું. તો આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઉપરોકત દુઆ પઢવાનો હુકમ ફરમાવ્યો.

(તિરમિઝી : ૨/૧૯૩, અદ્અ્વાત)

(૨૭) હિફાઝતની દુઆ

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ وَلَاقُوَّةَ اِلَّا بِاللّٰهِ ط
مَاشَآءَ اللّٰهُ كَانَ وَمَالَمْ يَشَأْلَمْ يَكُنْ أَعْلَمُ اَنَّ
اللّٰهَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ وَّاَنَّ اللّٰهَ قَدْ اَحَاطَ
بِكُلِّ شَىْءٍ عِلْمًا ط

અર્થ : ''અલ્લાહ તઆલા પાક છે અને બધી જ તારીફ–વખાણ એના જ માટે છે. અલ્લાહ તઆલાની મદદ સિવાય બુરાઈથી બચવાની તાકત નથી. જે અલ્લાહ તઆલાએ ચાહયું, તે થઈ ગયું અને જે ન ચાહયું તે ન થયું. હું ખૂબ જાણું છું કે અલ્લાહ તઆલા દરેક ચીઝ પર કુદરતવાળો છે અને બેશક, અલ્લાહ તઆલાના ઈલ્મએ દરેક ચીઝને ઘેરી લીધી છે.

(અબૂ દાવૂદ : ૨/૩૩૬, અલ અદબ, મા યકૂલુ ઈઝા અસ્બ–હ)

અબૂ દાવૂદ શરીફમાં છે કે, એક સહાબિય્યહ–જે હુઝૂરે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સાહિબઝાદીઓની ખિદમત કર્યા કરતાં હતાં–એમણે રિવાયત કરી છે કે, આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ અમને આ શિખવાડયું હતું કે, સવારમાં આ અલ્ફાઝ–શબ્દો સાથે દુઆ માંગ્યા કરો. બેશક, જે (શખ્સ) સવારમાં આ પ્રમાણે દુઆ માંગે, સાંજ

સુધી એની હિફાઝત થશે અને જે સાંજે (આ શબ્દોની સાથે) દુઆ માંગે, સવાર સુધી એની હિફાઝત થશે.

(અબૂ દાવૂદ : ૨/૩૩૬, અલ અદબ, મા યકૂલુ ઈઝા અસ્બ–હ)

(૨૮) પહાડના બરાબર કર્જથી છુટકારો પામવાની દુઆ

اَللّٰهُمَّ مٰلِكَ الْمُلْكِ تُؤْتِي الْمُلْكَ مَنْ تَشَآءُ وَتَنْزِعُ الْمُلْكَ مِمَّنْ تَشَآءُ ۚ وَتُعِزُّ مَنْ تَشَآءُ وَتُذِلُّ مَنْ تَشَآءُ ۭ بِيَدِكَ الْخَيْرُ ۭ اِنَّكَ عَلٰي كُلِّ شَيْءٍ قَدِيْرٌ ۝

رَحْمٰنَ الدُّنْيَا وَالْاٰخِرَةِ تُعْطِيْهِمَا مَنْ تَشَآءُ وَتَمْنَعُ مِنْهُمَا مَنْ تَشَآءُ، اِرْحَمْنِيْ رَحْمَةً تُغْنِيْنِيْ بِهَا عَنْ رَحْمَةِ مَنْ سِوَاكَ۔

અર્થ : "અય અલ્લાહ ! અય તમામ મુલ્કના માલિક ! તું (મુલ્કનો જેટલો હિસ્સો ચાહે) જેને ચાહે તેને આપે છે અને જેનાથી ચાહે મુલ્ક(નો હિસ્સો) લઈ લે છે અને જેને ચાહે

ગાલિબ કરી દે છે અને જેને ચાહે પરાસ્ત કરી દે છે. તારા જ ઇખ્તિયારમાં બધી ભલાઇ છે. બેશક, તું જ દરેક ચીજ પર પૂરી કુદરત રાખવાવાળો છે. અય દુનિયા અને આખિરતના મહેરબાન બાદશાહ ! તું જેને ચાહે બંને (દુનિયા તથા આખિરત) અતા ફરમાવે અને જેને ચાહે બંનેને રોકી દે છે, મારી ઉપર એવી રહમત ફરમાવ જેના ઝરીઆથી તારા સિવાયની રહમતથી મને મુસ્તગ્ની–બેપરવા કરી દે."

(મજમઉઝ ઝવાઇદ : ૧/૨૧૭, અલ અદઇય્યહ, અદુઆઉ લિ–કઝાઇદૈન, રકમ : ૧૭૪૪૩)

ફઝીલત : હઝરત મુઆઝ બિન જબલ (રદિ.)થી રિવાયત છે કે, એક વખત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ જુમ્આના દિવસે મને ન જોયો. જ્યારે આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ નમાઝ પઢાવી તો મારી પાસે તશરીફ લાવ્યા અને ઇરશાદ ફરમાવ્યો કે, તમે જુમ્આના દિવસે કેમ ન આવ્યા ? મેં કહયું કે, યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! મારી ઉપર એક યહૂદીનું એક અવકિયહ ચાંદી કર્ઝ હતું. હું તમારી પાસે આવી રહયો હતો, પરંતુ રસ્તામાં એણે મને રોકી લીધો. બસ, આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : હે મુઆઝ ! શું હું તમને એવી દુઆ ન બતાવી દઉં કે જેને તમે પઢો તો અગર તમારા ઉપર (પહાડના બરાબર અને એક રિવાયતના મુતાબિક ઉહુદ પહાડના બરાબર) કર્ઝ હશે તો અલ્લાહ તબારક વ તઆલા એને અદા ફરમાવી દેશે. પછી આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઉપરોકત દુઆ તાલીમ ફરમાવી.

(૨૯) વાલિદૈનના હકકોની અદાયગી માટે નમાઝ

એક હદીસમાં હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો :

مَنْ صَلّٰى لَيْلَةَ الْجُمُعَةِ بَيْنَ الْمَغْرِبِ وَالْعِشَآءِ رَكْعَتَيْنِ يَقْرَأُ فِيْ رَكْعَتَيْنِ فَاتِحَةَ الْكِتَابِ وَاٰيَةَ الْكُرْسِيِّ مَرَّةً وَّسُوْرَةَ الْاِخْلَاصِ وَالْمُعَوِّذَتَيْنِ خَمْسَ مَرَّاتٍ، فَاِذَا فَرَغَ اِسْتَغْفَرَاللّٰهَ خَمْسَ مَرَّاتٍ وَّصَلّٰى عَلَى النَّبِيِّ خَمْسَ عَشَرَةَ مَرَّةً وَّجَعَلَ ثَوَابَهَا لِوَالِدَيْهِ فَقَدْ اَدّٰى حَقَّهُمَا وَلَا يَعْلَمُ ثَوَابَهَا اِلَّا اللّٰهُ تَعَالٰى۔

અર્થ : જે માણસ જુમ્અહની રાતે (જુમેરાતનો સૂરજ ડૂબ્યા પછી) મગરિબ અને ઈશા દરમિયાન બે રકા'ત નમાઝ એવી રીતે પઢે કે એક વાર સૂરએ ફાતિહા, એક વાર આયતુલ કુર્સી અને **સૂરએ ઇખ્લાસ (કુલ હુવલ્લાહુ અહદ) તથા મુઅવ્વિઝતૈન (સૂરએ ફલક અને સૂરએ નાસ)**—આ

ત્રણેય સૂરતો પાંચ પાંચ વખત પઢે. (બીજી રકા'ત પણ એ જ પ્રમાણે પઢે) અને જ્યારે નમાઝથી ફારિગ થઈ જાય તો પાંચ વાર ઈસ્તિગફાર કરે અને પંદર વાર હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર દુરૂદ મોકલે. ત્યાર બાદ વાલિદૈનની રૂહોને એનો સવાબ બખ્શી દે. (તો હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો કે, જેણે આ પ્રમાણે ઈસાલે સવાબ કર્યો) તો તેણે પોતાના વાલિદૈનનો હક અદા કરી દીધો અને અમલના (પુષ્કળ અને અપાર) સવાબને અલ્લાહ તઆલા સિવાય કોઈ બીજું જાણતું નથી–આવરી શકતું નથી.)

(તબરાની ફિલ કબીર : ૯/૨૬૫, સંદર્ભ : મવલાના મુહમ્મદ ખુબૈબ મહમૂદાબાદી કૃત : "અવલાદકે હુકૂક" : ૬૪)

(૩૦) જેણે સિજદામાં ત્રણ વખત રબ્બિગ ફિર લિ કહ્યું, એના ગુનાહ માફ

હદીસ : હઝરત અબૂ સઈદ (રદિ.)થી રિવાયત છે કે, હુઝૂરે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો : "જે માણસે સિજદહની હાલતમાં ત્રણ વખત رَبِّ اغْفِرْ لِيْ (રબ્બિગ્ ફિર લી) કહ્યું, સિજદામાંથી તે માણસ હજુ માથું ઉઠાવવા પણ નહિ પામે કે એની મગફિરત કરી આપવામાં આવશે." (કન્ઝુલ ઉમ્માલ : ૭/૪૬૫ : ૧૯૮૦૮)

(૩૧) અશ્હદુ અલ્લા ઈલા-હ ઈલ્લલ્લાહ કહો, તમારા ગુનાહ માફ

હદીસ : જ્યારે બંદો . اَشْهَدُ اَنْ لَّآ اِلٰـهَ اِلَّا اللّٰهُ (**અશ્હદુ અલ્લા ઇલા-હ ઇલ્લલ્લાહ**) કહે છે તો અલ્લાહ તઆલા ઇરશાદ ફરમાવે છે કે, "અય મારા ફરિશ્તાઓ! મારા બંદાએ જાણી લીધું કે, મારા સિવાય બીજો કોઈ એનો રબ-પાલનહાર નથી અને હું તમને ગવાહ બનાવું છું કે, મેં એ બંદાની મગફિરત ફરમાવી દીધી."

(કન્ઝુલ ઉમ્માલ : ૧/૪૮ : ૧૩૬)

(૩૨) મુસાફહા વખતે બંને યગ્ફિરુલ્લાહુ લના વલકુમ અને મિજ઼ાઝપુર્સી વખતે અલ્હમ્દુ લિલ્લાહ કહો, બંનેના ગુનાહ માફ

હદીસ : હઝરત બરાઅ બિન આઝિબ (રદિ.) ફરમાવે છે કે, નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઇરશાદ ફરમાવ્યો : "જ્યારે બે મુસલમાન મુલાકાતના સમયે મુસાફહા કરે છે અને અલ્લાહ તઆલાની તારીફ કરે છે અને અલ્લાહ તઆલાથી મગફિરતની ઉમ્મીદ તલબ કરે છે (એટલે કે મુસાફહાના સમયે يَغْفِرُ اللّٰهُ لَنَا وَلَكُمْ (**યગ્ફિરુલ્લાહુ લના વ-લ-કુમ**) અને મિજાઝપુર્સીના સમયે اَلْحَمْدُ لِلّٰه (**અલ્હમ્દુ લિલ્લાહ**') કહે છે) તો એમની મગફિરત કરી દેવામાં આવે છે. (અબૂ દાવૂદ : ૨/૭૦૮)

(૩૩) ખાધા પછી અને કપડા પહેરતી વખતે નીચેની દુઆ પઢો, તમારા આગલા પાછલા ગુનાહ માફ

હદીસ : હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે, નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઇરશાદ ફરમાવ્યો : "જેણે ખાવું ખાઈને આ દુઆ પઢી :

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ اَطْعَمَنِیْ هٰذَا الطَّعَامَ
وَرَزَقَنِیْهِ مِنْ غَیْرِ حَوْلٍ مِّنِّیْ وَلَا قُوَّةٍ

(અલ્હમ્દુ લિલ્લાહિલ્લઝી અત્અ-મની હાઝત્તઆ-મ વ રઝકનિહી મિન ગયરિ હવ્લિમ મિન્ની વલા કુવ્વહ.)

અર્થ : તમામ વખાણ અલ્લાહ તઆલાના માટે જ છે, જેણે મને આ ખાવું ખવડાવ્યું અને મારી કોશિશ અને શકિત વગર મને એ નસીબ ફરમાવ્યું તો એના આગલા અને પાછલા ગુનાહ માફ થઈ જાય છે અને જે માણસે કપડાં પહેરતી વખતે આ દુઆ પઢી :

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ كَسَانِیْ هٰذَا الثَّوْبَ
وَرَزَقَنِیْهِ مِنْ غَیْرِ حَوْلٍ مِّنِّیْ وَلَا قُوَّةٍ

(અલ્હમ્દુ લિલ્લાહિલ્લઝી કસાની હાઝસ્સવ્બ વ રઝકનિહી મિન ગયરિ હવ્લિમ મિન્ની વલા કુવ્વહ.)

અર્થ : તમામ વખાણ અલ્લાહ તઆલાના માટે જ છે, જેણે મને આ કપડું પહેરાવ્યું અને મારી કોશિશ અને શકિતના વગર મને એ નસીબ ફરમાવ્યું તો એના આગલા અને પાછલા ગુનાહ માફ થઈ જાય છે. (અબૂ દાવૂદ : ૨/૫૫૮)

(૩૪) જુમ્આની નમાઝ પછી સૂ. ફાતિહા, સૂ. ઈખ્લાસ અને મુઅવ્વઝતૈન સાત સાત વખત પઢો, બધા ગુનાહ માફ થશે

(૧) હદીસ : હઝરત આયશા (રદિ.)થી રિવાયત છે કે, નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો : જે માણસ જુમ્આની નમાઝ પછી "**કુલ હુવલ્લાહુ અહદ, કુલ અઉઝુ બિરબ્બિલ ફલક અને કુલ અઉઝુ બિરબ્બિન્નાસ**" સાત સાત વખત પઢશે તો અલ્લાહ રબ્બુલ ઈઝઝત આવતી જુમ્આ સુધી બુરાઈથી પનાહમાં રાખશે. (ગુનાહોના બચાવથી વધીને ઈન્સાનના માટે કઈ મોટી વાત હોય શકે છે.)

(અમલુલ યવ્મ વલ્લયલહ ભાગ : ૧, પેજ : ૧૪૫)

(૨) હદીસ : અને કુશૈરીની રિવાયતમાં હદીસના શબ્દો આ પ્રમાણે છે :

જે માણસ જુમ્આના દિવસે ઈમામના સલામ ફેરવ્યા પછી એ જ હાલતમાં બેસીને "**સૂ. ફાતિહા, કુલ હુવલ્લાહુ અહદ, કુલ અઉઝુ બિરબ્બિલ ફલક અને કુલ અઉઝુ બિરબ્બિન્નાસ**" સાત સાત વખત પઢશે તો એના આગલા-પાછલા ગુનાહોની મગફિરત કરી દેવામાં આવશે અને જેટલાય માણસો કિયામતના દિવસ પર ઈમાન રાખે છે એની સંખ્યાના પ્રમાણમાં એને અજર-સવાબ અતા કરવામાં આવશે.

(કઝા ફિલ ખસાલિ અલ મુકફ્ફરતિલ મુકદ્દમહ વલ મુતઅખ્ખિરહ ઈબ્ને હજર અસ્કલાની, પેજ : ૯૮)

(૩૫) અય અલ્લાહ ! તારી મગફિરત મારા ગુનાહોથી ઘણી વિશાળ છે અને હું પોતાના અમલથી વધારે તારી રહમતનો ઉમ્મીદવાર છું, ત્રણ વખત કહેવાથી ગુનાહ માફ થશે

હદીસ : હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ (રદિ.) ફરમાવે છે કે, એક માણસ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની ખિદમતમાં હાજર થયો અને કહેવા લાગ્યો, "હાય મારા ગુનાહ ! હાય મારા ગુનાહ ! ! એ માણસે આ શબ્દો બે કે ત્રણ વખત કહયા. રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ એ માણસને કહયું, તમે પઢો :

اَللّٰهُمَّ مَغْفِرَتُكَ اَوْسَعُ مِنْ ذُنُوْبِیْ
وَرَحْمَتُكَ اَرْجٰی عِنْدِیْ مِنْ عَمَلِیْ۔

અય અલ્લાહ ! તારી મગફિરત મારા ગુનાહોથી ઘણી જ વિશાળ છે અને હું મારા અમલના પ્રમાણમાં તારી રહમતનો વધારે ઉમ્મીદવાર છું. આ માણસે આ કલિમાત કહયા. રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો : ફરીથી આ કલિમાત કહો. એ માણસે આ કલિમાત ફરીથી કહયા. આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરી ઈરશાદ ફરમાવ્યો : ફરીથી આ કલિમાત કહો. એ માણસે ત્રણ વખત આ જ શબ્દો કહયા. ત્યાર પછી રસૂલુલ્લાહ

(સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરી ઇરશાદ ફરમાવ્યો : ઉઠી જાવ, અલ્લાહ તઆલાએ તમારી મગફિરત ફરમાવી દીધી." (મુસ્તદરકે હાકિમ)

(૩૬) અલ્લાહુમ્મગ ફિર લી પઢો, ગુનાહ માફ થશે

હદીસ : હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે, નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઇરશાદ ફરમાવ્યો : અય એ'અરાબી ! જ્યારે તેં "સુબ્હાનલ્લાહ" કહયું તો અલ્લાહ તઆલા ઇરશાદ ફરમાવે છે કે, તેં સાચું કહયું અને જ્યારે તેં "અલ્હમ્દુ લિલ્લાહ" કહયું તો અલ્લાહ તઆલા ઇરશાદ ફરમાવે છે કે, તેં સાચું કહયું અને જ્યારે તેં "લા ઇલા–હ ઇલ્લલ્લાહ" કહયું તો અલ્લાહ તઆલા ઇરશાદ ફરમાવે છે કે, તેં સાચું કહયું અને જ્યારે તેં "અલ્લાહુ અકબર" કહયું તો અલ્લાહ તઆલા ઇરશાદ ફરમાવે છે કે, તેં સાચું કહયું અને જ્યારે તેં આમ કહયું કે, (અય અલ્લાહ ! તું મને માફ કરી દે) તો અલ્લાહ તઆલા ઇરશાદ ફરમાવે છે કે, મેં તને માફ કરી દીધો અને જ્યારે તે આમ કહે છે કે, (અય અલ્લાહ ! તું મારા પર રહમ ફરમાવ) તો અલ્લાહ તઆલા ઇરશાદ ફરમાવે છે કે, મેં તારા પર રહમ ફરમાવી અને જ્યારે તું આ પ્રમાણે કહે છે કે, (અય અલ્લાહ ! તું મને રોઝી અતા ફરમાવ) તો અલ્લાહ તઆલા ઇરશાદ ફરમાવે છે કે, મેં તને રોઝી આપી દીધી."

(શુઅબુલ ઈમાન બયહકી : ૪૩૨૧: ૬૧૯)

(૩૭) દરેક નમાઝથી પહેલા ઈસ્તિગફાર કહો, ગુનાહ માફ થશે

હદીસ : હઝરત ઉમ્મે રાફિઅ (રદિયલ્લાહુ તઆલા અન્હા)થી રિવાયત છે કે, નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઇરશાદ ફરમાવ્યો : જ્યારે તમે નમાઝના માટે ઊભાં થાવ તો દસ વખત **સુબ્હાનલ્લાહ** કહો અને દસ વખત **લા ઇલા–હ ઇલ્લલ્લાહ** કહો અને દસ વખત **અલ્લાહુ અકબર** કહો અને દસ વખત **ઇસ્તિગફાર** કહો. ''સુબ્હાનલ્લાહ''ના જવાબમાં અલ્લાહ તઆલા ઇરશાદ ફરમાવે છે કે, આ મારા માટે છે અને જ્યારે તમે''લા ઇલા–હ ઇલ્લલ્લાહ''કહો તો અલ્લાહ તઆલા ઇરશાદ ફરમાવે છે કે, આ મારા માટે છે અને જ્યારે તમે અલ્લાહ તઆલાની તારીફ–વખાણ કર્યા તો અલ્લાહ તઆલા ઇરશાદ ફરમાવે છે કે, આ મારા માટે છે અને જ્યારે તમે''અસ્તગ્ફિરુલ્લાહ''કહો તો અલ્લાહ તઆલા ઇરશાદ ફરમાવે છે કે, મેં તારી મગફિરત ફરમાવી દીધી. (દસ વખત''અસ્તગ્ફિરુલ્લાહ''પઢવા પર જવાબમાં દસ વખત ઇરશાદ થાય છે કે, મેં તારી મગફિરત ફરમાવી દીધી.)

(ઇબ્નુસ્સુન્ની ફિ અમલુલ યવ્મિ વલ્લયલહ અન ઇમામ રાફિઅ કઝા ફી, કન્ઝુલ ઉમ્માલ ૭/૫૩૧)

(૩૮) મગફિરતની ઉમ્મીદ રાખો, ગુનાહ માફ થશે

જો તમે ચાહો તો હું તમને બતાવી દઉં કે અલ્લાહ જલ્લ જલાલુહુ કિયામતના દિવસે ઈમાનવાળાઓથી સૌથી પહેલાં

શું ઈરશાદ ફરમાવશે ? અને લોકો સૌથી પહેલા અલ્લાહ તઆલાની હુઝૂરમાં શું અરજ કરશે ? અલ્લાહ તઆલા ઈમાનવાળાઓથી ફરમાવશે કે, "શું તમને મારી મુલાકાત મહબૂબ–પસંદ હતી ?" તે અરજ કરશે કે, જી હા, બેશક, અય અમારા રબ ! ઈરશાદ થશે : કઈ બાબત પર ? તે અરજ કરશે કે, અમને તારી મગફિરત અને માફીની ઉમ્મીદ હતી. અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવશે : "મેં તમને બખ્શી દીધા, માફ કરી દીધા."

(અત્તબરાની ફિલ કબીર ૨૦/૧૨૫, મુસ્નદે અહમદ : ૫/૨૩૮)

(૩૯) ગુનાહ પર શરમિંદગીનો ઈઝહાર કરો, ગુનાહ માફ થશે

હદીસ : હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઉદ (રદિ.) રિવાયત ફરમાવે છે કે, નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો : "જે માણસે કોઈ ગલતી–ભૂલ કરી યા કોઈ ગુનાહ કર્યો અને પછી એના પર શરમિંદહ થયો તો આ શરમિંદગી એના ગુનાહનો કફ્ફારો છે."

(બયહકી)

(૪૦) અલ્લાહ તઆલાના ક્રોધ–કોપથી અલ્લાહની પનાહ

اَللّٰهُمَّ اِنِّیْ اَعُوْذُ بِمُعَافَاتِکَ مِنْ عُقُوْبَتِکَ
وَاَعُوْذُ بِرِضَاکَ مِنْ سَخَطِکَ وَاَعُوْذُ بِکَ

مِنْکَ اَللّٰھُمَّ لَا اَسْتَطِیْعُ ثَنَاءً عَلَیْکَ وَلَوْ
حَرَصْتُ وَلٰکِنْ اَنْتَ کَمَا اَثْنَیْتَ عَلٰی نَفْسِکَ ط

અર્થ : હે અલ્લાહ ! તારી ક્ષમાશીલતા અને દરગુઝર દ્વારા તારી સઝાથી હું તારી પનાહ ચાહું છું અને તારી રઝામંદી દ્વારા તારા કોધ–કોપથી હું તારી પનાહ ચાહું છું અને તારાથી (તારી પકડથી) તારી જ પનાહ ચાહું છું. હે અલ્લાહ ! મને ગમે તેટલો શોખ હોય અને હું ગમે તેટલું જોર લગાવું, છતાં હું તારી તારીફનો પૂરતો હક કદાપિ અદા કરી શકતો નથી. ખરેખર, તું તો એવો જ છે, જેવી રીતે તેં પોતાની તારીફ બયાન ફરમાવી છે.

(તબરાની ફિલ્ અવ્સત, હયાતુસ્સહાબા : ૩/૩૯૨)

(૪૧) અલ્લાહના કોધ–કોપથી અલ્લાહની પનાહ

اَللّٰھُمَّ اِنِّیْ اَعُوْذُ بِرِضَاکَ مِنْ سَخَطِکَ وَبِمُعَافَاتِکَ
مِنْ عُقُوْبَتِکَ وَاَعُوْذُبِکَ مِنْکَ لَا اُحْصِیْ ثَنَاءً
عَلَیْکَ اَنْتَ کَمَا اَثْنَیْتَ عَلٰی نَفْسِکَ ط

અર્થ : હે અલ્લાહ ! (તારી જલાલી સિફાતથી તારી જ જમાલી સિફાતની પનાહ લઉં છું) હું તારી રઝામંદી

(પ્રસન્નતા) દ્વારા તારા ક્રોધ–કોપથી પનાહ લઉં છું અને તારી માફી (ક્ષમાદાન) દ્વારા તારા અઝાબથી પનાહ લઉં છું (મતલબ કે) તારાથી–તારી ઝાત દ્વારા તારી ઝાતની જ પનાહ લઉં છું. હું તારી સંપૂર્ણ તારીફ (સ્તુતિ) કરી શકતો નથી. બસ, તું એવો જ છે, જેવી કે ખુદ તેં પોતાની તારીફ ફરમાવી છે. (સહીહ મુસ્લિમ)

(૪૨) કબ્રના અઝાબ અને કબ્રના ફિત્નાથી અલ્લાહની પનાહ

اَللّٰهُمَّ اِنِّیْ اَعُوْذُبِکَ مِنْ عَذَابِ الْقَبْرِ
وَمِنْ فِتْنَةِ الْقَبْرِ ط

અર્થ : હે અલ્લાહ ! કબ્રના અઝાબથી અને કબ્રના ફિત્ના (અજમાયશ)થી હું તારી પનાહ ચાહું છું.

(મુસ્નદે અહમદ, હયાતુસ્સહાબા : ૩/૩૮૭)

(૪૩) અલ્લાહના ગઝબથી અલ્લાહની પનાહ

اَللّٰهُمَّ اِنِّیْ اَعُوْذُبِنُوْرِ وَجْهِکَ الْکَرِیْمِ الَّذِیْ اَضَاءَتْ
لَهُ السَّمٰوٰتُ وَالْاَرْضُ وَاَشْرَقَتْ لَهُ الظُّلُمٰتُ
وَصَلَحَ عَلَیْهِ اَمْرُ الدُّنْیَا وَالْاٰخِرَةِ اَنْ تُحِلَّ عَلَیَّ
غَضَبَکَ اَوْتُنْزِلَ عَلَیَّ سَخَطَکَ ط

અર્થ : હે અલ્લાહ ! હું તારી તે કરીમ ઝાતના નૂરના વસીલાથી તારી પનાહ લઉં છું, જેનાથી સઘળાં આકાશો ઝગમગી રહયાં છે અને બધા જ અંધકાર રોશન છે અને જેના કારણે દુનિયા તથા આખિરતનાં કામ દુરુસ્ત છે, આ વાતથી (પનાહ લઉં છું) કે તું મારાથી ગુસ્સે થાય અથવા મારાથી ખફા–નારાજ થાય. (કન્ઝુલ ઉમ્માલ, અલ્ જામિઉસ્સગીર)

(૪૪) ગુમરાહીથી અલ્લાહ તઆલાની પનાહ

اَللّٰهُمَّ اِنِّیْ اَعُوْذُبِکَ بِعِزَّتِکَ لَآاِلٰهَ
اِلَّا اَنْتَ اَنْ تُضِلَّنِیْ، اَنْتَ الْحَیُّ الَّذِیْ
لَایَمُوْتُ وَالْجِنُّ وَالْاِنْسُ یَمُوْتُوْنَ ط

અર્થ : હે અલ્લાહ ! તારી ઈઝઝતના સદકે હું તારી પનાહ લઉં છું–મા'બૂદ કોઈ નથી, માત્ર તું જ છે–આ વાતથી કે તું મને ગુમરાહ કરી દે. તું હંમેશાહંમેશ–સદા સર્વદા જીવંત રહેનાર છે, કદી ફના (મરણશરણ) થનાર નથી અને (તારા સિવાય) જિન્નાત હોય કે ઈન્સાન–સૌ એક દિવસ

મરણશરણ થશે. (બુખારી, મુસ્લિમ)

(૪૫) સ્ત્રીઓના ફિત્ના અને કબ્રના અઝાબથી અલ્લાહની પનાહ

اَللّٰهُمَّ اِنِّیْ اَعُوْذُبِکَ مِنْ فِتْنَةِ النِّسَآءِ
وَاَعُوْذُبِکَ مِنْ عَذَابِ الْقَبْرِ ط

અર્થ : હે અલ્લાહ ! સ્ત્રીઓના ફિત્ના અને કબ્રના અઝાબથી હું તારી પનાહ લઉં છું. (અલ્ જામિઉસ્સગીર)

(૪૬) શયતાન અને તેના લશ્કરથી અલ્લાહની પનાહ

اَللّٰهُمَّ اِنِّیْ اَعُوْذُبِکَ مِنْ اِبْلِیْسَ وَجُنُوْدِهٖ ط

અર્થ : હે અલ્લાહ ! હું તારી પનાહ લઉં છું શયતાનથી અને તેના લશ્કરથી.

(અલ્લામહ સુયૂતી રહ. કૃત અમલુલ્ યવ્મિ વલ્લયૂલહ્)

(૪૭) મરદૂદ શયતાનથી અલ્લાહની પનાહ

اَعُوْذُ بِاللّٰهِ الْعَظِيْمِ وَبِوَجْهِهِ الْكَرِيْمِ
وَسُلْطَانِهِ الْقَدِيْمِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ ط

અર્થ : હું મરદૂદ (હડધૂત) શયતાનથી અઝમતવંત અલ્લાહની અને તેની કરીમ ઝાતની અને તેની કદીમ સલ્તનતની પનાહ ચાહું છું.

(અબૂ દાવૂદ, હયાતુસ્સહાબા : ૩/૩૯૪)

(૪૮) સફરની યાતનાઓ અને કષ્ટથી અલ્લાહની પનાહ

اَللّٰهُمَّ اِنِّيْ اَعُوْذُبِكَ مِنْ وَعْثَاءِ السَّفَرِ وَكَآبَةِ
الْمَنْظَرِ وَسُوْءِ الْمُنْقَلَبِ فِي الْاَهْلِ وَالْمَالِ ط

અર્થ : હે અલ્લાહ ! સફરની મશક્કત (યાતના)થી અને કષ્ટદાયક મંઝર (દશ્ય)થી અને પરિવારજનો તથા માલ-દોલતમાં બુરી રીતે પરત આવવાથી હું તારી પનાહ ચાહું છું.

(અબૂ દાવૂદ, મુસ્લિમ, તિરમિઝી, જમ્ઉલ ફવાઇદ : ૨/૨૬૧, હયાતુસ્સહાબા : ૩/૩૯૫)

(૪૯) તમામ મખ્લૂકની બુરાઈથી અલ્લાહની પનાહ

اَللّٰهُمَّ اِنِّیْ اَعُوْذُبِکَ مِنْ شَرِّ مَا اَنْتَ
اٰخِذٌ بِنَاصِيَتِهٖ ط

(૫૦) આખિરતની ઝિલ્લત (અપમાન)થી અલ્લાહની પનાહ

اَللّٰهُمَّ اِنِّیْ اَعُوْذُبِکَ اَنْ تَصُدَّ عَنِّیْ
وَجْهَکَ يَوْمَ الْقِيٰمَةِ ط

અર્થ : હે અલ્લાહ ! હું આ વાતથી તારી પનાહ લઉં છું કે તું કિયામતમાં પોતાનું મુખ મારાથી ફેરવી લે.

(સુયૂતી રહ. કૃત અમલુલ્ યવ્મિ વલ્લયૂલહ)

●●●

سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ وَبِحَمْدِهٖ

(૫૧) સવારે દસ (૧૦) વખત પઢવાની છ (૬) મહાન ફઝીલતો

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ، وَسُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، اَسْتَغْفِرُ اللّٰهَ لَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ ط اَلْاَوَّلُ وَالْاٰخِرُ وَالظَّاهِرُ وَالْبَاطِنُ بِيَدِهِ الْخَيْرُ ط يُحْيِيْ وَيُمِيْتُ وَهُوَ عَلٰى كُلِّ شَيْئٍ قَدِيْرٌ ط

(લા ઈલા-હ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર, વ સુબ્હાનલ્લાહિ વ બિહમ્દિહી, અસ્તગ્ફિરુલ્લાહ લા કુવ્વ-ત ઈલ્લા બિલ્લાહ, અલ અવ્વલુ વલ્ આખિરુ, વઝ્ ઝાહિરુ વલ્ બાતિનુ બિ-યદિહિલ ખય્ર, યુહ્યી વ યુમીતુ વ હુ-વ અલા કુલ્લિ શય્ઈન્ કદીર.)

અર્થ : અલ્લાહ તઆલા સિવાય કોઈ મા'બૂદ નથી અને અલ્લાહ ઘણો મહાન છે. અને અલ્લાહ તઆલા પાક છે અને તેના જ માટે દરેક પ્રકારની તારીફ છે. હું અલ્લાહ તઆલાથી મગફિરત તલબ કરું છું અને અલ્લાહ તઆલાની તવફીક વગર નેકી કરવાની શકિત મળી શકતી નથી. તે જ સૌથી પહેલો અને તે જ સૌથી છેલ્લો છે અને તે જ જાહેર છે અને તે જ ગુપ્ત છે. બધી જ ભલાઈ તેના જ હાથ (અંકુશ)માં છે. તે જ જીવન અને મૌત અર્પણ કરે છે અને તે જ દરેક ચીજ પર શકિતમાન છે.

ફઝીલત : હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ હઝરત ઉસ્માન (રદિ.)ને ફરમાવ્યું કે, હે ઉસ્માન (રદિ.) ! જે માણસ આ (ઉપરોકત) કલિમાતને સવારમાં દસ વાર પઢી લે, તો અલ્લાહ તઆલા તેને છ (૬) ફઝીલતો અતા ફરમાવે છે :

(૧) તે શયતાન અને તેના લાવ–લશ્કરથી બચી જાય છે. (૨) તેનેં એક કિન્તાર (૧૪૬૯ કિલો અને ૬૬૪ ગ્રામ) અજર મળે છે. (૩) જન્નતમાં તેનો એક દરજ્જો બુલંદ થાય છે. (૪) હૂરે ઈન સાથે તેના નિકાહ કરાવવામાં આવે છે. (૫) બાર (૧૨) ફરિશ્તા તેની મૌતના સમયે આવે છે અને તેને જન્નતની બશારત (ખુશખબરી) સંભળાવશે અને (૬) તેને એવા માણસ સમાન સવાબ અર્પણ કરવામાં આવે છે, જેણે કુર્આન, તવરાત, ઈન્જીલ અને ઝબૂર પઢી હોય. તદુપરાંત, તેને એક મકબૂલ હજ અને એક મકબૂલ ઉમરહનો સવાબ મળે છે અને જો તે જ દિવસે તેની વફાત થઈ જાય, તો તેને શહાદતનો દરજ્જો મળે છે.

(તફસીરે ઈબ્ને કસીર : ૪/૪૩૯, બિખરે મોતી : ૭/૧૪૨)

• • •

جَزَى اللّٰهُ عَنَّا مُحَمَّدًا صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ بِمَا هُوَ اَهْلُهٗ ط

રહમત અને મગફિરત

قُلْ يٰعِبَادِيَ الَّذِيْنَ اَسْرَفُوْا عَلٰٓى اَنْفُسِهِمْ لَا تَقْنَطُوْا
مِنْ رَّحْمَةِ اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ يَغْفِرُ الذُّنُوْبَ جَمِيْعًا ؕ اِنَّهٗ
هُوَ الْغَفُوْرُ الرَّحِيْمُ ﴿۵۳﴾ (الزمر ۳۹:۵۳)

"આપ ફરમાવી દો કે, અય મારા બંદાઓ ! જેમણે પોતાના ઉપર ઝિયાદતી-ઝુલ્મ કર્યો છે, તમે અલ્લાહ તઆલાની રહમતથી નાઉમ્મીદ ન થાઓ, ખરેખર અલ્લાહ તઆલા તમામ ગુનાહોને માફ ફરમાવી દેશે. બેશક, તે ઘણો બખ્શવા-વાળો અને ઘણી વિશાળ રહમતવાળો છે."

નોંધ : આ તમામ દુઆઓને પૂરા દિલથી અને યકીનની સાથે પઢવામાં આવશે તો ઈન્શાઅલ્લાહુ તઆલા જરૂરથી ફાયદો થશે.

દુઆઓના અર્થ અને ભાવાર્થ નજર સમક્ષ રાખીને તમામ દુઆઓ પઢવાનો ખાસ ઈહતિમામ (પ્રબંધ) કરવો જોઈએ.

(દુઆ માંગતા પહેલા દુઆની આગળ-પાછળ દુરૂદ શરીફ અચૂક-અવશ્ય પઢવું.)

ચુનંદા અશઆર

કુછ સમઝમે નહીં આતા યહ તિલસ્મે હસ્તી,
ઉસકી કુદરતકે કરિશ્મે ભી અજબ હોતે હૈં,
જાન જબ ખાકમેં પડતી હૈ તો હોતી હૈ ખુશી,
ખાક જબ ખાકમેં મિલતી હૈં તો સબ રોતે હૈં.

✧✦✧

આખિરતકી ફિકર કરની હૈ ઝરૂર,
જૈસી કરની વૈસી ભરની હૈ ઝરૂર,
ઉમર યહ એક દિન ગુઝરની હૈ ઝરૂર,
કબરમેં મય્યિત ઉતરની હૈ ઝરૂર.

✧✦✧

યહ ઈકામત હમેં પયગામે સફર દેતી હૈ,
ઝિંદગી મૌતકે આનેકી ખબર દેતી હૈ.

✧✦✧

કિતને મુફલિસ હો ગએ, કિતને તવંગર હો ગએ,
ખાકમેં જબ મિલ ગએ, તો દોનોં બરાબર હો ગએ.

✧✦✧

દુરૂદે ઈબ્રાહીમ
اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ
مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ
وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ
مَّجِيْدٌ ط اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ
وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى
اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ
اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

લા ઈલા-હ ઈલ્લલ્લાહુ
મુહમ્મદુર્રસૂલુલ્લાહ
(સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)

પ્રકરણ–૧૩

ચાલીસ રબ્બના
અને
મંઝિલ

ચુનંદા અશઆર :

(૧) નેકિયાં તેરી તરાઝૂમેં તુલે યા ન તૂલે,
દાગે સિયાહ તેરે દામનસે ધુલે યા ન ધુલે,
આજ હી તૂ કર લે અપને ગુનાહોંસે તૌબા,
ખુદા જાને કલકો તેરી આંખેં ખુલે યા ન ખુલે.

(૨) બહારે દુન્યા હૈ ચંદ રોઝા, ન ચલ યહાં સર ઉઠા ઉઠાકર,
ખુદાને ખુદ હી મિટા દીએ હૈં હઝારોં નક્શે બના બના કર.

(૩) દિલે મુર્દા દિલ નહીં હૈ, ઉસે ઝિંદા કર દો-બારહ,
કે યહી હૈ ઉમ્મતોંકે મર્ઝે કુહનકા ચારહ.

–ઈકબાલ (રહ.)

શબ્દાર્થ : મર્ઝે કુહન : પુરાણો રોગ * ચારહ : ઉપચાર/ઈલાજ

(૪) કેહ કે ઉઠતા હૂં જો "યા અલ્લાહ" મૈં અપને કામસે,
હાય કયા તસ્કીન મિલતી હૈ મુઝે તેરે નામસે.

શબ્દાર્થ : તસ્કીન : સાંત્વના

વહ આએ ના-ખુદાએ કશ્તીએ અહલે ઝમીં બન કર,
વહ આએ ઈસ જહાંમેં રહમતુલ્ લિલ આલમીં બન કર.

શબ્દાર્થ : ના-ખુદાએ કશ્તીએ અહલે ઝમીં : જમીનવાળાઓની કશ્તીના નાવિક

(૫) બુલબુલને આશિયાના ચમનસે ઉઠા લિયા,
અપની બલાસે બૂમ રહે યા હુમા રહે !

ભાવાર્થ : વૃદ્ધાવસ્થામાં જ્યારે દુનિયાથી વિદાય થવાની તૈયારી થઈ રહી હોય ત્યારે આખી દુનિયામાં શું થઈ રહયું છે એની ઝંઝટમાં પડવાની શી જરૂર છે ? !

અનુક્રમણિકા

ક્રમ	વિષય	પેજ નં.
	પ્રકરણ - ૧૩	594
(૧)	ચાલીસ રબ્બના અને મંઝિલ	594
(૨)	ચાલીસ રબ્બના	597
(૩)	દુરૂદ શરીફ	598
(૪)	ચાલીસ રબ્બના	598
(૫)	દુરૂદ શરીફ	609
(૬)	મંઝિલ	610
(૭)	મંઝિલની ખાસ ફઝીલત	613
(૮)	હઝરત શૈખ (રહ.) એ મુન્તખબ-ચૂંટેલી આયાત	615
(૯)	દુર્ઘટના અને આફતોથી બચવાનો અમલ	632
(૧૦)	મુન્જિયાત	633
(૧૧)	સૂરએ યાસીનની અપાર ફઝીલત, મહેમાનનવાઝીની મહાન ફઝીલત, કુર્બાની તથા કયામત સુધી નેકીઓ મેળવવાના મસ્નૂન અમલો	635
(૧૨)	આજિઝાના દરખ્વાસ્ત	676
(૧૩)	ઉલમાએ કિરામના અભિપ્રાયો	682
(૧૪)	નમ્ર વિનંતી	709
(૧૫)	સંપાદકની વિનંતી	710
(૧૬)	જરૂરી નિવેદન તથા અપીલ	711
(૧૭)	દીની સાહિત્ય	712
(૧૮)	જરૂરી સુચના	712

ચાલીસ રબ્બના

કુર્આન મજીદમાં વિવિધ ઠેકાણે "રબ્બના" શબ્દ આવેલો છે. ઈન્સાન એને જો ખુશૂઅ–ખુઝૂઅ (કાકલૂદી અને આજિઝી)થી પઢે તો દિલની એક અજબ કેફિયત અનુભવશે. એને પઢવાનો સૌથી મુનાસિબ અને સારો સમય ફજર પહેલા અથવા ફજર પછીનો છે. વઝીફો પઢતાં પહેલા અને પછી અચૂક "દુરૂદ શરીફ" પઢવું. વઝીફો બને તો તેનો મતલબ સમજીને પઢે તો વધારે બેહતર રહેશે. આશા છે કે, મુસલમાનો આ કિંમતી અને ઉપયોગી સંગ્રહથી ખૂબ ખૂબ લાભ ઉઠાવશે, ઈન્શા અલ્લાહ.

مَنْ عَمِلَ صَالِحًا مِّنْ ذَكَرٍ اَوْ اُنْثٰى وَهُوَ مُؤْمِنٌ
فَلَنُحْيِيَنَّهٗ حَيٰوةً طَيِّبَةً ۚ (النحل ١٦:٩٧)

(**ભાવાર્થ** : જે બંદો કે બંદી સારા કામો કરે અને દિલથી તે મોમિન પણ હોય તો અમે તેને 'હયાતે તય્યિબહ'ની નેઅમતથી નવાઝીશું.)

દુરૂદે ઈબ્રાહીમ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا
صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ
حَمِيْدٌ مَّجِيْدٌ ط اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ
وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ
وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

★ ચાલીસ રબ્બના ★

اَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ ○

તર્જુમો : હું શયતાન મરદૂદથી અલ્લાહની પનાહ ચાહું છું.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط

તર્જુમો : હું અલ્લાહના નામથી શરૂ કરું છું, જે મહાન મહેરબાન (અને) રહમ કરનાર છે.

(૧) رَبَّنَا تَقَبَّلْ مِنَّا ط اِنَّكَ اَنْتَ السَّمِيْعُ الْعَلِيْمُ ﴿١٢٧﴾

તર્જુમો : હે અમારા પરવરદિગાર ! તું અમારા આ'માલને

કબૂલ કર. બેશક, તું સાંભળનાર (અને) જાણનાર છે.

(૨) رَبَّنَا وَاجْعَلْنَا مُسْلِمَيْنِ لَكَ وَمِنْ ذُرِّيَّتِنَآ أُمَّةً مُّسْلِمَةً لَّكَ ۠ وَأَرِنَا مَنَاسِكَنَا وَتُبْ عَلَيْنَا ۚ إِنَّكَ أَنْتَ التَّوَّابُ الرَّحِيمُ ﴿١٢٨﴾ (البقرہ ۲:۱۲۷-۱۲۸)

તર્જુમો : હે અમારા પરવરદિગાર ! અમને તું ફરમાંબરદાર બનાવ અને અમારી અવલાદમાંથી પણ એક તારી ફરમાંબરદાર (તાબેદાર) જમાઅત બનાવ અને અમને હજના અહકામ બતાવ અને અમને માફ કર. બેશક, તું જ તવબા કબૂલ કરનાર (અને) મહેરબાન છે.

(૩) رَبَّنَآ آتِنَا فِي الدُّنْيَا حَسَنَةً وَّفِي الْآخِرَةِ حَسَنَةً وَّقِنَا عَذَابَ النَّارِ ﴿٢٠١﴾ (البقرہ ۲:۲۰۱)

હે અમારા પાલનહાર ! અમને દુનિયામાં ભલાઈ અને આખિરતમાં પણ ભલાઈ અતા કર અને અમને દોઝખના અઝાબથી બચાવ.

(૪) رَبَّنَآ أَفْرِغْ عَلَيْنَا صَبْرًا وَّثَبِّتْ أَقْدَامَنَا وَانْصُرْنَا عَلَى الْقَوْمِ الْكَافِرِينَ ﴿٢٥٠﴾ (البقرہ ۲:۲۵۰)

હે અમારા પરવરદિગાર ! અમારી ઉપર સબર નાઝિલ ફરમાવ અને અમને સાબિત-કદમ રાખ અને કાફિરોના વિરુદ્ધ અમારી મદદ ફરમાવ.

(૫) رَبَّنَا لَا تُؤَاخِذْنَآ إِنْ نَّسِيْنَآ أَوْ أَخْطَأْنَا ۚ (البقرہ ۲:۲۸۶)

હે અમારા પરવરદિગાર ! જો અમે ભૂલચૂક કરીએ તો અમારી પકડ ફરમાવીશ નહિ.

(૬) رَبَّنَا وَلَا تَحْمِلْ عَلَيْنَآ إِصْرًا كَمَا حَمَلْتَهٗ عَلَى الَّذِيْنَ مِنْ قَبْلِنَا ۚ (البقرہ ۲:۲۸۶)

હે અમારા પરવરદિગાર ! અને અમારી ઉપર એવો સખત બોજ મૂકીશ નહીં, જેવો કે અમારાથી આગલા લોકો પર મૂક્યો હતો.

(૭) رَبَّنَا وَلَا تُحَمِّلْنَا مَا لَا طَاقَةَ لَنَا بِهٖ ۚ وَاعْفُ عَنَّا ۟ وَاغْفِرْ لَنَا ۟ وَارْحَمْنَا ۟ أَنْتَ مَوْلٰنَا فَانْصُرْنَا عَلَى الْقَوْمِ الْكٰفِرِيْنَ ﴿۲۸۶﴾ (البقرہ ۲:۲۸۶)

હે અમારા પરવરદિગાર ! અમારી પાસે એવો બોજ ઊંચકાવીશ નહીં, જેની અમારામાં શક્તિ નથી અને અમને માફ કર અને અમને બખ્શી દે અને અમારા પર રહમ કર, તું જ અમારો બેલી છે તો તું કાફિરોના મુકાબલામાં અમારી મદદ ફરમાવ.

(૮) رَبَّنَا لَا تُزِغْ قُلُوْبَنَا بَعْدَ إِذْ هَدَيْتَنَا وَهَبْ لَنَا مِنْ لَّدُنْكَ رَحْمَةً ۚ إِنَّكَ أَنْتَ الْوَهَّابُ ﴿۸﴾ (آلِ عمران ۳:۸)

હે અમારા પરવરદિગાર ! જ્યારે તેં અમને હિદાયત આપી તો પછી અમારા દિલોને (અવળા માર્ગે) વાળીશ નહીં અને પોતાની પાસેથી અમને રહમત અર્પણ કર.

બેશક, તું જ સઘળું આપનાર છે.

(૯) رَبَّنَآ اِنَّكَ جَامِعُ النَّاسِ لِيَوْمٍ لَّا رَيْبَ فِيْهِ ؕ اِنَّ اللّٰهَ لَا يُخْلِفُ الْمِيْعَادَ ۝٩ (آلِ عمران ૩:૯)

હે અમારા પરવરદિગાર ! (આ દુઆનું કારણ એ જ છે કે) તું આખી માનવજાતને એક (હશ્રના) દિવસે એકત્ર કરનાર છે. જે (ના આવવા)માં જરા પણ શંકા નથી. (કારણ કે) અલ્લાહ તઆલા પોતાના વાયદાનો કદી પણ ભંગ કરતો નથી.

(૧૦) رَبَّنَآ اِنَّنَآ اٰمَنَّا فَاغْفِرْ لَنَا ذُنُوْبَنَا وَقِنَا عَذَابَ النَّارِ ۝١٦ (آلِ عمران ૩:૧૬)

હે અમારા પરવરદિગાર ! અમે તારા ઉપર ઈમાન લાવ્યા છીએ. તું અમારા ગુનાહોને માફ કર અને અમને દોઝખના અઝાબથી બચાવ.

(૧૧) رَبَّنَآ اٰمَنَّا بِمَآ اَنْزَلْتَ وَاتَّبَعْنَا الرَّسُوْلَ فَاكْتُبْنَا مَعَ الشّٰهِدِيْنَ ۝٥٣ (آلِ عمران ૩:૫૩)

હે અમારા પરવરદિગાર ! તેં જે વસ્તુ ઉતારી એને અમે માની લીધી અને તારા રસૂલ (સલ.)ની પૈરવી કરી તો તું અમને માનવાવાળાઓની જમાઅતમાં લખી દે.

(૧૨) رَبَّنَا اغْفِرْ لَنَا ذُنُوْبَنَا وَاِسْرَافَنَا فِيْٓ اَمْرِنَا وَثَبِّتْ اَقْدَامَنَا وَانْصُرْنَا عَلَى الْقَوْمِ الْكٰفِرِيْنَ ۝١٤٧ (آلِ عمران ૩:૧૪૭)

હે અમારા પરવરદિગાર ! અમારા ગુનાહોને માફ કરી દે અને જો અમારા કામમાં અમે હદ ઓળંગી ગયા હોય તો એને પણ માફ કરી દે અને અમને સાબિતકદમ રાખ અને કાફિરોના મુકાબલામાં અમારી મદદ કર.

(૧૩) رَبَّنَا مَا خَلَقْتَ هٰذَا بَاطِلًا ۚ سُبْحٰنَكَ فَقِنَا عَذَابَ النَّارِ ﴿١٩١﴾ (آلِ عمران ٣:١٩١)

હે અમારા પરવરદિગાર ! તેં આ (કાયનાત)ને વ્યર્થ બનાવી નથી. તારી ઝાત બધી ખામીઓથી પાક છે તો તું અમને દોઝખના અઝાબથી બચાવ.

(૧૪) رَبَّنَآ اِنَّكَ مَنْ تُدْخِلِ النَّارَ فَقَدْ اَخْزَيْتَهٗ ؕ وَمَا لِلظّٰلِمِيْنَ مِنْ اَنْصَارٍ ﴿١٩٢﴾ (آلِ عمران ٣:١٩٢)

હે અમારા પરવરદિગાર ! જેમને તેં દોઝખમાં નાંખ્યા તેમને તેં અપમાનિત કર્યા અને ત્યાં ગનેહગારોનો કોઇ મદદગાર નથી.

(૧૫) رَبَّنَآ اِنَّنَا سَمِعْنَا مُنَادِيًا يُّنَادِيْ لِلْاِيْمَانِ اَنْ اٰمِنُوْا بِرَبِّكُمْ فَاٰمَنَّا ۗ (آلِ عمران ٣:١٩٣)

હે અમારા પરવરદિગાર ! બેશક, અમે એક પુકારનારને સાંભળ્યો કે જે ઈમાનની દા'વત આપે છે કે હે (લોકો !) પોતાના રબ પર ઈમાન લઈ આવો, જેથી અમે તારા ઉપર ઈમાન લઈ આવ્યા

(૧૬) رَبَّنَا فَاغْفِرْ لَنَا ذُنُوْبَنَا وَكَفِّرْ عَنَّا سَيِّاٰتِنَا وَتَوَفَّنَا مَعَ الْاَبْرَارِ ﴿١٩٣﴾ (آلِ عمران ٣:١٩٣)

હે અમારા પરવરદિગાર ! હવે તું અમારા ગુનાહોને માફ કરી દે અને અમારી બુરાઈઓને અમારાથી દૂર કર અને નેક લોકો સાથે સામિલ કરીને અમને દુનિયાથી ઉઠાવજે.

(١٧) رَبَّنَا وَاٰتِنَا مَا وَعَدْتَّنَا عَلٰى رُسُلِكَ وَلَا تُخْزِنَا يَوْمَ الْقِيٰمَةِ ؕ اِنَّكَ لَا تُخْلِفُ الْمِيْعَادَ ۝ (آل عمران ٣:١٩٤)

હે અમારા પરવરદિગાર ! તેં તારા રસૂલો મારફત જે વચનો અમને આપ્યાં છે તે અતા કર અને કિયામતના દિવસે અમને અપમાનિત કરીશ નહીં. બેશક, તું (કદી) વચનભંગ કરતો નથી.

(١٨) رَبَّنَآ اٰمَنَّا فَاكْتُبْنَا مَعَ الشّٰهِدِيْنَ ۝ (المائدة ٥:٨٣)

હે અમારા પરવરદિગાર ! અમે ઈમાન લઈ આવ્યા, જેથી તું અમને સાચા લોકો સાથે લખી આપ

(١٩) رَبَّنَآ اَنْزِلْ عَلَيْنَا مَآئِدَةً مِّنَ السَّمَآءِ تَكُوْنُ لَنَا عِيْدًا لِّاَوَّلِنَا وَاٰخِرِنَا وَاٰيَةً مِّنْكَ ۚ وَارْزُقْنَا وَاَنْتَ خَيْرُ الرّٰزِقِيْنَ ۝ (المائدة ٥:١١٤)

હે અમારા પરવરદિગાર ! અમારા ઉપર આકાશેથી એક દસ્તરખ્વાન ઉતાર કે, જે અમારા આગલા અને પાછલા લોકો માટે ઈદ (ખૂશી) બની જાય અને તારા તરફથી કોઈ નિશાની બની જાય અને અમને રોઝી અર્પણ કર અને તું જ સર્વશ્રેષ્ઠ રોઝી આપનાર છે.

(٢٠) رَبَّنَا ظَلَمْنَآ اَنْفُسَنَا ۖ وَاِنْ لَّمْ تَغْفِرْ لَنَا وَتَرْحَمْنَا لَنَكُوْنَنَّ مِنَ الْخٰسِرِيْنَ ۝ (الاعراف ٧:٢٣)

હે અમારા પરવરદિગાર ! અમે અમારી જાત (સ્વજાત) પર જુલ્મ કર્યો છે. જો તું અમારી મગફિરત નહીં કરે અને અમારા ઉપર રહમ નહીં કરે તો અમે જરૂર નુકસાન ઉઠાવનારાઓમાંથી થઈ જઈશું.

(૨૧) رَبَّنَا لَا تَجْعَلْنَا مَعَ الْقَوْمِ الظّٰلِمِيْنَ ﴿٤٧﴾ (الاعراف ٧:٤٧)

હે અમારા પરવરદિગાર ! અમને ગુનેહગાર લોકોમાં શામેલ કરીશ નહીં.

(૨૨) رَبَّنَا افْتَحْ بَيْنَنَا وَبَيْنَ قَوْمِنَا بِالْحَقِّ وَاَنْتَ خَيْرُ الْفٰتِحِيْنَ ﴿٨٩﴾ (الاعراف ٧:٨٩)

હે અમારા પરવરદિગાર ! તું અમારી અને અમારી કૌમ વચ્ચે હકનો ફૈસલો કર અને તું સૌથી સારો ફૈસલો કરનાર છે.

(૨૩) رَبَّنَآ اَفْرِغْ عَلَيْنَا صَبْرًا وَّتَوَفَّنَا مُسْلِمِيْنَ ﴿١٢٦﴾ (الاعراف ٧:١٢٦)

હે અમારા પરવરદિગાર ! અમારા ઉપર સબ્રનો દ્વાર ખોલી દે અને અમને મુસલમાન હોવાની હાલત પર મૌત આપ.

(૨૪) رَبَّنَا لَا تَجْعَلْنَا فِتْنَةً لِّلْقَوْمِ الظّٰلِمِيْنَ ﴿٨٥﴾ وَنَجِّنَا بِرَحْمَتِكَ مِنَ الْقَوْمِ الْكٰفِرِيْنَ ﴿٨٦﴾ (يونس ١٠:٨٥-٨٦)

હે અમારા પરવરદિગાર ! અમને ઝાલિમ કૌમ માટે આજમાઈશ ન બનાવ અને પોતાની રહમતથી અમને કાફિર લોકોથી છૂટકારો આપ.

(૨૫) رَبَّنَآ اِنَّكَ تَعْلَمُ مَا نُخْفِيْ وَمَا نُعْلِنُ ؕ وَمَا يَخْفٰى عَلَى اللّٰهِ مِنْ شَيْءٍ فِي الْاَرْضِ وَلَا فِي السَّمَآءِ ﴿۳۸﴾ (ابراهيم ۱۴:۳۸)

હે અમારા પરવરદિગાર ! બેશક, તું તે સર્વ કાંઇ જાણે છે, જેને અમે છુપાવીએ છીએ અને જેને અમે જાહેર કરીએ છીએ અને અલ્લાહ તઆલાથી જમીન કે આસમાનમાંની કોઇ વસ્તુ છૂપી નથી.

(૨૬) رَبَّنَا وَتَقَبَّلْ دُعَآءِ ﴿۴۰﴾ (ابراهيم ۱۴:۴۰)

હે અમારા પરવરદિગાર ! અમારી આ દુઆને કબૂલ ફરમાવ.

(૨૭) رَبَّنَا اغْفِرْ لِيْ وَلِوَالِدَيَّ وَلِلْمُؤْمِنِيْنَ يَوْمَ يَقُوْمُ الْحِسَابُ ﴿۴۱﴾ (ابراهيم ۱۴:۴۱)

હે અમારા પરવરદિગાર ! તે દિવસે કે જ્યારે હિસાબ થશે ત્યારે તું મારી, મારા માં–બાપની અને સઘળાં મુઅમિનોની મગફિરત કરી આપજે.

(૨૮) رَبَّنَآ اٰتِنَا مِنْ لَّدُنْكَ رَحْمَةً وَّهَيِّئْ لَنَا مِنْ اَمْرِنَا رَشَدًا ﴿۱۰﴾ (الكهف ۱۸:۱۰)

હે અમારા પરવરદિગાર ! અમને તારી પાસેથી રહમત અતા કર અને અમારા કામોની સુધારણા સંપૂર્ણ કરી આપ

(૨૯) رَبَّنَآ اِنَّنَا نَخَافُ اَنْ يَّفْرُطَ عَلَيْنَآ اَوْ اَنْ يَّطْغٰى ﴿۴۵﴾ (طٰهٰ ۲۰:۴۵)

હે અમારા પરવરદિગાર ! અમને ડર છે કે તે (ફિરઔન)

અમારી ઉપર અતિશયોક્તિ (ઝિયાદતી) અથવા શરારત ન કરવા લાગે.

(૩૦) رَبُّنَا الَّذِیْۤ اَعْطٰی كُلَّ شَیْءٍ خَلْقَهٗ ثُمَّ هَدٰی ﴿۵۰﴾ (طٰہٰ ۲۰:۵۰)

અમારો પરવરદિગાર તે છે, જેણે દરેક વસ્તુને તેનું સંપૂર્ણ સ્વરૂપ આપ્યું, પછી તેને સૂઝ આપી.

(૩૧) رَبَّنَاۤ اٰمَنَّا فَاغْفِرْ لَنَا وَارْحَمْنَا وَاَنْتَ خَیْرُ الرّٰحِمِیْنَ ﴿۱۰۹﴾ (المؤمنون ۲۳:۱۰۹)

હે અમારા પરવરદિગાર ! અમે ઈમાન લઈ આવ્યા, જેથી તું અમને માફ કરી દે અને અમારા પર રહમ ફરમાવ અને તું તો બધા રહમ કરનારાઓમાં (સૌથી) વધુ રહમ કરનાર છે.

(૩૨) رَبَّنَا اصْرِفْ عَنَّا عَذَابَ جَهَنَّمَ ۖ اِنَّ عَذَابَهَا كَانَ غَرَامًا ﴿۶۵﴾ اِنَّهَا سَآءَتْ مُسْتَقَرًّا وَّمُقَامًا ﴿۶۶﴾ (الفرقان ۲۵:۶۵-۶۶)

હે અમારા પરવરદિગાર ! અમારાથી દોઝખના અઝાબને હટાવી આપજે. બેશક, એનો અઝાબ તો પૂરેપૂરો લાગવાવાળો છે. બેશક, તે (દોઝખ) તો ઘણું ખરાબ ઠેકાણું અને રહેઠાણ છે.

(૩૩) رَبَّنَا هَبْ لَنَا مِنْ اَزْوَاجِنَا وَذُرِّیّٰتِنَا قُرَّةَ اَعْیُنٍ وَّاجْعَلْنَا لِلْمُتَّقِیْنَ اِمَامًا ﴿۷۴﴾ (الفرقان ۲۵:۷۴)

હે અમારા પરવરદિગાર ! અમને અમારી અવરતો અને

અવલાદ તરફથી આંખોની ઠંડક અર્પણ કર અને અમને પરહેઝગારોના ઈમામ બનાવી દે.

(૩૪) رَبَّنَا لَغَفُورٌ شَكُورٌ ﴿٣٤﴾ (فاطر ٣٥:٣٤)

બેશક, અમારો પરવરદિગાર અત્યંત માફ કરનાર (અને) કદર કરનાર છે.

(૩૫) رَبَّنَا وَسِعْتَ كُلَّ شَيْءٍ رَّحْمَةً وَّعِلْمًا فَاغْفِرْ لِلَّذِينَ تَابُوا وَاتَّبَعُوا سَبِيلَكَ وَقِهِمْ عَذَابَ الْجَحِيمِ ﴿٧﴾ (المؤمن ٤٠:٧)

હે અમારા પરવરદિગાર ! દરેક ચીઝ પર તારી રહમત અને ઈલ્મ છવાયેલ છે. તો તું તેવા લોકોને બખ્શી દે, જે તૌબા કરે છે અને તારા માર્ગે ચાલે છે અને તેમને તું દોઝખના અઝાબથી બચાવ.

(૩૬) رَبَّنَا وَأَدْخِلْهُمْ جَنَّاتِ عَدْنِ الَّتِي وَعَدْتَّهُمْ وَمَن صَلَحَ مِنْ آبَائِهِمْ وَأَزْوَاجِهِمْ وَذُرِّيَّاتِهِمْ ۚ إِنَّكَ أَنتَ الْعَزِيزُ الْحَكِيمُ ﴿٨﴾ وَقِهِمُ السَّيِّئَاتِ ۚ وَمَن تَقِ السَّيِّئَاتِ يَوْمَئِذٍ فَقَدْ رَحِمْتَهُ ۚ وَذَٰلِكَ هُوَ الْفَوْزُ الْعَظِيمُ ﴿٩﴾ (المؤمن ٤٠:٩)

હે અમારા પરવરદિગાર ! તું તેમને સદા રહેવાની જન્નતમાં દાખલ કર જેનો તેં એમને વાયદો કર્યો છે અને તેમના માં–બાપ, અવરતો અને તેમની ઔલાદમાંથી જે નેક હોય તેમને પણ (જન્નતમાં દાખલ કર) બેશક, તું જ જબરદસ્ત હિકમતવાળો છે અને (કિયામતના દિવસે)

તેમને બુરાઈઓથી સુરક્ષિત રાખ અને તે દિવસે જેને તેં બુરાઈઓથી બચાવી લીધો તો બેશક, તેં તેના પર રહમ ફરમાવી અને એ જ મોટી સફળતા છે.

(૩૭) رَبَّنَا اغْفِرْ لَنَا وَلِإِخْوَانِنَا الَّذِينَ سَبَقُونَا بِالْإِيمَانِ وَلَا تَجْعَلْ فِي قُلُوبِنَا غِلًّا لِّلَّذِينَ آمَنُوا رَبَّنَا إِنَّكَ رَءُوفٌ رَّحِيمٌ ﴿١٠﴾ (الحشر٥٩:١٠)

હે અમારા પરવરદિગાર ! અમને અને અમારા તે ભાઈઓને જેઓ અમારાથી પહેલાં ઈમાન લાવ્યા છે તેમને માફ કરી દે અને ઈમાનવાળાઓ પ્રત્યે અમારા દિલોમાં વેર–કપટ ન નાખ. હે અમારા પરવરદિગાર ! તું જ મહાન અને દયાળુ છે.

(૩૮) رَبَّنَا عَلَيْكَ تَوَكَّلْنَا وَإِلَيْكَ أَنَبْنَا وَإِلَيْكَ الْمَصِيرُ ﴿٤﴾

હે અમારા રબ ! તારા ઉપર અમે ભરોસો કર્યો અને તારા તરફ જ રજૂ થયા અને તારા જ તરફ બધાએ પાછા ફરવાનું છે.

(૩૯) رَبَّنَا لَا تَجْعَلْنَا فِتْنَةً لِّلَّذِينَ كَفَرُوا وَاغْفِرْ لَنَا رَبَّنَا ۚ إِنَّكَ أَنتَ الْعَزِيزُ الْحَكِيمُ ﴿٥﴾ (الممتحنة٦٠:٤-٥)

હે અમારા પરવરદિગાર ! અમને કાફિરો માટે આજમાઈશ બનાવીશ નહીં અને હે અમારા પરવરદિગાર ! અમને માફ કર. બેશક, તું જ બળવાન (અને) હિકમતવાન છે.

رَبَّنَآ اَتۡمِمۡ لَنَا نُوۡرَنَا وَاغۡفِرۡ لَنَا ۚ (التّحريم٦٦:٨) (૪૦)

હે અમારા પરવરદિગાર ! અમારા માટે અમારા નૂરને સંપૂર્ણ કરી દે અને અમારી મગફિરત કર. બેશક, તું સર્વ ચીઝ કરવા શક્તિમાન છે.

● ● ●

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ
كَمَا صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ
اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ
وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ
وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

● ● ●

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ فِى الْاَوَّلِيْنَ
وَالْاٰخِرِيْنَ وَفِى الْمَلَاِ الْاَعْلٰى اِلٰى يَوْمِ الدِّيْنِ ط

● ● ●

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ مِّلْأَ السَّمٰوٰتِ
وَمِلْأَ الْاَرْضِ وَمِلْأَ الْعَرْشِ الْعَظِيْمِ ط

આ મંઝિલ આસેબ, (જિન્નાત), જાદુ
અને બીજા નુકસાનાતથી હિફાઝત માટે
એક ઘણો જ અનુભવસિદ્ધ અમલ છે.
આ હઝરત શયખુલ હદીસ (રહ.) અને
એમના ખાનદાની મશાયખો અને
અકાબિરોના અનુભવસિદ્ધ
અમલોમાંથી છે.

✧✦✧

હઝરત શયખુલ હદીસ મવલાના
મુહમ્મદ ઝકરિય્યા સા. (રહ.)

મંઝિલ

બિસ્મિહી તઆલા

હામિદંવ વ મુસલ્લિયંવ્ વ મુસલ્લિમા.....

નીચે જે આયાતે કુર્આની (મંઝિલ) દર્શાવવામાં આવી છે, તે અમારા ખાનદાનમાં "મંઝિલ"ના નામથી મશ્હૂરો–મા'રૂફ છે. અમારા ખાનદાનના અકાબિર અમલિયાત અને અદવિય્યહમાં આ મંઝિલનો ઘણો જ ઈહતિમામ (પ્રબંધ) ફરમાવ્યા કરતા હતા અને બચ્ચાઓ–બાળકોને બચપણથી જ આ મંઝિલને ઘણી જ પાબંદીથી યાદ કરાવવાનો દસ્તૂર (અમલ) હતો. નકશ અને તા'વીઝાતના મુકાબલામાં આયાતે કુર્આની અને તે દુઆઓ જે હદીસ શરીફમાં વારિદ થઈ છે, ખરેખર ઘણી જ વધારે મુફીદ અને મુઅસ્સર (અસર કરવા–વાળી) છે. અમલિયાતમાં એનો જ ઘણો વધારે ઈહતિમામ કરવો જોઈએ. ફખ્રે રસૂલ સરવરે કાઈનાત હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ દીની યા દુન્યવી કોઈ પણ હાજત (જરૂરત) એવી નથી છોડી કે જેના માટે દુઆનો તરીકો તા'લીમ ન ફરમાવ્યો હોય. એવી રીતે અમુક આયતોને ખાસ મકસદના માટે પઢવું મશાઈખોના તજરુબા (અનુભવ)થી સાબિત છે. આ મંઝિલ આસેબ (જિન્નાત) અને ખતરાત (નુકસાનાત)થી હિફાઝત માટે એક ઘણો જ અનુભવસિદ્ધ અમલ છે. આ આયતો કોઈ પણ રીતે કમી–બેસી (વધારો–ઘટાડો) સાથે "અલ કવલુલ જમીલ" અને "બેહિશ્તી ઝેવર"માં લખી છે. "અલ કવલુલ જમીલ"માં

હઝરત શાહ વલિય્યુલ્લાહ મુહદ્દિસ દહેલ્વી (કુદ્દિ–સ સિર્રહૂ) તહરીર ફરમાવે છે : તેત્રીસ (૩૩) આયતો એવી છે કે જે જાદુના અસરને દફે (દૂર) કરે છે અને શયાતીન, ચોર–ડાકૂ અને ઝેરીલા જાનવરથી પનાહ–હિફાઝત થઈ જાય છે અને ''બેહિશ્તી ઝેવર''માં હઝરત થાનવી (નવ્વરલ્લાહુ મરકદહૂ) તહરીર ફરમાવે છે કે, અગર કોઈના ઉપર જિન્નાતનો અસર હોય તો આ આયતો લખીને મરીઝ (બીમાર)ના ગળામાં લટકાવી દે અને પાણી પર દમ કરીને મરીઝ–બીમાર ઉપર છંટકાવ કરી દે.

(બંદહ મુહમ્મદ તલ્હા કાંધલવી ઈબ્ને હઝરત મવલાના મુહમ્મદ ઝકરિય્યા સાહબ (રહ.)

દુરૂદે ઈબ્રાહીમ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا
صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ
حَمِيْدٌ مَّجِيْدٌ ط اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ
وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ
وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

મંઝિલની ખાસ ફઝીલત

પાછળના પેજોમાં જે કુર્આની આયાત દર્શાવવામાં આવી છે તે ''મંઝિલ''ના નામથી મશ્હૂર છે. નકશ અને તઅવીઝાતના મુકાબલામાં આયાતે કુર્આની અને દુઆઓ જે હદીસે પાકમાં વારિદ થઈ છે, ખરેખર ઘણી જ વધારે મુફીદ–ફાયદાકારક અને મુઅસ્સર (અસર કરવાવાળી) છે. અમલિયાતમાં એનો જ ઘણો વધારે ઈહતિમામ (પ્રબંધ) કરવો જોઈએ. ફખ્રે રસૂલ સરવરે કાઈનાત હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ દીની યા દુન્યવી કોઈ પણ હાજત (જરૂરત) એવી નથી છોડી કે જેના માટે દુઆનો તરીકો તા'લીમ ન ફરમાવ્યો હોય. એવી રીતે અમુક આયતોને ખાસ મકસદના માટે પઢવું મશાઈખોના તજરુબા (અનુભવ)થી સાબિત છે.

આ મંઝિલ આસેબ (જિન્નાત), સહ્ર (જાદુ) અને અમુક બીજા ખતરાત (નુકસાનાત)થી હિફાઝત માટે એક ઘણો જ અનુભવસિદ્ધ અમલ છે. આ આયતો કોઈ પણ રીતે કમી–બેસી (વધારો–ઘટાડો) સાથે ''અલ કવલુલ જમીલ'' અને ''બેહિશ્તી ઝેવર''માં લખી છે. ''અલ કવલુલ જમીલ''માં હઝરત શાહ વલિય્યુલ્લાહ મુહદ્દિસ દહેલ્વી (કુદ્દિ–સ સિર્રહૂ) તહરીર ફરમાવે છે : તેત્રીસ (૩૩) આયતો એવી છે કે જે જાદુના અસરને દફે (દૂર) કરે છે અને શયાતીન, ચોર–ડાકૂ અને ઝેરીલા જાનવરથી પનાહ–હિફાઝત થઈ જાય છે.

''બેહિશ્તી ઝેવર''માં હઝરત થાનવી (નવ્વરલ્લાહુ મરકદહૂ) તહરીર ફરમાવે છે કે, અગર કોઈના ઉપર જિન્નાતનો અસર હોય તો આ આયતો લખીને મરીઝ (બીમાર)ના ગળામાં લટકાવી દે અને પાણી પર દમ કરીને મરીઝ–બીમાર ઉપર છંટકાવ કરી દે અને જો ઘરમાં અસર હોય તો એ પાણીને પઢીને ઘરના ચારેવ ખૂણામાં છંટકાવ કરી દે.

હઝરત મવલાના મુહમ્મદ તલ્હા કાંધલવી લખે છે કે, ''અમારા ઘરની મસ્તૂરાત (અવરતો)ને આ મુશ્કેલી પેશ આવતી કે તરત જ તેઓ આ મંઝિલને તજવીઝ કરીને અસલ કિતાબમાં નિશાની લગાવીને યા નકલ કરીને પઢતાં હતાં. એટલા માટે ખ્યાલ થયો કે, અગર એને અલગ એક મુસ્તકીલ બાબ (કિતાબ)ની શકલમાં પ્રકાશિત કરવામાં આવે તો સહૂલત થઈ જાય.

આ વાત પણ કાબિલે લિહાઝ છે કે, અમલિયાત અને દુઆઓમાં વધારે દખલ પઢવાવાળાઓની તવજ્જુહ (ધ્યાન) અને એકાગ્રતામાં હોય છે. જેટલી તવજ્જુહ અને અકીદત (યકીન)થી પઢવામાં આવે એટલી જ મુઅસ્સર (અસરકારક) સાબિત થાય છે. અલ્લાહ જલ્લ શાનુહુના કલામમાં (ખરેખર) ઘણી જ બરકતો છે. વલ્લાહુ મુઅફ્ફિક.

●●●



મંઝિલ : હઝરત શૈખ (રહ.)એ મુન્તખબ-ચૂંટેલી આયાતની તરતીબ આ પ્રમાણે છે :

સૂરત	સિપારહ	સૂરતનું નામ	મખ્સૂસ આયાત	આયાત
૧	૧	સૂ. ફાતિહા–૧	૧ થી ૭	૭
૨	૧	અલ બકરહ–૨	૧ થી ૫	૫
૩	૨	અલ બકરહ–૨	૧૬૩	૧
૪	૩	અલ બકરહ–૨	૨૫૫ થી ૨૫૭	૩
૫	૩	અલ બકરહ–૨	૨૮૪ થી ૨૮૬	૩
૬	૩	આલિ ઈમરાન–૩	૧૮	૧
૭	૩	આલિ ઈમરાન–૩	૨૬ થી ૨૭	૨
૮	૮	અલ અઅરાફ–૭	૫૪ થી ૫૬	૩
૯	૧૫	અલ ઈસ્રાઅ–૧૭	૧૧૦ થી ૧૧૧	૨
૧૦	૧૮	અલ મુઅમિનૂન–૨૩	૫૪ થી ૫૬	૩
૧૧	૨૩	સૂ. સાફ્ફાત–૨૭	૧ થી ૧૧	૧૧
૧૨	૨૭	સૂ. રહમાન–૫૫	૩૩ થી ૪૦	૮
૧૩	૨૮	સૂ. હશ્ર–૫૯	૨૧ થી ૨૪	૪
૧૪	૨૯	સૂ. જિન્ન–૭૨	૧ થી ૪	૪
૧૫	૩૦	સૂ. કાફિરુન–૧૦૯	૧ થી ૬	૬
૧૬	૩૦	સૂ. ઈખ્લાસ–૧૧૨	૧ થી ૪	૪
૧૭	૩૦	સૂ. ફલક–૧૧૩	૧ થી ૫	૫
૧૮	૩૦	સૂ. નાસ–૧૧૪	૧ થી ૬	૬

ایاتها ۷ | ۱ سُوْرَةُ الْفَاتِحَةِ مَكِّيَّةٌ ۵ | رکوعها ۱

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ۙ۝ الرَّحْمٰنِ
الرَّحِيْمِ ۙ۝ مٰلِكِ يَوْمِ الدِّيْنِ ؕ۝ اِيَّاكَ
نَعْبُدُ وَ اِيَّاكَ نَسْتَعِيْنُ ؕ۝ اِهْدِنَا الصِّرَاطَ
الْمُسْتَقِيْمَ ۙ۝ صِرَاطَ الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ ۙ
غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ ۠۝

آمين (سورة الفاتحه)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

الٓمّٓ ۚ﴿١﴾ ذٰلِكَ الْكِتٰبُ لَا رَيْبَ ۛ
فِيْهِ ۛ هُدًى لِّلْمُتَّقِيْنَ ۙ﴿٢﴾ الَّذِيْنَ
يُؤْمِنُوْنَ بِالْغَيْبِ وَيُقِيْمُوْنَ الصَّلٰوةَ
وَمِمَّا رَزَقْنٰهُمْ يُنْفِقُوْنَ ۙ﴿٣﴾ وَالَّذِيْنَ
يُؤْمِنُوْنَ بِمَآ اُنْزِلَ اِلَيْكَ وَمَآ اُنْزِلَ
مِنْ قَبْلِكَ ۚ وَبِالْاٰخِرَةِ هُمْ يُوْقِنُوْنَ ؕ﴿٤﴾
اُولٰٓئِكَ عَلٰى هُدًى مِّنْ رَّبِّهِمْ ۗ
وَاُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ ﴿٥﴾ وَاِلٰهُكُمْ اِلٰهٌ
وَّاحِدٌ ۚ لَآ اِلٰهَ اِلَّا هُوَ الرَّحْمٰنُ الرَّحِيْمُ ﴿١٦٣﴾

(سورۃُ البقرہ)

اَللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۚ اَلْحَیُّ الْقَیُّوْمُ ۚ لَا
تَاْخُذُهٗ سِنَةٌ وَّلَا نَوْمٌ ؕ لَهٗ مَا فِی السَّمٰوٰتِ
وَمَا فِی الْاَرْضِ ؕ مَنْ ذَا الَّذِیْ یَشْفَعُ
عِنْدَهٗۤ اِلَّا بِاِذْنِهٖ ؕ یَعْلَمُ مَا بَیْنَ اَیْدِیْهِمْ
وَمَا خَلْفَهُمْ ۚ وَلَا یُحِیْطُوْنَ بِشَیْءٍ مِّنْ عِلْمِهٖۤ
اِلَّا بِمَا شَآءَ ۚ وَسِعَ كُرْسِیُّهُ السَّمٰوٰتِ
وَالْاَرْضَ ۚ وَلَا یَـُٔوْدُهٗ حِفْظُهُمَا ۚ وَهُوَ
الْعَلِیُّ الْعَظِیْمُ ﴿۲۵۵﴾ لَاۤ اِكْرَاهَ فِی الدِّیْنِ ۙ قَدْ
تَّبَیَّنَ الرُّشْدُ مِنَ الْغَیِّ ۚ فَمَنْ
یَّكْفُرْ بِالطَّاغُوْتِ وَیُؤْمِنْۢ بِاللّٰهِ فَقَدِ

اسْتَمْسَكَ بِالْعُرْوَةِ الْوُثْقٰى ۗ لَا انْفِصَامَ
لَهَا ؕ وَاللّٰهُ سَمِيْعٌ عَلِيْمٌ ﴿٢٥٦﴾ اَللّٰهُ وَلِيُّ
الَّذِيْنَ اٰمَنُوْا ۙ يُخْرِجُهُمْ مِّنَ الظُّلُمٰتِ اِلَى
النُّوْرِ ؕ وَالَّذِيْنَ كَفَرُوْٓا اَوْلِيٰٓـُٔهُمُ
الطَّاغُوْتُ ۙ يُخْرِجُوْنَهُمْ مِّنَ النُّوْرِ اِلَى
الظُّلُمٰتِ ؕ اُولٰٓئِكَ اَصْحٰبُ النَّارِ ۚ هُمْ فِيْهَا
خٰلِدُوْنَ ﴿٢٥٧﴾ ع (البقرہ۲:۲۵۶-۲۵۷)

لِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ؕ وَاِنْ
تُبْدُوْا مَا فِيْٓ اَنْفُسِكُمْ اَوْ تُخْفُوْهُ يُحَاسِبْكُمْ
بِهِ اللّٰهُ ؕ فَيَغْفِرُ لِمَنْ يَّشَآءُ وَيُعَذِّبُ مَنْ

يَّشَآءُ ؕ وَاللّٰهُ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ ﴿٢٨٤﴾
اٰمَنَ الرَّسُوْلُ بِمَآ اُنْزِلَ اِلَيْهِ مِنْ رَّبِّهٖ
وَالْمُؤْمِنُوْنَ ؕ كُلٌّ اٰمَنَ بِاللّٰهِ وَمَلٰٓئِكَتِهٖ
وَكُتُبِهٖ وَرُسُلِهٖ قف لَا نُفَرِّقُ بَيْنَ اَحَدٍ
مِّنْ رُّسُلِهٖ قف وَقَالُوْا سَمِعْنَا وَاَطَعْنَا قف
غُفْرَانَكَ رَبَّنَا وَاِلَيْكَ الْمَصِيْرُ ﴿٢٨٥﴾ لَا
يُكَلِّفُ اللّٰهُ نَفْسًا اِلَّا وُسْعَهَا ؕ لَهَا مَا
كَسَبَتْ وَعَلَيْهَا مَا اكْتَسَبَتْ ؕ رَبَّنَا لَا
تُؤَاخِذْنَآ اِنْ نَّسِيْنَآ اَوْ اَخْطَاْنَا ۚ رَبَّنَا وَلَا
تَحْمِلْ عَلَيْنَآ اِصْرًا كَمَا حَمَلْتَهٗ عَلَى

الَّذِيْنَ مِنْ قَبْلِنَا ۚ رَبَّنَا وَلَا تُحَمِّلْنَا مَا لَا
طَاقَةَ لَنَا بِهٖ ۚ وَاعْفُ عَنَّا ۟ وَاغْفِرْ لَنَا ۟
وَارْحَمْنَا ۟ اَنْتَ مَوْلٰنَا فَانْصُرْنَا عَلَى
الْقَوْمِ الْكٰفِرِيْنَ ﴿۲۸۶﴾ ع (البقرہ۲:۲۸۴-۲۸۶)

شَهِدَ اللّٰهُ اَنَّهٗ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۙ وَالْمَلٰٓئِكَةُ
وَاُولُوا الْعِلْمِ قَآئِمًۢا بِالْقِسْطِ ؕ لَآ اِلٰهَ اِلَّا هُوَ
الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿۱۸﴾ ؕ (آل عمران ۳:۱۸)

قُلِ اللّٰهُمَّ مٰلِكَ الْمُلْكِ تُؤْتِي الْمُلْكَ مَنْ
تَشَآءُ وَتَنْزِعُ الْمُلْكَ مِمَّنْ تَشَآءُ ۫
وَتُعِزُّ مَنْ تَشَآءُ وَتُذِلُّ مَنْ تَشَآءُ ؕ بِيَدِكَ

الْخَيْرُ ؕ اِنَّكَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ ﴿٢٦﴾ تُوْلِجُ
الَّيْلَ فِي النَّهَارِ وَتُوْلِجُ النَّهَارَ فِي الَّيْلِ ۫
وَتُخْرِجُ الْحَىَّ مِنَ الْمَيِّتِ وَتُخْرِجُ الْمَيِّتَ
مِنَ الْحَىِّ ۫ وَتَرْزُقُ مَنْ تَشَآءُ بِغَيْرِ
حِسَابٍ ﴿٢٧﴾ (اٰلِ عمران ٣:٢٦-٢٧)

اِنَّ رَبَّكُمُ اللّٰهُ الَّذِىْ خَلَقَ السَّمٰوٰتِ
وَالْاَرْضَ فِىْ سِتَّةِ اَيَّامٍ ثُمَّ اسْتَوٰى عَلَى
الْعَرْشِ ۟ قف يُغْشِى الَّيْلَ النَّهَارَ يَطْلُبُهٗ
حَثِيْثًا ۙ وَّالشَّمْسَ وَالْقَمَرَ وَالنُّجُوْمَ مُسَخَّرٰتٍ
بِاَمْرِهٖ ؕ اَلَا لَهُ الْخَلْقُ وَالْاَمْرُ ؕ تَبٰرَكَ

اللّٰهُ رَبُّ الْعٰلَمِيْنَ ﴿٥٤﴾ اُدْعُوْا رَبَّكُمْ تَضَرُّعًا
وَّخُفْيَةً ؕ اِنَّهٗ لَا يُحِبُّ الْمُعْتَدِيْنَ ﴿٥٥﴾ ۚ وَلَا
تُفْسِدُوْا فِي الْاَرْضِ بَعْدَ اِصْلَاحِهَا
وَادْعُوْهُ خَوْفًا وَّطَمَعًا ؕ اِنَّ رَحْمَتَ اللّٰهِ
قَرِيْبٌ مِّنَ الْمُحْسِنِيْنَ ﴿٥٦﴾ (الاعراف ٧:٥٤-٥٦)

قُلِ ادْعُوا اللّٰهَ اَوِ ادْعُوا الرَّحْمٰنَ ؕ اَيًّا مَّا
تَدْعُوْا فَلَهُ الْاَسْمَآءُ الْحُسْنٰى ۚ وَلَا تَجْهَرْ
بِصَلَاتِكَ وَلَا تُخَافِتْ بِهَا وَابْتَغِ بَيْنَ
ذٰلِكَ سَبِيْلًا ﴿١١٠﴾ وَقُلِ الْحَمْدُ لِلّٰهِ الَّذِيْ لَمْ
يَتَّخِذْ وَلَدًا وَّلَمْ يَكُنْ لَّهٗ شَرِيْكٌ فِي

الْمُلْكِ وَلَمْ يَكُنْ لَّهٗ وَلِيٌّ مِّنَ الذُّلِّ
وَكَبِّرْهُ تَكْبِيْرًا ﴿۱۱۱﴾ ع (بنی اسرائیل ۱۷:۱۱۰-۱۱۲)

اَفَحَسِبْتُمْ اَنَّمَا خَلَقْنٰكُمْ عَبَثًا وَّاَنَّكُمْ اِلَيْنَا
لَا تُرْجَعُوْنَ ﴿۱۱۵﴾ فَتَعٰلَى اللّٰهُ الْمَلِكُ الْحَقُّ ۚ لَآ
اِلٰهَ اِلَّا هُوَ ۚ رَبُّ الْعَرْشِ الْكَرِيْمِ ﴿۱۱۶﴾ وَمَنْ
يَّدْعُ مَعَ اللّٰهِ اِلٰهًا اٰخَرَ ۙ لَا بُرْهَانَ لَهٗ بِهٖ ۙ
فَاِنَّمَا حِسَابُهٗ عِنْدَ رَبِّهٖ ۭ اِنَّهٗ لَا يُفْلِحُ
الْكٰفِرُوْنَ ﴿۱۱۷﴾ وَقُلْ رَّبِّ اغْفِرْ وَارْحَمْ وَ
اَنْتَ خَيْرُ الرّٰحِمِيْنَ ﴿۱۱۸﴾ ع (المؤمنون ۲۳:۱۱۵-۱۱۸)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَالصّٰٓفّٰتِ صَفًّا ۙ﴿۱﴾ فَالزّٰجِرٰتِ زَجْرًا ۙ﴿۲﴾
فَالتّٰلِيٰتِ ذِكْرًا ۙ﴿۳﴾ اِنَّ اِلٰهَكُمْ لَوَاحِدٌ ؕ﴿۴﴾
رَبُّ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَا
بَيْنَهُمَا وَرَبُّ الْمَشَارِقِ ؕ﴿۵﴾ اِنَّا زَيَّنَّا
السَّمَآءَ الدُّنْيَا بِزِيْنَةِ ِۨالْكَوَاكِبِ ۙ﴿۶﴾
وَحِفْظًا مِّنْ كُلِّ شَيْطٰنٍ مَّارِدٍ ۚ﴿۷﴾ لَا
يَسَّمَّعُوْنَ اِلَى الْمَلَاِ الْاَعْلٰى وَيُقْذَفُوْنَ
مِنْ كُلِّ جَانِبٍ ۖ﴿۸﴾ دُحُوْرًا وَّلَهُمْ عَذَابٌ
وَّاصِبٌ ۙ﴿۹﴾ اِلَّا مَنْ خَطِفَ الْخَطْفَةَ

فَاَتْبَعَهٗ شِهَابٌ ثَاقِبٌ ﴿١٠﴾ فَاسْتَفْتِهِمْ اَهُمْ
اَشَدُّ خَلْقًا اَمْ مَّنْ خَلَقْنَا ؕ اِنَّا خَلَقْنٰهُمْ
مِّنْ طِيْنٍ لَّازِبٍ ﴿١١﴾ (الصّٰفّٰت ٣٧:١-١١)
يٰمَعْشَرَ الْجِنِّ وَالْاِنْسِ اِنِ اسْتَطَعْتُمْ
اَنْ تَنْفُذُوْا مِنْ اَقْطَارِ السَّمٰوٰتِ
وَالْاَرْضِ فَانْفُذُوْا ؕ لَا تَنْفُذُوْنَ اِلَّا
بِسُلْطٰنٍ ﴿٣٣﴾ فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٣٤﴾
يُرْسَلُ عَلَيْكُمَا شُوَاظٌ مِّنْ نَّارٍ ۙ وَّنُحَاسٌ
فَلَا تَنْتَصِرٰنِ ﴿٣٥﴾ فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا
تُكَذِّبٰنِ ﴿٣٦﴾ فَاِذَا انْشَقَّتِ السَّمَآءُ

فَكَانَتْ وَرْدَةً كَالدِّهَانِ ﴿٣٧﴾ فَبِاَيِّ اٰلَآءِ
رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٣٨﴾ فَيَوْمَئِذٍ لَّا يُسْـَٔلُ
عَنْ ذَنْۢبِهٖٓ اِنْسٌ وَّلَا جَآنٌّ ﴿٣٩﴾ فَبِاَيِّ
اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٤٠﴾ (الرحمٰن ٥٥: ٣٣-٤٠)

لَوْ اَنْزَلْنَا هٰذَا الْقُرْاٰنَ عَلٰى جَبَلٍ
لَّرَاَيْتَهٗ خَاشِعًا مُّتَصَدِّعًا مِّنْ خَشْيَةِ
اللّٰهِ ؕ وَتِلْكَ الْاَمْثَالُ نَضْرِبُهَا لِلنَّاسِ
لَعَلَّهُمْ يَتَفَكَّرُوْنَ ﴿٢١﴾ هُوَ اللّٰهُ الَّذِيْ
لَآ اِلٰهَ اِلَّا هُوَ ۚ عٰلِمُ الْغَيْبِ وَالشَّهَادَةِ ۚ
هُوَ الرَّحْمٰنُ الرَّحِيْمُ ﴿٢٢﴾ هُوَ اللّٰهُ الَّذِيْ

لَآ اِلٰهَ اِلَّا هُوَ ۚ اَلْمَلِكُ الْقُدُّوْسُ
السَّلٰمُ الْمُؤْمِنُ الْمُهَيْمِنُ الْعَزِيْزُ
الْجَبَّارُ الْمُتَكَبِّرُ ؕ سُبْحٰنَ اللّٰهِ عَمَّا
يُشْرِكُوْنَ ﴿۲۳﴾ هُوَ اللّٰهُ الْخَالِقُ الْبَارِئُ
الْمُصَوِّرُ لَهُ الْاَسْمَآءُ الْحُسْنٰى ؕ
يُسَبِّحُ لَهٗ مَا فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ ۚ
وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿۲۴﴾ ع (الحشر ۵۹:۲۱-۲۴)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

قُلْ اُوْحِيَ اِلَيَّ اَنَّهُ اسْتَمَعَ نَفَرٌ مِّنَ
الْجِنِّ فَقَالُوْٓا اِنَّا سَمِعْنَا قُرْاٰنًا

عَجَبًا ۙ﴿۱﴾ يَّهْدِيْۤ اِلَى الرُّشْدِ فَاٰمَنَّا
بِهٖ ؕ وَلَنْ نُّشْرِكَ بِرَبِّنَاۤ اَحَدًا ۙ﴿۲﴾ وَّ
اَنَّهٗ تَعٰلٰى جَدُّ رَبِّنَا مَا اتَّخَذَ صَاحِبَةً
وَّلَا وَلَدًا ۙ﴿۳﴾ وَّاَنَّهٗ كَانَ يَقُوْلُ
سَفِيْهُنَا عَلَى اللّٰهِ شَطَطًا ۙ﴿۴﴾ (الجن ۷۲:۱-۴)

اياتها ٦ | ١٠٩ سُوْرَةُ الْكٰفِرُوْنَ مَكِّيَّةٌ ١٨ | ركوعها ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

قُلْ يٰۤاَيُّهَا الْكٰفِرُوْنَ ۙ﴿۱﴾ لَاۤ اَعْبُدُ مَا
تَعْبُدُوْنَ ۙ﴿۲﴾ وَلَاۤ اَنْتُمْ عٰبِدُوْنَ مَاۤ
اَعْبُدُ ۚ﴿۳﴾ وَلَاۤ اَنَا عَابِدٌ مَّا عَبَدْتُّمْ ۙ﴿۴﴾

وَلَآ اَنْتُمْ عٰبِدُوْنَ مَآ اَعْبُدُ ۭ لَكُمْ
دِيْنُكُمْ وَلِيَ دِيْنِ ۝٦ ع (الكٰفرون ١٠٩:١- ٧)

اياتها ٤ | ١١٢ سُوْرَةُ الْاِخْلَاصِ مَكِّيَّةٌ ٢٢ | ركوعها ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ ۝١ ج اَللّٰهُ الصَّمَدُ ۝٢ ج لَمْ
يَلِدْ ۙ وَلَمْ يُوْلَدْ ۝٣ لا وَلَمْ يَكُنْ لَّهٗ
كُفُوًا اَحَدٌ ۝٤ ع ١ ٣٤٥٦٧٨٩١ (الاخلاص ١١٢:١-٤)

اياتها ٥ | ١١٣ سُوْرَةُ الْفَلَقِ مَكِّيَّةٌ ٢٠ | ركوعها ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

قُلْ اَعُوْذُ بِرَبِّ الْفَلَقِ ۝١ لا مِنْ شَرِّ مَا
خَلَقَ ۝٢ لا وَمِنْ شَرِّ غَاسِقٍ اِذَا وَقَبَ ۝٣ لا

وَمِنْ شَرِّ النَّفّٰثٰتِ فِي الْعُقَدِ ۙ﴿۴﴾ وَمِنْ
شَرِّ حَاسِدٍ اِذَا حَسَدَ ﴿۵﴾ ع (الفلق ۱۱۳:۱-۵)

اياتها ٦ | ١١٤ سُوْرَةُ النَّاسِ مَكِّيَّةٌ ٢١ | ركوعها ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

قُلْ اَعُوْذُ بِرَبِّ النَّاسِ ۙ﴿۱﴾ مَلِكِ
النَّاسِ ۙ﴿۲﴾ اِلٰهِ النَّاسِ ۙ﴿۳﴾ مِنْ شَرِّ
الْوَسْوَاسِ ۙ الْخَنَّاسِ ۖ﴿۴﴾ الَّذِيْ
يُوَسْوِسُ فِيْ صُدُوْرِ النَّاسِ ۙ﴿۵﴾ مِنَ
الْجِنَّةِ وَالنَّاسِ ﴿۶﴾ ع (النّاس ۱۱۴:۱-۶)

દુર્ઘટના અને આફતથી બચવાનો અમલ

હઝરત તલક (રદિ.) ફરમાવે છે કે, એક માણસ, સહાબી હઝરત અબૂ દરદાઅ (રદિ.)ની ખિદમતમાં હાજર થયો અને અરજ કરી કે, આપનું મકાન ભસ્મિભૂત થઈ ગયું. ફરમાવ્યું, નથી સળગ્યું. પછી બીજા માણસે આવીને આ જ સમાચર આપ્યા. ફરમાવ્યું, ના, નથી સળગ્યું. પછી ત્રીજા માણસે આવીને આ જ ખબર આપી તો ફરમાવ્યું, ના, નથી સળગ્યું. ત્યાર બાદ ફરી બીજા એક અન્ય માણસે આવીને કહયું કે, હે અબૂ દરદાઅ ! આગની જ્વાળાઓ ઘણી બુલંદ–તેજ થઈ, પરંતુ જ્યારે આપના મકાન સુધી આગ પહોંચી તો (આગ) હોલવાઈ ગઈ. ફરમાવ્યું કે, હું જાણતો હતો કે અલ્લાહ તઆલા આવું કરશે નહિ (કે મારું મકાન સળગી જાય), કારણ કે મેં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી સાંભળ્યું છે કે, જે માણસ સવારના વખતે આ (નીચે ટાંકેલા) કલિમાત પઢી લે છે તો સાંજ સુધી એને કોઈ મુસીબત નહિ પહોંચે. (મેં સવારમાં આ કલિમાત (દુઆ) પઢી લીધા હતા. આ કારણે મને (સંપૂર્ણ) યકીન હતું કે, મારું મકાન સળગી શકતું નથી. તે કલિમાત (શબ્દો) આ છે :

اَللّٰهُمَّ اَنْتَ رَبِّیْ لَآاِلٰهَ اِلَّآاَنْتَ عَلَیْکَ تَوَکَّلْتُ وَاَنْتَ رَبُّ
الْعَرْشِ الْکَرِیْمِ ط مَاشَآءَاللّٰهُ کَانَ وَمَالَمْ یَشَأْلَمْ یَکُنْ
وَلَاحَوْلَ وَلَاقُوَّةَ اِلَّابِاللّٰهِ الْعَلِیِّ الْعَظِیْمِ ط أَعْلَمُ اَنَّ اللّٰهَ
عَلٰی کُلِّ شَیْءٍ قَدِیْرٌ ط وَاَنَّ اللّٰهَ قَدْاَحَاطَ بِکُلِّ شَیْءٍ عِلْمًا o
اَللّٰهُمَّ اِنِّیْ اَعُوْذُبِکَ مِنْ شَرِّنَفْسِیْ وَمِنْ شَرِّکُلِّ دَآبَّةٍ
اَنْتَ اٰخِذٌ بِنَاصِیَتِهَا ط اِنَّ رَبِّیْ عَلٰی صِرَاطٍ مُّسْتَقِیْمٍ o

મુન્જિયાત

અલ્લામહ ઈબ્ને શીરીન (રહ.)ના ઝરીયાથી તજરુબા–અનુભવ સાથે મુસીબત અને ગમ દૂર કરવાવાળી આ સાત આયતો જે મુન્જિયાતના નામે મશહૂર છે, તે આ છે :

منجیات

علامہ ابن سیرین رحمۃ اللہ علیہ کے ذریعہ سے تجربہ کے ساتھ مصیبت وغم کو دُور کرنے والی یہ سات آیتیں جو منجیات کے نام سے معروف ہیں وہ یہ ہیں:

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

قُلْ لَّنْ يُّصِيْبَنَآ اِلَّا مَا كَتَبَ اللّٰهُ لَنَا ۚ هُوَ مَوْلٰىنَا ۚ وَعَلَى اللّٰهِ فَلْيَتَوَكَّلِ الْمُؤْمِنُوْنَ ﴿٥١﴾ (التّوبہ۹:۵۱)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَاِنْ يَّمْسَسْكَ اللّٰهُ بِضُرٍّ فَلَا كَاشِفَ لَهٗٓ اِلَّا هُوَ ۚ وَاِنْ يُّرِدْكَ بِخَيْرٍ فَلَا رَآدَّ لِفَضْلِهٖ ؕ يُصِيْبُ بِهٖ مَنْ يَّشَآءُ مِنْ عِبَادِهٖ ؕ وَهُوَ الْغَفُوْرُ الرَّحِيْمُ ﴿١٠٧﴾ (یونس۱۰:۱۰۷)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَمَا مِنْ دَآبَّةٍ فِي الْاَرْضِ اِلَّا عَلَى اللّٰهِ رِزْقُهَا وَيَعْلَمُ مُسْتَقَرَّهَا وَمُسْتَوْدَعَهَا ؕ كُلٌّ فِيْ كِتٰبٍ مُّبِيْنٍ ﴿٦﴾ (ھود۱۱:۶)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اِنِّيْ تَوَكَّلْتُ عَلَى اللّٰهِ رَبِّيْ وَرَبِّكُمْ ؕ مَا مِنْ دَآبَّةٍ اِلَّا هُوَ
اٰخِذٌۢ بِنَاصِيَتِهَا ؕ اِنَّ رَبِّيْ عَلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿٥٦﴾ (هود ١١:٥٦)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَكَاَيِّنْ مِّنْ دَآبَّةٍ لَّا تَحْمِلُ رِزْقَهَا ۖ اَللّٰهُ يَرْزُقُهَا
وَاِيَّاكُمْ ۚ وَهُوَ السَّمِيْعُ الْعَلِيْمُ ﴿٦٠﴾ (العنكبوت ٢٩:٦٠)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

مَا يَفْتَحِ اللّٰهُ لِلنَّاسِ مِنْ رَّحْمَةٍ فَلَا مُمْسِكَ لَهَا ۚ
وَمَا يُمْسِكْ ۙ فَلَا مُرْسِلَ لَهٗ مِنْۢ بَعْدِهٖ ؕ وَهُوَ الْعَزِيْزُ
الْحَكِيْمُ ﴿٢﴾ (فاطر ٣٥:٢)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَلَئِنْ سَاَلْتَهُمْ مَّنْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ
لَيَقُوْلُنَّ اللّٰهُ ؕ قُلْ اَفَرَءَيْتُمْ مَّا تَدْعُوْنَ مِنْ دُوْنِ
اللّٰهِ اِنْ اَرَادَنِيَ اللّٰهُ بِضُرٍّ هَلْ هُنَّ كٰشِفٰتُ ضُرِّهٖۤ اَوْ
اَرَادَنِيْ بِرَحْمَةٍ هَلْ هُنَّ مُمْسِكٰتُ رَحْمَتِهٖ ؕ قُلْ حَسْبِيَ
اللّٰهُ ؕ عَلَيْهِ يَتَوَكَّلُ الْمُتَوَكِّلُوْنَ ﴿٣٨﴾ (الزمر ٣٩:٣٨)

સૂરએ યાસીનની અપાર ફઝીલત : (વીસ હજ પઢવા બરાબર સવાબ)

(૧)

હદીસ : હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.) થી રિવાયત છે કે, હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) એ ફરમાવ્યુ: ''સૂરએ યાસીનને તવરાતમાં 'મુઅમ્મહ' કહેવામાં આવે છે! પૂછવામાં આવ્યુ : 'મુઅમ્મહ' શું ચીજ છે ? ફરમાવ્યું : દુનિયા અને આખિરતમાં પોતાના પઢનારા માટે ખૈરને આમ (વ્યાપક) કરે છે અને દુનિયાની મુસીબતને દૂર કરે છે અને પઢનાર વ્યકિતથી આખિરતની ગભરાહટ દૂર કરે છે અને ફેંસલો કરનારી (નિર્ણાયક) કુવ્વતે મુદાફઅત (નિવારક અને પ્રતિકારક શકિત) લાવે છે - પ્રદાન કરે છે અને પોતાના પઢનારથી દરેક પ્રકારની બુરાઈ દૂર કરે છે અને તેની દરેક હાજત પૂરી કરે છે. જે માણસ સૂરએ યાસીન પઢશે, તો તે એના માટે વીસ (૨૦) હજ પઢવા બરાબર (લેખવામાં આવે) છે અને જે વ્યકિત સૂરએ યાસીનને સાંભળશે, તો તે એના માટે અલ્લાહનાં રસ્તામાં એક હજાર દીનાર ખર્ચ કરવા બરાબર છે અને જે વ્યકિત એને લખશે, પછી પી લેશે, તો તે એના પેટમાં એક હજાર દવાઓ દાખલ કરી દેશે, તદુપરાંત (તેના માટે) એક હજાર નૂર અને એક હજાર યકીન અને એક હજાર બરકત અને એક હજાર રહમત છે અને તેના સીના (અંતરાત્મા)થી કીના-કપટ અને બીમારીને ખત્મ કરી દેશે.

(બયહકી ફી શોઅીબલ ઈમાન : ૨/૪૮૧
સંદર્ભ: આપકી મુશ્કિલાત કા હલ કુર્આની સૂરતોં સે : ૬૨/૬૩)

(૨)

☆ સૂરએ યાસીનની ફઝીલત ☆

મશહૂર અને મહાન તાબિઈ હઝરત અબૂ કલાબહ (રહ.) ફરમાવે છે કે, જે માણસ સૂરએ યાસીન પઢશે તો (એવુ લેખાશે) જાણે તેણે અગિયાર વાર કુર્આન મજીદ પઢયું.

(બયહકી ફી શોઅબિલ ઈમાન : ૨/૪૮૧, ફઝાઈલુસ્સુવર : ૬૫)

કદીસ : હઝરત અબૂ બક્ર સિદ્દીક (રદિ.)થી રિવાયત છે કે, હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું: જે માણસ જુમ્અહના દિવસે પોતાનાં માં-બાપની અથવા એમના પૈકી કોઈ એકની કબરની ઝિયારત કરે અને ત્યાં સુરએ યાસીન પઢે, તો એમની મગફિરત કરી દેવામાં આવશે. એક રિવાયતમાં છે કે, દરેક હર્ફ (અક્ષર) ના બદલે એમની મગફિરત કરી દેવામાં આવશે.

(ઇબ્ને અદી ફિલ કામિલ : ૫/૧૫૨, અબૂ નુઐમ ફી અખ્બારિ ઇસ્બહાન : ૧/૨૫, ઇબ્નુલ બિહાર ફી તારીખિહી ફી આખિરિહી, ફઝાઈલુસ્સુવર : ૬૭)

મહેમાન નો ઈકરામ કરવાની મહાન સઆદત અને મહેમાનગતિ (નવાઝી) કરવાની મહાન ફઝીલત :

બિરાદરાને ઈસ્લામ ! આપણા આંગણે પધારેલા મહેમાનનું સ્વાગત કરવું અને તેને ખવડાવવું-પિવડાવવું આપણા પ્યારા નબી (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની સુન્નત પણ છે અને આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નો હુકમ પણ, એની ઘણી ઘણી ફઝીલતો જણાવવામાં આવી છે. આથી આપે એક સ્થળે ફરમાવ્યું છે કે, જ્યારે કોઈ મહેમાન કોઈને ત્યાં આવે છે ત્યારે એ પોતાનું રિઝ્ક લઈને જ આવે છે. જ્યારે એને ત્યાંથી જાય છે ત્યારે મહેમાનગતિ કરનાર મિઝબાનના ગુનાહોંની બખ્શિશનું કારણ બને છે. હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) ત્યાં સુધી ખાવાનું ખાતા ન હતા, જ્યાં સુધી પોતાની સાથે કોઈ મહેમાનને ખાવામાં શામેલ કરી લેતા ન હતા અને ઘણી વખત જ્યારે ખાવાનો સમય આવતો અને સાથ ખાનારું કોઈ ન રહેતું, તો એની શોધખોળમાં નીકળી પડતા અને એક-બે માઈલ સુધી ચાલી નાંખતા, એટલા માટે જ હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ)નો ઈલ્કાબ ''અબુઝ ઝયફાન'' (એટલે કે મહેમાનો નો પિતા) મશહૂર થયો હતો. આપના મકાનના ચાર દરવાજા હતા અને આપ સતત એ જોતા રહેતા હતા કે મહેમાન કયા દરવાજેથી આવનાર છે. (તમ્બીહુલ ગાફિલીન)

હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ)ની વફાત વખતે હઝરત ઈસ્માઈલ (અલયહિસ્સલામ)એ પૂછયું કે, અબ્બાજાન ! આપના કયા અમલે આપને અલ્લાહ તઆલાના ખલીલ બનાવી દીધા ? આપે જવાબ આપ્યો કે, બેટા ! ત્રણ વાતોને કારણે હું અલ્લાહ તઆલાનો ખલીલ (દોસ્ત) બની ગયો હતો :

(૧) મેં અલ્લાહ તઆલાના હુકમને દરેક હુકમ પર પ્રાથમિકતા આપી અને તેની ઇતાઅત કરી (એટલે કે અલ્લાહ તઆલાની તમામ આજ્ઞાઓ અને હુકમોનું પાલન કર્યું.)

(૨) મેં પોતાના તમામ કામ અલ્લાહ તઆલાની કિફાલત અને ઝમાનત પર છોડી મુક્યા હતા.

(૩) મેં મહેમાન વગર ક્યારેય દિવસ કે રાત્રે ખાવાનું ખાધું ન હતું.

(તઝકિરતુલ વાઇઝીન : ૧૦૪)

નબીએ આખિરુઝ-ઝમાં (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, જે કોઈ વ્યક્તિ પોતાના ભાઈને એ વસ્તુ ખવડાવે કે જે એ ખાવા ઇચ્છે છે, તો અલ્લાહ તઆલા એના માટે દસ લાખ (૧૦,૦૦૦૦૦) નેકીઓ લખે છે, એના દસ લાખ (૧૦,૦૦૦૦૦) ગુનાહ માફ કરે છે અને તેના દસ લાખ (૧૦,૦૦૦૦૦) દરજ્જા બુલંદ કરે છે અને તેને ત્રણ જન્નતો એટલે કે (૧) જન્નતે ફિરદૌસ (૨) જન્નતે અદન અને (૩) જન્નતે ખુલ્દમાંથી ખાવાનું ખવડાવે છે. (ઇહયાઉલ ઉલૂમ)

અને ફરમાવ્યું કે, જ્યારે કોઈ માણસ અલ્લાહ તઆલા માટે પોતાના ભાઈની મહેમાનગતિ કરે છે અને તેનું કોઈ વળતર કે શુક્રિયા મેળવવા ઇચ્છતો નથી, તો અલ્લાહ તઆલા તેના ઘરમાં દસ ફરિશ્તાઓને મોકલી દે છે, જે આખા એક વર્ષ સુધી અલ્લાહ તઆલાની તસ્બીહ (સુબ્હાનલ્લાહ પઢવું) અને તહલીલ (લા ઇલા-હ ઇલ્લલ્લાહ પઢવું) અને તકબીર (અલ્લાહુ અકબર પઢવું) કરે છે અને તેના માટે મગફિરતની દુઆ કરતા રહે છે અને જ્યારે વર્ષ પૂરું થઇ જાય છે, તો એ ફરિશ્તાઓની આખા વર્ષની ઇબાદત જેટલી ઇબાદત તેના નામ-એ-આ'માલમાં લખી દેવામાં આવે છે

અને અલ્લાહ તઆલાને ઝિમ્મે એ છે કે તેને જન્નતુલ ખુલ્દ એટલે કે ક્યારેય ફના ન થનારી જન્નતમાંથી ખવડાવે. (કન્ઝુલ ઉમ્માલ)

અને ફરમાવ્યું કે, મહેમાનને ખાવાનું ખવડાવવામાં પાંચ વિશેષતાઓ છે :

(૧) માલ અને રિઝ્કમાં વધારો થાય છે.
(૨) એના ઘરમાંથી બીમારીઓ દૂર થાય છે.
(૩) અલ્લાહ તઆલા એ ઘરવાળાઓ પરથી મુસીબત ઉઠાવી લે છે.
(૪) કિયામત સુધી એ યજમાન (મિઝબાન)ની કબર નૂરથી રોશન રહેશે. અને
(૫) કિયામતમાં તેને અલ્લાહ તઆલાનો દીદાર અને મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની શફાઅત નસીબ થશે.

અને ફરમાવ્યું કે, જે કોઈએ મહેમાનને પેટ ભરીને ખાવાનું ખવડાવ્યું તો જાણે કે તેણે બની ઈસરાઈલના સાંઠ (૬૦) પયગંબરોને ખાવાનું ખવડાવીને સંતુષ્ટ કરી દીધા. અને ફરમાવ્યું કે, મહેમાનનું સમ્માન અને પરોણાગતિ અલ્લાહને ત્યાં સિત્તેર હજાર (૭૦,૦૦૦) રકઆત નફલ કરતાં પણ વધારે પસંદ છે અને ફરમાવ્યું કે, જે કોઈએ મહેમાનને પેટ ભરીને ખાવાનું ખવડાવ્યું તો તેણે પોતાની ઉપર જન્નત વાજિબ કરી લીધી અને જે કોઈએ મહેમાનથી ખાવાનું દૂર રાખ્યું તો અલ્લાહ તઆલા કિયામતના દિવસે તેને પોતાના ફઝ્લ અને કરમથી વંચિત રાખશે અને તેને ધગધગતી આગના સખત અઝાબમાં નાંખી દેશે.

(તઝકિરતુલ વાઈઝીન, પ્રકરણ : ૧૯, પેજ : ૧૦૫)

હવે તમેજ જુઓ કે મહેમાનનું માન-સમ્માન (એ'ઝાઝો-ઈકરામ) કરવામાં કેટલું બધું વળતર (અજ્ર-સવાબ) અને કેટલી બધી ફઝીલતો અને કેટલો બધો સવાબ છે.

પહેલી સફમાં ઊભા રહેવાની ફઝીલત

رُوِیَ اَنَّهٗ عَلَیْهِ السَّلَامُ قَالَ یُکْتَبُ لِلَّذِیْ خَلْفَ الْاِمَامِ بِحِذَائِهٖ فِی الصَّفِّ الْاَوَّلِ ثَوَابُ مِائَةِ صَلٰوةٍ وَّلِلَّذِیْ فِی الْاَیْمَنِ خَمْسَةٌ وَّسَبْعُوْنَ وَلِلَّذِیْ فِی الْیَسَارِ خَمْسُوْنَ وَلِلَّذِیْ فِیْ سَائِرِ الصُّفُوْفِ خَمْسَةٌ وَّعِشْرُوْنَ ۔ (حاشیہ کنز بحوالہ فتح الکبیر: ص:۲۷)

અર્થ : હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) એ (પહેલી સફમાં ઊભા રહેનાર મુસલ્લીઓ વિશે) ઇરશાદ ફરમાવ્યો : જે (મુસલ્લી) પહેલી સફમાં ઇમામની બિલ્કુલ પાછળ ઊભો રહે છે, તેના માટે ૧૦૦ નમાઝોનો સવાબ લખવામાં આવે છે અને જે લોકો પહેલી સફમાં (ઇમામની) જમણી તરફ ઊભા રહે છે, તેમના પૈકી દરેક માટે ૭૫ (પંચોતેર) નમાઝોનો સવાબ લખવામાં આવે છે અને જે લોકો પહેલી સફમાં ડાબી તરફ ઊભા રહે છે, તેમના (પૈકી દરેક) માટે ૫૦ (પચાસ) નમાઝોનો સવાબ લખવામાં આવે છે, ત્યાર બાદ બાકીની બધીજ સફોમાં ઊભા રહેનારાઓ પૈકી દરેકને પચ્ચીસ નમાઝોનો સવાબ મળે છે.

(હામિશ, કંઝુલ ઉમ્માલ, સંદર્ભ : ફત્હુલ કબીર : ૨૭)

કુરબાની વિશે :

☆ બેહતરીન કુરબાની ☆

ખસ્સી જાનવર-જ્યારે કે ગોશતના લિહાઝથી બેહતર હોય-તો એ અફઝલ છે. જો ફકીર-મોહતાજ લોકો વધુ હોય તો વધુ ગોશતવાળુ જાનવર અફઝલ છે અને જો હાજતમંદ લોકો ઓછા હોય તો પછી જે જાનવરની કિંમત વધુ હોય અને ગોશત ઉમદા હોય તો તે જાનવર અફઝલ છે. (કિફાયતુલ મુફ્તી) મોટું-તાજું-માજું જાનવર દુબળા જાનવરથી અફઝલ છે. (મઝાહિરે હક જદીદ) નર જાનવરથી માદા જાનવર અફઝલ છે. (મસાઈલે ઈદૈન) જે કુરબાનીની કિંમત વધુ હોય તે કુરબાની બેહતર છે. (ફતાવા મુહમ્મદિય્યહ)

☆ કુરબાનીનું જાનવર બચ્ચું અવતરે તો ?... ☆

ગર્ભવંતા (હમલવાળા) જાનવરને ઝબહ કરવું જાઈઝ છે, અલબત્ત જે જાનવરને બચ્ચું પેદા થવાની મુદ્દત બહુ નજીક આવી ગઈ હોય તો એને ઝબહ કરવું મકરૂહ છે. (ફતાવા મુહમ્મદિય્યહ : ૧/૧૪૦)

કુરબાનીના જાનવરને ઝબહ કરતાં પહેલાં જો બચ્ચું પેદા થઈ ગયું અથવા ઝબહ કરતી વખતે એના પેટમાંથી જીવતુ બચ્ચુ નિકળી આવ્યું તો એને પણ ઝબહ કરી દેવું જાઈએ. (બદાઈઅ-જ. ફિક્હ : ૧/૪૫૧)

જો બચ્ચું ઝબહ ન કર્યુ, એટલે સુધી કે કુરબાનીના દિવસો (પણ) પસાર થઈ ગયા તો એ જીવતા બચ્ચાને સદકહ કરી દેવું જોઈએ અને જો કુરબાની ના દિવસો પછી ઝબહ કરીને ખાઈ લીધું તો એની

કિંમતનો સદકહ કરી દેવામાં આવશે. (શામી : ૫/૨૦, મ. ઈદૈન : ૧૫૫)

જો બચ્ચાને પાળી લીધું અને મોટું થયા પછી કુરબાની કરી લીધી તો એની વાજિબ કુરબાની અદા થશે નહીં અને એનો પૂરો ગોશ્ત સદકહ કરી દેવો વાજિબ છે અને જો કુરબાની વાજિબ હતી તો બીજી કુરબાની કરવી વાજિબ છે. (મ. ઈદૈન : ૧૫૫)

☆ કર્ઝ લઈને કુરબાની કરવાનો હુકમ ☆

કર્ઝ લઈને કુરબાની કરવી બેહતર નથી, જ્યારે કે વાજિબ નથી...કર્ઝદાર લોકો-જો કર્ઝ એમના માલને આવરી-ઘેરી લેતું હોય (અર્થાત એમનું કર્ઝ એમની સંપત્તિ જેટલું યા એનાથી વધુ હોય) તો કુરબાની ન કરે, છતાં જો કુરબાની કરી લેશે તો અદા થઈ જશે. (ફિકાયતુલ મુફ્તીઃ ૮/૨૦૭) (જો કે) કર્ઝદાર માણસે કર્ઝ અદા કરવાની ફિકર કરવી જોઈએ, એ કુરબાની ન કરે, છતાં જો એણે કુરબાની કરી લીધી તો સવાબ મળશે. (ઈમ્દાદુલ મુફ્તીન : ૨/૯૬૧)

જો પોતાની જરૂરતથી વધારાની કોઈ ચીજ વેચીને કુરબાની કરી શકે તો, વાજિબ થશે, નહિતર વાજિબ નહીં થાય.

(ઈમ્દાદુલ ફતાવા : ૩/૫૫૩)

☆ કુરબાની પોતે કરે યા બીજી જગ્યાએ રકમ મોકલી દે ? ☆

જો વિદેશમાં વસતા મુસ્લિમો પોતાની કુરબાની હિન્દુસ્તાનમાં કરાવે તો કુરબાની કોઈ પ્રકારના હરજ કે વાંધા વગર અદા થઈ જશે, બેહતર એ છે કે કુરબાનીનું જાનવર પોતે પસંદ કરીને, એની બરાબર ખિદમત કરીને એની સાથે મુહબ્બતભર્યો સંબંધ ઉત્પન્ન કરે, કારણ કે આ અમલ એક મહા સવાબનું નિમિત્ત બનવાવાળો છે, એટલું જ

નહીં, બલ્કે અવલાદની કુરબાનીના સમકક્ષ છે, અર્થાત એને કુરબાન કરવું અવલાદને કુરબાન કરવા સમાન છે. મુસ્તહબ છે કે પોતાના હાથે ઝબહ કરે, જો ઝબહ ન કરી શકે તો (કમ સે કમ) આ મુબારક સમયે હાજર રહે. પોતાની કુરબાનીમાંથી ખાવું (પણ) મુસ્તહબ છે...બીજા સ્થળે કુરબાની કરાવવાથી ઉપર્યુક્ત બરકતોથી મહરૂમ રહેવું પડે છે. જો કોઈ ઉઝર યા શરઈ મસ્લિહતને કારણે કુરબાની બીજા કોઈ ઠેકાણે કરાવવામાં આવતી હોય તો પૂરેપૂરા અજરની-સવાબની, બલ્કે વધુ સવાબ મળવાની પણ ઉમ્મીદ કરી શકાય છે. નિય્યત અને સહીહ તરીકા પર (બધો) આધાર છે...

(ફતાવા રહીમિય્યહ : ૨/૮૫)

અતિ ટૂંકા સમય (સરેરાશ પાંચ મિનિટ)માં કિયામત સુધી એક અબજ અને અડસઠ કરોડ (૧,૬૮૦૦૦૦૦૦) નેકીઓ મેળવવાનો મસ્નૂન અમલ

હદાસ : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) થી રિવાયત છે કે, હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : હઝરત મૂસા ઈબ્ને ઈમરાન (અલૈ.) હઝરત જિબ્રઈલ (અલૈ.) ને મળ્યા. હઝરત જિબ્રઈલ (અલૈ.)એ હઝરત મૂસા (અલૈ.)ને કહ્યું : જો કોઈ માણસ આયતુલ કુર્સી આટલી આટલી વાર પઢશે, તો તેને આટલો અજર-સવાબ મળશે. હઝરત મૂસા (અલૈ.)એના પર અમલ કરવાની શક્તિ ધરાવતા ન હતા, જેથી હઝરત મૂસા (અલૈ.)એ પોતાના પરવરદિગારની બારગાહમાં દુઆ

ગુઝારી કે, તે એમને આ (અજ્ર-સવાબ)થી કમઝોર (મહરૂમ) ન કરી દે. પછી હઝરત જિબ્રઈલ (અલૈ.) બીજી વાર આવ્યા અને હઝરત મૂસા (અલૈ.)ને કહ્યું : આપનો રબ ફરમાવે છે કે, જે માણસ દરેક ફર્ઝ નમાઝ પછી એકવાર આ પ્રમાણે (દુઆ) પઢે :

اَللّٰهُمَّ اِنِّیْ اُقَدِّمُ اِلَیْکَ بَیْنَ یَدَیْ کُلِّ نَفَسٍ وَّلَمْحَةٍ وَّلَحْظَةٍ وَّطَرْفَةٍ یَّطْرِفُ بِهَا اَهْلُ السَّمٰوٰتِ وَاَهْلُ الْاَرْضِ فِیْ کُلِّ شَیْءٍ هُوَ فِیْ عِلْمِکَ کَائِنٌ اَوْقَدْ کَانَ، اُقَدِّمُ اِلَیْکَ بَیْنَ یَدَیْ ذٰلِکَ کُلِّهٖ۔

(અને) ત્યાર બાદ "આયતુલ કુર્સી" પઢે, તો રાત-દિવસના ચોવીસ કલાક થાય છે, દરેક કલાકમાં તે માણસ તરફથી મારી પાસે "કિયામત સુધી સાત કરોડ (૭,૦૦૦૦૦૦૦) નેકીઓ" આવતી રહેશે અને ફરિશ્તાઓ તે નેકીઓને લખવામાં મશગૂલ રહેશે.

(અલ હાકિમ, સંદર્ભ : કન્ઝુલ ઉમ્માલ : ૨/૧૩૧-૧૩૨, હદીસ ક્રમાંક : ૩૪૬૮)

.....

ઉપરોક્ત દુઆનો અર્થ : હે અલ્લાહ ! હું દરેક શ્વાસ, દરેક ક્ષણ, દરેક પલક અને દરેક એવા સમયમાં કે જેમાં આકાશો અને પૃથ્વીવાસીઓ પોતાની આંખોને એવી ચીજોની મશગૂલીમાં પલકાવે છે કે જે તારા ઈલ્મ અનુસાર અસ્તિત્વમાં આવી ચુકી છે અથવા ભવિષ્યમાં અસ્તિત્વમાં આવશે, (બલ્કે) હું તો ઉપરોક્ત ચીજોથી આગળ વધીને તારી સમક્ષ આયતુલ કુર્સીને પેશ કરું છુ.

આયતુલ કુર્સી

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۚ اَلْحَيُّ الْقَيُّوْمُ ۚ لَا
تَاْخُذُهٗ سِنَةٌ وَّلَا نَوْمٌ ؕ لَهٗ مَا فِي السَّمٰوٰتِ
وَمَا فِي الْاَرْضِ ؕ مَنْ ذَا الَّذِيْ يَشْفَعُ
عِنْدَهٗٓ اِلَّا بِاِذْنِهٖ ؕ يَعْلَمُ مَا بَيْنَ اَيْدِيْهِمْ
وَمَا خَلْفَهُمْ ۚ وَلَا يُحِيْطُوْنَ بِشَيْءٍ مِّنْ عِلْمِهٖٓ
اِلَّا بِمَا شَآءَ ۚ وَسِعَ كُرْسِيُّهُ السَّمٰوٰتِ
وَالْاَرْضَ ۚ وَلَا يَـُٔوْدُهٗ حِفْظُهُمَا ۚ وَهُوَ
الْعَلِيُّ الْعَظِيْمُ ﴿٢٥٥﴾ (البقرة ٢:٢٥٥)

આ નહીં પણ આ ....

યા રસૂલુલ્લાહ (સલ.)!	યા રસૂલલ્લાહ (સલ.)!
યા હબીબુલ્લાહ (સલ.)!	યા હબીબલ્લાહ (સલ.)!
યા નબીયુલ્લાહ (સલ.)!	યા નબિય્યલ્લાહ (સલ.)!
યા અરહમુર્રાહિમીન!	યા અરહમર્રાહિમીન!
યા ઝુલ્ જલાલિ વલ્ ઈકરામ!	યા ઝલ્ જલાલિ વલ્ ઈકરામ!
યા રબ્બુલ આલમીન!	યા રબ્બલ આલમીન!

ચુનંદા અશઆર

ખલ્કકે રાંદે હૂએ, દુન્યાકે ઠુકરાએ હૂએ,
આએ હૈં અબ તેરે દર હાથ ફૈલાએ હૂએ,
ખ્વાર હૈં, બદકાર હૈં, ડૂબે હૂએ ઝિલ્લતમેં હૈં,
કુછ ભી હૈં, લેકિન તેરે મહબૂબકી ઉમ્મતમેં હૈં,
હક પરસ્તોંકી અગર કી તૂને દિલજોઈ નહીં,
તઅ્ના દેંગે બુત પરસ્ત કે મુસ્લિમકા ખુદા કોઈ નહીં.

-આગા હશ્ર કાશ્મીરી

.....

શબ્દાર્થ : રાંદે હૂએ : હડધૂત થયેલા. દિલજોઈ : સહાનુભૂતિ.

****

અફરાદકે હાથોંમેં હૈ અકવામકી તકદીર,
હર ફર્દ હૈ મિલ્લતકે મુકદ્દર કા સિકંદર.

****

બેહિસાબ સવાબ અને ફઝીલતવાળા કલિમાત


لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ ط

اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ
وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ ط

سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَآ اِلٰهَ
اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ وَلَا حَوْلَ
وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ ط


سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ
سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط
سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ وَبِحَمْدِهٖ

●●●

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ
اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ۝

●●●

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، اَلْحَمْدُ لِلّٰهِ ط
لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ ط تَبٰرَكَ اللّٰهُ ط

●●●

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط
اَسْتَغْفِرُ اللّٰهَ ط

●●●

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط
سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ وَبِحَمْدِهٖ ، اَسْتَغْفِرُ اللّٰهَ ط

●●●

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ
سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ وَبِحَمْدِهٖ
اَسْتَغْفِرُ اللّٰهَ ط

●●●

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط
اَسْتَغْفِرُ اللّٰهَ الْعَظِيْمَ وَاَتُوْبُ اِلَيْهِ ط

●●●

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ ط

●●●

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ ط

●●●

اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ ط

●●●

બેહિસાબ સવાબ અને મહાન ફઝીલતવાળા દુરૂદ શરીફ

جَزَى اللّٰهُ عَنَّا مُحَمَّدًا مَّا هُوَ اَهْلُهٗ ط

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ فِى الْاَوَّلِيْنَ
وَالْاٰخِرِيْنَ وَفِى الْمَلَاِ الْاَعْلٰى اِلٰى يَوْمِ الدِّيْنِ ط

દુરૂદે ઈબ્રાહીમ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ
كَمَا صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ
اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط اَللّٰهُمَّ
بَارِكْ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا
بَارَكْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ
اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

સો (૧૦૦) હજથી અફઝલ અમલ

યહ્યા બિન યહ્યા (રહ.) બયાન કરે છે કે, જ્યારે ઈમામ માલિક (રહ.)નો મરણકાળ નજીક આવવા માંડયો, તો આપની અંતિમ મુલાકાતથી ફૈઝવંત થવા અને આપની નસીહતોથી લાભાન્વિત થવાની નેક નિય્યતે મદીના મુનવ્વરહ અને બીજા શેહરોમાંથી ૧૩૦ જેટલા ઉલમાએ કિરામ અને ફુકહાએ ઈઝામ ઈમામ સાહેબ (રહ.)ના મકાનમાં એકત્ર થયા... યહ્યા બિન યહ્યા (રહ.) કહે છે કે, ઉપસ્થિત ઉલમાએ કિરામ અને ફુકહાએ ઈઝામને નસીહતો કર્યા પછી ઈમામ માલિક (રહ.)એ રબીઅૂની એક રિવાયત બયાન કરી કે, "કોઈ માણસને નમાઝના મસાઈલ બતાવવા, એ સમગ્ર પૃથ્વીની તમામ દોલત સદકહ કરવાથી બેહતર છે અને કોઈ માણસની દીની ઉલઝન (મુંઝવણ) દૂર કરી દેવી, એ સો (૧૦૦) હજ કરવાથી અફઝલ છે..." અને ઈમામ સા. (રહ.)એ ઈબ્ને શિહાબ ઝોહરી (રહ.)ની રિવાયતના આધારે બતાવ્યું કે, "કોઈ માણસને દીની મશ્વેરો આપવો, દીની સલાહ-સૂચન કરવા, એ સો (૧૦૦) ગઝવાતમાં જિહાદ કરવાથી બેહતર છે."

રિવાયતકર્તા કહે છે કે, ઈમામ માલિક (રહ.)ના આ અંતિમ બોલ હતા. ત્યાર બાદ આપ અલ્લાહની રહમતમાં પોઢી ગયા... રહમતુલ્લાહિ અલયહિ રહમતંવ વાસિઅહ.

(શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિસ દહેલવી રહ. કૃત 'બુસ્તાનુલ મુહદ્દિસીન': ૧૩૯, હર વાકિઅહ બે-મિસાલ: ૧૨૭)

તાલિબે ઈલ્મ પર ખર્ચ કરવાનો સવાબ

"ફઝાઈલુલ્ ઈલ્મિ વલ્ ઉલમાઅ્" માં હદીસ મન્કૂલ છે કે, "જે માણસે કોઈ તાલિબે ઈલ્મને એક દિર્હમ અર્પણ કર્યો, તો જાણે તેણે અલ્લાહના રસ્તામાં ઉહદ પહાડ સમાન સોનું ખયરાત કર્યું."

(ફતાવા રહીમિય્યહ : ૨/૬, શમાઈલે કુબરા : ૯/૫૮)

દસ કરોડ નેકીઓ મળશે

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ (રદિ.) ફરમાવે છે કે, જેણે રાતની ઈબાદતમાં આ (નિમ્નલિખિત) ઝિક્ર કર્યો (આ કલિમાત પઢયા) તો તેને દસ કરોડ નેકીઓ મળશે :

"سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ۔"

"સુબ્હાનલ્લાહિ, વલ્હમ્દુલિલ્લાહિ, વ લા ઈલા-હ ઈલ્લલ્લાહુ, વલ્લાહુ અકબર, વ લા હવ્લ વ લા કુવ્વ-ત ઈલ્લા બિલ્લાહ."

(અર્થ : અલ્લાહની ઝાત પાક છે અને તમામ પ્રકારની તારીફ અલ્લાહ માટેજ છે અને અલ્લાહના સિવાય કોઈ મા'બૂદ નથી અને અલ્લાહ ઘણો મહાન છે અને બુરાઈથી બચવાની કશી તાકત નથી તથા નેકી કરવાની કશી કુવ્વત નથી, પરંતુ અલ્લાહ તઆલાની મદદથી.)

(મુખ્તસરુ કિયામિલ્લયલ : ૪૭, સંદર્ભ : મવલાના ઈમ્દાદુલ્લાહ અનવર (ઉસ્તાદ : જામિઅહ કાસિમુલ ઉલૂમ-મુલ્તાન) કૃત 'અકાબિરકા મકામે ઈબાદત : અકાબિરકી રાતેં' પૃષ્ઠ : ૬૦)

ઝુલ્મ, આફત, મુસીબત, જાદૂ અને શયતાનની શરારતથી હિફાઝતની દુઆ

નીચે દર્શાવેલી દુઆ હુઝૂર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ પોતાના ખાસ ખાદિમ હઝરત અનસ બિન માલિક (રદિ.)ને અચાનક આવી પડતી મુસીબતો અને દુર્ઘટનાઓથી બચવા માટે તથા દુનિયા અને આખિરતની ભલાઈ પ્રાપ્ત કરવા માટે શિખવાડી હતી. હઝરત અનસ (રદિ.)ના વાલિદહના તકાઝા અને ખ્વાહિશ પર હુઝૂર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ હઝરત અનસ (રદિ.)ને આ દુઆથી મુશર્રફ (ગૌરવવંત) અને મખ્સૂસ ફરમાવ્યા હતા. દુનિયા અને આખિરતની ભલાઈથી છલોછલ આ દુઆની બરકતથી તેઓ દરેક પ્રકારના ઝુલ્મ-સિતમ અને ફિત્નાઓથી મહફૂઝ રહ્યા. તદુપરાંત, અલ્લાહ તઆલાએ આ નબવી દુઆની બરકતથી એમની ઉમર, માલ અને અવલાદમાં ખૂબ બરકત અતા ફરમાવી. એમની ઉમર સો (૧૦૦) વર્ષને આંબી ગઈ હતી. એમનો બાગ વર્ષમાં બે વાર ફળ આપતો હતો. આ તો દુનિયાની બરકતો હતી. બાકી આખિરતની બરકતોનો અંદજો કોણ માંડી શકે છે ?..... ઘણા સહાબએ કિરામ (રદિ.)નો આ દુઆ પઢવાનો મા'મૂલ (નિત્યક્રમ) રહ્યો હતો. સવાર-સાંજ એક વખત આ દુઆ પઢયા કરો. ઝાલિમના ઝુલ્મથી, જાદૂગરના જાદૂથી, શયનાનની શરારતથી અલ્લાહ તઆલા હિફાઝત ફરમાવશે અને કોઈ પ્રકારની તકલીફ અને આફત પહોંચશે નહિ. તદુપરાંત, દીન અને દુનિયાની ખૈર પ્રાપ્ત થશે ઈન્શા અલ્લાહ.દુઆ આ પ્રમાણે છે:

بِسْمِ اللّٰهِ وَالْحَمْدُلِلّٰهِ، مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ،لَاقُوَّةَ اِلَّا بِاللّٰهِ، بِسْمِ اللّٰهِ عَلٰى دِيْنِىْ وَنَفْسِىْ، بِسْمِ اللّٰهِ عَلٰى اَهْلِىْ وَمَالِىْ، بِسْمِ اللّٰهِ عَلٰى كُلِّ شَىْءٍ اَعْطَانِيْهِ رَبِّىْ، بِسْمِ اللّٰهِ خَيْرِالْاَسْمَاءِ، بِسْمِ اللّٰهِ رَبِّ الْاَرْضِ وَالسَّمَآءِ،بِسْمِ اللّٰهِ الَّذِىْ لَايَضُرُّمَعَ اِسْمِهٖ دَاءٌ، بِسْمِ اللّٰهِ افْتَتَحْتُ وَعَلَى اللّٰهِ تَوَكَّلْتُ،لَاقُوَّةَ اِلَّابِاللّٰهِ،لَاقُوَّةَ اِلَّابِاللّٰهِ، لَاقُوَّةَ اِلَّابِاللّٰهِ، اَللّٰهُ اَكْبَرُ، اَللّٰهُ اَكْبَرُ، اَللّٰهُ اَكْبَرُ، لَآاِلٰهَ اِلَّااللّٰهُ الْحَلِيْمُ الْكَرِيْمُ، لَآاِلٰهَ اِلَّااللّٰهُ الْعَلِّيُّ الْعَظِيْمُ، تَبَارَكَ اللّٰهُ رَبُّ السَّمٰوٰتِ السَّبْعِ وَرَبُّ الْعَرْشِ الْعَظِيْمِ، وَرَبُّ الْاَرْضِيْنَ، وَمَابَيْنَهُمَا،وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ، عَزَّجَارُكَ وَجَلَّ ثَنَاؤُكَ وَلَآاِلٰهَ غَيْرُكَ،اِجْعَلْنِىْ فِىْ جَوَارِكَ مِنْ شَرِّ كُلِّ ذِىْ شَرٍّ، وَمِنْ شَرِّالشَّيْطَانِ الرَّجِيْمِ،اِنَّ وَلِيِّ ےَ اللّٰهُ الَّذِىْ نَزَّلَ الْكِتَابَ وَهُوَ يَتَوَلَّى الصَّالِحِيْنَ، فَاِنْ تَوَلَّوْا فَقُلْ حَسْبِىَ اللّٰهُ لَآاِلٰهَ اِلَّا هُوَ، عَلَيْهِ تَوَكَّلْتُ وَهُوَرَبُّ الْعَرْشِ الْعَظِيْمِ ط

(અલ્લામહ જલાલુદ્દીન સુયૂતી રહ. કૃત ' જમઉલ જવામિઅ' 'તારીખે ઇબ્ને અસાકિર', અબુશશેખ રહ. કૃત 'કિતાબુસ્સવાબ', શૈખ અબ્દુલહક મુહદ્દિસ રહ. કૃત 'ઇસ્તીનાસુ અનવારિલ કબ્રિ ફી શર્હિ દુઆએ અનસ' સંદર્ભઃ આપકે મસાઇલ ઔર ઉનકા હલ': ૮/૨૩૩-૨૩૪, કન્ઝુલ ઉમ્માલઃ ભાગ-૨, પેજ : ૨૮૨/૨૮૩)

તસ્બીહ પઢવાની ફઝીલત
(વિતેલા વર્ષોનાં ગુનાહો માફ)

હદીસ શરીફમાં છે :

"مَنْ سَبَّحَ عِنْدَ غُرُوْبِ الشَّمْسِ سَبْعِيْنَ تَسْبِيْحَةً غُفِرَ لَهٗ سَائِرُ عَمَلِهٖ"

"મન સબ્બહ ઇન્દ ગુરૂબિશશામ્સ સબ્ઈન તસ્બીહતન ગુફિર લહૂ સાઇરુ અમલિહી."

(અર્થ : જે માણસે ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) વખતે સિત્તેર (૭૦) વાર તસ્બીહ سُبْحَانَ اللّٰهِ (સુબ્હાનલ્લાહ) પઢી, તો અલ્લાહ તઆલા તેના પાછલા (વિતેલા વર્ષોના) દરેક પ્રકારના અમલ (ગુનાહ) માફ ફરમાવી દેશે.)

(દયલમી, કન્ઝુલ ઉમ્માલ : ૧/૪૭૩, હદીષ ક્રમાંક : ૨૦૫૭)

નોટ : સિત્તેર વાર તસ્બીહ (સુબ્હાનલ્લાહ) પઢવામાં માત્ર એક મિનિટ જેટલોજ સમય લાગે છે.

દુરૂદ શરીફની બરકત

શૈખ ઝર્રૂક (રહ.)એ લખ્યું છે કે, 'દલાઈલુલ ખયૂરાત'નાં સંપાદકની કબરમાંથી મુશ્ક-અંબરની ખુશ્બૂ આવે છે, જે દુરૂદ શરીફની બરકત છે. (ઝાદુસ્સઈદ)

એક દિવસમાં વીસ (૨૦) સલામ કરવાની ફઝીલત

હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને ઉમર (રદિયલ્લાહુ તઆલા અન્હુમા) હુઝૂર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી રિવાયત કરે છે કે, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : "જે માણસે એક દિવસમાં વીસ (૨૦) સલામ કર્યા, –ચાહે જમાઅતને કર્યા હોય અથવા એકલ-દોકલ લોકોને કર્યા હોય– અને તેજ દિવસે તેનો ઇન્તિકાલ થઈ ગયો, તો તેના માટે જન્નત લાઝિમ છે."

(તબરાની, મજ્મઉઝ્ ઝવાઇદ : ૮/૩૦, શમાઇલે કુબ્રા : ૩/૪૩૪)

અમુક આ'માલ અતિ સરળ,આસાન અને લક્ષપાત્ર હોય છે. તે પૈકી એક અમલ આ પણ છે. આ જ કારણે સહાબ-એ-કિરામ (રદિ.)થી પુષ્કળ પ્રમાણમાં સલામ કરવાનું મન્કૂલ છે.

જુમ્અહના દિવસે નખ કાપવાની ફઝીલત

નખ કાપવા એ માણસની એક જરૂરત છે, પરંતુ જો સુન્નતની પેરવી કરવાની નિય્યતે નખ કાપવામાં આવે, તો સવાબ પણ મળશે અને જુમ્અહની બરકતથી આગામી જુમ્અહ સુધી શરારતો અને ફિત્નાઓથી હિફાઝત પણ થશે.

હઝરત આઇશા (રદિ.)થી રિવાયત છે કે, હુઝૂર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું :

"મન કલ્લ-મ અઝ્ફા-રહા યવમલ્ જુમુઅતિ વુકિ-ય મિનસ્સૂઇ ઇલા મિષ્લિહા."

(અર્થ : જે માણસ જુમ્અહના દિવસે નખ કાપશે, તો તે બીજી (આગામી) જુમ્અહ સુધી બુરાઇથી મહફૂઝ રહેશે.)

(તબરાની ફિલ અવસત : ૫/૩૭૫, હદીષ ક્રમાંક : ૪૭૪૩)

અલ્લાહવાળાઓ સાથે મુહબ્બત રાખો

હઝરત અબૂ જઅફર સીદલાની (રહ.) નામે બુઝુર્ગ કહે છે કે, એક વાર રહમતુલ લિલ આલમીન સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને મેં ખ્વાબમાં જોયા, મેં જોયું કે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સાથે સૂફિયાએ કિરામની એક જમાઅત બેઠી છે. એવામાં આકાશેથી બે ફરિશ્તા ઉતર્યા. એકના હાથમાં ઝારી હતી અને બીજાના હાથમાં મોટી થાળી. ધરતી અને આકાશમાં સૌને માટે કૃપારૂપ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ પ્રથમ હાથ મુબારક ધોયા. પછી દુરવેશો હાથ ધોવા લાગ્યા. મારો વારો આવ્યો તો દુરવેશોમાંથી એક જણ કહેવા લાગ્યો : ''એ માણસ તો આપણાંમાંનો નથી.''

આ સાંભળીને મેં અતિ અદબથી અરજ કરી : ''યા રસૂલલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ! આપ માનવંતે ફરમાવ્યું છે કે, માણસ જે લોકો સાથે મુહબ્બત રાખશે તે એમનામાંનો ગણાશે.'' હું તો આ અલ્લાહવાળાઓ સાથે મુહબ્બત રાખું છું. સકળ સુષ્ટિ માટે દયાના સાગર હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરિશ્તાઓને હુકમ દીધો કે, એ શખ્સનાય હાથ ધોવડાવો.

(હઝરત ઈમામ ગઝાલી રહ. કૃત કીમિયાએ સઆદત, ભાષાંતર પ્રૉ. મલિક મુહમ્મદ ઈનાયતુલ્લાહ, એમ.એ. પેજ : ૭૪૮, સાચા સપનાં : ૮૫)

દુખિયારાની મદદ

હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઇરશાદ ફરમાવ્યો કે :

"જે માણસ કોઈ દુખિયારાની મદદ કરે, અલ્લાહ તઆલા તેના માટે તોત્તેર (૭૩) મગફિરત લખશે. જેમાંથી એક મગફિરત તો તેના તમામ કામોની સુધારણા માટે પૂરતી છે અને બોત્તેર (૭૨) મગફિરત કિયામતના દિવસે તેના માટે દરજજાત બની જશે."

(બયહકી, હયાતુલ મુસ્લિમીન)

કર્ઝની અદાયગીની નિય્યત

હુઝૂરે અકદસ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઇરશાદ છે કે :

"જે માણસ કર્ઝ લે છે અને તેને અદા કરવાનો ઇરાદો રાખે છે, કિયામતના દિવસે ખુદા તેના તરફથી તે કર્ઝ અદા કરી દેશે અને જે (માણસ) કર્ઝ લઈને અદા કરવા નથી ચાહતો અને એજ હાલતમાં મરી જાય છે (તો) કિયામતના દિવસે ખુદા તેનાથી ફરમાવશે કે :

" હે મારા બંદા ! તેં કદાચ વિચાર્યું હશે કે હું મારા બંદાનો હક તારાથી ન લઈશ."

તે પછી કર્ઝદારની કેટલીક નેકીઓ કર્ઝખ્વાહને (કર્ઝ આપનારને) આપવામાં આવશે અને જો કર્ઝદારે નેકીઓ ન કરી હશે તો કર્ઝખ્વાહના કેટલાક ગુનાહ લઈને કર્ઝદારને આપવામાં આવશે."

(તબરાની, હાકિમ)

કર્ઝદારને મુહલત આપવી

ફરમાવ્યું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એ : "જ્યાં સુધી કર્ઝ અદા કરવાના વાયદાનો વખત આવ્યો ન હોય ત્યાં સુધી કોઈ ગરીબને મુહલત (છૂટ) આપે તો દરરોજ એટલો સવાબ મળે છે, જેમ કે એટલા રૂપિયા ખયરાત આપી દીધા અને જ્યારે એનો (કર્ઝ અદા કરવાનો) સમય આવી જાય અને પછી મુહલત આપે તો દરરોજ એવો સવાબ મળે છે, જેમ કે એટલા રૂપિયાથી બમણા રૂપિયા દરરોજ ખયરાત કરી દીધા." (બેહિશ્તી ઝેવર)

એક ઘણોજ જરૂરી ખુલાસો અને વિનંતી

મારા દીની ભાઈઓ અને બહેનો !

તમામ નેક અમલો અને નેકીના કામો, સવાબના કામો, સવાબે જારિઅહના કામો, નમાઝ, રોઝા, હજ, ઝકાત, ઝિક્ર, તિલાવત વગેરે વગેરે..... ફકત અને ફકત અલ્લાહને રાઝી અને ખુશ કરવા માટેજ કરવામાં આવે, નિય્યત ફકત અને ફકત અલ્લાહની રઝામંદીજ હોય તોજ તે અમલોનો સવાબ મળશે, નહિ તો સવાબ મળશે નહિ.

માટે મારા ભાઈઓ અને બહેનો ! આપણી નિય્યતોને સહીહ કરવાની બેહદ જરૂર છે, તમામ અમલોનો દારોમદાર નિય્યત ઉપર જ છે, કે આ અમલ કરવા પાછળ નિય્યત શું હતી ? અલ્લાહ પાકને તો દિલોનાં ભેદ ખૂબજ ખબર છે, માટે અલ્લાહ પાક તમામને અમલ કરવાની તૌફીક આપે, અંતમાં દુઆ છે કે અલ્લાહ તઆલા આ કોશિશોને કબૂલ ફરમાવે અને મુસલમાનોંના માટે ફાયદા કારક બનાવે. (આમીન. યા રબ્બલ આલમીન.)

ગુનાહોથી માફી, મકસદમાં કામયાબી અને શયતાનથી હિફાઝતની દુઆ

હદીસ : હઝરત આઈશા (રદિ.) બયાન ફરમાવે છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યુ કે : જ્યારે અલ્લાહ તઆલા એ હઝરત આદમ (અલૈ.)ને જમીન પર ઉતાર્યા તો તેઓ ઉઠીને કઅબા પાસે આવ્યા અને બે રકાત નમાઝ પઢીને આ દુઆ (અલ્લાહ તરફથી ઈલ્હામ પ્રમાણે) પઢી. અલ્લાહ તઆલાએ તેજ વખતે વહી મોકલી કે " એ આદમ ! મે તારી તૌબા કબૂલ કરી અને તારા ગુનાહ માફ કર્યા અને જે કોઈ આ કલિમાત પઢી દુઆ કરશે હું એના પણ ગુનાહ માફ કરી દઈશ. અને એના મકસદમાં કામયાબી આપીશ અને શયતાનને એની પાસે આવવાથી રોકીશ અને દુનિયા એના દરવાજા ઉપર નાક રગડતી ચાલી આવશે. જોકે તે એને જોઈ ન શકે. એ દુઆ આ પ્રમાણે છે :

اَللّٰهُمَّ اِنَّکَ تَعْلَمُ سِرِّیْ وَعَلَانِیَّتِیْ فَاَقْبَلْ مَعْذِرَتِیْ وَتَعْلَمُ حَاجَتِیْ فَاَعْطِنِیْ سُؤَالِیْ وَتَعْلَمُ مَافِیْ نَفْسِیْ فَاغْفِرْلِیْ ذَنْبِیْ، اَللّٰهُمَّ اِنِّیْ اَسْئَلُکَ اِیْمَانًا یُّبَاشِرُ قَلْبِیْ وَیَقِیْنًا صَادِقًا حَتّٰی اَعْلَمَ اَنَّهٗ لَایُصِیْبُنِیْ اِلَّا مَا کَتَبْتَ لِیْ وَرِضًا بِمَا قَسَمْتَ لِیْ یَا اَرْحَمَ الرَّاحِمِیْنَ ط (طبرانی وبیہقی)

અલ્લાહુમ્મ ઈન્નક તઅ્લમુ સિર્રી વ અલાનિય્યતી ફ-અકબલ્ મઅ્ઝિરતી વ તઅ્લમુ હાજતી ફ-અઅ્તિની સુઆલી વ તઅ્લમુ મા-ફી નફ્સી ફગ્ફિરલી ઝમ્બી. અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલુક ઈમાનંય્યુબાશિરુ કલ્બી વ યકીનન સાદિકન હત્તા અઅ્લમ અન્નહૂ લા યુસીબુની ઈલ્લા મા કતબ્ત લી વ રિદમ બિમા કસમ્ત લી યા અરહમર્રાહિમીન.

અર્થ : એ અલ્લાહ! તું મારી છુપી અને જાહેરી હાલતને જાણે છે, તો મારી મઅ્ઝિરત કબૂલ ફરમાવ. અને તું મારી હાજતને જાણે છે, તો મને મારી જરૂરત(નો સામાન)અતા ફરમાવ. અને તું મારા દિલની વાત જાણે છે, તો મારા ગુનાહોંને માફ ફરમાવ. એ અલ્લાહ! હું તારાથી એવુ ઈમાન અને સાચુ યકીન માંગુ છું જે મારા દિલને ખુશ કરી દે , અહીં સુધી કે હું જાણી લઉં કે જે કાંઇ પણ મારા માટે મુકદ્દર છે તેજ મને મળે છે, અને એ અરહમર્રાહિમીન! હું એના પર રાજી છું જે તેં મારા માટે મુકદ્દર ફરમાવ્યુ છે.'' (તબરાની વ બયહકી)

ઈલ્મની સમજ હાસિલ કરવા અને રોઝીમાં બરકત માટે અસ્તગફાર

(૧)હઝરત શયખ જલાલુદીન સયૂતી (રહ.)થી મન્કૂલ છે કે ઈલ્મની સમજ અને માલને વધારવા માટે ફજરની નમાઝ પછી રોજ ત્રણ વખત આ અસ્તગ્ફાર પઢે :(આ અમલ અજમાવેલ છે.)

''اَسْتَغْفِرُاللّٰهَ الْعَظِيْمَ الَّذِىْ لَآاِلٰهَ اِلَّا هُوَالْحَىُّ الْقَيُّوْمُ بَدِيْعُ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَا بَيْنَهُمَا مِنْ جَمِيْعِ جُرْمِىْ وَاِسْرَافِىْ عَلٰى نَفْسِىْ وَاَتُوْبُ اِلَيْهِ''

અસ્તગ્ફિરુલ્લાહલ્ અઝીમલ્લઝી લા-ઈલાહ ઈલ્લા હુવલ હય્યુલ્ કય્યૂમુ, બદીઅુસ્સમાવાતિ વલ્ અર્દિ વમા બયનહુમા મિન જમીઅી જુર્મી વ ઈસ્રાફી અલા નફ્સી વઅતૂબુ ઈલયહિ.

અર્થ : હું મગ્ફિરત ચાહું છું તે અલ્લાહથી જે મહાન છે, જેના સિવાય કોઈ મા'બૂદ નથી, તેજ જીવંત છે, હમેંશા રહેનાર છે. આસમાનો (આકાશો) અને જમીન અને જે કાંઇ આ બન્નેવના દરમિયાન છે એ બધાને બનાવવાવાળો છે. હું પોતાના બધાજ ગુનાહો અને નફ્સની ઝયાદતીથી એનાંજ સામે તૌબા કરૂં છું.

(૨)શયખુલ્ મશાઈખ હઝરત શયખ કલીમુલ્લાહ જહાંઆબાદી (રહ.)એ "મુરકકઅ્ શરીફ"માં ફરમાવ્યું છે કે જે માણસ બે મહીના સુધી લગાતાર રોજ ચાર સૌ (૪૦૦) વખત આ અસ્તગ્ફાર પઢે તો અલ્લાહ તઆલા એને નફાવાળો ઈલ્મ અથવા પુષ્કળ માલ અતા ફરમાવશે. એટલેકે નિય્યત ઈલ્મ હાસિલ કરવાની હશે તો ઈલ્મ હાસિલ થશે અને જો માલ મેળવવાની નિય્યત હશે તો તે મળશે. એ અસ્તગ્ફાર આ પ્રમાણે છે :

اَسْتَغْفِرُ اللّٰهَ الَّذِیْ لَآ اِلٰهَ اِلَّا هُوَ الْحَیُّ الْقَیُّوْمُ الرَّحْمٰنُ الرَّحِیْمُ، بَدِیْعُ السَّمٰوٰتِ وَالْاَرْضِ مِنْ جَمِیْعِ جُرْمِیْ وَظُلْمِیْ وَاِسْرَافِیْ عَلٰی نَفْسِیْ وَاَتُوْبُ اِلَیْهِ ط

અસ્તગ્ફિરુલ્લાહલ્લઝી લા-ઈલાહ ઈલ્લા હુવલ હય્યુલ્ કય્યૂમુ ર્રહમાનુ ર્રહીમુ, બદીઅુસ્સમાવાતિ વલ્ અર્દિ મિન જમીઅિ જુર્મી વ ઝુલ્મી વ ઈસ્રાફી અલા નફ્સી વઅતૂબુ ઈલયહિ.

અર્થઃ હું મગ્‌ફિરત ચાહું છું તે અલ્લાહથી જેના સિવાય કોઇ મા'બૂદ નથી, તે જીવંત છે, હમેંશા રહેનાર છે. રહમાન છે, રહીમ છે. આસમાનો (આકાશો) અને જમીનને બનાવવાવાળો છે. પોતાના બધાજ ગુનાહો, જુલ્મ અને નફ્‌સની ઝયાદતીથી એનાંજ સામે તૌબા કરૂં છું.

રોઝીમાં બરકતની દુઆ

''يَا اَوَّلَ الْاَوَّلِيْنَ، يَا اٰخِرَ الْاٰخِرِيْنَ، يَا ذَا الْقُوَّةِ الْمَتِيْنِ، يَا رَاحِمَ الْمَسَاكِيْنَ، يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ'' (كنزالعمال)

યા અવ્વલલ્‌ અવ્વલીન, યા આખિરલ્‌ આખિરીન, યા ઝલ્‌કુવ્વતિલ્‌ મતીન,યા રાહિમલ્‌ મસાકીન, યા અર્‌હમર્‌રાહિમીન.

ફઝીલત : હઝરત અલી (રદિ.) ના ઘરે ફાકો (ખાવાનુ ન) હતુ. હઝરત અલી (રદિ.) ના મશ્વરાથી હઝરત ફાતિમહ (રદિ.) પોતાના વાલિદ (હુઝૂર સલ.) પાસે ગયા અને સવાલ કર્યો, તો હુઝૂર (સલ.) એ ફરમાવ્યું કે : એક મહીનાથી મારા ઘરમાં પણ ફાકો છે. પછી હુઝૂર (સલ.) એ ઉપરોક્ત પાંચ કલિમાત હઝરત ફાતિમહ (રદિ.) ને સિખવાડયા (જે અલ્લાહ તઆલાએ હઝરત જિબ્રઈલ (અલૈ.) ને સિખવાડયા હતા) જેના વિશે અલ્લાહ તઆલાએ કસમ ખાઈને ફરમાવ્યું : જે માણસ આ પાંચ કલિમાતને વારંવાર પઢતો રહેશે તો તેની રોઝીમાં પુષ્કળ બરકત થશે.

(હઝરત ફાતિમહ (રદિ.) દુનિયા લેવા માટે ગયા હતા અને આખિરત લઈને પાછા ફર્યા) પાછા આવ્યા તો હઝરત અલી (રદિ.)એ કહ્યું : ફાતિમહ ! આજનો દિવસ તમારી ઝિંદગીનો બધાથી કીમતી દિવસ છે. (કન્‌ઝુલ ઉમ્માલ)

દુરૂદે ઈબ્રાહીમ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا
صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ
اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط اَللّٰهُمَّ بَارِكْ عَلٰى
مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى
اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ
حَمِيْدٌ مَّجِيْدٌ ط

હઝરત જુનૈદ બગદાદી (રહ.)નું બતાવેલ દુરૂદ શરીફ

ફઝીલતઃ હઝરત જુનૈદ બગદાદી (રહ.) એ હુઝૂર (સલ.) ને ખ્વાબમાં જોયા તો અર્ઝ કર્યું કે યા રસૂલલ્લાહ (સલ.) એવી દુઆ ફરમાવો કે મારા દિલમાંથી ઈમાન ક્યારેય દૂર ન થાય. તો આપ (સલ.)એ ફરમાવ્યું કે એ જુનૈદ! જો કોઈ એક વખત આ કલિમાત અને દુરૂદ શરીફ પઢશે તો તેના દિલથી ઈમાન ક્યારેય દૂર ન થશે. અને તે દુરૂદ આ પ્રમાણે છે. (નુઝહતુલ્ મજાલિસ)

''يَاحَيُّ يَاقَيُّوْمُ لَآاِلٰهَ اِلَّآاَنْتَ ط
اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِهٖ وَسَلِّمْ ط'' (نزہۃ المجالس)

યા હય્યુ યા કય્યૂમુ લા ઇલા-હ ઇલ્લા અન્ત, અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિંવ્ વ અલા આલિહી વ સલ્લિમ.

એવું દુરૂદ જે કબ્રને દુલ્હન અને કબ્રવાળાને દુલ્હો બનાવે

''اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ عَدَدَ مَنْ صَلّٰى عَلَيْهِ،
اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ عَدَدَ مَنْ لَّمْ يُصَلِّ عَلَيْهِ،
اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ كَمَا تَنْبَغِيْ اَنْ يُّصَلّٰى عَلَيْهِ ط''
(سعادت دارین)

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિન્ અ-દ-દ મન સલ્લા અલય્હિ, અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિન્ અ-દ-દ મલ્લમ યુસલ્લિ અલય્હિ, અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિન્ કમા તમ્બગી અંય્ યુસલ્લા અલય્હિ.

ફઝીલત : ઇમામ શાફિઈ (રહ.)ના ઇન્તિકાલ પછી એમના એક શાગિર્દ ઇબ્ને હકમે ઇમામ શાફિઈ (રહ.)ને ખ્વાબમાં જોયા તો પૂછયું : આપની સાથે શું મામલો પેશ આવ્યો? ફરમાવ્યું : અલ્લાહે મારી કબરને એ રીતે સજાવી જેવી રીતે કે દુલ્હનને સજાવવામાં આવે છે અને મારા પર એ રીતે નેઅમતો નિછાવર કરી, જે રીતે દુલ્હા પર કરવામાં આવે છે. મેં પૂછયું : કેમ? આપે ફરમાવ્યું : એક દુરૂદ મેં પઢયું હતું તો અલ્લાહ તઆલાને એ દુરૂદ ખૂબ જ પસંદ પડયું અને ફરમાવ્યું : જે કોઈ આ દુરૂદ પઢશે એની કબર સાથે પણ એ જ વર્તાવ કરીશ ,જે તારી કબર સાથે કર્યો છે. *(સઆદતે દારૈન)*

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط

سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَآ اِلٰهَ اِلَّا اللّٰهُ
وَاللّٰهُ اَكْبَرُ، وَتَبَارَكَ اللّٰهُ ط

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، اَلْحَمْدُ لِلّٰهِ ط
لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ ط تَبٰرَكَ اللّٰهُ ط

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ
اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ○

ઠંડી હોય તો આ દુઆ પઢે

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ مَا اَشَدَّ بَرْدَ هٰذَا الْيَوْمِ،
اَللّٰهُمَّ اَجِرْنِيْ مِنْ زَمْهَرِيْرِ جَهَنَّمَ ط

લા-ઇલાહ ઇલ્લલ્લાહુ મા અશદ્દ બદ હાઝલ યવ્મ,
અલ્લાહુમ્મ અજિરની મિન ઝમહરીરિ જહન્નમ.

ઠંડીનો દિવસ હોય અને કોઇ આ દુઆ પઢે તો અલ્લાહ તઆલા જહન્નમથી ફરમાવે છે કે મારા એક બંદાએ મારી સમક્ષ તારી ઠંડકથી પનાહ માંગી છે અને હું તને ગવાહ બનાવું છું કે મેં તેને પનાહ આપી દીધી.

ગરમી હોય તો આ દુઆ પઢે

હઝરત અબૂ હુરયરહ (રદિ.) બયાન કરે છે કે આપ (સલ.)એ ફરમાવ્યું કે જ્યારે ગરમીનો દિવસ હોય અને કોઈ આ દુઆ પઢે :

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ مَا اَشَدَّ حَرَّ هٰذَا الْيَوْمِ،
اَللّٰهُمَّ اَجِرْنِيْ مِنْ حَرِّ جَهَنَّمَ ط (عمل اليوم والليلة)

લા-ઇલાહ ઇલ્લલ્લાહુ મા અશદ્દ હરં હાઝલ યવ્મ,
અલ્લાહુમ્મ અજિરની મિન હરિ જહન્નમ.

તો અલ્લાહ તઆલા જહન્નમથી ફરમાવે છે : મારા એક બંદાએ મારી સમક્ષ તારી ગરમીથી પનાહ માંગી છે, તો તૂં પોતેજ ગવાહ રહેજે કે મેં એને પનાહ આપી દીધી.

મોટી મોટી ત્રણ સુન્નતો

(૧) રાત્રે સુતા પહેલા વુઝૂ કરે. હદીસ શરીફમાં આવ્યું છે કે : જે માણસ વુઝૂ કરીને સુએ અને તેજ રાત્રે મરણ પામે તો તેને શહાદતનો મરતબો પ્રાપ્ત થશે.

(૨) રાત્રે સુતી વખતે ૧૦ વખત

لَاحَوْلَ وَلَاقُوَّةَ اِلَّا بِاللّٰهِ ط

લા હવ્-લ વલા કુવ્વ-ત ઇલ્લા બિલ્લાહ.

પઢે, તો આખી રાત તમામ આફતોથી બચેલો રહેશે.

(૩) સુઈને ઉઠતાંજ બંનેવ હાથોંને આંખોં પર ચાર વખત મસળવું. ત્રણ વખત મસળતા "અલ્હમ્દુલિલ્લાહ" કહે અને ચોથી વખત "લા ઇલા-હ ઇલ્લલ્લાહુ મુહમ્મદુર રસૂલુલ્લાહ" કહે. (ઝાદે મોઅમિન)

હદીસ : હઝરત અનસ(રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ.)એ મને ફરમાવ્યું : જેણે મારી સુન્નતને પસંદ કરી એણે મારાથી મોહબ્બત કરી અને જેણે મારાથી મોહબ્બત કરી તે જન્નતમાં મારી સાથે હશે. (તિરમિઝી શરીફ)

કોઈને પણ મુસીબત અથવા બીમારીમાં સપડાયેલ જુએ તો અલ્લાહનો શુક્ર અદા કરવા માટે આ દુઆ પઢે

''اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ عَافَانِیْ مِمَّا ابْتَلَاکَ بِهٖ وَفَضَّلَنِیْ عَلٰی کَثِیْرٍ مِّمَّنْ خَلَقَ تَفْضِیْلًا ط'' (ترمذی)

અલ્હમ્દુ લિલ્લાહિલ્લઝી આફાની મિમ્મબ્તલાક બિહી વ ફદ્દ-લની અલા કષીરિમ મિમ્મન ખ-લ-ક તફદીલા.

ફઝીલત : કોઈ પણ મુસીબતવાળા અથવા બીમારીમાં સપડાયેલ માણસને જોઈ આ દુઆ પઢે. અલ્લાહ તઆલા જરૂર દુઆ પઢનારને ઝિંદગીભર તે બીમારીથી બચાવશે. (તિરમિઝી)

અલ્લાહને ત્રણ સમયે ખામોશી પસંદ છે

હઝરત ઝૈદ બિન અરકમ(રદિ.)થી રિવાયત છે કે હુઝૂર નબીએ કરીમ(સલ.)એ ફરમાવ્યું : અલ્લાહ તઆલા ત્રણ સમયે, ત્રણ સ્થળે ખામોશીને પસંદ ફરમાવે છે : (૧) તિલાવતે કુર્આનના સમયે. (૨) જિહાદી મુકાબલા વખતે અને (૩) જનાઝો જતો હોય ત્યારે.

(મજ્મઉઝ્ ઝવાઈદ : ૩/૨૨, મતાલિબે આલિયહ : ૧/૨૦૨, શમાઈલે કુબરા : ૯/૨૧૪)

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، اَلْحَمْدُ لِلّٰهِ ط
لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ ط تَبٰرَكَ اللّٰهُ ط

જુમ્અહની બે રકાત અન્ય દિવસોની હજાર રકાતથી અફઝલ

હઝરત અનસ(રદિ.)થી રિવાયત છે કે જુમ્અહની બે રકાત અન્ય (સામાન્ય)દિવસોની હજાર રકાતથી અફઝલ છે અને જુમ્અહની એક તસ્બીહ બીજા(સામાન્ય)દિવસોની હજાર તસ્બીહથી અફઝલ છે. (કન્ઝુલ ઉમ્માલ : ૭/૭૧૯, શમાઈલે કુબરા : ૮/૧૯૭)

દુશ્મનોથી હિફાઝત અને કર્ઝ અદા કરવા માટેની દુઆ

ફઝીલત : જે શખ્સ નીચેની દુઆને દરેક નમાઝ બાદ પાબંદીથી પઢશે, ખાસ કરીને જુમ્અહની નમાઝ બાદ, તો અલ્લાહ તઆલા

* દરેક ડર(બીક)થી તેની હિફાઝત કરશે અને
* તેના દુશ્મનોથી તેની હિફાઝત કરશે,
* તેને બેનિયાઝ કરશે અને
* તેને ગુમાન(ધારણા)પણ ન હોય તેવી જગ્યાએથી રોઝી આપશે અને
* તેની જિંદગી તેના પર આસાન કરશે અને
* તેનું કર્ઝ અદા કરશે, ભલે ને પહાડ બરાબર હશે, અલ્લાહ તઆલા પોતાના ફઝલો-કરમથી તેને પૂરું કરશે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط

يَا اَللّٰهُ يَا اَحَدُ يَا وَاحِدُ يَا مَوْجُوْدُ يَا جَوَّادُ يَا بَاسِطُ
يَا كَرِيْمُ يَا وَهَّابُ يَا ذَا الطَّوْلِ يَا غَنِيُّ يَا مُغْنِيُ
يَا فَتَّاحُ يَا رَزَّاقُ يَا عَلِيْمُ يَا حَكِيْمُ يَا حَيُّ يَا قَيُّوْمُ
يَا رَحْمٰنُ يَا رَحِيْمُ يَا بَدِيْعَ السَّمٰوٰتِ وَالْاَرْضِ
يَا ذَا الْجَلَالِ وَالْاِكْرَامِ يَا حَنَّانُ يَا مَنَّانُ نَفِّحْنِيْ
مِنْكَ بِنَفْحَةِ خَيْرٍ تُغْنِيْنِيْ بِهَا عَمَّنْ سِوَاكَ اِنْ
تَسْتَفْتِحُوْا فَقَدْ جَاءَكُمُ الْفَتْحُ اِنَّا فَتَحْنَا لَكَ
فَتْحًا مُّبِيْنًا ط نَصْرٌ مِّنَ اللّٰهِ وَفَتْحٌ قَرِيْبٌ ط اَللّٰهُمَّ
يَا غَنِيُّ يَا حَمِيْدُ يَا مُبْدِئُ يَا مُعِيْدُ يَا وَدُوْدُ
يَا ذَا الْعَرْشِ الْمَجِيْدُ يَا فَعَّالُ لِمَا تُرِيْدُ ط اِكْفِنِيْ
بِحَلَالِكَ عَنْ حَرَامِكَ وَاَغْنِنِيْ بِفَضْلِكَ عَمَّنْ
سِوَاكَ وَاحْفَظْنِيْ بِمَا حَفِظْتَ بِهِ الذِّكْرَ وَانْصُرْنِيْ
بِمَا نَصَرْتَ بِهِ الرُّسُلَ اِنَّكَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ط

(الترغيب)

અર્થ : હે અલ્લાહ ! હે પોતાની ખુદાઈમાં અનન્ય ! હે પોતાની મઅબૂદિયતમાં અજોડ ! હે મવજૂદ ! હે ઘણાં સખી ! હે ઘણું આપનાર ! હે કરમ-કૃપા કરનાર ! હે (અમારી) લાયકાત વગર ઘણું આપનાર ! હે (મખ્લૂકથી) બેનિયાઝ કરનાર ! હે મુશ્કેલીઓ દૂર કરનાર ! હે રોઝી આપનાર! હે ઈલ્મવાળા ! હે હિકમતવાળા! હે હંમેશા અમર રહેનાર ! હે હંમેશા કાયમ રહેનાર ! હે રહમાન ! હે રહીમ ! હે આસમાન અને જમીનના સર્જનહાર ! હે જલાલ અને ઈકરામવાળા ! હે ઘણી મહેરબાની કરવાવાળા ! હે ઘણાં એહસાનવાળા ! તારા તરફથી ભલાઈની એવી રૂહ ફૂંકી દે કે તેનાથી તું મને તારા સિવાય અન્યોથી બેનિયાઝ કરી દે. જો તમે ફતહ અને કામ્યાબી ચાહશો તો તમને કામ્યાબી મળશે. બેશક, અમે આપને ખુલ્લી ફતહ આપી. અલ્લાહના તરફથી મદદ અને ફતહ નજદીક છે. હે અલ્લાહ ! હે ગની ! હે તારીફના લાયક ! હે મવજૂદ ! હે સૌને જીવંત કરનાર ! હે નેક લોકોથી મુહબ્બત કરનાર ! હે અર્શના માલિક અને અઝમતવાળા ! હે પોતાના ઈરાદાને પૂરા કરનાર ! મને હરામ રોઝીથી બચાવ અને હલાલ રોઝી આપ. મારા માટે તું કાફી થઈ જા. અને પોતાના ફઝલથી પોતાના સિવાય અન્યોથી મને બેનિયાઝ કરી દે. અને પોતાની કુદરતે કામિલાના વાસ્તે જેનાથી તેં કુર્આને કરીમની હિફાઝત કરી છે, મારી પણ હિફાઝત કર. અને મારી મદદ કર પોતાની પૂરી કુદરતના મારફતે જેનાથી તેં પોતાના રસૂલોની મદદ કરી છે. બેશક, તું દરેક ચીજ પર સર્વશક્તિમાન છે. (તરગીબ)

સજ્દહની આયાતોની ફઝીલત

(મુસીબતો અને મુશ્કેલિઓના નિવારણ તથા
દુઆની કબૂલિયત માટે એક મુજર્રબ અમલ)

પૂરા કુર્આને મજીદમાં ચૌદ (૧૪) સજ્દહની આયતો છે. અમુક ફુકહાએ કિરામે ભારે આત્મવિશ્વાસ સાથે અને દૃઢતાપૂર્વક લખ્યું છે કે, જો કોઈ માણસ સજ્દહની આ સઘળી આયતોને એક મજલિસમાં (એક જ બેઠકમાં) તરતીબવાર (ક્રમાનુસાર) પઢે અને દરેક આયતની સાથે સાથે સજ્દહ પણ કરે અને ત્યાર બાદ પોતાની જરૂરતો અને મકસદોની પ્રાપ્તી માટે દુઆ કરે, તો ઈન્શા અલ્લાહુ તઆલા તેની દુઆ જરૂર કબૂલ થશે, અને તેની જરૂરતો-હાજતો મુરાદો પૂરી થશે. જો વ્યક્તિ મુસીબતગ્રસ્ત હશે, તો તેની મુસીબત, મુશ્કેલી અને પરેશાની બહુ જલ્દી દૂર થઈ જશે. આ અકાબિર ફુકહાએ કિરામ અને મુજતહિદ ઈમામોનો મુજર્રબ (અનુભવસિદ્ધ) અમલ છે.

(નૂરુલ ઈઝાહઃ૧૧૫, ઈઝાહુલ મસાઈલઃ૪૫, મરાકિયુલ ફલાહઃ૨૭૨, અનવારે ઝિંદગીઃ ૫૬)

અને જો આ અમલ અઝમતવંત-મહાન અને મકબૂલ રાતોમાં કરવામાં આવે, દા.ત. રમઝાન મુબારકની રાતોમાં, શબે કદ્રમાં, શબે બરાઅતમાં અને બન્ને ઈદોની રાતોમાં તો કબૂલિયતની વધૂ ઉમ્મીદ છે.(ઈઝાહુલ મસાઈલ : ૪૫)

તદુપરાંત, સજ્દહની આયતો પઢયા પછી સજ્દહ કરવાથી અલ્લાહની બારગાહનો કુર્બ (સમીપતા) નસીબ થાય છે, અને મલઊન-હડધૂત શયતાનની અસરોથી હિફાઝતનું નિમિત્ત (સબબ) પણ બને છે. જેમ કે, હઝરત અબૂ હુરયરહ(રદિ.)ની રિવાયતમાં છે કે, જ્યારે કોઈ આદમપુત્ર સજ્દહની આયત પઢે છે અને પછી સજદ-એ-તિલાવત કરે છે, તો શયતાન રડાકૂટ

કરતો નાસી જાય છે. અને કહે છે : હાય અફસોસ ! ઈન્સાનને સજૂદહ કરવાનો હુકમ થયો અને તેણે આ હુકમનું પાલન કર્યું તો તેનું ઠેકાણું જન્નત ઠર્યું, અને મને સજૂદહનો હુકમ થયો, તો મે નાફરમાની કરી, તો મારું રહેઠાણ જહન્નમ ઠર્યું.(મુસ્લિમ શરીફ : ૧/૬૧)

તમામ આયતો એક સાથે પઢીને પછી બધીજ આયતોના સજૂદાઓ એક સાથે પણ કરી શકે છે, પરંતુ વધુ બેહતર રીત તો આજ છે કે એક સજૂદહની આયાત પઢીને સજૂદહ કરે, પછી બીજી આયત પઢે અને સજૂદહ કરે. આ પ્રમાણે ૧૪ સજૂદહની આયાતો પર અલગ અલગ સજૂદાઓ કરે અને અંતમાં દુઆ માંગે. (તહતાવી અલલ્ મરાકી : ૫૦૧, "નિદાએ શાહી" ઓગસ્ટ ૨૦૦૬, પૃષ્ઠ : ૫૬)

અમલ કરનારાઓની આસાની માટે કુર્આને મજીદની ૧૪ સજૂદહની આયતો તરતીબવાર અત્રે એકત્ર કરી દીધી છે. આ આયતોની તિલાવતથી ૧૪ સજૂદએ-તિલાવત- વાજિબ થઇ જાય છે.

૧૪ સજૂદહની આયતો

اَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ ط بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط

(1) اِنَّ الَّذِيْنَ عِنْدَ رَبِّكَ لَا يَسْتَكْبِرُوْنَ عَنْ عِبَادَتِهٖ وَ يُسَبِّحُوْنَهٗ وَلَهٗ يَسْجُدُوْنَ ۩ (الاعراف ۷:۲۰۶)

(2) وَ لِلّٰهِ يَسْجُدُ مَنْ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ طَوْعًا وَّ كَرْهًا وَّظِلٰلُهُمْ بِالْغُدُوِّ وَالْاٰصَالِ ۩ (الرعد ۱۳:۱۵)

(3) وَ لِلّٰهِ يَسْجُدُ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ مِنْ دَآبَّةٍ وَّالْمَلٰٓئِكَةُ وَهُمْ لَا يَسْتَكْبِرُوْنَ ۞ يَخَافُوْنَ رَبَّهُمْ مِّنْ فَوْقِهِمْ وَيَفْعَلُوْنَ مَا يُؤْمَرُوْنَ ۩ (النحل ۱۶:۴۹-۵۰)

(4) اِنَّ الَّذِيْنَ اُوْتُوا الْعِلْمَ مِنْ قَبْلِهٖٓ اِذَا يُتْلٰى عَلَيْهِمْ
يَخِرُّوْنَ لِلْاَذْقَانِ سُجَّدًا ﴿١٠٧﴾ وَّيَقُوْلُوْنَ سُبْحٰنَ رَبِّنَآ اِنْ
كَانَ وَعْدُ رَبِّنَا لَمَفْعُوْلًا ﴿١٠٨﴾ وَيَخِرُّوْنَ لِلْاَذْقَانِ يَبْكُوْنَ
وَيَزِيْدُهُمْ خُشُوْعًا ﴿١٠٩﴾ (بنی اسرائیل ۱۷:۱۰۷-۱۰۹)

(5) اُولٰٓئِكَ الَّذِيْنَ اَنْعَمَ اللّٰهُ عَلَيْهِمْ مِّنَ النَّبِيّٖنَ مِنْ ذُرِّيَّةِ
اٰدَمَ ۗ وَمِمَّنْ حَمَلْنَا مَعَ نُوْحٍ ۖ وَّمِنْ ذُرِّيَّةِ اِبْرٰهِيْمَ وَ
اِسْرَآءِيْلَ ۖ وَمِمَّنْ هَدَيْنَا وَاجْتَبَيْنَا ۭ اِذَا تُتْلٰى عَلَيْهِمْ
اٰيٰتُ الرَّحْمٰنِ خَرُّوْا سُجَّدًا وَّبُكِيًّا ﴿٥٨﴾ (مریم ۱۹:۵۸)

(6) اَلَمْ تَرَ اَنَّ اللّٰهَ يَسْجُدُ لَهٗ مَنْ فِي السَّمٰوٰتِ وَمَنْ فِي الْاَرْضِ
وَالشَّمْسُ وَالْقَمَرُ وَالنُّجُوْمُ وَالْجِبَالُ وَالشَّجَرُ وَالدَّوَآبُّ وَ
كَثِيْرٌ مِّنَ النَّاسِ ۭ وَكَثِيْرٌ حَقَّ عَلَيْهِ الْعَذَابُ ۭ وَمَنْ يُّهِنِ
اللّٰهُ فَمَا لَهٗ مِنْ مُّكْرِمٍ ۭ اِنَّ اللّٰهَ يَفْعَلُ مَا يَشَآءُ ﴿١٨﴾ (الحج ۲۲:۱۸)

(7) وَاِذَا قِيْلَ لَهُمُ اسْجُدُوْا لِلرَّحْمٰنِ قَالُوْا وَمَا الرَّحْمٰنُ ۗ
اَنَسْجُدُ لِمَا تَاْمُرُنَا وَزَادَهُمْ نُفُوْرًا ﴿٦٠﴾ (الفرقان ۲۵:۶۰)

(8) اَلَّا يَسْجُدُوْا لِلّٰهِ الَّذِيْ يُخْرِجُ الْخَبْءَ فِي السَّمٰوٰتِ
وَالْاَرْضِ وَيَعْلَمُ مَا تُخْفُوْنَ وَمَا تُعْلِنُوْنَ ﴿٢٥﴾ اَللّٰهُ لَآ اِلٰهَ

اِلَّا هُوَ رَبُّ الْعَرْشِ الْعَظِيْمِ ﴿٢٦﴾ (النمل ٢٧:٢٥-٢٦)

(9) اِنَّمَا يُؤْمِنُ بِاٰيٰتِنَا الَّذِيْنَ اِذَا ذُكِّرُوْا بِهَا خَرُّوْا سُجَّدًا وَّ سَبَّحُوْا بِحَمْدِ رَبِّهِمْ وَهُمْ لَا يَسْتَكْبِرُوْنَ ﴿١٥﴾ (السجدة ٣٢:١٥)

(10) قَالَ لَقَدْ ظَلَمَكَ بِسُؤَالِ نَعْجَتِكَ اِلٰى نِعَاجِهٖ ؕ وَاِنَّ كَثِيْرًا مِّنَ الْخُلَطَآءِ لَيَبْغِيْ بَعْضُهُمْ عَلٰى بَعْضٍ اِلَّا الَّذِيْنَ اٰمَنُوْا وَ عَمِلُوا الصّٰلِحٰتِ وَقَلِيْلٌ مَّا هُمْ ؕ وَظَنَّ دَاوٗدُ اَنَّمَا فَتَنّٰهُ فَاسْتَغْفَرَ رَبَّهٗ وَخَرَّ رَاكِعًا وَّاَنَابَ ﴿٢٤﴾ فَغَفَرْنَا لَهٗ ذٰلِكَ ؕ وَ اِنَّ لَهٗ عِنْدَنَا لَزُلْفٰى وَحُسْنَ مَاٰبٍ ﴿٢٥﴾ (ص ٣٨:٢٤-٢٥)

(11) وَمِنْ اٰيٰتِهِ الَّيْلُ وَالنَّهَارُ وَالشَّمْسُ وَالْقَمَرُ ؕ لَا تَسْجُدُوْا لِلشَّمْسِ وَلَا لِلْقَمَرِ وَاسْجُدُوْا لِلّٰهِ الَّذِيْ خَلَقَهُنَّ اِنْ كُنْتُمْ اِيَّاهُ تَعْبُدُوْنَ ﴿٣٧﴾ فَاِنِ اسْتَكْبَرُوْا فَالَّذِيْنَ عِنْدَ رَبِّكَ يُسَبِّحُوْنَ لَهٗ بِالَّيْلِ وَالنَّهَارِ وَهُمْ لَا يَسْـَٔمُوْنَ ﴿٣٨﴾ (حم السجدة ٤١:٣٧-٣٨)

(12) اَفَمِنْ هٰذَا الْحَدِيْثِ تَعْجَبُوْنَ ﴿٥٩﴾ وَتَضْحَكُوْنَ وَلَا تَبْكُوْنَ ﴿٦٠﴾ وَ اَنْتُمْ سٰمِدُوْنَ ﴿٦١﴾ فَاسْجُدُوْا لِلّٰهِ وَاعْبُدُوْا ﴿٦٢﴾ (النجم ٥٣:٥٩-٦٢)

(13) فَمَا لَهُمْ لَا يُؤْمِنُوْنَ ﴿٢٠﴾ وَاِذَا قُرِئَ عَلَيْهِمُ الْقُرْاٰنُ لَا يَسْجُدُوْنَ ﴿٢١﴾ (الانشقاق ٨٤:٢٠-٢١)

(14) كَلَّا ؕ لَا تُطِعْهُ وَاسْجُدْ وَاقْتَرِبْ ﴿١٩﴾ (العلق ٩٦:١٩)

દુરૂદે ઈબ્રાહીમ
اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ
مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ
وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ
مَّجِيْدٌ ط اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ
وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى
اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ
اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

મૌત

હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું છે કે, તમે મૌતને કષરતથી યાદ રાખો. પોતાની મૌતનો ખ્યાલ રાખવાથી દુનિયાની તમામ લઝઝતો છૂટી જાય છે અને માલો–દોલત અને બાદશાહત તથા મોટાઈ વગેરે એક દિવસ છૂટી જાય છે અને ખાલી હાથ જવું પડશે.

યાદ રખ્ખો હર આન મૌત હૈ, મત બન અંજાન આખિર મૌત હૈ,
ઐશ વ ગમમેં સાબિર વ શાકિર રહે, હૈ વોહી ઈન્સાન આખિર મૌત હૈ,
મર ગયા ફિરઔન વ કારૂન મર ગયા, મર ગયા હામાન આખિર મૌત હૈ,
હો ગયા ગર તૂ સિકંદર વકતકા, ફિર ભી તો અય સુલતાન આખિર મૌત હૈ,
ઝોરો–તાકતમેં કોઈ તુઝ સા નહીં, રૂસ્તમેં ઝમાં આખિર મૌત હૈ,
હુકમ ખાલિકકે તૂ બજા લા તમામ, દેખ લે કુર્આન આખિર મૌત હૈ,
હૈ બરાબર તખ્ત હો યા તાજ હો, દે ખુદા ઈમાન આખિર મૌત હૈ,
ઈસી સરાએ હસ્તીએ ફાનીમેં હમ દમકે હૈ મેહમાન આખિર મૌત હૈ,
બારહા મુસ્લિમ હમ તુઝે સમઝ ચૂકે, માન યા ન માન આખિર મૌત હૈ.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ فِى الْاَوَّلِيْنَ
وَالْاٰخِرِيْنَ وَفِى الْمَلَاِ الْاَعْلٰى اِلٰى يَوْمِ الدِّيْنِ ط

• • •

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ مِّلْأَ السَّمٰوٰتِ
وَمِلْأَ الْاَرْضِ وَمِلْأَ الْعَرْشِ الْعَظِيْمِ ط

જન્નત હાસિલ કરવાની રીત

દરેક મુસલમાન ભાઈ–બહેનોને જોઈએ કે, ગફલતને છોડી દે, આંખો ખોલે અને જન્નત હાસિલ કરવાની રીતને ઈખ્તિયાર કરે–અપનાવે. જન્નત હાસિલ કરવાની રીત તમારા અધિકારમાં છે. પઢો અને અમલ કરો :

મો'મિનો રહતે હો કયૂં બેફિક્રે બેગમ, બેખબર,
એક સફર દરપેશ હૈ, દૂરોદરાઝ પૂરખતર
નેક વ બદ આ'માલ તોલે જાએંગે મિઝાનમેં,
હો હિસાબ ઝર્રા ઝર્રા હશ્રકે મયદાનમેં
તોશ–એ આ'માલ અપના સાથ લે જાઓ અભી
કૌન પિછે કબ્રમેં ભેજેગા, સોચો તો સહી
બાદ મરનેકે તુમ્હેં અપના–પરાયા ભૂલ જાયે
ફાતિહાકો ભી કોઈ કબ્ર પર આયે ન આયે.



છેલ્લી વાત

જિંદગીના વહાણને દુનિયાના સાગરમાં શરીઅતની હિફાઝતમાં ચલાવતા રહેશો તો આખિરતની મંઝિલ સુધી સલામતીથી પહોંચી જશો અને મંઝિલની કામિયાબી મળશે.

અને જો જિંદગીના વહાણને દુનિયાના સાગરમાં ડૂબાડી દેશો તો ફના થઈ નામુરાદ થઈ જશો.

જે શખ્સ આખિરતને પોતાનો મકસદ અને જીવનધ્યેય બનાવી લેશે, અલ્લાહ તઆલા તેના દિલમાં સુકૂન અને ઈત્મીનાન નસીબ કરશે અને તેની રોઝી આસાન કરી દેશે.

અને જે શખ્સ આખિરતને પીઠ પાછળ નાખી દે છે અને દુનિયાને મકસદ અને જીવન ધ્યેય બનાવી લે છે તો તેના દિલમાં પરેશાની અને બેચેની રહે છે અને રોઝી એટલી જ હાસિલ થાય છે, જે તકદીરમાં લખેલી હોય છે. લોભ અને લાલચ કરવાથી તકદીર કરતાં વધારે રોઝી મળતી નથી, એને સારી રીતે સમજી લો.

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.)થી રિવાયત છે કે,

હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું છે કે,

'જો ચાર વાતો તારામાં હોય તો દુનિયાની ચીજો નહિ મળવાનો ગમ નથી :

(૧) અમાનતની હિફાઝત કરવી.

(૨) સાચી વાત કહેવી.

(૩) અખ્લાક સારા હોવા અને

(૪) હરામ રોઝીથી બચવું.

'તિરમિઝી' વગેરેમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે,

હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ

ફરમાવ્યું કે,

'હે ઈન્સાન !

'તું મારી બંદગી (તાબેદારીમાં) લાગી જા, હું તારા દિલને ગની કરી દઈશ, નહિતર તારા દિલને મશગૂલ કરી દઈશ અને તારી મોહતાજી બંધ નહિ કરું.'

اَلْمَالُ وَالْبَنُوْنَ زِيْنَةُ الْحَيٰوةِ الدُّنْيَا ۚ وَالْبٰقِيٰتُ الصّٰلِحٰتُ خَيْرٌ عِنْدَ رَبِّكَ ثَوَابًا وَّخَيْرٌ اَمَلًا ۝ (الكهف ١٨:٤٦)

(અલ માલુ વલ બનૂ-ન ઝીનતુલ હયાતિદ દુન્યા વલ બાકિયાતુસ્સાલિહાતુ ખયરુન ઈન્દ રબ્બિ-ક સવાબંવ્ વ ખયરુન ઈન્દ રબ્બિ-ક સવાબંવ્ વ ખયરુન અ-મ-લા.)

અર્થ : માલ અને અવલાદ દુનિયાની જિંદગીની શોભા છે અને બાકી રહેનારી નેકીઓ તારા પરવરદિગારની પાસે સવાબ તરીકે ઘણી બેહતર છે અને ઉમ્મીદ તરીકે પણ ઘણી બેહતર છે.' (સૂ. કહફ)

હમ યહાં ઐસે રહે યા વૈસે રહે,
દેખના યહ હૈ કે વહાં કૈસે રહે ? !

✧✦✧

નિગાહે મન કે બ-મકતબ ન રકત વ ખત ન નવિશ્ત,
બ-ગમ્ઝહ મસ્અલા-આમોઝે સદ મુદર્રિસ શુદ.

(મેરા મહબૂબ જો કભી મકતબમેં નહી ગયા, લિખના ભી નહીં સીખા, વહ અપને ઈશારોંસે સેંકડો મુદર્રિસોંકા મુઅલ્લિમ બન ગયા.)

يَارَبِّ صَلِّ وَسَلِّمْ دَائِمًا اَبَدًا
عَلٰى حَبِيْبِكَ خَيْرِالْخَلْقِ كُلِّهِمِ

યા રબ્બિ સલ્લિ વ સલ્લિમ દાઇમન્ અબદન્
અલા હબીબિ-ક ખય્રિલ્ ખલ્કિ કુલ્લિહીમી.

✧✦✧

શર હી શર બાલાએ શર અંદર ભી શર બાહર ભી શર
ગર ન સીખા દીન તૂને તેરી દુન્યા પુર ખતર

✧✦✧

سُبْحٰنَ رَبِّكَ رَبِّ الْعِزَّةِ عَمَّا يَصِفُوْنَ ۝١٨٠ وَسَلٰمٌ عَلَى
الْمُرْسَلِيْنَ ۝١٨١ وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ۝١٨٢ (الصّٰفّٰت ٣٧:١٨٠-١٨٢)

"આપનો પરવરદિગાર જે મહાન ઈઝઝતવાળો છે, તે એવી વાતોથી પવિત્ર છે જેને તેઓ (કાફિરો) બયાન કરે છે અને સર્વે રસૂલો પર સલામ છે અને સઘળા વખાણ અલ્લાહ તઆલાને જ માટે છે, જે તમામ જગતોનો પાલનહાર છે."

(સૂ. સાફ્ફાત ૧૮૦ થી ૧૮૨)

●●●

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ

ઉલમાએ કિરામના અભિપ્રાયો

તકરીઝ

અઝ : મવલાના ઝુલફિકાર અહમદ સા. (૨૬.)
માજી શયખુલ હદીસ : દારુલ ઉલૂમ ફલાહે દારૈન–તડકેશ્વર

ઈન્સાનકી પેદાઈશકા મકસદ કુર્આને પાકમેં ઈબાદતકો કરાર દિયા હૈ ઔર ઈબાદતમેં આ'લા ઈબાદત દુઆ હૈ. મા'લૂમ હૂઆ કે, બંદાકી બંદગી ઔર ઈબાદતકા ઈઝહાર સબસે ઝયાદહ દુઆકે ઝરીયા હોતા હૈ. ચુનાન્ચે બંદા જબ અપને અલ્લાહસે માંગતા હૈ, દુઆ કરતા હૈ ઈસ વકત વહ સરાપા નયાઝ, સરાપા મોહતાજ, સરાપા મિસ્કીન બન કર ગોયા વહ અપને દિલ ઔર આંખકો અલ્લાહકે હુઝૂર નિચોળ કર ખાલી કર દેતે હૈં ઔર અપનેકો ખાલી બતલા કર અલ્લાહકે ફઝલો–કરમકી દુહાઈ દે કર હાજત રવાઈકે લિએ અપને પ્યારે અલ્લાહકો અપની તરફ મુતવજ્જહ હોને, હાજતરવાઈ કરને ઔર તમામ મસાઈબ વ મુશ્કિલાત, શયતાની ખતરાત ઔર નફસકે મકાઈદસે મહફૂઝ રખનેકી ભીક માંગતા હૈ ઔર સિર્ફ અલ્લાહકી ઝાત હી કો મોહતાજ–એલિયા ઔર સર ચશ્મએ ખૈર હૈ. અલ્લાહકો અપને બંદેકી યહ અદા ઈતની પ્યારી લગતી હૈ ઔર ભા જાતી હૈ કે ઉસકી માંગી હૂઈ મુરાદ યા ઉસકા અચ્છા બદલ દુન્યામેં યા ફિર આખિરતમેં દેનેકા ફેસલા ફરમા દેતા હૈ.

દુઆ જબ ઈબાદત હૈ તો ફિર ઔર ઈબાદતકી તરહ દુઆકે ભી આદાબ, અલ્ફાઝ ઔર તરીકે હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)સે હી સીખના પળેંગે.

ચુનાન્ચે આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)કી દુઆએં હમારે લિએ એક ઐસા નમૂના હૈ કે ઈનસે અચ્છી દુઆએં ઝિંદગીકે હર મોડ ઔર હર ઝરૂરતકે મોકા'કે લિએ હો હી નહી સકતી. નીઝ આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)કી ઈન દુઆઓંકી યહ ખુસૂસિય્યત ભી હૈ કે આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)કે ફરમુદાત ઔર હિદાયાતકા બહુત બડા ઝખીરહ રિવાયત બિલ મુગ્નીકે તૌર પર રિવાયત હૂવા હૈ, મગર આપકી દુઆઓંકા પૂરા ઝખીરહ (રિવાયત બિલ લફઝ)કે તૌર પર મહફૂઝ હૈ ઔર ઝાહિર હૈ કે રિવાયત બિલ મુગ્નીકે મુકાબલેમેં રિવાયત બિલ લફઝકા દરજા બળ્હા હૂઆ હૈ તો યહ મસ્નૂન દુઆએં દુઆઓંકે વહ અલ્ફાઝ હૈં જો બિઅયનિહી હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)કી ઝબાને ઈઝહારસે નીકલે હૂએ હૈં. ઈનમેં રાવીકે અપને અલ્ફાઝકા કોઈ દખલ નહીં હૈ, તો આપકી ઝબાને મુકદ્દસસે નીકલે હૂએ કલિમાત કિતને પાકીઝહ હોંગે, વહ આપ ખુદ અંદાઝા લગા સકતે હૈં.

ઉમ્મતકે બળે મુહસિન હૈં વહ હઝરાત જિન્હોંને લાખોં અહાદીસે તય્યિબહકે ઝખીરહમેંસે હર મૌકાકે લિએ આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)કી દુઆએં જમા' ફરમા કર ઉમ્મત તક પહુંચા દી હૈ.

નીઝ કુર્આને પાકકી સૂરતોં ઔર આયાતકે ફઝાઈલ, અહાદીસકે ફઝાઈલે આ'માલસે મુતઅલ્લિક–એ ઝખીરહ ઈસ્મે આ'ઝમ ઔર ઉસકી ફઝીલત, દુરૂદે પાકકે ફઝાઈલ

ઔર મુતઅદ્દદ દુરૂદ શરીફકે કલિમાત મુખ્તલિફ મવાકિઅકે લિએ આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)કી સુન્નતેં, બેશુમાર સવાબવાલે કલિમાત, આયાત, અહાદીસ, સુન્નતેં ઔર દુઆએં ઔર દુરૂદ શરીફ પર મુસ્તમિલ એક અઝીમુશ્શાન ઝખીરહ યકઝા તૌર પર "આખિરતકા તોહફા" નામકી કિતાબમેં જમા' કિયા ગયા હૈ. યહ કિતાબ દારુલ ઉલૂમ કંથારીઆકે શો'બ–એ નશરો–ઈશાઅતસે શાઈઅ કી ગઈ હૈ.

વહ હઝરાત જો અલ્લાહકે ફઝલસે ખુશ નવકાત ઔર મા'લૂમાતકે પાબંદ ઔર ફઝાઈલે આ'માલકે મુશ્તાક હૈં ઉનકે લિએ યહ કિતાબ એક બેસ કિમત ઝખીરહ હૈ. ઈસસે ભરપૂર ફાઈદા ઉઠા સકતે હૈં, ઈસ્તિફાદહ કરનેવાલે હઝરાતસે મુરત્તિબીન કિતાબ ઔર શાઈઅ કરનેવાલે હઝરાતકે લિએ દુઆકી દરખ્વાસ્ત હૈ. ઉમ્મીદ હૈ કે ફરામોશ ન ફરમાએંગે.

(મવલાના) ઝુલફિકાર અહમદ સા. (૨૯.)

માજી શયખુલ હદીસ : દારુલ ઉલૂમ ફલાહે દારૈન–તડકેશ્વર

(મવ.) મુહમ્મદ રફીક પઠાણ સા. (દા. બ.)
શયખુલ હદીસ : દારુલ ઉલૂમ બરોડા, તાંદલજા

તા. ૧૩–૦૬–૨૦૦૯

બિસ્મિહી તઆલા

અલ્લાહપાકનો એહસાન છે કે, આ ફિત્નાના જમાનામાં એવા આલિમો અને ઈદારા કાયમ થયા કે ઈસ્લામી વાતો અને ઈમાનની વાતો તકરીરથી અથવા તહરીરથી દુનિયામાં રહેલા લોકો સુધી પહોંચાડે છે અને આ ખિદમત આપી અલ્લાહના પ્યારા રસૂલ હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની દુઆ લઈ રહયા છે.

અરબી

"અલ્લાહ પાક મારા ઉમ્મતીને તરોતાઝહ રાખે, જેણે મારી એક વાત સાંભળીને યાદ રાખી અને બીજા લોકો સુધી પહોંચાડી જેવી રીતે સાંભળી હશે."

મને ખુશી છે કે, અમારો પ્યારો ઈદારો દારુલ ઉલૂમ કંથારીઆ, તા. જિ. ભરૂચના મા–તહત 'આખિરતનો તોહફો' કિતાબને શાઈઅ–પ્રકાશિત કરી. એ કિતાબમાં દીનની જરૂરી વાતો જેણે વાંચીને મારું દિલ ખુશ થઈ ગયું. ખરેખર, ઘણી કિમતી વાતો છે. અલ્લાહ પાક આ ખિદમતને કબૂલ ફરમાવે અને બન્નેવ જહાંનમાં જઝાએ ખૈર અતા ફરમાવે, આમીન.

લિ. (મવ.) મુહમ્મદ રફીક પઠાણ સા. (દા. બ.)
ઉસ્તાદે હદીસ શરીફ, દારુલ ઉલૂમ બરોડા, તાંદલજા

મોલ્વી મુહમ્મદ બોટાણીયા સા.
ઈમામ મસ્જિદ દારુસ્સલામ, ટોરન્ટો-કેનેડા

તા. ૧૬-૦૬-૦૯

હમ્દો સલામ,

પછી દારુલ ઉલૂમ કંથારીઆ (ભરૂચ) જેનાથી હજારોએ ફાયદો ઉઠાવ્યો, ઘણા આલિમો, હાફિઝો, કારીઓ અને મુફ્તીઓ પેદા કર્યા, જેમનાથી મખ્લૂકને ઘણો ફૈઝ પહોંચી રહયો છે. અલ્લાહ તઆલા હજુ વધુ લોકોને ફૈઝ પહોંચાડે અને દારુલ ઉલૂમને દીન દુ્ની રાત ચુ્ની તરક્કી આપે. મોહતમિમ કાર્યકતાઓ તેમજ હમદર્દોને જઝાએ ખૈર આપે. આમીન.

દારુલ ઉલૂમ કંથારીઆમાં અનેક તબ્લીગી કિતાબો પ્રગટ થાય છે, જેનાથી પણ ઘણાને ફૈઝ પહોંચે છે. દીની પ્રકાશન તરફથી પ્રગટ થયેલી કિતાબ 'આખિરતનો તોહફો' ખરેખર લાજવાબ છે, જેમાં ઘણી મુફીદ દુઆઓ, વઝીફાઓ તેમજ દુરૂદ શરીફો છે જેના પર અમલ કરવાથી દીન-આખિરત સુધરી શકે છે. ઘણી લાભદાયક કિતાબ છે. અલ્લાહ પાક ખિદમતને કબૂલ કરે. આમીન.

લિ. **મોલ્વી મુહમ્મદ બોટાણીયા સા.**

ઈમામ : મસ્જિદ દારુસ્સલામ
ટોરન્ટો-કેનેડા

મુહમ્મદ ફૈયાઝુદ્દીન હાજી

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ.

અલ્હમ્દુ લિલ્લાહી અલા નુઅમાઈહી વશુકુ અલા ઈહ્સાનિહી.

''આખિરતકા તોહફા'' જો દારુલ ઉલૂમ કંથારીઆસે શાઈઅ હૂઈ હૈ, બડી અજીબો–ગરીબ કિતાબ હૈ. હર પઢનેવાલા આદમી યહ મહસૂસ કરતા હૈ કે મુઝે જિસ ચીઝકી જરૂરત થી, આજ ઈસ કિતાબમેં મિલ ગઈ.

ઈસ કિતાબસે અવામ વ ખવાસ દોનોં બેનિયાઝ નહી હો સકતે, જિસમેં રોઝમર્રહકી જરૂરિયાત ઔર આખિરતકી તય્યારીકે દિલચસ્પ વાકિઆત ઔર હમારે અકાબિરીનકે તજરબાત ઔર ફવાઈદે અસ્માએ ઈલાહી વ ફવાઈદે દુરૂદ શરીફ ઔર હર કિમતી તોહફા ઈસ નુસ્ખોંમેં મવજૂદ હૈ. ઈસ નુસ્ખેમેં એક કશિશ હૈ, જો હર પઢનેવાલેકો અપની તરફ પૂરે તૌર પર માઈલ કરતી હૈ ઔર અમલ કરને પર મજબૂર કરતી હૈ. દારુલ ઉલૂમ કંથારીઆકે ભી તહે દિલસે મશકૂર હૈં કે હર વકત ઉમ્મતે મુસ્લિમહકે અહમ તકાઝાકો પૂરા કરનેકી ઈદારેકી જાનિબસે પૂરી પૂરી સઈ કી જાતી હૈ.

અલ્લાહ તબારક વ તઆલાસે દુઆગો હૂં કે શર્ફે કબૂલિય્યતસે નવાઝે ઔર હર તરહકી તરક્કીયાતસે માલામાલ ફરમાએ, આમીન.

અહકર : મુહમ્મદ ફૈયાઝુદ્દીન હાજી

ખાદિમ : જમીઅતે ઉલમાએ હિન્દ, સુરત શહેર

(મવ.) ગુલામ રસુલ ગોધરવી સા. (દા. બ.)

શયુખલ હદીસ : જામિઅહ ઈસ્લામિય્યહ-આણંદ

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ.

નહમદુહુ વ નુસલ્લી અલા રસૂલિહીલ કરીમ....

''આખિરતનો તોહફો'' એઅતિકાદના સંપૂર્ણ મસાઈલના નવા સુધારા સહિત, નામની દળદાર કિતાબ અમારા એક પ્રમાણિક મિત્ર મૌલાના સઈદ નુરગત સાહબ (ઝી. મ.)ના દ્વારા નાચીઝના હાથમાં આવી. વિવિધ પૃષ્ઠોનું ધ્યાનપૂર્વક પઠન કર્યું. ખરેખર, વિવિધ વિષયોને જોડતી ''આખિરતનો તોહફો'' નામી કિતાબ આખિરતની તૈયારી કરવા માટે કિમતી ખજાનો ધરાવે છે અને નામ તેવા જ ગુણ તેમા સમાયેલા છે.

લેખક સાહેબે ઘણા કષ્ટો વેઠીને, વિઘ્નો ઓળંગીને પોતાનું નામ જાહેર કર્યા વગર ''આખિરતની તૈયારી'' કરવા માટે ઉમ્મતના હાથમાં આ કિતાબ અર્પણ કરેલી છે–સંપાદિત કરી છે. અલ્લાહ તઆલાથી દુઆ છે કે, આમ અને ખાસ તમામ લોકો માટે ફાયદાકારક બનાવે અને હઝરત લેખક (દા. બ.)ને ખાસ કરીને આ કિતાબને છપાવવા પાછળ સંકળાયેલા તમામ નેક બંદાને પોતાની શાયાને શાન દુનિયા અને આખિરતમાં બદલો અર્પણ કરે તથા દરેકને આ કિતાબથી ફાયદો ઉઠાવીને

આખિરતની તૈયારી કરવાની હિદાયત આપે. આમીન, યા રબ્બલ આલમીન !

વમા તવફીકી ઈલ્લા બિલ્લાહ

ફકત વસ્સલામ,

(મવ.) ગુલામ રસુલ ગોધરવી સા. (દા. બ.)

ખાદિમ : જામિઅહ ઈસ્લામિય્યહ–આણંદ

૧૬ જમાદિઉસ્સાની ૧૪૩૦ મુતાબિક

૧૦–૦૬–૨૦૦૯

(મુફ્તી) મુ. ફારૂક બરોડવી સા.
ખાદિમે હદીસ જામિઅહ અક્કલકુવા

નહમદુહુ વ નુસલ્લી અલા રસૂલિહીલ કરીમ....

અમ્મા બા'દ !

અલ્લાહ તઆલા ફરમાવે છે કે, "અય ઈમાનવાળાઓ ! અલ્લાહનો ખૌફ પેદા કરો અને દરેક માણસે વિચારવું જોઈએ કે, તેણે આવતી કાલ એટલે કે આખિરત માટે શું ભાથું તૈયાર કરેલ છે." *(સૂરએ હશ્ર, પારહ : ૨૮)*

"આખિરતનો તોહફો" કિતાબ નિઃશંકપણે મુસ્લિમ કૌમ માટે મહામૂલી ભેટ છે અને સૌથી મોટો તોહફો જ એ હોય કે જે આખિરતમાં કામ આવે. આ કિતાબમાં આપણા પૂર્વજ મુહદ્દિસીનની ઢબે દીન–દુનિયાના બધા જ જરૂરી વિષયો આવરી લેવામાં આવ્યા છે. એમાં જ્યાં અકાઈદની પુખ્તગીની સચોટ ચોખવટ છે ત્યાં જ આ'માલ, ફઝાઈલ અને અવરાદ, વઝાઈફનું પણ સવિસ્તાર વર્ણન છે, જેથી વિના સંકોચ કહી શકાય કે, ગુજરાતી ભાષામાં આ પહેલો મહાસંગ્રહ છે. એની મકબૂલિય્યત એ છે કે, દરેક મુસ્લિમે આ કિતાબ પોતાના જીવનમાં વસાવવા લાયક છે.

અલ્લાહ તઆલા છાપનાર–છપાવનાર દરેકને દુનિયા–આખિરતના અઝીમ તોહફાઓથી નવાઝી કબૂલ ફરમાવે, આમીન.

(મુફ્તી) મુ. ફારૂક બરોડવી "ફલાહી"

ખાદિમે હદીસ જામિઅહ અક્કલકુવા
૨૭ જમા. આખર ૧૪૩૦ હિજરી

(મવ.) સઈદ કારી નુરગત "ફલાહી"
ખાદિમ : જામિઅહ અરબિય્યહ દારુલ ઉલૂમ, આણંદ

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ.

એક મહામૂલો સંગ્રહ

નહમદુહુ વ નુસલ્લી અલા રસૂલિહીલ કરીમ....

અમ્મા બા'દ,

"આખિરતનો તોહફો" નામક દળદાર કિતાબ–પુસ્તક પઢવાનો મોકો નસીબ થયો. આ સંગ્રહમાં "એતિકાફના અહમ મસાઈલ" જે ૮૦ પૃષ્ઠોમાં ફેલાયેલ છે. બીજા વિવિધ બાર પ્રકરણોનો સમાવેશ છે. આ વિવિધ વિષયો જેનો સંબંધ એક મુસલમાનની આખિરતની જિંદગી સાથે છે, એક જ કિતાબમાં સંકલિત કરવામાં આવ્યા છે. સંકલન અને સંપાદનકર્તા સાહબે ઘણી મહેનત કરી છે.

હકીકત અને વાસ્તવિકતા એ છે કે, મુઅમિન માટે આ નાશવંત–ફાની અને ક્ષણભંગુર દુનિયાની જિંદગી કેદખાના–જેલ સમાન છે. એના માટે આખિરતની જિંદગી જ અસલ છે. અગર આખિરત–પરલોકની જિંદગી કામિયાબ અને સફળ થઈ ગઈ તો આલોકની જિંદગીની પરેશાનીઓ–સમસ્યાઓ કંઈ પણ નથી, પરંતુ આજના ભૌતિકવાદના સમયમાં મુસલમાન પણ દુનિયા પાછળ પાગલ છે. કોઈ પણ રીતે સુખ–સમૃદ્ધિ હાસિલ કરવા દોડ લગાવી રહયો છે. એવા સમયમાં આપણી પાસે આખિરતની ફિકર–ચિંતા માટે સમય નથી.

પ્રસ્તુત કિતાબમાં આખિરત માટે થોડો સમય ફાળવી બેહિસાબ સવાબ મેળવવાના કુર્આની અને હદીસી નુસ્ખા આ મહામૂલી કિતાબમાં દર્શાવવામાં આવ્યા છે. એ સાથે દુન્યવી પરેશાનીઓ, મસાઈલ અને બીમારીઓના ઈમાની નુસ્ખા પણ છે. હાલમાં જ એક યુરોપિયન ડોકટરે પોતાના સંશોધન અને અનુભવના આધારે જાહેર કર્યું છે કે, "પ્રાર્થના, ઈબાદત, વઝાઈફથી કેટલીયે બીમારીઓ–રોગો મટી શકે છે અને મટી ગયા છે. એ રોગો જેવા કે, કોઢ, કેન્સર જેવા મુઝી–ભયંકર રોગો પણ." આ એક ગેરમુસ્લિમનો અનુભવ છે. કુર્આન અને હદીસ શરીફમાં પણ આ વર્ણન થયેલ દુઆઓ સિદ્ધ છે. શરત છે યકીન–શ્રદ્ધા અને પાબંદી.

સારાંશ કે પ્રસ્તુત કિતાબમાં દીન–દુનિયાની સઘળી ભલાઈઓ અને લાભોનો સમાવેશ છે, જેના પર અમલ કરી આપણી આખિરત અને દુનિયા બંને સુધરી શકે છે.

અલ્લાહ તઆલા એનાથી નફો ઉઠાવવાની તૌફિક બખ્શે, આમીન !

કિતાબના ગુમનામ સંકલનકર્તા અને આવી દળદાર કિતાબની દ્વિતીય આવૃત્તિ પ્રકાશિત કરી વિના મૂલ્યે વિતરણ કરનાર ગુમનામ સખી દાતા અને ઈલ્મ પ્રેમીને બન્ને જહાંનમાં બેહતરીન બદલો ઈનાયત ફરમાવે, આમીન !

(મવ.) સઈદ કારી નુરગત "ફલાહી"

ખાદિમ : જામિઅહ અરબિય્યહ દારુલ ઉલૂમ, આણંદ

(મવ.) અબ્દુલ્લાહ કાપોદ્રવી (સા. રહ.)
મુફક્કિરે મિલ્લત, કાઈદે ઉલમા

બિસ્મિહી સુબ્હાનહુ વ તઆલા

દારુલ ઉલૂમ અરબિય્યહ ઈસ્લામિય્યહ ભરૂચ, મુ. પો. કંથારીઆ ગુજરાતની મશહૂર અને ઘણી પ્રખ્યાત દીની દર્સગાહ છે. ત્યાં ઉર્દૂ, ફારસી, અરબી ભાષાઓ તથા ઈસ્લામી ઉલૂમની તાલીમ તથા તરબિયતનું કામ ઘણી સારી રીતે થઈ રહયું છે.

સાથે સાથે નાના ગામોમાં મકાતિબનું અગત્યનું કામ પણ વિશાળ પાયે ઉપાડવામાં આવ્યું છે અને દારુલ ઉલૂમના પ્રકાશન વિભાગે અજોડ સેવાનું કામ ઉપાડયું છે.

આજ સુધી ૫૦૦ પ્રકાશનો બહાર પાડી ગુર્જર મુસ્લિમો માટે દીની સાહિત્યની મહામૂલી સેવા બજાવી છે. અલ્લાહ તઆલા આ સર્વ સેવાઓને કબૂલ ફરમાવી બેહતરીન બદલો અતા ફરમાવે, આમીન !

હમણા મારી સામે "આખિરતનો તોહફો" નામી એક ઉમદા અને અણમોલ પુસ્તક છે, જેમાં દુરૂદ શરીફ, સૂરતો, અસ્માએ હુસ્ના તથા રાત–દિવસની નબવી દુઆઓ વગેરે સુંદર અરબી, ગુજરાતી છપાઈ સાથે બહાર પાડવામાં આવી છે.

આ મહામૂલી કિતાબ દરેક મુસ્લિમ ઘરમાં પહોંચવી જોઈએ. આ પ્રકારની કિતાબોના પઠનથી ઈમાનમાં તાઝગી પેદા થાય છે, અલ્લાહ તઆલા સાથે સંબંધ મજબૂત બને છે

તથા આખિરતનું ધ્યાન મજબૂત થાય છે. રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની મુહબ્બત વધે છે, તવહીદ, રિસાલત અને આખિરતનું યકીન દુનિયા–આખિરતની સફળતાની ચાવી છે.

અલ્લાહ તઆલા કિતાબના સંપાદક, પ્રકાશક તથા એમાં મદદ કરનારાઓને ભરપૂર બદલો અતા ફરમાવે અને ઉમ્મતના દરેક વ્યક્તિઓને આવી કિતાબોથી લાભ ઉઠાવવાની તૌફિક અતા ફરમાવે. કિતાબના છેલ્લા ભાગમાં એતિકાફના મસાઈલ વિગતે લખવામાં આવ્યા છે. રમઝાનુલ મુબારકમાં જુદી જુદી મસ્જિદોમાં એઅતિકાફ કરનારાઓ માટે ઘણી જ ઉપયોગી માહિતી છે.

ફકત વસ્સલામ,

લિ. (મવ.) અબ્દુલ્લાહ કાપોદ્રવી (સા. રહ.)

(*માજી* રઈસ : દારુલ ઉલૂમ ફલાહે દારૈન, તડકેશ્વર)

(મવ.) મુફ્તી મહમૂદ હાફેઝજી સા. (દા. બ.)
ઉસ્તાદે હદીસ :જામિઅહ ઇસ્લામિય્યહ તઅલીમુદ્દીન, ડાભેલ

બિસ્મિહી સુબ્હાનહુ વ તઆલા

દરેક પ્રકારની તા'રીફ–હમ્દ અલ્લાહ તઆલા માટે જ છે, જેટલી સંખ્યામાં ઝાડ પર પાંદડા છે અને રેતીના કાંકરા છે તેટલી સંખ્યામાં દુરૂદ–સલાત–સલામ આપણા નબી હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર હર ઘડી કિયામત સુધી ઉતરતા રહે. આમીન.

(૧) આજના જમાનામાં ઈન્સાન ઘણો જ મશગૂલ દેખાય છે, દીનથી દૂર દેખાય છે, દુનિયામાં વ્યસ્ત દેખાય છે. આવા સમયમાં થોડું કરીને વધારે કમાવવાની લાલચ છે. તેવા સંજોગોમાં થોડી મિનિટોમાં અુમક વઝીફાઓ પઢી લાંબો અને ઘણો સવાબ પ્રાપ્ત થઈ શકે તેવી વાતો આ કિતાબ "આખિરતનો તોહફો"માં છે.

(૨) પ્રકાર પ્રકારના ફિત્નાઓ, તકલીફો તથા મુસીબતો જોવામાં આવી રહી છે. બીમારીઓથી લોકો પરેશાન છે. એવા સમયે આવી કિતાબ રહમત છે, જેના પઢવાથી મુસીબતો તથા બલાઓથી અલ્લાહ હિફાઝતમાં રાખે છે, ઈન્શા અલ્લાહ.

(૩) રોઝી–રોટીનો મસ્અલો લોકોને સતાવી રહયો છે, ચેન–સુકૂન અને રાહતની શોધખોળ થઈ રહી છે. આવા મોકા પર આ કિતાબ પઢવાથી આસાન રોઝી અને દરેક રહમત–બરકત ઈન્શાઅલ્લાહ હાસિલ થશે.

(૪) જાદૂ–જિન્નાતનું જોર વધી રહયું છે. હુઝૂર રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના મુબારક જમાનાથી પહેલાં જે વાતાવરણ દુનિયામાં હતું, કંઈક તેવું જ થઈ રહયું હોય એવું લાગે છે અને બાપુઓ પાસે જવાથી બાપુના ખિસ્સા ગરમ અને પરેશાન માણસની પરેશાનીમાં વધારો જોવા મળે છે, જેથી આ કિતાબ પઢવાથી જાદુ, જીન્નાતની બલાઓ મફતમાં દૂર થઈ જશે, ઈન્શા અલ્લાહ.

સૌથી મોટી વાત એ છે કે, કિતાબમાં જે વઝીફાઓ છે તે કુર્આન શરીફ તથા હદીસ શરીફના પાક કલિમાત છે તેમજ અલ્લાહ તઆલાના નેક બંદાઓના વઝીફાઓ છે. એટલે કે ઈન્શા અલ્લાહ ફાયદો ચોક્કસ થવાનો જ.

ખૂબ જ મુબારકબાદી આવી મુબારક વસ્તુઓ છપાવી મફતમાં વહેંચી સવાબ પ્રાપ્ત કરવાના મુબારક કામ પર.

અલ્લાહ તઆલા કબૂલ ફરમાવે તથા વધુ તવફીક આપે, આમીન, યા રબ્બલ આલમીન.

(મવ.) મહમૂદ હાફેજજી સા. (દા. બ.)

ડાભેલ,

૨૧ જાન્યુઆરી, ૨૦૧૦

(મવ.) યૂસુફ ટંકારવી સા. (દા. બ.)
ઉસ્તાદે હદીસ : દારુલ ઉલૂમ, ફલાહે દારૈન, તડકેશ્વર

નહમદૂહુ વ નુસલ્લી અલા રસૂલિહિલ કરીમ....

અમ્મા બા'દ,

''તોહફએ દુન્યા વ આખિરત'' તથા ''આખિરતનો તોહફો'' નામી બંનેવ કિતાબો દારુલ ઉલૂમ અરબિય્યહ ઈસ્લામિય્યહ ભરૂચ, મુ. પો. કંથારીઆના પ્રકાશનો પૈકી ઘણા કિમતી અને લાભદાયક પ્રકાશનો છે, જેમાં મહાન ફઝીલતવાળા કલિમાત, દુરૂદ શરીફ અને મોકા મોકા પઢવામાં આવતી દુઆઓ ઘણી સારી તરતીબથી લખવામાં આવી છે. દુઆઓ વગેરે પહેલાં અરબી ભાષામાં લખી ઝેર, ઝબર લગાવી દીધાં છે. વળી, સાથે સાથે તેના ઉચ્ચાર ગુજરાતીમાં આપી દીધા છે, ને તરજુમો લખી દીધો છે. વળી, હવાલાઓ પણ આપી દીધા છે, જેનાથી કિતાબ ઘણી વજનદાર થઈ ગઈ છે, જેથી હવે આ કલિમાત અને દુરૂદ શરીફ પઢનાર તેમજ દુઆઓ કરનાર અર્થ સમજીને પઢશે ને દુઆઓ કરશે તો તેમાં રૂહ પેદા થશે અને દિલ લાગશે, જેની અત્યંત જરૂરત છે.

આવી કિતાબો જે ઉમ્મતના હર ફર્દ–વ્યકિત માટે લાભકારક હોય ઘરઘર મવજૂદ હોવી જરૂરી છે તથા મહેનત કરી હર ઘર સુધી પહોંચાડવી એ ઉમ્મતની અહમ ખિદમત છે.

આપણા દારુલ ઉલૂમ–કંથારીઆને અલ્લાહ તઆલાએ

મિલ્લતે ઈસ્લામિય્યહની આ પ્રકારની નેક ખિદમતના જઝબાતથી નવાઝેલ છે. જેણે આવી મુફીદ કિતાબો ઉમ્મતના ઘરે ઘર પહોંચાડવા માટે પ્રકાશનં અને પ્રસારણનો અલગ વિભાગ હાથ ધર્યો છે. અલ્લાહ તઆલા એની આ ખિદમતોને કબૂલ ફરમાવી પૂરી ઉમ્મત તરફથી જઝાએ ખૈર અતા ફરમાવે તથા વધુ ને વધુ ખિદમતો માટે કબૂલ ફરમાવે ને ઉમ્મતને આવી બરકતવંત કિતાબોથી ફાયદો ઉઠાવવાની નેક તવફીક અતા ફરમાવે, આમીન, યા રબ્બલ આલમીન !

ફકત વસ્સલામ,

લિ. (મવ.) યૂસુફ ટંકારવી સા. (દા. બ.)

ઉસ્તાદે હદીસ : દારુલ ઉલૂમ ફલાહે દારૈન,

તડકેશ્વર, ગુજરાત

(મવ.) ગુલામ રસુલ ગોધરવી સા. (દા. બ.)
શયુખલ હદીસ : જામિઅહ ઈસ્લામિય્યહ–આણંદ

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ.

નહમદુહુ વ નુસલ્લી અલા રસૂલિહીલ કરીમ....

''આખિરતનો તોહફો'' નામી દળદાર કિતાબની નવી આવૃતિ નાચીઝની નજર સમક્ષથી ગુજરી. આ પહેલા એની બીજી આવૃત્તિમાં નાચીઝનો સંક્ષિપ્ત–ટુંકો અભિપ્રાય પ્રગટ થયો હતો.

આ કિતાબ આખિરતના મુસાફિર એટલે કે આપણા માટે, જેમનો અકીદો અને યકીન છે કે, ''દુનિયા આખિરતની ખેતી છે'' એક બેહતરીન–ઉત્તમ હદિયા–તોહફા સમાન છે.

આ ફાયદામંદ, લાભદાયી અને મહામૂલી કિતાબની પાંચમી આવૃત્તિ પ્રકાશિત થઈ રહી છે, જે ઘણી ખુશીની વાત છે અને એનાથી એ પણ પ્રતિત થાય છે કે, રબ્બે કરીમે આ કિતાબને મકબૂલિય્યત અને લોકપ્રિયતા અતા કરી છે. અલ્લાહુમ્મ ઝિદ્ ફ–ઝિદ.

આ કિતાબમાં એઅતિકાફ જેવા બુનિયાદી સંપૂર્ણ મસાઈલ તથા બીજા અનેકવિધ વિષયો, રૂહાની અને શારીરિક તકલીફોના રૂહાની (કુર્આનિક અને હદીસી) ઉપચારો સારાંશ કે, ઘણા બધા મહામૂલા અને ઉપયોગી વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

બારગાહે ખુદાવંદમાં દુઆ છે કે, દીની–દુન્યવી રીતે આવી મકબૂલ–ફાયદામંદ કિતાબને ઔર વધુ નાફેઅ–લાભદાયી બનાવે. આમીન.

અને અંતમાં ઉમ્મતે મુસ્લિમહને અર્પણ કરનાર અને ખર્ચ ઉઠાવનાર નેક બંદાઓને પોતાની શાયાને શાન દુનિયા અને આખિરતમાં બેહતરીન–ઉત્તમ બદલો અર્પણ કરે તથા દરેકને આ કિતાબથી ફાયદો ઉઠાવવાની તૌફીક અરઝાની અતા કરે. જેથી આપણી આપણી આખિરત સન્માર્ગે વળે. આમીન યા રબ્બલ આલમીન.

વમા તવફીકી ઈલ્લા બિલ્લાહ. ફક્ત વસ્સલામ.

(મવ.) કારી રશીદઅહમદ રઝા અજમેરી સા. (દ્.બ.)
શયખુલ હદીસ : દારૂલ ઉલૂમ અશરફિય્યહ અરબિય્યહ,
રાંદેર-સુરત.

નહમદુહુ વ નુસલ્લી અલા રસૂલિહીલ કરીમ....

"તોહફએ દુન્યા વ આખિરત" તથા "આખિરતનો તોહફો" વિશેના અભિપ્રાય ગાઢ અને દૃઢ થયો. દરેક માટે એ જરૂરી તોહફો અને ઈલ્મી અને જ્ઞાનની અમલથી કમાવવાની ભેટ છે. આ મહા મુલ્યવાન કિતાબમાં ઘણા બધા ઉલમાના અભિપ્રાયો જોતાં જરૂર ન લાગી કે કઈક લખીએ, પણ મુસ્લિમ ભાઈઓનો ઈસરાર હતો કે, કઈક લખવામાં આવે. વિનંતી છે કે દરેક મુસલમાન જેને ગુજરાતી ભાષા પર પ્રભુત્વ હોય, વાંચી શકતો હોય તે જરૂર આ કિતાબથી ફાયદો ઉઠાવે. જે હઝરાતે આ મહત્વપુર્ણ અને ઘણીજ લાભકારક કિતાબ છપાવી ઉમ્મત સુધી પહોંચાડવાની ફિકર ફરમાવી તેમના માટે પણ આ કિતાબ "આખિરત અને જન્નત" ની સોગાદ બની રહે. એવી દુઆઓની અપેક્ષા સાથે.....

(મવ.) કારી રશીદઅહમદ રઝા અજમેરી સા. (દા.બ.)
શયખુલ હદીસ : દારૂલ ઉલૂમ અશરફિય્યહ અરબિય્યહ,
રાંદેર-સુરત.
૨૭ રમઝાનુલ મુબારક-૧૪૩૧ મુતાબિક
૦૭-૦૯-૨૦૧૦ (મંગળવાર)

(મવ.) મુફ્તી ઈસ્માઈલ ભીખા સાહેબ કછોલવી
શયખુલ હદીસ અને મુફ્તી : દારુલ ઉલૂમ
જામિઅહ, હુસેનિય્યહ, રાંદેર-સુરત.

બિસ્મિહિ તઆલા

હદીસ શરીફમાં ઈરશાદ છે,

"કુન ફિદ્ દુન્યા કઅન્ન-ક ગરીબુન અવ્ કઆબિરિ સબીલિન વઈદ નફ્સ-ક મિન્ અસ્હાબિલ કુબૂર."

અર્થાત્ : દુનિયામાં પ્રવાસી–મુસાફિરની જેમ રહો અને પોતાને મુર્દાઓમાં ગણો.

સાચેજ આ દુનિયા ફાની–નાશવંત છે, એની તમામ ચમક–દમક, પ્રકાશ, વૈભવ–વિલાસ અને નેઅમતો–આ બધું જ શાશ્વત–ફાની છે. અહીં જે કંઈ છે એ ફના છે. બકા છે તો ફક્ત અલ્લાહની પાક ઝાત જ છે.

"કુલ્લુ શય્ઈન હાલિકુન્ ઈલ્લા વજહહ્."

કુર્આને હકીમમાં આ ક્ષણભંગુર દુનિયા માટે ઈરશાદે ખુદાવંદી છે :

"વમા હાઝિહિલ્ હયાતુદ્ દુન્યા ઈલ્લા મતાઉલ ગુરૂર." (૭–૨૬)

બીજી જગ્યાએ ઈરશાદ છે :

"વમા હાઝિહિલ્ હયાતુદ્ દુન્યા ઈલ્લા લહ્વુંવ્ વ–લઈબ."

આ ફાની દુનિયા ધોકો અને ખેલકુદ સિવાય કંઈ જ નથી. આ દુનિયા એક પ્રદર્શન અને ધોકો છે.

શાઈરે મશિરક અલ્લામા ઈકબાલ (રહ.) ફરમાવે છે, ''યહ માલો-દૌલતે દુનિયા, યહ રિશ્તા યહ પેવંદ, બુતાને વહમો-ગુમાં લા ઈલા-હ ઈલ્લલ્લાહ.'' આ બધું જાણવા છતાં કે, એક દિવસ આ બધું છોડીને આપણે આ ફાની દુનિયામાંથી ખાલી હાથે વિદાય લેવાની છે, બ-કૌલે શાઈર આપણી હાલત અને જિંદગી એવી છે કે,

''આગાહ અપની મૌતસે કોઈ બશર નહીં,
સામાન સો બરસકા પલકી ખબર નહીં.''

(હયરત ઈલ્હાબાદી)

અને મહેનત, કોશિશ, પુરૂષાર્થથી દુનિયા તો તકદીરના મુવાફિક ઈન્શા અલ્લાહ મળવાની જ છે, પરંતુ આ દુનિયા અગર મળી પણ જાય તો શું ? દુનિયામાં ગૈર કૌમોને વૈભવ-વિલાસ, ઐશો-ઈશરત અને જે નેઅમતો આપવામાં આવી છે એના પ્રતિ આંખ ઉઠાવીને પણ જોવું ન જોઈએ, કારણ કે હદીસના ઈરશાદ મુજબ :

''ઈન્નદ્ દુન્યા ખુલિકત્ લકુમ વ ઈન્નકુમ ખુલિકતુમ લિલ્ આખિરહ.''

આ દુનિયા તમારા માટે પેદા કરવામાં આવી છે અને તમો આખિરત માટે. બીજી એક હદીસ શરીફમાં ઈરશાદ છે :

''આ દુનિયા મુઅમિન માટે કેદખાના સમાન છે અને કાફિર માટે જન્નત.''

અને જમાનો હંમેશા એક ઢબથી ચાલતો નથી. આજે એ ફુલો ઉપર મહેરબાન છે તો કાલે કાંટા ઉપર. અને દુનિયાની નેઅમત,

શોહરત તથા દોલત પર કદી ઘમંડ ન કરવો જોઈએ.

આ દુનિયામાં ફિરઔન, હામાન, દારા અને સિકંદર અને જમશેદ જેવા અસંખ્ય ગુજરી ગયા, જેમની પાસે દોલતની કોઈ હદ ન હતી, પરંતુ અંતે તો ખાલી હાથે જ દુનિયાથી વિદાય લીધી. બ-કૌલે શાઈર:

જિનકે નક્શે પા કો રખતી થી ઝમીં સર પર બ-ફખ્ર
તુર્બતોંમેં ખાક આલુદહ હૈં વો આલી ગોહર.

અહીં દુનિયાની બુરાઈ વ્યક્ત કરવાનો હેતુ નથી, કારણ કે દુનિયા ફી-નફસિહી બુરી નથી, પરંતુ એમાં ઓતપ્રોત થઈ આખિરતને ભૂલી જવું એ ખરાબ છે. દુનિયા તો આખિરતની ખેતી છે. "અદ્ દુન્યા મઝરઅતુલ આખિરહ." દુનિયાની આર્થિક સદ્ધરતા પણ મો'મિન માટે જરૂરી છે, કારણ કે એના સદ્ઉપયોગથી દીન અને દુનિયાની ભલાઈ પ્રાપ્ત થાય છે અને બુદ્ધિશાળી - અકલમંદ એ જ છે કે, દુનિયા પાછળ પોતાની આકિબત અને આખિરતને બરબાદ ન કરે.

દુનિયામેં હું દુનિયાકા તલબગાર નહી હું
બાઝારસે ગુજરા હું ખરીદાર નહી હું.

આજના ભૌતિકવાદના પ્રવાહમાં બધા તણાઈ રહયા છે. ભૌતિકતા પાછળ એક દોડ છે. જેને જુઓ, ચિંતાગ્રસ્ત અને પરેશાન છે. તણાવ માં જીવન વ્યતિત થઈ રહયું છે. "ઈસ શહરમેં હર શખ્સ પરેશાં સા ક્યૂં હૈ?" એના કારણો એક નહી, અનેક છે. સૌથી મોટું કારણ આપણે આપણા ખાલિક, જન્મદાતા, પાલનહાર પ્રતિ ઉપેક્ષા સેવી રહયા છીએ. એના પ્રતિ સંપૂર્ણપણે આપણે સમર્પિત નથી. અગર આપણે એના

પ્રતિ સંપૂર્ણ સમર્પિત થઈ જઈએ, એના ઉપર અપાર શ્રદ્ધા રાખીએ, હર હાલતમાં તેની યાદ કરીએ તો ચિંતા–ફિકથી મુક્તિ મેળવી શકીએ. કુર્આને હકીમમાં ઈરશાદ છે : **"अला बिज़िक्किल्लाहि तत्मइन्नुल् कुलूब."** : ખબરદાર ! અલ્લાહના ઝિક–યાદથી જ દિલોને ચેન, શાંતિ અને સુકૂન પ્રાપ્ત થાય છે.

બસ, "આખિરતનો તોહફો" નામી આ દળદાર અને કિંમતી–અમૂલ્ય કિતાબમાં આ જ ભાવાર્થ અને ગૂઢ સમાયેલો છે કે, દુનિયા અને આખિરતની સફળતા–કામિયાબી માટે આપણે તેની પનાહ અને સહારો લેવો જોઈએ. તેનો જ દામન થામવો જોઈએ. એ સિવાય અન્ય કોઈ માર્ગ નથી અને તેની પનાહમાં આવનાર જમાઅત જ કામિયાબ છે. **"अला इन्न हिज़बल्लाहि हुमुल मुफ़लिहुन."** બીજી જગ્યાએ ઈરશાદ છે, "અલ્લાહ તરફ રુજૂઅ કરો, જેથી તમો નજાત પામો."

"આખિરતનો તોહફો" કિતાબમાં અલ્લાહ તરફ રુજૂઅ થવાનો–સમર્પિત થવાનો ઉત્તમ માર્ગ બતાવવામાં આવ્યો છે. અમલનો સર્વોત્તમ નમૂનો એમાં ચિંધવામાં આવ્યો છે, જેમાં રૂહાની અને શારીરિક બધી ઉપાધિઓનો હલ છે. તમામ ચિંતા અને પરેશાનીઓનો ઈલાજ–ઉપાય છે.

વર્તમાન યુગના વ્યસ્ત અને મશીની જિંદગીની દોડધામમાં આપણે આખિરતની ચિંતા અને ફિકથી ગાફિલ છીએ. હાલાં કે અકલમંદ અને સારા લોકો એ છે કે, જેમને દુનિયા આખિરતથી ગાફિલ ન કરે અને ન આખિરત દુનિયાથી. એવા સમયમાં પોતાના સમયમાંથી થોડો સમય ફાળવી–થોડી મિનિટો કાઢી આવી લાભદાયી અને ઉત્તમ કિતાબથી ફાયદો–લાભ ઉઠાવી શકાય છે. નહિતર, આ ફાની દુનિયાની જૂઠી ચમક–દમક અને એના ફિત્નાઓ એક દિવસ હલાક કરી દેશે.

અને "ન દુનિયા હી મિલી, ન વિસાલે સનમ" જેવી આપણી હાલત થશે.

"આખિરતનો તોહફો" કિતાબ અગાઉ પણ પ્રકાશિત થઈ લાભદાયી–ફાયદામંદ અને લોકપ્રિય થઈ છે, જેમાં અનેક બુઝુર્ગો, ઉલમા અને મહાનુભવોની પ્રસ્તાવના–વિચારો આલેખાયાં છે. છતાં નાચીઝે ચંદ શબ્દો લખ્યા છે. અલ્લાહ તઆલા કબૂલ ફરમાવે, આમીન !

અંતમાં બારગાહે ખુદાવંદીમાં દુઆગો છું કે, રબ્બે કરીમ આવી લાભદાયી કિતાબને આપણા તમામ માટે ફાયદામંદ બનાવી એનાથી લાભ ઉઠાવવાની તૌફીક અતા ફરમાવે, આખિરત માટે નજાતનો ઝરીયો બનાવે. સાથે જ એ પ્રકાશિત કરનાર ગુમનામ સખી દાતાઓને પણ દુનિયા અને આખિરતમાં બેહતરીન–સર્વોત્તમ બદલો એની શાયાને શાન ઈનાયત ફરમાવે, એમની તમામ દિલી જાઈઝ મકાસિદો–દિલી આરઝૂઓ, ઈચ્છાઓ–તમન્નાઓને પરિપૂર્ણ ફરમાવે. આમીન, યા રબ્બલ આમીન !

"વમા તવફીકી ઈલ્લા બિલ્લાહ" : સાચે જ તવફીક અલ્લાહ તઆલા તરફથી જ છે.

નાચીઝ, ખાકસાર, અલ અબ્દ :

(મવ.મુફ્તી) ઇસ્માઈલ કછોલવી ગુફિર લહુ

ખાદિમે હદીસ વ ઈફ્તા :

દારુલ ઉલૂમ જામિઅહ હુસૈનિય્યહ, રાંદેર–સુરત

માજી ઉસ્તાદ, મુફ્તી : દારુલ ઉલૂમ, જામિઅહ તા'લીમુદ્દીન, ડાભેલ.

માજી મુફ્તી દારુલ ઈફ્તા વલ ઈરશાદ, બ્રાર્ડફોર્ડ, યુ.કે.

૧૫–શાબા'નુલ મુઅઝ્ઝમ, ૧૪૩૧ હિ.

(મવ.) હનીફ સાલેહ (લુહારવી) સા. (દ્.બ.)
શયખુલ હદીસ : જામિઅહ કાસિમિય્યહ,
અરબિય્યહ, ખરોડ.

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ.

અલ્હમ્દુલિલ્લાહિ વ કફા વ સલામુન અલા ઈબાદિહિલ્લઝીનસ્તફા,
અમ્માબાદ.

આ ક્ષણ ભંગુર દુનિયામાં માનવીનું આશ્રયસ્થાન મદદનું કેન્દ્રબિંદુ, બધા જ હાલાત અને પરિસ્થિતિને સુધારનાર, સાનુકુળ બનાવનાર, વિપરિત સંજોગોને અનુકુળ બનાવનાર અને અમન અને સુકૂનનો દરવાજો ખોલનાર અગર કોઈ તાકત અને શક્તિ હોય તો તે ફકત એક જ ઝાતે કરીમ છે. જે મહાદયાળુ અને મહાકૃપાળુ ઝાત છે. જે અવ્વલ અને આખિર, ઝાહિર અને બાતિન છે (જે સૌથી પ્રથમ અને સૌથી અંતિમ, જે જાહેર અને અદ્રશ્ય છે) જેના પ્રતિ આપણે તમામ હાલાતમાં રૂજુઅ કરીએ છીએ. અને એટલા જ માટે એ ઝાતે કરીમે કદી સ્વયં અને કદી પોતાના પવિત્ર સંદેશવાહકો (પૈગમ્બરો) મારફત ઘણી બધી દુઆઓ બતાવી છે અને શીખવી છે.

"અદ્દુઆઉ મુખ્ખુલ ઈબાદહ."

(દુઆ ઈબાદતનું મુળ છે - જડ છે.)

આસમાન ના દરવાજા ખોલવાનું એક માધ્યમ દુઆ પણ છે. પુરાતનકાળથી દુઆઓ વર્ણન અને એકત્ર કરવાનો એક સિલસિલો ચાલ્યો આવે છે. જેમ કે ઈબ્ને અબિદુન્યા (રહ.) ઈમામ બયહકી

(રહ.) ઇમામ તિર્મિઝી (રહ.) ઇમામ બુખારી (રહ.) ઇમામ મુસ્લિમ (રહ.) વગેરે અકાબિર મુહદ્દિસીન કિરામે ''કિતાબુદ્દઅવાત'' ના નામથી કિતાબો લખી અને બારગાહે ખુદાવંદીમાં માંગવાનો-તલબ કરવાનો તરીકો શીખવાડયો, અને હકીકત તથા વાસ્તવિકતા એ છે કે ખુદાવંદી શબ્દો અને અલ્ફાઝે નબવી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ (નબવી શબ્દો) માં જ અસલ બરકત અને ગુણ છે, દક્ષિણ ગુજરાત અને ઉમ્મતની એક મોટી દીની દર્સગાહ દારૂલ ઉલૂમ કંથારિઆએ આવી જ કુર્આની અને નબવી દુઆઓ અને વઝાઈફ ''આખિરતનો તોહફો'' અને ''તોહફએ દુન્યા-વ-આખિરત'' અનોખા અંદાજ અને નિરાલી શૈલીમાં ફઝાઈલ અને હવાલા સહિત સંકલિત કરી આપણા સમક્ષ મુકેલ છે. જેના ઉપર ગુજરાતી ભાષાના સારા જાણકાર અને દારૂલ ઉલૂમ કંથારિઆના ''પ્રકાશન વિભાગ'' સાથે સંકળાયેલ મૌલાના હસન ભડકોદ્રવી સા. (દા.બ.) એ ઝીણવટભરી નજર કરી છે, દુઆ છે કે બારી તઆલા આ બન્નેવ મહામૂલા સંગ્રહને શર્ફે કબૂલિય્યતથી નવાઝે, તથા લાભદાયી લોકોપયોગી લોકપ્રિય બનાવે, અંતમાં ઉમ્મતના જે પણ નેકદિલ, દીનદાર અને દીનના દર્દમંદોએ એના પ્રગટ કરવામાં જે પણ પ્રકારની જેટલી પણ સહાય અને મદદ કરેલ છે એને કુબૂલ ફરમાવી બન્ને જહાનમાં સર્વોત્તમ બદલો ઈનાયત ફરમાવે!

આમીન! યા રબ્બલ આલમીન! વમા તવફીકી ઇલ્લાબિલ્લાહ!

(મવ.) હનીફ સાલેહ (લુહારવી) સા. (દા.બ.)
શયખુલ હદીસ: જામિઅહ કાસિમિય્યહ અરબિય્યહ,
ખરોડ, તા. અંકલેશ્વર, જી. ભરૂચ. (ગુજરાત)

નમ્ર વિનંતી

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

નહ્મદુહૂ વ નુસલ્લી અલા રસૂલિહિલ કરીમ.....

પવિત્ર અહાદીસમાં અમુક આ'માલ એવાં જોવા મળ્યાં, જે દેખાવમાં અત્યંત મુખ્તસર અને હલકાં–ફુલકાં જણાયાં, પરંતુ એમના આચરણ (અમલ) પર સવાબ બહુ જ પુષ્કળ બયાન થયો છે, જે અલ્લાહ તઆલાની કરીમ ઝાતનો માત્ર ફઝલો કરમ છે અને તેની અપાર બખ્શિશ છે, જે અમ ફકીરો માટે એની અસીમ રહમત છે. આ કિતાબમાં તે આ'માલને એકત્રિત અને સંગૃહીત કરાયાં છે, જેથી તે મહાન સવાબ પ્રાપ્ત થઇ શકે; પરંતુ યાદ રહે કે દીન કેવળ એ આ'માલ પર જ અવલંબિત નથી; બલકે દરેક મુસલમાનના શિરે ફર્ઝ છે કે તે તમામ પ્રકારના હક્કો અને ફરાઇઝને અદા કરે તથા તમામ પ્રકારના ગુનાહોથી બચવાની ભરપૂર કોશિશ પણ કરે.

કિતાબમાં વર્ણવાયેલા અમુક આ'માલને અમલમાં મૂકવા પર ગુનાહોની બખ્શિશનો વાયદો કરાયો છે, એના વિશે આ વાત ખાસ લક્ષમાં રહે કે એમાં માફીથી ગુનાહે સગીરહની માફી મુરાદ છે, કારણ કે ગુનાહે કબીરહ તૌબા વગર માફ થતાં નથી, જેથી કોઇને આ ગેરસમજ થવા ન પામે કે તે ગમે તે પ્રકારનાં ચાહે તેટલા ગુનાહ કરતો રહે, છતાં તૌબા વગર એ આસાન આ'માલ દ્વારા માફી થતી રહેશે.

તદુપરાંત, કોઇ સજ્જન એવા ધોકામાં પણ ન રહે કે જ્યારે અમે મોટા નેક કામોથી મહરૂમ છીએ તો આવા આસાન અને મુખ્તસર આ'માલ કરવાથી શું ફાયદો થવાનો છે ? અથવા જ્યારે અમે મોટા મોટા નેક કાન કરી રહ્યા છીએ તો પછી આવા (નાના નાના) આ'માલ કરવાની શી જરૂર છે ? આ બેઉ ખ્યાલ શયતાની ફરેબ છે, કારણ કે મારા મહબૂબ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) જેમના પર મારા માં–બાપ કુરબાન થાય, ઇરશાદ છે :

''નેકીની કોઈ વાતને કદાપિ હકીર (ગૌણ) ન સમજો !''

કારણ કે શકય છે કે આ જ નેકી કબૂલ થઇ જાય અને એની જ બરકતથી આપણી બાકી રહેલી ઝિંદગી પણ દુરુસ્ત થઇ જાય.... જેથી આ સમતોલ જઝબા કે વલણથી આ કિતાબનું વાંચન કરી અમલ કરો. (''આસાન નેકિયાં''નો સારાંશ)

(નોંધઃ તમામ દુઆઓ દિલપૂર્વક અને યકીન સાથે પઢવી જોઈએ. ઈન્શાઅલ્લાહ અવશ્ય ફાયદો થશે.

વમા તવફીકી ઈલ્લા બિલ્લાહ, વલા હવ્લ વલા કુવ્વ–ત ઈલ્લા બિલ્લાહ...

સંપાદકની વિનંતી

હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહુ તઆલા અન્હૂથી રિવાયત છે કે, હુઝૂરે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવે છે કે, જે કોઈ મારા પર કોઈ કિતાબમાં દુરૂદ લખે તો જ્યાં સુધી એ કિતાબમાં મારું નામ રહેશે ત્યાં સુધી એ લખનારને સવાબ મળતો રહેશે.

અને હઝરત અબૂ હુરયરહ રદિયલ્લાહુ તઆલા અન્હૂની રિવાયતમાં છે કે, લખનાર પર ફરિશ્તા દુરૂદ મોકલતા રહેશે. વળી, એક રિવાયતમાં એવો ઉલ્લેખ છે કે, લખનાર માટે ઈસ્તિગફાર કરતા રહે છે.

('ફઝાઈલે દુરૂદ શરીફ''માંથી)

તો દુરૂદ શરીફની ઈશાઅત એટલે કે એના પ્રચાર–પ્રસાર કે ફેલાવામાં શકય એટલી કોશિશ કરવી. દુરૂદ શરીફ છપાવી પ્રગટ કરવાથી એની તબ્લીગ થશે–લોકો સુધી પહોંચશે અને જેટલા લોકો એને પઢશે, ઈન્શા અલ્લાહ બારગાહે રહમતુલ લિલ્ આલમીન સલ્લલ્લાહુ અલયહિ વ આલિહી વ અસ્હાબિહી વ સલ્લમ– માં કુબૂલિય્યત થવા સાથે આ કામ સદ્દક-એ–જારિયહ લેખાશે. વળી, છપાવી પ્રગટ કરનારને કલામ પઢનારાઓ જેટલો સવાબ મળતો રહેશે.

તે લોકોની મિસાલ કે જેઓ પોતાનો માલ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરે છે, એક તે દાણા સમાન છે, જેમાંથી સાત કંટીઓ ઉગે છે કે જેની દરેક કંટીમાં સો (૧૦૦) દાણા હોય છે અને અલ્લાહ જેના માટે ચાહે છે બમણા કે સો (૧૦૦) ગણા કરી દે છે અને અલ્લાહ સર્વ વ્યાપી અને સર્વજ્ઞ છે. (સૂરએ બકરહ, આયત નં. ૨૬૧)

અંતમાં દુઆ છે :

અલ્લાહ રબ્બુલ ઈઝઝત આપણને સીરતે પાક સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનાં વાંચન, અભ્યાસ અને તેની ઉપર અમલ કરવાની તૌફીક અતા ફરમાવે અને હૌઝે કવષર પર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની લિકા (દીદાર અને મુલાકાત) જેવી અઝીમ નેઅમત આપણા માટે મુકદ્દર ફરમાવી છે. આમીન, યા રબ્બલ આલમીન !

જરૂરી નિવેદન તથા અપીલ

ભાઈઓ ! આ કિતાબ ''**આખિરતનો તોહફો**'' (**પ્રકાશન નં. ૫૦૦**) તથા ''**તોહફ-એ-દુન્યા વ આખિરત-ભાગ-૧** (**પ્રકાશન નં. ૨૭૮**) તથા ''**તોહફ-એ-દુન્યા વ આખિરત-ભાગ-૨** (**પ્રકાશન નં. ૪૪૮**)'' ગુજરાતીમાં પોતાના, પોતાની ફેમિલીના તથા પોતાના મર્હૂમોના સવાબ અર્થે છપાવવી હોય તો દારુલ ઉલૂમ અરબિય્યહ ઈસ્લામિય્યહ ભરૂચ-કંથારીઆનો સીધો કોન્ટેકટ કરવા ગુઝારિશ.

મારા ભાઈઓ ! આ ક્ષણભંગુર દુનિયા ત્યાગી દેવાય તે પહેલાં, માલ સંગ્રહનો હિસાબ-કિતાબ પૂછાય તે પહેલાં, માલ ગેર (અવળે) રસ્તે ઊપડી જાય તે પહેલાં કંઈક માલ-મત્તા અલ્લાહ તઆલાના માર્ગે ખરચ કરો. અલ્લાહ તઆલા સાથે પણ વેપાર કરતાં જાઓ અને એ માટે સૌથી સરસ અને સારો માર્ગ ઈલ્મે દીન અને દીની કિતાબોના પ્રચારમાં નાણાં (પૈસા) ખરચ કરવા તે છે. એ જ ''સદકએ જારિયહ'' અને ''બાકી રહેનાર નેકીઓ'' છે, જે મરણ પછી પણ કામ લાગનાર છે. મૃત્યુ પછી પોતાનું નામ-એ-આ'માલ ચાલુ રહે તેનો આ ઘણો જ સારો અને બેહતરીન રસ્તો છે.

ઉમ્મતના માલદાર મુસલમાન મર્દો તથા અવરતોને ખાસ વિનંતી છે કે દીની સાહિત્ય (કિતાબો)ના પ્રચાર-પ્રસાર માટે ઉપયોગી પ્રકાશનો પ્રગટ કરવાના તથા છપાવવાના આ નેક કાર્યમાં દરેક પ્રકારે અમલી સાથ-સહકાર આપી સવાબે દારૂન હાસિલ કરો.

વધુ વિગત માટે દારુલ ઉલૂમના "પ્રકાશન વિભાગ"નો સંપર્ક કરવા વિનંતી.

(મૌલાના) હસન ભડકોદ્રવી (સા.)
(ભારતમાંથી) ☎ **02642-257086**
(પરદેશમાંથી) ☎ **011-91-2642-257086**

પ્રકાશન વિભાગ : દારુલ ઉલૂમ ભરૂચ, મહમૂદનગર,
મુ. પો. **કંથારીઆ,** તા. જિ. ભરૂચ, ગુજરાત-ઇન્ડિયા.
Ph. (02642) 257086 Fax (02642) 257480

તબ્લીગ અને ઈસ્લાહ

તબ્લીગ અને ઈસ્લાહ માટે ઉચ્ચ દીની જઝબાની જરૂરત છે. જો આપ તબ્લીગ અને ઈસ્લાહની જરૂરત મહસૂસ નહી કરો તો અધર્મતા, નાસ્તિકતા અને બેહયાઈનું તોફાન આખી કૌમને તારાજ કરી દેશે.

આપ ઈસ્લામના પાબંદ હોવા છતાં તબ્લીગ અને ઈસ્લાહના ફર્ઝે કિફાયાથી જવાબદારી મુકત થઈ શકતા નથી.

કોઈ કૌમ વિનાશથી ત્યારે જ બચી શકે છે જયારે કે તે પોતેય અમલ કરે અને પોતાના ભાઈઓની ઈસ્લાહ માટે પણ કોશિશ કરે. બની ઈસરાઈલનો ઈતિહાસ આ વાતની ગવાહી આપે છે.

ઈસ્લામી સાહિત્યનું પ્રકાશન એ તબ્લીગે દીન અને ઈસ્લાહે ઉમ્મતનો એક મજબૂત ઝરિઅહ અને સદ્દક-એ-જારિયહ છે. દીની સાહિત્યના પ્રચાર અને પ્રસાર માટે ઉપયોગી પ્રકાશનો પ્રગટ કરવાના નેક કાર્યમાં દરેક પ્રકારે અમલી સાથ–સહકાર આપી સવાબે દારૈન, સઆદતે દારૈન અને ફલાહે દારૈન હાસિલ કરવા નમ્ર વિનંતી.

મર્હૂમોના ઈસાલે સવાબ માટે આપનાં મનપસંદ પ્રકાશનો છપાવવા દારુલ ઉલૂમના ' પ્રકાશન વિભાગ ' ની સેવાનો લાભ લેવા નમ્ર વિનંતી.

દીની સાહિત્ય .....

..ના પ્રચાર અને પ્રસાર માટે ઉપયોગી પ્રકાશનો પ્રગટ કરવાના નેક કાર્યમાં દરેક પ્રકારે અમલી સાથ–સહકાર આપી સવાબે દારૈન, સઆદતે દારૈન અને ફલાહે દારૈન હાસિલ કરવા નમ્ર વિનંતી.

વધુ વિગત માટે દારુલ ઉલૂમના ' પ્રકાશન વિભાગ ' નો સંપર્ક સાધવા વિનંતી.



اياتها ٧ | ١ سُوْرَةُ الْفَاتِحَةِ مَكِّيَّةٌ ٥ | ركوعها ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ○

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ۙ﴿١﴾ الرَّحْمٰنِ
الرَّحِيْمِ ۙ﴿٢﴾ مٰلِكِ يَوْمِ الدِّيْنِ ؕ﴿٣﴾
اِيَّاكَ نَعْبُدُ وَ اِيَّاكَ نَسْتَعِيْنُ ؕ﴿٤﴾
اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ ۙ﴿٥﴾ صِرَاطَ
الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ ۙ غَيْرِ
الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَ لَا الضَّآلِّيْنَ ﴿٧﴾ ع ١ ع

آیت الکرسی

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اَللّٰہُ لَاۤ اِلٰہَ اِلَّا ہُوَ ۚ اَلۡحَیُّ الۡقَیُّوۡمُ ۚ لَا
تَاۡخُذُہٗ سِنَۃٌ وَّلَا نَوۡمٌ ؕ لَہٗ مَا فِی السَّمٰوٰتِ
وَمَا فِی الۡاَرۡضِ ؕ مَنۡ ذَا الَّذِیۡ یَشۡفَعُ
عِنۡدَہٗۤ اِلَّا بِاِذۡنِہٖ ؕ یَعۡلَمُ مَا بَیۡنَ اَیۡدِیۡہِمۡ
وَمَا خَلۡفَہُمۡ ۚ وَلَا یُحِیۡطُوۡنَ بِشَیۡءٍ مِّنۡ عِلۡمِہٖۤ
اِلَّا بِمَا شَآءَ ۚ وَسِعَ کُرۡسِیُّہُ السَّمٰوٰتِ
وَالۡاَرۡضَ ۚ وَلَا یَـُٔوۡدُہٗ حِفۡظُہُمَا ۚ وَہُوَ
الۡعَلِیُّ الۡعَظِیۡمُ ﴿۲۵۵﴾ (البقرۃ۲:۲۵۵)



بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اٰمَنَ الرَّسُوْلُ بِمَآ اُنْزِلَ اِلَيْهِ مِنْ رَّبِّهٖ وَالْمُؤْمِنُوْنَ ؕ
كُلٌّ اٰمَنَ بِاللّٰهِ وَمَلٰٓئِكَتِهٖ وَكُتُبِهٖ وَرُسُلِهٖ ۫ لَا نُفَرِّقُ
بَيْنَ اَحَدٍ مِّنْ رُّسُلِهٖ ۫ وَقَالُوْا سَمِعْنَا وَاَطَعْنَا ۫
غُفْرَانَكَ رَبَّنَا وَاِلَيْكَ الْمَصِيْرُ ﴿۲۸۵﴾ لَا يُكَلِّفُ اللّٰهُ
نَفْسًا اِلَّا وُسْعَهَا ؕ لَهَا مَا كَسَبَتْ وَعَلَيْهَا مَا
اكْتَسَبَتْ ؕ رَبَّنَا لَا تُؤَاخِذْنَآ اِنْ نَّسِيْنَآ اَوْ اَخْطَاْنَا ۚ
رَبَّنَا وَلَا تَحْمِلْ عَلَيْنَآ اِصْرًا كَمَا حَمَلْتَهٗ عَلَى الَّذِيْنَ
مِنْ قَبْلِنَا ۚ رَبَّنَا وَلَا تُحَمِّلْنَا مَا لَا طَاقَةَ لَنَا بِهٖ ۚ
وَاعْفُ عَنَّا ۟ وَاغْفِرْ لَنَا ۟ وَارْحَمْنَا ۟ اَنْتَ مَوْلٰنَا
فَانْصُرْنَا عَلَى الْقَوْمِ الْكٰفِرِيْنَ ﴿۲۸۶﴾ (البقرہ ۲:۲۸۶)

★ وَأَنَا عَلٰى ذٰلِكَ مِنَ الشَّاهِدِيْنَ يَارَبّ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط

شَهِدَ اللّٰهُ اَنَّهٗ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۙ
وَالْمَلٰٓئِكَةُ وَاُولُوا الْعِلْمِ قَآئِمًۢا بِالْقِسْطِ ؕ
لَآ اِلٰهَ اِلَّا هُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿۱۸﴾ ط ★

(آل عمران ۳:۱۸)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ وَجَعَلَ
الظُّلُمٰتِ وَالنُّوْرَ ؕ ثُمَّ الَّذِيْنَ كَفَرُوْا بِرَبِّهِمْ يَعْدِلُوْنَ ﴿۱﴾
هُوَ الَّذِيْ خَلَقَكُمْ مِّنْ طِيْنٍ ثُمَّ قَضٰٓى اَجَلًا ؕ وَاَجَلٌ مُّسَمًّى
عِنْدَهٗ ثُمَّ اَنْتُمْ تَمْتَرُوْنَ ﴿۲﴾ وَهُوَ اللّٰهُ فِي السَّمٰوٰتِ وَفِي
الْاَرْضِ ؕ يَعْلَمُ سِرَّكُمْ وَجَهْرَكُمْ وَيَعْلَمُ مَا تَكْسِبُوْنَ ﴿۳﴾

(الانعام ۶:۳، پارہ ۷)

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ تَوَاضَعَ كُلُّ شَیْءٍ
لِّعَظَمَتِهٖ وَالْحَمْدُ لِلّٰهِ الَّذِیْ ذَلَّ كُلُّ
شَیْءٍ لِّعِزَّتِهٖ وَالْحَمْدُ لِلّٰهِ الَّذِیْ خَضَعَ
كُلُّ شَیْءٍ لِّمُلْكِهٖ وَالْحَمْدُ لِلّٰهِ الَّذِیْ
اِسْتَسْلَمَ كُلُّ شَیْءٍ لِّقُدْرَتِهٖ ط

• • •

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِیْكَ لَهٗ
اَحَدًا صَمَدًا لَمْ یَلِدْ وَلَمْ یُوْلَدْ
وَلَمْ یَكُنْ لَّهٗ كُفُوًا اَحَدٌ ط

દુરૂદે ઈબ્રાહીમ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ
مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ
وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ
مَّجِيْدٌ ط اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ
وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى
اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ
اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

VISIT ONLINE

www. aakhiratkatohfa.com









To order these books please contact :

DARUL ULOOM KANTHARIA, AT & PO. MAHMOOD NAGAR KANTHARIA, BHARUCH, (GUJ.) INDIA PIN : 392 015,

TEL : 02642-257086, FAX : 02642-257480

visit online

www. aakhiratkatohfa.com









To order these books please contact :

DARUL ULOOM KANTHARIA, AT & PO. MAHMOOD NAGAR
KANTHARIA, BHARUCH, (GUJ.) INDIA PIN : 392 015,
TEL : 02642-257086, FAX : 02642-257480